# આચારાંગ સૂત્ર : પરિચય

**પ્ર.૧ : આચારાંગ સૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** જૈનાગમોમાં મુખ્ય શાસ્ત્રોને અંગ શાસ્ત્ર કહેવાય છે. તેની સંખ્યા ૧૨ છે. જેમાં અત્યારે ૧૧ અંગ છે, ૧૨ મું અંગ હાલ અપ્રાપ્ય છે. શાસ્ત્રની ભાષામાં તેનો વિચ્છેદ થઈ ગયો છે. એ અંગ શાસ્ત્રોમાં આચારાંગ સૂત્ર પ્રથમ અંગ શાસ્ત્ર છે.

**પ્ર.૨ : આચારાંગ સૂત્રનાં કેટલા વિભાગ છે ? અધ્યયન અને ઉદ્દેશા કેટલા છે ?**

**જવાબ :** આચારાંગ સૂત્રના બે વિભાગ છે, જેને શાસ્ત્રની ભાષામાં શ્રુતસ્કંધ કહેવાય છે. એમાં ૯+૧૬=૨૫ અધ્યયન છે. તેમાંથી સાતમું અધ્યયન હાલ નથી, વિચ્છેદ થયેલ છે. એટલે હાલ ૮+૧૬=૨૪ અધ્યયન જ છે.

પ્રથમ શ્રુતસ્કંધના આઠે ય અધ્યયનોમાં ઉદ્દેશા છે, દ્વિતીય શ્રુતસ્કંધના ૧૬ અધ્યયનમાંથી પ્રારંભના સાત અધ્યયનોમાં ઉદ્દેશા છે, અન્યમાં ઉદ્દેશા નથી. ઉદ્દેશાઓની સંખ્યા અલગ અલગ છે. તે સંખ્યા બે થી માંડીને અગિયાર સુધી છે. કુલ ઉદ્દેશા ૪૪+૨૫=૬૯ છે. સૂત્રના મોટા વિભાગને શ્રુતસ્કંધ કહેવાય છે. અધ્યયન અને ઉદ્દેશા એ વિભાગ, પ્રતિવિભાગનાં નામ છે. કોઈ સૂત્રમાં કેવલ અધ્યયન જ હોય છે. અધ્યયનોમાં જ્યાં પ્રતિવિભાગ હોય છે, તેને ઉદ્દેશક કહેવાયા છે. કોઈ સૂત્રમાં અધ્યયન ન કહેતાં સીધેસીધા ઉદ્દેશા જ છે. ક્યાંક અધ્યયનની જગ્યાએ શતક, પદ, વક્ષસ્કાર, પાહુડ, પડિવત્તિ, વર્ગ વગેરે શબ્દોના પ્રયોગ પણ થયા છે. તેથી એ બધા શબ્દ સૂત્રોનાં અધ્યયન, પ્રતિ અધ્યયનના રૂપમાં પ્રયોજાયેલ વિભાગવાચી શબ્દ છે, એમ સમજવું જોઈએ.

**પ્ર.૩ : આચારાંગ સૂત્રની રચના કોણે કરી ?**

**જવાબ :** આચારાંગ સૂત્ર અંગ સૂત્ર છે. અંગ શાસ્ત્રોની રચના ગણધર પ્રભુ કરે છે, તેથી આચારાંગ સૂત્ર ગણધર રચિત છે. વર્તમાનમાં ઉપલબ્ધ અગિયાર અંગ સૂત્ર સુધર્મા સ્વામીના બનાવેલા કહેવામાં આવે છે, પરંતુ જિન શાસનના પ્રારંભમાં આ શાસ્ત્રો કર્તાના નામ રહિત કેવળ ગણધર રચિત જ કહેવાય છે. કેમ કે ૧૨ અંગ બધા ગણધરો મળીને બનાવે છે.

**પ્ર.૪ : શું બધા ગણધરો પોતાની જુદી-જુદી દ્વાદશાંગી બનાવતા નથી ?**

**જવાબ :** કોઈ પણ તીર્થંકરના શાસનમાં ધર્મ શાસ્ત્ર અલગ-અલગ હોતા





નથી અર્થાત્ ઋષભદેવ ભગવાનના ૮૪ આચારાંગ ૮૪ સૂયગડાંગ બન્યા હોય અને મહાવીર ભગવાનના ૯ આચારાંગ ૯ સૂયગડાંગ બન્યા હોય એવું ક્યારે ય હોતું નથી અને કોઈના પણ ધર્મ શાસનમાં એવું બનતું પણ નથી. આવી કલ્પના કે પરંપરા ઉચિત નથી.

ગણધર અલગ-અલગ વિભાગોમાં, ગણોમાં શિષ્યોને વિભાજિત કરી અધ્યયન કરાવે છે. તે તેના ગણ કહેવામાં આવે છે. ગણોના નામ શાસ્ત્રમાં બતાવ્યા છે. તે ગણધરોના નામથી નહીં પરંતુ અન્ય નામથી છે. જેવી રીતે ગુજરાતમાં જૈન સંપ્રદાયોના નામ આચાર્ય અથવા ગુઢના નામથી નહીં પરંતુ ગામોના નામથી હોય છે.

સાર એ છે કે એક તીર્થંકરના શાસનમાં એક આચારાંગ સૂત્ર હોય છે, અનેક નહીં. બધા ગણધરોને ગણધર લબ્ધિ હોય છે. તે બધાની સંમતિથી અને બધા મળીને એક દ્વાદશાંગી બનાવે છે. માટે પ્રાચીન કાળથી અંગ શાસ્ત્ર ગણધર રચિત કહેવાતા, વર્તમાનમાં તે શાસ્ત્ર સુધર્મા સ્વામીની રચના કહેવાય છે. વાસ્તવમાં મૂળ જૈનાગમ કોઈપણ નામ વિના સમુચ્ચ ગણધર રચિત છે. કારણ કે તે કોઈ એક ગણધરની રચના નથી, બધા ગણધરોની સમ્મિલિત રચના છે અને આ મૂળશાસ્ત્ર બધા ગણધરોને માટે આત્માગમ પણ એટલા માટે જ છે કે બધા ગણધરોને આ જ્ઞાન પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે. કોઈપણ ટ્રસ્ટ આદિના બંધારણ બધા પ્રમુખ મળીને બનાવે છે. શ્રમણ સંઘના નિયમ વિધાન બધા મુખ્ય સંત મળીને બનાવે છે, તે સંવિધાન એકલા આચાર્યના કહેવાતા નથી. તે જ રીતે દ્વાદશાંગી બધા ગણધરોની એક જ હોય છે અને તે બધા ય ગણધરોની કહેવાય છે અર્થાત્ તેને ગણધર રચિત કહેવું, એ જ ઉચિત છે.

**પ્ર.૫ : આચારાંગ સૂત્ર પર વ્યાખ્યા ગ્રંથોની રચના કોણે કરી ?**

**જવાબ :** આ સૂત્ર પર ઘણા વ્યાખ્યા ગ્રંથોની રચના થઈ છે. જેમાંથી વર્તમાનમાં પ્રચલિત પ્રાચીન વ્યાખ્યા શીલાંકાચાર્યની છે. તેના આધારે ત્યાર પછીના અનેક અચાર્યોએ અનેક ભાષાઓમાં વ્યાખ્યા ગ્રંથોની રચના કરી છે.

શીલાંકાચાર્યની પહેલાં પણ આ સૂત્ર પર વ્યાખ્યા ગ્રંથોની રચના થઈ છે, તે વ્યાખ્યાઓને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કહેવામાં આવેલ છે. આ ત્રણે પ્રાકૃત વ્યાખ્યાઓના આધારે શીલાંકાચાર્યે સંસ્કૃતમાં ટીકા(વ્યાખ્યા) કરી છે. આ બધી પ્રાકૃત સંસ્કૃત પ્રાચીન વ્યાખ્યાઓ આજે પણ ઉપલબ્ધ છે.

**પ્ર.૬ : આચારાંગ સૂત્રમાં મુખ્ય કયા વિષયનું વર્ણન છે ?**

**જવાબ :** આ સૂત્રના બે વિભાગ—શ્રુતસ્કંધ છે. પહેલા વિભાગમાં સાધુને માટે પ્રારંભિક ત્યાગ-વૈરાગ્ય તથા આધ્યાત્મભાવોના વિકાસનો અને દ્રઢ વિચારોથી

તપ સંયમ સાધનામાં વિકાસ કરવાના સંસ્કારોને પુષ્ટ કરવાનો ઉપદેશ છે. બીજા વિભાગમાં સાધુ જીવનને ઉપયોગી પ્રવૃત્તિ સંબંધી અને આચાર સંબંધી નિયમો બતાવ્યા છે. જેમ કે– આહાર, મકાન, વિહાર, વસ્ત્ર, પાત્ર, ભાષા આદિ.

તે સિવાય બંને વિભાગોના અંતે ભગવાન મહાવીર સ્વામીના જીવનનું વર્ણન પણ છે. પહેલા શ્રુતસ્કંધના નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરની સંયમ સાધના કાળની ઘટનાઓનું વર્ણન છે અને બીજા શ્રુતસ્કંધના પંદરમા અધ્યયનમાં જન્મ વર્ણન, પરિવાર વર્ણન તથા દીક્ષા વિધિનું વર્ણન છે.

**પ્ર.૭ : પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોનાં નામ શું છે ?**

**જવાબ :** પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનોનાં નામ અને અર્થ આ પ્રમાણે છે–

| ક્રમ | નામ | સંક્ષિપ્ત અર્થ |
|---|---|---|
| ૧. | શસ્ત્રપરિજ્ઞા | છકાય જીવોનું સ્વરૂપ, તેની હિંસા અને દયાનું વિવેકજ્ઞાન. |
| ૨. | લોકવિજય | સંસારનું સ્વરૂપ અને તેનાથી વિરક્તિ. |
| ૩. | શીતોષ્ણીય | અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિ, કષ્ટોમાં સમભાવ. |
| ૪. | સમ્યક્ત્વ | શ્રદ્ધા અને અટલ આસ્થાનું મુખ્યત્વે વર્ણન. |
| ૫. | લોકસાર | આરંભ પરિગ્રહ સંસાર છે, તેનાથી મુક્ત થવું તે સંયમ છે. |
| ૬. | ધૂત | કર્મ ધૂનન–ક્ષય કરવામાં પરાક્રમનો ઉપદેશ. |
| ૭. | મહા પરિજ્ઞા | આ અધ્યયનનો વિચ્છેદ થયો છે. |
| ૮. | વિમોક્ષ | શરીર અને સંસારથી મુક્ત થવાની સાધના- સંથારો. |
| ૯. | ઉપધાનશ્રુત | ભગવાન મહાવીરની તપોમય જીવન સાધના. |

# પ્રથમ શ્રુતસ્કંધ

## પ્રથમ અધ્યયન : શસ્ત્રપરિજ્ઞા

**પ્ર.૧ : પહેલા અધ્યયનમાં કેટલા ઉદ્દેશા છે અને તેમાં શું વિષય છે ?**

**જવાબ :** પ્રથમ અધ્યયનના સાત ઉદ્દેશક છે. પહેલામાં સમુચ્ચય જીવ સ્વરૂપ, ક્રિયા અને કર્મ સ્વરૂપ આદિ બતાવ્યા છે. શેષ ૬ માં છ કાયની મુખ્યતાથી વિષય વર્ણન છે.





**પ્ર.૨ : લોકમાં દિશાઓ કેટલી છે ?**

**જવાબ :** દિશા શબ્દથી દિશાઓ અને વિદિશાઓ બંનેની ગણના થાય છે. આગમમાં ઉત્કૃષ્ટ ૧૦ દિશાઓ કહેવામાં આવી છે તથા અન્ય અપેક્ષાથી આગમમાં ક્યાંક ૪, ક્યાંક ૬ અને ક્યાંક ૮ દિશાઓ પણ કહેવાય છે. અહીં આચારાંગમાં વ્યાખ્યાકારે અન્ય અપેક્ષાથી ૧૮ દ્રવ્યદિશા અને ૧૮ ભાવ દિશાઓનું પણ કથન કર્યું છે.

**૧૮ દ્રવ્યદિશા–** ચાર દિશા+ચાર વિદિશા=૮, આ આઠના કલ્પિત આંતરા=વચ્ચે, એમ ૮+૮=૧૬+ઊંચી દિશા+નીચી દિશા=૧૮ દ્રવ્યદિશા.

**૧૮ ભાવદિશા–** ચાર સ્થાવર+ચાર વનસ્પતિ(અગ્રબીજ, મૂલબીજ, પર્વબીજ, સ્કંધબીજ)+૪ શેષ તિર્યંચ ત્રસ(બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેંદ્રિય)+ચાર મનુષ્ય(કર્મભૂમિ, અકર્મભૂમિ,અન્તર્દ્વીપ, સંમૂર્ચ્છિમ)+૧ દેવ+૧ નરક, આ પ્રકારે **૪**+૪+૪+૪+૧+૧=૧૮.

વાસ્તવમાં આ એક પ્રકારની કલ્પના છે, જે વ્યાખ્યાકારો દ્વારા સંખ્યા મેળવવા રૂપે કરેલ છે. તેને અપેક્ષામાત્રથી સ્વીકાર કરી શકાય છે પરંતુ એકાંતિક ધ્રુવ સિદ્ધાંત રૂપે નહિ. સિદ્ધાંતની અપેક્ષાએ તો ઉત્કૃષ્ટ ૧૦ દિશાઓ છે. જીવના ભેદ પણ આગમથી ૧૪, ગતિ-૪, દંડક-૨૪ આદિ આદિ સંખ્યાઓ સૈદ્ધાંતિક છે.

**પ્ર.૩ : આ સંસારમાં જીવોની મુખ્ય અજ્ઞાનદશા શું છે ? જ્ઞાનદશા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય છે ?**

**જવાબ :** કેટલાય પ્રાણીઓને, આત્માઓને કાંઇ પણ ભાન, જ્ઞાન હોતું નથી કે હું કોણ છું ? શું હું જીવ છું ? મારો શું સ્વભાવ છે ? હું જન્મ-મરણ કરી રહ્યો છું ? હું પહેલા કયા રૂપે હતો ? આગળ કઇ યોનિમાં, ક્યાં જઇશ ? મારું શુદ્ધ સ્વરૂપ શું છે ? મારી સ્વાભાવિક અવસ્થા સિદ્ધ સ્વરૂપ, નિરંજન, નિરાકાર, સ્થિર, અનાહાર, અપરિવર્તન, અભ્રમણ અને જ્ઞાનમય છે. આ જન્મમરણ, ભ્રમણ, આકાર-વિકાર આદિ વૈભાવિક, વિકૃતિક, કર્મજન્ય અવસ્થાઓ છે. આ બધું જ્ઞાન અનેક, અનંત આત્માઓને નથી. તે બેભાન અવસ્થામાં અથવા સંસારાવસ્થામાં, આત્મલક્ષી જ્ઞાનથી રહિત, જન્મ-મરણ કરવામાં અને જીવન પસાર કરવામાં રચ્યા-પચ્યા રહે છે. હું અને મારું સ્વરૂપ, એ વિષયમાં જાણવા-વિચારવાનું તેમને ભાન હોતું નથી, અવસર નથી મળતો, સંયોગ પણ નથી મળતો, તેને જ અજ્ઞાનદશા કહે છે.

કેટલાક આત્માઓને ઉપરોક્ત વાતોનું ભાન, જ્ઞાન હોય છે. તેમને તે જ્ઞાન પોતાના ક્ષયોપશમથી સ્વતઃ પણ થઈ જતું હોય છે અને કેટલાકને

અન્યના ઉપદેશથી કે સમજાવવાથી પણ થઈ જાય છે અર્થાત્ જ્ઞાનીઓ પાસેથી પ્રત્યક્ષ સાંભળીને કે સાંભળનારા પાસેથી પરંપરાથી સાંભળીને પણ તે જ્ઞાન થઈ જાય છે. જેનાથી આત્મદશાનું, સંસાર ભ્રમણ અને કર્મ સંબંધનું, આત્મ સ્વભાવનું જ્ઞાન કેટલા ય આત્માઓને થઈ જાય છે. કેટલાકને ત્રિકાલજ્ઞાની પાસેથી અનંતર યા પરંપરાથી સાંભળીને એ પણ વિશેષ જ્ઞાન થાય છે કે હું પૂર્વભવમાં ક્યાં ક્યાં શું શું બનીને આવ્યો છું, ભવિષ્યમાં અહીંથી મરીને પછી ક્યાં જઈશ ! ક્યારેક કોઈને જાતિસ્મરણ જ્ઞાનથી પણ પોતાના પૂર્વભવની અવસ્થાઓનું જ્ઞાન થઈ જાય છે.

**પ્ર.૪ : આત્માનાં ભવભ્રમણનું મૂળ શું છે ?**

**જવાબ :** આત્મા કર્મોના કારણે ભવ-ભ્રમણ, સંસાર-ભ્રમણ કરે છે અને તે કર્મોની ઉત્પાદક અર્થાત્ કર્મોને ઉત્પન્ન કરાવનારી જીવની પોતાની ક્રિયાઓ છે. તે ક્રિયાઓ અહીં સૂત્રમાં ત્રણ શબ્દોમાં સંક્ષિપ્ત કરીને ૨૭ કહી છે. તેમાં આધાર– ત્રણ કરણ, ત્રણ યોગ અને ત્રણ કાલને બનાવવામાં આવેલ છે. ત્રણે કાળના સંયોગથી જીવનું સમસ્ત સંસાર ભ્રમણ ચક્ર ચાલ્યા કરે છે. સૂત્રમાં એ કરણ, યોગ અને કાલ ત્રણેના સંયોગથી ૨૭ ભંગ વિવક્ષિત કરીને પહેલો, ચૌદમો અને સત્તાવીશમો એ ત્રણ ભંગ મૂળ પાઠમાં કહેવામાં આવ્યા છે. જેમ કે– **(१) अकरिस्स चाहं (१४) कारवेसु चाहं (२७) करओ यावि समणुण्णे भविस्सामि ।**

અહીં શબ્દોમાં સ્પષ્ટરૂપે ત્રણ કરણ અને ત્રણ કાળ પ્રતિફલિત થાય છે. પરંતુ ત્રણ કરણ અને ત્રણ યોગ એ બીજાશાસ્ત્રોમાં ક્રિયાના પ્રકારોમાં પ્રસિદ્ધ છે. સાધુ અને શ્રાવકની પાપક્રિયાના પ્રત્યાખ્યાનમાં પણ ત્રણ કરણ (કરવું, કરાવવું, અનુમોદવું) ની સાથે ત્રણ યોગ હોય જ છે. માટે અહીં પણ યોગોને અંતર્ભાવિત સમજવા ઉચિત જ છે. આ રીતે અહીં ત્રણ શબ્દોથી ૨૭ ક્રિયાઓ સમસ્ત કર્મ સંગ્રહમાં કારણ રૂપે કહેવાઈ છે અને કર્મ જ સંસારભ્રમણનું કારણ છે.

**પ્ર.૫ : ઉપરોક્ત આધારથી જ્ઞાની આત્મા વાસ્તવમાં કોણ છે ?**

**જવાબ :** (૧) જેઓએ આત્માના અસ્તિત્વને સમજેલ છે, સ્વીકારેલ છે (૨) આત્માના સંસાર ભ્રમણને જાણી લીધેલ છે, માની લીધેલ છે, (૩) આત્મા કર્મોના અનુસારે સંસાર ભ્રમણ કરે છે, તેમજ (૪) ક્રિયાઓથી કર્મોની ઉત્પત્તિ થાય છે, તેમ સમજી લીધું છે; આ ચારેયનું તાત્પર્ય એ છે કે– ૧. આત્મા ૨. લોક ૩. કર્મ ૪. ક્રિયાઓ, આ ચારેને જેણે જાણી લીધેલ છે, માની લીધેલ છે અર્થાત્ તેનું જે સ્વરૂપ સર્વજ્ઞોએ જાણ્યું સ્વીકાર્યું છે, તેને જે સમજે છે, સ્વીકારે છે, તેને જ અહીં જ્ઞાની, પ્રબુદ્ધ આત્મા કહ્યા છે.





**પ્ર.૬ : એવા આત્માઓ શું એકાંતજ્ઞાની છે ?**

**જવાબ :** અપેક્ષાથી અર્થાત્ જ્ઞાન અને સમજણની અપેક્ષાથી તે જ્ઞાની છે. પરંતુ જો એવું જ્ઞાન સમજ્યા પછી પણ અર્થાત્ ઉપર કહેલ આત્મ સ્વરૂપનું ભાન થવા છતાં પણ જે ઉદયભાવમાં ઢળી જાય છે, જન્મ મરણ અને કર્મોની દુઃખ પરંપરાને ભોગવતા રહે છે, તેમજ વધારતા રહે છે. માટે અપ્રત્યાખ્યાનની અપેક્ષાએ તથા અવિરતિની અપેક્ષાએ તેનું જાણવું પણ ન જાણવા બરાબર થઈ જાય છે. જેથી તે જીવોની ગણના જ્ઞાનીમાં થઈ શકતી નથી, આ અપેક્ષાથી તેને પણ અપરિજ્ઞાતકર્મા કહેવાયા છે, તે સંસાર ભ્રમણ વધારતા જ રહે છે. ક્રિયાઓ અને કર્મોને જાણીને તેને છોડી શકતા નથી, તે બીજા પ્રકારની અપેક્ષિત અજ્ઞાનતા સ્વીકાર કરવામાં આવી છે અર્થાત્ એવા પ્રાણી અપેક્ષાથી સાચા જ્ઞાની નથી.

**પ્ર.૭ : ઉપરોક્ત જ્ઞાની તથા અજ્ઞાની આત્માઓ સંસારમાં પાપ ક્રિયાઓ શા માટે કરે છે ?**

**જવાબ :** આ ઉક્ત એક પ્રકારના જ્ઞાની અને સંસારના અન્ય સંપૂર્ણ અજ્ઞાની આત્માઓને પાપકાર્યો કરવામાં મુખ્ય કારણો આ પ્રમાણે છે– (૧) તે આત્માઓ પ્રાપ્ત થયેલ જીવન અને શરીરના નિર્વાહ માટે વિવિધ પાપ ક્રિયાઓ કરે છે. (૨) કેટલાક આત્માઓ માન સંજ્ઞામાં ખેંચાઈને પોતાના યશ-કીર્તિ, માન-સન્માન, પૂજા-પ્રતિષ્ઠા માટે પાપક્રિયાઓનો સ્વીકાર કરે છે. (૩) કેટલાક આત્માઓ મતિભ્રમથી કે કુધર્મ પ્રચારકોની સોબતથી અથવા દેખા-દેખીથી ધર્મના નામે, ભગવાનના નામે, મોક્ષ પ્રાપ્તિનો ખોટો માર્ગ અપનાવીને ધર્મને નામે અને સંસાર મુક્તિ માટે વિવિધ પાપક્રિયાઓ કરે છે. જેમ કે– ધર્મના નામે જીવોની બલિ ચઢાવવી, હોમ-હવન, દ્રવ્યપૂજા, ફૂલ, પાણી, અગ્નિ આદિની પ્રવૃત્તિ, નાચવું-કૂદવું, ઢોલ, તાલ આદિ વાજિંત્ર વગાડવા વગેરે પાપક્રિયાઓ લોકો ધર્મની દષ્ટિએ પણ કરતા રહે છે. (૪) પોતાના પર આવેલી આપત્તિ, રોગ, આંતક, ઉપદ્રવ આદિને દૂર કરવા માટે અર્થાત્ કોઈ પણ પ્રકારે પોતાના બચાવ, સુરક્ષા, સ્વાર્થ માટે; ઉપરોક્ત અપેક્ષા વાળા જ્ઞાની અને સમસ્ત અજ્ઞાની પ્રાણીઓ પાપક્રિયાઓ કરે છે.

પાપક્રિયાઓનાં કારણો શાસ્ત્રકારે મુખ્ય ચાર શબ્દોથી આ પ્રમાણે કહ્યા છે– **(१) इमस्स चेव जीवियस्स (२) परिव दण-माणण-पूयणाए (३) जाई-मरण-मोयणाए (४) दुक्खपडिग्घायहेउं ।**

**પ્ર.૮ : અંતે શ્રેષ્ઠ જ્ઞાની, સાચા જ્ઞાની કોને કહ્યા છે ?**

**જવાબ :** પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે કે લોકમાં, આ સમસ્ત

કર્મની જનક ક્રિયાઓ અને ક્રિયાઓ કરવાના કારણો જે બતાવવામાં આવ્યા છે તે જાણીને, સમજીને, સ્વીકારીને જે આત્માઓ તે ક્રિયાઓનો ત્યાગ કરે છે, ક્રિયાઓનાં કારણોથી પણ દૂર રહે છે અર્થાત્ શક્ય સમસ્ત ક્રિયાઓ, આશ્રવોનો ત્યાગ કરનારા જ સાચા અને શ્રેષ્ઠ અથવા વાસ્તવિક જ્ઞાની છે. આ શુદ્ધ અને ઉચ્ચ અપેક્ષાએ અંતિમ કથન કરેલ છે. તે ઉદ્દેશકનું અંતિમ વાક્ય આ પ્રમાણે છે– **जस्सेते लोग सि कम्म समार भा परिण्णाया भव ति, से हु मुणी परिण्णाय कम्मे त्ति बेमि ।**

**અર્થ :–** જે આ લોકમાં કર્મના સમારંભ રૂપ ક્રિયાઓ અને તેનાં કારણોને પરિપૂર્ણ રીતે જાણીને, તેનો ત્યાગ કરે છે તે પરિજ્ઞાત કર્મા મુનિ કહેવાય છે. આ પ્રકારે મુનિજીવન સ્વીકારીને પાપક્રિયાઓ અને કારણોનો શક્ય ત્યાગ કરનારા સંસાર ત્યાગી મુનિ અને જિનાજ્ઞામાં વિચરણ કરનારા શ્રમણો જ સાચા જ્ઞાની છે.

**પ્ર.૯ : શું ઘર છોડીને અણગાર બનનારા તમામ સાચા જ્ઞાની જ છે ?**

**જવાબ :** અણગાર બનનારના પણ બે પ્રકાર જાણવા જોઈએ– (૧) સંયમનું પૂર્ણ પાલન કરનાર સંયમવાન, પાપથી દૂર રહેનારા, પાપથી લજ્જા–શરમ રાખનારા સાચા સાધુ છે. (૨) કેટલાક આત્માઓ અમે અણગાર છીએ એવું માને છે, સમજે છે, કહે છે,બતાવે છે અર્થાત્ પોતે અણગાર હોવાનો દાવો–પ્રવાદ કરે છે અને પોતાને સાધુ–અણગાર માનતા હોવા છતાં અનેક પ્રકારે છ કાયના જીવોની વિરાધનાની પ્રવૃત્તિ કરવામાં લીન રહે છે. પૂર્વોક્ત ચાર કારણમાંથી કોઈ પણ કારણને વશ થઈને પૃથ્વી, પાણી આદિ જીવોની હિંસા કરવા, કરાવવા અને અનુમોદના કે પ્રેરણામાં લાગી જાય છે. કોઈ પણ હેતુથી કરવામાં આવતી પાપક્રિયાઓ તેમજ પ્રેરણા-પ્રવૃત્તિઓ તેના પોતાના અહિતને માટે જ હોય છે અથવા તો અબોધિ અર્થાત્ ફરી તીવ્ર અજ્ઞાનમાં ડૂબાડનારી જ હોય છે. એ પ્રકારે અણગાર બનનાર આત્માઓ પણ બે પ્રકારે જાણવા જોઈએ, આ ભાવનો આગમ વાક્યાંશ આ પ્રમાણે છે– **लज्जमाणा पुढो पास, अणगारा मो त्ति ऍगे पवयमाणा, जमिण विरूवरूवेहिं सत्थेहिं...।**

**પ્ર.૧૦ : આ પ્રકારના કથન માત્રના કે નામ માત્રના સાધુઓના જીવનનું પરિણામ શું આવે છે ?**

**જવાબ :** તે સાધુ પોતાની કર્મગ્રંથી કે કર્મજાળથી છૂટવાને માટે તત્પર થઈને પુનઃ આશ્રવોનાં સેવનથી કર્મગ્રંથીને કે કર્મજાળને વધારનારા થઈ જાય છે, મોહનો ત્યાગ કરીને પણ ફરી વિવિધ પ્રકારે મોહિત થાય છે અને મોહિત થવાથી તેઓ મરણ, સંસારભ્રમણ કરનારા થઈ જાય છે અને સંસારભ્રમણ





કરતાં-કરતાં નરકાદિ અશુભ ગતિઓના મહેમાન બને છે. આ રીતે તે નામ માત્રના સાધુઓની તે પાપક્રિયા ખરેખર ગ્રંથ, મોહ, માર અને નરકના હેતુભૂત એટલે કારણરૂપ બની જાય છે.

**પ્ર.૧૧ : સાધુ થઈને તે આવી પ્રવૃત્તિ શા માટે કરે છે ?**

**જવાબ :** તે કોઈ પણ પ્રકારના ઐહિક=વર્તમાનના લક્ષ્યમાં અથવા શરીરના લક્ષ્યમાં તલ્લીન બની જાય છે. ત્યાર પછી ઐહિક લક્ષ્યને મુખ્ય કરી, સંયમ લક્ષ્યને ગૌણ કરી અથવા ભૂલીને, પોતાના ઈચ્છિત સંયમ વિપરીત અસંયમ પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર આસક્ત એટલે ગૃદ્ધ બની જાય છે અર્થાત્ પારલૌકિક, આધ્યાત્મિક લક્ષ છૂટી જાય છે અને પરલક્ષી, વર્તમાનલક્ષી વિચારોમાં તેમની રુચિ અધિકાધિક થઈ જવાથી આવું કરે છે. આ ભાવ માટે અને પ્રશ્ન-૧૭ના ભાવોને માટે આગમ વાક્ય આ પ્રકારે છે– **एस खलु ग थे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए, इच्चत्थ गढिए लोए जमिण विरूवरूवेहिं सत्थेहिं...।**

**પ્ર.૧૨ : એકેન્દ્રિય સ્થાવર જીવોની વેદના કેવી હોય છે, તેને કેવી રીતે સમજી શકાય છે ?**

**જવાબ :** સ્થાવર જીવોની વેદના અવ્યક્ત વેદના હોય છે અર્થાત્ પોતાની વેદનાને તે જીવ વ્યક્ત કરી શકતા નથી અને અલ્પજ્ઞ તેના દુઃખને જાણી શકતા નથી. વિશિષ્ટ જ્ઞાની પોતાના જ્ઞાનથી જાણી શકે છે અને દષ્ટાંત દ્વારા સમજાવી શકે છે. એકેન્દ્રિયોની એ અવ્યક્ત વેદનાને શાસ્ત્રમાં દષ્ટાંત દ્વારા આ રીતે સમજાવેલ છે–

(૧) કોઈ અંધ, બહેરા, મૂંગા, અપંગ, હાથ-પગ રહિત એવી હીનાંગ અશક્ત વ્યક્તિને કોઈ જોર-જોરથી પ્રહાર કરે તો તે હીનાંગ અંધ વ્યક્તિ પોતાના દુઃખને કોઈ પ્રકારે પ્રગટ ન કરી શકે, છતાં પણ તે વ્યક્તિ ને અસહ્ય વેદના થાય, એ આપણું અંતર્મન સ્વીકાર કરે છે. એવી જ રીતે બધાં અંગોપાંગોના અભાવમાં માત્ર શરીરવાળા એકેન્દ્રિય પ્રાણીઓને પણ વેદના થાય છે.

(૨) જે રીતે શુદ્ધ ચેતના, વ્યક્ત ચેતનાવાળા પ્રાણી અથવા માનવનાં પગની આંગળીથી લઈને માથા સુધી શરીરના કોઈ પણ ભાગમાં કોઈ છેદન-ભેદન કરે તો વેદના સ્પષ્ટ દેખાય છે, તે જ રીતે પૃથ્વી, વૃક્ષ આદિના છેદન-ભેદનથી તે જીવોને પણ વેદના થાય છે.

(૩) એક વ્યક્તિ અન્ય વ્યક્તિને તલવારથી ભલેને એક જ વારમાં પ્રાણ રહિત કરી દે, આ રીતે તરત જ મરવા છતાં પણ તે માનવ શરીરની અપાર વેદનામાં મરે છે, તેવી જ રીતે શીઘ્ર મરનારા આ સ્થાવર પ્રાણીઓને પણ

અપાર વેદના થાય છે, કેમ કે વેદનાનો અનુભવ કરનાર ચેતનનું અસ્તિત્વ તેમાં પણ છે.

(૪) જે રીતે કોઇ વ્યક્તિ અત્યંત મારથી બેહોશ–મૂર્ચ્છિત થઇને પડી જાય અથવા કોઇ બાળક ઊંચા સ્થાનેથી પડતાં જ મૂર્ચ્છિત થઇ જાય અને રડવાનો અવાજ પણ ન કરે તો પણ તેને અપાર વેદના થાય છે. એવું આપણે સ્વીકારીએ છીએ. તેવી જ રીતે સ્થાવર પ્રાણીઓને કષ્ટ–વેદના થાય છે, તેને જ્ઞાનીઓનાં વચનથી અને આ દૃષ્ટાંતોથી સમજીને સ્વીકારવું જોઇએ.

આ પ્રકારના દૃષ્ટાંત સૂચક શબ્દો આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં આપેલ છે. ભગવતી સૂત્ર, શતક–૧૯, ઉદ્દેશક–૩માં સ્પર્શમાત્રથી આ એકેન્દ્રિય જીવોની વેદનાનું દૃષ્ટાંત યુક્ત વિસ્તૃત કથન છે.

**પ્ર.૧૩ : સાધુને કેવા થવું, કેમ રહેવું, કેવા બનવું જોઇએ ?**

**જવાબ :** જેમણે ગૃહ ત્યાગ કર્યો છે, સંસારનો ત્યાગ કર્યો છે, તેમણે સરળ, સ્વચ્છ હૃદયવાળા, સરળતાથી પરિપૂર્ણ બનીને, સદા મોક્ષના લક્ષ્યથી, સંસાર મુક્ત બનવાના ઉદ્દેશ સાથે પુરુષાર્થ કરવો જોઇએ. કોઇ પણ પ્રકારની માયા, કપટ, પ્રપંચ, ચાલાકી અને છળ-પ્રપંચ સ્વાર્થવશ અથવા દ્વેષ-ઈર્ષ્યાવશ કોઇ પણ પ્રકારે ન કરવા જોઇએ. પવિત્ર, પરમ પવિત્ર હૃદયવાળા બનીને મોક્ષ સાધનામાં મગ્ન રહેવું જોઇએ. તેમજ કોઇ પ્રાણી, માનવ કે સાધક આત્માઓ પ્રત્યે કિંચિત્માત્ર પણ ક્લેશભાવ કે ડંખ ન રાખતાં સહજ, સરલ ભાવોમાં લીન રહેવું જોઇએ. એવી સહજતા, સરલતા નિષ્કપટતા, પવિત્રતાયુક્ત સાધના સંપન્ન આત્માને અણગાર કહેવાય છે.

ઘર છોડીને અણગાર બનેલ સાધકે જે ભાવના, શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષથી ઘરનો ત્યાગ કર્યો છે, તે ભાવોને કાયમ–સ્થિર રાખી જીવનપર્યંત સંયમનું પાલન કરવું જોઇએ. શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષમાં કોઇ પણ પ્રકારની કચાસ કરનારા વિચાર–દૃષ્ટિકોણ, સંકટ આપત્તિ યા બાધા ઉપસ્થિત થઇ જાય તો જ્ઞાન અને વિવેક યુક્ત વાસ્તવિક ચિંતનથી સ્વયં સમાધિષ્ટ–સ્થિર થવું જોઇએ અથવા ગુઢ આદિના સહવાસ, સંગતિ, સંસ્કારથી તે વૈચારિક યા પરિસ્થિતિજન્ય બાધાઓને સમાપ્ત કરવી જોઇએ, તેને વિચારોથી કાઢી નાંખવી જોઇએ અને લક્ષ, ઉત્સાહ, શ્રદ્ધામાં પૂર્વવત્ સ્થિર રહેવું જોઇએ.

સંયમ સ્વીકાર કર્યા પછી કોઇ પણ પ્રકારના તર્કોમાં પડીને અથવા મિથ્યાત્વ મોહના ઉદયથી ખેંચાઇને તે જીવોના અસ્તિત્વનો, દુઃખોનો, એની વિરાધનાઓનો અને તત્સંબંધી સંયમ વિધિઓનો ક્યારે ય પણ અપલાપ કરવો નહિ અર્થાત્ ખંડન કરવું નહિ. તેનો ક્યારે ય પણ વચન યા મનથી અસ્વીકાર



5



કરવો નહિ, વિવેક અને સાવધાનીથી તે જીવો પ્રતિ રહેલી આસ્થાને સ્થિર રાખી, તત્સંબંધી વિરાધનાઓથી સંપૂર્ણ રીતે દૂર રહેવું જોઇએ તથા સંયમ વિધિઓમાં એકાકાર રહેવું જોઇએ. અહીં શ્રદ્ધા અને અપલાપ શબ્દનું તાત્પર્ય એ છે કે ક્યારે ય પણ અયોગ્ય વાક્યોથી જીવોનો યા જીવ વિરાધનાનો અથવા સંયમ નિયમોનો નિષેધ કે અવહેલના ન કરવી જોઇએ. દા.ત. ખાણમાંથી નીકળેલા તે પત્થર યા માટીમાં શું જીવ હોય શકે ? નળના પાણીમાં શું જીવ છે ? અગ્નિમાં તો કોઇ જીવ રહી જ ન શકે તો તે જીવ કેમ છે ? હવા તો ચાલતી જ રહે છે. બલ્બમાં, ટયુબમાં ક્યાંથી જીવ પ્રવેશે છે ? વિજળીના સાધન તો ભગવાનના વખતમાં હતા જ નહીં, પાણી તો પીવા માટે જ હોય છે, આકાશમાંથી પડે ત્યારે જ અચિત થઇ જાય છે, પછી મડદા ક્યારે ય પણ જીવતા નથી થતા, તો પાણી સચિત કેમ થાય ? કેવી રીતે થાય ? ઇત્યાદિ અશ્રદ્ધાના તર્કવિતર્કો, જીવોનાં અસ્તિત્વનો, સ્વરૂપનો અપલાપ કરનાર છે. એવા વિચારો અને વાતો ન કરતાં શ્રદ્ધાને યથાવત્ સ્થિર રાખવી જોઇએ.

તર્ક-વિતર્કોથી જીવોનાં અસ્તિત્વનો નિષેધ કરનાર ક્યારેક પોતાના અસ્તિત્વનો નિષેધ કરીને નાસ્તિક બની શકે છે. ઉક્ત ભાવોને કહેનારા ત્રીજા ઉદ્દેશકનાં આગમ વાક્યો આ છે– **से जहावि अणगारे उज्जुकडे णियाग पडिवण्णे अमाय कुव्वमाणे, वियाहिअे । जाए सद्धाए णिक्ख तो तमेव अणुपालिया, विजहित्तु विसोत्तिय ।**

અહીં પ્રથમ વાક્યમાં **अणगारे** ની સાથે **वियाहिए** ને જોડીને અર્થ કરવાથી અર્થાત્ વ્યવસ્થિત શબ્દોનો સમન્વય કરીને અર્થ કરવાથી ભાવાર્થ નીકળે છે કે– અણગાર તે કહેવાય છે જે સરળતાથી ભાવિત કે સરળતાથી ઓતપ્રોત થઇને તથા છળ-કપટ પ્રપંચોનાં સેવનથી મુક્ત થઇને મોક્ષ સાધનામાં લીન રહે છે, તે સાચા અણગાર કહેવાય છે.

બીજા વાક્યમાં **विसोत्तिय** શબ્દ છે તેનો અર્થ આ પ્રમાણે છે– શ્રદ્ધા, ઉત્સાહ અને લક્ષમાં બાધક વિચાર, અડચણ કરનારા તત્ત્વ, લક્ષમાં ભેદ પાડનાર દૃષ્ટિકોણ યા પરિસ્થિતિઓ. એની સાથે **विजहित्तु** ક્રિયાપદથી એ બાધક તત્ત્વોને છોડવાનો, કાઢવાનો, દૂર કરવાનો ઉપદેશ–નિર્દેશ કરેલ છે.

**પ્ર.૧૪ : પાણી જીવ છે કે પાણીમાં જીવ હોય છે ?**

**જવાબ :** પાણીમાં જે હાલે-ચાલે છે તે જીવ છે. તેને તો સંસારના લોકો, અન્ય ધર્મી પણ સ્વીકારે છે પરંતુ પાણી પોતે અપ્કાય જીવોનાં અસ્તિત્વવાળું છે. આ પ્રકારનું કથન જિનશાસનની વિશિષ્ટતા છે. જેનું અણગારોએ વિશેષરૂપે લક્ષ રાખવું જાઇએ. આ ભાવને પ્રગટ કરનાર વાક્ય આ છે– **स ति पाणा**

**उदय णिस्सिया जीवा अणेगे, इह च खलु भो! अणगाराण उदग जीवा वियाहिया ।** અહીં **णिस्सिया** શબ્દનો અર્થ છે પાણીના આશ્રયે રહેલા જીવ અને **इह च खलु** નો અર્થ છે આ જિનશાસનમાં જ.

**પ્ર.૧૫ : આ જીવોની વિરાધના અથવા ઉપભોગથી માત્ર હિંસાનું પાપ લાગે કે અન્ય પાપ પણ લાગે છે ?**

**જવાબ :** હિંસા સિવાય અદત્તનું પાપ પણ લાગે છે. એ જીવોની ઈચ્છા અને આજ્ઞા વિના તેમના શરીરને પોતાના ઉપયોગ માટે ગ્રહણ કરવામાં અદત્તનું પાપ પણ લાગે છે અને ગ્રહણ ન કરીને કેવલ વિરાધના જ કરવામાં આવે છે ત્યાં હિંસાનું પાપ લાગે છે. જેમ કે– પાણી, પૃથ્વી, વનસ્પતિ આદિને ગ્રહણ કરી ખાવા-પીવાના ઉપયોગમાં લેવાથી બે પાપ(હિંસા અને અદત્ત) લાગે છે. પૃથ્વી, પાણી વનસ્પતિને પગથી કચડીને ચાલવામાં એક હિંસાનું પાપ લાગે છે. આમ, અદત્તના પાપની ભજના–વિકલ્પને કહેનારું આગમ વાક્ય છે– **अदुवा अदिण्णादाण ।**

**પ્ર.૧૬ : પાણી, વનસ્પતિ આદિનો ઉપયોગ તો અણગાર પણ કરે છે તો તેમને પણ અદત્તનું પાપ લાગે છે ?**

**જવાબ :** અણગાર પાણી આદિનો ઉપયોગ કરે જ છે પરંતુ અચેત થઈ જાય પછી જ ગ્રહણ કરે છે, તેથી તેઓને અદત્તનું દોષ સેવન થતું નથી. જો તે સાધુ કોઈ સચિત્ત પદાર્થ લઈને તેનો ઉપયોગ કરે તો તેને અદત્ત દોષ લાગે છે. આ ભાવોનું આગમ વાક્ય આ છે– **सत्थ चेत्थ अणुवीइ पास, पुढो सत्थ पवेइय अदुवा अदिण्णा दाण ।**

**ભાવાર્થ :–** આ પાણી આદિને અનેક પ્રકારનાં શસ્ત્રોથી અચિત્ત કરવાની પ્રવૃત્તિ લોકો આ સંસારમાં કરે છે. એ પ્રવૃત્તિઓથી અનેક પ્રકારનાં અચિત્ત પાણી આદિ ઘરોમાં થતા જ રહે છે, તેનું જ્ઞાન હોવું જોઈએ; તેને સમજવું જોઈએ. સંસારી લોકોની તે વિવિધ પ્રવૃત્તિઓને વિચારપૂર્વક જાણવી, જોવી, સમજવી અને અનુભવ કરવી જોઈએ કે જેનાથી પાણી, વનસ્પતિ આદિ અચિત્ત, શસ્ત્ર પરિણત થઈ જાય છે. તેને સમજીને અચિત્ત ગ્રહણ કરનાર અણગારને અદત્તનું પાપ લાગતું નથી.

**પ્ર.૧૭ : કોઈ ધર્મ શાસ્ત્રમાં પાણી પીવાની અને સ્નાન કરવાની તેમજ કંદમૂળ ખાવા વગેરેની આજ્ઞા આપી હોય તો તે શાસ્ત્ર આજ્ઞાથી તે પાણી આદિના જીવોનો ઉપયોગ કરવાથી હિંસા અને અદત્તનું પાપ તેમને લાગે છે કે નહીં ?**

**જવાબ :** કોઈના કહેવા અથવા લખવાથી કોઈ પાપ અપાપ થઈ જતું નથી.







એવી ખોટી સમજ, કથન અને સંકલ્પથી કૃત્ય, અકૃત્ય થઈ શકતું નથી. તેમની તે કરણતા અકરણતા બની શકતી નથી. તે પાપ કર્યા છતાં પણ નહીં કરનારા બની શકતા નથી. કોઈના માનવાથી અથવા કહેવાથી પાપ ક્રિયા કર્યા છતાં પણ કોઈ તેના પાપથી બચી શકતા નથી. જો એવું થઈ જાય તો મોટા પાપ પણ અપાપ થઈ જશે. પરંતુ એવું માનવું અયથાર્થ–ખોટું છે.

**પ્ર.૧૮ : બે પ્રકારની હિંસા કઈ કહેવામાં આવી છે ?**

**જવાબ :** એક પ્રમાદ મૂલક અને બીજી વિષયાર્થ મૂલક. (૧) પ્રાણી પોતાના જીવન નિર્વાહ અને ઈન્દ્રિય વિષયોની પૂર્તિ માટે અથવા તો (૨) અસાવધાની–બેપરવાહીથી જીવ હિંસા કરે છે. એ બંનેને અર્થદંડ અને અનર્થદંડ પણ કહી શકાય છે. ચોથા ઉદ્દેશકનું તે વાક્ય આ પ્રકારે છે– **जे पमत्ते गुणट्ठिए से हु द डे त्ति पवुच्चइ** જે પ્રમાદી અને વિષયાર્થી છે તે હિંસાની પ્રવૃત્તિ કરે છે.

**પ્ર.૧૯ : દીર્ઘલોક શસ્ત્ર એટલે શું ?**

**જવાબ :** ચોથા ઉદ્દેશકમાં અગ્નિકાયને દીર્ઘલોક શસ્ત્ર કહેલ છે. સંસારમાં સૌથી વધારે વનસ્પતિ જીવ છે. તેને દીર્ઘલોક કહેવામાં આવે છે અને તેને નાશ કરનાર શસ્ત્ર અગ્નિ છે અર્થાત્ વનસ્પતિને બાળનાર–નાશ કરનાર અગ્નિ છે. તેથી અગ્નિ માટે આ પર્યાયવાચી શબ્દ છે, એમ સમજવું.

**પ્ર.૨૦ : અગ્નિના જીવોની સાથે બીજા કયા જીવોની વિરાધના સંભવ છે ?**

**જવાબ :** અગ્નિ જ્યાં બાળવામાં આવે ત્યાં તે પૃથ્વીને આશ્રિત ત્રસ જીવ અને ઘાસ, પાંદડા, લાકડા, છાણા, કચરો આદિ બળનાર પદાર્થોના આશ્રયે રહેલ ત્રસ જીવોની વિરાધના થઈ શકે છે તથા ઉપર આકાશમાં ઊડનારા જીવ અગ્નિમાં પડીને મરી જવાનો સંભવ પણ છે.

**પ્ર.૨૧ : ઈન્દ્રિય વિષયોનું પરિણામ શું કહ્યું છે ?**

**જવાબ :** અહીં પાંચમા ઉદ્દેશામાં ઈન્દ્રિય વિષયોને સંસાર ચક્ર કહ્યું છે અને બીજા અધ્યયનના પ્રારંભમાં એ ઈન્દ્રિય વિષયોને સંસારનું મૂળ કહ્યું છે. આ બન્ને જગ્યાએ વાક્યનું પુનરાવર્તન કરીને વિષયને પુષ્ટ કર્યો છે કે જે કાંઈ પણ સંસાર ચક્ર છે, ભવભ્રમણ છે, તે ઈન્દ્રિય વિષય જ છે અને જે ઈન્દ્રિય ના વિષય છે તે જ સંસાર ભ્રમણ છે. જે કાંઈ સંસારનું મૂળ છે, તે ઈન્દ્રિય વિષય જ છે અને ઈન્દ્રિયના વિષય જ સંસારનું મૂળ છે.

તાત્પર્ય એ છે કે આ સમગ્ર લોક શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શાદિ વિષયોથી ભર્યો છે અને જીવ માત્ર તેમાં આસક્ત છે. તે વિષયોની પ્રાપ્તિને માટે જ રાત દિન દોડી રહ્યા છે, માટે આ ઈન્દ્રિય વિષય જ સંસાર છે.

આ ઈન્દ્રિય વિષયોથી દૂર ન રહેનાર કે એનાથી સાવધાન ન રહેનાર અર્થાત્ ઈન્દ્રિય વિષયોમાં આસક્ત રહેનાર સાધક જિનાજ્ઞા વિદ્ધદ્ધ આચરણ કરે છે અને વારંવાર ઈન્દ્રિય સુખોનો આસ્વાદ યા ઉપભોગ કરતો તે એક-એક કરીને અસંયમ ક્રિયાઓનું આચરણ કરે છે. આવી રીતે ક્રમશઃ પુનઃ પ્રમાદી બની તે ઈન્દ્રિય વિષયોની આસક્તિ પાછળ પાગલ યા પરવશ બનીને એક દિવસ સંયમ પણ છોડી દે છે અને ગૃહવાસમાં ચાલ્યો જાય છે. આ છે ઈન્દ્રિય વિષયોનાં પરિણામ અને ભયંકરતા કે સંસારી જીવોને તો સંસારમાં ભ્રમણ કરાવે જ છે પરંતુ સંયમીને પણ સાવધાનીથી ચૂકાવી દે છે. આ પ્રકારે શબ્દ, રૂપ, રસ આદિ ઈન્દ્રિયોના વિષય, સુખભોગની ઈચ્છાઓને તીવ્ર, તીવ્રતમ અને દીર્ઘ બનાવીને સાધકને સંયમથી પતિત કરાવી દે છે. આ વિષયોને સ્પષ્ટ કરનાર આગમ વાકય આ પ્રમાણે છે–

**जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे । एस लोए वियाहिए । एत्थ अगुत्ते अणाणाए, पुणो-पुणो गुणासाए, व क समायारे, पमत्ते, गारमावसे ।** અહીં **वक** નો અર્થ અસંયમ છે અને **गार** નો અર્થ છે ગૃહસ્થ જીવન. **गुण** નો અર્થ છે પાંચ ઈન્દ્રિયોના વિષય અને **गुणासाए** નો અર્થ છે– ગુણોનો આસ્વાદ, ઉપભોગ, સુખભોગ, વિષય સેવન.

કોઈ પણ વસ્તુનું વારંવાર સેવન થવાથી પ્રાયઃ તેના પ્રત્યેની આસક્તિ વધે છે માટે વિષયોના આસ્વાદથી પ્રેમ, મોહ અને આસક્તિનું વધવું સ્વાભાવિક છે. માટે ગૃહત્યાગી અણગારોએ જીવન નિર્વાહનાં આવશ્યક કર્તવ્યો સિવાય આ ઈન્દ્રિયોના વિષયો અને ઈચ્છાઓ પર અંકુશ રાખવો જોઈએ અને જિનાજ્ઞા અનુસાર પ્રયત્નપૂર્વક જીવન જીવવું જોઈએ. ત્યારે જ તેનો સંયમ અથવા રત્નત્રય સુરક્ષિત રહી શકે છે.

**પ્ર.૨૨ : વનસ્પતિ અને માનવ શરીરમાં કેટલા લક્ષણોની સમાનતા જોવા જાણવામાં આવે છે ?**

**જવાબ :** ચાર સ્થાવરની અપેક્ષાએ વનસ્પતિની ચેતના કાંઈક વિશેષ વિકસિત દેખાય છે. ચાર સ્થાવર જીવોનાં શરીરની અવગાહના નિયમતઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ જ હોય છે, અધિક હોતી નથી. જ્યારે વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના હજાર યોજન સાધિક થઈ શકે છે. પાંચમા ઉદ્દેશકમાં તેની માનવ સાથે સમાનતા આ પ્રમાણે દર્શાવી છે– (૧) મનુષ્યના જન્મની જેમ વનસ્પતિ પણ ઊગે છે તથા અંકુરિત થતી દેખાય છે. (૨) મનુષ્ય નાનાથી મોટો થાય છે તેમ તે પણ નાનાથી મોટી થતી દેખાય છે. (૩) મનુષ્ય પ્રસન્ન રહે છે, તેમ તે પણ ખીલતી દેખાય છે. (૪) મનુષ્યનું મુખ મ્લાન થઈ જાય છે, તેમ વનસ્પતિ







પણ મુરઝાય છે. (૫) મનુષ્યની જેમ તે પણ આહાર ગ્રહણ કરે છે અને આહારથી વધે છે. (૬) મનુષ્ય હંમેશાં પરિવર્તિત થતો રહે છે, તેમ વનસ્પતિમાં પણ વિકાસ અને પરિવર્તન સ્પષ્ટ જણાય છે. (૭) એક દિવસ મનુષ્ય મરી જાય છે, તેમ વનસ્પતિનો પણ એક દિવસ નાશ થઈ જાય છે. (૮) ચય, ઉપચય, હાનિ વૃદ્ધિ બન્નેમાં થાય છે. (૯) નવા–નવા રૂપ અને નવી–નવી અવસ્થાઓ બંનેમાં થાય છે.

ચાર સ્થાવરમાં આંશિક રૂપે ચૈતન્ય લક્ષણો પ્રતીત થાય છે. જેમ કે– (૧) પૃથ્વી ખોદી કાઢ્યા પછી ફરી વધી જાય છે. (૨) ઊંડા કૂવાનું પાણી ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડુ રહે છે. મનુષ્યનું શરીર પણ પ્રાયઃ ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડુ થતું હોય છે. (૩) અગ્નિ બળતણના સંયોગે વધતી જાય છે, બળતણ વિના સમાપ્ત થઈ જાય છે. મનુષ્ય શરીર પણ આહારથી વધતું રહે છે, આહારના અભાવે નાશ પામી જાય છે. (૪) હવા પર-પ્રયોગથી કે સ્વેચ્છાથી પણ ગમન કરતી જ રહે છે. મનુષ્ય પણ સ્વેચ્છા–અનિચ્છા બંને પ્રકારે ગમન કરે છે.

આ પ્રકારે એકેન્દ્રિય જીવોમાં જીવના અસ્તિત્વનો સ્વીકાર કરવાની અને શ્રદ્ધા કરવાની પ્રેરણા રૂપે આ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે. તેનાથી કિંચિત્ અશ્રદ્ધાના તર્કને સમાધાન મળે છે. કેમ કે આવા લક્ષણ અચિત્ત પુદ્‌ગલોમાં મળી શકતા નથી.

**પ્ર.૨૩ : ત્રસ જીવોની હિંસા કરવાનું પ્રયોજન શું શું થઈ શકે છે ?**

**જવાબ :** છટ્ઠા ઉદ્દેશામાં ત્રસકાયના જીવોની હિંસા કરવાનાં અનેક પ્રયોજનો કહ્યા છે– (૧) શરીર માટે (૨) ચામડા માટે તેમજ (૩) માંસ (૪) લોહી (૫) હૃદય–કાળજા (૬) પિત્ત (૭) ચરબી (૮) પાંખો માટે (૯) પૂંછડી (૧૦) વાળ (૧૧) શીંગડા (ગાય આદિના) (૧૨) વિસાણ(બાર સિંગા આદિ) (૧૩) દાંત (૧૪) દાઢ (૧૫) નખ (૧૬) નશો માટે (૧૭) હાડકાં (૧૮) હાડકાંની મજ્જા (૧૯) (અન્ય કોઈ)પ્રયોજનથી (૨૦) નિષ્પ્રયોજનથી (૨૧) મને માર્યો હતો (૨૨) મારે છે (૨૩) મારશે એવા સંકલ્પથી. અહીં અઢાર પદાર્થોના નામ આપ્યા છે અને કુલ ૨૩ પ્રયોજન યા પ્રકાર બતાવ્યા છે.

**પ્ર.૨૪ : અનેક શાસ્ત્રોમાં વાયુકાયનો ક્રમ ચોથો છે,તો અહીં છઠ્ઠો કેમ ?**

**જવાબ :** વાયુકાય અચાક્ષુષ છે અર્થાત્ ચક્ષુગ્રાહ્ય નથી. તેથી પહેલાં સ્થૂલ ચક્ષુગ્રાહ્ય જીવોની હિંસા ત્યાગનો ઉપદેશ અને પ્રતિજ્ઞા વચન કહ્યા પછી છેલ્લે અચાક્ષુષ એટલે અદશ્ય એવા વાયુકાયનું વર્ણન કર્યું છે. અચાક્ષુષની અપેક્ષાએ તેને આત્મતુલ્ય પણ કહ્યો છે. અસ્તિત્વની અપેક્ષાએ વાયુકાય રૂપી છે.

**પ્ર.૨૫ : ત્રસ જીવોમાં કેટલા પ્રકારના જીવોનો સમાવેશ થાય છે ?**

**જવાબ :** સામાન્ય રૂપે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય આ ચાર પ્રકારના જીવોનો ત્રસકાયમાં સમાવેશ થાય છે, પરંતુ અહીં છટ્ઠા ઉદ્દેશામાં અન્ય શબ્દોથી, પ્રકારોથી ત્રસ જીવોનું કથન કર્યું છે. જેમ કે– (૧) અંડજ= ઈંડાથી ઉત્પન્ન પક્ષી આદિ. (૨) પોતજ=થેલી(ચામડાની થેલી)માં ઉત્પન્ન થનારા હાથી આદિ. (૩) જરાયુજ=મનુષ્ય, ગાય, ભેંસ આદિ. (૪) રસજ= રસ–સ્વાદ ખરાબ થવાથી કોઈ પણ પદાર્થમાં ઉત્પન્ન થનારા બેઇન્દ્રિય જીવ. (૫) સંસ્વેદજ=પરસેવાથી ઉત્પન્ન થનારા જૂ આદિ. (૬) સંમૂર્ચ્છિમ=બહારના વાતાવરણના સંયોગ માત્રથી પોતાની રીતે ઉત્પન્ન થનાર માખી-મચ્છર આદિ. (૭) ઉદ્‌ભિજ=ભૂમિ યા વનસ્પતિ ફોડીને ઉત્પન્ન થનાર તીડ, પતંગ આદિ. (૮) ઔપપાતિક=થોડા સમયમાં શીઘ્ર પૂર્ણ સ્વરૂપમાં ઉત્પન્ન થનાર નારક, દેવ.

**પ્ર.૨૬ : સંક્ષેપમાં આ પ્રથમ અધ્યયનમાં શું શું વર્ણન કર્યું છે ?**

**જવાબ :** પ્રથમ ઉદ્દેશકમાં સમુચ્ચય સિદ્ધાંત–જીવ, કર્મ ક્રિયા, સંસાર અને સંયમ તથા સાચા જ્ઞાનીનું કથન કરીને તેમજ બીજાથી સાતમા સુધીના છ ઉદ્દેશામાં છકાય જીવોનું સ્વરૂપ, તેની હિંસા અને તેનું પરિણામ બતાવી, હિંસા ત્યાગની પ્રેરણા અને તે ત્યાગનું પરિણામ બતાવેલ છે.

પ્રત્યેક એટલે છએ ઉદ્દેશકોના પ્રારંભમાં ત્યાગ, વૈરાગ્ય, સંયમ, પ્રેરણા, અનાસક્તિ, આસક્તિ, સંસાર સ્વરૂપ, જીવદયાભાવ આદિ ઉપદેશ અને ત્યાર પછી ક્રમ પ્રાપ્ત છ કાયના વિષયનું નિરૂપણ કર્યું છે.

પ્રત્યેક ઉદ્દેશકના અંતે વિરાધના(આરંભ) કરનારને સમ્યગ્જ્ઞાતા કહ્યા નથી પરંતુ પાપનો ત્યાગ કરનારને જ સમ્યગ્જ્ઞાતા કહેવાય છે. આ શુદ્ધ નય દૃષ્ટિનું કથન કરીને પછી ત્રણ કરણથી અર્થાત્ કરવા, કરાવવા અને અનુમોદન કરવારૂપ હિંસા ત્યાગના પ્રતિજ્ઞામય ઉપદેશ વાક્ય કહેલ છે.

અંતે ફરીથી એક વાક્ય દ્વારા બધા ઉદ્દેશોમાં સર્વથા હિંસાના ત્યાગીને પરિજ્ઞાત કર્મા કહ્યા છે અર્થાત્ કર્મોને સમજીને તેનાથી મુક્ત થનારા કહ્યા છે. આ અંતિમ વાક્યમાં પૃથ્વી, અગ્નિના માટે તેના કર્મ અર્થાત્ વ્યાપારના ત્યાગી થવાનું કહ્યું છે અને શેષમાં તેના શસ્ત્રના ત્યાગી થવાનું કહ્યું છે.

તાત્પર્ય એ છે કે પૃથ્વીને ખોદવી આદિ પૃથ્વી સંબંધી કર્મ–કાર્યોનો અને અગ્નિ સળગાવવી આદિ અગ્નિ સંબંધી કાર્યોનો ત્યાગ કરવાનું કહ્યું છે. જ્યારે પાણી, વનસ્પતિ, ત્રસ આદિને કોઈ શસ્ત્રથી ન મારવાનું કહ્યું છે. યથા– **जस्सेते पुढवी कम्म समार भा परिण्णाया भव ति से हु मुणी**





**परिण्णाय कम्मे त्ति बेमि । जस्सेते उदय सत्थ समार भा.....। जस्सेते अगणि कम्म समार भा.....। जस्सेते वणस्सइ सत्थ समार भा.....। जस्सेते तसकाय सत्थ समार भा.....।**

સાતમા ઉદ્દેશકમાં વાયુકાયના વિષયની સમાપ્તિ પછી છજ્જીવ-નિકાયના નામથી સમુચ્ચય કથન કરવામાં આવેલ છે. તેની શરૂઆતમાં પણ ઉપદેશ અને શિક્ષાવાક્ય છે કે જે દીક્ષા લઈને સાધ્વાચારમાં રમણ કરતા નથી અને સ્વચ્છંદાચારી બની જાય છે તે અનેકવિધ આરંભમાં લીન બની કર્મબંધમાં વૃદ્ધિ કરે છે. તેથી બુદ્ધિમાન સાધકોએ પાપકાર્યોનું સેવન ન કરવું જોઈએ. અંતે છજ્જીવનિકાયની હિંસાના ત્યાગીને પરિજ્ઞાત કર્મા કહેવામાં આવેલ છે. સાર એ છે કે સાધુ તત્ત્વજ્ઞાની પણ બને અને પાપોના ત્યાગી પણ બને.

**પ્ર.૨૭ : પહેલા અધ્યયનમાં કઠિન શબ્દ કે વાક્ય કયા-કયા છે ? તેના અર્થ શું છે ?**

**જવાબ : ससम्मइयाए**=પોતાની સન્મતિથી, જાતિસ્મરણ યા અવધિજ્ઞાનથી. **परवागरणेण** =તીર્થંકર અથવા સર્વજ્ઞોનાં કથનથી. **अण्णेसिं वा अ तिए सोच्चा**=અન્ય શ્રુતજ્ઞાની યા વિશિષ્ટ જ્ઞાની પાસેથી સાંભળીને અથવા પરંપરાથી સાંભળીને.

**सोह**=આ શબ્દથી આત્માના અસ્તિત્વનો અને આત્માના સ્વરૂપનો સ્વીકાર છે. પ્રાસંગિક અર્થ એ છે કે તે દિશા વિદિશાઓમાં સંચરણ, ભવભ્રમણ કરનારા જે તત્ત્વ છે, તે શરીર નથી, તે હું આત્મા છું. આ રીતે સર્વ પ્રથમ આત્માનો સ્વીકાર આવશ્યક છે. ત્યારે જ અન્ય જીવોનો, લોકનો અને તેમાં ભવ ભ્રમણનો સ્વીકાર થઈ શકશે અને ત્યારે જ ભ્રમણના કારણ કર્મનો તથા કર્મના કારણરૂપ ક્રિયાઓનો સ્વીકાર કરી શકાશે. તેથી પ્રથમ ઉદ્દેશામાં જાણવા સંબંધી કથન કરતાં પહેલાં સંસારગત આત્માઓના મુખ્ય સ્વરૂપ અને અસ્તિત્વનો સ્વીકાર કરવા માટે કહ્યું છે કે **स चरइ, सोह** આ બે શબ્દોથી ઉક્ત બંને મુખ્ય વાતો કહી દીધી છે. આ પ્રકારે આધ્યાત્મ જગતમાં પ્રસિદ્ધ **સોऽહ** સંસ્કૃત શબ્દનું મૂળ સ્થાન આચારાંગ સૂત્ર છે અને અહીં પ્રાકૃતમાં **सोह** છે.

**परिण्णाया भव ति**= જ્ઞ પરિજ્ઞાથી–જાણવાની બુદ્ધિથી જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી અર્થાત્ વ્રતમૂલક ઢચિવાળી પ્રજ્ઞાથી, તે પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ કર્યો છે. આ પ્રકારનો દ્વિવિભાગી અર્થ અનેક સ્થાને અપેક્ષિત છે. **से हु मुणी परिण्णाय कम्मे**= તે જ પરિજ્ઞાત કર્મા મુનિ છે અર્થાત્ કર્મો–ક્રિયાઓ, પાપક્રિયાઓને જે સમ્યક પ્રકારે જાણે છે તે તેનો ત્યાગ કરી શકે છે અને તે જ સાચો જ્ઞાતા મુનિ છે. આ કથન અમુક શુદ્ધ નયથી છે. તેને દુર્નયરૂપ એકાંતિક

ન કરવું જોઈએ અર્થાત્ પ્રતિપક્ષમાં બધા અજ્ઞાની જ છે, એવું કથન ન કરવું.

**लज्जमाणा**= પાપથી દૂર રહેનારા, લજ્જિત થનારા, પાપનો ત્યાગ કરનારા અર્થાત્ સંયમીમુનિ. આ એ શબ્દનો તાત્પર્યાર્થ છે. **अब्भाइक्खेज्जा**= દોષ આપવો, ખોટો આક્ષેપ મૂકવો. પરંતુ અહીં પ્રાસંગિક અર્થ આ પ્રમાણે છે– જીવોનાં અસ્તિત્વનો સ્વીકાર ન કરવો, નિષેધ–અપલાપ કરવો, જીવને જીવ ન માનતાં અજીવ માનવો. આ રીતે અહીં અસ્વીકાર કરવાનો અર્થ છે. **लोग च आणाए अभिसमेच्चा अकुतोभय**= જીવરૂપ લોકના સ્વરૂપને જિનાજ્ઞાથી સમજીને, વિચારીને તે જીવોને જરામાત્ર પણ દુઃખ ન આપે, **अकुतोभय**= સંયમ સ્વીકારી લે. સંયમીથી કોઈપણ પ્રાણીને ક્યાંય પણ ભય કે ત્રાસ થતો નથી. તેથી સંયમનો પર્યાયવાચી શબ્દ પણ **अकुतोभय** છે અથવા સંયમી સ્વયં સર્વત્ર નિર્ભય હોય છે. તેને ક્યાં ય કોઈનો ભય હોતો નથી. સંયમ નિર્ભયતા મૂલક હોવાથી **अकुतोभय** સંયમનો પર્યાયવાચી શબ્દ ગણાય છે.

**अणिच्च**= એક સમાન ન રહેનાર, અનિત્ય. **असासय**= સદા ન રહેનાર, એક દિવસ નાશ થનાર, અશાશ્વત. **विपरिणाम धम्मय** = વિવિધ અવસ્થાઓને પ્રાપ્ત કરવાના સ્વભાવવાળો અર્થાત્ સુખી-દુઃખી, જ્ઞાની-અજ્ઞાની, પ્રારંભકાલ, વિકાસકાલ, સમાપ્તિકાલ, બાલ્ય, યૌવન, વૃદ્ધાવસ્થા આદિ પરિણમનવાળો. અનિત્યમાં સમુચ્ચય સૂક્ષ્મ પરિવર્તન સ્વભાવ છે. સ્થિર એક સમાન રહેવાના સ્વભાવનો નિષેધ છે અને વિપરિણામ ધર્મમાં સ્થૂલ પરિવર્તન, અવસ્થાઓનાં પરિવર્તનનું કથન છે.

**पहू एजस्स दुग छणाअे, आय कद सी अहिय ति णच्चा**= આ વાક્યમાં અન્વય કરીને, સરળતાથી અર્થ સમજાય છે. **आय कद सी**= સંયમી મુનિ, પાપકર્મનાં ફળરૂપ આતંક દુઃખને જોનાર–સમજનાર મુનિ. **अहियं ति णच्चा**= જીવહિંસા–વાયુકાયની હિંસા, અયતના, આત્માના માટે અહિતકારી છે એ જાણીને, **एजस्स**= વાયુકાયની, **दुग छणाए**= હિંસાથી દૂર રહેવામાં, અલગ રહેવામાં, **पहू**= સમર્થ હોય છે. **णो अण्णेसी**= તે પાપ કાર્યોની મનથી પણ ક્યારે ય અન્વેષણા–ચાહના ન કરે અથવા પાઠાંતરથી. **णो अण्णेसिं**= બીજા દ્વારા પણ તે પાપ કરાવે નહીં.

**પ્ર.૨૮ : સંયમ અને સંયમીના પર્યાયરૂપમાં કયા કયા શબ્દ આ અધ્યયનમાં અને આગળના અધ્યયનમાં મળે છે ?**

**જવાબ :** અધ્યયન– ૧ : સંયમીના અર્થમાં પ્રયુક્ત શબ્દો– **मुणी, अणगार, स यत, आय कद सी, दविया, वसुम** । સંયમવાચી શબ્દો– **अभय , विणय , अकुतोभय , आयाणीय , असत्थ** ।





અધ્યયન–૨ : સંયમના અર્થબોધક શબ્દો– **धीरो, प डिए, कुसले, समिए, धुवचारिणो, पासगस्स, भिक्खू, आरिएहिं, मइम , वीरे** । સંયમવાચી શબ્દો– **अहो विहाराए, णिक्खम्म, स कमणे, मोण अणुघायणस्स** ।

અધ્યયન–૩ : સંયમી– **णिग्ग थ, अ जू, अतिविज्जो, णिक्कम्मद सी, परमद सी, अणोमद सी, अणण्ण परम णाणी, महेसी, दूरालइय उवरयसत्थ, पलिय तकर, विद्यूतकप्पे** । સંયમ- **सव्व , परम , अणण्ण , महाजाण** આ સંયમના શબ્દ છે.

અધ્યયન–૪ : સંયમ– **उवसम , ब भचेर सि, सच्च सि** ।

અધ્યયન–૫ : સંયમી– **विरयस्स, परमचक्खु, वण्णाएसी, माणवा, णरे, वेयवी, णिट्ठियट्ठी, परियाए, मह , आराम** । આ સંયમવાચી શબ્દો છે.

શેષ અધ્યયન : સંયમી– **वसु, महामुणी, णगिणा, विधूतकप्पे, महावीराण , आगयपण्णाणाण , भगवओ, उदासीणे, णममाणेहिं, णिट्ठियट्ठी** । સંયમ– **लूहाओ** ।

## અધ્યયન–૨ : લોકવિજય

**પ્ર.૧ : બીજા અધ્યયનમાં કેટલા ઉદ્દેશા છે ? તેનો મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ૬ ઉદ્દેશા છે. આ અધ્યયનના બે નામ ફલિત થાય છે– (૧) લોકવિજય (૨) લોકવિચય. **૧.**– સંસારની મોહમાયાને સમજવી; પ્રાપ્ત શરીર, સંપત્તિ, સ્વજન, સાથી–સહયોગી ક્ષણિક અને સ્વાર્થી છે, તેમ જાણીને મોહસંસારથી અળગો થઈ, ઉદાસીન થઈને વૈરાગ્યભાવે સંયમ સ્વીકારીને સદાને માટે આ મોહ સંસારને જીતી લે, એના પર વિજય પ્રાપ્ત કરી લે. આ રીતે આ લોકવિજય નામથી પરાક્રમ અને પુરુષાર્થની પ્રેરણા મળે છે. **૨.**–વિચયનો અર્થ છે–ચિંતન, અન્વેષણ. આ અધ્યયનમાં વૈરાગ્ય અને ધર્મધ્યાન પ્રેરક અનેક ચિંતન છે અને તેમાં અનેક સ્થાને અનિત્ય, અશરણ, સંસાર ભાવનાને મહત્ત્વ આપ્યું છે. તેથી આ અધ્યયન આત્મચિંતન અને વૈરાગ્યચિંતનનું પ્રેરક હોવાથી તેનું લોકવિચય નામ પણ ઘટિત થાય છે.

કષાયરૂપી ભાવલોકમાં મોહ માનને જીતવાનું કથન છે અને વિષયરૂપી ભાવલોકમાં સ્ત્રી અને વિષય સંગનો કટુવિપાક બતાવેલ છે. પાંચ ઇન્દ્રિય વિષયોને કામગુણ કહ્યા છે અને એ ગુણોને સંસારનાં મૂળ કહેલ છે. આ પ્રકારે

વિષય અને કષાયરૂપ ભાવ લોક પર વિજય મેળવવાની પ્રેરણા આપવી, એ જ આ અધ્યયનનો મુખ્ય આશય છે.

**પ્ર.૨ : સંસારમાં પ્રાણી કોનો મોહ મમત્વ કરે છે અને તેનાથી તેની શું સ્થિતિ થાય છે ?**

**જવાબ :** માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી, પુત્રવધુ, મિત્ર, સ્વજન, સંબંધી, સાથી, ઘરનો સામાન, દાસ, વાહન, મકાન, વસ્ત્ર આદિને આ મારા છે, આ મારા છે, એમ સંસારી પ્રાણી મમત્વ કરતા રહે છે. એકબીજા માટે રાત-દિવસ, સુખ સુવિધા સંયોગ અને ધન મેળવવામાં હેરાન-પરેશાન થતા રહે છે. કર્તવ્ય અકર્તવ્યના વિવેકને, સમય અસમયના વિવેકને પણ તે પ્રાણી ભૂલી જાય છે અને કેટલાક તો આ દુનિયામાં કોઈએ ન કર્યું હોય એવું કરી બતાવવાની ધૂનમાં, મસ્તીમાં ક્યારેક રોગાતંક(અકસ્માત્) કે વૃદ્ધાવસ્થાના શિકાર થઈ સુખભોગથી પણ વંચિત થઈ જાય છે. ધર્માચરણના અભાવમાં પુણ્યક્ષય થઈ જવાથી આ ભવમાં અને પરભવમાં દુઃખી થાય છે.

ઈન્દ્રિય-શક્તિઓ ક્ષીણ થઈ જતાં, યૌવનવય પસાર થતાં, વૃદ્ધાવસ્થા ઘેરી લેતાં, કેટલાય ચિત્તવિભ્રમ, શૂન્યચિત્ત અથવા પાગલ કે વિવેક વિકળ થઈ જાય છે. જ્યારે તે પ્રાણી હાંસી-મજાક, ખેલ, શૃંગાર, સુખભોગને યોગ્ય રહેતો નથી, ત્યારે કેટલાય પરિવારજનો પણ તેને વચન અને કાયાથી વિવિધ દુઃખ આપે છે. આ પ્રકારે સંસારમાં મોહમાં ફસાયેલ પ્રાણી રોગ અને ઘઢપણનાં વિવિધ દુઃખોને ભોગવે છે. ક્યારેક કોઈના પરિવારના લોકો સુખ-સુવિધા આપનાર હોય અર્થાત્ બધા સંયોગો અનુકૂળ હોય તોપણ જ્યારે તીવ્ર રોગાતંક અને મૃત્યુ વેદનાથી દુઃખી થાય છે, ત્યારે તેને કોઈ શરણભૂત થતા નથી.

આ પ્રકારની પરિસ્થિતિને જાણીને વિવેકી, પંડિત પુરુષે સમય અને શરીરની શક્તિ ક્ષીણ થાય તે પહેલાં જ આત્મ સાધનામાં લીન બની જવું જોઈએ. તાત્પર્ય એ છે કે સાંસારિક મોહ-મમત્વ અને પરિસ્થિતિઓમાં જીવનના અંત સુધી મુંઝાયેલા–અટવાયેલા ન રહેવું જોઈએ.

**પ્ર.૩ : માતા પિતા આદિ સંબંધીજન તો બહુ ઉપકારી હોય છે તો તેમના પ્રત્યે ઘૃણાનો ભાવ કરવો તે શું ઉચિત છે ?**

**જવાબ :** અજ્ઞાનવશ સંસારી જીવોમાં જે મોહદશા છે તેનાથી મુક્ત થઈ, મોહાસક્તિના ભાવોને વિરક્તિમાં પરિવર્તિત કરવા, એ શાસ્ત્રોક્ત ઉપદેશનો આશય સમજવો જોઈએ. પ્રત્યેક કાર્યમાં વૈરાગ્ય સાથે વિવેકપૂર્વકનો વ્યવહાર કરવો જોઈએ. જો કોઈ નિર્દયતા યા અવિવેક કરે તો તે તેની વ્યક્તિગત પ્રકૃતિ અને પૂર્વ સંસ્કારનો દોષ છે. પ્રેમને વૈમનસ્યમાં કે દ્વેષમાં પલટાવવાનો





ધર્મોપદેશનો આશય નથી. મોહ અને અજ્ઞાનદશાને ઓછી કરવી તે જ ધર્મોપદેશનો આશય છે. માતા પિતાની સેવા, ક્લેશ કષાયથી મુક્તિ, જીવોની સાથે મૈત્રીભાવ, દયાભાવનો ઉપદેશ કે પ્રેરણા પણ શાસ્ત્રમાં અનેક સ્થાને છે. માટે વૈરાગ્યનો ઉપદેશ પોતાની અપેક્ષાથી ઉપયુક્ત છે. તેથી સંસારમાં રહેવા છતાં જીવ મોહ અથવા આસક્તિભાવોથી થતા કેટલા ય કર્મબંધોથી બચી જાય છે.

**પ્ર.૪ : अरइ आउट्टे से मेहावी खण सि मुक्के, આ વાક્યનો ભાવાર્થ શું છે ?**

**જવાબ :** અરતિનો સામાન્ય અર્થ છે– મનની વ્યગ્રતા, વ્યાકુલતા, અસંતોષ વગેરે કોઈપણ સ્થિતિ, પરિસ્થિતિથી મનમાં શોક સંતપ્ત થઈ જવું, કોઈપણ કામમાં મન ન લાગવું, આનંદ અને પ્રસન્નતાના સ્થાને દુઃખ અને મ્લાનતામાં ડૂબી જવું; આ સર્વ અરતિ ભાવ છે. આ અરતિ ભાવનું અર્થાત્ ચિત્તની વ્યાકુળતાનું, જે સાધક જ્ઞાન સંસ્કારથી નિવારણ કરે છે, મનથી સ્વસ્થ થઈ જાય છે, તે પોતાના વાસ્તવિક અથવા માનેલા સમસ્ત દુઃખોથી એક વાર છૂટી તત્કાળ સુખી થઈ જાય છે.

વિશેષ અર્થ– આધ્યાત્મિક દષ્ટિથી જે સાધક સંયમના કષ્ટો પરિષહોથી પરાભૂત થઈને સંયમ મર્યાદામાં રહીને પણ મહા દુઃખાનુભુતિ કરે છે, તે જો સંયમમાં થતાં પોતાના અરતિ–અનાનંદ ભાવને દૂર કરી સંયમ-ભાવમાં રમણ કરે તો તેનાં તે સંયમ સંબંધી માનસિક સમસ્ત દુઃખ દૂર થઈ જાય છે.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે સંયમમાં રમણ કરનારાને સંયમ આચાર દેવલોકનાં સુખોની સમાન થઈ જાય છે અને સંયમમાં રમણ ન કરનારાને તે જ સંયમાચાર નરકનાં દુઃખોની સમાન પ્રતીત થાય છે. જો સાધકના અરતિ– અરમણતાના ભાવો દૂર થાય તો સમસ્ત માનસિક દુઃખ આનંદમાં પરિવર્તિત થઈ જાય છે. તેથી કર્મ સ્વરૂપનો અથવા તેના ઉદય વિપાકની વિચિત્રતાનો અને સંયમ ભાવોની મહાનતાનો વિચાર–વિવેક કરવો જોઈએ. સહનશીલતા અને દઢ મનોબળની સ્થિતિને માટે આત્માને જ્ઞાન વૈરાગ્યથી સંસ્કારિત કરવી જોઈએ. એ રીતે શુદ્ધ જ્ઞાન, ચિંતન, વિવેક, ધૈર્ય, સહનશીલતા આદિ ભાવોથી અરતિને દૂર કરવી જોઈએ. એમ કરતા સંયમી સાધક પોતાની સંયમ આરાધનામાં સફળ થઈ શકે છે અને સંસારી જીવો પણ કેટલાય દુઃખોથી, દુઃખાનુભવોથી(ટેન્શન)મુક્ત રહી શકે છે.

શ્રમણને આ અરતિ અવસ્થાથી સાવધાન રહેવા માટે પહેલેથી જ લોભ, લાલચ, ઈચ્છાઓને આધીન ન થવું જોઈએ બલ્કે હંમેશાં અલોભ ભાવનાથી

અને અપરિગ્રહ ભાવનાથી તે લોભ વગેરેને નિર્મૂળ કરતા રહેવું જોઈએ. કેમ કે આ લોભ–કામનાઓ, ઈચ્છાઓ આદિ પણ અરતિની સ્થિતિનું સર્જન કરવામાં નિમિત્તકારણ બને છે.

**પ્ર.૫ : સાંસારિક રુચિથી પ્રાણી કેટલા પ્રકારનાં લોકોનું પોષણ કરે છે ?**

**જવાબ :** પોતાના શરીરનું, જ્ઞાતિજન, મિત્ર, પશુ, દેવતા, રાજા, ચોર, અતિથિ (નવાગંતુક), કૃપણ(ભિખારી), શ્રમણ(સંન્યાસી) આદિનું પોષણ પોતાનું પક્ષબળ વધારવા માટે અથવા પાપ પ્રક્ષાલન(પાપ ધોવા) માટે અથવા તો અન્ય કોઈ પણ આશાઓ અને આકાંક્ષાઓથી અથવા તો ભયથી સાવદ્ય અનુષ્ઠાનો કરે છે. અન્ય પ્રકારે પોતાના પુત્ર, પુત્રી, ધાય, દાસ, દાસી, પુત્રવધુ, જ્ઞાતિજન, કર્મચારી, અતિથિ આદિના પ્રાતઃકાલીન નાસ્તા કે સાંજના ભોજન માટે, દેવા માટે, લેવા માટે ખાદ્ય સામગ્રીના સંગ્રહને માટે સાવદ્યાનુષ્ઠાન કરે છે.

**પ્ર.૬ : ગુસ્સા અને ઘમંડને ઘટાડવાનો શું ઉપાય છે ?**

**જવાબ :** ક્રોધ અને માન એક રીતે નહીં અનેક રીતે આત્મામાં ઉત્પન્ન થાય છે, તેને દૂર કરવાના ઉપાય પણ અનેક છે. છતાં અહીં એક ઉપાય બતાવ્યો છે.

ક્રોધની ઉત્પત્તિના મૂળમાં અધિકતર માન રહેલું હોય છે અને માનના મૂળમાં વિશેષ કરી ઉચ્ચગોત્રથી પ્રાપ્ત સુસંયોગ નિમિત્ત બને છે. તેથી સાધકે ચિંતન કરવું જોઈએ કે જીવ અનેકવાર જાતિ, કુલ, બલ, તપ, શ્રુત, ઐશ્વર્ય, રૂપ અને લાભ આદિ હીન અથવા ઉચ્ચ પ્રાપ્ત કરતો જ રહે છે. ઉચ્ચતા-હીનતાનું આ ચક્ર બધાં પ્રાણીઓમાં ચાલતું જ રહે છે. મારો આત્મા ક્યારેક અલ્પજ્ઞાની, અવિવેકી, હીન અવસ્થા યા નાસમજ, મૂર્ખતા, હોશિયારી અથવા ગરીબી, અમીરી, સુરૂપ, કુરૂપ આદિ પ્રાપ્ત કરે જ છે. માટે બીજાનો તિરસ્કાર કરવો, તેની કોઈપણ ભૂલ યા હીન દશા પર ગુસ્સો કરવો, પોતાની કોઈ પણ ગુણ સંપન્નતામાં અભિમાન કરવું, સમજદાર માટે યોગ્ય નથી, ઉપયુક્ત નથી.

તેને એમ વિચાર કરવો જોઈએ કે મારો આત્મા પણ કેટલીકવાર અંધત્વ, બહેરાશ, મુંગાપણું, એકાક્ષી, કુબડાપણું, અપંગ, વામન, શ્યામપણું, કાબર-ચિતરાપણું આદિ અનેક શરીરની હીન અવસ્થાઓ, હીન યોનિઓ, હીન ગતિઓ અર્થાત્ નરક નિગોદ આદિ ૮૪ લાખ યોનિઓમાં સુખ-દુઃખ ભોગવતા ભટકી રહેલ છે. આ પ્રકારે પોતાની અને બીજાઓની સર્વ અવસ્થાઓનો વિચાર કરીને પોતાની અંદર રહેલ માન-અભિમાનને નિર્મૂલ બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. વર્તમાનમાં સ્વયંના અનેક અવગુણ, ગુણહીનતા, અપુણ્ય આદિને પણ સન્મુખ રાખી ગુણોનું કે પુણ્ય આદિનું અભિમાન ન કરવું જોઈએ. આ પ્રકારે માનનિગ્રહ કરવાથી તત્જન્ય ક્રોધ સ્વતઃ શાંત થઈ જાય છે. આત્માના





લઘુતાના ચિંતનથી કે અહંકાર રહિત ભાવનાઓથી ક્રોધ ઉપશાંત થાય છે. તે જ રીતે બીજાની બધી અશુભ અવસ્થાઓની સાથે તેની શુભ અવસ્થાઓનું, અવગુણોની સાથે ગુણોનું ચિંતન કરવાથી માન કષાય મંદ થાય છે અને ગુસ્સો ઉત્પન્ન થતો નથી.

તત્પશ્ચાત્ અન્ય દષ્ટિકોણ બતાવવામાં આવેલ છે કે પોતાના ઘમંડ ગુસ્સાના પ્રતિફળથી જો કોઈને વાચિક યા કાયિક કંઈ પણ કષ્ટ આપવામાં આવે તો ત્યાં એ ચિંતન કરવું જોઈએ કે સર્વ પ્રાણીઓને દુઃખ અપ્રિય છે, મરવું અપ્રિય છે, સર્વ સુખ ઈચ્છે છે, જીવવું સર્વને પ્રિય છે. કટુ શબ્દ કે તિરસ્કારનાં વચનોને કોઈ પણ સાંભળવા ઈચ્છતા નથી. પરંતુ આ તમામ વ્યવહારોથી પ્રાણીઓને દુઃખાનુભવ થાય છે. તેથી કોઈના સુખનો નાશ કરવો ઉચિત નથી. તેનું પરિણામ આત્માને માટે પણ હિતકારી નથી. આ પ્રકારનાં ચિંતનથી પણ પોતાના ગુસ્સાને નિષ્ફળ કરવો જોઈએ.

**પ્ર.૭ : ધનની અસ્થિરતા અને વિનાશ કઈ રીતે થાય છે ?**

**જવાબ :** ધનના નાશની અનેક રીત છે, જેમ કે (૧) પાપથી સંચિત અથવા પુણ્યની પ્રબળતાથી ઉપલબ્ધ સંપત્તિ, ભાઈબંધુ, ભાગીદારોમાં વહેંચાઈ જાય છે અર્થાત્ તેઓ લઈ લે છે. (૨) ચોર લૂંટારા તેને લઈ જાય છે. (૩) રાજા–અધિકારીગણ લઈ લે છે. (૪) ઘરના સભ્યો સંપત્તિને ખર્ચી નાખે છે. ખર્ચ થઈ જાય, વ્યાપારમાં નુકસાન આવી જાય. (૫) પાણી, ધરતીકંપથી સંપૂર્ણ સંપત્તિનો નાશ થઈ જાય, દેવ લઈ જાય. (૬) અગ્નિના નિમિત્તે સંપૂર્ણ ઘર જ બળી જાય, ઈત્યાદિ પ્રકારે ભેગી કરેલી સંપત્તિ નષ્ટ થઈ શકે છે અને છેલ્લે મરણ પછી તો સંપૂર્ણ સંપત્તિ અહીં જ રહી જાય છે પરંતુ તેને મેળવવા માટે કરેલા પાપ અને તેનાથી સંચિત કર્મ સાથે જ જાય છે. તેને કોઈ લઈ જતા નથી. તે સંચિત કર્મ અનેક અવસ્થાઓ, કષ્ટોનો અનુભવ કરાવે છે.

માટે ધન સંગ્રહ કરનારાઓએ બિનજરૂરી ધન સંગ્રહમાં વિવેક અને અંકુશ રાખવો અત્યંત આવશ્યક છે. ધન આદિ મેળવવાની ઈચ્છા રૂપ લોભ અને પ્રાપ્તિના સંગ્રહરૂપ પરિગ્રહ સંજ્ઞાને સીમિત કરવી જોઈએ.

**પ્ર.૮ : उद्देसो पासगस्स णत्थि આ વાક્યનો શું આશય છે ?**

**જવાબ :** ત્રીજા ઉદ્દેશાના આ વાક્યની પૂર્વે જે કથન કરેલ છે તેનાથી સંબંધિત આ વાક્ય છે. તેનો પૂર્ણ વિષયક્રમ આ પ્રકારે છે–

જે સંયમ ગ્રહણ કર્યા પછી તેના પાલનમાં સ્થિર રહેતા નથી, સંયમ વિપરીત સંયોગ પ્રાપ્ત થતાં શિથિલતાનો સ્વીકાર કરી લે છે, સ્વીકાર કરતા જ જાય છે, એવા સાધક (૧) સંસાર પ્રવાહને તર્યા નથી અને એવી વૃત્તિથી

તરી શકશે નહિ (૨) સંસારના કિનારે પહોંચ્યા નથી અને આ દશામાં કિનારે પહોંચશે પણ નહિ (૩) તે શિથિલ માનસના સાધક સંસારનો પાર પામ્યા નથી અને એ રીતે પાર પામશે પણ નહીં.

આ સર્વ કથન અને નિર્દેશ પાસગસ્સ જ્ઞાનિઓને માટે સમ્યગ્દ્રષ્ટાઓ માટે, આત્મદષ્ટિવાળાઓ માટે, વિવેકીઓ માટે અથવા સંયમનું લક્ષ રાખનારા સાવધાન સાધકો માટે નથી. તે સાવધાન અને સંયમમાં સ્થિર સાધક તો પાર પહોંચેલા જ છે અને પાર પામનાર જ છે.

**પ્ર.૯ : શું પ્રાચીનકાળમાં અર્થાત્ આગમકાળમાં સવારના નાસ્તા આદિનું પ્રચલન હતું ?**

**જવાબ :** આ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં આહારના સંગ્રહ કરવાના પ્રસંગમાં બે શબ્દોનો પ્રયોગ છે– **पायरासाए, सामासाए** । એનો અર્થ છે સવારના ખાદ્ય પદાર્થ અને સંધ્યાકાળના ખાદ્ય પદાર્થ. તેનાથી જાણી શકાય છે કે તે જમાનામાં બધા એક જ વાર આહાર કરતા ન હતા. ચોથા આરાનો અંતિમ અને પાંચમા આરાનો પ્રારંભકાળ હોવાથી એકથી વધારેવાર આહારની ઈચ્છા થવાનું સમજી લેવું જોઈએ.

**પ્ર.૧૦ : સાધુના આહાર અને ગોચરીના સંબંધમાં શું વિવેક હોવો જોઈએ ?**

**જવાબ :** પાંચમા ઉદ્દેશકમાં આ વિષે વિવિધ નિર્દેશ છે– (૧) સાધુ આહારના ઉત્પાદનની કોઈ પણ સાવદ્ય પ્રવૃત્તિ સ્વયં કરે નહીં અને કરાવે નહીં. (૨) ઉદ્‌ગમ અને ઉત્પાદનના દોષોથી યુક્ત આહાર આમ દોષવાળો(કાચું= મૂળમાં જ દોષિત) છે અને એષણા દોષવાળો આહાર ગંધ દોષવાળો(મૂળ ચીજ ઠીક છે, ઉપરના દોષવાળો)છે. એવા આમગંધ દોષ રહિત અર્થાત્ નિરામગંધ આહાર ગ્રહણ કરે. (૩) ક્રય-વિક્રયથી પણ દૂર રહે, તેની અનુમોદના કે પ્રેરણા ન કરે. (૪) ગોચરી જનારા ભિક્ષુ સંયમપર્યાય, જ્ઞાન, અનુભવ અને અભ્યાસથી યુક્ત હોવા જોઈએ. જેના માટે શાસ્ત્રમાં **આઠ ગુણ** કહ્યા છે–

૧. **कालण्णे**= ઠંડી-ગરમી વગેરે કાળ સંબંધી ગોચરીના અનેકવિધ વિવેકજ્ઞાનવાળા ૨. **बलण्णे**= પોતાના સામર્થ્યના વિવેકથી કાર્ય કરનારા ૩. **मायण्णे**= આહારની માત્રાને સમજનારા. પોતાના અને સહવર્તી શ્રમણના અનેકવિધ પદાર્થોની અપેક્ષાએ આહાર–ભોજનનો અનુભવ ધરાવનારા. ગૃહસ્થના ઘરની સ્થિતિ અનુસાર આહાર ગ્રહણ કરવાની માત્રાનો વિવેક રાખનારા ૪. **खेयण्णे**= બીજાનાં દુઃખ, સામર્થ્ય આદિને જાણનારા અથવા ક્ષેત્ર સંબંધી સમસ્ત વિવેકજ્ઞાનવાળા.૫. **खणयण्णे**= અવસર કે પરિસ્થિતિ





અનુસાર પોતાનો, અન્યનો, ક્ષેત્રકાલનો, શ્રદ્ધાળુ અને અશ્રદ્ધાળુ લોકોનો સર્વ પ્રકારે વિવેક રાખીને કુશલતાપૂર્વક ગોચરી કરનારા. ૬. **विणयण्णे**= જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સંયમ પાલન કરનાર, ગવેષણા રૂચિવાળા, વિનય સંપન્ન, સાધુઓની સાથે અને ગૃહસ્થોની સાથે નમ્રતાયુક્ત અને કુશલતાપૂર્વક વ્યવહાર કરનારા. ૭. **समयण्णे**= સિદ્ધાંતમાં પ્રવીણ, સમસ્ત શાસ્ત્રોના જ્ઞાતા, કોઈ પણ પરિસ્થિતિમાં શાસ્ત્રાનુસાર પોતે નિર્ણય લઈ શકનાર. ક્યાંક **ससमयण्णे, परसमयण्णे** એવા બે શબ્દ પણ મળે છે. તેથી **परसमय**=અન્ય મતના સિદ્ધાંતોનો પણ અનુભવ ધરાવનારા ૮. **भावण्णे**= બીજાના ભાવોને સમજવામાં કુશળ અથવા પોતાનાં ભાવોની શુદ્ધિને રાખનારા. આ આઠ ગુણસંપન્ન સાધુ ગોચરી જવા માટે યોગ્ય હોય છે.

(૫) અધિક આહાર પ્રાપ્ત થવા છતાં પણ માત્રાથી જ, પ્રમાણથી જ ગ્રહણ કરે. આહારમાં કે વસ્ત્રાદિમાં પરિગ્રહવૃત્તિ ન કરે. (૬) ગોચરીના સમયે જ ગોચરી જાય. (૭) કોઈ પણ પદાર્થ કે વ્યક્તિ આદિનો પ્રતિબંધ ન રાખે, એકાંત આગ્રહ ન રાખે કે જેનાથી પોતાને કે બીજાને હેરાન-પરેશાન થવું પડે. (૮) આહાર લાવવા અને વાપરવામાં રાગ અને દ્વેષના વિચારો ન કરે. (૯) અધિક અને મનોજ્ઞ પદાર્થોની સુલભતાનો ઘમંડ પણ ન કરે. (૧૦) અંતરાય થવાથી ખેદ પણ ન કરે. (૧૧) કોઈ આપે કે ન આપે તો નારાજ ન થાય. કોઈ કંજુસાઈથી થોડું આપે તો પણ સમભાવ રાખે. (૧૨) ઘેરથી નીકળી જવાનું કહી દે તો પણ શાંતિથી વિવેકપૂર્વક નીકળી જાય. (૧૪) પરિગ્રહવૃત્તિ ન કરે અને અનુપયોગી, બિનજરૂરી અધિક પદાર્થ, આહાર યા વસ્ત્ર આદિ કોઈ પણ ચીજ ગ્રહણ ન કરે, તેનો ત્યાગ કરે, આહારના સંબંધમાં મૂર્છા કે મમત્વનો ભાવ રાખે નહીં અને તત્સંબંધી કોઈ પણ પ્રકારના કર્મબંધ કરે નહીં.

**પ્ર.૧૧ : સાધુનું ઉત્થાન અને પતન કઈ રીતે થાય છે ?**

**જવાબ :** સુખની લાલસાઓ વધવાથી અથવા દુઃખથી ગભરાઈ જવાથી, વ્યાકુળ થઈ જવાથી, સાધુનું સાધ્વાચારથી પતન થાય છે અને પોતાના અપ્રમત્ત ભાવોથી અર્થાત્ વૈરાગ્ય અને જ્ઞાનની જાગૃતિ રાખવાથી ફરી ઉત્થાન થઈ શકે છે. પતનને અભિમુખ બનેલો સાધક પહેલાં એક મહાવ્રતને દૂષિત કરે છે. પછી રાત્રિ ભોજન સહિત છ વ્રતોમાંથી અન્ય કોઈ વ્રતમાં વિપરીત આચરણ કરવા માટે તત્પર થઈ જાય છે અર્થાત્ એક દોષનો પ્રારંભ થતાં ધીરે ધીરે અનેક દોષ પ્રવેશ થવા લાગે છે. મોહ કર્મોદયના તીવ્ર ઉદયના કારણે અને તેને નિષ્ફળ ન કરવાથી સાધકની એવી દશાઓ થાય છે. પરંતુ જ્યારે મોહ કર્મ ઉપશાંત થાય કે તેનો ઉદયમંદ થાય અથવા અન્ય કોઈ પુરુષાર્થથી

મોહનીયકર્મના ક્ષય કે ક્ષયોપશમમાં વૃદ્ધિ થાય તો સાધક પુનઃ અપ્રમત્ત ભાવોમાં સ્થિત થાય છે.

અહીં છ વ્રતના સ્થાને છ કાયને લક્ષમાં રાખીને અર્થઘટન કરવામાં આવે છે. તે અનુસાર સાધક પ્રારંભમાં કોઈ એક કાયની વિરાધના કરે, પછી ધીરે ધીરે ક્રમશઃ છ માંથી કોઈની પણ વિરાધના કરવામાં તત્પર થઈ જાય છે.

અહીં સૂત્રનો અર્થ બલાત્ એકાંતરૂપે કરવામાં આવે છે, પરંતુ તેમ કરવું યોગ્ય નથી. જેમ કે– એક વ્રત દૂષિત કરનારા નિયમતઃ બધાં વ્રત દૂષિત કરે છે. એક કાયની વિરાધના કરનારા નિયમતઃ બધી કાયની વિરાધના કરે છે, આ અર્થ સમજ ભ્રમના કારણે ચાલ્યો આવે છે. સૂત્રના સાચો અર્થભાવ ઉપર બતાવેલ છે.

**પ્ર.૧૨ : સાંસારિક પ્રાણીઓને મોહ મમત્વ ત્યાગવાનો ઉપદેશ અપાય છે પરંતુ સાધુ-સાધ્વી પણ મમત્વ કરતા રહે છે, મારા શિષ્ય, શિષ્યા, શ્રાવક, મારું ગામ, મારું ઘર આદિ કહીને મમત્વ કરતા હોય છે. તેમના માટે શાસ્ત્રમાં શું ઉપદેશ છે ?**

**જવાબ :** સાધુને મમત્વ કે મમત્વની બુદ્ધિ–પ્રકૃતિ રાખવાનો સૂત્રમાં નિષેધ કર્યો છે અને કહ્યું છે કે તે જ મુનિ સંયમ માર્ગને સમજ્યા છે કે જેને ક્યાં ય મમત્વ ભાવ નથી. આ જાણીને, સમજીને બુદ્ધિમાન સાધક લોકવૃત્તિ અને લોક-સંજ્ઞા અર્થાત્ સંસાર પ્રવાહરૂપ મમતા મૂર્છાભાવનો ત્યાગ કરતાં સંયમમાં પુરુષાર્થ કરે. તેનો આગમ પાઠ આ પ્રમાણે છે– **जे ममाइय मइ  जहाइ से जहइ ममाइय  । से हु दिट्ठपहे मुणी, जस्स णत्थि ममाइय  । त परिण्णाय मेहावी, विदित्ता लोग , व ता लोगसण्ण से, मइम परक्कमेज्जासि ।**

માટે સાધુને શિષ્ય શિષ્યાનો કે શ્રાવક સમાજનો ત્યાગ કરવાનો નથી પરંતુ તેમના પ્રતિ મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો જરૂરી છે. કેમ કે મમતા મૂર્છા જ પરિગ્રહ છે. તે સિવાય સાધુને રતિ અરતિરૂપ મનની ચંચળતાનો ત્યાગ કરવો પણ જરૂરી છે. સાધક પોતાના જીવનમાં અંશમાત્ર પણ રતિ અરતિ સહન ન કરે અર્થાત્ રતિભાવ અને અરતિભાવ બંનેને રહેવા દેવા નહીં. મનને પૂર્ણ સ્થિર, તટસ્થ, સમભાવમાં રાખે. મનોજ્ઞ અમનોજ્ઞ શબ્દાદિ પાંચે વિષયોનાં સંયોગમાં સહનશીલ બને. ઐહિક પુદ્ગલ સંયોગોમાં આનંદ અને ખેદ બંનેથી દૂર રહે.

આ રીતે મુનિ મમતા મૂર્છા કરે નહીં, મમત્વ બુદ્ધિ પણ ન રાખે, મનની ચંચળતાને પણ ઓછી કરે તથા પૌદ્ગલિક આનંદ અને દુઃખ બંનેમાં





તટસ્થ રહે, ક્યાં ય આસક્ત ન બને પરંતુ સર્વ પ્રકારે, સર્વ સંયોગો, સર્વ અવસ્થાઓમાં કર્મ ક્ષય કરવામાં તલ્લીન રહે. એમ પણ કહ્યું છે કે તે આહારમાં પણ મમત્વભાવ ન રાખતાં ત્યાગભાવ રાખે. સારા-સારા મનોજ્ઞ ખાદ્ય પદાર્થોનો ત્યાગ કરી, રૂક્ષ ભોજનમાં સંતુષ્ટ રહે.

અંતે ઉપસંહાર કરતાં કહ્યું છે કે ઉક્ત મમત્વ, મમત્વબુદ્ધિ, રતિ-અરતિ ભાવ, પુદ્ગલ આનંદ, ઈહલૌકિક આનંદ અને આહારનો આનંદ એ બધી વૃત્તિઓનો ત્યાગ કરનાર મુનિ સંસાર પ્રવાહને પાર કરી શકે છે અથવા પાર કરેલ છે, મુક્ત થયેલ છે. તે જ વાસ્તવમાં વિરત છે અને વિરતિભાવમાં સ્થિર છે. આ પ્રમાણે મુનિ જીવનમાં મમત્વ અને મમત્વબુદ્ધિ તથા સૂક્ષ્મતમ મમત્વ-રૂપ રતિ-અરતિ, મનની ચંચળતા, વ્યગ્રતા, આસક્તિ વગેરેના ત્યાગનો મુખ્ય ઉપદેશ છે, જે છઠ્ઠા ઉદ્દેશાના પ્રારંભના સૂત્રમાં છે.

**પ્ર.૧૩ : પ્રવચનના વિષયમાં મુનિએ શું વિવેક રાખવો જોઈએ ?**

**જવાબ :** ઉપદેશ આપવામાં સ્વાર્થભાવ અને સંકીર્ણભાવ ન હોવો જોઈએ. ઉપદેશ સાંભળવાના ઈચ્છુક વ્યક્તિઓ ગરીબ અમીર કોઈ પણ હોય, મુનિ ઉપદેશ આપવામાં ભેદભાવ ન રાખે, રુચિપૂર્વક હાર્દિક લગનથી ઉપદેશ આપે. એકને હર્ષથી, એકને દુર્મનથી સંભળાવે, એવું ન કરે.

ઉપદેશના વિષયનો નિર્ણય અને તેનું વિવેચન વિવેકબુદ્ધિથી કરે, શ્રોતાને વિરોધભાવ ઉત્પન્ન થાય તે રીતે, અવિવેકથી ઉપદેશ આપવો શ્રેયસ્કર નથી. પરિષદની કે શ્રોતાની માનસ દશા કે વિચારણાનો ખ્યાલ રાખી, તેનું હિત કેમ થાય, તે કોઈ પણ રીતે કર્મ બંધથી, આશ્રવથી મુક્ત થાય, તે રીતે વિચારપૂર્વક, વિવેકપૂર્વક ઉપદેશ આપવો જોઈએ.

તે જ સાધક બધી અપેક્ષાઓએ, સર્વ પ્રકારની બુદ્ધિમત્તાથી અને વિચક્ષણતાથી પ્રવર્તન કરનાર છે, જે ક્યાં ય પણ પાપથી લિપ્ત થતો નથી, કર્મબંધનમાં જોડાતો નથી અને અન્યને પણ કર્મબંધનમાં જોડાવતો નથી; જે કર્મબંધનથી મુક્ત થવાની અન્વેષણા કરે છે અર્થાત્ કર્મબંધનથી પોતે પણ અલગ રહે, બીજાને પણ કર્મ બંધનથી દૂર કરવામાં પ્રયત્નશીલ રહે, તે જ સંયમનો, મોક્ષમાર્ગનો કુશળ જ્ઞાતા છે. એ પ્રકારે અહીં મુનિના ઉપદેશનું વિવેકજ્ઞાન બતાવવામાં આવેલ છે.

**પ્ર.૧૪ : સામાન્ય રીતે મુનિ કયા વિષયો પર ઉપદેશ આપે કે જેથી કોઈને પણ વિરોધભાવ ન થાય અને શ્રોતાઓનું હિત થાય ?**

**જવાબ :** આ વિષયનું કથન છઠ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં કર્યું છે. તે આ પ્રમાણે છે– ધર્મિષ્ઠ યા ધર્મથી અનભિજ્ઞ(અજાણ) કોઈ પણ વ્યક્તિ ધર્મ

શ્રવણની ભાવનાથી ઉપસ્થિત થાય તો તેને મુનિ (૧) **स तिं**= સમભાવ, ક્ષમાભાવ અથવા જીવાદિ તત્ત્વોનાં અસ્તિત્વભાવનો, ધર્મ, અધર્મ, પાપના સ્વરૂપનો (૨) **विरतिं**= હિંસા, અસત્ય આદિ પાપ ત્યાગ અને વ્રત નિયમોના વિશ્લેષણનો (૩) ઉપશાંતિ= કષાય ત્યાગનો (૪) મોક્ષ પ્રેરક= સંસારથી મુક્તિ-દાયક વિષયોનો (૫) **सोय**= ભાવોની પવિત્રતાનો (૬) સરલતા= નિષ્કપટતાનો (૭) લઘુતા= નમ્રતા, વિનયભાવ, અપરિગ્રહ ભાવનો (૮) અહિંસા, સત્ય આદિ વિષયોનો અથવા દઢતાપૂર્વક દોષ રહિત વ્રત પાલનનો ઉપદેશ આપે. ઉપરોક્ત વિષયો પર પ્રસંગાનુસાર વિવેકપૂર્વક કથન કરે, બોલવામાં પોતાને પરેશાની ન થાય અને સામેવાળા શ્રોતાજનનો કોઈ પણ પ્રકારે તિરસ્કાર, અવહેલના ન થાય, અન્ય પણ કોઈ પ્રાણીને દુઃખદાયક ન થાય એવું વક્તવ્ય યા પ્રવચન સાધુ કરે. સંપૂર્ણ અનાસાતનાત્મક અર્થાત્ સર્વ જીવોને સુખકારી, સંસારથી તારનાર અને કર્મબંધથી મુક્ત કરાવનાર ઉપદેશ આપે.

કોઈ પ્રકારના રાગદ્વેષની ભાવનાથી, હૃદયની કલુષિતતાથી, કટુતાથી, કોઈને દુઃખકારી ઉપદેશ ન કરે. ઉપદેશકનું હૃદય ઉપદેશના સમયે પૂર્ણ પવિત્ર, શાંત, હિતકારી અને સહજભાવથી યુક્ત હોવું જોઈએ.

**પ્ર.૧૫ : આ અધ્યયનમાં કઠિન શબ્દ અને વાક્ય કયા છે અને તેનો સરળ અર્થ શું છે તથા સંગ્રહણીય ઉપદેશ વાક્ય કયા છે ?**

**જવાબ :** કઠિન શબ્દ અને વાક્ય તથા તેના અર્થ આ પ્રકારે છે– **गुणे**= શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શરૂપ પુદ્ગલનાં ગુણો, ઈન્દ્રિયોના વિષયો. **अहोविहाराए**= સંયમ વિહાર, સંયમચર્ચા, સંસારી વૃત્તિવાળાઓને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારી ચર્યા, જેમ કે– લોચ, જીવનભર પદયાત્રા, અસ્નાન, ભિક્ષાવૃત્તિ, બ્રહ્મચર્યવાસ, અસંગ્રહવૃત્તિ, રાત્રિભોજન ત્યાગ, ભૂમિશયન, અલ્પ ઉપધિ, તપસ્યા, પાણી, અગ્નિ, વનસ્પતિનો સ્પર્શ પણ ન કરવો, પવન ન નાંખવો, ગોચરીના અનેક નિયમ આદિ. **णो हव्वाए णो पाराए**= ન અહીંનો ન ત્યાંનો, ન ઘરનો ન ઘાટનો, ન સંસારનો ન સંયમનો, ક્યાંયનો પણ નહીં. દ્રવ્યથી ગૃહસ્થ નહીં, ભાવથી સાધુ નહીં. સંયમ લઈને જે અસ્થિર ચિત્ત થઈને જિનાજ્ઞા બહાર થઈ જાય છે, પરિગ્રહ અને ભોગોની ઈચ્છા તથા તેના સંગ્રહણમાં દત્તચિત્ત બનીને વારંવાર મોહમાં ફસાઈ જાય છે, તે સાધકોની ત્રિશંકુ જેવી સ્થિતિ ઉક્ત સૂત્ર દ્વારા બતાવી છે.

**णो पीहए**= ઈચ્છા(સ્પૃહા) ન કરે. જ્યારે કોઈ ઉચ્ચ-નિમ્ન, હીન કે અધિક નથી. સર્વ આત્માઓની અવસ્થાઓ પલટાતી રહે છે. માટે ઊંચ-નીચની દૃષ્ટિ અથવા એવું લક્ષ્ય અથવા એવી સ્પૃહા ન રાખે.





ગોત્ર સંબંધી સંકલ્પ વિકલ્પોથી દૂર થઈને તટસ્થ આત્મ દૃષ્ટિથી બધાને જૂએ. જેથી ગોત્રવૃત્તિ, માનવૃત્તિની માનસ દશાનો નાશ થાય અને તે સંબંધી ગૃદ્ધિ, આસક્તિ સમૂળ નષ્ટ થઈ જાય.

**तम्हा प डिए णो हरिसे णो कुज्झे**= તેથી જ્ઞાની પુરુષ ઉચ્ચગોત્ર પામીને હર્ષિત ન થાય, તેનો ગર્વ ન કરે અને નીચગોત્ર કર્મની સામગ્રી જાતિ, કુળ, બળ, રૂપ વગેરે હીન પામીને દુઃખી પણ ન થાય. **णो कुज्झे**= મનમાં ને મનમાં દુઃખી ન થાય.

**माय हु लाल पच्चासी**= લાળને પાછી ગ્રહણ ન કરે અર્થાત્ વમન કરીને ફરી ન ચાટે. તાત્પર્ય એ છે કે સંસાર ત્યાગ કરી સંયમ ગ્રહણ કર્યા પછી મુનિ ક્યારે ય સંસારની ઈચ્છા ન કરે, **मा तेसु तिरिच्छ-मप्पाण-मावायए**= અને સંયમમાં રહેવા છતાં પણ સંયમથી, **तिरिच्छ= तिर्यक् आत्मान न आपातयेत्।** તિર્યક એટલે સંયમથી વિપરીત આચરણમાં પોતાના આત્માને ન જોડે, **णाल पास**= ભોગોને પોતાને યોગ્ય ન સમજે. તે પોતાને માટે અપર્યાપ્ત છે કે અયોગ્ય છે, તેમ સમજે, **अल तव एएहिं** માટે તેનાથી તમારે દૂર જ રહેવું જોઈએ અર્થાત્ મરણ નિશ્ચિત છે, શરીર નાશવંત છે અને એ વિષયો આત્મ ઉન્નત્તિમાં, વિકાસમાં યોગ્ય નથી માટે તેનાથી દૂર રહેવું યોગ્ય છે.

**कास कासे खलु अय पुरिसे**= આ સંસારના લોકો કરવું-કરવું જ કરતા રહે છે, આ કર્યું આ કરવું છે, એવી શૃંખલામાં તલ્લીન રહે છે, **कडेण मूढे, पुणो त करेइ, वेर वड्ढइ अप्पणो**= કરવામાં જ મૂઢ, બેભાન, તલ્લીન રહે છે. વારંવાર કરવા-કરવામાં જ સંલગ્ન તે વ્યક્તિ આત્મામાં અનેક પ્રકારનાં વેર કે કર્મોના સંગ્રહની વૃદ્ધિ કરતા રહે છે.

**अमरायए महासड्ढी**= પોતાને અમર સમજીને ચાલે છે, મરવાનું યાદ કરતા જ નથી પરંતુ મારે મરવું નથી, એવી મનમાં મહાશ્રદ્ધા કરતાં તે જીવવાના મહાન વિશ્વાસની સાથે ઐહિક કર્તવ્યોમાં તલ્લીન રહે છે. મરવા અને પરલોકના કર્તવ્યથી દૂર જ રહે છે. **अपरिण्णाए क दइ**= પરંતુ અચાનક મૃત્યુ આવી જવાથી તે અપરિજ્ઞાતા= અજ્ઞાની વિલાપ કરે છે,

**जस्स वि य ण करेइ अल बालस्स स गेण**= આ સાવદ્ય ચિકિત્સા સંબંધી પ્રસંગ છે. એવી પાપ ચિકિત્સા કોઈ વ્યક્તિ કોઈની પણ કરે તો તે બાલ અજ્ઞાનીની સંગતિ પણ ન કરવી, **जे वा से कारेइ, बाले**= બીજા જે કોઈ તેની પાસેથી પાપ ચિકિત્સા કરાવે છે, તે પણ બાલ છે, અજ્ઞાની છે, **ण एवं अणगारस्स जायइ**= મુનિને આ કાંઈ પણ હોતું નથી અર્થાત્ મુનિને આવી સાવદ્ય ચિકિત્સા કરવી, કરાવવી કંઈ પણ હોતું નથી. તાત્પર્ય એ છે કે એવી

પાપ ચિકિત્સાઓથી મુનિએ પૂર્ણ રીતે દૂર જ રહેવું જોઈએ. એવા કર્તવ્ય કરનારાઓની સંગતિ પણ ન કરવી જોઈએ.

અહીં પાપ ચિકિત્સામાં હિંસાકારી ચિકિત્સા યા કામ ચિકિત્સાનો સમાવેશ પણ સમજાઈ જાય છે. મુનિ એવી કોઈ પ્રકારની મેલી વિદ્યા યા ચિકિત્સામાં ન પડે.

**दुव्वसु मुणी अणाणाए**= જે મુનિ ભગવાનની આજ્ઞામાં કે આજ્ઞાનુસાર સંયમમાં રહેતા નથી તે, દુવ્વસુ=કુસાધુ છે. વસુનો અર્થ છે– સંયમ ધનવાન મુનિ, **तुच्छए गिलाइ वत्तए** = નાની નાની પરિસ્થિતિમાં, સામાન્ય જેવી સ્થિતિમાં સંયમમાં સુસ્ત થઈ જાય છે. નજીવા કષ્ટમાં જ ગભરાઈ જાય છે, તે કુસાધુ છે.

**कुसले पुण णो बद्धे णो मुक्के** = કુશલ વિચક્ષણ સાધક સંસારમાં ક્યાં ય બંધાતો નથી કે ક્યાં ય પણ ફસાતો નથી. **णो मुक्के**=ક્યારે પણ પોતાના ગ્રહણ કરેલા સંયમને, સંયમની વિધિઓને છોડતો નથી. કોઈની વાગ્જાળમાં ફસાઈને અથવા મોહમાં ફસાઈને સંયમને છોડતો નથી, **से ज च आरभे, ज च णारभे**= તે સાવધાન સાધક જે આચરણ કરવા યોગ્ય છે તેનું જ આચરણ કરે છે, **ज च णारभे**= જે આચરણ કરવા યોગ્ય નથી તેનું આચરણ કરતા નથી, **अणारद्ध च णारभे**= શાસ્ત્રમાં જેની આજ્ઞા નથી અથવા જેની મનાઈ છે, એવા કાર્ય ક્યારે ય પણ કરતા નથી.

**छण छण परिण्णाय लोग सण्ण च सव्वसो**= અહીં **परिण्णाय** શબ્દ વચ્ચે છે. જેનો અર્થ એ છે કે જાણીને, સમજીને ત્યાગ કરી દે. શું શું ત્યાગ કરે (૧) **छण छण** = જે જે પાપ કાર્ય છે (૨) **लोग सण्ण**= લોકપ્રવાહ, સંસારી રુચિઓ, **सव्वसो**= એ બધાનું અર્થાત્ મુનિ બધાં પાપ કર્તવ્યોને અને સંસારી રુચિઓ કે પ્રવાહોથી થતી પ્રવૃત્તિઓને જાણીને અને સંયમી સાધક માટે અયોગ્ય સમજીને તે સર્વેયનો ત્યાગ કરે.

અહીં કર્તવ્ય અકર્તવ્યનો નિર્ણય કર્યો છે કે જે પણ પાપ પ્રવૃત્તિ અને સંસારી માનસથી થનારી પ્રવૃત્તિઓ છે, તેનો ત્યાગ કરવો જોઈએ. તે બધી જિનાજ્ઞામાં નિષિદ્ધ છે, એમ સમજે. એ બધી પ્રવૃત્તિઓ **अनारद्ध** શબ્દથી કહેલ છે. **अ तर च खलु इम स पेहाए**= અંતર=છિદ્ર=અવસર=તક, સંસાર પાર કરવામાં આ મનુષ્યભવ જ નિશ્ચય છિદ્ર છે, અવસર છે, તક છે, એવું જાણીને વિચાર કરે.

**खण जाणाहि प डिए**= પંડિત=સમજદાર વિવેકી આત્મા, ક્ષણ=સમય= અવસરને જાણી લે, સમજી લે કે આ ધર્મ કરવાનો અવસર છે અથવા સમયને





જાણી સમજીને, તેનો આત્માર્થે ઉપયોગ કરી લે. સમયને જાણનારા એટલે સમયનો યોગ્ય ઉપયોગ કરનારા. **अणाणाए पुट्ठा वि**= આજ્ઞા વિપરીત= સંયમ વિપરીત આચરણનો સંયોગ મળતાં જ, સામાન્ય પરિસ્થિતિ અથવા આંશિક પ્રેરણા મળતાં જ, **एगे णियट्ट ति**= કોઈ નબળા સાધક સંયમથી હટી જાય છે, એવા સાધક વાસ્તવમાં બાલ છે, અજ્ઞાની છે અને મોહથી ઘેરાયેલ છે અર્થાત્ મોહ કર્મના પ્રબળ ઉદયમાં દબાઈ રહ્યા છે.

**સંગ્રહણીય** ઉપદેશ વાક્ય આ પ્રમાણે છે– **आस च छ द च विगिंच धीरे**= બુદ્ધિમાન પુરુષો આશાઓ, અપેક્ષાઓ અને સ્વચ્છંદતાને(સ્વેચ્છાચાર વૃત્તિને) છોડી દે. વૃદ્ધિ પામતી તૃષ્ણા ઈચ્છા યા અપેક્ષા, આશા વગેરે દુઃખનાં મૂળ છે, દુઃખનાં કારણ છે. સ્વચ્છંદતા= વડીલો કે જિનાજ્ઞાઓને ન સમજતાં, ન માનતાં ઈચ્છા પ્રમાણે વર્તન કરવું તે સ્વછંદતા છે. એ પણ દુઃખસર્જક છે, માટે તેને છોડનારા સુખી થાય છે. **तुम चेव त सल्ल आहट्टु**= આ(ઉપર કહેલ) બંને શલ્ય સ્વયં આત્મા જ વધારે છે, એટલા માટે અહીં કહ્યું છે કે આ બંનેને તમે જ ગ્રહણ કરેલ છે. તું જ તેને દૂર કર, કાઢી નાંખ.

**जेण सिया तेण णो सिया**= ક્યારેક કોઈથી ઈચ્છા કે આશાની પૂર્તિ થાય અને તેનાથી જ ક્યારેક ન થાય. સ્વૈચ્છિક કૃત્યોથી પણ કેટલીય વાર અસફળતા જ પ્રાપ્ત થાય છે અને એવા સમયે જીવનને સંકલ્પ વિકલ્પોથી અત્યધિક દુઃખી થવું પડે છે. માટે સાધક પહેલેથી જ આશાઓને વશ ન રહે, આશાઓને ન વધારે, આગમ આજ્ઞાને આગળ રાખીને ચાલે, સ્વચ્છંદતાથી ન ચાલે.

**थीभि लोए पव्वहिए, ते भो ! वय ति एयाइ आयतणाइ । से दुक्खाए मोहाए, माराए, णरगाए, णरग-तिरिक्खाए, सयय मूढे धम्म णाभिजाणइ ।**

આ સંસારનાં કેટલાંક પ્રાણી સ્ત્રીઓમાં જ લીન રહે છે અને તે તેને જ સુખનો ભંડાર કહે છે, માને છે, સમજે છે, પરંતુ તેને માન્ય તે સ્ત્રી સુખ અને તેની આસક્તિ, અજ્ઞાનતા થોડા સમય પછી જ દુઃખરૂપ પરિણામ દેનાર છે. તેનાથી મોહકર્મની વૃદ્ધિ થાય છે. આ ભોગાસક્તિ અને તેને જ સુખ માનવાની બુદ્ધિ સંસારી પ્રાણીઓની અજ્ઞાનદશા છે. તે ક્ષણ માત્રનું સુખ તેને દુઃખ, મોહ, જન્મમરણ, નરક તિર્યંચનાં દુઃખોને પ્રાપ્ત કરાવનાર છે. છતાં તે ભોગમાં જ આનંદ માનનારા વ્યક્તિ નિરંતર અજ્ઞાન દશામાં જ રહે છે. દીર્ઘકાળ પર્યંત તે ધર્મના સ્વરૂપને સમજી શકતા નથી. **कामा दुरतिकम्मा, जीविय दुप्पडिवूहण** = કામભોગોને ત્યાગવા પણ બહુ દુષ્કર છે અને તેનો સ્વીકાર કરે તો ગૃહસ્થ

જીવનનો નિર્વાહ કરવો પણ બહુ મુશ્કેલ છે. તેથી **कामकामी खलु अय  पुरिसे सोयइ**= ભોગોને માટે લોલુપ થનાર તે સંસારી પ્રાણી આગળ પાછળ ગમે ત્યારે શોક, દુઃખ, સંતાપ, આર્તધ્યાનમાં મગ્ન બની પાછળથી પશ્ચાત્તાપ કરે છે.

**एस वीरे पस सिए जे ण णिविज्जइ आदाणाए**= જે સંયમ વિધિઓથી ક્યારે ય થાકતા નથી, પાછળ હટતા નથી, ઉત્સાહપૂર્વક આગળ વધતા જ રહે છે; તે જ વીર પ્રશંસનીય છે. **एस वीरे पस सिए जे बद्धे पडिमोयए**= જે પોતાનાં કર્મ બંધનોને દૂર કરે છે અથવા બીજાને કર્મબંધથી યા સંસાર બંધનથી છોડાવે છે, તે વીર છે અને પ્રશંસનીય છે.

**समुट्ठिए अणगारे आरिए, आरियपण्णे, आरियद सी अय  स धित्ति अदक्खू**= સંયમમાં ઉપસ્થિત સમ્યક પ્રકારે સ્થિત અણગાર જ વાસ્તવમાં આર્ય–શ્રેષ્ઠ આચરણવાળા છે. તેમાં જ તેની બુદ્ધિ કેન્દ્રિત છે. તે શ્રેષ્ઠ આચરણમાં જ તેની દષ્ટિ છે અથવા તે જ આર્યપણાને સમજેલ છે અને તેણે મનુષ્યભવરૂપી સંયમ પ્રાપ્તિના સુઅવસરને સારી રીતે જાણ્યો, સમજ્યો છે. **एस वीरे पस सिए, अच्चेइ लोग स जोग   ।** = જે સંસારી સંયોગોને, સંસારી ઢચિને વધારનારા પ્રસંગોને પાર કરી જાય છે, તેમાં ફસાતા નથી, તે પ્રશંસનીય છે.

**जे अणण्णद सी से अणण्णारामे, जे अणण्णारामे से अणण्णद सी**= જે પરદષ્ટિ રાખતા નથી, બીજાને જોવામાં અર્થાત્ તેનાં અવગુણો નબળાઈઓને જોવામાં પોતાના આત્માને જોડતા નથી, દેખાઈ જાય તો પણ તેને પોતાના ચિંતનનો વિષય બનાવતા નથી, તે અનન્યદર્શી છે. તે જ અન્યમાં રમણ કરનાર નથી. જે બીજાને જોવામાં તલ્લીન નથી, તે જ બીજાની તરફ દષ્ટિ એટલે કે દોષદષ્ટિ કરનારા નથી.

અથવા જે બીજા તરફ દષ્ટિ રાખતા નથી અર્થાત્ સ્વદષ્ટિ રાખે છે, તે જ સ્વમાં રમણ કરે છે. જે અન્યમાં રમણ ન કરતાં સ્વમાં રમણ કરે છે, તે જ વાસ્તવમાં સ્વદર્શી, આત્મદષ્ટા, આત્માર્થી, આત્મામાં રમણ કરનારા છે. આ જાણીને અણગાર અનધિકાર અને બિનજવાબદારીના ચિંતન દ્વારા કે પરદોષ ચિંતન દ્વારા પોતાના આત્મામાં કર્મબંધની વૃદ્ધિ ન કરે અને પર દષ્ટિની, પર દોષ ચિંતનની માનસવૃત્તિને છોડીને સ્વદોષ દર્શન, સ્વગુણ વિકાસ ચિંતનમાં આત્માને નિરંતર જોડી રાખે. પર(દોષ) દષ્ટિ થતાં જ તેના પર જ્ઞાનાંકુશ લગાવી સ્વમાં સ્થિર થઈ જાય છે. કેમ કે તે વૃત્તિ અજ્ઞાન દશાના સ્વભાવથી પ્રેરિત અને વ્યર્થ છે એટલે કે આત્માને માટે તે એક પ્રકારના અનર્થદંડ રૂપ જ હોય છે.

:::::::::





# અધ્યયન–૩ : શીતોષ્ણીય

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ અને તેની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ શીતોષ્ણીય છે. શીત શબ્દથી અનુકૂળતાઓનું અને ઉષ્ણ શબ્દથી પ્રતિકૂળતાઓનું સૂચન છે.

સંયમ જીવનમાં પ્રાપ્ત થનારા સંસારી આકર્ષણ અને શબ્દ આદિ પાંચ ઈન્દ્રિય વિષયોનો સંયોગ 'શીત પરીષહ' છે. કષ્ટ, ઉપસર્ગ અને પ્રતિકૂળતાઓ 'ઉષ્ણ પરીષહ' છે. એ બંને પ્રકારના સંયોગોમાં સંયમ ભાવોમાં સ્થિર રહેવું, સંયમભાવોની વૃદ્ધિ કરવી, ઈત્યાદિ વિષયનો ઉપદેશ આ અધ્યયનમાં છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે.

**પહેલા ઉદ્દેશામાં :–** સુપ્ત કોણ અને જાગૃત કોણ ? આ વિષયથી અધ્યયનનો પ્રારંભ થાય છે. ત્યાર બાદ આદર્શ સાધુત્વના ગુણ, સમભાવપ્રેરણા, દુઃખ, જન્મ-મરણ કોને અને કેમ, તેનાથી મુક્તિ કોને ? પર્યવજાત શસ્ત્ર અને અશસ્ત્રનો સંબંધ, કર્મ જ સંસાર છે, તેનાથી થતાં પાપ અને રાગદ્વેષથી મુક્ત થવું વગેરે ઉપદેશ છે.

**બીજા ઉદ્દેશામાં :–** પાપકર્મોનો સંગ્રહ કોણ કરે, કોણ ન કરે, ધૈર્યની સાથે કર્મક્ષય કરવાની પ્રેરણા, સંસારી વૃત્તિને ચાળણીમાં પાણી ભરવાની ઉપમા, હિંસાથી, સ્ત્રીઓથી અને કષાયથી નિવૃત્ત થવાનો ઉપદેશ વગેરે વિષયોનું વર્ણન છે. અંતે મનુષ્યભવના અવસરને અહિંસક બની સફળ કરવાની પ્રેરણા કરવામાં આવેલ છે.

**ત્રીજા ઉદ્દેશામાં :–** અહિંસામાં અંતર માનસનો ભાવ, સંયમની સાવધાની અને તેનાથી લાભ, લૌકિક ભ્રમપૂર્ણ માન્યતા અને સાચી સમજ, સંયમમાં દઢતા, આત્મનિગ્રહથી મુક્તિ ઈત્યાદિ મુખ્ય વિષય છે.

**ચોથા ઉદ્દેશામાં :–** કષાયત્યાગ અને પ્રમાદત્યાગ તથા તેનું ઉત્તમ પરિણામ બતાવેલ છે.

**પ્ર.૩ : સંપૂર્ણ અધ્યયનમાં શીત પરીષહનો વિષય કઈ રીતે પ્રગટ કર્યો છે ?**

**જવાબ :** ૧. જેણે ઈન્દ્રિયોના વિષય શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને સમ્યક પ્રકારે જાણી લીધા છે. તેનાથી કઈ રીતે દૂર રહેવું, રાગદ્વેષ અથવા આસક્તિ ન કરવી, એ ભાવોને સમ્યક રીતે સમજી લીધા છે, તે આત્મવાન, આત્માર્થી છે, જ્ઞાની છે, શાસ્ત્રવિદ છે, ધર્મી છે, બ્રહ્મચારી છે. તે જ વિવેક બુદ્ધિથી

લોક-સંસારની સ્થિતિઓને બરાબર જાણે છે. તે જ મુનિ કહેવાય છે. તે સરળ, સંયમી, ધર્મના મર્મને સમજનાર છે. ૨. શબ્દ રૂપ આદિ ઈન્દ્રિય વિષયોની મુનિ હંમેશાં ઉપેક્ષા કરે, હંમેશાં મૃત્યુની આશંકા રાખે અર્થાત્ મૃત્યુને યાદ રાખતાં સંયમ પાલન કરે તો જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે. ૩. કામભોગોથી હંમેશાં સાવધાન રહે, અપ્રમત્ત ભાવોને સદા ઉપસ્થિત રાખે. ૪. કામભોગોમાં ગૃદ્ધ બનેલો માનવ કર્મોનો સંગ્રહ કરે છે અને કર્મ સંગ્રહથી ગર્ભમાં વારંવાર આવે છે અર્થાત્ વારંવાર જન્મ-મરણ કરતો રહે છે. આવું જાણીને મુનિ ભોગોમાં લોલુપ ન બને.

૫. સંસારમાં કેટલાય પ્રાણી મજાક અને આનંદની પ્રકૃતિના અને અજ્ઞાની હોય છે. તે મજાક અને હિંસાદિ પાપ કરી-કરીને આનંદ માને છે, ખુશ થાય છે. એવા બાળજીવોની સંગતિ કરવાથી પણ અજ્ઞાન-આનંદના સંસ્કારની વૃદ્ધિ થાય છે. મુનિ આ પ્રકારના કર્તવ્યોથી પણ સાવધાન રહે.

૬. મુનિ સાંસારિક અને પૌદ્ગલિક આનંદમાં ન પડે અને સ્ત્રીઓમાં આસક્ત ન થાય. ૭. અલ્પ યા વિશાળ કોઈ પણ મનોજ્ઞ શબ્દ રૂપ આદિ વિષય સંયોગ પ્રાપ્ત થાય તો પણ મુનિ તેનાથી વિરક્ત રહે, વૈરાગ્ય ભાવોને જ આગળ રાખે. ૮. હાસ્ય વિનોદનો સંપૂર્ણ ત્યાગ કરીને મુનિ આત્માનું ગોપન કરતાં વિચરણ કરે. ૯. મિત્ર મળે તો તેની પણ આશા ન રાખે.

આ સૂત્રોના અર્થમાં અને પરમાર્થમાં અનુકૂળતાઓમાં લિપ્ત ન થવાનો આશય રહેલ છે.

**પ્ર.૪ : ઉષ્ણ પરીષહ સંબંધી વર્ણન આ અધ્યયનમાં કઈ રીતે છે ?**

**જવાબ :** ૧. કર્મોનો વિચિત્ર ઉદય આવતાં મુનિ ગભરાય નહીં, તપ સંયમનું ધૈર્યથી પાલન કરે. આ પ્રકારે કરવા છતાં પ્રતિકૂળતા સમાપ્ત ન થાય તો મુનિ વિચારે કે મેં પૂર્વે કર્મોનો સંગ્રહ અધિક કર્યો હશે, તેના પરિણામે અશુભ કર્મોનો અંત આવતો નથી, એવું સમજીને સમભાવથી કષ્ટો સહન કરે અને સંતોષ રાખે કે સંયમ-તપમાં લીન રહેનાર બુદ્ધિમાન ક્રમશઃ સમસ્ત પાપ કર્મોનો ક્ષય કરી અવશ્ય મુક્તિ પ્રાપ્ત કરશે. (ઉદ્દેશા.૨)

૨. હે સાધક ! પોતાના આત્માનો જ નિગ્રહ કર, આત્માને અસ્થિર થવા ન દે, જ્ઞાનયુક્ત અભ્યાસના અંકુશથી આત્માને સમભાવમાં રાખ, આ રીતે આત્માંકુશ રાખનારા એક દિવસ દુઃખોથી મુક્ત થશે. દુઃખ પણ સદા શાશ્વત રહેનાર નથી. તેમ જાણીને સાધક સંયમમાં, સંયમ પરિણામોમાં સદા સાવધાન રહે. કેમ કે સંયમની વિધિઓ, સંયમ સંબંધી જિનાજ્ઞાઓમાં ઉપસ્થિત રહેનાર બુદ્ધિમાન, **मारं**– સંસાર, જન્મ-મરણથી પાર થઈ જાય છે.





૩. જ્ઞાન અને વિવેકથી સંપન્ન મુનિ દુઃખકારી પ્રસંગોમાં ક્યારે ય દુઃખી થતા નથી, કષ્ટાનુભૂતિ કરતા નથી અને ક્યારે ય અશાંતિ અને સંક્લેશને પ્રાપ્ત થતા નથી. જૂઓ ! આ સંસારમાં એવા દઢ મનોબળવાળા સંયમ સાધક આત્માઓ લોકાલોક અર્થાત્ સમસ્ત સંસાર પ્રપંચોથી મુક્ત થઈ જાય છે.

**પ્ર.૫ : સુપ્ત અને જાગૃતના સંબંધમાં આ અધ્યયનમાં શું કહ્યું છે ?**

**જવાબ :** આ સંસારમાં જે દ્રવ્યથી અને ભાવથી સંયમ સ્વીકાર કરતા નથી, સર્વ વિરતિરૂપ વીતરાગ માર્ગમાં આવ્યા નથી, તે **अमुणी** = અવિરત જીવોને આત્મોન્નતિ યા ભાવદષ્ટિથી, અહીં અપેક્ષાથી સુપ્ત(ભાવ સુપ્ત) કહ્યા છે અને બીજા ચરણમાં કહ્યું છે કે મુનિ આત્મભાવમાં, સંયમ ભાવમાં સદા જાગૃત રહે છે અથવા મુનિ તે છે જે સદા સંયમમાં સાવધાન અને અપ્રમત્ત રહે છે.

આ સૂત્રથી અસંયત જીવોને ભાવ સુપ્ત કહીને તેમને સંયમભાવ માટે ઉત્સાહિત–પ્રેરિત કરેલ છે અને જેમણે સંયમ ગ્રહણ કર્યો છે તેમને સદા અપ્રમત્ત ભાવથી સંયમ પાલનમાં તત્પર રહેવાની પ્રેરણા આપી છે. સતત જાગૃત રહેનાર મુનિ છે અને સતત જાગૃત ન રહેનાર મુનિ નથી, તેનો પાઠ આ પ્રકારે છે– **सुत्ता अमुणी, मुणिणो सयय जागरंति** । આ સૂત્રપાઠ પ્રતોમાં ભિન્ન-ભિન્ન રીતે મળે છે. પાઠની સત્યતાનો નિર્ણય કરવો અત્યંત કઠિન છે. છતાં પણ ઉપર લખેલ પાઠ વિશેષ વિચારણાથી ઉચિત લાગે છે.

**પ્ર.૬ : શીત અને ઉષ્ણ બંને પરીષહોનું એક સાથે વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** તે સૂત્ર આ પ્રકારે છે– **सीओसिणच्चाई से णिग्ग थे, अरइरइ सहे, फढसिय णो वेदेइ** । જે સાધક અનુકૂળ અને પ્રતિકૂળ બંને સંયોગોને સહન કરીને વિષય સુખ અને દુઃખની ભાવનાનો ત્યાગ કરે, દુઃખસુખ બંનેની અનુભૂતિમાં ચંચળ ન થતાં બંને અવસ્થાથી થનારી પરિણામોની ચંચળતાનો ત્યાગ કરી સમભાવોમાં રહે, તેને અહીં શીતોષ્ણ ત્યાગી કહ્યા છે. એવા ત્યાગીને જ આદર્શ સાધુ, નિર્ગ્રંથમુનિ કહે છે.

**અરતિ રતિ–** તે મુનિ સંયમ તપ સંબંધી કષ્ટથી થતી અરુચિ કે અપ્રીતિના પ્રસંગને સમભાવથી સહન કરતાં, તેના પર વિજય પ્રાપ્ત કરે છે. અરતિ, અનાનંદ, અપ્રસન્નતામાં તે ડૂબતા નથી તેમજ ઈન્દ્રિય વિષયોના અનુકૂળ સંયોગોથી ઉત્પન્ન થતાં પૌદ્ગલિક સુખોના આનંદ–રતિમાં પણ ડૂબતા નથી તેના પર પણ તટસ્થતાથી વિજય પ્રાપ્ત કરે. તે મુનિ એવા અભ્યસ્ત થઈ જાય છે કે **फढसिय ण वेदेइ** । મહાન કષ્ટના સમયે પણ અંતર્મનમાં કષ્ટાનુભૂતિ કરતા નથી અને પ્રસન્ન ભાવોથી તે કષ્ટને સહન કરે છે.

**का अरइ के आण दे, एत्थ पि अगहे चरे** । શીતોષ્ણ ઉભય

પરીષહને જીતનારા સાધક માટે અરતિકારક કાંઇ પણ નથી. તે કોઇ પણ સ્થિતિમાં મ્લાનમુખ થતા નથી. તેનું ચિત્ત ક્ષુબ્ધ થતું તેમજ તેના માટે પૌદ્ગલિક આનંદમાં હર્ષ વિભોર થવું, સુખમાં ફૂલાવું આદિ પણ કાંઇ હોતું નથી. બંને અવસ્થાઓને તે સાધક આત્મામાં ગ્રહણ કરતા નથી અર્થાત્ તેમાં લીન થતા નથી. તે જ સંયમમાં તટસ્થ થઈને વિચરણ કરે છે.

**પ્ર.૭ : શું સમ્યગ્દષ્ટિને પાપ લાગતું નથી કે સાધુને પાપ લાગતું નથી ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં આ વિષયનો સૂત્રપાઠ આ પ્રકારે છે– **समत्तद सी ण करेइ पाव । आयकद सी ण करेइ पाव ।** તેની પહેલાં વાક્ય છે– **तम्हातिविज्जो परम ति णच्चा । तम्हा**= તેથી, **अतिविज्जो**= અતિવિદ્વાન, પરમવિદ્વાન, ઉત્તમજ્ઞાની, પરમજ્ઞાની, **परम ति णच्चा**= મોક્ષ-માર્ગને સમજીને, **समत्तद सी**=સદા સમત્વદર્શી બનીને, સદા સમત્વમાં રમણ કરનાર થઈને, **ण करेइ पाव**= પાપકર્મોનું આચરણ કરતા નથી.

તે પ્રકારે આતંકદર્શી–કર્મોનાં આતંકને સમ્યક પ્રકારે સમજનારા, કર્મ સ્વરૂપને સમજનારા, તેનાથી સાવધાન રહેનારા આતંકદર્શી કહેવાય છે. તે પણ પાપ કર્મોનું આચરણ કરતા નથી. દશવૈકાલિક સૂત્રમાં યતનાપૂર્વક સંયમ-પ્રવૃત્તિ કરનારને પાપકર્મનો બંધ ન કરનાર કહ્યા છે. કેમ કે તે યતનાપૂર્વક (સાવધાની સાથે) આચરણમાં રમણ કરે છે. પરંતુ અહીં સમત્વમાં રમણ કરનારાને પાપાચરણો કરવાનો નિષેધ કર્યો છે અથવા પાપાચરણ ન કરનારા કહ્યા છે. જેનાથી પાપબંધનો નિષેધ તો સ્વતઃ થઈ જાય છે.

વૈકલ્પિક રીતે **समत्त** નો સમ્યગ્દષ્ટિ અર્થ કરવામાં આવે છે અને એ અપેક્ષાથી ઘટિત પણ થઈ શકે છે. પરંતુ અહીં શીતોષ્ણીય અધ્યયનના પ્રસંગમાં સમત્વ અર્થ વિશેષ ઉપયુક્ત છે અને પ્રાચીન ટીકાકારે પણ આ અર્થ કર્યો છે.

**પ્ર.૮ : ચાળણીના દષ્ટાંતથી શું કહેવામાં આવ્યું છે ?**

**જવાબ :** સંસારમાં લૌકિક રુચિથી પ્રાણી અનેક પ્રયત્નોથી, અનેક સંકલ્પ વિકલ્પોથી, વિવિધ ઉપાયોથી દિવસ-રાત સુખી થવા માટે પુરુષાર્થ કરતા રહે છે. તેમજ અનેક અધિકારી તથા રાજા લોકોને, અન્ય રાજ્યોને પોતાને સ્વાધીન કરવા માટે, વધ-બંધન-પરિતાપ આપવો, માર-કૂટ આદિ કાર્ય કરે છે. આ બધું કરવા છતાં પણ મળેલ સુખ, પુનઃ દુઃખમાં પલટાઇ જાય છે. તે સુખ પામવા નહિં પામવા સમાન થઈ જાય છે. અથવા તે સુખ નરક નિગોદના કેટલા ય ગુણા, અનંત ગુણા દુઃખોને પ્રાપ્ત કરાવનારા હોય છે તેથી એવા સુખોની પ્રાપ્તિના પ્રયત્નો કૂવામાંથી ચાળણી દ્વારા પાણી કાઢવા સમાન અથવા





વાસણની જગ્યાએ ચાળણીમાં પાણી ભરી રાખવા સમાન છે. તેમાં પાણી ભરાઇ જાય છે પરંતુ રહેતું નથી. જે રીતે ચાળણીમાં ક્ષણભર માટે પાણી ભરાયેલું જોઇ શકાય છે, તેવી જ રીતે પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિ થઇ શકે છે પરંતુ થોડા સમય પછી જ તે દુઃખોમાં પરિવર્તિત થઇ જાય છે. તેથી સંસારના સુખોની પ્રાપ્તિના પુરુષાર્થને ચાળણીમાં પાણી ભરવા સમાન કહ્યો છે.

**પ્ર.૯ : આ અધ્યયનમાં કર્મના સંબંધમાં કઇ રીતે સ્પષ્ટીકરણ છે ?**

**જવાબ :** કર્મોને માટે **પર્યવજાત** અથવા **પર્યવજાત શસ્ત્ર** શબ્દનો પ્રયોગ કર્યો છે. કર્મોનો નાશ કરવાનાં ઉપાયોને સમજનારા સાધક અશસ્ત્ર ભૂત સંયમને સારી રીતે સમજનારા છે, સંયમનું સમ્યગવિધિથી પાલન કરનારા છે. અનેક પર્યાયો, ભેદ-પ્રભેદોવાળા કર્મને અહીં પર્યવજાત કહ્યા છે અને તે કર્મોનાં શસ્ત્ર અર્થાત્ ક્ષય કરવાના ઉપાય સંવર નિર્જરાને પર્યવજાત શસ્ત્ર કહ્યા છે. જે કર્મોને અને કર્મોનો નાશ કરનારા ઉપાયોને સમજે છે, તે અશસ્ત્રભૂત સંયમને સમ્યક પ્રકારે સમજે છે અને તે જ સંયમનું સમ્યક પ્રકારે પાલન કરે છે.

અન્ય પ્રકારે આત્મા અનેક ગુણ પર્યાયાત્મક એટલે પર્યવજાત છે, તેના ગુણોને માટે કર્મ શસ્ત્રરૂપ છે. આત્માના ગુણોને ઘાત કરનારા, દૂષિત કરનારા કર્મ, પર્યવજાત(સંયમ ગુણોના)શસ્ત્ર છે. તેને સારી રીતે સમજી તેનાથી દૂર રહેનાર પૂર્ણરૂપે કુશળ રહે છે. તે પર્યવજાત શસ્ત્રના ખેદજ્ઞ છે. તે જ અશસ્ત્રભૂત સંયમને સમજીને, સ્વીકારીને, પાલન કરવામાં કુશળ હોય છે અને સફળ થઈ શકે છે. આ રીતે એક અપેક્ષાથી કર્મને **પર્યવજાત** કહ્યા છે અને બીજી અપેક્ષાથી કર્મને **પર્યવજાત શસ્ત્ર** કહ્યા છે.

કર્મથી જ સમસ્ત સંસારની ઉપાધિ, પ્રપંચ, દુઃખ, જન્મમરણ આદિ ઉત્પન્ન થાય છે. ઉપાધિઓ અને દુઃખોને પેદા કરનાર કર્મો જ છે. જેને કર્મ શેષ રહ્યાં નથી એવા અકર્મા=સિદ્ધોને કોઇ પણ સંસાર વ્યવહાર, ભવભ્રમણ, પ્રપંચ, દુઃખ વગેરે કાંઇ રહેતું નથી. કર્મોથી જ સમસ્ત જીવોનો સંસાર વ્યવહાર, સંસારચક્ર ચાલે છે.

તેથી કર્મોને પૂર્ણ રૂપે સમજીને તેનો વિચાર કરીને અને કર્મનાં મૂળ હિંસાદિ પાપોથી દૂર રહેવા માટે સાવધાની રાખવી જોઇએ. તે સમસ્ત પાપોને સમજીને સર્વ વિરતિરૂપ સંયમ સ્વીકારવો જોઇએ. ત્યાર પછી **अत**=આત્માના ગુણોનો અંત કરનારા, આત્માને ભટકાવનારા અથવા આત્માની નજીક કે અંદર જ રહેનારા એવા પાપોનાં પણ મૂળ તે રાગ અને દ્વેષ છે, તે બંનેને જરામાત્ર પણ ન જોતાં અર્થાત્ કોઇ પણ પદાર્થમાં રાગદ્વેષ ન કરતાં, સંયમની શુદ્ધ આરાધના નિર્મળ પવિત્ર ભાવે કરવી જોઇએ. રાગ-દ્વેષમય વિચારો ન

કરવા જોઈએ. કદાચ થઈ જાય તો તત્કાલ જ્ઞાન, વૈરાગ્ય અને વિવેકમય વિચારોથી તેને દૂર કરવા જોઈએ.

આ પ્રકારે કર્મ સ્વરૂપ અને સંસાર સ્વરૂપને જાણીને બુદ્ધિમાન સાધક સંસારી રુચિઓનો અને સંસારી જીવોનાં વિચાર વ્યવહારોનો ત્યાગ કરી સંયમ ભાવોમાં, સંયમ વિધિઓમાં સદા પરાક્રમ–પુરુષાર્થ કરતા રહે અને કર્મક્ષય કરતાં મોક્ષપ્રાપ્તિ પર્યંત પુરુષાર્થ કરતા જ રહે છે.

**પ્ર.૧૦ : આ અધ્યયનમાં કષાય ત્યાગના સંબંધમાં શું શું કહ્યું છે ?**

**જવાબ :** વીરસાધક=મુનિ ક્રોધ માન આદિ ચાર કષાયોના ઉદયને નિષ્ફળ-નષ્ટ કરવામાં પ્રયત્નશીલ રહે અને લોભ કષાયને મહાન નરકનું કારણ સમજીને તેનાથી દૂર રહે. **उवरय सत्थस्स**= આશ્રવ ત્યાગ કરીને સંયમમાં ઉપસ્થિત રહે અને **पलिय तकरस्स**= કર્મોનો ક્ષય કરવામાં લીન સાધકે હંમેશાં ક્રોધ, માન, માયા, લોભ આ ચારે કષાયનું વમન કરવું જોઈએ, તેનો પૂર્ણતઃ ત્યાગ કરવો જોઈએ. એવો જ્ઞાનીઓનો આદેશ છે, નિર્દેશ છે, કથન છે, ઉપદેશ છે, માર્ગદર્શન છે, (ઉદ્દેશક–૪).

જે ક્રોધને અને તેના પરિણામોને સારી રીતે સમજીને ક્રોધ પર વિજય પ્રાપ્ત કરે છે, તેને **कोहद सी**= ક્રોધદર્શી કહ્યા છે. તે જ રીતે ક્રમશઃ એકથી એક કષાયને સંબંધિત કરીને કહ્યું છે કે ક્રોધદર્શી છે તે માનદર્શી છે. આ રીતે ક્રમથી ૩. માયા ૪. લોભ. ૫. રાગ ૬. દ્વેષ ૭. મોહ ૮.ગર્ભ ૯. જન્મ ૧૦. મરણ ૧૧. નરક ૧૨. તિર્યંચ અને ૧૩. સમસ્ત દુઃખોને સમજનાર દુખઃદર્શી છે. તેથી બુદ્ધિમાન સાધક આ ક્રોધ આદિથી દૂર રહે, અંતે દુઃખોથી પણ મુક્ત રહેવાનું કહ્યું છે. ઉપર કહેલ ક્રોધ આદિ બાર બાબતોથી જે દૂર રહે છે, તે સ્વતઃ દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**પ્ર.૧૧ : આ અધ્યયનમાં અન્ય કઈ કઈ માન્યતાઓનું નિરૂપણ છે ?**

**જવાબ :** કેટલાક લોકો ભૂત-ભવિષ્યને અર્થાત્ આત્માની આગળ પાછળની અવસ્થાઓને માનતા નથી. તે કહે છે કે ભૂત અને ભવિષ્ય કંઈ છે જ નહીં. એવી ભૂત અને ભવિષ્યની વાતો કરીને વર્તમાનને પણ ખરાબ કરવો ઠીક નથી. વર્તમાન જ સર્વસ્વ છે, એ સુંદર અને સુખદ બનાવી તેનો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. કેટલાક લોકો અન્ય રીતે ભૂત અને ભવિષ્યની વિચારણા સ્વીકારે છે, પરંતુ તેની માન્યતામાં તફાવત છે. તેઓ માને છે કે જે જેવું છે તેવું જ થશે. માણસ મરીને માણસ જ થશે, સ્ત્રી મરીને સ્ત્રી જ થશે, પશુ-પક્ષી ક્યારે ય પણ માણસ બનતા નથી અને માણસ ક્યારે પણ દેવ અથવા ભગવાન બનતા નથી. તેથી આ ત્યાગ-નિયમ આદિ ક્રિયાઓનું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી.





જેવા છો તેવા જ રહેવાના છો. આ પ્રકારનું કથન કરીને તે પણ ત્યાગ, વ્રત, નિયમ, ધર્માચરણ સાધનાની ઉપેક્ષા શીખવે છે.

તથાગત–બૌદ્ધોનું માનવું છે કે આત્મા ક્ષણ વિનાશી છે અને ભૂત અને ભાવી અર્થ–પદાર્થ કાંઈ જ નથી.

**સ્વમતઃ–** આ વિષયમાં જ્ઞાની આ પ્રકારે ફરમાવે છે કે જીવની ભૂત-ભાવી પર્યાયો, અવસ્થાઓને અસ્વીકાર કરવાની આવશ્યકતા નથી. પરંતુ સંયમ સાધના કરનારા ત્યાગી સાધકોએ ભૂતકાળના અર્થાત્ પોતાના પૂર્વકાળનાં સાંસારિક સુખોનું સ્મરણ કરવું નહીં. તેના ત્યાગનો ખેદ પણ ન કરવો અને તેના માટે વર્તમાનમાં અભિમાન પણ ન કરવું. ભવિષ્યની અર્થાત્ ભાવી સુખ સમૃદ્ધિની, ભૌતિક સુખોની, ઈચ્છા આકાંક્ષા કરવી નહીં.

મુનિ તો કર્મ ક્ષયનાં માર્ગરૂપ સંયમના વિધિ વિધાનોમાં ઉપસ્થિત થઈને તેનાં અનુપાલનમાં પોતાનું લક્ષ્ય રાખે, તપ સંયમમાં શક્તિ અનુસાર આત્માને રત કરે, તલ્લીન કરી દે. આ પ્રકારે તે મહર્ષિ ક્ષપક એટલે કર્મોનો નિરંતર ક્ષય કરનારા બને છે.

તાત્પર્ય એ છે કે એકાંતિક અજ્ઞાનીઓના લોભામણા વર્તમાન સુખ સંબંધી તર્કોમાં ન ફસાતાં, સંયમ-તપમાં શુદ્ધ શ્રદ્ધા અને લગનીની સાથે વૃદ્ધિ કરવી જોઈએ. આ જ મહર્ષિઓને માટે તથાગત–સર્વજ્ઞોનો ઉપદેશ છે.

**પ્ર.૧૨ : આ અધ્યયનમાં કયા શબ્દો દ્વારા અહિંસાને મહત્ત્વ આપ્યું છે ?**

**જવાબ :** (૧) **लोय सि जाण अहियाय दुक्ख** = સંસારનાં સમસ્ત જીવોના વિષયમાં એમ જાણો, અનુભવ કરો કે દુઃખ બધાંને અહિતકર લાગે છે. દુઃખ મળવાથી કોઈ પણ જીવ એવું નહિ માને કે એણે મને જે દુઃખ આપ્યું તે મારું હિત કર્યું. સમસ્ત પ્રાણીઓને પ્રાપ્ત સુખ હિતકારી અને પ્રાપ્ત થનારા દુઃખ અહિતકારી–અપ્રિય લાગે છે.

**समय लोगस्स जाणित्ता एत्थ**= આ જગત સ્વભાવને, સિદ્ધાંતને, **समय**= સર્વ જીવોના દુઃખ અપ્રિયતાના ધ્રુવ સિદ્ધાંતને જાણી-સમજીને સાધક **एत्थ सत्थोवरए**= તે સંસારના જીવો પ્રતિ સમસ્ત પ્રકારનાં શસ્ત્ર=હિંસાકારી આચરણથી નિવૃત્ત થાય, સર્વ હિંસાના ત્યાગરૂપ સંયમનો સ્વીકાર કરે.

(૨) **आर भज दुक्खमिण ति णच्चा**= સંસારમાં પ્રાપ્ત થતાં સમસ્ત દુઃખો આરંભજન્ય છે એ પ્રમાણે જાણો. આરંભ શબ્દથી મુખ્યતઃ દ્રવ્ય અને ભાવ હિંસાનો સંકેત છે, એમ જાણીને દુઃખ ન ઈચ્છનારાને અહિંસક થવાની પ્રેરણા કરવામાં આવી છે. તે આરંભ ત્યાગ કે હિંસા ત્યાગ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના સમજવા જોઈએ.

(૩) **उववाय  चवण  णच्चा, अणण्ण  चर माहणे। से ण छणे ण छणावए, छण त  णाणुजाणइ**= જન્મ મરણને અને દેવોનાં પણ ઉપપાત અને ચ્યવનને જાણીને મુનિ(**माहण**) સંયમનું આચરણ કરે. તે સંયમ સાધક કોઈ પણ પ્રકારે હિંસા ન કરે, ન કરાવે અને તેની અનુમોદના પણ ન કરે. અહીં અસંયમને મોક્ષમાર્ગથી **અન્ય** લક્ષિત કરીને સંયમને મોક્ષમાર્ગનું અનન્ય આચરણ માનેલ છે. તેથી તેના માટે સૂત્રમાં **अणण्ण** શબ્દનો પ્રયોગ છે. માહન શબ્દનો અર્થ અહિંસક થાય છે, તેનો પ્રયોગ મુનિને સંબોધન કરવા રૂપે થયો છે.

(૪) **उम्मज्ज लद्धु  इह माणवेहिं, णो पाणीण  पाणे समार भिज्जासि**= મનુષ્યભવ રૂપી આ અવસર અર્થાત્ સંસારથી તરવાની, ઉપર ઊઠવાની તક પ્રાપ્ત કરી, કોઈ પણ પ્રકારનાં પ્રાણીઓનાં પ્રાણોનું હનન(નાશ) ન કરવું જોઈએ. કોઈ પણ પ્રકારની હિંસાની, સમારંભની પ્રવૃત્તિનું આચરણ ન કરવું જોઈએ અર્થાત્ હિંસાનો સર્વથા ત્યાગ કરવાનો અનુપમ અવસર મનુષ્ય ભવ જ છે. આ ભવમાં સંપૂર્ણ અહિંસક યા સંયમી બની શકાય છે.

(૫) **स धिं लोगस्स जाणित्ता, आयओ बहिया पास, तम्हा ण ह ता ण विघायए**= સંસારની સંધિ અર્થાત્ તેને તોડવારૂપ મનુષ્યભવ કે સંયમ અથવા મોક્ષ માર્ગને જાણીને આત્મતુલ્ય સમસ્ત પ્રાણીઓને સમજો.તમ્હા= તેથી અર્થાત્ સમસ્ત પ્રાણીઓને આત્મસમાન સમજવાને કારણે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ અને કોઈ પણ પ્રાણીની બીજા દ્વારા ઘાત પણ ન કરાવવી જોઈએ.

**પ્ર.૧૩ : આ શીતોષ્ણીય અધ્યયનમાં जे एग  जाणइ से सव्व  जाणइ। આ સૂત્ર વાક્યની પ્રાસંગિકતા શું છે ?**

**જવાબ :** અર્થ પરંપરામાં માત્ર આ સૂત્રના શબ્દો પર લક્ષ્ય રાખીને કરાતો તાત્ત્વિક અર્થ પ્રચલિત છે. આ કારણે તેની પ્રાસંગિકતા સમજવામાં મુશ્કેલી થાય છે. આ આચારાંગસૂત્રમાં શબ્દોના અર્થ કરવાની જે પદ્ધતિ અનેક સ્થળે સ્વીકારી છે, તે જ પદ્ધતિ અહીં પણ શબ્દાર્થ કરવામાં આવે તો જ આ સૂત્રનો આશય સ્પષ્ટ થઈ શકે છે.

**વિચારણા :–** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં એક વાક્ય અને તેનો અર્થ આ પ્રમાણે છે– **पडिलेहिय सव्व  समायाय**= અહીં પ્રતિલેખના શબ્દનો ભાવાત્મક અર્થ કર્યો છે. સર્વ શબ્દનો સંખ્યાત્મક અર્થ ન કરતાં સર્વ વિરતિનું સંક્ષિપ્ત રૂપ માનીને પ્રસંગાનુકૂલ અર્થ કર્યો છે– **पडिलेहिय**= કર્મ સંબંધી સંપૂર્ણ સ્વરૂપને જાણી સમજીને, તેનો વિચાર કરી, **सव्व** = સંયમ, સર્વ વિરતિનો **समायाय** = સ્વીકાર કરીને.





આ વિધિથી વિચારીએ તો પ્રશ્નગત સૂત્રપાઠથી પહેલાં ચારે ય કષાય ત્યાગનું અને સ્વકૃત કર્મક્ષયનું કથન કરવામાં આવેલ છે અને તે સૂત્ર પછી પણ પ્રમત્ત-અપ્રમત્ત સાધકની વાત કરી છે. ત્યાર પછી પણ સંપૂર્ણ ઉદ્દેશકમાં ઈન્દ્રિયવિજય, કર્મજય, સંયમપ્રેરણા આદિ વિષયોનો સંગ્રહ છે. તેથી આ સૂત્રનો અર્થ પણ પ્રસંગ અનુસાર આ પ્રકારે કરવો જોઈએ– જે એક આત્મ સ્વરૂપને જાણી લે છે અર્થાત્ આત્મ તત્ત્વને સારી રીતે સમજી લે છે, જન્મ, મરણ, કર્મબંધ, સંસાર ભ્રમણ અને ફરી કર્મક્ષય અને મુક્તિ પ્રાપ્ત કરી શકવા સુધીની બધી અવસ્થાઓને જાણી-સમજી લે છે, હૃદયમાં શ્રદ્ધાથી ધારણ કરી લે છે. તે **सव्व**= સર્વ વિરતિ=સંયમને પણ સમજી લે છે. સાચું શ્રેષ્ઠ જાણવું તે જ કહેવાય છે કે જેની સાથે તેનો સ્વીકાર અર્થાત્ આચરણ પણ થાય. આ પ્રકારે આ સૂત્રપાઠનો અર્થ થયો કે– જે એક આત્મ સ્વરૂપને સમજી લે છે, તે સંયમ સ્વરૂપને પણ સમજી લે છે, સ્વીકાર કરી લે છે. જે સંયમને સમજીને સ્વીકારી લે છે, તે આત્માના સ્વરૂપને સારી રીતે જાણી સમજી લે છે.

અહીં આ સૂત્રની પહેલાં અને પછી સંયમનો જ વિષય છે અને અધ્યયન પણ **શીતોષ્ણીય** સંયમગ્રહણ અને પાલન સંબંધી છે. તેને અનુરૂપ ત્યાર પછીનું સૂત્ર અને તેનો અર્થ આ પ્રકારે છે– **सव्वओ पमत्तस्स भय , सव्वओ अप्पमत्तस्स णत्थि भय** । પ્રમાદીને=સંસારીને, પાપ ત્યાગ ન કરનારાને ભય હોય છે. પાપત્યાગી, અપ્રમત્તને કોઈ ભય રહેતો નથી. તે બધી રીતે નિર્ભય થઈ જાય છે. અથવા જે સર્વ પ્રકારે પ્રમાદમાં સંલગ્ન છે. તેમને ભય–કર્મબંધ અને દુઃખની પ્રાપ્તિ થાય છે અને જે સર્વથા અપ્રમત્ત, સંયમભાવમાં લીન રહે છે તેને કર્મબંધ અને દુઃખરૂપ કોઈ ભય હોતો નથી. આ સૂત્રપાઠ પ્રશ્નોક્ત સૂત્રપાઠ પછીનું છે. તેમાં પણ સંયમલક્ષી વિષયની પ્રરૂપણા છે. ત્યાર પછી આ સૂત્ર છે– **जे एग  णामे से सव्व  णामे, जे सव्व  णामे से एग  णामे**= જે એક આત્માને વશમાં કરી લે છે, તેના પર કાબુ મેળવી લે છે, તે મન અને ઈન્દ્રિયોને વશમાં કરી લે છે. જે મન અને ઈન્દ્રિયો પર કાબુ મેળવી લે છે, તે આત્મવિજેતા થઈને આત્મદમન કરી લે છે. અહીં કષાય અને કર્મને લઈને પણ સમજી શકાય છે. તેમાં અનંતાનુબંધી અને અન્ય કષાયનું ગ્રહણ થાય અથવા મોહકર્મ અને અન્ય કર્મનું પણ ગ્રહણ થઈ શકે છે. તેમ છતાં આત્મા, મન અને ઈન્દ્રિય સંબંધી અર્થ વિશેષ ઉચિત છે.

**दुक्ख  लोगस्स जाणित्ता, व ता लोगस्स स जोग , ज ति वीरा महाजाण , परेण पर  ज ति णावक ख ति जीविय** = સંસારનાં દુઃખોને જાણીને વીર પુરુષ સમસ્ત સંયોગોનો ત્યાગ કરી સંયમ સાધનામાં જોડાઈ જાય છે અને સાધનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે. ક્યારે ય ફરી અસંયમ જીવનની ઈચ્છા કરતા નથી.

**एग विगिंचमाणे पुढो विगिं चइ, पुढो विगिंचमाणे एग विगिंचइ** = જે એક ક્રોધ કષાયને દૂર કરવામાં, છોડવામાં સફળ થાય છે. તે બીજા માન, માયા, લોભકષાયને પણ ત્યાગી શકે છે અને જે બીજા માન, માયા, લોભ આદિ કોઈને પણ ત્યાગવામાં સફળ થાય છે, તે ક્રોધનો પણ ત્યાગ કરી શકે છે. તાત્પર્ય એ છે કે જે કોઈ પણ એક કષાયને દૂર કરવામાં, તેના પર વિજય મેળવવામાં પૂર્ણ સફળ થઈ જાય તો, તે બીજા કોઈ પણ કષાય પર વિજય પ્રાપ્ત કરી શકે છે. અન્યત્ર પણ કહ્યું છે– **विगिंच कोह , अविक पमाणो, इम णिढ्ढाउयं संपेहाए ।** અહીં પણ ક્રોધને દૂર કરવાના અર્થમાં **विगिंच** શબ્દનો પ્રયોગ કર્યો છે એને લક્ષ્યમાં રાખીને ઉપર પણ **विगिंच** શબ્દનો અર્થ કર્યો છે.

**सड्ढी आणाए मेहावी, लोग च आणाए अभिसमेच्चा अकुओभय** = બુદ્ધિમાન સાધક જિનાજ્ઞામાં શ્રદ્ધા રાખે અને જિનાજ્ઞા અનુસાર શ્રદ્ધાપૂર્વક સંસાર ભ્રમણ સ્વરૂપને સમજીને, ચિંતન કરીને સંયમનો સ્વીકાર કરે અથવા સર્વ જીવોને અભયદાન આપે.

**अत्थि सत्थ परेण पर , णत्थि असत्थ परेण पर** = સંસારમાં એક બીજાથી ચઢિયાતાં **सत्थ** = શસ્ત્ર, પાપકાર્ય છે પરંતુ સમસ્ત પાપના ત્યાગરૂપ સંયમ તો એક જ છે. હિંસા જૂઠ આદિ વિવિધ પ્રકારનાં પાપ છે. જ્યારે તે સર્વના ત્યાગ રૂપ સંયમ એક છે. અહીં સંયમીનાં અસંખ્ય સંયમ સ્થાનરૂપ આત્મ પરિણામોની અપેક્ષા નથી પરંતુ બાહ્ય પાપ ત્યાગરૂપ સંયમ વિધિની અપેક્ષા છે. આ પ્રકારે આ સંપૂર્ણ અધ્યયન સંયમ આચાર અંગે છે. તે અનુસાર **जे एग जाणइ से सव्व जाणइ** સૂત્રનો અર્થ સંયમની અપેક્ષાએ જ કરવો જોઈએ.

**પ્ર.૧૪ : આ અધ્યયનના કઠિન શબ્દ કે વાક્ય અને તેના અર્થ શું છે ?**

**જવાબ :** અનેક કઠિન શબ્દોના અર્થ પહેલાના પ્રશ્નોમાં આપેલ છે. તે સિવાય આ પ્રકારે છે– **अ जु**= સરલ. શ્રમણ સરલતાવાળા હોય છે. તેથી આ શ્રમણનો પર્યાય શબ્દ પણ છે. **आवट्ट सोए स ग अभिजाणइ**= આવર્ત એટલે સંસાર ચક્ર, સંસારભ્રમણ, **श्रोत**= આશ્રવ, **सग अभिजाणइ**= કર્મબંધના સ્વરૂપને સારી રીતે સમજે છે. **जागर वेरोवरए**= સાધક હંમેશાં જાગૃત રહે, સાવધાન રહે અને કોઈના તરફ વેર વિરોધભાવ હોય તો તેનો ત્યાગ કરે, વેરભાવથી ઉપશાંત થાય.

**दोहिं अ तेहिं अदिस्समाणे**= આ વાક્ય પહેલા અને ત્રીજા ઉદ્દેશામાં છે. રાગ અને દ્વેષ આ બંને અત શબ્દ થી કહેવામાં આવેલ છે. આત્મગુણોના અંત કરનારા અને સંસારના સમસ્ત કિનારાઓ સુધી આત્માને ભવભ્રમણ કરાવનારા





હોવાથી. **अ तः**= અંદર, સમીપમાં જ રહેવાવાળા, આત્મામાં જ ઉત્પન્ન થનારા રાગ અને દ્વેષ બંને. તેમાં આત્માને લીન ન કરતાં, ન દેખાડતાં.

**उच्चालइय** = ઉત્–પ્રબલતાથી, **चालइत्तार** = કાઢનાર, કર્મોને આત્માથી દૂર કરનારા, **दुरालइय** = મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરનારા અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર સંયમમાં રહેનારા છે. તાત્પર્ય એ છે કે જે કર્મક્ષય કરવામાં લીન છે, તે જ સંયમ સાધક કે મોક્ષ સાધક છે. જે મોક્ષ સાધક હોય છે તે કર્મક્ષય કરવામાં લીન રહે છે. **दुहओ**= રાગ અને દ્વેષ બંનેને વશ થયેલા પ્રાણી, રાગદ્વેષથી પરાભૂત(હત) પ્રાણી, **आयाण णिसिद्धा सगडब्भि**= **आयाण** –આશ્રવોને, **णिसिद्धा**– રોકીને, **सगडब्भि**–સ્વકૃત કર્મોનું ભેદન=નાશ=ક્ષય કરે છે. મુનિ કષાય આદિ આશ્રવોને રોકી કર્મોનો ક્ષય કરે. **किमत्थि उवाहि पासगस्स ? णत्थि**= આત્મદષ્ટા જ્ઞાની આત્માઓને શું કોઈ ઉપાધિ થઈ શકે છે કે રહી શકે છે ? નહીં. તેમને બાહ્ય કે અંતરંગ કોઈ ઉપાધિ નથી હોતી. તે આત્મભાવમાં રમણ કરે છે અને ઉત્પન્ન કષ્ટોની અનુભૂતિ પણ કરતા નથી. જેથી તેમને કોઈ પણ પ્રકારની ઉપાધિ–પરેશાની, હેરાનગતિ આદિ થતી નથી. કેમ કે તેમનું આત્મ લક્ષ્ય મુખ્ય હોય છે.

**अग्ग च मूल च विगिंच धीरे**= બુદ્ધિમાન સાધક અઘાતી અને ઘાતીકર્મોને હટાવવાનો, ક્ષય કરવાનો પ્રયત્ન કરે. **समय तत्थुवेहाए अप्पाण विप्पसायए**= (સંયમમાં ભાવોની તલ્લીનતા અને વિચારોની પ્રસન્નતા ન હોય તો) તે સમયે સિદ્ધાંતનું, આગમ વાક્યોનું, ઉપદેશોનું ચિંતન કરે. અનુપ્રેક્ષા(ચિંતન) કરીને આત્માને પ્રસન્ન રાખે. આત્માને પુદ્‌ગલોથી અને પરભાવોથી ઉદાસીન રાખે પરંતુ આત્મભાવમાં, જ્ઞાન સ્વભાવમાં લીન રાખે. સંયમથી કોઈ પ્રકારનો અસંતોષ કે ચિત્તની અસમાધિ ન રાખે.

**अणण्ण परम णाणी, णो पमाए कयाइ वि** =અનન્ય શ્રેષ્ઠ જ્ઞાની ઉત્તમોત્તમ જિનેશ્વર ભાષિત જ્ઞાનથી સંપન્ન મુનિ, ક્યારે ય પણ પ્રમાદ ન કરે, આચારથી અને વિચારથી બંનેથી અપ્રમત્ત રહે.

## અધ્યયન–૪ : સમ્યક્‌ત્વ

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ અને તેની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ સમ્યક્‌ત્વ છે. આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકના પ્રારંભમાં ધર્મના વિષયમાં મૌલિક શ્રદ્ધા અને નિષ્ઠાની પ્રેરણા કરવામાં આવી

છે અને શ્રદ્ધાનું સ્વરૂપ પણ પ્રગટ કર્યું છે. બીજા ઉદ્દેશામાં પણ પાછળના વર્ણનમાં શ્રદ્ધાનો વિષય છે. ચોથા ઉદ્દેશાના અંતે અર્થાત્ આ અધ્યયનના અંતે વીતરાગ માર્ગની શ્રદ્ધાની સાથે તેના પાલન અંગે પ્રતિજ્ઞાવચન કહ્યાં છે. આ પ્રકારે આ અધ્યયનમાં સમ્યક્ત્વની પ્રમુખતાએ ઉપદેશ વચન હોવાથી એનું **સમ્યક્ત્વ** એ નામકરણ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે અને તેમાં મુખ્ય કયા-કયા વિષય છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશા છે, જેમાં વિષય વર્ણન આ પ્રમાણે છે–

**પ્રથમ ઉદ્દેશામાં :–** તીર્થંકરોના અહિંસામૂલક ઉપદેશ, તેમના ધર્મની મહત્તા અને અપ્રમત્તભાવથી આચરણ કરવાની પ્રેરણા છે.

**બીજા ઉદ્દેશામાં :–** વિવેક બુદ્ધિથી આશ્રવ પ્રસંગોમાં પણ નિર્જરા, સંસાર રુચિવાળાઓનાં દુઃખ સ્થાનોના અભ્યાસ–પરિચય, મિથ્યા મતવાળાઓના હિંસામૂલક સિદ્ધાંતનું ખંડન અને અહિંસાની સ્થાપના કરવામાં આવી છે.

**ત્રીજા ઉદ્દેશામાં :–** આત્મ લક્ષ્યની મુખ્યતાની સાથે વૈરાગ્યની વૃદ્ધિનો ઉપદેશ,શરીરના મોહ ત્યાગ યુક્ત વીરતાથી કર્મક્ષયની પ્રેરણા અને અંતે કષાય અને પ્રતિકષાય ત્યાગની પ્રેરણા કરવામાં આવી છે.

**ચોથા ઉદ્દેશામાં :–** શરીરના અલક્ષ્યની અને કર્મક્ષયની ઉત્કટ પ્રેરણાથી ઉદ્દેશકનો પ્રારંભ છે. તે પછી કર્મોના વિચાર, તેની સફળતા, અંતે વીતરાગ માર્ગમાં પ્રવૃત્ત થવાનાં પ્રતિજ્ઞા વાક્ય છે.

**પ્ર.૩ : સમ્યક્ત્વ પુષ્ટિને માટે આ અધ્યયનમાં શું શું માર્ગદર્શન છે ?**

**જવાબ :** ત્રણે કાલમાં થયેલ સર્વ તીર્થંકરોનો ઉપદેશ અહિંસા પ્રધાન છે. કોઈ પણ નાના કે મોટા પ્રાણીને કોઈ પણ પ્રકારે પીડા, દુઃખ, કષ્ટ ન આપવું જોઈએ. આ જ સર્વજ્ઞોની ધ્રુવ આજ્ઞા છે અને ધર્મનો સાર પણ આ જ છે.

**सब जीव रक्षा यही परीक्षा, धर्म उसको जाणिए ।**
**जहा होत हिंसा, नहीं है स शय, अधर्म वही पहिचानिए ।।**

તીર્થંકર પ્રભુ સાધના દ્વારા કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કર્યા પછી સંપૂર્ણ લોક સ્વરૂપ જાણીને પછી પૂર્ણ ઉદારતા અને અનુકંપા ભાવથી સર્વ જીવોને હિતકારી આ અહિંસામૂલક દયાપૂર્ણ ધર્મનો બોધ આપે છે.

રાગ, દ્વેષ, અજ્ઞાન અને મોહ આ ચાર મહાન દોષોથી રહિત એવા સર્વજ્ઞ પ્રભુનો ઉપદેશ અને આ માર્ગ સત્ય છે, યથાર્થ છે અને અનુપમ, અદ્વિતીય, પૂર્ણ શુદ્ધ અને આત્મ ઉન્નતિનો માર્ગ છે. એવા ઉત્તમ ધર્મને પ્રાપ્ત





કરી સદા આત્મવિકાસ કરવો જોઈએ. ક્યારે ય કોઈ પણ પરિસ્થિતિમાં તેનો ત્યાગ કરવો નહીં પરંતુ જ્ઞાન અને વૈરાગ્યની વૃદ્ધિ કરતા રહેવું જોઈએ. સાંસારિક રુચિ અને લોક પ્રવાહથી દૂર રહી, પ્રમાદથી પર થઈ અપ્રમત્ત ભાવો સાથે ધર્મમાં પરાક્રમ કરવું જોઈએ.

સંસારમાં કેટલાક લોકો અજ્ઞાનના પ્રભાવે હિંસામાં જ ધર્મ અને કલ્યાણનું કથન કરે છે, પરંતુ તે યોગ્ય નથી. સર્વજ્ઞોએ અહિંસા પ્રધાન ધર્મનું કથન કર્યું છે. તે જ રીતે અન્ય ધર્મોમાં પણ અહિંસાનું જ પ્રાધાન્ય છે. વ્યવહારની અપેક્ષાએ પણ સર્વ જીવોને દુઃખ મહાન ભયકારી લાગે છે.

સમગ્ર જગતનાં પ્રાણી દુઃખથી પરેશાન થાય છે. તેથી કોઈને દુઃખ આપવું કે પ્રાણરહિત કરવું તે ક્યારે ય પણ ધર્મ થઈ શકતો નથી. આ રીતે અહિંસામૂલક ધર્મની શ્રદ્ધાને પુષ્ટ કરવી જોઈએ.

**પ્ર.૪ : શરીર પ્રત્યે ઉપેક્ષા, અપેક્ષા અને નિર્મોહભાવથી સાધનાનો સંદેશ આ અધ્યયનમાં કેવી રીતે આપેલ છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં શરીર પ્રતિ ઉત્કૃષ્ટ કક્ષાની ઉપેક્ષા અને નિર્મોહભાવ સહિતના આચરણનો ઉપદેશ આપવામાં આવેલ છે. માનવ શરીરને અનુપમ અવસર સમજીને, શરીર નાશવંત જ છે તે પ્રકારની વિચારણા કરીને, શરીરનો મોહ છોડીને, તેને પુષ્ટ ન કરતાં તપથી કૃશ કરવું તે જ બુદ્ધિમત્તા છે એટલે કે શરીર દ્વારા યથાશક્ય તપ-સંયમની આરાધના કરી લેવી જોઈએ. આગમ શબ્દોમાં માંસ–લોહીને ઓછા કરવાની, શરીરને કૃશ કરવાની સ્પષ્ટ પ્રેરણા છે તથા શેરડીને પીલવાની અને બે-ચાર વાર પીલવાની અર્થાત્ પ્રપીડન અને નિષ્પીડન કરવાની સમાન વારંવાર વિકટ તપ દ્વારા માનવભવ અને માનવ દેહનો પૂરો કસ(સાર) કાઢવાનો મહાન આદર્શ ઉપદેશ આપવામાં આવેલ છે.

આવા ઉત્કૃષ્ટ, વિકટ ઉપદેશ પ્રેરણા પ્રવાહની સાથે આગમ પાઠમાં એક વિવેક રાખવાનો સંદેશ પણ આપેલ છે. જેમાં આટલી બધી શરીરની ઉપેક્ષાઓ અને નિર્મોહતાની સાથે તેની અપેક્ષાનું તત્ત્વ પણ મૂકેલ છે કે આ મહાન વૈરાગ્ય પૂર્ણ વિકટ તપ સાધનાઓની સાથે એ વિવેક પણ હોવો જોઈએ કે જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ આ શરીર નિરપેક્ષ નિર્મોહી સાધનામાં આત્મ-સમાધિ ભાવોની ઉચ્ચતા, અંતર્મનની પ્રસન્નતા અને ઉત્સાહ બરાબર છે કે નહીં ? જો આત્મ સમાધિમાં અથવા આત્માના ઉચ્ચ ભાવોમાં મલિનતા થાય, શારીરિક ક્ષમતાનું ઉલ્લંઘન થાય તો થોડોક સમય શરીરને વિરામ આપીને ફરી સાધનાને બળવાન બનાવવા વિવેક રાખવો જોઈએ. વિવેકનું લક્ષ્ય ન હોય તો અવિવેક થવાથી ક્યારેક આત્મ સાધનામાં નુકશાન પણ થઈ શકે છે.

આ પ્રકારે આ જિનશાસનમાં ઉત્કટ અને ઘોર તપ સાધનામાં પણ વિવેક સર્વત્ર અપેક્ષિત છે. પોતાની વાસ્તવિક ક્ષમતા હોય તો કઠોરમાં કઠોર દુષ્કર તપ સાધના માટે પણ નિષેધ નથી, પ્રેરણા જ છે. એવા પ્રેરક કેટલાંક આગમ વાક્ય આ પ્રકારે છે– **इह आणाक खी प डिए अणिहे, एग अप्पाण स पेहाए धुणे सरीर । कसेहि अप्पाण , जरेहि अप्पाण , जहा जुण्णाइ कट्ठाइ हव्ववाहो पमत्थइ । एव अत्तसमाहिए, अणिहे ।**

જિનાજ્ઞાની આકાંક્ષા, અપેક્ષા રાખનાર પંડિત મુનિ પોતાના આત્માના એકત્વનો વિચાર કરી અને શરીરથી પોતાના ભિન્નત્વનો વિચાર કરી શરીરને કૃશ કરે, જીર્ણ કરે. જે રીતે અગ્નિ જીર્ણ લાકડાનો શીઘ્ર નાશ કરી નાંખે છે, તે રીતે શરીરના માધ્યમથી કર્મોનો નાશ કરે.

અહીં અંતિમ વાક્યમાં વિવેક અને શરીરની અપેક્ષાની વાત કરી છે કે– **एव अत्तसमाहिए** આ પ્રકારે કરતાં થકાં પણ આત્મ સમાધિનું ધ્યાન રાખે. પરંતુ **अणिहे**–શરીર પ્રત્યે મોહ ભાવ ન કરતાં થકાં.

આ પ્રકારે શરીરની નિર્મોહતાની સાથે આત્મસમાધિ, સહનશીલતા, પ્રસન્નતાનો પણ નિર્દેશ કરવામાં આવેલ છે. તે વાક્ય આ પ્રકારે છે– **आवीलए पवीलए णिप्पीलए, जहित्ता पुव्व स जोग , हिच्चा उवसम ।**

**विगिंच म स सोणिय , एस पुरिसे दविए, वीरे, आयाणिज्जे वियाहिए । जे धुणाइ समुस्सय , वसित्ता ब भचेर सि ।** ભાવાર્થ પ્રાયઃ ઉપર કહેલ છે. વિશેષ એ છે કે સંયમીને લક્ષ્ય કરીને આ ઉપદેશ આપવામાં આવેલ છે. આ પ્રકારની શરીર નિરપેક્ષ ઉત્કટ સાધના કરનારને આદર્શ સંયમવાન, વીર, પૂજનીય કહેવામાં આવે છે. જે સંયમમાં(બ્રહ્મચર્યવાસમાં) સ્થિર રહીને **समुस्सय** આ શરીરનો અને કર્મ સમૂહનો ક્ષય કરવામાં સંલગ્ન રહે છે. આ સર્વ ઉપદેશ મોક્ષ પ્રાપ્તિના લક્ષ્યવાન સાધકો માટે છે, પરંતુ જે સંયમ સ્વીકાર પછી કર્મક્ષયના લક્ષ્ય સાથે અનેક સામાજિક કે ઐહિક પ્રવૃત્તિમાં જોડાઇ જાય છે તે શરીર પ્રતિ ઉત્કૃષ્ટ કોટિનો નિર્મોહભાવ કેળવી શકતા નથી.

આ પ્રકારના સાધકોએ પોતાના જીવનમાં ક્યારેક આ સૂત્રથી પ્રેરણા પામીને જ્ઞાન ચિંતન અને વૈરાગ્યના સિંચનથી અવશેષ જીવનમાં કે અંતિમ જીવનમાં સૂત્રોક્ત નિર્મોહભાવ, આત્મ જાગૃતિ પેદા કરી કર્મોનો ક્ષય કરવામાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાવવી જોઇએ.

**પ્ર.૫ : ક્રોધ કષાય કે પ્રતિકષાયના સંબંધમાં અહીં શું સમજાવ્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં ક્રોધ, પ્રતિક્રોધ સંબંધી ઉપદેશ વચન છે. તેના ભાવ આ પ્રમાણે છે– શરીર નિરપેક્ષ ઉત્કટ સાધનાના ઉપદેશ





પછી તરત જ ક્રોધ ત્યાગનો ઉપદેશ છે. તેનું તાત્પર્ય એ છે કે ઉત્કટ તપસ્યા અને દેહ કષ્ટમય સાધનાની વૃદ્ધિની સાથે ક્રોધ પણ ક્ષીણ થવો જોઇએ. ક્રોધની વૃદ્ધિ ન થાય તેની પણ સાવધાની રાખવી જોઇએ.

સાવધાનીપૂર્વક સાધકે પોતાના ક્રોધ ભાવને દૂર કરતા રહેવું જોઇએ. કોઇ પણ પ્રસંગ કે સંયોગથી વિચારો ચંચળ ન બને તે માટે જાગૃત રહેવું જોઇએ. સ્થિર ચિત્ત રાખી ક્રોધના દુષ્પરિણામોનું ચિંતન કરીને ક્રોધને ક્યારે ય પણ આવવા ન દેવો જોઇએ, કાઢતા રહેવું જોઇએ, ઉદય થયેલા ક્રોધને નિષ્ફળ કરતા રહેવું જોઇએ. **विगिंच कोह , अविक पमाणो ।**

મનુષ્ય જીવનને અલ્પાયુષ્યવાળું જાણીને, વિચાર કરીને અને ક્રોધથી થનારા ઐહિક અને પારલોકિક દુઃખોને જાણી, દેખીને વિચાર કરે કે ક્રોધના કારણે જીવ નરકાદિ ગતિઓમાં વિવિધ પ્રકારનાં કષ્ટો દુઃખોનો અનુભવ કરે છે, દુઃખ પામતો રહે છે= **इम णिढद्धाउय स पेहाए । दुक्ख च जाण अदु आगमेस्स , पुढो फासाइ च फासे ।**

તે ક્રોધજન્ય કષ્ટો અને દુઃખોથી ઘેરાયેલો જીવ ગમે ત્યાં તરફડતો, ભટકતો રહે છે= **लोय च पासविफ दमाण ।**

જે પાપ કર્મોનો ત્યાગ કરીને પ્રવ્રજિત થઇ ગયા છે તે અણગારને **अणिदाण** અર્થાત્ ક્રોધ,ક્લેશ, વૈરભાવ આદિથી રહિત કહેવામાં આવેલ છે અર્થાત્ મુનિ અનિદાન–કષાય ત્યાગી હોય છે. જેથી સંયમ સાધનામાં સ્થિત ઉત્તમ જ્ઞાની વિવેકી આત્માઓએ સ્વયં ક્રોધ કરવાના ત્યાગની સાથે જ કોઇના ક્રોધ કરવાની સામે પ્રતિશોધ રૂપમાં, પ્રત્યુત્તરમાં પણ ક્યારે ય ક્રોધ ન કરવો જોઇએ, વેર બદલાની ભાવના પણ ન રાખવી જોઇએ. હૃદયમાં કોઇના પ્રત્યે ક્રોધની આગ પણ ન રાખવી જોઇએ. કેમ કે મુનિને **अणियाणा** નિદાન રહિત, ક્રોધ પ્રતિજ્ઞા રહિત કહેવામાં આવેલ છે= **जे णिव्वुडा पावेहिं कम्मेहिं, अणियाणा ते वियाहिया । तम्हातिविज्जो णो पडिस जलिज्जासि ।**

અહીં સંપૂર્ણ વિષય ક્રોધની અપેક્ષાએ કહેવામાં આવેલ છે. તેવી જ રીતે સર્વ કષાયોને દુઃખનું અને ભવભ્રમણનું કારણ સમજવું જોઇએ. મુનિ સર્વ કષાયોના ત્યાગી હોય છે, જેથી તેમણે ચારે કષાયોથી દૂર રહેતાં થકાં, સંયમ સાધનામાં સાવધાનીની સાથે પ્રગતિ કરતા રહેવું જોઇએ.

તાત્પર્ય એ છે કે ઉત્કટ તપ સાધનાની સાથે ક્રોધ ત્યાગ પણ જરૂરી છે તેમજ માન, માયા લોભથી પણ સાવધાન રહેવું.

આ પ્રકારે આ ચોથા અધ્યયનમાં શરીરના મમત્વનો ત્યાગ, ઉત્કટ તપ અને કષાય ત્યાગના સુમેળ સાથે ઉપદેશ આપવામાં આવેલ છે.

**પ્ર.૬ : આ અધ્યયનમાં કઠિન શબ્દ કે કઠિન વાક્ય કયા છે અને તેમના અર્થ શું છે ?**

**જવાબ : आइक्ख ति** સામાન્ય રૂપે કહેવું કે પૂછવા પર કહેવું. **भास ति**= પરિષદમાં કંઈક વિસ્તારથી સમજાવવું. **पण्णवेंति**= દષ્ટાંત રૂપમાં નિરૂપણ કરવું. **परूवेंति**= હાનિ લાભ, પરિણામ બતાવીને સમજાવવું. **सुद्धे**= પવિત્ર છે, પાપ બંધથી રહિત છે. **णिइए**= નિત્ય, અપરિવર્તનીય. **सासए**= શા✓ત, સદા રહેનાર છે. નાશ ન પામનાર છે. **तच्च चेय, तहा चेय**= સત્ય છે, અનુભવ ગમ્ય છે, યથાર્થ છે.

**उट्ठिएसु अणुट्ठिएसु**= ધર્મભાવ સહિત અને ધર્મભાવ રહિત, **उवरयद डेसु अणुवरयद डेसु**= પાપોના ત્યાગી અને ત્યાગ રહિત, **सोवहिएसु अणोवहिएसु**= સંપન્ન-અસંપન્ન કે રોગી-નિરોગી, **स जोगरएसु अस जोगरएसु**= ગૃહસ્થ અને અણગાર.

આ બધા માટે ઉક્ત અહિંસાનો સિદ્ધાંત કહેવામાં આવેલ છે એટલે કે અહિંસાનો સિદ્ધાંત સર્વને માટે સમાન રૂપે સ્વીકાર કરવા યોગ્ય, માન્ય કરવા યોગ્ય છે.

**વિશેષ :–** અહીં પ્રતોમાં **उवट्ठिएसु वा अणुवट्ठिएसु वा** આટલો પાઠ અધિક મળે છે. એનો અર્થ એ છે કે જે ધર્મ શ્રવણ કરવા માટે ઉપસ્થિત થયા હોય કે ઉપસ્થિત ન થયા હોય, અહિંસાનો સિદ્ધાંત સર્વને માટે એક સમાન ધ્રુવ સિદ્ધાંત છે.

છઠ્ઠા અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં ઉપદેશ કોને સંભળાવવો અને શું સંભળાવવું આદિ કથન છે. ત્યાં– **उट्ठिएसु अणुट्ठिएसु वा सुस्सूसमाणेसु धम्म पवेयए**= ધર્મનિષ્ઠ યા ધર્મરહિત ગમે તે વ્યક્તિ ધર્મશ્રવણ કરવા માટે ઉપસ્થિત છે, તેમને ધર્મોપદેશ આપે.

ત્યાં ધર્મોપદેશ આપવાના પ્રકરણમાં ત્રણ જ શબ્દ કહ્યા છે અને **पवेयए** ક્રિયા છે. પ્રસ્તુત સૂત્રમાં આઠ અથવા દસ શબ્દ કહ્યા છે પરંતુ તેની સાથે **पवेयए** ક્રિયા નથી. જેથી આ દસ શબ્દો ધર્મ શ્રવણ કરાવવાના નથી પરંતુ સર્વને માટે અહિંસાના સિદ્ધાંતની સમાનતા, સત્યતા અને યથાર્થતા સમજાવવા માટે **पवुच्चइ** ક્રિયા યુક્ત છે. **पवुच्चइ** ક્રિયાનો અર્થ છે– તે સિદ્ધાંત કહ્યા છે. આ રીતે અર્થ સમજવાથી આઠ યા દસ શબ્દોની અર્થ સંગતિ થઈ શકશે. જેનો ભાવાર્થ એમ થશે કે બધાં પ્રાણીઓ માટે અહિંસામય ધર્મ છે, તેને સત્ય સમજીને સ્વીકાર કરવો જોઈએ અને એની ઉપેક્ષા ન કરવી જોઈએ.

**त आइत्तु ण णिहे ण णिक्खिवे**= એવા શુદ્ધ ધર્મની સમજને પ્રાપ્ત કરી,





તેને કાર્યાન્વિત–જીવનગત કરે, ધર્મમાં, નિયમમાં આગળ વધે. તે જ્ઞાનનું ગોપન ન કરે, કેવળ જાણીને અટકી ન જાય, વિકાસ કરે. **ण णिक्खिवे**= છોડે નહીં, તે સમજનો ત્યાગ કરી પુનઃ ખોટી સમજનો સ્વીકાર ન કરે. તાત્પર્ય એ છે કે અહિંસા સિદ્ધાંત સમજીને યથા શક્ય હિંસાનો ત્યાગ વધારતા જાય, જાણીને જ અટકે નહીં અને અહિંસાના સિદ્ધાંતની ક્યારે ય અશ્રદ્ધા ન કરે. આ શુદ્ધ ધર્મને ક્યારે ય પણ અમાન્ય ન કરે.

**दिट्ठेहिं णिव्वेय गच्छेज्जा** = ઈન્દ્રિય વિષયો પ્રાપ્ત થવા છતાં પણ તેનાથી વિરક્ત રહે, તેના આસેવનમાં આસક્ત ન બને, **णो लोगस्सेसण चरे**= લોકરુચિ, સાંસારિક લોકો જેવી ભાવના, બુદ્ધિ, ઈચ્છા ન રાખે એટલે કે ઈન્દ્રિયાધીન વૃત્તિ ન રાખે, **जस्स णत्थि इमा णाई अण्णा तस्स कओ सिया ?** = જેમને ઉપરોક્ત વિષયેષણા, લોકેષણાની બુદ્ધિ–સંજ્ઞા (**णाई**) નથી તો તેને અન્ય અનેક સંસાર પ્રપંચના આરંભ સમારંભ સાવદ્ય પ્રવૃત્તિ પણ હોતી નથી.

**जमेय परिकहिज्जइ**= જે આ કથન કહેવાયેલ છે. તે સર્વજ્ઞો દ્વારા જોવા-જાણવા માં આવેલ છે. તેમની પાસેથી સાંભળ્યું છે, મનન કર્યું છે અને વિશેષ સમજીને જાણવામાં આવેલ છે. **दिट्ठ सुय मय विण्णाय ।**

**समेमाणा**= પ્રાપ્ત વિષયોમાં આસક્તિભાવ રાખનારા અને સાથે જ, **पलेमाणा**= અપ્રાપ્ત ભોગોને માટે લાલસા રાખનારા, **चिट्ठ कूरेहिं कम्मेहिं**= અત્યંત ક્રૂર કર્મ કરવાવાળા, **चिट्ठ परिचिट्ठइ**= અત્યંત દુઃખ દેનારા નરક સ્થાનોમાં લાંબા કાળ સુધી રહે છે.

**एगे वय ति अदुवा वि णाणी**= ઉપર કહેલ અને આગળ કહેવામાં આવનાર ઉપદેશ કે સિદ્ધાંત કોઈ એક શ્રદ્ધાસંપન્ન સામાન્ય જ્ઞાની પણ એવું જ સમજાવી શકે છે કે જેવું વિશિષ્ટ જ્ઞાની સમજાવે છે, જેમણે કે સમ્યગ્ શ્રદ્ધાની સાથે વિશિષ્ટ જ્ઞાની દ્વારા શ્રવણ ગ્રહણ કર્યું હોય. તાત્પર્ય એ છે કે શુદ્ધ ધર્મતત્ત્વ અને આત્મોન્નતિનું જ્ઞાન સમ્યક શ્રદ્ધા સંપન્ન સામાન્ય જ્ઞાની અથવા વિશિષ્ટ જ્ઞાની દ્વારા પણ પ્રાપ્ત કરી શકાય છે.

**उवेहि ण बहिया य लोय** = જે લોકો ધર્મથી વિમુખ છે અથવા જે સદ્ગુણોથી દૂર છે એવા અસદ્ આચરણ કે વિરુદ્ધ આચરણ કરનારાઓ પ્રતિ દ્વેષ, નિંદા, રોષ ભાવ ન કરતાં તેમના તરફ, તેમના અવગુણો પ્રતિ ઉપેક્ષાભાવ રાખવો જોઈએ. તાત્પર્ય એ છે કે પરના દોષો કે અવગુણોને જોઈ પોતાના આત્મામાં તેમના તરફ હીન ભાવના અથવા રોષ ભાવના કર્યા વિના ઉપેક્ષાભાવથી તટસ્થ રહેવું જોઈએ. **से सव्व लोग सि जे केइ विण्णु**= ઉપરોક્ત પ્રકારે દુર્ગુણી વ્યક્તિઓના નિમિત્તે કર્મબંધ ન કરતાં ઉપેક્ષાભાવ રાખનારા સાચા જ્ઞાની,

**अणुवीइ पास**= વિશિષ્ટ સાધક સમસ્ત લોકમાં જેટલા પણ છે તેમને જૂએ, તેમના ગુણોનું ચિંતન કરે.

**णिक्खित्त ड डा**= જેમણે સંપૂર્ણ પાપોનો, પાપકૃત્યોનો, અસદ્ આચરણનો ત્યાગ કરેલ છે(તેમને જુઓ), **जे केइ सत्ता पलिय चय ति**= જે કોઈ સત્ત્વ સંપન્ન સાધક કર્મોનો ક્ષય કરવામાં લીન છે (તેમના ગુણોનો વિચાર કરો), **णरे मुयच्चा**= અને જે સાધકોએ કષાયોને પૂર્ણ શાંત કરેલ છે અથવા જેમના કષાય નાશ થયા છે(તેમને જુઓ) અથવા તો જેમણે શરીર-સંસ્કાર, મોહ-ભાવનો પૂર્ણ ત્યાગ કરી દીધો છે અને શરીરને વિકટ તપ સંયમમાં લીન કરેલ છે, શરીરના મમત્વ મુર્ચ્છાનો નાશ કર્યો છે. એવા **धम्मविउत्ति अ जू**= જે ધર્મજ્ઞ, સરલ, સંયમવાન છે, તેમને જોઈને તેમના ગુણોનો વિચાર કરી કર્મ નિર્જરા કરતાં પોતાના આત્મગુણોનો વિકાસ કરવો જોઈએ.

તાત્પર્ય એ છે કે આત્મ અવનતિમાં મગ્ન બનેલાં પ્રવાસીઓના અવગુણની ચર્ચા ચિંતનમાં ન પડવું જોઈએ. તેમને જોયા ન જોયા કરી દેવા, સાંભળ્યા ન સાંભળ્યા કરી દેવા, પોતાના દિલ દિમાગના ચિંતનના વિષય જ ન બનાવવા જોઈએ. પરંતુ આત્મ ઉન્નતિની તરફ સર્વતોમુખી વિકાસ કરનારા આદર્શ સાધકો તથા તેમના ગુણોનું ચિંતન, સ્મરણ તથા અનુમોદનાથી પોતાના આત્માને વિકાસોન્મુખી બનવાની પ્રેરણા આપવી જોઈએ. એ રીતે પરદોષ–અવગુણ રમણતા બુદ્ધિનો ત્યાગ કરી, ગુણવાનોના ગુણ ગ્રહણ કરનારી બુદ્ધિ રાખવી જોઈએ. પર અવગુણના નિમિત્તથી પણ સ્વદોષ દર્શન યા નિરીક્ષણની બુદ્ધિ તીક્ષ્ણ કરવામાં અને પોતાનાં તે દોષોનાં પરિમાર્જન, શોધન કરીને તેને ગુણોમાં પરિવર્તિત કરવામાં લીન રહેવું જોઈએ. એવા જ ઉચ્ચ ચિંતન અને સંસ્કારોથી આત્માને ભાવિત કરતા રહેવું જોઈએ.

**अविमणे**= સ્થિરચિત્ત રહે અર્થાત્ મનને ઈન્દ્રિય વિષયોમાં વિકૃત ન કરનારા, પવિત્ર મનવાળા રહે, **सारए**= સ્વમાં રત રહેનારા, આત્મભાવમાં કે સ્વીકાર કરેલા સંયમ-તપમાં લીન રહેનારા, **अणियट्टगामीण** = મોક્ષગામી યા મોક્ષમાર્ગી મુનિઓનું, **समुस्सय**= કર્મસમૂહને, કર્મભંડારને, **धुणाइ**= નાશ કરે છે, ક્ષય કરે છે.

**णेत्तेहिं पलिछिण्णेहिं**= નેત્ર આદિ, ચક્ષુ આદિ ઈન્દ્રિય વિષયોની આસક્તિનો, આસક્તિભાવોનો નાશ કરીને, **आयाण**= હિંસાદિ પાપ, **सोय**= ઈન્દ્રિયોનાં વિષયમાં, **गढिए**=ગૃદ્ધ રહેનારા અર્થાત્ સંયમ લઈને પાપો અને વિષયોનો ત્યાગ કરીને પણ કોઈ સાધક પાપોમાં અને ઈન્દ્રિય વિષયોમાં લીન રહેનારા, **अवोच्छिण्ण ब धणे**= કર્મ બંધનોનો નાશ કરી શકતા નથી, તોડી શકતા નથી, **अणभिक तस जोए**= બાહ્ય આભ્યંતર સંજોગોનો ત્યાગ કરી શકતા નથી





અથવા પ્રતિકૂળ પરિસ્થિતિઓને પાર કરી શકતા નથી, **तम सि अविजाणओ**= તે જ્ઞાની હોવા છતાં પણ અજ્ઞાનના અંધકારમય જીવનવાળા બની જાય છે અથવા અજ્ઞાનદશાના કારણે તેઓનું ભવિષ્ય અંધકારમય, દુર્ગતિવાળું બની જાય છે, **आणाए ल भो णत्थि**= આજ્ઞાનો લાભ, જિનાજ્ઞાની આરાધના કે આજ્ઞાનુસાર સંયમપાલનનો લાભ પણ તેને મળી શકતો નથી.

આ પ્રકારે ઈન્દ્રિય વિષયોની આસક્તિ અને પાપના પરિણામને જાણીને સાવધાનીપૂર્વક સંયમ આરાધનામાં પ્રયત્નશીલ બનવું જોઈએ.

**जस्स णत्थि पुरा पच्छा, मज्झे तस्स कओ सिया**= જેના પ્રારંભે યા અંતે આજ્ઞાની આરાધના નથી, સંયમની આરાધના નથી તો મધ્યમાં આજ્ઞાની આરાધના કરી ન કરી, કોઈ અર્થભૂત રહેતી નથી અર્થાત્ જે સાધક સંયમનું પાલન કરીને પછી વિષયાસક્તિમાં ફસાઈ જાય છે અથવા જેના પ્રારંભથી જ સુસંસ્કારયુક્ત સંયમ સાધના કે ઈન્દ્રિય વિજય નથી, આ પ્રકારે જેમનું પ્રારંભિક જીવન અને અંતિમ જીવન સફળ સાધના આરાધના યુક્ત નથી, તો મધ્યમાં તેનું સફળ થવું શક્ય નથી અને મધ્યમાં કંઈ કર્યું હોય તો પણ સાર્થક(આરાધના કરાવનારા) થતાં નથી. જેથી સાધકે પ્રારંભથી જ જિતેન્દ્રિય અને પાપત્યાગમાં સાવધાન રહેવું જોઈએ અને અંત સુધી પણ તે જ સાવધાનીથી આરાધના કરવી જોઈએ.

પ્રારંભ બગડે તો વિકાસની આશા નથી અને અંત બગડે તો કરેલા કાર્યની સફળતાના લાભથી વંચિત રહેવું પડે છે. તેથી આદિ અને અંતને સુધારવાનું લક્ષ્ય રાખવું જરૂરી છે. જીવનનો અંત નિશ્ચિત નથી, તેથી સતત સાવધાન રહેવું જરૂરી છે.

આ સૂત્રનો અર્થ કરવામાં પહેલા અને પછી સુખ, લાલસા, વિષયાસક્તિ, સમકિત આદિ વિષયોને લક્ષ્ય કરીને પણ વ્યાખ્યાઓમાં સમજાવવામાં આવેલ છે. ગૂઢાર્થવાળા કે બહુઅર્થી શબ્દો, વાક્યોમાં અનેક અપેક્ષાએ અનેક અર્થ કેટલાંક સૂત્રોમાં થાય છે. જેમાં આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધની સૂત્ર રચના યા શબ્દ રચના તો એવી છે કે જે રીતે વ્યાખ્યાન સાંભળવા સમયે સંક્ષિપ્ત મુદ્દા–સાર સંકલન કરવામાં આવે છે. આ પ્રકારના અતિ સંક્ષિપ્ત સૂત્ર વધારે છે. આ કારણે આ અધ્યયનોમાં એક અર્થને કહેનારા અનેક શબ્દ છે અને અનેક અર્થ નિકળી શકે એવા વાક્ય પણ કેટલાય છે. તેથી ટીકાકારોએ અને ભાષાંતર કરનારા આચાર્યોએ પણ અનેક સૂત્રોમાં વૈકલ્પિક બે–ત્રણ અર્થ કર્યા છે, જે અપેક્ષાથી ઘટિત કરવામાં આવે છે.

**स घडद सी**= સતત જાગૃત રહેનારા, નિરંતર સાવધાની રાખનારા, **अहातहा**

**लोगमुवेहमाणा**= લોક સ્વરૂપને યથાર્થ સમજનારા, **पाईण पडीण** = સર્વત્ર સદા, **सच्च सि**= સંયમમાં, **परिचिट्ठिसु**= સ્થિર રહે. જે વીર, જ્ઞાની પુરુષોએ ઉપરોક્ત વિધિથી સંયમનું પાલન કર્યું, તેમના તે જ્ઞાનને, ગુણોને, અમે પણ જીવનમાં, **साहिस्सामो**= ધારણ કરીશું. તે સમસ્ત ઉચ્ચગુણ યુક્ત સમસ્ત સાધનાને અમે પણ ધારણ કરીશું.

તાત્પર્ય એ છે કે પ્રત્યેક સાધક અન્ય આદર્શ આરાધકોના ગુણો, આચરણોને લક્ષ્યભૂત બનાવીને, પોતાના જીવનને તેવું જ આરાધક બનાવવાનું લક્ષ્ય સ્થિર કરે, **पासगस्स**= એવા જ્ઞાની અને સ્થિર લક્ષ્યવાળાઓને ફરી સંસારની, ભવભ્રમણની કોઈ ઉપાધિ રહેતી નથી.

**जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा । जे अणासवा ते अपरिस्सवा, जे अपरिस्सवा ते अणासवा ।** (૧) જે આશ્રવના કાર્ય છે–પાપના કાર્ય છે, ત્યાં પણ વિવેકશીલ આત્માર્થી પોતાના ભાવોથી સમ્યક ચિંતન અને વિવેકયુક્ત પ્રવૃત્તિથી કર્મોની નિર્જરા કરી શકે છે. જેમ કે ચોરને દેખીને સમુદ્રપાલ.(ઉત્તરા.૨૧) (૨) જે નિર્જરા સ્થાન છે, કાર્ય છે, પ્રસંગ છે; ત્યાં અનાત્માર્થી અવિવેકી જીવ આશ્રવ–કર્મસંગ્રહ કરી લે છે. જેમ કે–નાગેશ્રી બ્રાહ્મણી.(જ્ઞાતા.૧૬) (૩) જે અનાશ્રવ–સંવરના સ્થાન કે કાર્ય છે ત્યાં પણ આળસુ વ્યક્તિ નિર્જરા લાભ પ્રાપ્ત કરતા નથી. જેમ કે વ્યાખ્યાનમાં કે સામાયિકમાં નિદ્રા કરનારા. (૪) જે નિર્જરાના સ્થાન કે કાર્ય નથી, ત્યાં પણ કોઈ પોતાને નિયંત્રણમાં રાખીને આશ્રવ–અશુભ કર્મ સંગ્રહ ન કરે. જેમ કે સિનેમા, નૃત્યગાન જોવાના સમયે પણ જ્ઞાનથી, વૈરાગ્યથી ઉદાસીનભાવમાં રહે અથવા નિદ્રા લે કે સૂઈ જાય.

આશ્રવ=કર્મસંગ્રહ, પરિશ્રવ=કર્મનિર્જરા. સર્વથી શ્રેષ્ઠ પ્રથમ વિકલ્પ છે. ત્યાર પછી ક્રમશઃ ચોથો, ત્રીજો અને બીજો વિકલ્પ છે.

**आवीलए पवीलए णिप्पीलए । जहित्ता पुव्वस जोग , हिच्चा उवसम** = (૧) દીક્ષા સમયથી જ સામાન્ય તપની સાથે અધ્યયન (૨) ધર્મ પ્રચાર અને વિશિષ્ટ તપ (૩) નિવૃત્તિ યુક્ત સંલેખના અને ત્યાર પછી સંથારો–આજીવન અનશન. જીવનની આ ત્રણ અવસ્થાઓનો સમાવેશ કરનારા **आवीलए** આદિ ત્રણ શબ્દો તપસ્યાના પ્રેરક છે.





# અધ્યયન–૫ : લોકસાર

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? તેની સાર્થકતા કઈ રીતે થાય છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ 'લોકસાર' છે ક્યાંક **आव ति** નામનો ઉલ્લેખ પણ છે. અધ્યયનના પ્રારંભિક શબ્દના આધારે પણ નામકરણ થઈ શકે છે. 'આવંતિ' નામ તે અનુસારે છે. તેમાં અર્થની પ્રધાનતા નથી.

લૌકિક અને લોકોત્તર દૃષ્ટિથી સારભૂત પદાર્થો બે પ્રકારના છે. તેમાં લૌકિક દૃષ્ટિએ ધન, પરિવાર, ભૌતિક શ્રેષ્ઠ પદાર્થ, સુખસામગ્રી સારભૂત છે.

પ્રસ્તુત અધ્યયનમાં લોકોત્તર દૃષ્ટિએ સારભૂત તત્ત્વનું કથન છે. આત્મા, મોક્ષ, મોક્ષપ્રાપ્તિના સાધનરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તે માટેનો તીવ્રતમ પુરુષાર્થ. આ સર્વ તત્ત્વ આત્માને માટે સારભૂત છે. પ્રસ્તુત અધ્યયનમાં લોકોત્તર સારભૂત તત્ત્વોનું વર્ણન છે. તેથી તેનું 'લોકસાર' નામ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં ઉદ્દેશક કેટલા છે ? તેમાં મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં છ ઉદ્દેશક છે, તેમાં મુખ્ય વિષય આ પ્રમાણે છે–

**ઉદ્દેશક–૧** માં :– સંસારી જીવોની પરિણતિ, ભોગાસક્તિ, તેનું પરિણામ, બ્રહ્મચર્ય સુરક્ષા, અયોગ્ય એકાકી ભિક્ષુ ઈત્યાદિ વિષયોનું વર્ણન કરીને અંતે અજ્ઞાનવાદીનું કથન છે.

**ઉદ્દેશક–૨** માં :– અમૂલ્ય માનવદેહ, શરીર સ્વભાવ, પરિગ્રહ, બ્રહ્મચર્ય અને આત્મપરિણામોથી બંધ તથા મુક્તિનો સંકેત કરીને અંતે અપ્રમત્ત સાધનાની પ્રેરણા કરી છે.

**ઉદ્દેશક–૩** માં :– અપરિગ્રહી સંયમી અને તેની ત્રિવિધ અવસ્થા, ઈન્દ્રિય વિષયાસક્તિ અને પાપ સેવનથી સંયમભાવનું પતન, આત્મ યુદ્ધ, સમ્યક સંયમ પાલન પ્રેરણા, અંતે વાસ્તવિક મુક્ત અને વિરતનું કથન છે.

**ઉદ્દેશક–૪** માં :– અપરિપક્વ મુનિની એકાકી ચર્યાનો નિષેધ અને ગુરુકુલ-વાસની પ્રેરણા, સ્ત્રી પરીષહ અને તેના ઉપાય રૂપ બ્રહ્મચર્ય સમાધિનું કથન છે.

**ઉદ્દેશક–૫** માં : મહર્ષિને દ્રહની ઉપમા, સમ્યક્ત્વની વિશુદ્ધિ, સંયમના વિચારોમાં સમ્યક અસમ્યક વિવિધ પરિણતિ, અહિંસક ભાવની સ્પષ્ટતા, અંતે આત્મવાદી અને આત્મજ્ઞાનીનું કથન છે. **ઉદ્દેશક–૬** માં : અનાજ્ઞાથી આજ્ઞામાં, અન્યમતથી સ્વમતમાં સ્થિર થવાની પ્રેરણા, આગમાનુસાર સંયમ પરાક્રમ પ્રેરણા, સંસાર સ્રોત, તેનાથી મુક્તિ, અંતે સિદ્ધાત્માનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

**પ્ર.૩ : આ અધ્યયનમાં બ્રહ્મચર્યની સફળ આરાધનાનો વિષય કઈ રીતે પ્રતિપાદિત કર્યો છે ?**

**જવાબ :** ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.૧૬ માં દશવિધ બ્રહ્મચર્યની સમાધિ, સાવધાનીનું વર્ણન કરીને અંતે ગાથા–૧૪માં આ પ્રમાણે કહ્યું છે કે **स का ठाणाणि सव्वाणि, वज्जेज्जा पणिहाणव** । અન્ય પણ સમસ્ત શંકાના સ્થાનોને અર્થાત્ બ્રહ્મચર્ય ભાવોના બાધક તત્ત્વોને જાણીને તેનો પૂર્ણપણે ત્યાગ કરે, તે પ્રવૃત્તિઓથી દૂર રહે. આચારાંગ સૂત્રના આ અધ્યયનમાં પૂર્વોક્ત ભાવાનુસાર **सस्य** શબ્દથી વિષયનો પ્રારંભ કર્યો છે. યથા– **सस्य परियाणओ, स सारे परिण्णाए भवइ** સંશય= બ્રહ્મચર્ય પરિણામોમાં સંશયાત્મક સ્થિતિ ઉત્પન્ન કરનારા સમસ્ત તત્ત્વોને ભાવોને **परियाणओ**= જ્ઞ પરિજ્ઞાથી જાણીને,પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરે અને બ્રહ્મચર્યના પરિણામોમાં દઢ રહે, તે જ **स सारे परिण्णाए**= સંસારનો ત્યાગી કે મુક્ત થઈ શકે છે. જે બ્રહ્મચર્યમાં શંકા ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિઓને સમજતા નથી અથવા સમજીને તેનાથી દૂર રહેતા નથી, તે સંસાર ત્યાગી કે મુક્ત થઈ શકતા નથી.

**जे छेए**= જે કુશલ, વિવેકી, મોક્ષગામી સંયમી સાધક હોય છે. **से सागारियण सेवइ** । તે ક્યારે ય કુશીલનું સેવન કરતા નથી. પરંતુ કોઈ નિષ્ફળ સાધક **कट्टु एव अविजाणओ** મૈથુન સેવન કરીને પણ પોતાના અસદ્આચરણને છુપાવે છે, ગુઢ સમક્ષ દોષોની આલોચના, નિંદા આદિ કરીને શુદ્ધ થતા નથી. તે તેની **बिइया म दस्स बालया**= મંદબુદ્ધિવાન, વિવેકપૂર્વક આત્મસંયમ અથવા આત્મરક્ષા કરી શકતા નથી; એવા તે સાધકની આ બીજી અજ્ઞાનતા છે કે જે શુદ્ધિ પણ કરતા નથી અને પૂછવા પર અજાણ બની જાય છે, તે સ્વયંને જ કર્મોથી ભારે બનાવે છે. આ તેનો બીજો અપરાધ છે. તેથી સંયમ સાધનામાં તત્પર સાધકોએ સદા સાવધાન રહેવું જોઈએ.

**लद्धा हुरत्था**= ક્યારેક કામભોગ સેવનનો સંયોગ ઉપસ્થિત થઈ જાય તો પણ **पडिलेहाए आगममित्ता**= ચિંતનપૂર્વક પોતાના કર્તવ્ય-અકર્તવ્યને જાણીને અથવા ગુપ્તદોષ સેવનના પરિણામને સમજીને **आणविज्जा अणासेवणयाए**= સ્વયંને કુશીલ સેવનના ત્યાગ માટે આજ્ઞાપિત કરે. એટલે કે આત્મા પર અનુશાસન–અંકુશ રાખીને ક્યારે ય કુશીલનું સેવન ન કરે.

**पासह एगे रूवेसु गिद्धे परिणिज्जमाणे**= સ્ત્રીના ભાવોમાં આસક્ત થઈને વિવિધ પરિણતિમાં પરિણત થનારા કેટલાક જીવો અને સાધકોની કેવી દશા થાય છે ? તેને જૂઓ.

**एत्थ फासे पुणो पुणो**= તે વારંવાર કષ્ટોને પ્રાપ્ત કરે છે. તેને આ ભવમાં





અપમાન, અસન્માન અને વિવિધ યાતનાઓ તથા તિરસ્કારની પ્રાપ્તિ થાય છે, ભવાંતરમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

આ જાણીને સંશયકારી સ્થાનોને એટલે કે બ્રહ્મચર્યમાં સ્ખલના થાય તેવી પ્રવૃત્તિઓને જાણીને, સમજીને તેનો ત્યાગ કરવામાં સાવધાન રહેવું જોઈએ. તેવા સાવધાન સાધક જ બ્રહ્મચર્યમાં સફળ થઈ શકે છે.

**પ્ર.૪ : સંશયકારી સ્થાન કયા કયા છે ?**

**જવાબ :** આ સ્પષ્ટીકરણ પ્રસ્તુત અધ્યયનમાં નથી. પરંતુ ઉત્તરાધ્યયન સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર અને આચારાંગ સૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધના 'ભાવના' અધ્યયનમાં સંશય સ્થાનોનું કથન છે, તેનો સાર એ છે કે બ્રહ્મચારી સાધક (૧) સ્ત્રીનો સંપર્ક ન કરે (૨) તેના અંગોપાંગને આસક્તિભાવોથી કે એકીટસે ન જૂએ (૩) તત્સંબંધી ચિંતન કે કથા ન કરે (૪) આવશ્યકતાઓને છોડીને સ્ત્રીઓથી સદા દૂર રહે (૫) આહારની મર્યાદા, ઉણોદરી, વિગય ત્યાગ, તપસ્યા આદિની આરાધનાનું લક્ષ રાખે (૬) શબ્દાદિ પાંચે ય ઈન્દ્રિય વિષયોમાં ઉદાસીન ભાવ રાખે, વિષયોના પ્રવાહમાં વહે નહીં; આગમ સ્વાધ્યાય, ચિંતન, મનન, ધ્યાન આદિ સત્ક્રિયા કરતા રહે; આત્માર્થ પ્રેરક આગમ વાક્યોથી બ્રહ્મચર્યના પરિણામોને પુષ્ટ કરે.

**પ્ર.૫ : સાવધાન રહેવા છતાં ક્યારેક ચલ-વિચલ પરિણામો થઈ જાય તો શું કરવું જોઈએ ?**

**જવાબ :** કોઈ પણ પરિસ્થિતિમાં અનાચાર સેવન–કુશીલ સેવન તો ન જ કરવું જોઈએ. પરંતુ ચલ-વિચલ પરિણામોની ચિકિત્સા આગમોક્ત વિધિથી કરવી જોઈએ. યથા– **उबाहिज्जमाणे गामधम्मेहिं**– ઈન્દ્રિય સ્વભાવથી જો પ્રબલ રૂપે કાય પરિચારણાની ઈચ્છા થાય, ચિત્ત વ્યાકુળ બની જાય, કુશીલ સેવન માટે અંતઃકરણ પ્રેરિત કરતું હોય ત્યારે શીઘ્રતાથી નિમ્નોક્ત ઉપાયોનું સેવન કરવું જોઈએ.

(૧) **अवि णिब्बलासए**– ભોજ્ય પદાર્થોમાં અત્યંત સામાન્ય પદાર્થ ગ્રહણ કરે, મનોજ્ઞ આહારનો ત્યાગ કરીને અલ્પ દ્રવ્યોનો જ આહાર કરે. (૨) **अवि ओमोयरिय कुज्जा**– તે પછી આવશ્યક હોય તો અલ્પ ભોજન કરે એટલે કે ઊણોદરી કરે. (૩) **अवि उड्ढं ठाण ठाएज्जा**– જો ત્યાર પછી પણ આવશ્યક હોય તો નિરંતર વધુ સમય સુધી ઊભા રહે, બેસે કે સૂવે નહીં. (૪) **अवि गामाणुगाम दुइज्जेज्जा**– અથવા ગ્રામાનુગ્રામ વિહાર કરે. (૫) **अवि आहार वोच्छिदेज्जा**– અથવા આહારના સંપૂર્ણ ત્યાગ રૂપ તપસ્યાનો પ્રારંભ કરે યા આજીવન અનશન કરે.

(૬) **अवि चए इत्थीसु मण** – આ રીતે કોઇ પણ પ્રકારે સ્ત્રીના સેવનની ઇચ્છાથી મનને નિવૃત્ત કરે.

સ્ત્રીસંસર્ગ– વિષય-સેવન આત્મા માટે પહેલાં કે પછી દુઃખનું કારણ છે, અશાંતિ અને કર્મબંધની વૃદ્ધિનું કારણ છે. કેમ કે તેમાં તીવ્ર આસક્તિ અને અવિવેક હોય છે. તેથી આત્મ સાધકોએ સમ્યક પ્રકારે વિચાર કરીને, ભાવીના દુઃખદ પરિણામોને જાણીને આત્માને અનુશાસિત કરવો જોઈએ. વિવેક યુક્ત નિર્ણય લઈને આત્માની સુરક્ષા કરવી જોઈએ. તત્સંબંધી મૂળપાઠ આ પ્રમાણે છે– **पुव्व  द डा पच्छा फासा, पुव्व  फासा पच्छा द डा । इच्चेते कलहा स गकरा भव ति । त  पडिलेहाए आगमेत्ता आणवेज्जा अणासेवणाए । से णो काहिए, णो पासणिए, णो स पसारए, णो मामए, णो कयकिरिए, वइगुत्ते, अज्झप्पस वुडे परिवज्जइ सया पाव , एव  मोण  समणुवासिज्जासि ।** **काहिए**= ત્યાર પછી ભવિષ્યમાં સ્ત્રી સંબંધી કથા વિકથા કે કામકથા ન કરે. **पासणिए**= વાસનાપૂર્ણ દષ્ટિથી સ્ત્રીઓને ન જૂએ. **स पसारए**= પરસ્પર આદાન પ્રદાન દ્વારા સ્ત્રી સંપર્ક વધારે નહીં. **मामए**=મમત્વ કે રાગ ભાવ રાખે નહીં. **कयकिरिए**= શરીરની શોભા વિભૂષા આદિ ન કરે. પરંતુ મૌન કરે અથવા વચનનો વિવેક જાળવે, પરિણામોને સંવૃત્ત કરે, શુભમાં જોડે, અશુભથી દૂર રહે, જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારોથી આત્મ પરિણામોને પવિત્ર રાખે, પાપોને છોડે. આ રીતે સંયમ ભાવનું સમ્યક પાલન કરે.

આચારાંગ સૂત્રના આઠમાં અધ્યયનમાં અંતિમ એક ઉપાય પ્રગટ કરતાં કહ્યું છે કે કોઇ પણ પ્રકારે બ્રહ્મચર્યની સુરક્ષા કરવી શક્ય ન હોય તો આગમ કથિત પરિણામોથી આત્માને ભાવિત કરીને ફાંસી આદિ કોઇ પણ યોગ્ય વિધિથી પોતાનું જીવન સમાપ્ત કરી લે, પરંતુ સ્ત્રી સેવન કે કુશીલ સેવન ન કરે. **तवस्सिणो हु त  सेय , ज  एगे विहमाइए, तत्थावि तस्स काल परियाए, से वि तत्थ विअ तिकारए**–(અધ્ય.૮) આ રીતે મૃત્યુ પ્રાપ્ત થાય તો પણ તે આરાધક છે, કર્મોનો અંત કરનાર છે.

**પ્ર.૬ : આ અધ્યયનમાં એકાકી વિચરણ કરનાર સાધુ માટે શું નિર્દેશ છે ?**

**જવાબ :** અન્ય આગમોમાં એકાકી વિચરણ કરનાર સાધુને માટે વિધિ અને નિષેધ રૂપ નિર્દેશ ઉપલબ્ધ છે. કોઇ યોગ્ય સાથી ઉપલબ્ધ ન હોય તો એકાકી વિહારની પ્રેરણા છે. ક્યારેક વૃદ્ધ, અતિવૃદ્ધ એકાકી વિહારી સાધુ માટે પણ સહયોગની ભાવનાનો સંદેશ છે. આગમના આ સર્વ સ્થાને જે એકાકી વિહારીના વર્ણન છે તે બધા ઉચ્ચ યોગ્યતાથી અને ગુઢ આજ્ઞાથી પ્રતિમા ધારણ કરીને ઉત્કૃષ્ટ સાધના કરનાર જ નથી પરંતુ પરિસ્થિતિથી પરાધીન થઈને, સમૂહમાં





સંયમ સાધના શક્ય ન હોય તો તે તથાપ્રકારના વિચિત્ર કર્મોદયના કારણે ગચ્છ છોડીને એકાકીવિહાર કરનારાઓના કથન પણ છે. છટ્ઠા અધ્યયનમાં આ પ્રકારના યોગ્ય સાધકને બુદ્ધિ સંપન્ન પણ કહ્યા છે.

પરંતુ આ પાંચમા અધ્યયનમાં અયોગ્ય, અપરિપક્વ અવસ્થામાં એકાકી વિહારીના વિષયમાં આ પ્રમાણે કહ્યું છે કે– **इहमेगेसिं एगचरिया भवइ से बहु कोहे..** આ જિનશાસનમાં કોઇ-કોઇ સાધુની દૂષિત એકચર્યા હોય છે. તેનું મુખ્ય કારણ છે વિષય, કષાય અને પ્રકૃતિની અત્યંત વિષમતા. તેના કારણે તે સમૂહથી નીકળી જાય છે. તે (૧) અતિ ક્રોધી (૨) અતિ માની (૩) અતિ માયાવી (૪) સીમાતીત લોભી (૫) આહાર, વસ્ત્ર, શય્યા આદિ પદાર્થોમાં અથવા જનસમાજમાં અતિ આસક્ત હોય છે (૬) અનેક પ્રકારે ઢોંગ, ધતિંગ કરનાર હોય છે. નટની જેમ અનેક રૂપ ધારણ કરે છે (૭) ધૂર્ત અને અવિશ્વાસ પાત્ર હોય છે (૮) સ્વયંના વિચિત્ર સ્વભાવ અને લોકોના વિચિત્ર વ્યવહારના કારણે ચંચળ ચિત્તવાળા થઈને ગમે ત્યારે સંકલ્પ વિકલ્પમાં ડૂબી જાય છે (૯) આશ્રવનાં કાર્યોમાં આનંદ માનનાર, અનેક આશાઓના વશવર્તી થઈ જાય છે અર્થાત્ લોકૈષણા અને યશકીર્તિના લાલચુ હોય છે (૧૦) અશુભ કર્મોથી ભારે બનેલા હોય છે (૧૧) સ્વયંને ઉન્નત આચારી હોવાનો દેખાવ કરે છે (૧૨) તેમ છતાં 'મને કોઇ જોઇ લે નહીં' તે શંકાથી છૂપી રીતે પાપાચરણ અથવા સંયમને દૂષિત કરે તેવાં આચરણો કરે છે (૧૩) કર્મના ઉદયથી સતત મૂઢ, મોહિતમતિ થઈને સંયમ ધર્મના મુખ્ય ઉદ્દેશથી ચ્યુત થઈ જાય છે. તેનું જાણપણું પણ ન જાણવા તુલ્ય થઈ જાય છે(ઉદ્દેશક–૧) ઉપરોક્ત ૧૩ દોષોમાંથી અનેક દોષ અને અવગુણ યુક્ત થઈને તે એકાકીપણે વિચરે છે.

**अवियत्त**= અપરિપક્વ અવસ્થા– (૧) ગુઢના સાનિધ્યમાં રહીને જેણે સંયમ સાધનાનાં સમસ્ત અંગોનો પરિપૂર્ણ અભ્યાસ કર્યો નથી અર્થાત્ દશ પ્રકારની સમાચારી, ક્ષમાદિ દશવિધ યતિધર્મ, મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અને પ્રતિલેખન, પ્રમાર્જન પરિષ્ઠાપન વિધિ આદિનો સંપૂર્ણ અભ્યાસ અને અનુભવ ન કર્યો હોય. (૨) સ્વ-પર સિદ્ધાંતના જ્ઞાતા ન હોય, સ્વસિદ્ધાંતમાં પારંગત ન હોય. (૩) ત્રણ વર્ષથી ન્યૂન દીક્ષાપર્યાય હોય. (૪) ૪૦ વર્ષથી અલ્પ ઉંમર હોય, **તેને અવ્યક્ત કહે છે.** અર્થાત્ તે એકલવિહારને અયોગ્ય ગણાય છે. આવા ભિક્ષુઓએ એકલવિહાર ન કરતાં યોગ્યતાની પ્રાપ્તિ સુધી ધીરજપૂર્વક સમૂહમાં, ગુઢકુળમાં ગુઢ આજ્ઞા કે આચાર્યની નિશ્રામાં જ રહેવું જોઈએ.

આવા અવ્યક્ત સાધકનું ગ્રામાનુગ્રામ વિચરણ અને તેનું પરાક્રમ–પ્રવર્તન પુઢષાર્થ પણ નિંદ્ય હોય છે. આવા અવ્યક્ત સાધક કોઇના પ્રતિકૂળ વચન પ્રયોગથી કોપિત, ઉત્તેજિત થઈ જાય છે અને પ્રશંસા કે સન્માન પ્રાપ્ત

થતાં અભિમાન કરે છે. આ રીતે મોહકર્મ રૂપ ક્રોધ, માનની પ્રબળતાથી મૂઢ બની જાય છે. તે નમ્રતા, લઘુતા, શાંતિ આદિ ગુણોથી વિકલ(અભાવવાળા) રહે છે. આ પ્રકારે અયોગ્યતામાં કરેલો એકલવિહાર આત્મશાંતિ કે સમાધિને પ્રાપ્ત કરાવી શકતો નથી.

આવા અપરિપક્વ સાધક ક્યારેક એકાંતવાદીઓની કુતર્ક જાલમાં ફસાઈને અને ક્યારેક સુખશીલતામાં લોભાઈને સંયમ કે રત્નત્રયથી વંચિત થઈ જાય છે અથવા ક્યાંક સ્ત્રી સંગમાં ફસાઈને પૂર્ણ પતિત પણ થઈ જાય છે. આવા ઉમદા દષ્ટિકોણથી આ અધ્યયનમાં અયોગ્ય અપરિપક્વ સાધકોને માટે એકલવિહાર અહિતકર કહ્યો છે અને વિષમ પ્રકૃતિવાળાનું જીવન પણ અપવિત્ર, નિંદનીય અને ધર્મરહિત કહ્યું છે.

**પ્ર.૭ : સાધકોની ત્રિવિધ અવસ્થા કઈ કઈ છે ?**

**જવાબ :** (૧) પ્રારંભથી અંત સુધી ઉન્નત ભાવોથી સંયમનું પાલન કરનારા (૨) પ્રારંભમાં ઉન્નત ભાવોથી સંયમનું પાલન કરીને પછી શિથિલાચારનું સેવન કરનારા (૩) પ્રારંભથી અવનત સંયમવાળા હોવાથી પછી પણ અવનત સંયમી રહે. તાત્પર્ય એ છે કે (૧) શુદ્ધાચારથી શુદ્ધાચારમાં (૨) શુદ્ધાચારથી શિથિલાચારમાં (૩) પ્રારંભથી જ શિથિલાચારી.

અહીં ત્રીજા ભંગમાં ગૃહસ્થોને માનવાનો અર્થ પણ કરવામાં આવે છે પરંતુ સંયમ સાધકોનું વર્ણન હોવાથી ઉપર્યુક્ત અર્થ અધિક સંગત છે. અંતે જે સંસારનો ત્યાગ કરીને પુનઃ સાંસારિક પ્રવૃત્તિઓમાં તલ્લીન બને છે, તે ગૃહસ્થ તુલ્ય જ બની જાય છે.

આ પ્રકારની વિભિન્ન અવસ્થાઓને જાણીને હંમેશાં જિનાજ્ઞાનું પાલન, લક્ષ્યપૂર્વક કરવું જોઈએ. ક્યાંય આસક્તિ ન રાખતાં વિરક્ત ભાવોમાં રમણ કરી, સાવધાની પૂર્વક સંયમમાં યત્ન કરવો જોઈએ, સદા શુદ્ધ સંયમ પાલનનો જ વિચાર કરવો જોઈએ.

**પ્ર.૮ : मन एव मनुष्याणा , कारण  ब ध मोक्षयो: । આ ઉક્તિ શાસ્ત્રના આધારે કઈ રીતે સિદ્ધ થાય છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં કહ્યું છે– **से सुय  च मे अज्झत्थिय च मे, ब ध पमोक्खो अज्झत्थेव** ।= મેં સર્વજ્ઞો પાસેથી સાંભળીને, વિચારીને, અનુભવ કરીને સમજ્યું છે કે જીવોને કર્મબંધ અને કર્મમુક્તિ આત્મપરિણામોથી જ થાય છે અર્થાત્ વિચારોથી જ થાય છે.

આત્મપરિણામ સૂક્ષ્મદષ્ટિ છે અને તેને જ સ્થૂલ દષ્ટિથી ચિંતન મનન કહે છે. ચિંતન–મનન મનરૂપ સાધનથી થાય છે. શુભાશુભ પરિણામ એકેન્દ્રિય





આદિ સર્વ જીવોને હોય છે. આગમકારોનો આશય સર્વ જીવો માટે આત્મ-પરિણામોથી છે અને ઉપરોક્ત ઉક્તિમાં મનુષ્યો માટે અને વિશિષ્ટ કર્મોની અપેક્ષાએ છે. જેનું તાત્પર્ય એમ સમજવું કે મનુષ્યોને મનોસંકલ્પ વિના વચન કે કાયાથી થનારી પ્રવૃત્તિમાં કર્મબંધ નગણ્ય થાય છે, ખાસ કર્મબંધ મનસહિત પ્રવૃત્તિમાં જ થાય છે.

વ્યવહાર દષ્ટિ કે સ્થૂલ દષ્ટિએ ચિંતન–મનન અને આત્માના પરિણામને અલગ અલગ સમજવા કઠિન હોવાથી બંનેનો સમન્વય કરાય છે.

એક અપેક્ષાએ મનયોગના અભાવમાં એકેન્દ્રિયાદિ ને આત્માના અધ્યવસાયો–પરિણામોથી અને કાયયોગના માધ્યમથી અથવા વચનયોગના માધ્યમથી પણ અલ્પ કર્મબંધ થાય છે.

અહીં ઉક્ત સૂત્રમાં ગણધર પ્રભુએ પોતાના માટે **'મેં'** શબ્દનો પ્રયોગ કર્યો છે અને ચિંતન તથા આત્મ પરિણામો બંને માટે **अज्झत्थ** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**પ્ર.૯ : આ અધ્યયનમાં સાધુત્વ ભાવોને કઈ રીતે સમજાવ્યા છે ?**

**જવાબ :** લોક પ્રવાહની ઉપેક્ષા કરતાં, તેનાથી વિપરીત વિરક્ત ભાવોમાં વિચરણ કરનાર સાધક મોક્ષ પથ પર આરૂઢ કહેવાય છે. આ પ્રકારના સાધક સમસ્ત કર્મ પરિણામો, અવસ્થાઓને જાણીને હિંસાદિ પાપોનું સેવન ન કરે, સંયમમાં જ પુરુષાર્થ કરે. પ્રત્યેક પ્રાણીની શાતાનો વિચાર કરીને, **वण्णाएसी**– વર્ણ=યશ=સંયમ પાલનના ઈચ્છુક મુનિ કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે; એક માત્ર સંયમનું જ લક્ષ્ય રાખે; ત્યાગ-વૈરાગ્ય ભાવે વિચરણ કરે; સ્ત્રી આદિમાં આસક્ત ન બને. તે સંયમવાન મુનિ સર્વ પ્રકારના વિવેકજ્ઞાન સંપન્ન થઈને અંતઃકરણથી પાપકૃત્યોને અકરણીય માને અને તેની ચાહના ન કરે.

આ સાધનાનો નિષ્કર્ષ પછીના સૂત્રમાં કહ્યો છે કે **ज  सम्म  ति पासह, त  मोण  ति पासह । ज  मोण  ति पासह, त  सम्म  ति पासह ।** **सम्म**= સમ્યક સંયમ આચારનું પાલન જ્યાં દેખાય ત્યાં સાધુત્વને જૂઓ. જે વાસ્તવિક સાધુત્વમાં છે તે જ્ઞાન, દર્શન, ચારિત્રનું પૂર્ણ રૂપે સમ્યક પ્રકારે પાલન કરનારા છે. આ પ્રકારનું સમ્યક સંયમ પાલન શિથિલ માનસવાળાઓ માટે શક્ય નથી. મોહભાવથી પરાજિત, નિર્બળ મનવાળા, ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત, એશ આરામમાં કે અસંયમના આચરણમાં લીન, પ્રમાદી, ગૃહસ્થ તુલ્ય પરિણામી એવા, મુનિઓને માટે સમ્યક પાલન શક્ય નથી. તેથી તે ભાવ સાધુત્વમાં નથી. અહીં **पासह** શબ્દ જાણવા અને સમજવાના અર્થમાં પ્રયુક્ત છે.

સાધુત્વના સ્વીકાર પછી મુનિએ નિરંતર કર્મક્ષય કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેને શરીરનો મોહ છોડીને સામાન્ય અને રૂક્ષ આહારનું સેવન કરવું જોઈએ. આવા વીર સાધક અને સમત્વદર્શી અથવા સંયમાચારમાં રમણ કરનાર મુનિ સંસાર સમુદ્રને તરી જાય છે. તે સાધક વાસ્તવમાં તીર્ણ, મુક્ત અને વિરત કહેવાય છે. આ પ્રકારે અહીં સાધુતાના અનેક ગુણોની પ્રેરણા આપી છે.

**પ્ર.૧૦ : સમ્યક શ્રદ્ધા માટે અહીં શું કથન કર્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં આ પ્રકારે વર્ણન છે– **વિતિગિચ્છા સમાવણ્ણેણ अप्पाणेण णो लभति समाधिं** । કોઈ પણ વિષયમાં જિજ્ઞાસા બુદ્ધિ રહિત સંદેહ કરનાર સંદેહશીલ આત્માને ધર્મ આરાધનામાં શાંતિ–સમાધિ પ્રાપ્ત થતી નથી. તે કોઈ પણ તાત્ત્વિક વિષયોમાં કે સૂક્ષ્મતમ સિદ્ધાંતોમાં અથવા તો આચાર સંબંધી આદેશોમાં કોઈ પણ પ્રકારની શંકાઓમાં મુંઝાયેલા જ રહે છે. તે સમાધાન વૃત્તિ ન રાખતાં પોતાના મિથ્યાત્વ મોહનીય કર્મને પ્રબળ બનાવે છે. ક્રમશઃ ધર્મભાવોને વિનષ્ટ કરે છે. તેથી તે ધર્મ સમાધિને પ્રાપ્ત કરી શકતા નથી.

તે આ રીતે શંકાશીલ બની જાય છે– **सिया वेगे अणुगच्छ ति, असिया वेगे अणुगच्छ ति**= કેટલાક સાધક જિનાજ્ઞા અનુસાર સંયમનું પાલન કરે છે, કેટલાક કરતા નથી, તો શું ભગવાનની આજ્ઞા બંને માટે જૂદી છે ? શું તે શાસ્ત્ર જાણતા નથી ? તેના શાસ્ત્ર ભિન્ન છે ? **अणुगच्छमाणेहिं अणणुगच्छमाणे कह ण णिविज्जे ?** શું આજ્ઞાનુસાર ચાલનારા, ન ચાલનારાઓને સમજાવી શકતા નથી ? અથવા તો ન ચાલનારા તેની પાસેથી સમ્યક માર્ગને સમજી શકતા નથી ? તે બંને પ્રકારના સાધુ પરસ્પર શાસ્ત્રથી સમજીને કે સમજાવીને એક થઈ શકતા નથી ? શું શુદ્ધાચારી શિથિલાચારીને શિથિલાચારથી છોડાવી શકતા નથી ?

આવી અનેક પ્રકારની શંકાઓનું સમાધાન આ રીતે કરવું જોઈએ કે **तमेव सच्च णिस क ज जिणेहिं पवेइयं** । જિનેશ્વરોએ જે માર્ગ બતાવ્યો છે, જે તત્ત્વ અથવા આચાર કહ્યો છે, તે માર્ગ સત્ય છે, નિઃશંક છે, તેમાં સંદેહ કરવો યોગ્ય નથી. કારણ કે તે સર્વજ્ઞોનો માર્ગ છે. વ્યક્તિગત જીવોના ચારિત્ર મોહનીય કર્મના ઉદયની ભિન્નતાથી આચારપાલનમાં ભિન્નતા દેખાય છે અને તે જ રીતે દર્શનમોહનીયના ઉદયની ભિન્નતાથી શ્રદ્ધા– પ્રરૂપણામાં પણ ભિન્નતા રહે છે અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી દરેકની સમજણ પણ ભિન્ન-ભિન્ન હોય છે. છદ્મસ્થોમાં સહેજ રીતે આ પ્રકારની ભિન્નતા હોય છે કે થઈ જાય છે. તેથી વીતરાગ માર્ગમાં સંદેહ કરવો





યોગ્ય નથી. **तमेव सच्च णिस क ज जिणेहिं पवेइय** । આ વાક્યથી પોતાની શ્રદ્ધાને દઢ રાખી સમસ્ત સંદેહોથી મુક્ત રહેવું જોઈએ.

શ્રદ્ધાવાન અને રુચિસંપન્ન આત્માઓના દીક્ષિત થઈ જવા પર પણ તેમાંથી કોઈ (૧) સંયમની સમસ્ત પરિસ્થિતિઓ અથવા વિધિ વિધાનોને પ્રારંભથી અંત સુધી સમ્યક જ માને છે, સમ્યગ્રૂપે પરિણમાવે છે (૨) કોઈ પ્રારંભમાં સંયમ વિધિઓ અને પરીષહ–ઉપસર્ગોને સહન કરી શકવાથી સંયમને ઉચિત સમજે છે પરંતુ પછી સહન ન થવાથી ગભરાઈ જાય છે, તે જિનાજ્ઞાઓને અસમ્યક સમજે છે (૩) કોઈ સાધક પ્રારંભમાં સંસ્કાર, ક્ષમતાની ન્યૂનતાના કારણે જિનોક્ત આચારોને અસમ્યક માને છે. પરંતુ પાછળથી ક્ષમતા અને જ્ઞાનની વૃદ્ધિ થવાથી સમસ્ત આચાર નિયમો, પરીષહો આદિને સમ્યક સમજે છે અને સમ્યક રૂપે પરિણમાવે છે (૪) કોઈ અલ્પસત્ત્વ સાધક પ્રારંભથી અંત સુધી સંયમ– નિયમોના દુઃખથી દુઃખી થાય છે, તેને કષ્ટદાયક સમજે છે.

આ સર્વનું સમાધાન એ છે કે તે પોતાની વિચારણાને જ્ઞાન દ્વારા પરિમાર્જિત કરે. તેના માટે સૂત્રમાં કહ્યું છે કે– **समिय ति मण्णमाणस्स समिया वा असमिया वा समिया होइ उवेहाए** । સંયમવિધિઓની સમ્યક શ્રદ્ધા રાખનારા માટે સમ્યક સંયોગ કે અસમ્યક સંયોગ અર્થાત્ અનુકૂળ પ્રતિકૂળ સર્વ પરિસ્થિતિઓ સમ્યગનુપ્રેક્ષાથી સમ્યગ્રૂપે પરિણમે છે અને અસમ્યક અનુપ્રેક્ષાથી પ્રત્યેક પરિસ્થિતિ અસમ્યક રૂપે જ પરિણમે છે.

તેથી સમ્યક વિચારણા કરનાર, સમ્યક વિચારણાનો અભ્યાસ કરનાર સાધક અન્યને પણ સન્માર્ગદર્શક બને છે. **કારણ કે વિચારોના પરિવર્તનથી સમસ્યાનું સમાધાન થાય છે.** અશુભ કર્મગ્રંથી તૂટી જાય છે. સંયમમાં પ્રગતિ કરનાર આરાધક થાય છે અને સંયમભાવોથી પતિત થનાર આરાધક થતા નથી. આ વાતનો વિચાર કરીને સંયમ ભાવોમાં પ્રગતિ કરવી જોઈએ.

આ રીતે જિનશાસનમાં સ્થાન પ્રાપ્ત કરીને, બાલભાવોનો કે અજ્ઞાન-દશાનો અથવા જિનવચનોની અશ્રદ્ધાનો ભાવ ન રાખવો જોઈએ.

**પ્ર.૧૧ : હિંસાના વિચારોનું પરિવર્તન કેવી રીતે કરવું જોઈએ ?**

**જવાબ :** કોઈને મારવાનો, કષ્ટ આપવાનો કે અહિત કરવાનો સંકલ્પ જાગૃત થાય ત્યારે વિચાર કરવો જોઈએ કે સર્વ જીવો મારા આત્માની સમાન જ છે. મને સુખ પ્રિય છે, તેમજ જગતના સર્વ જીવોને સુખ પ્રિય છે. મને કોઈનું અનુશાસન, આધીનતા, પરાધીનતા કે બંધન ગમતું નથી, તે જ ઈચ્છા જગતના જીવોની પણ હોય છે. આ પ્રકારનો ઉત્તમ વિચાર કરનાર સંયમી સાધક **अजू**=

મુનિ વાસ્તવમાં પ્રતિબુદ્ધ છે, જ્ઞાની છે, પૂર્ણ જાગૃત છે. આ પ્રકારે જાણીને કોઈ પણ જીવની હિંસા કરે નહીં, કરાવે નહીં, હિંસા કરનારની અનુમોદના કરે નહીં. કર્મસિદ્ધાંતની વિચારણા કરીને હિંસાનો સંકલ્પ પણ ન કરવો જોઈએ.

આત્માની, જીવોની, પ્રાણીઓની સમ્યક શ્રદ્ધા કરનારા જ ઉક્ત અહિંસા-વ્રતના પાલનમાં સફળ થઈ શકે છે. તેથી અંતે કહ્યું છે કે જે આત્મા છે, તે જ આ રીતે વિજ્ઞાન–વિશેષજ્ઞાન, વિશેષ ચિંતન કરે છે. જે તત્ત્વ વિચારણા કરે છે, તે જ આત્મા છે. જેના માધ્યમથી જગતના સમસ્ત ભાવોને જાણી શકાય છે, તે આત્મા જ છે, જીવ જ છે, ચૈતન્ય જ છે. નિર્જીવ કે અચેતન પુદ્‌ગલોમાં આ પ્રકારનો ભાવ હોતો નથી. આ આત્માના સ્વરૂપને સમજીને પ્રત્યેક આત્માનો વિચાર કરવો જોઈએ. આત્મવાદી અર્થાત્ પોતાના અને અન્ય સમસ્ત જીવોના આત્મ સ્વરૂપને જાણનારા અને તદનુરૂપ કોઈ પણ જીવને દુઃખ ન દેનારા સમ્યક સંયમ પર્યાયમાં રમણ કરે છે. પાંચમા ઉદ્દેશકના અંતે ''આત્માની શ્રદ્ધાને મહત્ત્વ આપીને પ્રત્યેક આત્મા પ્રતિ અહિંસાનો ભાવ ધારણ કરવાથી જ સમ્યક સંયમની આરાધના થઈ શકે છે,'' તે પ્રકારનું કથન છે.

**પ્ર.૧૨ : આ અધ્યયનના આધારે સિદ્ધનું સ્વરૂપ કેવું છે ?**

**જવાબ :** ઉવવાઈ આદિ શાસ્ત્રોમાં પણ સિદ્ધનું સ્વરૂપ દર્શાવ્યું છે. તે રીતે અહીં પણ તદ્‌વિષયક વર્ણન છે, તે આ પ્રમાણે છે– **सव्वे सरा णियट्ट ति**– સિદ્ધના સમસ્ત સ્વરૂપ કથનમાં કોઈ પણ શબ્દ સમર્થ નથી. તેનો અમુક અંશ જ શાસ્ત્રકારો કહી શકે છે. **સિદ્ધ સ્વરૂપ સમજવામાં તર્કની ગતિ નથી, તે કેવળ શ્રદ્ધાગમ્ય છે. મતિ–બુદ્ધિ અલ્પ હોવાથી તે સ્વરૂપને પૂર્ણ રૂપે ગ્રહણ કરી શકતી નથી.** **ओए**–રાગદ્વેષ રહિત નિર્મલ જ્ઞાની, સર્વજ્ઞો જ **अपइट्ठाणस्स**= સિદ્ધ સ્વરૂપને જાણી અને સમજી શકે છે.

સિદ્ધ ભગવાન અરૂપી, નિરંજન, નિરાકાર હોવાથી લાંબા, ટૂંકા, ગોળ, ત્રિકોણ, ચોરસ આદિ નથી, તેમાં કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, શરીર નથી, લેશ્યા નથી, જન્મમરણ નથી, કર્મસંગ કે કર્મબંધ નથી. ત્યાં સ્ત્રી, પુરુષ કે નપુંસકનો ભેદ નથી. તે જ્ઞાન સ્વરૂપ ચૈતન્યવાન છે. જ્ઞાન ભાવમાં જ રહે છે. તેના માટે કોઈ ઉપમા સ્થૂલ જગતમાં નથી. તે અરૂપી સ્વરૂપ છે, અપદ છે, આ રીતે સિદ્ધો શબ્દાદિથી રહિત, અરૂપી આત્મસ્વરૂપ છે.

ઉપસંહાર કરતાં સૂત્રમાં કેટલાક શબ્દોનું પુનરાવર્તન થયેલ છે. પ્રારંભમાં સ્વરનું કથન છે, અંતે પદનું કથન છે. બંનેનો અર્થ એક જ છે.

**પ્ર.૧૩ : આ અધ્યયનના કઠિન શબ્દાર્થ અને વાક્યાર્થ કયા કયા છે ?**

**જવાબ : इमेण चेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ । जुद्धारिह खलु**





**दुल्लह** – આ આત્માના અશુભ કર્મો અને અશુભ આદતો સાથે જ ભાવ યુદ્ધ કરવું જોઈએ. બહારના લોકો સાથે યુદ્ધ કરવાથી આત્માને કોઈ લાભ થતો નથી. કર્મ સાથે યુદ્ધ કરવા યોગ્ય આ માનવભવની પ્રાપ્તિ દુર્લભ છે. આવા માનવ ભવરૂપ અલભ્ય અવસરને પ્રાપ્ત કરીને કર્મો સાથે જ એટલે કે તેના ક્ષય માટે યુદ્ધ કરવું જોઈએ. **पवाएण पवाय जाणेज्जा**= કોઈ પણ મત કે સિદ્ધાંતને જિનેશ્વર ભગવંતના સિદ્ધાંતથી જાણે, કસોટી કરે અર્થાત્ કોઈ પણ વ્યક્તિની કોઈ પણ વાતોને આગમ સિદ્ધાંતથી જાણે, કસોટી કરે, **णिद्देसं णाइवट्टेज्जा मेहावी**= બુદ્ધિમાન સાધક આગમ નિર્દેશોનું–જિનાજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. **णिट्ठियट्ठी वीरे, आगमेण सया परक्कमेज्जासि**= નિષ્ઠિતાર્થી એટલે મોક્ષાર્થી વીર સાધક સદા આગમાનુસાર જ પરાક્રમ, પુરુષાર્થ કરે. **गुढ से कामा**= તે સંસારી જીવોને માટે કામભોગોનો ત્યાગ કરવો કઠિન છે અથવા કામભોગના સેવનથી તે જીવો ભારેકર્મી બને છે. **तओ से मारंते**= જેથી તે જન્મ મરણને પ્રાપ્ત કરે છે. **जओ से मार ते तओ से दूरे**= જ્યારે તે જન્મમરણને વધારે છે, ત્યારે તે મુક્તિથી દૂર થાય છે અથવા સુખોથી પણ દૂર થાય છે.

**णेव से अ तो, णेव से दूरे**= સુખોથી, ભોગોથી વંચિત થઈને તે સુખોમાં પણ રહેતા નથી અને ત્યાગ ભાવના ન હોવાથી તે ભોગોથી પણ દૂર થતા નથી. **બીજો અર્થ–** પરંતુ ત્યાગી આત્મા **णेव से अ तो**= જન્મ મરણમાં પરિભ્રમણ કરતા નથી અને **णेव से दूरे**= મોક્ષથી દૂર રહેતા નથી, મોક્ષથી નિકટ બને છે.

**एत्थोवरए= एत्थ** એટલે કે સંયમમાં અથવા જિનશાસનમાં લીન થઈને જ, **झोसमाणे**= કર્મક્ષય માટે જીવો પ્રયત્ન કરે છે. આ પ્રમાણે વિચારીને કે **अय स धीति अदक्खु**= આ મનુષ્ય જન્મરૂપ અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે, એમ સમજીને, **विग्गहस्स**= માનવ શરીરનો, **अय खणेत्ति**= આ અમૂલ્ય ક્ષણનો, **अण्णेसी**= સમ્યક ઉપયોગ કરે છે, અવસરનું મૂલ્યાંકન કરે છે.

**से अविहिंसमाणे**= તે સંયમ સાધક હિંસા ન કરતા, **अणवयमाणे**= અસત્ય-સાવદ્ય વચન ન બોલતાં અર્થાત્ સર્વ મહાવ્રતોનું પાલન કરતાં, **पुट्ठो फासे**= કષ્ટો પ્રાપ્ત થવા પર તેને, **विप्पणोल्लए**= સમ્યક ભાવપૂર્વક પ્રસન્ન રહીને સહન કરે છે, **एस समिया परियाए वियाहिए**= તેની તે સંયમ પર્યાય, સંયમ જીવન સમ્યક કહ્યું છે અર્થાત્ મહાવ્રતોનું પૂર્ણ પાલન કરનાર અને કષ્ટોને સમભાવથી સહન કરનારનો સંયમ શ્રેષ્ઠ છે.

**उदाहु**= કદાચિત્–ક્યારેક, **उदाहुवीरे**= ભગવાને કહ્યું છે કે કષ્ટ અને રોગાતંકને સહન કરવાને માટે શરીર પ્રતિ મૂર્ચ્છાભાવ, આસક્તિભાવ ઘટાડવો જરૂરી છે. તેથી શરીર માટે આ પ્રકારનું ચિંતન કરે કે–

**पुव्व पेय पच्छा पेय** = આ શરીર પહેલા કે પછી ગમે ત્યારે, **भेउर** धम्म = ભેદ થવાના સ્વભાવવાળું છે અર્થાત્ ક્ષણભંગુર છે, **विद्ध सण धम्म**= નષ્ટ–સર્વથા નષ્ટ થવાના ધર્મવાળું છે, **अधुवं**= અધ્રુવ, સર્વને મળવું જરૂરી નથી, **अणिइय**= અનિયત સમયવાળું અથવા સદા એક સમાન રહેતું નથી, **असासय**= સદા રહેનારું નથી, અશાશ્વત, એક દિવસ પૂર્ણ સમાપ્ત થવાનું છે. **चयावचइय**= ચયોપચય–સદા તેમાં પુદ્ગલોની હાનિ વૃદ્ધિ થતી રહે છે, **विपरिणाम धम्म** = વિવિધ અવસ્થાઓમાં પરિવર્તિત થવાના સ્વભાવ-વાળું છે અર્થાત્ બાલ્યાવસ્થા, યુવાની, વૃદ્ધાવસ્થા આદિ અનેક અવસ્થાઓ તેમાં થયા કરે છે, **पासह एय रूव**= શરીરના આ રૂપ સ્વરૂપનો વિચાર કરીને દઢતા અને પ્રસન્નતાથી કષ્ટોને સહન કરવા જોઈએ અર્થાત્ શરીરનો મોહ દૂર કરીને સાધક સહનશીલ બને, **स धिं समुपेहमाणस्स**= આ અમૂલ્ય અવસર અને શરીરધર્મનો વિચાર કરીને, **एगायतणरयस्स**= એક સંયમમાં જ લીન રહેનાર, **इह विप्पमुक्कस्स**= **इह** એટલે આ સંસારથી અથવા આ શરીરના મમત્વથી પૂર્ણ રીતે મુક્ત રહેનાર, **णत्थि मग्गे विरयस्स**= જે વિરત છે, સુસાધુ છે, સંયમી છે, તેના માટે સંસાર ભ્રમણનો કોઈ માર્ગ નથી. **से सुपडिबुद्ध**= તે જ શ્રેષ્ઠ જ્ઞાની છે, પ્રતિબુદ્ધ છે, સમજદાર છે, **सूवणीय** = શ્રેષ્ઠ આચરણવાન, પુષ્ટ સંયમવાન છે, **परमचक्खू**= મોક્ષ પ્રતિ લક્ષ્ય રાખીને, **विपरिकम्मा**= પ્રબલ પરાક્રમ કરવું જોઈએ, **एएसु चेव ब भ-चेर** = આવું પરાક્રમ કરનારામાં જ સંયમ છે અર્થાત્ તેવા સાધકો જ ઉત્તમ સાધુ છે. **सुणिया भवे अकामे अझ झे**= વીતરાગ વચનોને સાંભળીને, સમજીને કામ-ક્લેશનો ત્યાગ કરે અથવા પ્રશંસાવચન સાંભળીને તેની ઈચ્છા ન કરે કે નિંદાવચન સાંભળીને અશાંત ન બને, **तद्दिट्ठिए**= ગુરુની દષ્ટિમાં રહે, સામે રહે, તેના વિચારો પ્રમાણે ચાલે, **तम्मुत्तिए**= ભક્તિપૂર્વક, શ્રદ્ધાભાવથી ગુરુમાં તન્મય, સમર્પણ ભાવથી રહે, **तप्पुरक्कारे**= પ્રત્યેક કર્તવ્યમાં ગુરુને આગળ કરનારા અર્થાત્ તેની આજ્ઞાનુસાર કામ કરનારા, **तस्सण्णी**= સ્વયંની ઈચ્છાને ગુરુની ઈચ્છામાં સમાવિષ્ટ કરે, તેના ઈંગિત આકારને સમજીને ચાલે, પોતાની જીદ કે ઈચ્છા ન રાખે, **तण्णिवेसणे**= તેની સાથે રહે, સમીપે રહે, બેસે, ચિત્તને પૂર્ણ રૂપે ગુરુની આજ્ઞા પાલનમાં લીન બનાવે, **जय विहारी**= યતનાપૂર્વક શાંતિથી ચાલે, **चित्तणिवाई**= ચિત્તને એકાગ્ર કરીને ચાલે અર્થાત્ ઈર્યાસમિતિ સિવાય અન્ય ચિંતન ન કરે, **प थणिज्झाई**= સમ્યક પ્રકારે માર્ગને જોતાં, પૂર્ણ લક્ષ્યપૂર્વક, ધ્યાનપૂર્વક જોતા, **पलिबाहिरे**= પર્યબાહ્ય=પરિ+અબાહ્ય= મર્યાદાથી બહાર ન જોતા, **पभूयद सी**= દીર્ઘ દષ્ટા, અનુભવ સંપન્ન, **पभूयपरिण्णाणे**= વિશેષજ્ઞાની, **दट्ठु विप्पडिवेदेइ अप्पाण**= સ્ત્રીઓને જોઈને તેનાથી વિરુદ્ધ–





વિમુખ બને અર્થાત્ રાગભાવ ન કરે. તેવું ચિંતન કરે કે– **किमेस जणो करिस्सइ**= આ સ્ત્રીઓ મારા આત્માનું શું હિત કરશે ? હું તો આત્માર્થી, આત્મ-ગુણવર્ધક છું, તો તેનાથી મને શું લાભ થશે ? આ પ્રકારનું વિપ્રતિવેદન– વિમુખતાભર્યું ચિંતન કરે, **अविहरए**=જે રીતે કોઈ દ્રહ હોય, **उवस तरए**= ધૂળ-મેલ જેમાં નીચે બેસી ગયા છે, **सारक्खमाणे**=જળના અનેક જંતુઓનું સંરક્ષણ કરનારા, **सोयमज्झगए**= સ્ત્રોતોની મધ્યમાં છે અર્થાત્ તેમાં પાણી આવવા જવાના અનેક માર્ગ છે. મહર્ષિને આ દ્રહની ઉપમા આપી છે, મહર્ષિ જ્ઞાનથી પ્રતિપૂર્ણ, જિનશાસનમાં વિચરણ કરનારા, કષાયોને ઉપશાંત કરનારા, ઉપદેશ દ્વારા ભવ્ય જીવોનું સંરક્ષણ કરનારા, જ્ઞાન આદાન-પ્રદાન રૂપ સ્ત્રોતમાં રહેનારા, **सव्वओ गुत्ते**=ઈન્દ્રિય, મન અને બ્રહ્મચર્ય આદિ સર્વ પ્રકારથી ગુપ્ત. **कालस्स क खाए**= જીવનપર્યંત, જીવનની અંતિમ ક્ષણ પર્યંત, **सोवट्ठाणा**= ઉપસ્થિત–સ્થિર રહેનારા, **अभिभूय अदक्खू**= ઈન્દ્રિય અને મનને પરાજિત કરનારા જ સત્ય દષ્ટા અર્થાત્ અનુભવી, યોગ્ય બને છે, **अणभिभूए पभू णिराल बणयाए**= જે કષ્ટો અથવા મન-ઈન્દ્રિયો અથવા કોઈથી પણ પરાજિત થતા નથી, તે જ નિરાલંબન થઈને સ્વાવલંબી રહી શકે છે, **जे मह अबहिमणे**= મહં અર્થાત્ સંયમ કે મોક્ષમાર્ગ, તેનાથી ક્યારે ય દૂર થતા નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ધર્મની સમજણ જેની પરિવર્તિત થતી નથી, સંયમધર્મથી જે બહાર જતા નથી, **सव्वओ**= સર્વ પ્રકારે, **सव्वयाए**= સંપૂર્ણ રૂપે, **सुपडिलेहिय**= વિચાર કરીને, નિરીક્ષણ-પરીક્ષણ કરીને, **सम्ममेव**= સત્ય જ, સમ્યક જ, **समभिजाणेज्जा**= સ્વીકાર કરે, **इह आराम परिण्णाय**= આ જિનશાસનમાં સંયમને જાણીને, સંયમ આત્માનંદનું સ્થાન હોવાથી તેને આરામ કહ્યો છે, **अल्लीण**=આત્મલીન, સંયમભાવમાં લીન થઈને, **गुत्तो**= ઈન્દ્રિય-કષાયથી ગુપ્ત થઈને. **उड्ढ सोया**= ઉર્ધ્વલોક, અધોલોક, તિરછાલોકમાં, સર્વત્ર ઈન્દ્રિય વિષય રૂપ સ્ત્રોત= આશ્રવ સ્થાન રહેલા છે, **एते सोया वियक्खाया जेहिं स ग ति पासह**= જે આ સ્ત્રોત કહ્યા છે, તેનાથી જ કર્મબંધ થાય છે, તેમ સમજે. સંસારનું મૂળ કર્મ છે. કર્મનું મૂળ ઈન્દ્રિય વિષય છે, તેને જ ગુણ કહ્યા છે. **जे गुणे से मूलठाणे। जे गुणे से आवट्टे। आवट्ट तु पेहाए**= આ આવર્તનો, સંસાર ભ્રમણ કરાવનાર વિષયોનો સમ્યક વિચાર કરીને, **वेदवी**= આગમજ્ઞ. જ્ઞાની પુરુષ તેનાથી વિરત થઈ જાય, તેનો સર્વથા સદા ત્યાગ કરે, **विणइत्तु सोय णिक्खम्म**= આ સર્વ સ્ત્રોતોને છોડીને સંયમ ગ્રહણ કરે, **एस मह** = આ પ્રકારે તે મહાન આત્મા, **अकम्मा जाणइ पासइ**= તે કર્મક્ષય કરીને સાચા જ્ઞાતા-દષ્ટા બને છે, **अकम्मा**= તે હળુકર્મી સંયમને સમજે છે, તેમાં જ રમણ કરે છે. **पडिलेहाए णावक खइ**= ભૌતિક

સુખોને જોવાની કે પ્રાપ્ત કરવાની ચાહના પણ ન કરે, **इह आगइ गइ परिण्णाय**= આ સંસારના ગમના ગમન સ્વરૂપને સમજીને, **अच्चेइ**= પાર કરી જાય છે, તેનું ઉલ્લંઘન કરી જાય છે, **जाइमरणस्स वट्टमग** = જન્મ મરણના ચક્રાકાર માર્ગને, **वक्खायरए**= તીર્થંકરના કથનમાં લીન રહેનારા, મોક્ષમાર્ગમાં સ્થિત.

# અધ્યયન–૬ : ધૂત

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? તે નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ ધૂય અથવા ધૂત છે. તેનો અર્થ છે ધૂનન, ખંખેરવું. અહીં આત્માથી કર્મોને દૂર કરનારા પુઢષાર્થના રૂપમાં આ શબ્દનો પ્રયોગ થયો છે. **धूयते अष्ट प्रकार कर्मं येन तद् धूतम् स यमानुष्ठान ।** આ પ્રકારે સંયમ અર્થમાં પણ આ ધૂત શબ્દનો પ્રયોગ થયો છે. તાત્પર્ય એ છે કે કર્મક્ષયના ઉપાય રૂપ જે જે ત્યાગ, પ્રત્યાખ્યાન, તપ, સંયમ, સાધના છે તે સર્વનું ધૂત શબ્દથી ગ્રહણ થાય છે.

આ અધ્યયનમાં ત્યાગની પ્રેરણા તથા વૈરાગ્યભાવોની વૃદ્ધિપૂર્વક સંયમનો સ્વીકાર કરીને, કર્મક્ષયનો મુખ્ય ઉપદેશ છે. તેથી આ **ધૂત** નામ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં પાંચ ઉદ્દેશક છે તેમાં ઉપદેશાત્મક વર્ણન આ પ્રમાણે છે– **પ્રથમ ઉદ્દેશક**માં : ધર્મોપદેશ સાંભળીને ત્યાગી થનારા શ્રમણોનું અને સંસારમાં રહીને અનેક રોગાતંક પ્રાપ્ત કરીને દુઃખી થનારા જીવોનું વર્ણન છે. તે સિવાય સંયમ સ્વીકાર કરવાનો અને તેમાં સ્થિર રહેવાનો ઉપદેશ છે.

**બીજા ઉદ્દેશક**માં :– સંયમ સ્વીકાર કરીને કામભોગોની ઈચ્છાથી સંયમથી પતિત થનારાઓનું અને તેની સાથે જ સંયમમાં દઢ રહીને કષ્ટ, ઉપસર્ગોને સહન કરનાર સાધકોનું વિસ્તૃત વર્ણન છે. અંતે એકલવિહારચર્યા વડે પણ ઉત્તમ આરાધના કરનાર પ્રશસ્ત સાધકોનું સૂચન કર્યું છે.

**ત્રીજા ઉદ્દેશક**માં :– સંયમ સાધનામાં પણ અચેલ સાધનાનું માહાત્મ્ય પ્રગટ કર્યું છે. દીર્ઘ સંયમીની સાધનાની વિશેષતા સમજાવીને શિષ્ય પ્રતિ તેમના કર્તવ્યનું કથન છે. **ચોથા ઉદ્દેશક**માં :– ગુઢ દ્વારા કર્તવ્ય પાલન કરવા છતાં પણ શિષ્યની અવિનીતતા, ધીઠતા અને સંયમથી અધઃપતનનું વિવિધ પ્રકારે





વિસ્તૃત વર્ણન કર્યું છે. અંતે પંડિત સાધકોને આગમાનુસાર વિચરણ કરવાની હિતશિક્ષા આપી છે. **પાંચમા ઉદ્દેશક**માં– સંયમી સાધકની સહનશીલતાનું કથન કરીને, ઉપદેશ આપવાની પદ્ધતિ અને ઉપદેશના વિષયોનો નિર્દેશ કર્યો છે. ત્યાર પછી સંયમમાં દઢ રહેવાનો, કષાયમુક્તિનો અને અંતે શરીરના મમત્વનો ત્યાગ કરીને પાદપોપગમન પંડિતમરણ પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે.

**પ્ર.૩ : શાસ્ત્રમાં કેટલા અને કયા કયા રોગોનું નિદર્શન કર્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં કેટલાક મહારોગોનું વર્ણન છે. જેમ કે (૧) ગંડમાલા (૨) કોઢ (૩) રાજયક્ષ્મા–ક્ષયરોગ (૪) અપસ્માર= મૃગી રોગ (૫) કાણત્વ (૬) જડતા–લકવા(અંગોપાંગ ચેતના શૂન્ય થઈ જવા) (૭) કૂણિત્વ–હાથોની વિકલતા (૮) કૂબડાપણું (૯) ઉદરરોગ– અનેક પ્રકારના હોય છે– લીવરની ખરાબી, ગેસ, એસિડીટી (૧૦) મૂંગાપણું (૧૧) શોથ–સોજા આવવા (૧૨) ભસ્મક રોગ (૧૩) કંપન રોગ (૧૪) પંગુ–પગની વિકલતા (૧૫) શ્લીપદ–હાથીપગ(સ્થૂલપગ) (૧૬) મધુપ્રમેહ– મીઠીપેશાબ ડાયાબીટીઝ આદિ સોળ મહારોગનું કથન કર્યું છે. તે રોગો દીર્ઘકાલ સુધી રહી શકે છે. તે સિવાય અનેક આતંક હોય છે . તત્કાલ મૃત્યુ પ્રાપ્ત કરાવનાર રોગને આતંક શબ્દથી કહેવાય છે પરંતુ અહીં તેનું વિવરણ નથી.

૧૬ પ્રકારના રોગોનો નિર્દેશ શાસ્ત્રોમાં અનેક સ્થાને છે, વર્તમાનમાં પ્રચલિત અનેક રોગોનો સમાવેશ સોળ રોગોમાં થઈ જાય છે. અવશેષ રહેલા રોગો કેટલાક આતંક રૂપ હોય છે અને કેટલાક સામાન્ય હોય છે.

**પ્ર.૪ : કાચબા અને વૃક્ષના દષ્ટાંતથી શું સમજાવ્યું છે ?**

**જવાબ :** અજ્ઞાનદશા અને આસક્તિમાં રહેલ સંસારી જીવોનું દિગ્દર્શન શાસ્ત્રકારે આ બે દષ્ટાંતોના સંકેતથી કરાવ્યું છે.

(૧) સેવાળ અને પલાશ પત્રોથી આચ્છાદિત કોઈ દ્રહમાં રહેલો કાચબો બહાર આવવા ઈચ્છતો હોવા છતાં પણ આવી શકતો નથી, તેથી તેનું ચિત્ત વ્યાકુળ રહે છે. આવા સમયે સંયોગવશ કોઈ વૃક્ષનું ફળ પાણીમાં પડવાથી, સેવાળમાં છિદ્ર થઈ જવાથી, કાચબાને અચાનક સુંદર આકાશ અને બાહ્યવાતાવરણનું દર્શન થાય છે. તે તરત જ બહાર નીકળવાના બદલે અન્યને તે આનંદનું સૂચન કરવા માટે અને બતાવવા માટે કહેવા જાય છે. હવા આદિના સંયોગથી પુનઃ તે છિદ્ર સેવાળ અથવા પત્રથી પુરાઇ જાય છે. હવે ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ તે કાચબાને સુંદર આકાશના દર્શન થતા નથી અને બહાર નીકળી શકતો નથી. આ રીતે કેટલાક જીવોને મુક્તિનો સમ્યક માર્ગ પ્રાપ્ત થતો નથી. તે કર્મોનાં આવરણથી અજ્ઞાનાંધકારમાં જ રહે છે.

(૨) વૃક્ષ અનેક કષ્ટો સહન કરવા છતાં પણ તથા અન્ય શ્રેષ્ઠ સ્થાન હોવા છતાં પણ, પોતાનું સ્થાન છોડી શકતા નથી. તે જ રીતે કેટલાક લોકો સંસારમાં ખૂંચેલા રહે છે. દઢતાપૂર્વક જીવનભર ત્યાં જ સ્થિર રહે છે. સંયમ માર્ગને જોતાં-સાંભળતા હોવા છતાં પણ સ્થાવર જીવોની સમાન પોતાના ઘર-સંસારરૂપ સ્થાનને છોડવાનો સંકલ્પ જ કરતા નથી. ત્યાં જ વિવિધ શારીરિક-માનસિક અને સંયોગ-વિયોગજન્ય દુઃખોથી વ્યાકુળ રહે છે પરંતુ સંયમ સ્વીકાર કરવાનો વિચાર કે પ્રયત્ન કરતા જ નથી.

**પ્ર.૫ : લોકમાં સર્વોત્તમ, એવા સંયમ સ્વીકાર કર્યા પછી કોઈ સાધકને પુનઃ તેને છોડવાનું શું કારણ થાય છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં મુખ્ય ત્રણ કારણ કહ્યા છે– (૧) સંયમના અનેક નિયમોપનિયમોનાં પાલનમાં તે અસમર્થતાનો અનુભવ કરે છે. યથા– પાદવિહાર, રાત્રિ ચૌવિહાર, અસ્નાન, અસંગ્રહ, અલ્પ ઉપધિ, ભૂમિશયન આદિ.

(૨) ઈન્દ્રિયોના વિષયમાં મનનું આકર્ષણ થવું. યથા– સ્વેચ્છાથી ખાવું, પીવું, નાચગાન જોવા, સાંભળવા, એશારામ અને ભોગવિલાસની લાલસા થવી, આદિ અનેક કારણોથી સંયમ છોડવાની ઈચ્છા થાય છે. બહારથી તે અન્ય કારણ બતાવીને સંસારમાં જાય છે.

(૩) સંયમમાં આવતા વિવિધ ઉપસર્ગો, પરીષહોથી ગભરાઈને સંયમથી ઉદાસીન થઈ જાય છે. પોતાની લાચારીના કારણે સંયમ છોડવાનો વિચાર આવે છે. તેમાં શારીરિક, માનસિક અક્ષમતા, ચિત્તની ચંચળતા, ચારિત્ર મોહનો તીવ્ર ઉદય, ધીરજની ખામી આદિ કારણ પણ હોઈ શકે છે.

પ્રકૃતિની વિષમતા આદિ અન્ય કેટલાક કારણોથી વ્યક્તિ સંયમ ત્યાગ ન કરતાં ગચ્છ કે ગુઢનો ત્યાગ કરે છે. આ વિષયમાં આગમકારોએ અનેક સ્થાને તેના તાત્પર્યને પ્રગટ કર્યું છે. સંયમ છોડવાની પરિસ્થિતિનું સંવરણ જો એકલવિહાર કે ગુઢત્યાગથી થઈ શકતું હોય તો અસંયમી બનવા કરતાં એકલ-વિહાર વિશેષ ઉપયુક્ત છે. તે એકલવિહાર કરનારાઓમાં બે ગુણ વિશેષ રૂપે હોવા જરૂરી છે (૧) ધૈર્યવાન (૨) શક્તિસંપન્ન–સહનશીલતા. અન્ય છ ગુણ તો ગચ્છગત સ્વતંત્ર વડા બનીને વિચરણ કરનારા સાધુઓમાં હોય છે. ઠાણાંગ સૂત્ર, સ્થાન–૬ માં તેનાં છ ગુણોનું કથન છે. તેમાં ઉપરોક્ત બે ગુણોને ઉમેરીને આઠમા સ્થાનમાં આઠ ગુણ એકલવિહાર ચર્ચા માટે કહ્યા છે પરંતુ તે આઠ ગુણોને જ અતિશયોક્તિપૂર્ણ અર્થ સાથે કથનની જે પરંપરા આજે ચાલી રહી છે તે દુરાગ્રહપૂર્ણ માનસનું પરિણામ છે. જે આગમ વિપરીત પ્રરૂપણા અને અવિવેક છે.





તાત્પર્ય એ છે કે ચારિત્ર મોહનો તીવ્ર ઉદય થવાથી વૈરાગ્ય રહેતુ નથી અને વૈરાગ્યભાવ વિના સંયમ પાલન દુષ્કર અને અસંભવિત બની જાય છે. સંયમનું દુઃખ નરકના દુઃખની સમાન લાગે છે; ત્યારે મોહાભિભૂત સાધક જગતમાં સર્વોચ્ચ એવા સંયમનો ત્યાગ કરે છે.

**પ્ર.૬ : સંયમમાં સફળ સાધકોનું વર્ણન અહીં કઈ રીતે કર્યું છે ?**

**જવાબ :** (૧) સંયમના સફળ સાધકો ઈન્દ્રિય અને મનને સમાધિ ભાવમાં રાખે છે, સંયમ ભાવોથી આત્માને પુષ્ટ રાખે છે. (૨) ક્યાં ય લિપ્ત થયા વિના પૂર્ણ અનાસક્ત ભાવે દઢતાથી સંયમમાં સ્થિર રહે છે. (૩) સર્વ સંગના ત્યાગી બને છે. હું એકલો છું, મારું કોઈ નથી; આ રીતે એકત્વ ભાવનાથી સંગ-ત્યાગી અને કર્મબંધ ત્યાગી બને છે. (૪) દશ પ્રકારનાં મુંડનથી યુક્ત બને છે. (૫) ક્રમશઃ વસ્ત્ર ત્યાગી બનીને અચેલત્વનો સ્વીકાર કરે છે અથવા વસ્ત્ર આદિની ઊણોદરી કરે છે. (૬) આક્રોશ વચન, મારપીટ, અપશબ્દ આવા એક કે અનેક પ્રસંગ આવે તો તેને સહન કરવા, 'તે સંયમ ધર્મ છે' તેમ સમજીને સ્વીકાર કરે છે. (૭) સર્વ અનુકૂળ અને પ્રતિકૂળ પરીષહોને સમજણ-પૂર્વક સહન કરે. (૮) પુનઃ ગૃહવાસમાં જવાનો સંકલ્પ ક્યારે ય કરતા નથી, તે જ એક સાધક વાસ્તવમાં અચેલ છે, મુનિ છે. (૯) તે સાધક પ્રત્યેક પરિસ્થિતિમાં **જિનાજ્ઞા પાલનને** જ ધર્મ સમજીને તેનો સ્વીકાર કરે છે. તે જ ઉત્કૃષ્ટ આદર્શ સર્વ સાધકોને માટે હિતકર છે. (૧૦) આ રીતે જિનશાસનમાં દીક્ષિત થઈને કર્મ ક્ષય કરવામાં પોતાના આત્માને નિયોજિત કરે છે. (૧૧) કર્માશ્રવોને સમજીને, સંયમ સાધનાથી તેનું વિસર્જન કરે.

**પ્ર.૭ : આ અધ્યયનમાં પ્રશસ્ત એકચર્યાનું વર્ણન કેવી રીતે કર્યું છે ?**

**જવાબ :** આ જિનશાસનમાં કેટલાક સાધકોને એકાકી વિચરણનો પ્રસંગ આવી જાય છે. તે અન્યાન્ય કુળોમાં ફરીને શુદ્ધ નિર્દોષ આહાર પાણી ગ્રહણ કરે છે. તે મેધાવી–બુદ્ધિમાન સાધક સંયમમાં વિચરણ કરે છે. શુભ-અશુભ, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં, આહારાદિની ઉપલબ્ધિ-અનુપલબ્ધિમાં સમ-ભાવથી રહે છે. કોઈ ભયાનક ક્રૂર પ્રાણી મૃત્યુ સુધીનું કષ્ટ આપે તો તે દુઃખને પણ પ્રસન્નતાથી સહન કરે છે, તેવા સાધકો સંયમની આરાધના કરે છે. એવા જ સાધકોના ગચ્છ ત્યાગનો સંકેત અને પ્રેરણા સૂયગડાંગ સૂત્ર અધ્યયન–૧૦, ગાથા–૧૨ માં મળે છે.

***(આગમ યુગ પછી વ્યાખ્યાકર્તાઓના યુગમાં આગમ આશયોની ઉપેક્ષા કરીને એકાંત રૂપે એકલવિહારનો નિષેધ કરવાનો પ્રારંભ થયો છે અને ૯ પૂર્વના જ્ઞાન સિવાય એકલવિહાર અકલ્પનીય છે, તે પ્રકારની અસત્ પ્રરૂપણા કરાય છે. વાસ્તવમાં ૯ પૂર્વથી વધારે જ્ઞાની આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિક અને***

*ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલા એકલવિહારી થતા નથી. તે પૂર્વધરો તો પોતાના આચાર્યાદિની આજ્ઞા લઈને, સંઘના સન્માન સાથે એકલવિહાર કરે છે. એવા વિશિષ્ટ સાધકો પહેલાં જ અભ્યાસ, પરીક્ષણ કરીને પછી પડિમા ધારણ કરીને, વિશેષ તપને માટે, ગચ્છ મુક્ત સાધનાને માટે, સીમિત કે અસીમિત સમયને માટે જાય છે. તોપણ તેઓની ગણના આચાર્યની શિષ્ય સંપદામાં જ થાય છે. પરંતુ ઉપરોક્ત ચાર સૂત્રોમાં વર્ણિત અને આગમકાર દ્વારા પ્રેરિત પ્રસ્તુત એકલ-વિહારી સાધુ, પોતાની વિચિત્ર કર્મ પરિસ્થિતિ, સંયોગ-પરિસ્થિતિ, સંયમ નિર્વાહ અથવા ચિત્ત અસમાધિના નિવારણ માટે એકલ વિહાર કરે છે. આ આશય ઉક્ત સૂત્રોથી અને અન્ય પણ અનેક સૂત્રોથી સ્પષ્ટ છે. )*

**પ્ર.૮ : આ અધ્યયનમાં અચેલત્વનું માહાત્મ્ય કઈ રીતે પ્રગટ કર્યું છે ?**

**જવાબ :** સુસાધક મુનિ સંયમમાં ઉપસ્થિત થઈને, સદા કર્મક્ષય કરીને આત્માને નિર્મળ બનાવે છે. આવા ઉચ્ચ સાધકોમાંથી કેટલાક સાધકો વિશેષ કર્મક્ષય માટે નિર્વસ્ત્ર સાધના સ્વીકાર કરે છે. તે નિર્વસ્ત્ર રહેનારા ભિક્ષુઓને આ પ્રકારનો સંકલ્પ હોતો નથી કે મારા વસ્ત્ર જીર્ણ થઈ ગયા છે, નવા વસ્ત્રની યાચના કરીશ, દોરો લાવીશ, સોય લાવીશ, વસ્ત્રને જોડીશ, સાંધીશ, નાનાને મોટું બનાવીશ ઈત્યાદિ. તેવા સાધક મોટા વસ્ત્રને નાનું બનાવીશ, પહેરીશ, ઓઢીશ ઈત્યાદિ સંકલ્પોથી પણ મુક્ત થઈ જાય છે.

અચેલ સાધનામાં વિચરણ કરતા ભિક્ષુને તૃણસ્પર્શનો પરીષહ, શીત-ઉષ્ણ તથા ડાંસ-મચ્છરનો પરીષહ વારંવાર આવે છે અર્થાત્ વસ્ત્ર ન હોવાથી વિહાર અથવા ગોચરીમાં ઉનાળાના દિવસમાં સૂર્યનો આતાપ સીધો શરીર પર પડે છે, શીતકાલમાં શીતળ હવા શરીરનો સ્પર્શ કરે છે, બિછોનાનાં ઘાસ, કાંટા શરીરમાં ખૂંચે છે, ડાંસ-મચ્છરથી કોઈ રક્ષા થતી નથી. આ સર્વ પ્રકારના પરીષહોને સહન કરવાથી અચેલ સાધકોને મહાન કર્મનિર્જરા થાય છે. અન્ય પણ વિવિધ પ્રકારના કષ્ટ નિર્વસ્ત્ર ભિક્ષુને સહન કરવા જ પડે છે. ઉપધિ નહીવત્ હોવાથી હળવાપણું થાય છે. તેને વિવિધ પ્રકારનાં તપની ઉપલબ્ધિ થાય છે. તે અચેલ મુનિ ભગવદાજ્ઞા પ્રમાણે જ સમ્યક વિધિથી સંયમ ધર્મનું પાલન કરે છે.

આ રીતે તે મહાન વીર સંયમ સાધકોની સાધના અનેક વર્ષો સુધી અથવા દેશોન ક્રોડપૂર્વ વર્ષો સુધી ચાલે છે. તેની મહાન સહનશીલતાને જૂઓ, વિચાર કરો. તે સાધકની કેટલી હિંમત છે ? તે પ્રજ્ઞા સંપન્ન સાધકોનું શરીર કૃશ થઈ જાય છે, લોહી-માંસ અલ્પ રહે છે. આ પ્રકારના મુનિ અંતે રાગદ્વેષની શ્રેણીને સમાપ્ત કરીને સર્વજ્ઞ બની જાય છે. આવા પ્રકારના અચેલ સાધક વાસ્તવમાં તીર્ણ, મુક્ત, વિરત કહેવાય છે.





*વર્તમાને અચેલત્વ, સચેલત્વને લઈને બે એકાંગી પરંપરા ચાલે છે. પરંતુ આગમમાં બંનેનો સમન્વય કર્યો છે. અચેલ અને સચેલ બંને ધર્મોનું નિષ્પક્ષતાથી, અનાગ્રહથી આગમ શાસ્ત્રોમાં મંડન જ છે, ખંડન નથી. તેમ છતાં એકાંત પરંપરાઓ ચાલે છે. પક્ષાગ્રહના કારણે સમન્વય કરીને સમજવાની બુદ્ધિ જેઓની કુંઠિત થઈ ગઈ હોય તો તે શાસ્ત્રના ગંભીર આશયને સમજી શકતા નથી.*

**પ્ર.૯ : શિષ્યની અવિનીતતા અને અધઃપતનનું વર્ણન આ અધ્યયનમાં કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનના ચોથા ઉદ્દેશકના પ્રારંભથી અંત સુધી પ્રશ્નોક્ત વિષયનું વર્ણન છે. તે મહાન, વીર, પ્રજ્ઞાવંત ગુઢ ભગવંતો દ્વારા રાત-દિન અનુક્રમથી સૂત્ર વાચના આપીને તૈયાર કરેલા શિષ્યોમાંથી કોઈ શિષ્ય જ્ઞાનમદથી મસ્ત બનીને સંયમ મર્યાદાને છોડીને, ગુઢ પ્રતિ વાણી અને વ્યવહારથી અનાદર યુક્ત તથા કટુતાપૂર્ણ આચરણ કરે છે. ગુઢ નિશ્રામાં રહેવા છતાં પણ તેની આજ્ઞાનું પાલન કરતા નથી.

આવા સાધકો ગુઢનો ઉપદેશ સાંભળીને, સંયમ સ્વીકાર કરે છે પરંતુ સત્યનિષ્ઠ રહી શકતા નથી; સંયમ પાલનમાં અસમર્થ થઈને, કષાયને કે કામભોગોની આસક્તિને વશ થઈને તે આત્મગુણોને દગ્ધ કરે છે. એવા સાધક સંયમ સમાધિ કે આત્મસમાધિને પ્રાપ્ત કરી શકતા નથી.

તે સંયમથી પતિત સાધક સ્વયં સદ્વ્યવહારથી ચ્યુત થઈને પણ શીલ-વાન, ઉપશાંત અને ધ્યાનપૂર્વક સંયમનું પાલન કરનારા સાધકોની પણ નિંદા કરે છે અને કોઈ પણ રીતે તેઓને સંયમ રહિત ઘોષિત કરે છે; આ તેની બીજી ભૂલ છે. શાસ્ત્રકારે તે સાધકોને મંદબુદ્ધિ કહ્યા છે અને તેનાં કર્તવ્યોની અજ્ઞાનદશાને બાલત્વ શબ્દથી સૂચિત કરી છે. તેનો આગમ પાઠ આ પ્રમાણે છે– **बिइया म दस्स बालया ।**

કેટલાક સાધકો સંયમ મર્યાદાથી સુસ્ત થવા છતાં પણ આચાર વિધિનું શાસ્ત્રાનુસાર પ્રરૂપણ કરે છે અને કેટલાક આચાર પાલન કરતા હોવા છતાં પણ શ્રદ્ધા અને પ્રરૂપણાથી ભ્રષ્ટ થઈને પોતાના સંયમ જીવનને બરબાદ કરે છે. કેટલાક સાધકો અલ્પકષ્ટ આવવા પર અસંયમ જીવન અથવા ભોગમય જીવનની લાલસાથી સંયમને છોડી દે છે, ગૃહવાસનો સ્વીકાર કરી લે છે. તેની આ પ્રકારની વૃત્તિ કે પ્રવૃત્તિથી તે જન્મ-મરણને વધારે છે.

કેટલાક સાધકો સંયમથી પતિત થવા છતાં પણ ધીઠ બનીને, ઘમંડથી ચકચૂર થઈને આત્મપ્રશંસા કરે છે અને જે શુદ્ધ સાધના કરે છે તેવા મધ્યસ્થ અને અહંકાર શૂન્ય સાધકોની પ્રશંસાને સહન ન કરી શકવાથી તેના પ્રતિ

અશુભ ભાવ અને કટુ વચનોનો પ્રયોગ કરે છે. જેમ કે– તે તો ઢોંગી છે, ક્રિયાનો માત્ર દેખાવ કરે છે, અતિ કપટપૂર્વક અન્યને નીચા દેખાડવા માટે આડંબર કરે છે અને વિશેષમાં તે ઉત્તમ સાધકોની કોઈ પણ નાનકડી ભૂલોને પકડીને તેની મશ્કરી કરે છે.

આ પ્રકારના અવિનીત સાધકને ગુરુ ભગવંત શિક્ષા આપે તોપણ તે વિપરીત વર્તન જ કરે છે. તે સ્વયં પાપકારી પ્રવૃત્તિ કરે, અન્યને આદેશ આપે અને અનુમોદન પણ કરે છે. તે પાપમાં ફસાઈને સંયમધર્મનો નાશ કરે છે.

કેટલાક સાધકો સંયમવંત શ્રમણોની સાથે રહીને પણ સંયમમાં વિવેક જ્ઞાનથી વિકલ, આચાર-સમાચારીમાં અપૂર્ણ, પાપવિરતિમાં પણ નિર્બળ, રત્નત્રયની સંપદામાં હીન અવસ્થાવાળા બની જાય છે. સ્વયંના પુરુષાર્થના અભાવમાં તે સાધક પ્રગતિ કરી શકતા નથી. આ પ્રકારે આ ઉદ્દેશકમાં– (૧) ઉચ્ચતમ ગુરુના સાંનિધ્યમાં રહીને સંસ્કાર પ્રાપ્ત કર્યા હોવા છતાં પણ ચલિત થનારનું (૨) ઉત્કૃષ્ટ ભાવે દીક્ષા લેવા છતાં પાછળથી અવિનીત અને ભોગાકાંક્ષી બની જનારનું (૩) શિથિલાચારી બનીને આગમાનુસાર પ્રરૂપણા કરનારનું (૪) આચારશીલ હોવા છતાં પણ જ્ઞાન, દર્શન અને પ્રરૂપણાથી વિપરીત બનનારનું (૫) સ્ત્રી પરીષહથી પરાભૂત થઈને સંયમનો ત્યાગ કરનારનું (૬) અવનત સંયમ હોવા છતાં પણ આત્મપ્રશંસા કરનારનું (૭) ગુરુ આદિ દ્વારા હિતશિક્ષા આપવા છતાં પણ ઉત્પથનો ત્યાગ ન કરનારનું (૮) વૈરાગ્ય ભાવે દીક્ષા લઈને પતિત થનારનું (૯) શ્રેષ્ઠ ઉન્નત આચારવાનોના સમૂહમાં રહીને પણ વ્યક્તિગત સુસ્ત સંયમ પાળનારાઓનું દિગ્દર્શન કરાવ્યું છે.

અંતે ઉપસંહારમાં કહ્યું છે કે પંડિત બુદ્ધિમાન સાધક ઉક્ત સમસ્ત દશાઓને જાણીને, વિચારીને સાવધાનીથી સાધના કરે અને પ્રત્યેક નિર્ણય તથા પોતાનો પુરુષાર્થ આગમાનુસાર જ કરે. પતિત સાધુઓની માનસદશાને જાણીને બુદ્ધિમાન સાધકે સ્વસ્થ માનસ રાખવામાં અને પોતાના આચાર ધર્મમાં હંમેશા સાવધાન રહેવું જોઈએ.

**પ્ર.૧૦ : ધર્મોપદેશ વિધિના સંબંધમાં આ અધ્યયનમાં શું સૂચન છે ?**

**જવાબ :** (૧) મુનિ ઉપસ્થિ થયેલી પરિષદને સમસ્ત લોકના પ્રાણીઓની દયા, અહિંસાને લક્ષ્યમાં રાખીને મુનિધર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવે. હિંસાદિ પાપોનું વિશ્લેષણ કરીને વિસ્તૃત કથન કરે અને ધર્મનું ફળ પણ બતાવે. (૨) આત્મા, કર્મ, સંસાર અને ધર્માચરણ કહે. (૩) ભવભ્રમણ સમાપ્તિ, આત્મસુખ અને આનંદની પ્રાપ્તિ, ગુણોનો વિકાસ, ઉભયલોક સુખદાયી ભવિષ્ય અને નિજ સ્વરૂપની ઉપલબ્ધિ ધર્મારાધનથી થાય છે તે સમજાવે.





જે ધર્મ શ્રવણના ઈચ્છુક શ્રોતાઓ મુનિની સેવામાં ઉપસ્થિત થયા હોય, તેને શાંતિથી ધર્મોપદેશ સંભળાવે. ધર્મોપદેશમાં વિષયનું ચયન આ પ્રકારે કરે– (૧) આત્મશાંતિ ભાવોનું અથવા સમ્યક્શ્રદ્ધા યોગ્ય તત્ત્વોનું કથન કરે (૨) ત્યાગ, પ્રત્યાખ્યાન, મહાવ્રત, અણુવ્રત આદિનો ઉપદેશ આપે (૩) ક્રોધની ઉપશાંતિ (૪) પરમશાંતિ અથવા મુક્તિ (૫) હૃદયની કે વિચારોની પવિત્રતા, નિર્મળતા રાખવા સંબંધી (૬) સરલતા (૭) નમ્રતા (૮) નિષ્પરિગ્રહિતા (૯) અહિંસા અથવા નિરતિચાર વ્રતપાલન. આ વિષયોમાંથી કોઈ પણ વિષયનો ઉપદેશ, પ્રસંગ જોઈને આપવો જોઈએ. અન્ય રાગદ્વેષ મૂલક, હિંસામૂલક ઉપદેશ મુનિ ન આપે અને અન્ય ચર્ચાસ્પદ વિષયોનો ઉલ્લેખ ઉપદેશમાં ન કરે. સર્વ પ્રાણીઓનો અને સમસ્ત પરિષદ્નો વિચાર કરીને જ ઉપદેશ આપે.

આ રીતે અનાશાતક–અહિંસક મહામુનિ, અનાશાતના યુક્ત ઉપદેશ આપનાર મુનિ, સંસારમાં ડૂબતા જીવોને માટે દ્વીપ સમાન શરણભૂત બને છે.

**પ્ર.૧૧ : આ અધ્યયનના કઠિન શબ્દાર્થ અને વાક્ય કયા કયા છે ?**

**જવાબ :** શબ્દોના અર્થ આ પ્રકારે છે– **णाल पास**= આવા સાવદ્ય ઉપચાર, હે સાધક ! તારા માટે યોગ્ય નથી, તે જાણ, સમજ, **अल तव एएहिं**= તારે આવા ઉપચારોથી દૂર રહેવું જોઈએ, **एव पास मुणी महब्भय** = મુનિ આવા કૃત્યોને મહાન દુઃખ પ્રાપ્ત કરાવનારા સમજે. આ જાણીને મુનિ કિંચિત્ પણ પ્રાણીવધ ન કરે, ન કરાવે, **आयाण भो ! सुस्सूस भो!** = હે શિષ્યો ! ધ્યાનપૂર્વક સાંભળો અને સમજો=ગ્રહણ કરો, અવધારણ કરો, **धूयवाय** = કર્મક્ષય કરવાનો માર્ગ=સંયમ સ્વરૂપ, **अभिसेएण अभिस भूया**= માતાની યોનિમાં પ્રથમ આહાર લઈને ઉત્પન્ન,**अभिस जाता**= સર્વ પર્યાપ્તિઓથી પરિપૂર્ણ શરીર અવધારણ, **अभिणिवट्टा**= અંગોપાંગથી વિકસિત રૂપ, **अभिस वुड्ढा**= ગર્ભમાંથી બહાર આવીને મોટા થતાં, **अभिस बुद्धा**= યોગ્ય વયે બોધ પ્રાપ્ત કરે છે.

**त परक्कम त** = તે સંયમભાવમાં વિચરણ કરતા મુનિને અર્થાત્ ભાવમુનિને, **परिदेवमाणा**= વિલાપ કરતા, **छ दोवणीया**= સ્વેચ્છાઓને વશીભૂત થયેલા, **अज्झोववण्णा**= અનેક સંકલ્પવિકલ્પોમાં ડૂબીને, **अक्क दकारी**= આક્રંદન કરતા. આ વર્ણન દીક્ષાને માટે તત્પર ભાવમુનિની અપેક્ષાએ સમજવું જોઈએ, **अतारिसे मुणी**= એવા કોઈ મુનિ હોતા નથી, **समणुवासिज्जासि**= સંયમનું સમ્યક અનુપાલન કરતા રહેવું જોઈએ, **एव णाण** = આ રીતે વિરક્તિભાવના જ્ઞાન સહિત, **णो समेति**= આપતા નથી, **कह णु णाम**= એવું કોણ હશે ? **अणुवयमाणे**= ગમે તેમ બોલનાર, સામું બોલનાર અથવા આક્ષેપ વચન

બોલનાર, **हणपाणे**= હિંસાનો આદેશ, **घायमाणे**= સ્વયં હિંસા કરતાં, **घोरे**= અત્યંત કઠિન, દુષ્કર, દુઃખસાધ્ય, **उप्पइए**= ઉન્નત ભાવોથી સંયમ લેનારા, **सिलोए**= યશ,ખ્યાતિ,પ્રતિષ્ઠા, **पावए**= ખરાબ, **समण विब्भ ते**= સંયમભ્રષ્ટ છે, સંયમ પતિત છે, **समण्णागएहिं**= જ્ઞાન વિવેકથી સંપન્ન, **णममाणेहिं**= સંયમ સમાચારીનું વિધિપૂર્વક તલ્લીનતાથી પાલન કરનારા, **विरतेहिं**= સમસ્ત પાપોથી, કુશીલ પરિણામોથી અને પરિગ્રહ ભાવનાથી પૂર્ણ વિરત, **दविए**= સંયમરૂપી ધનથી અખૂટ ધનવાન, જ્ઞાનાદિ રત્નત્રયની આરાધનાથી સંપન્ન, **णिट्ठियट्ठी**= મોક્ષાર્થી.

**दय लोगस्स**= સંસારના સમસ્ત જીવોની દયાને, રક્ષાને, **जाणित्ता**= વિચારીને, ધ્યાન રાખીને, **आइक्खे**= સામાન્ય રૂપે ધર્મ સ્વરૂપ કહે, **विभवे**= જીવ, કર્મ, ગતાગત, સંસાર ભ્રમણ, ચારે ગતિના બંધના કારણ આદિ વિભાગોની સાથે કહે, **किट्टए**= ધર્મનું માહાત્મ્ય, સુંદર પરિણામ, ઐહિક, પારલોકિક ભવ્ય જીવન સ્વરૂપ બતાવે, **स ति**= અસ્તિત્વ, નવતત્ત્વ, કર્મ ક્રિયા, ષડ્દ્રવ્ય આદિ શ્રદ્ધાને યોગ્ય અસ્તિત્વ ધર્મોનું સ્વરૂપ, **उवसम**= કષાયોનો ત્યાગ, **णिव्वाण** = ચિત્તની શાંતિ, પ્રસન્નતા અથવા મોક્ષ ઉપાય, **सोय** = હૃદયની અપવિત્રતા, કલુષતા, દુર્ભાવના આદિનો ત્યાગ, **अणइवत्तिय** = **अनतिपातिक** –અહિંસા-ધર્મ અથવા **अणतिवर्तिक** = આગમાનુસાર, આગમ સાપેક્ષધર્મ કહે એટલે આગમ નિરપેક્ષ કે આગમ નિષિદ્ધ કે આગમ આચારોથી વિપરીત ધર્મોપદેશ ન કરે, **णो अत्ताण आसाएज्जा**= પોતાના આત્માની, આત્મસંયમની હાનિ ન કરે, શરીરની અતિ પરેશાની થાય તેવું ન કરે, **अणासायए अणासायमाणे**= અનાશાતક મુનિ કોઈની પણ અશાતના–અહિત ન કરતા, **उट्ठिए**=સંયમમાં ઉપસ્થિત, **ठिअप्पा**= સંયમમાં સ્થિર થઈ ગયા છે, **अणिहे**= સ્નેહ–રાગભાવ રહિત, **अचले**= ઈન્દ્રિય વિષય, સ્ત્રીઓ અને પરીષહથી સંયમમાં ચલાયમાન ન થાય, **चले**= સંયમમાં સ્થિર રહેતા કર્મોને ચલિત કરે, તપથી કર્મક્ષય કરતાં, સંયમની આરાધના કરે, સંયમમાં વિચરણ કરે, **अबहिलेस्से**= લેશ્યા= પરિણામોને સંયમ યોગ્ય રાખે, અયોગ્ય પરિણામ ન કરે.

**जस्सिमे आर भा**= જેણે આ આરંભ આદિ, **सव्वओ**= સર્વ પ્રકારે, **सव्वयाए**= પૂર્ણતઃ, **सुपरिण्णाया**= સમ્યક પ્રકારે ત્યાગ કર્યા હોય છે અને, **जस्सिमे**= જેને આ, **लूसिणो**= લૂંટારા, આત્મગુણોને લૂંટનારા વિષયકષાય, **णो परिवित्त-स ति**= પીડિત કરતા નથી, તે સાધક, **तुट्टे**= કર્મોને તોડનારા, **कायस्स वियाघाए**= કાયાનો વ્યાઘાત, શરીરનો અંત કરવો, સંથારો કરીને સર્વથા ત્યાગ કરવો, **एस**= આ જ, **स गामसीसे**= કર્મયુદ્ધનું શીર્ષ–અગ્રસ્થાન કહ્યું છે. જેમ વર્ષના અભ્યાસનું શીર્ષસ્થાન પરીક્ષા છે તેમ જ જીવનના કર્મસંગ્રામ





રૂપ સંયમ-તપનો પરીક્ષણ સમય. શીર્ષ–શિર શરીરનો ઉપરનો ભાગ, તે જ રીતે સંયમ સાધના અથવા કર્મ સંગ્રામનું ચોટી સ્થાન છે–આજીવન શરીરના ત્યાગ રૂપ સંથારો, **अविहम्ममाणे**= કદાચિત્ કોઈના દ્વારા દંડ આદિથી પ્રહાર કરવા પર અથવા અન્ય મારણાંતિક કષ્ટ આવવા પર, **फलगावतट्ठी**= લાકડાના પાટિયાની સમાન બનીને સહન કરે. લાકડાના પાટિયાને કોઈ કાપે કે છેદે તો પણ તે લાકડું પ્રતિકાર કરતું નથી. તે જ રીતે શરીરના મમત્વને છોડીને મુનિ પણ તેવી અવસ્થાને ધારણ કરે, **कालोवणीएक खेज्जकाल** = મૃત્યુ સમય નિકટ આવે ત્યારે પ્રસન્નતાપૂર્વક પંડિત મરણ એટલે સમાધિમરણ થાય તેવી આકાંક્ષા– ભાવના રાખે. ક્યાં સુધી તે ભાવના રાખે ? **जावसरीरभेओ**= શરીર અને આત્માનો ભેદ–વિયોગ ન થાય ત્યાં સુધી.

# અધ્યયન–૭ : મહાપરિજ્ઞા

**પ્ર.૧ : કોઈ પણ શાસ્ત્રના વચ્ચેના અધ્યયનનો વિચ્છેદ શા માટે થાય ? અને કઈ રીતે થાય ?**

**જવાબ :** મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન આજે ઉપલબ્ધ નથી. તેના નામનો ઉલ્લેખ શ્રી સમવાયાંગ સૂત્રમાં છે. તેમાં સંયમની, બ્રહ્મચર્યની વિશેષ સાવધાની અને પરિસ્થિતિઓમાં પરાજિત ન થવાની પરિજ્ઞાનું વર્ણન હોવાથી તેનું **મહાપરિજ્ઞા** સાર્થક નામ છે. પ્રાચીન ટીકા, ચૂર્ણિ, નિર્યુક્તિ અને અન્ય વ્યાખ્યા ગ્રંથોને જોતાં લાગે છે કે આ અધ્યયનમાં અધિકાંશતઃ દેવાંગનાઓ અને નરાંગનાઓ જનિત ઉપસર્ગોનું, મોહોત્પાદક વિવિધ પરિસ્થિતિઓનું વર્ણન હતું. તેનાથી મુનિએ અંશ માત્ર પણ ચલિત ન થવાનો ઉપદેશ હતો. તેમજ કોઈ પ્રાચીન વર્ણન અનુસાર અસહ્ય ઉપસર્ગોના સમયે સામાન્ય વિશેષ સાધુઓની સુરક્ષા માટે આકાશગામિની આદિ સહજ વિદ્યાના સૂત્ર પણ તેમાં હતા. મોહોત્પાદક અને વિશિષ્ટ વિદ્યાઓથી યુક્ત આ અધ્યયનનાં લેખનને અનુચિત સમજીને શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણે અન્ય બહુશ્રુત શ્રમણોની સંમતિપૂર્વક તેને વિચ્છિન્ન કર્યું. શાસ્ત્ર લેખન કાલમાં શાસ્ત્ર સંપાદનનો પૂર્ણ અધિકાર આચાર્યોએ રાખ્યો હતો. કારણ કે મૌખિક જ્ઞાન તો સીમિત રહે છે જ્યારે લેખિત વિષય પરંપરાએ અસીમિત થાય તે નિશ્ચિત છે. તેથી ભવિષ્યની હિત બુદ્ધિથી, દીર્ઘદર્શી આચાર્યોએ શાસ્ત્ર સંપાદન સ્વયં કર્યું. કેટલાક શાસ્ત્રોના ભિન્ન વર્ણન જે આજે ઉપલબ્ધ છે, તેનું પણ સરળ સમાધાન તે જ છે અન્યથા અનેક તર્ક–વિતર્ક થાય છે.

સૂયગડાંગ સૂત્ર અધ્ય.૪, ઉદ્દે.૨ માં સ્ત્રીચર્યાનો વિષય છે જેની વાંચના

આપવી કે સાંભળવી તે સંકોચજન્ય છે. તેમાં જે મોહત્પાદક વર્ણન છે, તેનાથી પણ અધિક વિસ્તૃત વર્ણન મહાપરિજ્ઞા અધ્યયનમાં હતું. તેથી લેખનકાળમાં તેને વિચ્છિન્ન કર્યું. તે પ્રમાણે સમજવું જ સમાધાનકારક છે.

નિર્યુક્તિકાર શ્રી દ્વિતીય ભદ્રબાહુસ્વામી શ્રી દેવર્દ્ધિગણીથી ૪૦–૫૦ વર્ષ પછી જ થયા હતા. ત્યાં સુધી આ અધ્યયનની માહિતી મૌખિક પરંપરામાં હતી જેથી તેઓએ નિર્યુક્તિમાં તે અધ્યયનના નામની વ્યાખ્યા અને વિષય પરિચય આપ્યો છે. તેઓએ અધ્યયનના સાત ઉદ્દેશક હોવાનું કથન કરીને કોઈ પણ સૂત્ર, વાક્ય, તેના અર્થ કે વિવેચનનો ઉલ્લેખ કર્યો નથી. તેથી સ્પષ્ટ થાય છે કે નિર્યુક્તિકારની પૂર્વે જ આ અધ્યયન વિચ્છિન્ન થયું હતું અને તે સમય શાસ્ત્રલેખનો જ સમજવો જોઈએ. ત્યાર પછી ચૂર્ણિકારે પણ નિર્યુક્તિના આધારે જ પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે. ત્યાર પછી ટીકાકાર શ્રી શીલાંકાચાર્યે માત્ર વિચ્છેદ થયાનું જ કથન કર્યું છે.

ઉલ્લેખનીય વિશેષ વાત એ છે કે લાડનૂથી આચાર્ય તુલસી, મુનિ નથમલજી અને અનેક તેરાપંથી વિદ્વાન સંતોએ આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુત-સ્કંધના અર્થ, ટિપ્પણ, વ્યાખ્યા વગેરે અતિ શ્રમપૂર્વક ત્રણ વર્ષમાં પૂર્ણ કર્યા. તેઓએ છઠ્ઠા અધ્યયન પછી આઠમા અધ્યયનનો જ પ્રારંભ કર્યો છે. સાતમું અધ્યયન શા માટે નથી ? તે વિષયને સંપાદકીય, ભૂમિકા, પરિશિષ્ટ, ટિપ્પણ આદિ ક્યાં ય સ્પર્શ્યો નથી; તે વિચારણીય અને આશ્ચર્યજનક છે.

તેથી અનુમાન કરી શકાય છે કે મહાન વિદ્વાન સંત પણ આ પ્રશ્નનું સમાધાન કરી શકતા નથી. આવા અનેક પ્રશ્નોનું મૂળભૂત કારણ શાસ્ત્ર લેખન-કાલમાં જે સંશોધન, સંપાદનના અધિકારપૂર્વક કામ કર્યું હતું; તેનો વિવરણપત્ર ઈતિહાસરૂપે અલગ સંકલિત કર્યો નહીં હોય અથવા કદાચિત્ કર્યો હશે તો પણ તે એક બે પ્રત હોવાથી વિલીન થઈ ગયો હશે. તેનું જ્વલંત ઉદાહરણ છે– પ્રશ્નવ્યાકરણ સૂત્ર. તેમાં આજે જે વિષય ઉપલબ્ધ છે તે પૂર્ણરૂપે અન્ય જ છે. જ્યારે નંદીસૂત્રમાં તે અંગે કંઈક ભિન્ન જ કથન છે તથા ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રના વિષયોનું જે કથન છે તેમાં એકરૂપતા નથી. વર્તમાને ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો વિષય ત્રણે સૂત્રોના કથનથી સર્વથા ભિન્ન છે.

આ રીતે અંગસૂત્રમાં પૂર્ણ પરિવર્તન કર્યા પછી પણ તેનું કોઈ લેખિત ઐતિહાસિક પ્રમાણ આચાર્યોએ સુરક્ષિત રાખ્યું નથી, તે જ અનેક પ્રશ્નોનું કે મૂંઝવણનું મૂળભૂત કારણ છે. આ પ્રમાણે વિચારણા કરવાથી યોગ્ય સમાધાન થઈ શકે છે.

**સાર :–** સ્ત્રી પરીષહનું મોહોત્પાદક વર્ણન અને વિશિષ્ટ વિદ્યાઓનો સંકેત





હોવાથી લેખનકાલમાં આ અધ્યયનને વિચ્છિન્ન કર્યું હતું. પરંતુ સમવાયાંગ સૂત્રમાંથી તેનું નામ વિચ્છેદ કર્યું નહીં. જેમ કે પ્રશ્નવ્યાકરણ સૂત્ર પૂર્ણ રીતે નવું જ બનાવી દીધું તોપણ નંદી સૂત્ર, ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્રમાં તેનો પરિચય વિષય યથાવત્ રાખ્યો. તેમાં કંઈ પણ પરિવર્તન કર્યું નથી. આ પણ એક છદ્મસ્થિક દોષ છે. જેથી આજના તાર્કિક જિજ્ઞાસુઓને અનેક સત્યાસત્ય કલ્પનાઓ કરવી પડે છે.

વિભિન્ન અધ્યયન, મનન અને અનુભવના આધારે ઉક્ત વિષયનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો છે. જેનાથી અનેક જિજ્ઞાસુઓનું સમાધાન થઈ શકશે.

# અધ્યયન–૮ : વિમોક્ષ

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? તેની સાર્થકતા કઈ રીતે થાય છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ વિમોક્ષ છે. તેમાં અન્ય અનેક સાધનાનાં વર્ણનો હોવા છતાં પણ જીવનની અંતિમ સાધનાના વર્ણનની પ્રમુખતા છે. જેમાં અંતિમ ચાર ઉદ્દેશકોમાં અંતે સંલેખના, સંથારા અને અંતિમ આરાધનાનું, કર્મવિમુક્તિનું વર્ણન છે. તેમાંથી પાંચમા ઉદ્દેશકમાં ભક્ત પ્રત્યાખ્યાન અનશનનું, છઠ્ઠા ઉદ્દેશકમાં ઈંગિતમરણ અનશનનું અને સાતમા ઉદ્દેશકમાં પાદપોપગમન અનશનનું વર્ણન કરીને તેને વિમોક્ષાયતન કહ્યું છે. આઠમા ઉદ્દેશકમાં પૂર્ણતઃ ત્રણે અનશન અને તેની પૂર્વની સંલેખના સાધનાનું જ વર્ણન છે તેમાં અન્ય કોઈ વર્ણન નથી. આ રીતે વિમોક્ષના આયતનોના એટલે કે મોક્ષ પ્રાપ્ત કરાવનાર આજીવન અનશન સાધનાઓના વર્ણનોની મુખ્યતા હોવાથી **વિમોક્ષ** નામ પૂર્ણ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે અને તેમાં મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનના કુલ ૮ ઉદ્દેશક છે. તેનું વિષય વર્ણન આ પ્રમાણે છે– **પ્રથમ ઉદ્દેશકમાં**– સમનોજ્ઞ સમાચારીવાળા, અસમનોજ્ઞ સમાચારીવાળા અને અન્યતીર્થિક સાધુઓની સાથે આહારના આદાન-પ્રદાનનું, અન્યતીર્થિકોની પ્રરૂપણાના જ્ઞાનનું અને જિનમતના અહિંસક આચારનું વર્ણન છે. **બીજા ઉદ્દેશકમાં**– આહાર, વસ્ત્ર આદિનું નિમંત્રણ અને ગવેષણા તથા તન્નિમિત્તક વધ પરીષહ અને સમનોજ્ઞ અસમનોજ્ઞ જૈન શ્રમણોની સાથે આહાર આદિ વ્યવહારનું નિરૂપણ છે.

**ત્રીજા ઉદ્દેશકમાં**– યુવાનીમાં દીક્ષિત સાધુની વિકટ સાધના, લોકોનો ભ્રમ અને તેનું નિવારણ તથા સાવધાનીથી સંયમ સમાચારી પાલનનું કથન છે. **ચોથા ઉદ્દેશકમાં**– આઠ માસ પર્યંત ત્રણ વસ્ત્ર(પછેડી)ની પ્રતિજ્ઞા ધારણ કરનારની સાધના અને અંતે બ્રહ્મચર્ય ભંગ ન કરવા માટે વૈહાયસમરણ (ફાંસીથી મરણ) નો સંકેત અને આરાધના નિરૂપિત છે.

**પાંચમા ઉદ્દેશકમાં–** બે વસ્ત્રની પડિમા, શારીરિક નિર્બળતામાં પણ સામે લાવેલું કોઈ પણ વસ્તુ ગ્રહણ ન કરવાની દઢતા, વૈયાવચ્ચ સંબંધી પડિમાની ચૌભંગી, અંતે અસ્પષ્ટ ભક્ત પ્રત્યાખ્યાનનો સંકેત તેમજ તેની આરાધનાનું સ્પષ્ટ કથન છે. **છટ્ઠા ઉદ્દેશકમાં–** એક વસ્ત્રની આઠ માસની પ્રતિમાનું વર્ણન, અનાસક્તભાવે આહાર કરવાની વિધિનો નિર્દેશ, અંતે ઈંગિનીમરણ અનશનનું વર્ણન છે. **સાતમા ઉદ્દેશકમાં–** આઠ માસ પર્યંત નિર્વસ્ત્ર રહેવાની પડિમા કે કટિબંધન(ચોલપટ્ટક)માત્ર ધારણ, આહારના આદાન-પ્રદાન સંબંધી પડિમા અને ચૌભંગી, અંતે પાદપોપગમન સંથારાનું વર્ણન છે. **આઠમા ઉદ્દેશકમાં**– ત્રણ પ્રકારના પંડિત મરણ–સંથારાનું પદ્યાત્મક વર્ણન છે.

**પ્ર.૩ : જૈન શ્રમણ અન્ય જૈન શ્રમણો સાથે આહાર પાણી આદિના સંબંધમાં કેવો વ્યવહાર રાખી શકે છે ?**

**જવાબ :** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકના પ્રારંભમાં અને બીજા અધ્યયનના અંતે આ વિષયનો નિર્દેશ કર્યો છે. તે આ પ્રમાણે છે– જૈન શ્રમણોના કુલ, ગણ, સંઘ આદિ વિભાગ આગમ કથિત છે, જે તેની આભ્યંતર સુવ્યવસ્થા માટે છે. જેમાં આહારાદિના આદાન-પ્રદાન સંબંધી એક સુનિશ્ચિત વ્યવસ્થા હોય છે. તે પ્રત્યેક ગણનાયક(આચાર્યાદિ) દ્વારા પોતાની નિશ્રાગત(અધીનસ્થ) તમામ શ્રમણ-શ્રમણીઓની શાંતિ અને સંયમસમાધિની અપેક્ષા સુનિયોજિત હોય છે. આ વ્યવસ્થામાં જેટલા શ્રમણો સાથે એક માંડલિક આહાર વિહિત હોય છે, તે સાંભોગિક સાધુ કહેવાય છે અને તેમાં પરસ્પર આહારાદિના કોઈ પણ પદાર્થોનું આદાન-પ્રદાન થઈ શકે છે. તે સિવાયના શ્રમણોની સાથે વિશિષ્ટ ગુઢ આજ્ઞા વિના આહારાદિ કોઈ પણ પદાર્થોનું આદાન-પ્રદાન થઈ શકતું નથી. આ વ્યવસ્થા સાધુની વ્યાવહારિક પ્રવૃત્તિઓને સીમિત રાખીને, આત્મ સાધનામાં વિકાસ કરવા માટે છે– ઓછો વ્યવહાર, સમય બચાવ.

આ દષ્ટિથી પ્રથમ ઉદ્દેશકમાં પોતાની મર્યાદાથી બહારના સમનોજ્ઞ અથવા અસમનોજ્ઞ સર્વ જૈન શ્રમણોની સાથે અકારણ અર્થાત્ માન-સન્માનને માટે આહારાદિ કે વસ્ત્રાદિ આપવાનો અથવા નિમંત્રણ આપવાનો નિષેધ છે.

બીજા ઉદ્દેશકમાં કહ્યું છે કે સમનોજ્ઞ અર્થાત્ આચારશીલ અને પ્રતિષ્ઠિત





શ્રમણો, પોતાની સમાન આચારશીલ કે પ્રતિષ્ઠિત શ્રમણોની સાથે આહારાદિનો વ્યવહાર સન્માનપૂર્વક કરી શકે છે અને અન્ય જૈન શ્રમણોની સાથે આવશ્યક પરિસ્થિતિ, સેવા-સંયોગ આદિ પ્રસંગે કરી શકે છે, અન્યથા નહીં. આત્મ-સાધનામાં વિકાસ કરતા સાધક પોતાના બાહ્ય વ્યવહારોને ઘટાડતા જાય. આગમમાં આ પ્રકારના અનેક વિધાન છે. જેમ કે–

(૧) ઉત્તરાધ્યયન સૂત્ર– અધ્ય.૨૯ માં સ્વગચ્છના અન્ય સાધુઓની સાથે એક માંડલે આહાર કરવાના પ્રત્યાખ્યાન કરવાનું અર્થાત્ કોઈની સાથે આહાર ન કરવાનું વિશિષ્ટ ફળ કહ્યું છે.

(૨) ત્યાં જ અન્ય સહચારી સાધુઓનો કોઈ પણ પ્રકારે સહયોગ કે સહકાર લેવાના પ્રત્યાખ્યાનનું ફળ પણ કહ્યું છે.

આ બંને પ્રકરણોનું તાત્પર્ય એ છે કે સહચારી સાધુઓની સાથે પણ આહારાદિ કે વસ્ત્રાદિના આદાન-પ્રદાનને સીમિત કરીને અને સેવા-સહયોગ લેવાનો ત્યાગ કરી, સ્વાવલંબી બનતા શ્રમણો પોતાની વ્યાવહારિક પ્રવૃત્તિઓને પણ સીમિત કરે તથા સ્વાધ્યાય-ધ્યાનરૂપ આત્મસાધનામાં વિકાસશીલ બને.

તે સિવાય જે સાધક ઉન્નત આત્મસાધનાનું લક્ષ્ય હોવા છતાં પણ વ્યવહારિક કર્તવ્યોમાં સ્થિત છે, તેમણે પોતાના ક્ષેત્ર, કાલ અનુસાર પ્રેમભાવ, મૈત્રીભાવ અને વાત્સલ્યભાવ પૂર્વક સહચારી શ્રમણો સાથે વ્યવહાર રાખવો જરૂરી છે. વર્તમાનમાં અધિકતમ શ્રમણ-શ્રમણીઓ આધ્યાત્મિકતાની અપેક્ષાએ સામાજિકતા અને વ્યાવહારિકતામાં જ વધુ સંલગ્ન રહે છે. આ સ્થિતિમાં તેઓને સહ ક્ષેત્રવર્તી વિચરણશીલ સંતોની સાથે પણ સ્નેહયુક્ત વ્યવહાર રાખવો જરૂરી અને ઉપયોગી છે.

નિરંતર આત્મસાધનામાં વિકાસશીલ શ્રમણ વ્યવહારને સીમિત કરતા જાય અને આગળ વધીને ગુર્વાજ્ઞા પ્રાપ્ત કરીને સહયોગી સાધુઓ સાથે પણ આહાર અને અન્ય વ્યવહારનો ત્યાગ કરે છે. આ રીતે વ્યવહારથી પર થઈને સાધના કરવી શ્રેષ્ઠ છે, આગમ સમ્મત છે.

**પ્ર.૪ : આ અધ્યયનમાં આહાર-પાણીના વ્યવહાર સંબંધી વિશિષ્ટ સાધના માટે શું વર્ણન છે ?**

**જવાબ :** આ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં એક વિશિષ્ટ નિયમ-અભિગ્રહનું કથન છે. જેમાં વસ્ત્રની ઊણોદરી, આહારની સ્વતંત્રતાનો નિર્દેશ છે. તે મુનિ સ્વયં કોઈ કષ્ટ કે રોગના કારણે ભિક્ષાર્થે ન જઈ શકે તોપણ કોઈની સેવા લેતા નથી અને શ્રદ્ધાવાન ગૃહસ્થો સામે લાવીને આપે તોપણ તે આહાર લેવાનો સ્પષ્ટ નિષેધ કરી દે છે.

પાંચમા અને સાતમા ઉદ્દેશકમાં આહાર સંબંધી એક-એક ચૌભંગી છે. તેનું તાત્પર્ય એ છે કે સાધનાશીલ, વૃત્તિસંક્ષેપ કરવાના લક્ષ્યવાળા સાધક ગુર્વાજ્ઞા પ્રાપ્ત કરીને પારસ્પરિક આહાર-વ્યવહાર સંબંધી અનેક પ્રકારના અભિગ્રહ કરી શકે છે. તેમાં તે પોતાના માટે, બીજા દ્વારા આહાર મંગાવવાનો ત્યાગ કરી શકે છે અને અન્ય માટે લાવવાનો પણ ત્યાગ કરી શકે છે. આ અભિગ્રહ ગુઢઆજ્ઞા અને વિવેકપૂર્વક જ કરાય છે. તે આત્મ સાધનામાં પુષ્ટિકારક હોય છે. આ પ્રકારના ઉચ્ચકોટિના સાધકોને માટે વ્યવહાર ગૌણ બની જાય છે અને લોકેષણા છૂટી જાય છે, સાધનાની પ્રગતિ જ તેનું એકમાત્ર લક્ષ્ય હોય છે. આવા વિશિષ્ટ સાધકો ક્યારે ય અન્યને હીન અને પોતાને  ઉચ્ચ માનતા નથી.

અભિગ્રહધારી સાધકોની ઉપરોક્ત બંને ચૌભંગીમાં એક-એક છૂટ પણ રાખવાનું વિધાન છે– (૧) ઢગણ અવસ્થામાં કોઈની પણ સેવા કરીશ અને કોઈની પણ સેવા લઈશ (૨) સ્વાભાવિક પોતે લાવેલા આહારમાંથી અધિક હોય તે કોઈને પણ આપીશ અને અન્ય પાસેથી પણ લઈશ.

ઉપરોક્ત અભિગ્રહનો ઉદ્દેશ્ય વ્યવહારની ઉપેક્ષા કે ખંડન માટે નથી પરંતુ સ્વયંની વૃત્તિસંક્ષેપ તપ અથવા ભિક્ષાચરી તપ દ્વારા કર્મ નિર્જરા અને નિર્વાણની પ્રાપ્તિનો છે.

આગમ વિધાનોના આદર્શોને સમજીને અને હૃદયંગમ કરીને સાધકોએ લોકેષણા અને જનવ્યવહારથી પર થઈને, વૃત્તિસંક્ષેપરૂપ શ્રેષ્ઠ આચારથી આત્મ-ગુણોને પુષ્ટ કરવામાં અને કર્મસમૂહને નષ્ટ કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

તે ઉપરાંત જે સાધક સામાજિકતા, જનસંપર્ક, ધર્મ પ્રભાવનાના મુખ્ય લક્ષમાં પ્રવર્તિત છે, તેમણે સમાજના સમસ્ત સાધુઓની સાથે ઔદાર્યપૂર્ણ વ્યવહાર રાખીને સમાજમાં પ્રેમ અને એકતા તેમજ સહૃદયતાના આદર્શને ઉપસ્થિત કરવો જોઈએ. જેથી ચતુર્વિધ સંઘમાં રાગ-દ્વેષ, નિંદા-વિકથાના માધ્યમથી કર્મબંધની વૃદ્ધિ ન થાય. શાંતિ, પ્રેમ અને પ્રમોદ ભાવોની વૃદ્ધિ થાય. ખરેખર શાંતિ અને સમાધિની ઉપલબ્ધિ તે જ સાધનાની સફળતા છે.

આગમનિર્દિષ્ટ તપ, નિયમ અને વિશિષ્ટ અભિગ્રહોનાં પાલનની ક્ષમતા વધારીને યથાસમયે, યથાયોગ્ય આત્મવિકાસ કરવો જોઈએ. તેમ છતાં પ્રત્યેક પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં ભાવોની પવિત્રતા ન તૂટે તેનું લક્ષ્ય રાખવું પણ જરૂરી છે. આ પ્રકારની ભાવવિશુદ્ધિની સાવધાની રાખીને આત્માને સુરક્ષિત રાખવો જોઈએ.

ભાવશુદ્ધિયુક્ત સાધના જ પ્રાણયુક્ત બને છે. ભાવોની પવિત્રતા વિના સાધના નિષ્પ્રાણ બની જાય છે. નિષ્પ્રાણ શરીરની જેમ નિષ્પ્રાણ સાધનાની





કોઈ પણ કિંમત નથી. નિષ્પ્રાણ અર્થાત્ કલુષિત ચિત્તયુક્ત સાધના વાતાવરણને દૂષિત બનાવીને સ્વયંનું અને સમાજનું અહિત કરે છે.

તેથી દરેક આત્મસાધકે આગમોના અનેકાંતિક આશયોને હૃદયંગમ કરીને સ્વયંના જીવનને અને સામાજિક વાતાવરણને સુવાસિત રાખવું જોઈએ.

**પ્ર.૫ : આ અધ્યયનમાં આગમોના અનેકાંતિક આશયને પ્રગટ કરનારા અન્ય કથન કયા કયા છે ?**

**જવાબ :** પ્રથમ ઉદ્દેશકમાં નિમ્ન સૂત્રમાં આચારની અનેકાંતિકતાને પ્રગટ કરી છે. જેને મહાન વિવેક કહેવાય છે– **एस मह  विवेगे वियाहिए– गामे अदुवा रण्णे, णेव गामे णेव रण्णे धम्म  । जामा तिण्णि उदाहिया, जेसु इमे आयरिया स बुज्झमाणा समुट्ठिया ।**

સંયમ સાધના કે તપ સાધના ગામમાં કે વનમાં ગમે ત્યાં થઈ શકે છે. એકાંતે ગામમાં જ કે એકાંતે વનમાં જ થાય તેમ સમજવું નહિ. જો ભાવોની શુદ્ધિ, પવિત્રતા, વિવેક અને આત્મનિગ્રહની સાવધાની હોય તો સાધના સર્વત્ર શક્ય છે. ભાવોની પવિત્રતા ન હોય તો ક્યાં ય સફળતા મળતી નથી. આ અનેકાંતદર્શન છે.

તે જ રીતે જીવનની ત્રણે અવસ્થા– બાલ, યુવાની અને વૃદ્ધાવસ્થામાંથી ગમે તે અવસ્થામાં સાધના થઈ શકે છે, સંયમ સ્વીકાર થઈ શકે છે, વિવેક અને જાગૃતિની મુખ્યતા છે, વયની નહિ.

કોઈ પણ અવસ્થામાં,વયમાં વિવેકી અને જાગૃત વ્યક્તિ સાધના પથમાં સફળ થઈ શકે છે. આમાં ક્યાં ય પણ એકાંત આગ્રહ નથી.

**પ્ર.૬ : શું જૈનેતર સાધુઓ સાથે આહારાદિનો વ્યવહાર થઈ શકે છે ?**

**જવાબ :** પ્રથમ ઉદ્દેશકમાં જૈનેતર ભિક્ષુઓ દ્વારા નિમંત્રણ હોવા છતાં આહારાદિ સ્વીકારવાનો નિષેધ છે. તે જ રીતે જૈન શ્રમણોમાં પણ જેનું લિંગ ભિન્ન હોય, સિદ્ધાંતોમાં વિપરીતતા હોય તેની સાથે આહારાદિ વ્યવહારનો નિષેધ છે. વિભિન્ન માન્યતા અને પ્રરૂપણાઓનાં કારણે અતિ સંપર્ક હાનિકારક બની શકે છે. વ્યાખ્યાગ્રંથો અનુસાર માન્યતા ભેદના કારણે કોઈ પણ એક બીજાને અભક્ષ્ય પદાર્થ ખાવામાં આપી દે અથવા કોઈને કાંઈ પણ અશાતાનો સંયોગ સ્વતઃ થઈ જાય ત્યારે એક બીજા પર સંદેહ ઉત્પન્ન થઈ શકે છે અને ક્યારેક ધાર્મિક, સામાજિક, વિરોધપૂર્ણ વાતાવરણનું સર્જન થઈ જાય છે. આ કારણે સંયમ સાધક મુનિ અનાવશ્યક પરિસ્થિતિમાં વૃત્તિસંક્ષેપરૂપ આગમ વિધાનોનું ઉલ્લંઘન ન કરે, તેમાં જ તેનું કલ્યાણ છે.

વિશેષ પરિસ્થિતિમાં અપવાદ રૂપે ક્યારેક ઉપરોક્ત આચરણ કરવું

પડે, તો તેનો નિર્ણય ગીતાર્થશ્રમણ વિવેકપૂર્વક કરી શકે છે. તે કાર્ય તત્કાલીન માત્ર હોય છે. તે નિયમિત પ્રવૃતિરૂપ ન થાય, તેવો છેદસૂત્રોના વ્યાખ્યાકારોનો આશય છે.

**પ્ર.૭ : આ અધ્યયનમાં આહારની ગવેષણાના વિષયમાં શું વિશેષ કથન છે ?**

**જવાબ :** બીજા ઉદ્દેશકમાં આહાર વિવેકનું નિરૂપણ છે– (૧) કોઈ શ્રદ્ધા ભક્તિ-પૂર્વક નિમંત્રણ આપે તોપણ શ્રમણોએ ક્યારે ય આધાકર્માદિ દોષ યુક્ત આહાર ગ્રહણ કરવો જોઈએ નહીં (૨) દોષયુક્ત આહાર છે તેનું જ્ઞાન થયા પછી તે સદોષ આહાર ગ્રહણ ન કરવો (૩) ક્યારેક સદોષ આહારના દાતા કે નિમંત્રક આહાર ન લેવાથી ઢષ્ટ થઈને ઉપસર્ગ કરે, મારણાંતિક કષ્ટ આપે તોપણ ભિક્ષુ સહન કરે. યોગ્ય સમયે તેને સાધ્વાચારનું જ્ઞાન આપે, અન્યથા મૌન રહે પરંતુ ગવેષણાના નિયમનો ભંગ ન કરે. આ રીતે અહીં ગવેષણાના નિયમ પાલનના વિશિષ્ટ આદર્શ માર્ગ, ધ્રુવમાર્ગનો નિર્દેશ છે.

સામુહિક વ્યવસ્થામાં રહેનારા શ્રમણોને જ્યારે સંકટમય પરિસ્થિતિ ઉપસ્થિત થાય ત્યારે બહુશ્રુત ગીતાર્થ મુનિ અથવા પ્રમુખ શ્રમણ વિવેકયુક્ત નિર્ણય લઈ શકે છે. તેઓ સાથે રહેનાર બાલ, વૃદ્ધ, ગ્લાન, અલ્પધૈર્યવંત શ્રમણોના સંયમ સમાધિભાવોનો વિવેક રાખીને નિર્ણય કરે છે. કારણ કે સર્વની ક્ષમતાનો વિચાર કરીને, તેના સમાધિભાવને સુરક્ષિત રાખવા તે મુખ્ય સંતનું કર્તવ્ય છે. તેમજ અધૈર્યવાન અને નિર્બળ સાધકોને સંસ્કારિત કરીને ક્રમશઃ દઢમનોબલી તથા ધૈર્યસંપન્ન બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સહયોગી કોઈ પણ સંતોને કોઈ પણ નિયમનું પાલન બળપૂર્વક કરાવવું તે ઉચિત નથી.

કષ્ટોને સહન કરવા તે સંયમનો આવશ્યક ગુણ છે તથા સંયમ ભાવોની સમાધિને સુરક્ષિત રાખવી તે તેનાથી પણ વિશેષ જરૂરી છે, તે સમજવું જોઈએ.

**પ્ર.૮ : આ અધ્યયનમાં શીત પરીષહના વિષયમાં શું સૂચિત કર્યું છે ?**

**જવાબ :** ત્રીજા ઉદ્દેશકમાં આ વિષયનું નિરૂપણ કરતાં કહ્યું છે કે અત્યધિક ઠંડીના કારણે ભિક્ષુનું શરીર કંપિત થતું હોય, અંગોપાંગ ઠૂંઠવાઈ જતાં હોય, તેને જોઈને કોઈ દયાળુ ગૃહસ્થ તેના શરીરને અગ્નિથી આતાપિત કરવાનું નિમંત્રણ આપે, અગ્નિકુંડની સમીપે તેને બેસાડી દે, તો ભિક્ષુ તેનો ઈન્કાર કરે, સ્વીકાર કરે નહીં. તેની સમીપે અગ્નિકુંડ રાખે તો પણ અગ્નિસેવનની મનથી પણ ઈચ્છા ન કરે.

**પ્ર.૯ : આ અધ્યયનમાં ભિક્ષુને ત્રણ વસ્ત્ર, બે વસ્ત્ર, એક વસ્ત્ર ધારણ કરવાના વિષયમાં શું કથન છે ?**

**જવાબ :** ઉદ્દેશક–૪, ૫, ૬, ૭માં વસ્ત્ર સંબંધી વિશિષ્ટ અભિગ્રહ ધારણ





કરનારા શ્રમણોની આચાર વિધિનું સ્પષ્ટીકરણ છે. ચાર ઉદ્દેશકમાં ચાર પ્રકારના અભિગ્રહનું કથન છે. યથા– (૧) ત્રણ વસ્ત્ર રાખવા– ચોથા ઉદ્દેશકમાં. (૨) બે વસ્ત્ર રાખવા– પાંચમા ઉદ્દેશકમાં. (૩) એક વસ્ત્ર રાખવું– છઠ્ઠા ઉદ્દેશકમાં (૪) અચેલક રહેવું અથવા ચોલપટ્ટક ધારણ કરવો– સાતમા ઉદ્દેશકમાં.

આ અભિગ્રહધારી શ્રમણ ચાતુર્માસ સમાપ્ત થયા પછી શેષકાલ માટે અર્થાત્ આઠ મહિના માટે આ નિયમ ધારણ કરે છે. તેમાં ક્યારે ય તે વસ્ત્ર જીર્ણ થઈ જાય તો ઊણોદરી કરે છે. કોઈ કારણવશ વસ્ત્ર ફાટી જાય કે ગુમ થઈ જાય તોપણ નિર્ધારિત સમય પહેલાં તેઓ વસ્ત્ર ગ્રહણ કરી શકતા નથી, અચેલ રહેવાનો પ્રસંગ આવે તોપણ રહે છે. ત્યાર પછી તેઓ ચાતુર્માસ પૂર્વે નવા વસ્ત્રની યાચના કરે છે.

**પ્ર.૧૦ : વસ્ત્રને ધોવા કે રંગવા નહીં તે કથનનો શું આશય છે ?**

**જવાબ :** વસ્ત્ર સંબંધી વિશિષ્ટ અભિગ્રહ ધારણ કરનાર સાધકો વસ્ત્ર ગ્રહણ કર્યા પછી, જે પ્રકારનું વસ્ત્ર પ્રાપ્ત થયું હોય, તેને તે જ રીતે ઉપયોગમાં લે. ધોવું, સીવવું, નીલ–ગળી આદિ પદાર્થનો ઉપયોગ કરવો વગેરે કોઈ પણ વસ્ત્ર પરિકર્મ તેઓ કરતા નથી. સામાન્ય સાધુને પણ વસ્ત્રને રંગવાનું કલ્પનીય નથી, માટે અહીં વસ્ત્ર ધોવાની સાથે જે રંગવાનો સંકેત છે, તે વસ્ત્ર ધોયા પછી તેની સફેદાઈ માટે જે નીલ–ગળી આદિ પદાર્થોનો ઉપયોગ થાય છે, તેનું જ રંગવું શબ્દથી કથન કર્યું છે.

તે વિશિષ્ટ સાધક પોતાની પાસે રાખેલાં વસ્ત્રો પર મમત્વ ભાવ ન રાખે અને ચોરી આદિના ભયથી તેને છુપાવીને પણ ન રાખે.

**પ્ર.૧૧ : સાધુને માટે મરણનું શરણ કેટલા પ્રકારે કહ્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ચાર પ્રકારે મરણના શરણનું કથન છે–

(૧) **ચોથા ઉદ્દેશકમાં–** સાધકને ક્યારેક તીવ્ર વેદમોહનો ઉદય થઈ જાય અને તે વિવિધ ઉપાય કરવા છતાં પણ તેનું શમન કરી ન શકે, બ્રહ્મચર્ય નષ્ટ કરવાની જ પરિસ્થિતિ આવે, માનસિક અને આત્મિક સંતુલન ન રહે, ત્યારે ધર્મભાવોના મૂળ લક્ષ્યને સુરક્ષિત રાખીને, કુશીલ સેવન ન કરવું પડે તે નિર્ણયથી ફાંસીથી મરણનું શરણ પ્રાપ્ત કરી લેવું જોઈએ. ક્યારેક કોઈ અન્ય દ્વારા બલાત્કારની સ્થિતિનું સર્જન થાય, તો તત્કાલ કોઈ પણ ઉપાયથી જીવન સમાપ્ત કરી લેવું જોઈએ. તેમજ અંતે સંથારો ગ્રહણ કરવો, અંતિમ આલોચનાદિ કરી આરાધના કરવી વગેરે અહીં અંતર્ભાવિત છે. આવા જ ભાવો અંતિમ સૂત્રપાઠથી પણ પ્રતિધ્વનિત થાય છે.

(૨) **પાંચમા ઉદ્દેશકમાં–** સાધુ પોતાની વિશિષ્ટ પ્રતિજ્ઞાઓનું સફળતાપૂર્વક

પાલન કરતાં અંતિમ સમય સુધી સમાધિપૂર્વક સંયમનું પાલન કરે છે. આવી શુદ્ધ પવિત્ર સમાધિમાં અથવા ભક્ત પ્રત્યાખ્યાન અનશનમાં મરણને શરણ થાય છે. (૩) **છઠ્ઠા ઉદ્દેશકમાં–** ઈંગિનીમરણ અનશનથી અને (૪) **સાતમા ઉદ્દેશકમાં–** પાદપોપગમન અનશનથી ભિક્ષુ મરણને શરણ થાય છે.

ઉક્ત ચારે પ્રકારના મરણને શરણ થનારા શ્રમણ, ધર્મના આરાધક છે, મોક્ષમાર્ગના પથિક છે અને કર્મોનો અંત કરનાર છે.

**પ્ર.૧૨ : ભક્ત પ્રત્યાખ્યાન પંડિતમરણ કઈ રીતે થાય છે ?**

**જવાબ :** કોઈ પણ પ્રકારના અનુભવજ્ઞાનથી સાધકને જ્યારે આભાસ થઈ જાય, સમજાઈ જાય કે હવે જીવનનો અંતિમ સમય નિકટ આવી ગયો છે, ત્યારે આહાર-પાણીનો ત્યાગ કરવો અને શારીરિક ક્રિયાઓના સિવાયની સમસ્ત પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો તથા સમસ્ત જીવો પ્રતિ વેર-વિરોધભાવ દૂર કરીને ક્ષમા કે સમભાવ ઉપસ્થિત કરવો, આત્મપરિણામોને પૂર્ણ પવિત્ર રાખવા, જીવનમાં થયેલા વિશિષ્ટ દોષોનું અને વ્રતભંગના પ્રસંગોનું સ્મરણ કરીને આલોચના, પ્રાયશ્ચિત્ત આદિ કરવું, દોષોનું પરિમાણ અધિક હોય તો પુનઃ વ્રતા-રોપણ કરવું અર્થાત્ પુનઃ મહાવ્રત અથવા વ્રત પચ્ચક્ખાણનું ઉચ્ચારણ કરી સ્વીકાર કરવા. ત્યાર પછી શરીર પ્રતિ મમત્વ ભાવ છોડીને દેહ અને આત્માની ભિન્નતાનું ચિંતન કરતાં, ધર્મ ધ્યાનના ચિંતનમાં તલ્લીન બનવું. શારીરિક કષ્ટ અથવા કોઈ પણ વ્યાધિ આવે તો પરમ શાંતિથી સહન કરતાં શાંત પ્રશાંત મુદ્રામાં જ રહેવું. આ પ્રકારનું પંડિતમરણ ગમે ત્યારે, ગમે તે વ્યક્તિ મૃત્યુના સમયે કષાય રહિત પરિણામોમાં સ્વીકાર કરી શકે છે.

**પ્ર.૧૩ : ઈંગિનીમરણ અનશન કેવી રીતે થાય છે ?**

**જવાબ :** વિશિષ્ટ ક્ષમતા સંપન્ન સાધક આ બીજા પ્રકારનું અનશન સ્વીકાર કરી શકે છે. આ અનશન વિધિમાં અન્ય દ્વારા કોઈ પણ પ્રકારની શારીરિક પરિચર્યા, સેવા શુશ્રૂષા કરાતી નથી, તેમજ અન્યત્ર ગમનાગમન પણ થતું નથી, સીમિત ક્ષેત્રમાં અથવા એક રૂમમાં સ્વયં ઉઠવું, બેસવું, હરવું, ફરવું આદિ કરી શકે છે. શરીરને દબાવવું, ખંજવાળવું આદિ ક્રિયા સ્વયં કરી શકે છે, બાહ્ય વિલેપન કે ઔષધનો ત્યાગ હોય છે; ભક્ત પ્રત્યાખ્યાન અનશન કરતાં આ વિશેષતા છે. ભક્ત પ્રત્યાખ્યાન અનશનવાળા પણ ઉપરોક્ત નિયમોનું પાલન સ્વેચ્છાથી કરી શકે છે પરંતુ તેમાં આ નિયમોનું પાલન આવશ્યક નથી.

**પ્ર.૧૪ : પાદપોપગમન અનશન કેવી રીતે થાય છે ?**

**જવાબ :** આ અનશનને સ્વીકાર કરનાર મલ-મૂત્ર ત્યાગની પ્રવૃત્તિને માટે હલન-ચલન અથવા ગમનાગમન કરે છે, તે સિવાય દિવસ-રાત એક જ આસન





કે શયનમાં સ્થિર–નિશ્ચેષ્ટ રહે છે. તેઓ મૌનપૂર્વક, ધ્યાનપૂર્વક, શારીરિક કષ્ટ અથવા ઉપસર્ગને સહન કરે છે. જો કોઈ અન્ય શ્રમણ સેવામાં હોય તો તે બાહ્ય સુરક્ષાનું ધ્યાન રાખે છે. જો એકલા હોય તો પશુ-પક્ષી આદિ કોઈ પણ જીવો કાંઈ પણ કરે તો તે નિશ્ચેષ્ટપણે ધર્મધ્યાનમાં લીન બને છે. આ અનશન સાધનાની અંતિમ અને ઉત્કૃષ્ટ કક્ષા છે. આ અનશનને ધારણ કરનારની ક્ષમતા અને ધૈર્ય અપાર હોય છે. શેષ નિયમ ભક્ત પ્રત્યાખ્યાનની સમાન જ હોય છે. આ અનશન ગામ-નગર કે ઘરમાં થતું નથી. તે જંગલોમાં કે પર્વતો ઉપર કરાય છે.

**પ્ર.૧૫ : સંલેખના–સંથારાની પ્રાપ્તિના વિષયમાં જીવનમાં કેવા પ્રકારના વિવેકજ્ઞાનની આવશ્યકતા છે ?**

**જવાબ :** સંથારા પ્રાપ્તિના વિષયમાં ત્રણ પ્રકારે વિવેકજ્ઞાનની આવશ્યકતા છે–

**(૧) ત્રણ મનોરથનું ચિંતન :–** ઠાણાંગસૂત્ર સ્થાન–૩ અનુસાર પ્રત્યેક આત્મ-લક્ષી સાધકોએ પ્રતિદિન ત્રણ મનોરથોનું ચિંતન કરવું જોઈએ. જે આત્માને માટે મહાન નિર્જરાનું કારણ બને છે. જેમાંથી ત્રીજા મનોરથમાં– 'ક્યારે હું સમાધિમરણે મરીશ.' તે મનોરથના સાતત્યથી સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા પોતાના અંતર્મનને ભાવિત કરે કે આયુષ્યની સમાપ્તિ કે મરણનો અવસર આવે ત્યારે હું તરત જ સંલેખના-સંથારાનો નિર્ણય કરી આજીવન અનશન વ્રતનો સ્વીકાર કરીને, કષાયોને શાંત કરીને, આર્ત-રૌદ્રરૂપ અશુભ ધ્યાનને દૂર કરીને માત્ર ધર્મધ્યાનમાં જ પોતાના જીવનને જોડી અને અંતિમ શ્વાસ સુધી ધર્મમય પરિણામોમાં, આગમ આજ્ઞાનુસાર આત્માને ભાવિત કરતાં પંડિત મરણને પ્રાપ્ત કરું. આ પ્રકારના મનોરથના ચિંતનથી સાધકના સંસ્કાર એવા દઢતમ બની જાય છે કે સ્વપ્નમાં પણ મરણનો સંયોગ પેદા થાય તો તે સમયે પણ સંથારો કરવાના ભાવ ઉપસ્થિત થઈ જાય. આ રીતે ઠાણાંગસૂત્ર કથિત મનોરથોનું ચિંતન સાધુ કે શ્રાવક બંને પ્રકારના સાધકો માટે જરૂરી છે.

**(૨) સાગારી સંથારો કરવાનો અભ્યાસ કરવો :–** જ્યારે અચાનક મૃત્યુ નિકટ આવે, ત્યારે શરીર ગમે તેટલું સશક્ત હોય, આજીવન અનશન અથવા સાગારી સંથારો કરવાની સાવધાની અને સંસ્કારોથી ચિત્તને ભાવિત કરવું.

**(૩) અંતે અનશન ગ્રહણનો નિર્ણય :–** જ્યારે શરીરની ક્ષમતા ક્ષીણ થઈ જાય, શરીર દ્વારા કોઈ પણ કાર્ય થઈ શકે તેમ ન હોય, શરીર અનેક રોગથી આક્રાંત થઈ જાય, વૃદ્ધાવસ્થા આવી જાય, આવા સમયે સાધકે જીવનની આશાને છોડીને હિંમતપૂર્વક આત્મક્ષમતાને સ્થિર અને કેન્દ્રિત કરીને આજીવન અનશન સ્વીકાર કરવાનો નિર્ણય કરી લેવો જોઈએ. સંલેખનાનો પ્રારંભ કરીને, તપનો અભ્યાસ વધારીને, સંથારો સ્વીકાર કરવો જોઈએ. જીવનના અંત સુધી

જીવવાની આશાથી ડોકટરો અને તેના ઉપચારોમાં અંતિમ જીવન વેડફી ન નાંખવું જોઈએ.

આ અધ્યયનના ૬,૭,૮ એ ત્રણે ઉદ્દેશકોમાં નિર્દેશ કર્યો છે કે જ્યારે શરીર પોતાના ધાર્મિક અને વ્યવહારિક આવશ્યક કાર્યોમાં સહકાર ન આપે ત્યારે સાધક સંલેખનાનો પ્રારંભ કરીને ક્રમશઃ આહાર ઘટાડે, તપસ્યાનો અભ્યાસ વધારે, કષાયોને ઉપશાંત કરે, જ્યારે જીવન સમાપ્તિનો સમય આવે ત્યારે પૂર્ણ રૂપે આજીવન અનશન સંથારાનો સ્વીકાર કરી લેવો જોઈએ.

**પ્ર.૧૬ : આ અધ્યયનમાં આહાર કરવાની શું વિશેષ વિધિ કહી છે ?**

**જવાબ :** સાધુના આહાર કરવાની વિસ્તૃત વિધિનું વર્ણન દશવૈકાલિકસૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં છે. અહીં છટ્ઠા ઉદ્દેશકમાં કહ્યું છે કે ભિક્ષુ સ્વાદના લક્ષ્યથી સ્વાદિષ્ટ વસ્તુને મુખમાં એક દાઢથી બીજી દાઢમાં લઈ જઈને મમળાવે નહીં. આ પ્રકારની સ્વાદવૃત્તિના લક્ષ્યનો પૂર્ણ નિષેધ છે. ક્યારેક આહાર ચાવવા માત્રના લક્ષ્યથી એક દાઢથી બીજી દાઢ તરફ લઈ જવો પડે તો તેનો નિષેધ નથી. કેમ કે સૂત્રમાં સ્પષ્ટરૂપે સ્વાદની ભાવના અને સ્વાદના લક્ષ્યથી નિષેધ કરવા માટે પુનઃ પુનઃ **आसायमाणे**(આસ્વાદમાનઃ) શબ્દ પ્રયોગ છે. અહીં અર્થને બરોબર સમજ્યા વિના આહારને ચાવવાનો પણ નિષેધ કરવો યોગ્ય નથી.

**પ્ર.૧૭ : વસ્ત્ર સંબંધી વિશેષ અભિગ્રહ સાથે પાત્ર સંબંધી શું નિર્દેશ છે ?**

**જવાબ :** આ અધ્યયનના ચોથા, પાંચમા અને છટ્ઠા ઉદ્દેશકમાં ક્રમશઃ ત્રણ, બે અને એક વસ્ત્રના અભિગ્રહની સાથે સર્વત્ર પાત્રનું વિધાન પણ છે. તે પાઠ અનુસાર વસ્ત્રના અભિગ્રહની સાથે પાત્રના અભિગ્રહનો કોઈ સંકેત નથી પરંતુ સંક્ષેપમાં બહુવચન યુક્ત પાત્ર શબ્દનો પ્રયોગ કર્યો છે. જેનો અર્થ આ પ્રમાણે થાય છે– ચોથા છે પાત્ર જેની પાસે, ત્રીજા છે પાત્ર જેની પાસે, બીજા છે પાત્ર જેની પાસે. આ રીતે વસ્ત્રના અભિગ્રહની સાથે પાત્ર સંબંધી અભિગ્રહ અથવા ત્યાગ વૃદ્ધિ કરવી આવશ્યક નથી.

**પ્ર.૧૮ : આહાર અને વસ્ત્રોના આ અભિગ્રહ ધારણ કરવા તે બાહ્ય સાધના છે કે આભ્યંતર ?**

**જવાબ :** આ અધ્યયનના પાંચમા, છટ્ઠા, સાતમા ઉદ્દેશકમાં આહાર સંબંધી અભિગ્રહનું વર્ણન છે અને ચોથાથી સાતમા સુધીના ચાર ઉદ્દેશકમાં વસ્ત્ર સંબંધી અભિગ્રહનું વર્ણન છે. આ અભિગ્રહ સ્થૂલ દષ્ટિએ બાહ્ય તપ ઊણોદરી અને વૃત્તિસંક્ષેપ તપમાં સમાવિષ્ટ થાય છે. તેમ છતાં તેની સાથે સહિષ્ણુતા, લોકરુચિનો ત્યાગ, શરીર પ્રતિ મોહ ત્યાગ, નિસ્પૃહતા, સુખૈષણાનો ત્યાગ અને જિનાજ્ઞામાં





રમણતા આદિ ભાવોથી પરિણામોની વિશુદ્ધિ થાય છે. તે અભિગ્રહધારી સાધકો આત્મવિશુદ્ધિના લક્ષ્યપૂર્વક અપ્રમાદભાવે સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગમાં તલ્લીન બને છે. અનેક પ્રકારે તેની આભ્યંતર તપ સાધના વિકસિત થાય છે. કર્મક્ષયનું લક્ષ્ય હોવાથી તે ઉચ્ચ કોટિના સાધકો મહાન નિર્જરા કરે છે. આ રીતે વિમોક્ષ નામના આ અધ્યયનમાં સૂચિત પ્રત્યેક વિધાન મોક્ષ પ્રાપ્તિમાં સહાયક છે. જે સ્થૂલ અને સૂક્ષ્મ બંને દષ્ટિકોણથી જોતાં દ્રવ્ય અને ભાવ સાધનાની પ્રવૃત્તિ છે. તેની શ્રદ્ધા રાખવી જોઈએ પરંતુ કેવળ એક જ દષ્ટિએ તેને બાહ્ય પ્રવૃત્તિ માત્ર છે, તેમ કહીને તે ઉત્તમ વિમોક્ષદાયક સાધનાઓની ઉપેક્ષા ન કરવી જોઈએ. સ્થૂલ દષ્ટિએ બાહ્ય દેખાતા અભિગ્રહ વગેરે ક્રિયાઓ પણ ક્રમશઃ દેહાસક્તિ છોડાવી દેહાતીત દશાનો અનુભવ કરાવનારી સાધના છે.

સાર એ છે કે નાની કે મોટી, કઠિન કે સરળ કોઈ પણ જિનાજ્ઞાયુક્ત સાધનાની સાથે સમ્યગ્જ્ઞાન, સમ્યક શ્રદ્ધાન, સમ્યક પ્રરૂપણા સમ્યગ્લક્ષ્ય હોય તો તે સર્વ સાધનાઓ આત્માને માટે લાભદાયક જ છે અને તે મોક્ષપર્યંત લઈ જનારી છે. તેથી જ તીર્થંકરોએ તેને ઉપાદેય અને આચરણીય કહી છે, તેવી દઢ શ્રદ્ધા રાખવી જોઈએ.

તીર્થંકર પ્રભુ જેવા ઉચ્ચ કોટિના આત્માઓ પણ ગૃહત્યાગ, મહાવ્રત ગ્રહણ પ્રતિજ્ઞા, કેશલોચ, પાદવિહાર, ભિક્ષાવૃત્તિ, અસ્નાન, અદંતધાવન, વિવિધ અભિગ્રહ, તપસ્યા આદિ સ્થૂલ દષ્ટિએ દેખાતી બાહ્ય સાધનાનો સ્વયં સ્વીકાર કરે છે તથા તે બાહ્ય સાધનાનો ઉપદેશ આપે છે, અન્યને તે સાધના કરાવે છે. આ રીતે આ સર્વ સાધનાઓ તીર્થંકરો અને મહાન આત્માઓ દ્વારા આસેવિત છે, ઉપાદેય છે અને સર્વથા હિતાવહ છે.

એકાંત દષ્ટિ એ કેવળ ભાવક્રિયાને જ મહત્ત્વ આપીને બાહ્ય સાધનાની ઉપેક્ષા કરવી તે ઉચિત નથી. તેથી આત્મહિતૈષી સાધકોએ દ્રવ્ય અને ભાવનો સમન્વય કરીને જિનાજ્ઞામય સાધના કરવી જોઈએ. ખરેખર જિનાજ્ઞામય દરેક સાધનાઓ મોક્ષદાયક છે. આ સંસારમાં કેટલાય બુદ્ધિની કુશળતાવાળા અને પોતાને જિને✓રના અનુયાયી હોવાનો દેખાવ કરતા લોકો એકાંતમાર્ગની પ્રરૂપણા કરનારા હોય છે. તે શ્રાવક ધર્મ કે સાધુ ધર્મની સાધના માટે પણ ઉપેક્ષાના પ્રેરક હોય છે. પરંતુ પુણ્યવાન સાધકોએ અનેકાંતિક જિન સર્વજ્ઞોક્ત માર્ગમાં સ્થિરતાની સાથે ગતિમાન રહેવું જોઈએ અને **पवाएण पवाय  जाणिज्जा तथा णिट्ठियट्ठी वीरे आगमेण  सया परक्कमिज्जासि**, આ બે સૂત્ર વાક્યોથી સિદ્ધાંતની કસોટી કરીને ત્યાગ-વ્રતના આચરણનો નિર્ણય કરવો જોઈએ. આ બે વાક્યોનો અર્થ પૂર્વના અધ્યયનમાં આવી ગયો છે.

**પ્ર.૧૯ : સંથારો કરવાની વિધિમાં વિશેષ વિવેક શું રાખવો જોઈએ ?**

**જવાબ :** અચિત્ત, નિર્જીવ ઘાસ, વનસ્પતિથી રહિત શાંત એકાંત સ્થાનની પ્રતિલેખના કરવી જોઈએ. સૂકા ઘાસની પથારી કરવી, લઘુનીત અને વડીનીત (મલ-મૂત્ર)પરઠવાના સ્થાનનું પ્રતિલેખન કરવું, ભૂખ-તરસ, કષ્ટ, ઉપસર્ગને ધૈર્યથી સહન કરવા જોઈએ. મનુષ્ય કે દેવ સંબંધી ભવિષ્યના સુખની આકાંક્ષા ન કરવી અર્થાત્ કોઈ પ્રકારનું નિદાન ન કરવું જોઈએ.

**પ્ર.૨૦ : આ અધ્યયનના કઠિન શબ્દાર્થ અને વાક્યાર્થ કયા કયા છે ?**

**જવાબ :** કેટલાક કઠિન શબ્દાર્થ પૂર્વોક્ત પ્રશ્નોમાં આપ્યા છે. અવશિષ્ટ કઠિન શબ્દોના અર્થ આ પ્રમાણે છે–

**णो पाएज्जा णो णिम तेज्जा**= લે નહીં, આપે નહીં, નિમંત્રણ કરે નહીં, **धुवे**= સ્થિર સ્વભાવવાળા, **अणाइए**= અનાદિ અનંતકાલથી છે, સદા છે, **अपज्जवसिए**= અંત–કિનારો નથી, **सुकडे त्ति वा दुक्कडे त्ति वा**= એકાંતવાદી કોઈ કાર્યને સારુ કહે છે તેને જ બીજા ખરાબ કહે છે, તે જ રીતે, **कल्लाणेत्ति**= કોઈ દીક્ષાને કલ્યાણકારી કહે છે, **पावगेत्ति वा**= કોઈ તેને પાપરૂપ માને છે, તે જ રીતે કોઈ જેને સાધુ કહે છે, તેને જ કોઈ અસાધુ કહે છે, **मामगं धम्म पण्णवेमाणा**= પોત-પોતાના ધર્મની પ્રરૂપણા કરતા, **एत्थ वि जाण अकम्मा**= આ સર્વ એકાંતવાદી એમ પણ કહે છે કે અમારા સિદ્ધાંતને ધર્મ માનવાથી, **अकम्मा**= મુક્તિ થાય છે(અહીં **अकस्मात्** કે **अकम्हा** પાઠ અશુદ્ધ છે), **अणियाणा**= કર્મરહિત, કર્મબંધથી રહિત, **सव्वओ**= સર્વ પ્રકારે, **सव्वाव ति**= સમસ્ત દિશાઓમાં, **पाडियक्क** = પ્રત્યેક જીવની સાથે જે કર્મ સમારંભ થાય છે, **तेसिं पि वय लज्जामो**=તેને જોઈને પણ અમોને દયા આવે છે. હૃદય કંપે છે, **मह अग थे**=મહાન નિર્ગ્રંથ, **ओए**= મુનિ, શ્રમણ, એકાકી રાગદ્વેષ રહિત, **जुइमस्स**= સંયમ પાલનમાં, **खेयण्णे**= નિપુણ, **सण्णिहाण सत्थस्स**= કર્મોના શસ્ત્ર, કર્મક્ષયના ઉપાય, **अपलिउ चमाणे**= ન છુપાવતાં,

**अदुवा स तढत्तरे**= પરિપૂર્ણ વસ્ત્ર, જેટલાનો અભિગ્રહ કર્યો હોય તે સર્વ, **अदुवा ओमचेलए**= એક ન્યૂન અર્થાત્ બે વસ્ત્ર જ ધારણ કરે, **अदुवा एग साडए**= અથવા એક જ વસ્ત્ર–પછેડી, બે પરઠી દીધા પછી, **अदुवा अचेले**= (ત્રણે વસ્ત્ર પરઠી દીધા પછી) અથવા અચેલ રહે. આ ચાર શબ્દોથી સંબંધિત પાઠ પ્રતોમાં અનેક પ્રકારે અશુદ્ધ મળે છે, શુદ્ધ પાઠ આ પ્રમાણે છે–

ચોથા ઉદ્દેશકમાં– **अहा परिजुण्णाइ वत्थाइ परिट्ठवेज्जा, अदुवा** (પરઠવું ન પડે તો) **स तढत्तरे, अदुवा ओमचेलए, अदुवा एग साडए, अदुवा अचेलए ।**





પાંચમા ઉદ્દેશકમાં– **अहा परिजुण्णाइ वत्थाइ परिट्ठवेज्जा, अदुवा ओमचेलए** (પરઠવું ન પડે તો બે વસ્ત્રના અભિગ્રહધારી છે તેથી બે વસ્ત્ર રાખે) **अदुवा एगसाडए, अदुवा अचेले ।**

છટ્ઠા ઉદ્દેશકમાં– **अहा परिजुण्णाइ वत्थाइ परिट्ठवेज्जा, अदुवा एगसाडए**(તે એક વસ્ત્રના અભિગ્રહધારી છે) **अदुवा अचेलए ।** [અહીં ભૂલથી **परिट्ठवेत्ता** શબ્દ વધી જવાથી મૂળ પાઠ અશુદ્ધ બની ગયો છે.]

**सीयफास** = સ્ત્રી પરીષહ, વિકાર ભાવોને, **अकरणयाए आउट्टे**= અકરણીયને કરવાના સંકલ્પવાળા થઈ જાય, અકૃત્યને માટે તત્પર થઈ જાય, **विहमाइए**= વૈહાનસ મરણ(ફાંસીનો)સ્વીકાર કરે સાથે ય સંથારાના પચ્ચક્ખાણ કરી લે. **[ विह आद्रीयेत् ] इच्चेय** =આ રીતે સંથારા યુક્ત આ મરણ, **विमोहा-यतण** = મોહરહિત, કર્મ રહિત થવાનો ઉપાય છે, આચરણ છે, **खम**= ઉચિત છે, કાર્યસિદ્ધિમાં સમર્થ છે, **णिस्सेयस** = કલ્યાણકારી, **आणुगामिय** = પરભવમાં શુભ ફળ દેનારા, પરભવ સુધારનારા, **पगप्पे**= વિશિષ્ટ નિયમ, અભિગ્રહ, **पडिणत्तो**= પ્રતિજ્ઞાવાન, બીજા દ્વારા કહેવા પર, **अपडिणत्तेहिं**= અપ્રતિજ્ઞાવાન–મારા કહ્યા વિના, **अह वावि खलु**= હું પણ ક્યારેક, **अपडि-णत्तो**= કોઈના કહ્યા વિના, પ્રેરણા વિના, **पडिणत्तस्स**= સ્વતઃ કહીને તે ગ્લાન સાધર્મિકની સેવા કરીશ, **परिण्ण** = કોઈ પ્રતિજ્ઞા કરે છે કે,

**गाम वा जाव रायहाणिं**= આ સંક્ષિપ્ત પાઠમાં ક્યાંક ૧૨ શબ્દો હોય છે, અહીં આ અધ્યયનમાં પ્રાયઃ અનેક પ્રતોમાં ૧૨ શબ્દ છે. છેદ સૂત્ર વગેરે અન્ય સ્થાનોમાં ૧૬ શબ્દો છે. (૧) ગામ (૨) નગર (૩) ખેડ(ધૂળનો પરકોટ) (૪) કસ્બા(૫)મડમ્બ(અઢી કોષ દૂર રહેલું ગામ) (૬) પાટણ= બજાર વ્યાપારનું કેન્દ્ર સ્થાન (૭) દ્રોણમુખ–બંદર (૮) આકર–ખાણ પાસેની વસ્તી (૯) આશ્રમ પાસેની વસ્તી (૧૦) સન્નિવેશ–વ્યાપારી આવીને જ્યાં ઉતરે છે તે (૧૧) નિગમ–વણિક મહાજનની મૌલિક વસ્તી (૧૨) રાજધાની–રાજાનું નિવાસ સ્થાન, **त सच्च** = આ પંડિત મરણ સત્ય યોગ્ય આચરણ છે, **सच्चवाई**= તેને સ્વીકારનાર પણ સત્યવાદી અથવા સત્ય આચરણવાન છે, **ओए**= રાગદ્વેષ રહિત–મુનિ, **तिण्णे**=સંસાર સાગરને તરનારા, **छिण्ण-कह कहे**= સંસાર પ્રપંચથી રહિત, કર્મસંગ્રહથી રહિત, **आईयट्ठे**= તત્ત્વજ્ઞાતા, **अणाईए**= સાંસારિક બંધનોથી, કર્મના બંધનોથી મુક્ત, **स विहूय**= સમભાવથી સહન કરીને, જીતીને, **अस्सिं विस्स भणयाए**= આ શરીર અને કર્મોથી આત્માને ભિન્ન કરવા માટે, મુક્ત થવાને માટે, **भेरव** = કઠિન, ભયાનક આચાર–સંથારો, **अणुचिण्णे**= ધારણ કર્યો, સેવન કર્યો, સ્વીકાર કર્યો, **हिरि पडिच्छादण** =

ગુપ્તાંગની લજ્જા ઢાંકવાના વસ્ત્રના ત્યાગરૂપ કષ્ટને, **कडिब धण** =ચોલપટ્ટક, **अहातिरित्तेण** = ઉપયોગથી અતિરિક્ત, ઉપયોગ સિવાયનું, **गिलाएज्जा**= ગ્લાનિ થાય, કષ્ટ થાય, **आहरस्सेव अ तिय** = રૂક્ષ, હળવો આહાર ગ્રહણ કરે અથવા સહનશીલતા ન હોય તો અંતે આહાર ગ્રહણ કરે અર્થાત્ જ્યાં સુધી આહાર કર્યા વિના ચાલે ત્યાં સુધી આહાર ઓછો કરે અથવા ન કરે.

# અધ્યયન–૯ : ઉપધાનશ્રુત

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? અને તેનો વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **ઉપધાનશ્રુત** છે. તેમાં ભગવાન મહાવીર સ્વામીની છદ્મસ્થ અવસ્થાની સંયમ પર્યાયમાં આચરિત વિવિધ સાધનાઓ અને તપ ઉપસર્ગ આદિનું કિંચિત્ સંકલન અને દિગ્દર્શન છે. સંપૂર્ણ અધ્યયન ગાથામય–પદ્યમય છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેના વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનના ચાર ઉદ્દેશકમાં ભગવાન મહાવીર સ્વામીના સંયમ જીવનનું વર્ણન આ પ્રમાણે છે, યથા–

**પ્રથમ ઉદ્દેશકમાં–** સંયમ ગ્રહણ પૂર્વેનું આચરણ, સંયમ ગ્રહણ કર્યા પછીની સાધના, સાધના અને ધર્મ સંબંધી સિદ્ધાંત, સમિતિ–ગુપ્તિના પાલનની વિધિ અને દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ અને તેનું વ્યુત્સર્જન અર્થાત્ છોડવાનું વર્ણન છે.

**બીજા ઉદ્દેશકમાં–** સંયમના વિચરણકાલમાં નિવાસ કરવાના હેતુથી મકાનો, શય્યાઓનું તથા તેમાં થનારા કષ્ટો અને ઉપસર્ગોનું તેમજ ભગવાનની સહન-શીલતાનું વર્ણન છે.

**ત્રીજા ઉદ્દેશકમાં–** ભગવાનના અનાર્ય ક્ષેત્રમાં વિચરણનું, અનાર્ય લોકો દ્વારા અપાયેલ ઘોર, રોમાંચકારી ઉપસર્ગોનું અને ભગવાનની શૂરવીરતાનું વર્ણન છે.

**ચોથા ઉદ્દેશકમાં–** ભગવાનની અનશન, ઊણોદરી, રસપરિત્યાગ આદિ તપસ્યાઓ, ગોચરીની ગવેષણાવિધિ, ધ્યાન સાધના અને પ્રભુની અપ્રમત્ત અવસ્થાઓનું નિરૂપણ છે.

**પ્ર.૩ : ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા ક્યારે અને કઈ રીતે ગ્રહણ કરી હતી ?**

**જવાબ :** ભગવાને હેમંત ઋતુના પ્રારંભમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને વિચરણ કર્યું હતું– **हेम ते, अहुणा पव्वइए रीइत्था ॥१॥**





૧૧મી ગાથા અનુસાર ભગવાને નિષ્ક્રમણ પહેલાં કંઈક અધિક બે વર્ષ પર્યંત સચિત્ત પાણીનો ત્યાગ કર્યો હતો, એકત્વવાસમાં કે એકત્વભાવમાં રહ્યા હતા અર્થાત્ સ્ત્રીસંગનો ત્યાગ કર્યો હતો. શરીરની સાર-સંભાળ એટલે સ્નાન-મંજન આદિ સંસ્કાર વિભૂષા આદિનો બે વર્ષથી વધારે સમય સુધી ત્યાગ કર્યો હતો. પ્રથમ ઉદ્દેશકની ૧૧મી ગાથામાં આ વર્ણન છે.

આ શાસ્ત્રના 'ભાવના' નામક ચોવીસમા અધ્યયનમાં ભગવાનની દીક્ષા વિધિનું તથા અન્ય પણ વિસ્તૃત વર્ણન છે.

**પ્ર.૪ : શું તીર્થંકર વસ્ત્ર રાખે છે ? તેનો ઉપયોગ કરે છે ?**

**જવાબ :** તીર્થંકર દીક્ષા ગ્રહણ કરતા સમયે ઈન્દ્ર દ્વારા પ્રદત્ત એક દેવદૂષ્ય નામક વસ્ત્ર ધારણ કરે છે, રાખે છે. તીર્થંકરોનો આ પરંપરાગત આચારધર્મ હોય છે કે તે ઈન્દ્ર પ્રદત્ત વસ્ત્ર રાખે છે, પરંતુ તેનો ઉપયોગ કરતા નથી.

સર્વ તીર્થંકરો ગ્રહણ કરેલા અને રાખેલા તે દેવદૂષ્ય વસ્ત્રને એક વર્ષ પછી ગમે ત્યારે વોસિરાવી દે છે. ભગવાન મહાવીર સ્વામીએ એક વર્ષ અને એક માસ રાખ્યા પછી શિયાળામાં વિહાર કરતાં માર્ગમાં યોગ્ય સ્થાને વસ્ત્રને વોસિરાવી દીધું હતું, પરઠી દીધું હતું.

**પ્ર.૫ : ભગવાન મહાવીરે વસ્ત્રને જંગલમાં પરઠી દીધું કે કોઈ બ્રાહ્મણને આપ્યું હતું ?**

**જવાબ :** આગમના આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે ભગવાને એક વર્ષ પછી વિહારના સમયે વસ્ત્રને પરઠી દીધું–વોસિરાવી દીધું. કોઈને આપ્યું હોય તેવો ઉલ્લેખ નથી. ભગવાને બ્રાહ્મણના માંગવા પર વસ્ત્ર ફાડીને અર્ધુ વસ્ત્ર આપ્યું હોય તેવું આગમના આધારે જણાતું નથી. વાસ્તવમાં સંયમ મર્યાદામાં ગૃહસ્થને વસ્ત્રાદિ અપાતા નથી. પરંતુ અનાવશ્યક ઉપધિને વોસિરાવી દે છે. ભગવાને પોતાના સાધના કાલમાં કોઈપણ સંયમ મર્યાદાનો ભંગ કર્યો નથી. તેથી ભગવાને અર્ધું દેવદૂષ્ય વસ્ત્ર બ્રાહ્મણને આપ્યું તે કથન આગમ સમ્મત પણ નથી.

**પ્ર.૬ : શું તીર્થંકરને મુહપત્તી અને રજોહરણ હોય છે ?**

**જવાબ :** ભગવાનના જીવન વર્ણનમાં એક દેવદૂષ્ય વસ્ત્ર સિવાય કોઈ પણ ઉપકરણની ચર્ચા શાસ્ત્રમાં નથી. મુખવસ્ત્રિકા અને રજોહરણ તે બંને સંયમ જીવનના ઉપયોગી અને અત્યંત આવશ્યક ઉપકરણ છે. ગચ્છત્યાગી કે વસ્ત્રના ત્યાગી અચેલ સાધક પણ જિનશાસનમાં રહેતાં આ બે ઉપકરણ અવશ્ય રાખે છે. ભગવાનના વિષયમાં આગમ વર્ણનોમાં મુખવસ્ત્રિકા, રજોહરણ રાખવાનું વર્ણન પણ નથી અને નહીં રાખવાનું સ્પષ્ટ કથન પણ નથી. આ બંને ઉપકરણો વિના ભાષાસમિતિ અને ઈર્યાસમિતિનું સમ્યક પાલન શક્ય નથી. તેથી આજના

વિચારકો તીર્થંકરોને મુખવસ્ત્રિકા, રજોહરણ બે ઉપકરણ હોવાનું સમાચાર-પત્રોમાં કે પત્રિકાઓમાં સ્વીકારે છે.

તીર્થંકરોની સ્વલિંગ સિદ્ધામાં ગણના થાય છે અને દ્રવ્યથી સ્વલિંગી હોય તે ઓછામાં ઓછા પૂર્વોક્ત બે ઉપકરણ રાખે છે. તેના વિના સ્વલિંગનો કોઈ પરિચય થઈ શકતો નથી. ઉપકરણ વિના તો તે અલિંગ હોય છે અથવા પૂર્ણ અચેલ તો અન્ય ધર્મી પણ હોઈ શકે છે, તો તેમાં અને જૈન સાધુમાં સ્વલિંગ કે અન્યલિંગનો કોઈ ભેદ રહેતો નથી.

સ્વલિંગી એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય છે. તેમાં તીર્થંકરનો પણ સમાવેશ થઈ શકે છે. ભગવાન ઋષભદેવ સ્વામી એક સમયમાં ૧૦૮ આત્માઓ સાથે નિર્વાણને પ્રાપ્ત થયા હતા. તેમાં ઐરવતક્ષેત્રના તીર્થંકર પણ સામેલ કરાય છે.

કોઈ પણ સાધુ કેવળી થઈ ગયા પછી મુખવસ્ત્રિકા અને રજોહરણનો ત્યાગ કરતા નથી, કરી શકતા પણ નથી, યથા સમયે પ્રમાર્જન નહીં કરનારને પાપશ્રમણ કહ્યા છે અને ખુલ્લા મુખે બોલવું તે વૈક્રિય શરીરધારી શકેન્દ્રને માટે પણ સાવદ્યભાષા કહી છે. ઔદારિક શરીરધારી તીર્થંકરો પોતાના સંયમ જીવનમાં અને કેવળજ્ઞાન પર્યાયમાં કુલ એક લાખ પૂર્વ વર્ષ પર્યંત પ્રવચન અને પ્રશ્નોત્તર કરે છે. તે સમયે નિરંતર મુખ પાસે હાથ રાખવો તે યોગ્ય કે ઉચિત લાગતું નથી. તેથી તેમને બંને ઉપકરણો હોવાનો વિષય ખંડન યોગ્ય નથી પરંતુ વિચારણીય છે, અનુપ્રેક્ષણીય છે.

**પ્ર.૭ : છદ્મસ્થકાલમાં ભગવાને સંયમ વિધિઓના પાલનમાં શું ધ્યાન રાખ્યું હતું ?**

**જવાબ :** (૧) છકાયના જીવોની વિરાધના ન થાય તે રીતે પ્રત્યેક પ્રવૃત્તિ કરતા હતા (૨) એકાગ્ર ચિત્તે ધૂંસર પ્રમાણ–મર્યાદિત ભૂમિને જોઈને, આજુબાજુ જોયા વિના ચાલતા હતા (૩) સ્ત્રીઓથી સંયુક્ત સ્થાનમાં રહેવાનો પ્રસંગ આવે ત્યારે ભગવાન બ્રહ્મચર્ય વ્રતમાં સાવધાન રહેતા હતા (૪) ગૃહસ્થો સાથે બેસીને વાત-ચીત કરવી આદિ સંપર્કનો ત્યાગ કરી ધ્યાનમાં લીન રહેતા હતા (૫) રસ્તે ચાલતાં કોઈ અભિવાદન કરે અથવા પૂછે તો તેનો પ્રત્યુત્તર આપ્યા વિના જ આગળ જતા હતા (૬) સંકલ્પજા અથવા અસંકલ્પજા કોઈપણ પ્રકારની હિંસા કરતા કે કરાવતા નહીં (૭) આધાકર્મી–ઔદ્દેશિક (સાધુ નિમિત્તે થયેલાં) આહાર, પાણી, ગૃહસ્થના વસ્ત્ર, પાત્ર ગ્રહણ કરતાં નહીં અને સંખડી–મોટા જમણવારમાં ભિક્ષા માટે જતા નહીં (૮) સ્નાન, માલિસ, દંતમંજન, શરીર મર્દન, વમન, વિરેચન આદિ ક્રિયા કરતા કે કરાવતા નહીં (૯) પશુ, પક્ષી, ભિક્ષાચરોને અંતરાય ન પડે,





તેનું પૂર્ણ પાલન કરતાં ગ્રામાદિમાં પ્રવેશ કરીને વિશુદ્ધ ભિક્ષા ગ્રહણ કરતા હતા, મંદ ગતિથી ચાલતા હતા (૧૦) આંખોની સફાઈ, શુદ્ધિ પણ કરતા નહીં અને શરીરમાં ખંજવાળ આવે ત્યારે ખંજોળતા નહીં. નિરોગી હોવા છતાં ભૂખથી ઓછું ખાતા હતા. તેઓ કોઈ પ્રકારની ચિકિત્સા કરાવતા ન હતા.

**પ્ર.૮ : શું શ્રમણ ભગવાન મહાવીરે ૧૨ વર્ષ સાધિક સાધના કાલમાં શયન-આસન કર્યું હતું ? નિદ્રા કરી હતી ?**

**જવાબ :** કથાગ્રંથોમાં અને શ્રુતપરંપરામાં આ પ્રમાણે કહ્યું છે કે 'ભગવાને સાડાબાર વર્ષમાં શયનાસન કર્યું નથી અને સૂતા વિના તેઓને(પ્રચલા નિદ્રાની અપેક્ષાએ) મુહૂર્ત માત્રની નિદ્રા આવી હતી, પરંતુ ભગવાને સંકલ્પપૂર્વક શયન કે નિદ્રા કરી નથી.'

આચારાંગ સૂત્રના આ અધ્યયનના પરિશીલનથી જણાય છે કે ઉપરોક્ત ધારણા આગમ સાપેક્ષ નથી. બીજા ઉદ્દેશકની પાંચમી ગાથામાં કહ્યું છે કે–

**णिद्द  पि णो पगामाए, सेवइ भगव  उट्ठाए ।**
**जग्गावइ य अप्पाण , इसिं साइ आसि अपडिण्णे ॥**

**ભાવાર્થ :–** ભગવાન(પ્રકામ)અત્યધિક નિદ્રાનું સેવન કરતા ન હતા. શીઘ્ર સાવધાન થઈને આત્માને જાગૃત કરતા હતા. વધારે સમય સૂવાના આગ્રહ વિના આવશ્યકતા જણાય ત્યારે થોડીવાર સૂઈ જતા હતા.

ઉઠ્યા પછી પણ નિદ્રાથી પૂર્ણ મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભગવાન ક્યારેક રાત્રે બહાર નીકળીને થોડીવાર ચંક્રમણ અર્થાત્ ભ્રમણ કરતા હતા– (ગાથા–૬). તાત્પર્ય એ છે કે ભગવાન સાધનાકાળમાં બહુધા દ્રવ્ય અને ભાવથી જાગૃત રહેતા હતા, સંકલ્પથી કે દીર્ઘકાલ પર્યંત નિદ્રા કરતા ન હતા. શરીર સ્વભાવથી સ્વતઃ ક્યારેક નિદ્રા આવી જાય તો ભગવાન શીઘ્ર જાગૃત થઈ જતા અને ક્યારેક વિશ્રામની આવશ્યકતા લાગે તો શયન પણ કરી લેતા હતા.

**પ્ર.૯ : આ અધ્યયનના ચોથા ઉદ્દેશકમાં કહ્યું છે કે ભગવાને છદ્મસ્થ કાલમાં એક વાર પણ પ્રમાદનું સેવન કર્યું નથી, તેનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** પંદરમી ગાથામાં ભાવ પ્રમાદની અપેક્ષાએ કથન છે. ભાવપ્રમાદ પણ તે જ ગાથામાં સૂચિત કર્યો છે.

**अकसाई विगयगेही, सद्दरूवेसु अमुच्छिए झाई ।**
**छउमत्थे वि परक्कममाणे, णो पमाय  सइ  पि कुव्वित्था ॥**

**ભાવાર્થ :–** ભગવાન કષાય રહિત અને ગૃદ્ધિભાવથી રહિત થઈને તેમજ શબ્દ, રૂપ આદિ વિષયોમાં મૂર્ચ્છા રહિત થઈને આત્મધ્યાનમાં લીન રહેતા હતા.

આ રીતે ભગવાને છદ્મસ્થકાલમાં સંયમ-તપમાં પરાક્રમ કરતાં પ્રમાદ–દોષનું સેવન કર્યું ન હતું અર્થાત્ તપ-સંયમમાં, નિયમ-ઉપનિયમમાં અથવા ભાવશુદ્ધિ અને પવિત્રતામાં ક્યારે ય કોઇ પણ પ્રકારના પ્રમાદનું એટલે કે દોષનું સેવન કર્યું ન હતું.

આ ગાથામાં નિદ્રાધીન થવાનો પ્રસંગ નથી અને તે પ્રમાણે સમજવું પણ નહીં, કારણ કે તે પ્રમાણે સમજવાથી અર્થભ્રમનો દોષ અને પૂર્વાપર વિરોધ દોષ આવે છે. બીજા ઉદ્દેશકની પાંચમી, છઠ્ઠી ગાથાને નજરમાં રાખીને, આ ચોથા ઉદ્દેશકની પંદરમી ગાથાનો પ્રસંગાનુસાર ઉપર કહેલ સાચો અર્થ કરવો જ ઉપયુક્ત છે.

**પ્ર.૧૦ : ભગવાન મહાવીર સ્વામીએ સાધના કાલમાં કયા-કયા તપ કર્યા હતા ?**

**જવાબ :** આ અધ્યયનમાં વર્ણિત ભગવાન મહાવીર સ્વામીના બાહ્ય અને આભ્યંતર તપ આ પ્રકારે છે–

(૧) આહારની માત્રાથી ઓછો આહાર લેવો અર્થાત્ ઊણોદરી કરવી અને ઔષધ ત્યાગ કરવો. (૨) ઠંડી અને ગરમીની આતાપના લેવી.

(૩) ભાત, બોરચૂર્ણ, અડદના બાકળા, આ ત્રણ ખાદ્યપદાર્થોથી આઠ મહિના સુધી નિર્વાહ કર્યો હતો. આ ત્રણ પદાર્થોમાંથી કોઇ પણ પદાર્થ પ્રાપ્ત થાય તો ગ્રહણ કરવા, એવો અભિગ્રહ કર્યો હતો.

(૪) સાધના કાળમાં ભગવાને ક્યારેક અર્ધમાસખમણ, ક્યારેક માસખમણ, ક્યારેક બે માસની તપસ્યા યાવત્ છ માસની અનશન તપસ્યા કરી હતી.

(૫) ભગવાન અમનોજ્ઞ, નીરસ, ઉચ્છિષ્ટ આહારનું સેવન કરતા હતા એટલે ગૃહસ્થોના આહાર કર્યા પછી શેષ રહેલું અન્ન, જેને અન્ય શ્રમણ-ભિક્ષુઓ ગ્રહણ કરવાની ઈચ્છા ન કરે તેવા ફેંકવા યોગ્ય આહાર પણ ગ્રહણ કરીને ભગવાન સંતોષ માનતા હતા. આવા ઉચ્ચ કોટિના સાધકોને અશાતા વેદનીયનો સંયોગ ન હોવાથી તે અમનોજ્ઞ આહાર પણ સમ્યક રૂપે પરિણત થતો હતો.

(૬) ક્યારેક ભગવાન છટ્ઠ, અટ્ઠમ, ચોલા, પંચોલા આદિ તપસ્યાઓ પણ કરતા હતા. તે પણ કેવળ કર્મ નિર્જરા માટે જ કરતા હતા.

(૭) ક્યારેક સંસ્કારિત, ક્યારેક લુખો-સૂકો, ક્યારેક ઠંડો આહાર ગ્રહણ કરતા હતા. ક્યારેક જૂના અડદ, ક્યારેક સ્વાદ રહિત નિસ્સાર–પૌષ્ટિકતા રહિત તુચ્છ પદાર્થોનો આહાર કરતા હતા. અહીં ઠંડા આહારથી ટીકાકારે બે–ત્રણ દિવસનો આહાર, એવો અર્થ પણ કરેલ છે. ખરેખર ક્ષેત્ર, કાલ અને ઋતુની અનુકૂળતા હોય તો ખાદ્ય પદાર્થ અનેક દિવસો સુધી પણ ખાવા યોગ્ય રહે છે.





તેથી આહાર માટે એકાંતિક પ્રરૂપણા કરવી યોગ્ય નથી કે 'બીજે દિવસે બધા આહાર અખાદ્ય થઈ જાય છે.'(૮) ભગવાન સ્થિર ઊભા રહીને અથવા બેસીને ધ્યાન કરતા હતા. જેમાં આત્મચિંતન સિવાય તત્ત્વચિંતન અથવા લોકસ્વરૂપ ચિંતન પણ કરતા હતા.

**પ્ર.૧૧ : સાધના કાલમાં ભગવાને કયા-કયા ઉપસર્ગ અને પરીષહ સહન કર્યા હતા ?**

**જવાબ :** (૧) સંયમ ગ્રહણ કર્યા પછી ભગવાને સાધિક ચાર મહિના પર્યંત અનેક ક્ષુદ્ર ત્રસ જીવોનો ત્રાસ સહન કર્યો. દીક્ષા ગ્રહણ કર્યા પહેલાં ભગવાનના શરીર પર લગાવેલા સુગંધી દ્રવ્યોની સુગંધના કારણે તે જંતુઓ આવીને પ્રભુની આસપાસ રહેતાં હતાં અને ક્યારેક ઢષ્ટ થઈને ડંખતા હતા. ભગવાન તે જીવોને દૂર કરવાનો સંકલ્પ પણ કરતા ન હતા.

(૨) ભગવાન વસ્ત્ર રહિત(નગ્ન) રહેતા હતા, ચાલતી વખતે આંખોને એક ક્ષેત્ર અવગ્રહ(પુઢષ પ્રમાણ)માં સ્થિર–એકાગ્ર રાખતા હતા. આ પ્રકારની ચાલ અને નિર્વસ્ત્રતાને કારણે બાળકો કુતૂહલ વૃત્તિથી ભગવાનની પાછળ દોડતા હતા, અન્ય બાળકોને બોલાવીને બતાડતા હતા કે અરે, આ કોણ આવ્યો ? ભગવાન તે બાળકોના કોલાહલને સમભાવથી અને જ્ઞાનપૂર્વકની સમજણથી સહન કરતા હતા.

(૩) કોઈક સ્થાને ભગવાન રહ્યા હોય ત્યાં સ્ત્રીઓ આવીને રહેતી અને તે અનેક પ્રકારે અનુકૂળ પરીષહયોગ્ય પ્રવૃત્તિઓ પણ કરતી હતી. ભગવાન વિવેકથી તેની ઉપેક્ષા કરીને આત્મધ્યાનમાં લીન થતા હતા.

(૪) ક્યારેક પોતાના ધ્યાન, મૌનના કારણે ભગવાન કોઈકના અભિવાદન–વિનયનો સ્વીકાર કરતા નહીં, ત્યારે કોઈ પુણ્યહીન લોકો ગુસ્સામાં આવીને ભગવાનને મારપીટ પણ કરતા હતા અને લોહીલુહાણ પણ કરતા હતા.

(૫) દુઃસહ્ય કષ્ટને ભગવાન સમભાવથી સહન કરતા અને ક્યારેક ભગવાનના વિશ્રાંતિ સ્થાનમાં અથવા પ્રભુની અત્યંત નિકટ કે સામે નૃત્ય, ગીત, વાજિંત્ર, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને પરસ્પર વાર્તાલાપ આદિ કાર્યક્રમ તથા તેવા પ્રસંગો ઉપસ્થિત થાય તો કોઈ પણ પ્રકારનો હર્ષ-શોક કરતા નહીં, તેને જોવાની કે સાંભળવાની ઈચ્છા કરતા નહીં.

(૬) શિયાળામાં લોકો તાપણાથી તાપે, વસ્ત્ર, કંબલનો ઉપયોગ કરે, તેવી અતિ કષ્ટકારી હેમંતઋતુમાં પ્રભુ ખુલ્લી શાળાઓમાં પણ નિર્વસ્ત્ર રહીને શીત પરીષહને સહન કરતા હતા. ક્યારેક હાથ ફેલાવીને, ઊભા રહીને કાયોત્સર્ગ કરતા અને ક્યારેક રાત્રે મકાનથી બહાર નીકળી ખુલ્લામાં રહીને, શીત પરીષહને સહન કરતા, પરંતુ હાથ-પગને સંકોચતા નહીં.

(૭) ભગવાન જે મકાનોમાં રહેતા, ત્યાં સર્પ, ઉંદર, ચામાચીડિયા, મચ્છર આદિ પશુ પક્ષીઓના કષ્ટદાયક ઉપસર્ગ આવતા. ક્યારેક કોટવાલ, પહેરે-ગીર, ગ્રામરક્ષક તથા ગ્રામીણજનો દ્વારા, સ્ત્રીઓ દ્વારા એકલા અને નિર્વસ્ત્ર ભગવાનને અનેક પ્રકારના ઉપસર્ગ આવતા. આ સર્વ અનુકૂળ ને પ્રતિકૂળ ઉપસર્ગોને ભગવાન રતિ-અરતિભાવથી મુક્ત થઈને સમભાવથી સહન કરતાં, આત્મરમણતામાં લીન રહેતા હતા.

(૮) પ્રભુ કેટલોક સમય અનાર્ય ક્ષેત્રમાં ગયા હતા. ત્યાં અનેક ક્ષેત્રીય અને વ્યક્તિગત કષ્ટોને પ્રભુએ સહન કર્યા. યથા– ત્યાં અત્યંત રૂક્ષ આહાર પ્રાપ્ત થતો. ત્યાંના લોકો ભગવાનના શરીરને નખોથી ઉઝરડા કરતા હતા. કૂતરાથી રક્ષા કરવી તો દૂર રહી પરંતુ છૂ છૂ કરીને કૂતરાને ભગવાનની પાછળ દોડાવતા, કરડવાની પ્રેરણા કરતા. આવા કોઈ પણ ઘોર કષ્ટના પ્રસંગમાં પોતાનો બચાવ કર્યા વિના ભગવાન પોતાની મસ્તીમાં તલ્લીન રહેતા હતા. શરીરના મમત્વને છોડીને કંટક સમાન ઉપસર્ગોને સંગ્રામના અગ્રભાગમાં ગયેલા હાથીની જેમ તેઓ સહન કરતા હતા.

(૯) અનાર્યક્ષેત્રમાં અનેકવાર રાત્રિ નિવાસને માટે સ્થાન પ્રાપ્ત થતું નહીં, ક્યારેક ગામના લોકો ગામની બહારથી જ પ્રભુને દૂર ધકેલી દેતા.

(૧૦) અનેકવાર ભગવાનને દંડ, મુષ્ટિ, ભાલા આદિના પ્રહાર થતા, ક્યારેક ભગવાનના શરીરનું માંસ કાપી લેતા, ક્યારેક ચામડી ઉતારી લેતા, ક્યારેક માર મારતા, ધૂળ ઉછાળતા, ક્યારેક ઊભા રહેલા ભગવાનને પાછળથી પકડીને ઊંચે ઉપાડીને નીચે ફેંકતા, ક્યારેક ધક્કા મારીને આસનથી ચલિત કરતા. આ સર્વ કષ્ટો ભગવાને અનાર્ય ભૂમિમાં નિશ્ચલ ભાવોથી સહન કર્યા.

પ્રભુ મહાવીર વિશેષ કર્મોની નિર્જરા માટે જ પોતાની ક્ષમતાને જોઈને અનાર્ય દેશમાં ગયા હતા. પરંતુ આગમમાં સામાન્ય રૂપે અનાર્યક્ષેત્રોમાં અકારણ સાધુઓને જવાનો નિષેધ કર્યો છે. કારણ કે પ્રત્યેક શ્રમણોની આ પ્રકારની ક્ષમતા હોતી નથી. તે ક્ષેત્રોમાં સામાન્ય સાધુઓ પોતાની સંયમ-સમાધિમાં રહી શકે તેવી સંભાવના નથી.

**પ્ર.૧૨ : ભગવાનના કાનોમાં ખીલા ઠોકાણા આદિ પ્રસંગો શું આ અધ્યયનમાં છે ?**

**જવાબ :** કાનમાં ખીલા ઠોકવા, પગને ચૂલો બનાવીને ખીર રાંધવી, ચંડકૌશિક સર્પ, ચંદનબાળાને હાથે તેર બોલનો અભિગ્રહ પૂર્ણ થવો, સંગમદેવના વિવિધ અનેક ઉપસર્ગો કથા ગ્રંથોમાં છે. તેના આધારે જ પ્રચલિત છે. આ અધ્યયનમાં કે અન્ય કોઈ પણ આગમ ગ્રંથોમાં નથી. ઉપરોક્ત ઘટનાઓનું વિસ્તૃત વર્ણન





તીર્થંકર ચરિત્રમાં છે. તે પ્રસંગો આગમના કોઈ પણ તત્ત્વને કોઈ પણ પ્રકારે બાધક નથી, તેથી તેનો સ્વીકાર થઈ શકે છે.

**પ્ર.૧૩ : ભગવાન સાધનાકાલમાં વસ્ત્ર રહિત હોવાથી શું હંમેશાં ગામ કે નગર આદિથી દૂર જ નિવાસ કરતા હતા ?**

**જવાબ :** ભગવાન છદ્મસ્થ કાળમાં કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તથા તેમના અન્ય શ્રમણો ગામ કે નગરની બહાર જ નિવાસ કરે તેવો એકાંત નિયમ નથી. અનેકવાર અધિક સાધુ સમુદાય હોવાથી ભગવાન નગર બહાર ઉદ્યાનાદિમાં રહેતા. તેમ છતાં અંતિમ ચાતુર્માસ નગરમાં કર્યું. કેટલીકવાર ભગવાન નગરની નજીક ઉપનગરોમાં રહેતા. એકવાર સકડાલ શ્રમણો પાસકની કુંભારશાળામાં પણ રહ્યા હતા.

આ અધ્યયનના બીજા ઉદ્દેશકની બીજી અને ત્રીજી ગાથા અનુસાર સાધનાકાળમાં ભગવાન ખુલ્લા ઘર, સભાભવન, પરબ, દુકાન, સુથાર-લુહાર આદિની કર્મશાળાઓમાં, બગીચાના મકાનોમાં અનેકવાર રહ્યા હતા, ક્યારેક ગામમાં કે નગરોમાં, તો ક્યારેક સ્મશાન, ખંડેર અને વૃક્ષની નીચે પણ રહેતા હતા. આ રીતે ભગવાન અનેક પ્રકારની શય્યાઓમાં નિવાસ કરતા હતા. શ્રી ભગવતીસૂત્રમાં ભગવાનના ચાતુર્માસનું વર્ણન છે. તદનુસાર પ્રભુએ સાધના-કાળમાં નગરીમાં, ધર્મશાળાઓમાં પણ ચાતુર્માસ કર્યું હતું.

અતઃ જે લોકો કહે છે કે 'પહેલાંના જૈન શ્રમણો જંગલોમાં અને નગરની બહાર રહેતા હતા. કાલક્રમે શિથિલતા થવાથી તેઓ ગામ કે નગરની અંદર રહેવા લાગ્યા.' આ કથન એકદમ કલ્પિત છે અને તે લોકોની આગમ જ્ઞાનની અપૂર્ણતા અથવા ભ્રમણાને જ પ્રગટ કરે છે. ખરેખર આગમ એવી એકાંત પ્રરૂપણાવાળા નથી.

**પ્ર.૧૪ : પ્રત્યેક ઉદ્દેશકની અંતિમ ગાથાનો શુદ્ધ પાઠ શું છે ?**

**જવાબ :** કેટલીક પ્રતોમાં આ ગાથા અશુદ્ધ છે અર્થાત્ ત્રીજું અને ચોથું ચરણ આ પ્રકારે સમજવું જોઈએ. **अपडिण्णेण वीरेण, कासवेण महेसिणा ।**

**અર્થ :–** રાગદ્વેષમય પ્રતિજ્ઞાથી રહિત મહર્ષિ કાશ્યપગોત્રીય મહાવીરે ઉક્ત સંયમ વિધિનું પાલન કર્યું, આચરણ કર્યું.

**પ્ર.૧૫ : આ અધ્યયનના કઠિન શબ્દાર્થ અને વાક્યાર્થ કયા કયા છે ?**

**જવાબ : असरणाए**= ધ્યાન ન દેતા, ઉપેક્ષા રાખતા, **एगत्तगए**= સ્ત્રીનો ત્યાગ કરીને એકાંત નિવાસ, **पिहियच्चे**= શરીરની દેખરેખ, સારસંભાળ ન કરવી, **अहिण्णाय द सणे**= અભિજ્ઞાત દર્શન, શુદ્ધ શ્રદ્ધા સહિત, **स ति पडिलेहे**= અસ્તિત્વનો વિચાર કરીને, **कम्मुणो कप्पिया**= કર્મોથી દુઃખી,

**सोवहिए**= કર્મયુક્ત, પરિગ્રહ યુક્ત, **आयाणसोय अइवायसोय**= ઈન્દ્રિય સંબંધી આશ્રવ અને હિંસા આદિ આશ્રવ, **कम्मावहाओ**= કર્મપરંપરા, **अदक्खु**= યથાર્થ દૃષ્ટા, **वियड भु जित्था**= અચિત્ત આહાર કરતા હતા, **ओमाण** = નાની મોટી, **स खडी**= જમણવાર, **असरणाए**= ઉપેક્ષા કરતા, ઈચ્છા ન કરતા, **अवल बियाण ख ध सि**= છાતીની સામે ખભ્ભા પર હાથને રાખવા–ઠંડીથી શરીરને સંકોચવું. **अणुक तो**= આચરણ કર્યું.

**आवेसण**= દરવાજા વિનાનું મકાન, વરંડો, **पलियट्ठाण**= લુહારશાળા **पलालपु ज**= પરાલપુંજ–ઘાસથી ઢાંકેલા સ્થાનમાં, **सुण्णागारे**= જનશૂન્ય મકાન આવાગમન રહિત સ્થાન, **पतेरसवासे**= સાધિક બાર વર્ષ–અપૂર્ણ તેર વર્ષ, **पगामाए**= અધિક સમય–દીર્ઘકાલ, **ईसिं**=થોડું, **स बुज्झमाणे पुणरवि उट्ठाए आसिंसु**= જાગૃત થઈને પુનઃ સાવધાન–અપ્રમત્ત થઈ જતા હતા, **च कमिया**= ચંક્રમણ–ભ્રમણ, **कुचरा**= દુરાચારી લોકો, **अरइ रइ अभिभूय**= રતિ-અરતિ બંનેનો ત્યાગ કરીને, **अव्वाहिया**= જવાબ ન દેવા પર.

**वज्जभूमिं**= વજ્રભૂમિ અને શુભ્રભૂમિ તે લાઢ દેશના બે પ્રદેશ છે. જેમ ગુજરાતમાં હાલાર, કાઠિયાવાડ આદિ, રાજસ્થાનમાં મારવાડ, મેવાડ આદિ. **अण्णगिलाय एगया भु जे**= પ્રભુએ અનેક વાર ગ્લાન અન્ન એટલે તુચ્છ, અમનોજ્ઞ આહાર કે જેને સામાન્ય લોકો પણ ગ્રહણ કરવા ઈચ્છતા ન હોય તેવા અસુંદર ખાદ્યપદાર્થોનું સેવન કર્યું હતું. **ण पमाय स्इ पि कुव्वित्था**= એકવાર પણ સંયમમાં પ્રમાદ–દોષ સેવન કર્યું ન હતું. **अभिसमागम्म**= તત્ત્વોનો સમ્યક પ્રકારે વિચાર કરીને, **आयासोहीए**= આત્મશુદ્ધિ દ્વારા, **अभिणिव्वुडे**= કષાયને પૂર્ણ શાંત કરીને.

**ઉપસંહાર–** આ રીતે અંતિમ અધ્યયનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સંયમ જીવનની વિવિધ વિશેષતાઓનું અને શૂરવીરતાનું વર્ણન છે. જે સાધકોને સંયમી જીવન માટે પ્રોત્સાહક અને પ્રેરક છે. કોઈ પણ આગમમાં તીર્થંકર ભગવાનના જીવનનું જે વર્ણન ઉપલબ્ધ છે તેનું કારણ એ છે કે ગણધરો સૂત્રની રચના પોતાની ઈચ્છિત શૈલીમાં કરે છે. તેથી તેઓ સંયમમાર્ગના આદર્શ દૃષ્ટાંતરૂપે તીર્થંકરોનાં જીવન–પ્રસંગોનું આલેખન કરે છે.

## ॥ પ્રથમ શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥



# દ્વિતીય શ્રુતસ્કંધ : પરિચય

**પ્ર.૧ : બીજા શ્રુતસ્કંધનાં ૧૬ અધ્યયનોનાં નામ અને વિષય શું છે ?**

**જવાબ :** અધ્યયનોનાં નામ અને વિષય આ પ્રકારે છે–

| ક્રમ | નામ | વિષય |
|---|---|---|
| ૧. | પિંડૈષણા | આહાર પાણીની ગવેષણા વગેરે. |
| ૨. | શય્યૈષણા | મકાન, ઘાસ, પાટ આદિની ગવેષણા અને ગ્રહણ વિધિ. |
| ૩. | ઈર્યા | વિહાર, ચાતુર્માસ, ગમનાગમન. |
| ૪. | ભાષા | ભાષા સંબંધી વિધિ-નિષેધ. |
| ૫. | વસ્ત્રૈષણા | વસ્ત્ર ગ્રહણ, ગવેષણા અને ઉપયોગ. |
| ૬. | પાત્રૈષણા | પાત્ર ગ્રહણ, ગવેષણા અને ઉપયોગ. |
| ૭. | અવગ્રહ | મકાન, સ્થાન વગેરેની આજ્ઞા ગ્રહણવિધિ. |
| ૮. | સ્થાન | ઊભા રહેવા અને કાયોત્સર્ગ કરવા સંબંધી. |
| ૯. | નિષધા | બેસીને ધ્યાન, સ્વાધ્યાય કરવા સંબંધી. |
| ૧૦. | ઉચ્ચારપ્રસ્રવણ | પાંચમી સમિતિ સંબંધી વિધિ-નિષેધ. |
| ૧૧. | શબ્દ | શ્રવણવૃત્તિ નિષેધ, શ્રોત્ર નિગ્રહ. |
| ૧૨. | રૂપ | ચક્ષુ ઈન્દ્રિય નિગ્રહ, રૂપદર્શન વૃત્તિ નિષેધ. |
| ૧૩. | પરકિરિયા | ગૃહસ્થ દ્વારા શરીર પરિચર્યા નિષેધ. |
| ૧૪. | અન્યોન્ય ક્રિયા | સાધુ-સાધુ પરસ્પર પરિચર્યા નિષેધ. |
| ૧૫. | ભાવના | ભગવાન મહાવીરનો જીવન પરિચય, દીક્ષા, કેવલજ્ઞાન, પાંચ મહાવ્રતોની પચીસ ભાવના. |
| ૧૬. | વિમુક્તિ | મોક્ષોપાય પ્રેરક ૧૨ ગાથાઓ. |

**પ્ર.૨ : શું આ શ્રુતસ્કંધના બીજાં પણ નામ છે ? તેને કેવી રીતે સમજવાં ?**

**જવાબ :** સૂત્રકારે નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં બધા આગમોનો પરિચય આપ્યો છે. તે પ્રમાણે આચારાંગ સૂત્રના મુખ્ય બે વિભાગ છે, જેને આગમમાં બે શ્રુતસ્કંધ રૂપે કહ્યા છે. તે બંને શ્રુતસ્કંધોમાં જુદા-જુદા વિષયવાળા વિભાગો અધ્યયન રૂપે અને તેના પેટા વિભાગો ઉદ્દેશક રૂપે કહ્યા છે. શ્રુતસ્કંધ, અધ્યયન અને ઉદ્દેશક સિવાય અન્ય કોઈ વિભાગની ચર્ચા ત્યાં નંદી સૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં નથી.

આચારાંગ સૂત્રમાં પ્રથમ શ્રુતસ્કંધના નવ અને બીજા શ્રુતસ્કંધના ૧૯ એમ કુલ ૨૮ અધ્યયન હતાં. બીજા શ્રુતસ્કંધમાં પ્રાયશ્ચિત્તનાં વિધાનવાળા– (૧) ગુઢ માસિક (૨) લઘુ માસિક (૩) ગુઢ ચૌમાસિક (૪) લઘુ ચૌમાસિક અને (૫) આરોપણા; આ પાંચ અધ્યયન હતાં. કાલાંતરે તે પાંચે અધ્યયનને અલગ સંપાદિત કરવામાં આવ્યાં અને તે નિશીથ સૂત્રના નામે પ્રસિદ્ધ થયા. આ કારણે આચારાંગ સૂત્રના શ્રુતસ્કંધોના નામોમાં પણ પરિવર્તન આવ્યું. પ્રથમ શ્રુતસ્કંધનાં **નવબ ભચેર** અને **આચાર(આયારો)** આ બે નામ થયા. તો બીજા શ્રુતસ્કંધના આચારાગ્ર, આચાર ચૂલા, ચૂલિકા, પંચ ચૂલિકાખ્ય, આચાર પ્રકલ્પ આ પાંચ નામો અસ્તિત્વમાં આવ્યા. આ પરિવર્તન પૂર્વે આચારાંગ સૂત્રના ૨૮ અધ્યયન 'આચાર પ્રકલ્પ' કહેવાતા હતા. પ્રકલ્પ શબ્દ વિભાગ કે અધ્યયન અર્થમાં પ્રયુક્ત હતો. ૨૮ આચાર-પ્રકલ્પ હતા. તેનો ઉલ્લેખ આવશ્યકસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર તથા સમવાયાંગ સૂત્રમાં નિર્દિષ્ટ છે. છેદ સૂત્રમાં સંપૂર્ણ આચારાંગ સૂત્રને 'આચાર પ્રકલ્પ અધ્યયન' કહ્યું છે.

આ વિભાગીકરણ તથા નામોનું પરિવર્તન તે નૂતન સંપાદન તથા લેખન યુગની દેન છે. બીજા શ્રુતસ્કંધનાં પાંચ અધ્યયન પૃથક્ થયા પછી પણ 'આચાર-પ્રકલ્પ' માં નિશીથ સૂત્ર અને આચારાંગ સૂત્રનો સમાવેશ કરવામાં આવે છે અને તે આ વાત જ સૂચવે છે કે નિશીથ સૂત્ર કથિત પાંચે અધ્યયન એક સમયે આચારાંગ સૂત્ર સાથે સંયુક્ત હતાં.

પાંચ અધ્યયન અલગ થવાથી આચારાંગ સૂત્રના ૨૩ અધ્યયન રહ્યાં, તેમાં સ્થાનાંગ સૂત્રના દસમા સ્થાનમાં કહેલી દસ દશાઓમાંના **બંધદશા** નામક સૂત્રના **ભાવના** અને **વિમુક્તિ** નામના સાતમા-આઠમા અધ્યયનનું જોડાણ થતાં આચારાંગ સૂત્રના પચ્ચીસ અધ્યયન કહેવાયા. કાલાંતરે તે બંને અધ્યયન ચૂલિકા રૂપે મહાવિદેહ ક્ષેત્રમાંથી લાવવામાં આવ્યાં છે, તેમ કહેવાવા લાગ્યું. તે પછી કોઈ સમયે ભાવના અને વિમુક્તિ બે અને દશવૈકાલિક સૂત્રની બે એમ કુલ ચાર ચૂલિકા મહાવિદેહ ક્ષેત્રથી લાવવામાં આવી છે, તેમ કહેવાવા લાગ્યું. તે પછી ક્યારેક આચારાંગ બીજા સૂત્ર સ્કંધના એકથી સાત અધ્યયન સુધી એક ચૂલિકા, આઠથી ચૌદ અધ્યયન સુધી બીજી ચૂલિકા, **ભાવના** અધ્યયન ત્રીજી ચૂલિકા અને **વિમુક્તિ** અધ્યયન ચોથી ચૂલિકાના રૂપે તથા નિશીથસૂત્ર પાંચમી ચૂલિકા ગણતાં આચારાંગ સૂત્રનો બીજો સ્કંધ સંપૂર્ણ પંચ ચૂલિકાખ્ય નામે કહેવાયો છે અને નવ અધ્યયનાત્મક પ્રથમ શ્રુતસ્કંધ જ પહેલાં મૂળરૂપે આચારાંગ સૂત્ર હતું અને બીજો શ્રુતસ્કંધ ચૂલિકા રૂપે પાછળથી સંપાદિત થયો એમ પણ કહેવાવા લાગ્યું.

આ રીતે આચારાંગ સૂત્રના વિવિધ રૂપ અને વિવિધ નામો પ્રકાશમાં





આવ્યા છે. છતાં નંદી અને સમવાયાંગ સૂત્રના દ્વાદશાંગી પરિચયમાં આ સૂત્રનું નામ અને વિભાગ શુદ્ધ રૂપે ઉપલબ્ધ છે.

આ પ્રકારે આ શ્રુતસ્કંધના નામ અને વિભાગોમાં પરિવર્તન થતું રહ્યું છે અને પ્રાયશ્ચિત્ત વિભાગરૂપ અધ્યયનોને અલગ કરવાનું તે એનું મૂળ કારણ બન્યું છે.

આ બીજા શ્રુતસ્કંધનો ગદ્યમય મૂળપાઠ અત્યંત સરળ અને વિસ્તૃત શૈલીમાં છે. જ્યારે પહેલા શ્રુતસ્કંધનો મૂળ પાઠ અત્યંત ગહન અર્થવાળો અને સંક્ષિપ્ત સૂત્રમય છે. બંને શ્રુતસ્કંધની આ આગવી વિશેષતા છે કે એક સંક્ષિપ્ત ઉપદેશ વાક્યોથી પરિપૂર્ણ છે અને બીજો આચાર સંબંધી સ્પષ્ટીકરણનો ખજાનો છે.

## પ્રથમ અધ્યયન : પિંડૈષણા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશા છે ? તેનો વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ૧૧ ઉદ્દેશા છે. બધામાં આહાર પાણીની ગવેષણાના વિષયમાં સામાન્ય-વિશેષ, વિવિધ વિધિ-નિષેધ દર્શાવવામાં આવ્યા છે. આ અધ્યયનનું ઊંડાણથી અધ્યયન કરવાથી ગોચરીએ જવા સંબંધી, આહાર લાવવા અને આહારનો ઉપયોગ કરવા સંબંધી તથા વ્યવહાર સંબંધી સર્વાંગી જ્ઞાન થઈ શકે છે.

**પ્ર.૨ : ગોચરીમાં સચિત્ત અને સચિત્ત સંયુક્ત ખાદ્ય કેવી રીતે આવી શકે છે અને તેનો વિવેક કઈ રીતે થઈ શકે છે ?**

**જવાબ :** સાકર–મિષ્ટાન્ન આદિ કોઈ પણ પદાર્થને નિઃસંદેહ થઈને વિ✓ાસથી જોયા વિના લેવાથી તેમાં કીડીઓ હોઈ શકે છે, અન્ય પણ કંથુઆ, અનાજના જીવ લટ આદિ પણ, તેમાં હોય તો તે ત્રસ જીવ ધ્યાન બહાર પાત્રમાં ખાદ્ય પદાર્થની સાથે આવી શકે છે.

અનેક દિવસના જૂના ખાદ્યપદાર્થોમાં લીલ-ફૂગ થઈ ગઈ હોય તો લીલ-ફૂગ પણ આવી શકે છે, જેમ કે– અથાણાં, મુરબ્બા અને મીઠાઈ વગેરે. તે પદાર્થ ગ્રહણ કરવા સમયે નિઃસંદેહપણે જોયા વિના લેવાથી, ભૂલ થવાથી, એવા લીલ-ફૂગ યુક્ત પદાર્થ ગ્રહણ થઈ જાય છે. લાડુ, બરફી આદિમાં પણ ફૂગ થઈ શકે છે. જે બહારથી સ્વાભાવિક સહજ રૂપે દેખાતી ન હોય.

સાકર વગેરે અચિત્ત સૂકા પદાર્થોની સાથે જીરૂ વગેરે સચિત્ત બીજ પણ આવી શકે છે. ખસખસના દાણા, રાઈ(સરસવ) પણ કોઈ પદાર્થમાં ભળી જવાથી પણ આવી શકે છે. કેટલીક ચીજોને અચિત્ત–શસ્ત્ર પરિણત સમજી ગ્રહણ કરવામાં આવે અને પછી તે સચિત્ત–અશસ્ત્ર પરિણત છે તેવી ખબર પડે છે.

વગર રાંધેલી લીલી વનસ્પતિ કોથમીર વગેરે કોઈ પણ બીજા ખાદ્ય પદાર્થની સાથે આવી શકે છે. જેમ કે– ખમણ વગેરે પર નાંખવામાં આવેલ કોથમીર વગેરે. આ જ પ્રકારે કાચી કાકડી, દૂધી આદિ રાઈતામાં નાંખ્યા હોય અને તે ગ્રહણ થઈ જાય.

કોઈ પણ ભીના(નરમ) ખાદ્યપદાર્થનો સ્વાદ બગડી ગયો હોય, ખાટો અથવા મીઠો વિકૃત સ્વાદ બની ગયો હોય તો તેમાં રસજ જીવ ઉત્પન્ન થઈ જાય છે. મીઠાઈ અથવા અન્ય ખાદ્ય રોટલી વગેરેમાં પણ સ્વાદ અને ગંધ બગડી જવાથી રસજ–ત્રસ જીવ થઈ જાય છે. એવા ઉપર કહેલા બધા પદાર્થ ભૂલથી લેવામાં આવી જાય છે.

આ પ્રકારે ત્રસ જીવ, બીજ, ફૂગ, વનસ્પતિ વગેરેથી યુક્ત આહાર સચિત્ત અથવા સચિત્ત સંયુક્ત ગ્રહણ કરવામાં આવી શકે છે.

**વિવેક :** ત્રસ જીવનું અને સૂકા પદાર્થમાં બીજનું નીકળવું સંભવ હોય તો તે કાઢીને અચિત્ત ખાદ્ય પદાર્થનો ખાવામાં ઉપયોગ થઈ શકે છે. ફૂગ અને રસજ જીવવાળા પદાર્થ તો અખાદ્ય, અપથ્ય અર્થાત્ વિકૃત હોવાથી પરઠવા યોગ્ય હોય છે. લીલી વનસ્પતિના ટુકડા અથવા પાંદડા ક્યારેક કાઢી શકાય તેમ હોય તો તેને કાઢીને અવશેષ આહારનો ઉપયોગ કરી શકાય છે. અચિત્ત પાણીમાં ક્યારેક ત્રસ જીવ હોઈ શકે છે. તે ગળીને શુદ્ધ કરીને પાણી અચિત્ત હોય તો ઉપયોગમાં આવી શકે છે.

ગાળવાથી બાકી રહેલા તે ત્રસ જીવોને વિવેકથી જલીય(પાણીવાળા) સ્થાનોમાં પરઠી શકાય છે.

ક્યારેક સચિત્ત જળ ભૂલથી આવી જાય તો તે દાતાને પાછું આપી શકાય છે. તેમજ ભૂલથી કોઈ પણ વસ્તુની સાથે સચિત્ત પદાર્થ પાત્રમાં આવી જાય અથવા કોઈ અવિવેકથી નાંખી દે તો તેવા સમયે પાછો આપી શકાય છે. સાકરના બદલે પીસેલું સચિત્ત નમક(મીઠું) આવી જાય અને દાતા પાછું લેવા ન ઈચ્છે તો પરઠવાની વિધિથી પરઠી શકાય છે અર્થાત્ પાણીને જલીય સ્થાનોના નજીક અથવા પાત્ર સહિત પરઠી દેવાય. અન્ય સચિત્ત પદાર્થો અને લીલ-ફૂગ પણ એકાંતમાં પોલાણમાં અર્થાત્ કાંટાની વાડ આદિમાં પરઠી શકાય છે. પૂર્ણ નિઃશંક અચિત્ત શુદ્ધ આહાર હોય તો જ ખાવાનું કલ્પે છે.





**પ્ર.૩ : અગ્નિ પર ચઢી ગયા પછી પણ કોઈ પદાર્થ સાધુને કેમ કલ્પતો નથી ?**

**જવાબ :** સિંગની કાચી ફળી, તાજા કાચા અનાજના પોંક અને મકાઈના ડોડા વગેરે અગ્નિ પર રાખીને શેકવામાં આવે છે. જે થોડા શેકેલા હોય, વારંવાર ઘુમાવીને શેકવામાં ન આવ્યા હોય તો અગ્રાહ્ય થાય છે. વારંવાર ફેરવીને અધિક સમય અગ્નિ પર રાખીને શેક્યા હોય તો પૂર્ણ અચિત્ત થયેલા તે પદાર્થ ક્યારેક આવશ્યકતા હોય તો ગ્રહણ કરી શકાય છે. પરંતુ તેમાં ફેંકવાને યોગ્ય પદાર્થ ડૂંડા વગેરે ગૃહસ્થ પોતે કાઢીને આપે તો ગ્રાહ્ય થાય છે અને ડૂંડા સહિત હોય તો ગ્રહણ કરવા નહીં. આ પ્રકારે પ્રત્યક્ષ અગ્નિ પર સીધા રાખેલા પદાર્થ પણ સચિત્ત કે મિશ્ર રહી શકે છે. એમ આ અધ્યયનના પહેલા ઉદ્દેશકમાં સૂચવવામાં આવેલ છે. તો જે પદાર્થ અગ્નિ પર વાસણમાં ચઢાવેલો હોય અને જલ્દી હટાવી લીધો હોય તો તે પણ અગ્રાહ્ય મિશ્ર કે સચિત્ત રહી શકે છે. તેમજ કેવલ ધૂમાડો કરી પકાવેલા પદાર્થ પણ અચિત્ત માનવામાં આવતા નથી. કારણ કે જ્યારે અગ્નિ પર સીધો રાખેલો પદાર્થ પણ પૂરો તપતો નથી અને મિશ્ર રહી શકે છે, તો માત્ર ધુમાડાથી પકાવેલ પદાર્થ અચિત્ત માની લેવા યોગ્ય નથી. તે સચિત્ત રહી શકે છે અને તેમાં બીજ પણ સચિત્ત જ રહે છે.

**પ્ર.૪ : અન્ય ભિક્ષાચરોની સાથે ગોચરી આદિ માટે જાવાનો શા માટે નિષેધ છે ?**

**જવાબ :** તે લોકોની આહાર ગ્રહણ કરવાની રીત ભિન્ન હોય છે; આચાર-વિચાર અને વેશભૂષા ભિન્ન હોય છે. જ્યારે આહાર ગ્રહણ અર્થે જતાં આવતાં તે ભિક્ષાચરોનો અતિ સંપર્ક થાય છે ત્યારે ધર્માનુયાયીઓને પોતાના શ્રમણની શ્રદ્ધામાં સંદેહ પેદા થાય છે. સામાન્ય લોકો જો તેનું અનુસરણ કરી અન્યમતના શ્રમણોનો પરિચય વધારે તો તે શુદ્ધ શ્રદ્ધાથી ચલિત થઈ શકે છે. ગોચરીના દાતાની માનસિક સ્થિતિમાં કેટલા ય ઉતાર-ચઢાવ થઈ શકે છે. જેમ કે 'પહેલાં કોને આપું ? કોને કેવી રીતે આપું ? તે એકલા આવે તો શું હું ભિક્ષા ન આપું ? સાથે કેમ આવ્યા ? વગેરે કેટલા ય સંદેહ થાય છે. સાથે સાથે ફરવાથી કોઈની પણ શ્રદ્ધા, માર્ગ પરિવર્તિત થઈ જાય તો તે સંઘના લોકોમાં ઉહાપોહ, રાગદ્વેષ વગેરે થઈ શકે છે. કોઈને કંઈ અશાતા કે અનિષ્ટ થઈ જાય તો એક બીજા પર આક્ષેપ પ્રત્યાક્ષેપની સ્થિતિઓ પેદા થાય છે. માટે અનેક આશયોને લઈ જ્ઞાનીઓનું આ વિધાન છે કે અન્ય ભિક્ષાચરોની સાથે ગોચરી ન જવું જોઈએ.

એવી જ રીતે કોઈ જૈન સાધુ પણ એવા હોય કે જેની ગવેષણા વિધિ ભિન્ન હોય અર્થાત્ કોઈ સાધુ કોઈ પદાર્થને સચિત્ત અકલ્પનીય સમજે, બીજા તેને જ અચિત્ત ગ્રાહ્ય સમજે વગેરે કારણોથી તેઓની સાથે પણ ગોચરી ન જવું જોઈએ. કારણ કે એક જ પદાર્થ કોઈ ગ્રહણ કરે અને બીજો તેને સચિત્ત કહે ત્યારે દાતાને મોટી અસમજ પેદા થાય છે.

**પ્ર.૫ : સમુદ્દિસ્સ અને પગણિય-પગણિય શબ્દ પ્રયોગથી ભાવાર્થમાં શું ફરક પડે છે ?**

**જવાબ :** પગણિય-પગણિય શબ્દોનો ભાવાર્થ આ પ્રમાણે છે– કોઈ શ્રદ્ધાળુ ભાવિક વ્યક્તિ દ્વારા અન્યતીર્થિક શ્રમણ અથવા ભિખારી વગેરેની સાથે જૈન શ્રમણના નામ નિર્દેશપૂર્વક ગણતરી કરીને કોઈ ખાદ્ય પદાર્થ અથવા અન્ય પદાર્થ તૈયાર કરવામાં આવ્યો હોય તો તેમાં જૈન શ્રમણની સ્પષ્ટ ગણતરી થઈ જવાથી તે પદાર્થ અગ્રાહ્ય થાય છે. તેને **પગણિય-પગણિય** કહેવાય છે. **સમુદ્દિસ્સ** શબ્દમાં નામ નિર્દેશ અથવા વ્યક્તિ સંકેત ન હોવાથી ઓઘરૂપથી સમસ્ત યાચકોને માટે બનાવેલો આહાર આદિ હોય છે. તેમાં જૈન સાધુની સ્પષ્ટ ગણતરી ન હોવાથી તે આહાર આદિ અન્યના ઉપયોગમાં આવી ગયા પછી કે લઈ લીધા પછી ગ્રાહ્ય થઈ જાય છે અર્થાત્ જૈન સાધુને લેવાનું કલ્પે છે. આ જ **પગણિય-પગણિય** અને **સમુદ્દિસ્સ** શબ્દપ્રયોગ પાછળ અંતર છે. એવા પાઠ આ આચારાંગ સૂત્રમાં આહાર, શય્યા, પાત્ર આદિ અધ્યયનમાં આવેલા છે.

**પ્ર.૬ : દાનપિંડ અને દાનકુળ કેટલા પ્રકારના છે ? અને ત્યાં જવાનો નિષેધ શા માટે છે ?**

**જવાબ :** જે આહાર માત્ર યાચકોને આપવામાં આવે છે, ઘરવાળા અથવા અન્ય ગૃહસ્થ ત્યાં બેસીને ખાતા નથી, તે દાનપિંડ અગ્રાહ્ય થાય છે. માત્ર યાચકો માટે હોવાથી તે આહાર જૈન શ્રમણને લેવામાં અદીનવૃત્તિ રહેતી નથી પરંતુ દીનવૃત્તિ પેદા થાય છે અને ધર્મની લઘુતા થાય છે, સીમિત દાનપિંડ હોવાથી અન્યને અંતરાય પણ પડે છે. પરંતુ જ્યાં પ્રચુર આહાર દેવામાં આવે છે કે ખવડાવવામાં આવે છે અને દાતા ખુદ પોતે પણ ત્યાં ખાય છે તો જૈન શ્રમણ પોતાની વિધિ વિવેકની સાથે આવશ્યક હોવા પર ગ્રહણ કરી શકે છે. તે દાનપિંડ અને કુળ આ પ્રકારના હોય છે–

**(૧)** જ્યાં અગ્ર–શ્રેષ્ઠ પદાર્થ એટલે કે વિશિષ્ટ ભોજન પદાર્થ લાડુ વગેરે આપવામાં આવતા હોય. **(૨)** મર્યાદિત બનેલો સમસ્ત આહાર હંમેશાં યાચકોને દેવામાં આવતો હોય તે 'નિતિય પિંડ'(પૂર્ણ)કહેવાય છે. **(૩)** જે ઘરોમાં જે આહાર બન્યો હોય તેમાંથી અડધો ભાગ અલગ કરી દાન કરવામાં આવતો હોય. **(૪)** તેમજ ચોથો ભાગ દાન કરવામાં આવતો હોય. **(૫)** ષષ્ટાંશ, અષ્ટમાંશ અને તૃતીયાંશ આહાર દાન કરવામાં આવતો હોય, આ વિભાગરૂપ દાનપિંડ લેવામાં દીનતા અને અંતરાય દોષની મુખ્યતાના કારણે તે દાનપિંડ લેવા માટે, તે દાનપિંડ આપનારા ઘરે ગોચરી જવું કલ્પતું નથી. તેને માટે નિશીથ સૂત્રના બીજા ઉદ્દેશામાં લઘુમાસિક પ્રાયશ્ચિત્ત વિધાન પણ છે.





દાનપિંડ નિષેધનું કથન મર્યાદિત આહાર સંબંધી જાણવું પરંતુ જ્યાં દાનપિંડની કોઈ સીમા હોતી નથી, ત્યાં અંતરાય દોષ લાગતો નથી અને ત્યાં જૈન શ્રમણોને અગર સમ્માનપૂર્વક દેવાની ભાવના હોય તો દીનતા પણ થતી નથી. આવી ભોજનશાળાઓ આદિમાંથી યથાપ્રસંગ જૈન શ્રમણ ગોચરી કરી લે તો તેનો આ સૂત્રોમાં નિષેધ નથી. જ્ઞાતા સૂત્ર આદિમાં સાધ્વીઓનું દાન-શાળામાં ગોચરી જવાનું વર્ણન છે.

**પ્ર.૭ : મોટા જમણવારના પ્રસંગમાં ગોચરી ક્યારે જઈ શકાય છે ?**

**જવાબ :** ઘણાં મોટા જમણવારમાં વિશિષ્ટ ખાદ્ય પદાર્થો પ્રતિ આસક્તિના ભાવોથી શ્રમણને ગોચરી જવાનું કલ્પતું નથી. તે જ રીતે તે દિશામાં પણ જવાની મનાઈ છે. જે જમણવારમાં જઈ થોભવું પડે, ઊભું રહેવું પડે તો ત્યાં પણ જવાની મનાઈ છે. આહારની દુર્લભતા અને જરૂરી પરિસ્થિતિથી એવી મોટા જમણવારમાં જવું પડે તો બે કોષથી પણ વધારે દૂર અર્થાત્ ૭ કિલોમીટરથી આગળ હોય તો ત્યાં પણ ગોચરીએ જવું નહીં પરંતુ ૭ કિલોમીટરની અંદર હોય તો જનાકુલતાનો સમય જ્યારે ન હોય ત્યારે જઈ શકાય છે. તે અનેક ગામોના અનેક દિવસો સુધી ચાલતા જમણવારની અપેક્ષા છે. સામાન્યરીતે કોઈ પણ નાના મોટા જમણવારમાં આસક્તિ પરિણામોથી જવું નિષિદ્ધ છે.

કોઈના ઘરે વ્યક્તિગત કોઈ મહોત્સવ હોય, જેમ કે અઠ્ઠાઈ તપના પારણાં હોય, અન્ય પણ કોઈ ઋતુ પરિવર્તન વગેરેનો મહોત્સવ હોય, જેમાં અન્ય શ્રમણ, બ્રાહ્મણ આદિને પણ ભોજન આપવાનું હોય, ત્યાં અનાસક્તિથી અને આવશ્યકતાથી સાધુ જ્યારે જનસમુદાયની ભીડ ન થઈ હોય અથવા સમાપ્ત થઈ ગઈ હોય ત્યારે ત્યાં ગોચરીએ જઈ શકે છે.

ગામ-નગર આદિનો કોઈ મહોત્સવ, મેળો અથવા યક્ષ મહોત્સવ આદિ હોય તેમાં ભોજનશાળા આદિ હોય છે. ત્યાં પણ ઉપરોક્ત પ્રકારે ભિક્ષુ યથા પ્રસંગ વિવેક રાખીને ગોચરીએ જઈ શકે છે.

ઉપરોક્ત નિષ્કર્ષ આ અધ્યયનના બીજા, ત્રીજા અને ચોથા ઉદ્દેશકથી નીકળે છે. ચોથા ઉદ્દેશક અનુસાર વર-વધૂના ઘરે લગ્નથી પૂર્વ અથવા પછીના ભોજન આદિ પ્રસંગોમાં પણ ઉપરોક્ત રીતે પ્રસંગ-પરિસ્થિતિ પ્રમાણે જઈ શકાય છે. આ ત્રણે ય ઉદ્દેશકોમાં નિષેધ અને વિધાન બંને છે. અતઃ અપેક્ષા બતાવી અહીં ઉભયમુખી(બન્ને પક્ષનું) સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયન અનુસાર જ્યાં સાધુને ગૃહસ્થોની પંક્તિમાં ઊભા રહેવું પડે ત્યાં જવાનો નિષેધ છે. સર્વ શાસ્ત્ર પાઠોનું તાત્પર્ય આ છે– **(૧)** દીનતા ન હોય, પૂર્ણ સન્માન હોય **(૨)** કોઈને પણ અંતરાય ન હોય

(૩) ધર્મની લઘુતા ન હોય (૪) આસક્તિનો ભાવ ન હોય (૫) પંગતમાં ઉભા રહેવું ન પડે (૬) લોકોની ભીડ ન હોય, એવા સમયે અને એવા સ્થાનોમાં વિવેક પૂર્વક સાધુ-સાધ્વી આવશ્યકતા હોય ત્યારે ગોચરી જઇ શકે છે.

જો અન્યત્ર ગોચરી સુલભ હોય તેમજ ત્યાગ, અભિગ્રહ વધારવા હોય તો સાધુ ત્યાં ન જાય તે શ્રેષ્ઠ છે પરંતુ જમણવારમાં જવું ન જોઇએ એવો એકાંતિક નિયમ નથી. તેથી પ્રરૂપણા કરવામાં વિવેક રાખવો જોઇએ. જો અન્યત્ર ગોચરી સુલભ ન હોય અને સાધુ માટે લાવેલા, ખરીદેલા કે બનાવેલા ઇત્યાદિ દોષ યુક્ત પદાર્થો ગ્રહણ કરવા પડતા હોય તો આગમની આજ્ઞાને સમજીને વિવેકથી વર્તન કરવું જોઇએ અર્થાત્ બીજા દોષવાળી ગોચરી ન લેતાં જમણવારમાં વિધિ વિવેકથી જઇ શકાય છે.

**પ્ર.૮ : ઊંચકુળ આદિની ગોચરીનું સાધુ-સાધ્વી માટે શું વિધાન છે ?**

**જવાબ :** સમાજના વ્યવહારમાં જે કુળોની સાથે અસ્પૃશ્યતાનો વ્યવહાર હોય અથવા જે માસાંહાર અથવા અનાર્યતા આદિના કારણે ઘૃણિત, નિંદિત કુળ હોય, તેમાં જૈન શ્રમણોને વ્યવહારની પ્રમુખતાથી ગોચરી જવું નિષિદ્ધ છે એટલે કે શ્રમણો માટે વૈશ્યવર્ગ, બ્રાહ્મણવર્ગ, ક્ષત્રિયવર્ગ વગેરે મુખ્યતાએ ગોચરીના કુળ છે. તે લોકોનો જે કુળોની સાથે પરહેજનો વ્યવહાર હોય, ત્યાં સાધુના જવાથી તે લોકોને પોતાના ઘરોમાં સાધુનું આવવું ઉપયુક્ત લાગતું નથી, ઢચતું નથી; આ હેતુથી શાસ્ત્રમાં કોઇ જાતિના નામ દર્શાવ્યા વિના ઘૃણિત—જુગુપ્સિત અને નિંદિત કુળોમાં સાધુને ભિક્ષાર્થ જવાનો નિષેધ સ્પષ્ટ રૂપથી કરવામાં આવ્યો છે અને અનિંદિત-અજુગુપ્સિત કુળોના કેટલાક નામ ઉદાહરણ રૂપે આપવામાં આવ્યાં છે, સાથે એમ પણ કહ્યું છે કે આ પ્રકારના જો અન્ય કુળો અજુગુપ્સિત હોય તો ત્યાં ભિક્ષુ ગોચરી જઇ શકે છે. આ પ્રસંગમાં શાસ્ત્રકારે ઊંચ-નીચ શબ્દપ્રયોગ કર્યો નથી પરંતુ જુગુપ્સિત-અજુગુપ્સિત શબ્દથી વિધાન કરેલ છે. આ શબ્દ સામાજિકતા સાથે સંબંધ ધરાવે છે.

જ્યાં ગૌતમ સ્વામી આદિને ગોચરી જવા સંબંધી વર્ણન આવે છે ત્યાં ઊંચ, નીચ અને મધ્યમ કુળ શબ્દોનો પ્રયોગ છે ત્યાં સર્વત્ર તે ત્રણેયમાં ગોચરી જવાનું વિધાન છે. તે સમૃદ્ધિની અપેક્ષાએ ધનવાન, મધ્યમ અને સામાન્ય ઘરોને માટે પ્રયુક્ત છે. તેનો આશય એટલો જ છે કે કલ્પનીય સર્વ ઘરોમાં નિષ્પક્ષ ભાવથી ગોચરી જવું જોઇએ. અમીર, ગરીબ અથવા મધ્યમ વર્ગના ભેદભાવ રાખવા જોઇએ નહીં. અતઃ સૂત્રકારની બંને જગ્યાની ભિન્ન-ભિન્ન અપેક્ષાને યોગ્ય રીતે સમજીને વિવેકપૂર્ણ શ્રદ્ધા, પ્રરૂપણા અને વ્યવહાર કરવો જોઇએ. પરંતુ આગમ આશયને સમજ્યા વિના પોતાના સંકલ્પ અથવા આગ્રહથી કોઇ પણ જાતની એકાંત પ્રરૂપણા કરવી યોગ્ય નથી.





તાત્પર્ય એ થયું કે જુગુપ્સિત—લોકનિંદિત, અસ્પૃશ્ય કુલોમાં ભિક્ષાર્થ ન જવું અને અમીર, ગરીબના ભેદભાવથી ગોચરી કરવી નહીં. પરંતુ ત્રણે પ્રકારના ઘરોમાં સામુદાનિક ગોચરી કરવી જોઇએ.

**પ્ર.૯ : ગોચરી જવા યોગ્ય ઉદાહરણ રૂપમાં કહેવાયેલા કુળો કયા છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં ગોચરી જવા યોગ્ય ઉદાહરણ રૂપ કુળોનાં નામ નિમ્ન પ્રકારે છે—

(૧) ઉગ્રકુળ=જાગીરદાર વગેરે (૨) ભોગકુળ=પૂજ્ય સ્થાનીય પુરોહિત કુળ (૩) રાજન્યકુળ=રાજમિત્ર અથવા રાજપરિવારનું કુળ (૪) ક્ષત્રિય=સૈનિક કુળ, રાઠોડ વગેરે (૫) ઇક્ષ્વાકુ કુળ=ભગવાન ઋષભદેવનું કુળ (૬) હરિવંશ કુળ=નેમનાથ ભગવાનનું કુળ (૭) ગોપાલોનું કુળ (૮) વૈશ્ય=વણિકકુળ (૯) નાપિતકુળ (૧૦) સુથારકુળ (૧૧) કોટવાલકુળ (૧૨) વણકરકુળ; અન્ય પણ એવા લોકવ્યવહારમાં યોગ્ય કુળ જે હોય તે સર્વ ભિક્ષાયોગ્ય કુળ સમજવા જોઇએ.

**પ્ર.૧૦ : ગોચરી જતી વેળા સર્વ ઉપકરણો સાથે કેવી રીતે લેવા અને સૂક્ષ્મ વરસાદ થઇ રહ્યો હોય તો શું કરવું ?**

**જવાબ :** જેવી રીતે ભગવતી સૂત્ર વગેરેમાં વર્ણિત સંન્યાસી લોકો બહાર જતી વેળા પોતાના વેશભૂષાના સર્વ ઉપકરણ સાથે લઇને જાય છે. એવી રીતે જૈન મુનિ પણ પોતાના પોશાક યોગ્ય સર્વ ઉપકરણો લઇને જ જાય છે. પરંતુ પાછળ કોઇ પણ ઉપકરણો રહે નહીં એવો અર્થ ન સમજવો. જૈન મુનિનો પોશાક— પછેડી, ચોલપટ્ટક, મુહપત્તી, રજોહરણ, જોળીમાં આવશ્યક પાત્ર વગેરે છે. ગચ્છગત શ્રમણની સાથે અનેક શ્રમણ વૃદ્ધ, સ્થવિર આચાર્ય, ઉપાધ્યાય વગેરે ઉપાશ્રયમાં રહે છે તેથી ગોચરી જનાર સાધુના અવશેષ ઉપકરણ ઉપાશ્રયમાં રહી શકે છે.

ગોચરી જવાના સમયે અલ્પ કે અધિક વર્ષા, ધુમ્મસ, મહાવાત, આંધી, તોફાન હોય, વાવાઝોડું આવતું હોય તથા અધિક માત્રામાં ત્રસ જીવોના ઝૂંડ ને ઝૂંડ આકાશથી નીચે પડી રહ્યાં હોય તો એવા સમયમાં આવશ્યક સર્વ ઉપકરણ લઇને પણ ભિક્ષા માટે બહાર ન જવું જોઇએ. પરંતુ વિવેકપૂર્વક ઉપાશ્રયમાં જ રહેવું જોઇએ.

**પ્ર.૧૧ : ગૃહસ્થના ઘરના દરવાજા બંધ હોય તો ગોચરી કેવી રીતે જવું જોઇએ ?**

**જવાબ :** અપરિચિત અને અસંસ્કારિત ઘરોમાં દરવાજા— બારી જાળી, પડદા અથવા કાંટાની વાડ આદિ કાંઇ પણ લગાડેલ હોય તો તેને હટાવવા ન જોઇએ, ખોલવા ન જોઇએ, આવશ્યક હોય તો આજ્ઞા લઇને અથવા આજ્ઞા મળે પછી જ ખોલી શકાય છે. પરિચિત અને સંસ્કારિત ઘરોમાં તેની સૂચના પહેલેથી જ હોય અથવા આવવાની આજ્ઞા હોય તો જ દરવાજા ખોલી શકાય અને પરદા

વગેરે હટાવી શકાય છે. તોપણ વ્યવહારથી ઘરમાં પોતાના પ્રવેશની કોઈ સૂચના થઈ જાય એવા ઉચ્ચારણના સાથ પ્રવેશ કરવો જોઈએ. **ચોરની જેમ જવું**, તે કથનની પરંપરા આગમમાં નથી અને વ્યવહારોચિત પણ નથી.

જો દરવાજો અંદરથી જ બંધ હોય તો અવાજ કરીને ખોલાવવો તે ગોચરીની સાચી વિધિ નથી. શ્રાવકોને આ વિષયમાં સંસ્કારિત કરવા જોઈએ કે ગોચરીના સમયે સુપાત્ર દાનની ભાવના માટે દરવાજા બંધ ન કરવા જોઈએ તથા અપરિચિત ઘરોમાં સહજ ખુલ્લા અથવા બહારથી ખોલી શકાય તેવા દરવાજાઓની આજ્ઞા લઈ ખોલીને જવું અન્યથા ન જવું જોઈએ. શ્રાવકોને દર્શન, પ્રવચનના સમયે સંસ્કાર આપવા જોઈએ કે સાધુ સહજ ખોલીને આવી શકે તે રીતે દરવાજા ગોચરીના અમુક સમય સુધી રાખીને ભાવના રાખવી જોઈએ. તેથી તેઓને બારમા વ્રતમાં અતિચાર પણ ન લાગે.

અવાજ કરીને અથવા ખોલાવીને જવાથી સાધુ અને શ્રાવક બંનેને વ્રતની અવિધિ થાય છે. આ ક્ષેત્રકાળની પરિસ્થિતિનો દોષ જ સમજવો જોઈએ, તેને નિર્દોષ વિધિ ન સમજવી જોઈએ.

**પ્ર.૧૨ : જૈન સાધુ અન્ય શ્રમણો સાથે આહાર કરવાનો વાત્સલ્ય ભાવ કેમ રાખતા નથી ? ઘૃણાભાવ કેમ રાખે છે ?**

**જવાબ :** જૈન શ્રમણ કોઈ પ્રત્યે ઘૃણા અથવા દ્વેષભાવ રાખતા નથી. તેમની પોતાની આહારની વિધિ અન્ય શ્રમણોથી ભિન્ન હોય છે તથા જૈન શ્રમણોએ બાહ્ય વ્યવહારમાં અધિક સમય વ્યતીત ન કરતાં દેહપૂર્તિને માટે અતિઅલ્પ સમયમાં આહાર લાવવાનું અને ખાવાનું કાર્ય પૂર્ણ કરવું હોય છે. અતઃ જૈન શ્રમણ પરસ્પર પણ પોત પોતાના ગચ્છ સિવાય આહાર પાણી અલગ રાખે છે. આગળ વધી જૈન શ્રમણ એક ગચ્છ અથવા ગુરુની નિશ્રામાં રહીને પણ પોતાના ગચ્છના શ્રમણોની સાથે આહાર-પાણીનો કે સહયોગ લેવા-કરવાનો ત્યાગ પણ કરી શકે છે. આ એક જૈન શ્રમણોનું ત્યાગપ્રધાન વિશિષ્ટ આચરણ છે. ક્યારેક અતિ આવશ્યક પરિસ્થિતિ ઊભી થતાં જૈન શ્રમણ અન્ય કોઈ શ્રમણને આહાર આપી પણ શકે છે અને તેમની સાથે બેસીને ખાઈ પણ શકે છે. એવા પ્રસંગનો ઉલ્લેખ આ અધ્યયનના પાંચમા ઉદ્દેશકમાં છે. અતઃ જૈન શ્રમણાચારમાં ઘૃણા વગેરે ન સમજતાં દીર્ઘ દૃષ્ટિથી સુવ્યવસ્થાને માટે નિર્દિષ્ટ આચાર સમજવો જોઈએ.

**પ્ર.૧૩ : પેકિંગ કરેલા વાસણોને ખોલાવી ખાદ્યપદાર્થ લેવામાં છકાયની વિરાધનાનો કેવી રીતે સંભવ થાય છે ?**

**જવાબ :** ક્ષેત્રકાળના પરિવર્તન સાથે પેકિંગ અનેક પ્રકારનાં હોય છે. પ્રાચીન





કાળમાં ઘી, ગોળ વગેરેના ઘડા, લીલા પાન અને નરમ ભીની માટીથી પેકિંગ કરી આવતા હતા. કોઈ પાકાં ટીન વગેરેનું પેકિંગ અગ્નિ પ્રયોગથી ખોલવામાં આવતું હતું. કોઈ પેકિંગનું ઢાંકણું ખોલવા સમયે ઉછળી દૂર પડી જાય વગેરે વિભિન્ન રિવાજો, પ્રકારોના સંકલનથી સૂત્રમાં પેકબંધ વાસણોને ખોલાવીને વસ્તુ લેવામાં પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ અને ત્રસ જીવની વિરાધનાની સંભાવના બતાવી છે. માટીને ભીની કરીને ઢાંકણું ખોલવું પડે છે અથવા પુનઃ લગાડવામાં તેને ભીની કરવી પડે છે અતઃ પશ્ચાત્કર્મ દોષ પણ લાગે છે.

જ્યારે વર્તમાનના કોઈ પેકિંગમાં કિંચિત્ પણ વિરાધના અથવા ભય કે જોખમ(શસ્ત્રથી જખમ થઈ જવા વગેરે) ન હોય તો વિવેકપૂર્વક ખાદ્ય પદાર્થ લઈ શકાય છે.

**પ્ર.૧૪ : વાયુકાયની વિરાધના કેવી રીતે થાય છે ?**

**જવાબ :** આગમોક્ત વિરાધના બે પ્રકારથી થાય છે અર્થાત્ આગમમાં વિરાધના (સમારંભ) બે અપેક્ષાઓથી કહેવામાં આવે છે– જીવોની હિંસા થવાથી અને જીવોની ઉત્પત્તિ થવાથી.

જેમ કોઈ દીપકને બુઝાવે તો જીવ મરે અને કોઈ દીપક કે ટ્યુબ લાઈટ ચાલુ કરે, તો તેમાં અગ્નિના જીવો આવીને ઉત્પન્ન થાય. બંને જ વ્યક્તિ અગ્નિકાયની વિરાધના કરનારા ગણવામાં આવે છે. જીવોની ઉત્પત્તિ પણ મૃત્યુની નિમિત્તક છે. તે જીવોના જન્મથી ત્યાં મૃત્યુની પરંપરા ચાલુ થઈ જાય છે. જ્યાં સુધી તે દીપક, ટ્યુબલાઈટ ચાલુ રહેશે ત્યાં સુધી તે જીવોના જન્મ-મરણની પરંપરા ચાલુ રહેશે. તેથી અગ્નિ પ્રગટાવનારા દીપક, ટ્યુબલાઈટ ચાલુ કરનારા પણ અગ્નિકાયની વિરાધના કરનારા કહેવાય છે, ત્યાં મચ્છર પતંગિયા આદિ ત્રસ જીવ ઉત્પન્ન થઈને મરણ પામે છે. તો તે અગ્નિ પ્રગટાવનારા તે ત્રસ જીવોની પણ વિરાધના કરનારા ગણાય છે. કેમ કે ટ્યુબલાઈટ જલાવવાના નિમિત્તથી જ ત્યાં ત્રસ જીવોના જન્મ-મરણની પરંપરા ચાલુ થાય છે.

કોઈએ વાસણમાં કે પત્થરના ખાડામાં અથવા ઉપરથી ઢાંકેલા વાડામાં પેશાબ કર્યો હોય, અંતર્મુહૂર્ત બાદ ત્યાં સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થઈ, જન્મ-મરણ ચાલુ થઈ જાય છે. તો આ અવિવેક કરનારાને સંમૂર્ચ્છિમ જીવોની વિરાધના કરનારા ગણવામાં આવે છે કારણ કે પરંપરાથી વિરાધના તથા જન્મ મરણના નિમિત્તક બન્યા જ છે. જો કે તે વ્યક્તિ પુનઃ ત્યાં ક્યારે ય આવીને કોઈ જીવોને સ્પર્શ કરતા નથી અને કોઈ પ્રકારથી તે જીવોને કષ્ટ પણ પહોંચાડતા નથી. આ પ્રકારે આગમમાં વિરાધના કરનારા બે અપેક્ષાઓથી ગણવામાં આવ્યા છે.

આવી જ રીતે વાયુકાયના જીવોની વિરાધના પણ બંને રીતે ગણવામાં આવે છે– (૧) આપણે કોઈ પણ શરીરની કે વચનની અથવા કોઈ પણ યોગ સ્પંદનની પ્રવૃત્તિ કરીએ તો તેમાં વાયુકાયની વિરાધના થાય છે. વાયુકાયના જીવ સર્વત્ર પોલાર સ્થાનમાં ભરેલા હોય છે. તે આપણી દરેક સ્પંદન પ્રવૃતિથી મરતા રહે છે. કારણ કે બાદર એકેન્દ્રિય એવા જ શરીર નામકર્મો વાળા હોય છે કે સ્પર્શ માત્રથી તેમને અત્યંત વેદના થાય છે અને અનેકો, હજારો યા અસંખ્ય જીવ પણ સ્પર્શ કરવામાત્રથી મરતા રહે છે. અતઃ જ્યાં પણ આપણે વાયુકાયમાં રહીએ છીએ, વાયુના જીવોને આપણો સ્પર્શ થાય છે, આપણે જે કંઈ પણ સ્પંદન કરીએ છીએ કે સ્થિર બેસીએ છીએ, તોપણ આપણા સ્પર્શમાં આવનારા વાયુજીવ મરતા જ રહે છે. જેવી રીતે વર્ષાના સમયે કોઈ પાણીનું ટીપું શરીર ઉપર પડે તો આપણા સ્પર્શથી તેમાં રહેલા અસંખ્ય જીવો સ્વતઃ મરતા રહે છે, તેવી જ રીતે વાયુકાયના જીવ આપણા સ્પર્શથી સદાય સર્વત્ર મરતા જ રહે છે. આ પહેલા પ્રકારની હિંસા છે.

(૨) કોઈ વ્યક્તિ પંખા કે ફૂંકથી હવા કરે અથવા કોઈ પણ પદાર્થને તીવ્ર વેગથી હલાવે, ગતિ કરાવે, ફેંકે તો તેનાથી હવાની–વાયુની ઉદીરણા થાય છે, અર્થાત્ વાયુ નિષ્પન્ન થાય છે તેમાં વાયુકાયના જીવ ઉત્પન્ન થાય છે. જેમ દીપક જલાવવાથી ત્યાં અગ્નિના જીવોનું જન્મ-મરણ પ્રારંભ થાય છે તેમ હવા ઉત્પન્ન થવાથી ત્યાં વિશેષ વાયુકાયના જીવોનો ઉત્પન્ન થવાનો અર્થાત્ જન્મ-મરણનો પ્રારંભ થાય છે. અતઃ હવા પેદા કરવાથી વાયુકાયના જીવોની હિંસા થાય છે. આ જન્મ-મરણ પ્રારંભ થવાના નિમિત્તથી વાયુકાયના જીવોની હિંસા છે. આ બીજા પ્રકારની વિરાધના સમજવી જોઈએ.

યોગોનું પ્રવર્તન ઓછું કરવાથી પ્રથમ પ્રકારની વિરાધના ન્યૂન, ન્યૂનતમ થતી જાય છે અને ફૂંકવું કે પંખો ચલાવવો આદિ હવા નાખવાના કાર્યો ન કરવાથી દ્વિતીય પ્રકારના વાયુકાયની વિરાધના બિલકુલ થતી નથી.

સંયમ ગ્રહણ કરનારા શ્રમણ બીજા પ્રકારની વિરાધનાના પૂર્ણ ત્યાગી હોય છે અને તે વિરાધનાથી બચવા માટે તે દરેક કાર્ય યતનાથી, વિવેકથી કરે છે. પ્રથમ પ્રકારની વિરાધનાથી બચવા માટે તે પોતાની પ્રવૃત્તિઓને ઘટાડતા રહે છે. તેઓ નિવૃત્તિ તરફ આગળ વધવાનું લક્ષ્ય રાખે છે, આવશ્યક અને આગમ આજ્ઞાનુસારની પ્રવૃત્તિઓ જ કરે છે. તેઓ આગળ વધીને નિવૃત્ત સાધના-મય જીવનમાં અધિકતમ ધ્યાન અને કાયોત્સર્ગમાં સમય પસાર કરે છે.

પ્રથમ પ્રકારની વિરાધના શરીરના અંદરના સૂક્ષ્મતમ સંચારથી પણ ચાલુ રહે છે. જે કેવલજ્ઞાનીને તેરમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી પણ હોય છે.





આગમમાં શ્રમણોને માટે વાયુકાયની અહિંસાના અનેક પ્રકરણોમાં બીજા પ્રકારની **ફૂંકવું અને વીંઝવું** રૂપ હિંસાકારી પ્રવૃત્તિનો સર્વથા નિષેધ કરવામાં આવે છે અને તેની સાવધાની માટે પ્રત્યેક કાર્ય યતનાથી, શાંતિથી, વિવેકથી કરવાની પ્રેરણા કરવામાં આવે છે. આ રીતે પ્રથમ પ્રકારની વાયુકાયની હિંસાને રોકવા માટે જ સંયમની સમસ્ત વિધિઓ અને અનાવશ્યક પ્રવર્તનોને ઘટાડવા માટે જ હોય છે. આવશ્યક પ્રવૃતિઓની જે કાંઈ શાસ્ત્રમાં આજ્ઞા છે, તે પણ સંયમ જીવન અને દીર્ઘાયુ સુધી આ ઔદારિક શરીરના નિર્વાહને માટે સૂચિત કરાઈ છે. ભાવસંયમની સમાધિ અને શરીરની સમાધિ આદિ લક્ષ્યોથી દીર્ઘદષ્ટિથી સર્વજ્ઞો દ્વારા સંયમની સમસ્ત વિધિઓ આગમમાં બતાવાઈ છે.

જો કે અનેક વિધિઓ ગોચરી, વિહાર, આદિ પ્રવૃત્તિરૂપ છે, તોપણ તે સંયમસાધકના અહિંસક જીવનની સુંદર સફળતાના લક્ષથી તથા શરીર અને બ્રહ્મચર્યની સુવ્યવસ્થાના લક્ષથી જ કહેવાયેલ છે. તે પ્રવૃત્તિઓ આયુષ્ય કર્મના અસ્તિત્વમાં આવશ્યક અને લાભદાયક હોવાથી સર્વજ્ઞો દ્વારા કહેવાઈ છે.

ગૃહસ્થ જીવનની અપેક્ષાએ મુનિ જીવનમાં અનેક પ્રવૃત્તિઓ અલ્પ હોય છે, તેમજ જે સાધક નિવૃત્તિની તરફ પ્રગતિ કરે, આહાર અને વ્યવહાર સીમિત કરે, દીર્ઘ તપસ્યા અને ધ્યાન કાયોત્સર્ગમાં વૃદ્ધિ કરે, આ રીતે તેમની પ્રવૃત્તિઓ ક્રમશઃ ઘટતી જાય છે. આ પ્રકારે પ્રથમ પ્રકારની વિરાધના અલ્પ-અલ્પતમ થતી જાય છે. પરંતુ પ્રવૃત્તિની સંપૂર્ણ સમાપ્તિ તો ૧૪ મા ગુણસ્થાનમાં પહોંચવાથી અર્થાત્ યોગનિરોધ થયા પછી મોક્ષ જવાની કેટલીક ક્ષણ પૂર્વ શરીર છૂટવાના સમયે જ થાય છે.

આ બે પ્રકારની અપેક્ષાઓથી ગણવામાં આવતી આગમિક વિરાધનાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

આગમની વ્યાખ્યાઓમાં વાયુકાયના શસ્ત્ર બે પ્રકારના કહ્યા છે– સ્વકાયશસ્ત્ર અને પરકાયશસ્ત્ર. વાયુના જીવ વાયુજીવો યા વાયુશરીરોથી પણ મરે છે અને અન્ય કોઈ પણ પદાર્થોથી યા જીવોથી પણ મરતા રહે છે.

કેટલીક પરંપરામાં વાયુકાય માટે સ્વકાય શસ્ત્ર જ માન્ય કરાય છે, પરકાય શસ્ત્રને સ્વીકારતા નથી, પરંતુ તે ઉચિત નથી. વાયુકાય માટે સ્વકાય શસ્ત્ર અને પરકાય શસ્ત્ર બંને થાય છે. વાસ્તવમાં બીજા પ્રકારની વિરાધનાની વ્યવહારમાં મુખ્યતા છે. જ્યારે પ્રથમ પ્રકારની વિરાધનામાં જીવનની સમસ્ત પ્રવૃત્તિઓનો, હિંસાકાર્યોનો સમાવેશ છે.

**પ્ર.૧૫ : ધોવણ પાણી કે અચિત્ત પાણીની કોઈ સંખ્યા નિશ્ચિત છે ?**

**જવાબ :** પરંપરા અને પ્રચલન પ્રમાણે ૨૧ પ્રકારના ધોવણ પાણી હોય છે,

એવી કથન પરંપરા છે. જેનો આધાર આ અધ્યયનનો સાતમો આઠમો ઉદ્દેશક છે. જોકે તે પાઠમાં કોઈ સંખ્યાનો નિર્દેશ પણ નથી.

આ અધ્યયનના સાતમા ઉદ્દેશકના **અંતે એક** સૂત્રમાં ત્રણ પ્રકારના અચિત્ત પાણીનાં નામ આપીને અન્ય પણ આ પ્રકારનાં અચિત્ત પાણી મળે તો ભિક્ષુ ગ્રહણ કરી શકે છે એમ કહેવાયું છે.

**બીજા** સૂત્રમાં અચિત્ત પાણીના છ નામ આપીને કહેવાયું છે કે અન્ય પણ આ પ્રકારનાં અચિત્ત પાણી ભિક્ષુ લઈ શકે છે. સાતમા ઉદ્દેશકના તે બે સૂત્રોની આ વાસ્તવિકતા છે.

આઠમા ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં ૧૨ પ્રકારના અચિત્ત પાણીનાં નામ છે. જેમાં બીજ ગોટલી આદિ પડ્યા હોય તો તેને લેવાનો કે ગળીને લેવાનો પણ નિષેધ છે. આ સૂત્રમાં પણ બાર નામ આપીને કહેવાયું છે કે અન્ય પણ આ પ્રકારના બીજ આદિથી યુક્ત પાણી કદાચ અચિત્ત હોય તોપણ અપ્રાસુક અને અનેષણીય જાણીને ન લેવું.

આ ત્રણે ય સૂત્રોક્ત નામોનો સરવાળો કરીને ૩+૬+૧૨=૨૧ની સંખ્યા ધોવણ પાણીને માટે ચલાવવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા જે છે તે ઉપર સ્પષ્ટ કરવામાં આવી છે.

આ ૨૧ સિવાય બે નામો દશવૈકાલિક સૂત્રમાં તથા નિશીથ સૂત્રમાં પણ એક અન્ય નામ વિશેષ છે, જે અન્ય સૂત્રોમાં નથી. નિશીથ ઉદ્દેશક–૧૭માં **अ बक्क जिय** શબ્દ અધિક છે. દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનમાં **वारधोयण** નવો શબ્દ છે. ઉષ્ણોદકનું કથન પણ દશવૈકાલિક સૂત્રમાં અને ઠાણાંગ સૂત્રમાં છે. આ ત્રણે ય શબ્દ આચારાંગમાં કહેલ ૨૧ નામમાં નથી. આચારાંગ સૂત્રમાં આવેલ શુદ્ધોદક શબ્દથી કોઈ ઉષ્ણોદક અર્થ કરે છે, તે ભ્રમ છે. નિશીથ સૂત્રમાં શુદ્ધોદકને ધોવણ પાણીની સાથે ગણવામાં આવ્યું છે, ત્યાં ગરમ પાણી અર્થ કરવો યોગ્ય થતો પણ નથી.

આ સમસ્ત શાસ્ત્ર પાઠોનો સાર એ છે કે ૨૧ પ્રકારના ધોવણની આ સંખ્યા એક પરંપરા માત્ર છે. અચિત્ત પાણી આગમ પાઠો અનુસાર અનેક પ્રકારના થઈ શકે છે. સૂત્રમાં જે નામ આપ્યા છે, તે તો ઉદાહરણાર્થ આપ્યા છે, એવું સમજવું જોઈએ.

**પ્ર.૧૬ : શું અચિત્ત પાણી સાધુ સ્વયં હાથેથી લઈ શકે છે ?**

**જવાબ :** વિધિરૂપે આહાર-પાણી સાધુ પોતાના હાથેથી લઈ શકતા નથી પરંતુ વિશેષ પ્રસંગથી ક્યારેક અચિત્ત પાણી હાથે લઈ શકે છે. આ અધ્યયનના સાતમા ઉદ્દેશકમાં આવું વિધાન કરવામાં આવ્યું છે કે ગૃહસ્થ કહી દે, આજ્ઞા





આપી દે યા કોઈ પરિસ્થિતિમાં સાધુ સ્વયં ગૃહસ્થથી આજ્ઞા માંગીને, પ્રાપ્ત કરીને પાણી લઈ શકે છે. જેમ કે બાળક યા ગર્ભવતી સ્ત્રી વગેરે પાણીનું વાસણ ઉપાડવા સમર્થ ન હોય તેવી વિશેષ પરિસ્થિતિમાં સાધુ સ્વયં ગૃહસ્થની આજ્ઞા લઈને અચિત્ત પાણીનું પાત્ર ઉપાડી પોતાના પાત્રમાં ઠાલવી શકે છે, જો ગૃહસ્થનું પાત્ર મોટું હોય અને સાધુ ઉપાડી શકે તેમ ન હોય તો ગૃહસ્થના નાના પાત્રથી અથવા પોતાના પાત્રથી પણ પાણી લઈ શકાય છે. આ રીતે સ્વયં પાણી ગ્રહણ કરવાનું વિધાન આ અધ્યયનમાં છે પરંતુ આહાર લેવા સંબંધી વિધાન અહીં કે અન્યત્ર ક્યાંય નથી. કારણ કે આહાર અંગે એવી સ્થિતિ ઓછી હોય છે. આહાર અનેક ઘરોમાં સહજ મળી જાય છે.

**પ્ર.૧૭ : લસણ કંદમૂળ છે ? શું તેને સાધુ-સાધ્વી લઈ શકે છે ?**

**જવાબ :** ઉત્તરાધ્યયન સૂત્રમાં લસણની ગણના સાધારણ વનસ્પતિમાં કરી છે અને તે જમીનની અંદર જ થાય છે. અતઃ અનંતજીવી કંદમૂળ છે. ગોશાલકના આજીવિકોપાસક પણ કંદમૂળના ત્યાગી હોય છે તે પ્રકારે ભગવતી સૂત્રમાં વર્ણન છે. તો પછી શ્રમણોપાસક તો અવશ્ય કંદમૂળના ત્યાગી હોવા જ જોઈએ, એ તેનો ભાવાર્થ છે. શ્રાવક કંદમૂળના ત્યાગી હોય તો શ્રમણોના પાત્રમાં કંદમૂળ આવવાની શક્યતા જ નથી. તેમ છતાં દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં અને આચારાંગ પ્રસ્તુત પ્રથમ અધ્યયન અને સાતમા અધ્યયનમાં આવેલ વર્ણનથી ધ્વનિત થાય છે કે સાધુ માટે આ સંબંધમાં એકાંતિક નિયમ નથી.

એનો ફલિતાર્થ એ થાય છે કે આદર્શ માર્ગથી સાધુ અને શ્રાવક બંનેએ કંદમૂળનો ઉપયોગ ન કરવો જોઈએ, કારણ કે તે અનંત જીવી છે.

કંદમૂળમાં અનંત જીવોની વિરાધના છે. તોપણ તે એકેન્દ્રિય જીવ છે, વનસ્પતિ જીવ છે. તેને પંચેન્દ્રિયના માંસ ભક્ષણના સમાન નરકનું કારણ કહ્યું નથી. માટે જૈન સાધુની ગોચરીના ઘરોમાં કોઈ પ્રાંતમાં કોઈક ખાદ્ય પદાર્થમાં લસણ નાંખવામાં આવે છે. કોઈક પ્રાંતોમાં આદુ અને હળદરનો ઉપયોગ થાય છે. એવા ક્ષેત્રોમાં આ ચીજો અચિત્ત રૂપમાં સાધુની ગોચરીમાં આવી જવાનો પૂર્ણ સંભવ રહે છે. તેમજ ઔષધ રૂપે સ્વાસ્થ્યના કોઈ કારણથી પણ લસણનો ઉપયોગ ફાયદાકારક માનવામાં આવે છે ઈત્યાદિ કારણોથી અચિત્ત લસણ અને અચિત્ત કંદમૂળ સાધુને માટે એકાંતિક મદ્ય માંસ જેટલું આગમોમાં નિષિદ્ધ નથી. તોપણ ભગવતી સૂત્રમાં ગોશાલક ઉપાસકોના કથનથી પ્રભુ મહાવીરે પોતાના શ્રાવકોને કંદમૂળના ત્યાગી બનવાની પ્રેરણા આપી છે. તેને લક્ષમાં રાખીને સામાન્ય રીતે સાધુ અને શ્રાવકોએ લસણ, આદુ, હળદર, બટેટા આદિ સમસ્ત કંદમૂળ જાતિના પદાર્થોનો ઉપયોગ ન કરવો જોઈએ.

આ અધ્યયનના આઠમા ઉદ્દેશકમાં વનસ્પતિના અનેક વિભાગોનું જુદું-જુદું કથન કરીને તેની અપ્રાસુક અનેષણીય અવસ્થામાં ભિક્ષુને ગ્રહણ કરવાનો નિષેધ છે. જેમાં લસણ અને તેના વિભાગો તથા અર્ક(રસ)ને માટે પણ અપ્રાસુક અનેષણીય લેવાનો નિષેધ છે. પ્રતિપક્ષમાં અહીં કોઈ પણ વનસ્પતિને માટે લેવાનું વિધાન નથી પરંતુ આગળ સાતમા અધ્યયનમાં પ્રતિપક્ષ વિધાનમાં લસણ લેવાનું સ્પષ્ટ કથન છે. દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં સચિત્ત કંદમૂળ લેવાનું અનાચારમાં ગણવામાં આવ્યું છે. ત્યાં પણ પ્રતિપક્ષ રૂપ અચિત્તનું સ્પષ્ટીકરણ નથી. આ રીતે શાસ્ત્ર કથિત ઉત્સર્ગ અને અપવાદ માર્ગને જાણી સાધુ અને શ્રાવકોએ વિવેકપૂર્વક કાર્ય કરવું જોઈએ. અપવાદ માર્ગના સેવનમાં, વ્યવહારશુદ્ધિ અનિવાર્ય છે. તે ભૂલાવું ન જોઈએ. સાથે ય સૂત્ર વિપરીત એકાંતિક પ્રરૂપણ કરીને કોઈએ સામાજિક વાતાવરણને દૂષિત પણ ન જ કરવું જોઈએ.

**પ્ર.૧૮ : નાળિયેર, ખજૂર આદિનાં મસ્તક કોને સમજવા ?**

**જવાબ :** પ્રશ્નોક્ત વૃક્ષોના ઉપરી ભાગના અવયવ વિશેષ સમજવા જોઈએ. વ્યાખ્યાકારોએ તેના ફળ અને ગર્ભ ભાગ એવો ભાવાર્થ કર્યો છે. આઠમા ઉદ્દેશકમાં અનેક પ્રકારની સચિત્ત લીલી વનસ્પતિઓ, ફળોના નિષેધનું પ્રકરણ છે. અતઃ સર્વ અગ્રાહ્ય અને અપ્રાસુક વનસ્પતિ પદાર્થોનો સંગ્રહ છે પરંતુ આ નાળિયેર આદિના સૂત્રમાં **ણ્ણત્થ** શબ્દ લાગેલો હોવાથી સૂત્રનો અર્થ-ભાવાર્થ ક્લિષ્ટ થઈ ગયો છે. કારણ કે ફળ યા ફળનો ગર્ભ અર્થ કરીએ તો ત્યાં ન કહેવાયેલા ફળોનો ગર્ભ ભાગ અલગ થશે અને સચિત્ત અચિત્ત સમજવામાં ભ્રમ ઉપસ્થિત થશે. અતઃ વૃક્ષોના ઉપરી વિભાગ વિશેષ એવો અર્થ સૂચિત કરવામાં આવ્યો છે. ઊંડાણથી વિચાર કરતાં જણાય છે કે આ સૂત્રમાં **ણ્ણત્થ** થી લઈ કેટલાક શબ્દ અપ્રાસંગિક જોડાઈ ગયા છે, પ્રક્ષિપ્ત થઈ ગયા છે. એવો સ્વીકાર કરવાથી સૂત્રનો સીધો અને સ્પષ્ટ અર્થ થઈ જાય છે કે અગ્રબીજ આદિ વનસ્પતિઓ પણ અપ્રાસુક અને અનેષણીય હોય તો ગ્રહણ ન કરવી જોઈએ. એ જ સમીચીન સમાધાન પ્રસંગાનુકૂલ થાય છે.

**પ્ર.૧૯ : શું કુંભીપક્વ ફળ અચિત્ત હોય છે ?**

**જવાબ :** આ અધ્યયનના આઠમા ઉદ્દેશકમાં અનેક પ્રકારના કુંભીપક્વ ફળોના નામ કહીને, કુંભીપક્વ વિશેષણ લગાવી, તે ફળોને અનેષણીય અપ્રાસુક કહ્યા છે. તેની ટીકામાં આચાર્ય શીલાંકે કુંભીપક્વ ફળોને પકાવવાની વિધિ બતાવીને કહ્યું છે કે આ પ્રકારે ધુમાડા અને તાપથી ફળનો દળ ભાગ પાકે છે, પરંતુ તે ફળ યા તેના બીજ અચિત્ત નથી થઈ જતા. અતઃ એ કુંભીપક્વ ફળ અપ્રાસુક અનેષણીય રહે છે.





**પ્ર.૨૦ : પરઠવા યોગ્ય આહારની પરઠવાની શું વિધિ હોય છે ?**

**જવાબ :** પરઠવા યોગ્ય આહાર અનેક પ્રકારના હોય છે. જેમ કે– સચિત્ત, રસચલિત્ત, ત્રસ જીવ મિશ્રિત, શસ્ત્ર પરિણતની અપેક્ષા મિશ્ર(સચિત્ત), નિર્દોષ અચિત્ત પણ અતિમાત્રામાં આવેલ હોય, શય્યાતરપિંડ, આધાકર્મી આદિ વિશેષ દોષયુક્ત, વિષયુક્ત, અખાદ્ય પદાર્થ મિશ્રિત, શય્યાતરપિંડ, પ્રત્યાખ્યાનવાળા પદાર્થ અને લીલ-ફૂગ યુક્ત પદાર્થ.

(૧) વિષ યુક્ત યા રોગ ઉત્પન્ન કરનારા પદાર્થ અચિત્ત હોય તો ધૂળ, રેતી યા રાખ આદિ અચિત્ત પદાર્થમાં ભેળવીને પરઠવા અને ઉપરથી પણ રાખ, રેતી આદિથી ઢાંકી દેવામાં આવે છે. (૨) સચિત્ત, રસચલિત, લીલ-ફૂગથી યુક્ત પદાર્થને રેતી રાખ આદિ કોઈમાં પણ ભેળવવામાં આવતા નથી પરંતુ આ પદાર્થોના જીવોની વિરાધનાનો અધિકતમ બચાવ સંભવ હોય તેવી રીતે પોલાણવાળા સ્થાનોમાં, જેમ કે પથ્થર ખંડેરના ઢગલા, અન્ય કોઈ પણ પ્રકારના ઢગલા કે જેમાં વચ્ચે વચ્ચે જગ્યા હોય, કાંટાની વાડમાં, ઈત્યાદિ સ્થળોમાં વિવેકથી પરઠી શકાય છે. (૩) ત્રસ જીવ મિશ્રિત ખાદ્યપદાર્થ એકાંત સ્થળ માં યા દિવાલની પાસે પરઠવામાં આવે છે. જેથી જીવો પર કોઈનો પગ ન આવે. તે જીવ દિવાલના સહારે સુરક્ષિત બેસી શકે, જઈ શકે અને તેને છાંયો પણ મળી શકે. તડકામાં યા શીઘ્ર તડકો આવે તેમ હોય તો એવી જગ્યામાં ત્રસ જીવો યુક્ત પદાર્થ પરઠવામાં આવતા નથી. જે ખાદ્યપદાર્થમાંથી ત્રસ જીવ કાઢીને સાફ થઈ શકતા હોય, તે પરઠવામાં આવતા નથી. જે પદાર્થ ત્રસ જીવો પડવાથી અને મરી જવાથી અખાદ્ય જેવા થઈ ગયા હોય તો તે વિવેકપૂર્વક પરઠી દેવામાં આવે છે. (૪) અચિત્ત નિર્દોષ આહાર વધારે માત્રામાં હોવાથી એકાંતમાં ખુલ્લી જગ્યામાં કંઈક ઊંચાઈવાળી જગ્યામાં પરઠી દેવામાં આવે છે. (૫) અચિત્ત સદોષ ખાદ્ય પદાર્થ આવાગમનના માર્ગથી અતિ દૂર એકાંતમાં ખુલ્લામાં પરઠી દેવામાં આવે છે.

અચિત્ત ખાદ્યપદાર્થોને પરઠવામાં ભાષ્યકારોએ અનેક વિકલ્પોથી અનેક વિધિઓ, સંકેત આદિ બતાવ્યા છે. જેનો હેતુ એ છે કે તેનો ઉપયોગ પશુ પક્ષી કરી શકે અને ક્યારેક કોઈ માનવ પણ કરી શકે ઈત્યાદિ વિશેષ અનુભવ કે પરિશીલન આવશ્યક સૂત્રના ભાષ્ય(વ્યાખ્યા)થી કરવો જોઈએ.

પરઠવાના સમયે લોકોની દષ્ટિ ન પડે, આવાગમન ન હોય, ધર્મની કે ખુદ સાધુની હીલના નિંદા ન થાય, તેનો પૂર્ણ વિવેક રાખવો જોઈએ. પરઠવાનું કાર્ય અનુભવશીલ વિવેકી સાધુએ જ કરવું, આ વાતનો વિવેક રાખવો જોઈએ. સકારણ આહાર પરઠવા અંગે પ્રાયશ્ચિત્ત આગમમાં નથી પરંતુ વિરાધના અને દીર્ઘ દષ્ટિકોણથી સમાચારીમાં જે પ્રાયશ્ચિત્ત વિધાન હોય તે ગુઢ આજ્ઞાથી

નિર્જરાર્થ ગ્રહણ કરી લેવું જોઇએ. સચિત્ત અને દોષયુક્ત આહારનું મુખ્ય પ્રાયશ્ચિત્ત તો ગવેષણા કરનારને આવે છે. પરઠવાવાળાને વ્યવહારિક અને સામાચારિક પ્રાયશ્ચિત્ત યથાલઘુષ્ક(અલ્પતમ) આવે છે.

સચિત્ત પાણી કે ત્રસ જીવ યુક્ત પાણી હોય તો જલીય સ્થાનોની નજીક જઇ તેની બહાર યોગ્ય ભીની જગ્યા હોય તો ત્યાં પરઠી દેવામાં આવે છે. ત્યાર પછી તે પાણી આગળ પાણીમાં પહોંચી જાય અથવા એવી જગ્યા બહાર ન હોય, કિનારો પૂર્ણ સૂકો હોય તો પાણીમાં વિવેકથી પરઠી દેવામાં આવે છે. પરઠનાર સાધુ અપ્કાયની વિરાધના આદિ કારણે એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે. આ વિધિ પણ આવશ્યક સૂત્રની ભાષ્ય નિર્યુક્તિમાં બતાવેલ છે. શાસ્ત્રના મૂળ પાઠોમાં આહાર પરઠવાનો નિર્દેશ અનેક જગ્યાએ છે પરંતુ આહાર પરઠવાની સ્પષ્ટ વિધિ તો વ્યાખ્યાગ્રંથોમાંથી જ જાણવા મળે છે. સચિત્ત પાણી પરઠવાની વિધિ મૂળપાઠમાં આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા પાત્રૈષણા અધ્યયનમાં બતાવેલ છે. ત્યાં પણ ગૃહસ્થને ફરી પાછું આપવું કે સચિત્ત પાણીમાં સ્વયં નાંખવું આદિ વિધિનો નિર્દેશ છે.

**પ્ર.૨૧ : ઈક્ષુ–શેરડીને માટે ઉજ્ઝિતધર્મા હોવાથી કોઈ શાસ્ત્રમાં ક્યાંક તો સાધુને લેવાની મનાઈ કરી છે અને ક્યાંક લેવાનું વિધાન કર્યું છે, એવું શા માટે ?**

**જવાબ :** શેરડી પૂર્ણ પાકી જવાથી છાલ–છોતા સહિત અચિત્ત થઈ જાય છે. પર્વ ભાગને છોડી અગર છોતા સહિત ટુકડા(ગંડેરી)મળે તો છોતાની અપેક્ષા ફેંકવું વધારે ગણવામાં આવ્યું છે. તેની સાથે ત્યાં મગફળીઓ આદિના પાઠ પણ છે. જે શિંગ આદિ ફળીઓને ફોતરા સહિત શેકી અચિત્ત કરવામાં આવી હોય, તે ફળીઓમાં ફેંકવું વધારે હોવાથી આ ફળીઓ અને શેરડીને આ અધ્યયનના દશમા ઉદ્દેશકમાં અગ્રાહ્ય કહેવામાં આવી છે. ત્યાર પછી સાતમા અધ્યયનમાં ઈક્ષુ ગ્રહણ સંબંધી સાવધાની અને વિધાન છે, ત્યાં ફેંકવાને યોગ્ય છાલ રહિત શેરડીનું કથન છે, એ પ્રમાણે સમજવું. રસ ચૂસી લીધા પછી કૂચા ફેંકવા પડે તેને ત્યાં નગણ્ય કરી દેવામાં આવેલ છે. ફળીઓ શેકી હોય અને ઉપરના વિશેષ ફેંકવાને યોગ્ય છોતરા નિકળી ગયા હોય તો ગ્રાહ્ય છે.

**પ્ર.૨૨ : શું સાધુ સચિત્ત મીઠું ખાઈ શકે છે ?**

**જવાબ :** જે પ્રકારે સચિત્ત પાણી આવી જવાથી ગૃહસ્થને પાછું દઈ દેવામાં આવે છે અથવા પરઠવામાં આવે છે, એ જ પ્રકારે સચિત્ત ખાદ્યપદાર્થ ભૂલથી આવી ગયા બાદ અલ્પ સમયમાં જાણ થઈ જવાથી ગૃહસ્થને પાછું આપવામાં આવે છે, ગૃહસ્થ લેવા ન ઇચ્છે અથવા સાધુ અધિક દૂર ચાલ્યા ગયા હોય તો પરઠી દેવામાં આવે છે.





આ અધ્યયનના દશમા ઉદ્દેશકમાં કહ્યું છે કે કોઇ સચિત્ત નમકનું નિમંત્રણ કરે તો તેને અનેષણીય અપ્રાસુક સમજીને છોડી દેવું જોઇએ. અગર કોઇએ દળેલી સાકરની જગ્યાએ પીસેલું અચિત્ત મીઠું દઇ દીધું હોય તો એવી ભૂલ થઇ ગયા પછી અન્ય ઘરોમાં ગોચરી કરતાં જ્યારે ધ્યાનમાં આવે ત્યારે તેના ઘેર પાછા જઇને પૂછવું કે મીઠું(અચિત્ત) તમે જાણીને આપ્યું છે કે અજાણતા આપ્યું છે ? તેનાથી સ્પષ્ટ થઇ જાય છે કે સચિત્ત મીઠું જાણીને નિમંત્રણનો વિષય જુદો છે અને આ તો ભૂલથી ગ્રહણ કરવાનો પ્રસંગ જુદો છે. સચિત્ત વસ્તુ ભૂલથી કે જાણતાં ગ્રહણ થઇ હોય તોપણ તેને પરઠવાનું શાસ્ત્રમાં વિધાન છે. અતઃ અચિત્ત મીઠું જ ભૂલથી સાકરની જગ્યાએ ગ્રહણ થયું હોય એવું અહીં સમજવું જોઇએ. સૂત્રોનો અર્થ પરમાર્થ આગમ સાપેક્ષ હોય તેને જ ગ્રહણ કરવો જોઇએ. આગમ વિપરીત તાત્પર્ય કાઢવાનો પ્રયત્ન ન કરવો જોઇએ.

**પ્ર.૨૩ : મદ્ય અને માંસના આહારને નરકનું કારણ કહ્યું છે. તોપણ શાસ્ત્રમાં અનેક સ્થાને સાધુને માટે એવા વિષયના પાઠ કેમ આવે છે ?**

**જવાબ :** દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે સાધુનો આહાર મદ્ય, માંસ અને મત્સ્યથી રહિત હોય છે અને તે શ્રમણ વારંવાર વિગયોનો પણ ત્યાગ કરીને લુખો આહાર કરે છે. ઠાણાંગ સૂત્રમાં માંસાહાર અને મદ્યપાનને નરકાયુ બંધનાં કારણ કહેવામાં આવ્યાં છે. તેનું સેવન જૈન સાધુ તો શું જૈન શ્રાવક પણ કરતા નથી. જે ગોચરીના કુળ કહેવાયાં છે, તેમાં પણ બે શબ્દ વિશેષણરૂપ છે– અજુગુપ્સિત અને અગર્હિત. અગર્હિતનો અર્થ છે અનિંદિત, પ્રતિષ્ઠિત. જ્યાં માંસાહાર કરવામાં આવે છે, પકાવવામાં આવે છે, તે લોકમાં જુગુપ્સિત કુળ ન હોય તોપણ નિંદિત–ગર્હિત કુળ ગણાય છે. જેથી માંસાહારી ઘરોમાં ગોચરી જવું પણ વર્જિત છે. અતઃ સાધુની ગોચરી સંબંધી યા આહાર સંબંધી પાઠોમાં માંસ વિષયક પાઠ હોવા ઉપયુક્ત નથી. જે પાઠ ઉપલબ્ધ છે, તેમાં લેખનકાળમાં થયેલી વિકૃતિનો કે દુર્માનસનો પ્રભાવ થયો છે, તેમ સમજવું જોઇએ. આ બાબતોનું સંશોધન-સંપાદન થવું આવશ્યક હોવા છતાં પણ જૈન વિદ્વાનોની એકાંગી દૃષ્ટિના કારણે, ***'એ પાઠ પ્રક્ષિપ્ત છે'*** એવું માનવા છતાં પણ ઉપેક્ષા કરવામાં આવે છે તથા કોઇ કોઇ આચાર્ય શબ્દકોષોનું આલંબન લઇ વનસ્પતિપરક અર્થ પણ કરે છે.

આચારાંગ સૂત્રમાં એવા આપત્તિજનક પાઠ ચાર જગ્યાએ છે. જે સાધુની ગોચરી સાથે સંબંધ રાખે છે. જેમ કે આ અધ્યયનના ચોથા, આઠમા, નવમા અને દસમા ઉદ્દેશકમાં સાધ્વાચારના પ્રકરણમાં અને સાધુની ગોચરી જવાના ઘરોના પ્રસંગમાં માંસાહારનું કથન શાસ્ત્ર સંગત થઇ શકતું નથી.

ભગવતી સૂત્રમાં સ્વયં ભગવાન મહાવીરના પ્રકરણમાં, નિશીથ સૂત્રમાં અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રમાં એવા આપત્તિજનક માંસ મદ્ય સંબંધી વિધાયક પાઠ છે. શ્રમણોના સંમેલનમાં પણ આ નિર્ણય લેવાયો છે કે– આચારાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર આદિ સૂત્રમાં જિનવાણી વિપરીત પાઠ છે, જે ગણધર રચિત નથી અને એવા માંસ, મદ્યના પાઠ પ્રરૂપણા કરવા યોગ્ય નથી.

તાત્પર્ય એ થયું કે આ પાઠ ગણધર રચિત જિનવાણી નથી, તો પછી પ્રક્ષિપ્ત જ છે; એવું સીધું જ સમજવું જોઈએ. પ્રક્ષિપ્ત છે એવું જાણી અને માનીને પણ તે પાઠોને શાસ્ત્રમાં રાખવા અને વનસ્પતિપરક અર્થ પણ કરવા અથવા તેના અર્થ જ ન કરવા, આ સુવિચારકતા નથી. ખરેખર જૈન શાસ્ત્રોમાં સાધુને માટે માંસ મદ્યનું વિધાન હોઈ શકે જ નહીં. કારણ કે ઠાણાંગ સૂત્રમાં એમને નરકનું સ્પષ્ટ કારણ કહ્યું છે. તો પછી સાધુ જીવનની ગોચરી સાથે તેનો સંબંધ કિંચિત્ પણ હોઈ શકતો નથી તથા માંસ ભક્ષણની પ્રરૂપણા પ્રેરણા કરનારા સૂર્ય પ્રજ્ઞપ્તિના પાઠો તો અત્યંત નિકૃષ્ટ દરજ્જાના છે. એ બધા પાઠ સંશોધનની આવશ્કતાવાળા છે કારણ કે તેને જિનવાણી માનવામાં આવતી નથી. તેમ છતાં તેને આગમ પાઠમાં રાખવામાં આવે છે, તેને વિદ્વાન સંપાદકોની આગમ સંપાદન સંબંધી કર્તવ્યનિષ્ઠતા કહી શકાતી નથી.

અતઃ સાર એમ સમજવાનો છે કે મદ્યમાંસનો આહાર શ્રાવકોને પણ યોગ્ય નથી. મદ્યમાંસનો આહાર ખાવાવાળા ઘરોમાં ગોચરી પણ નથી જઈ શકાતું. કારણ કે તે નિંદિત કુળ ગણવામાં આવે છે. માટે એવા અશુદ્ધ આહાર સંબંધી શાસ્ત્રના પાઠ મધ્યકાલમાં આવેલી વિકૃતિનું કારણ છે. તેનું યોગ્ય સંશોધન-સંપાદન થવાની આવશ્યકતા છે. કથા વર્ણનમાં, સાધુ યા શ્રાવક સિવાયની વ્યક્તિઓનાં વર્ણનમાં, એવો પાઠ હોય તો સમજદારો માટે ચર્ચાનો વિષય બનતો નથી. જેમ કે જ્ઞાતાસૂત્રની કથાઓ કે દુઃખવિપાક સૂત્રની પ્રત્યેક કથાઓ. કથાઓના વર્ણન સાધુ શ્રાવક અવસ્થાથી ભિન્ન છે. તે વર્ણનથી ધર્મના સિદ્ધાંતો પર ઘા લાગતો નથી પરંતુ આચારાંગ કે નિશીથ સૂત્રના વિધિસૂચક પાઠ સીધા સાધ્વાચારથી સંબંધિત છે. ભગવતી સૂત્રનો પાઠ સીધો કેવલી તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી સાથે સંબંધ રાખે છે અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રનો પાઠ તો માંસ ભક્ષણની પ્રરૂપણા કે પ્રેરણા કરનારો છે. આ પાઠોનું યોગ્ય સંપાદન ન કરનારા સંપાદકો, પ્રકાશકો જિનવાણીના મહાન અપરાધી થાય છે. શાસન સેવાને બદલે કુસેવા કરે છે. દુર્બુદ્ધિથી પ્રક્ષેપ કરી અનંત સંસાર વધારનારાઓના સહાયક અને અનુમોદક થાય છે.

સાચા અર્થમાં તે સંપાદક ગણધરોને બદનામ કરે છે કે તેઓને ભાષા વિવેક કે વચન પ્રયોગનો વિવેક પણ ન હતો કે જે મદ્ય-માંસ શબ્દોના પ્રયોગથી





નરકાયુ બંધનો વિષય કહ્યો છે તે જ મદ્ય-માંસ શબ્દથી સાધુની ગોચરી અને ભગવાન મહાવીરના ઔષધ વિષયને પણ કહી દીધો અને એ જ શબ્દોથી યાત્રા કરવાની સફળતા અને કાર્યોની સિદ્ધિ થાય તે પણ બતાવી દીધું. ખરેખર એવા પાઠોને છાપવાવાળા સ્પષ્ટ જ તીર્થંકરો, ગણધરો અને જિનશાસનની મહાન આશાતના કરવાના ભાગી થાય છે અને ભવિષ્યમાં જૈનાગમોની ઘોર નિંદા કરાવવાને પાત્ર થાય છે; જોકે ખરેખર એવી રચના તીર્થંકરો, ગણધરોની છે જ નહિ.

જૈનધર્મનો એક સાચો શ્રાવક પણ અનાર્ય લોકોના માંસાહારને સહન નથી કરી શકતો. માંસાહારની વાત સાંભળવાનું પણ પસંદ નથી કરી શકતો, ત્યાં સૂત્ર છપાવનારા પોતાના જ શાસ્ત્રોમાં માંસની પ્રરૂપણા-પ્રેરણા કરનારા મૂળપાઠને છપાવી પોતાને ભગવાનના અને જિનશાસનના મહાન ઈમાનદાર અને વફાદાર હોવાનો સંતોષ લે છે. એવા પાઠોનું સંશોધન કરવું પણ અનંત સંસાર વધારનાર માને છે, આ ચોક્કસ સમજભ્રમ છે.

જેમ પોતાના શરીરનું કોઈ અંગ વિકૃત થઈ ગયુ હોય અને ખ્યાલમાં આવી ગયું હોય તો તેને ઓપરેશન દ્વારા નિકાલ કરાય છે, તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. એવી જ રીતે ઉપર ચર્ચિત જિનાગમની પ્રરૂપણાથી વિપરીત પાઠ, ગણધરોની રચના નથી એવું સ્વીકાર કરી લીધા પછી પણ તે પાઠોને જેમ છે તેમજ છપાવવો તે કોઈ પણ પ્રકારની સમજદારી કે બુદ્ધિમાની નથી પરંતુ જિનવાણીની ઉપેક્ષા જ કહેવાય છે.

**પ્ર.૨૪ : સાત પિંડેષણાઓનો તાત્પર્યાર્થ શું છે ? તેમાં શું વિશેષતા છે ?**

**જવાબ :** ગોચરીના આહાર આદિથી સંબંધિત સાત પ્રકારના અભિગ્રહોને અહીં સાત પિંડેષણાની સંજ્ઞાથી સૂચિત કરેલ છે. જેનો ભાવાર્થ આ પ્રકારે છે– (૧) દાતાનો હાથ કે પાત્ર કોઈ પણ પદાર્થથી લિપ્ત ન હોય, તેમના પાસેથી ભિક્ષા ગ્રહણ કરવી, અન્યથા ન લેવું. ગોચરી દીધા પછી દાતાને પાણીની વિરાધના ન કરવી પડે, હાથ વગેરે ધોવા ન પડે, તેવો વિવેક રાખી લેવું. (૨) કોઈ પણ ખાદ્યપદાર્થથી હાથ આદિ લિપ્ત હોય, ખરડાયેલા હોય તો તેની પાસેથી ભિક્ષા લેવી, અન્યથા ન લેવી. (૩) જે વાસણોમાં આહાર બનાવેલો હોય યા બનાવીને વ્યવસ્થિત રાખેલો હોય તેમાંથી સીધો દેવામાં આવે, તો લેવો અન્યથા ન લેવો (૪) દાળીયા, ચણા, ખાખરા આદિ જે પદાર્થોથી પાત્રમાં કોઈ લેપ ન લાગે એવા ખાદ્યપદાર્થ મળે તો લેવા અન્યથા ન લેવા. (૫) ભોજન જે મૂળ વાસણોમાંથી અન્ય વાસણમાં પીરસવા આદિ કોઈ પ્રયોજનથી રાખ્યો હોય, ક્યાંક લઈ જવાને માટે ટીફીન આદિમાં કે અન્ય નાના વાસણમાં નાંખેલો હોય એવું મળે તો લેવું અન્યથા ન લેવું (૬) હાથમાં યા થાળીમાં પોતાને યા અન્યને

માટે પીરસાઈ ગયેલું હોય, ખાવાને માટે લઈ લીધું હોય તે આહારમાંથી અગર મળે તો લેવું, ન મળે તો ન લેવું. (૭) દાઝી ગયેલ, વધેલ-ઘટેલ, દેખીને જ જેને સામાન્ય માણસ લેવા કે ખાવા ન ઈચ્છે એવો અમનોજ્ઞ, ફેંકવા જેવો આહાર અગર મળે, કોઈ દાતા દેવા ઈચ્છે તો લેવો અન્યથા સારો મનોજ્ઞ આહાર ન લેવો.

અંતે આ સર્વ પડિમાઓના સાધકોને શિક્ષા દેવામાં આવી છે કે કોઈ પણ સાધક કોઈ પણ પડિમા(અભિગ્રહ) પોતાની ક્ષમતા અનુસાર ધારણ કરે. પરંતુ પોતાને શ્રેષ્ઠ યા ઊંચા અને બીજાને હલકા કે નિમ્ન સમજવાનો પ્રયત્ન કરે નહીં પરંતુ જે સાધકને જેમાં સમાધિ અને ઉત્સાહ વધે તે પ્રકારનો અભિગ્રહ તેઓ ધારણ કરે છે તોપણ અમે બધા ય જિનાજ્ઞા અનુસાર અને પોતપોતાની સમાધિ ભાવ અનુસાર કરીએ છીએ, એવું સમજે, માને. પોતાનો ઉત્કર્ષ અને અન્યનો અપકર્ષ કરવાનો અહીં મૂળપાઠમાં સર્વથા નિષેધ કર્યો છે.

# અધ્યયન–૨ : શય્યૈષણા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે અને તેમાં શું વિષય છે ?**

**જવાબ :** આ અધ્યયનના ત્રણ ઉદ્દેશક છે. તે ત્રણેમાં મકાન, પાટ, સંસ્તારક, ઘાસ સંબંધી વિધિ-નિષેધનું વર્ણન છે. સંયમને અયોગ્ય મકાનોનું અને તેનાથી થતા દોષોનું તેમજ નિર્દોષ, યોગ્ય મકાનનું વિશેષ કરીને વિવેચન છે.

**પ્ર.૨ : સાધુએ કેવા મકાનમાં રહેવું ન જોઈએ ?**

**જવાબ :** જે મકાન સાધુ-સાધ્વી માટે જ બનાવ્યું હોય, સાધુ માટે ખરીદ્યું હોય, મિશ્ર દોષવાળું હોય, સાધુ માટે સુધારા-વધારા કર્યા હોય, સફાઈ કરી હોય, સચિત્ત-અચિત્ત સામાન ઉપાડી બીજે ક્યાંય મૂક્યો હોય, ગૃહસ્થ પરિવાર રહેતા હોય તેવું મકાન હોય, અતિ નીચું મકાન કે ઝુંપડી હોય, કીડી વગેરે ત્રસજીવોથી વ્યાપ્ત હોય, પૃથ્વી, પાણી, ઝાકળ, પાંચ પ્રકારની ફૂગ, ઘાસ, બીજ, મકોડા વગેરે જીવોથી વ્યાપ્ત હોય એવા મકાનમાં સાધુએ રહેવું ન જોઈએ. એકાંત, નિર્દોષ, સ્વતંત્ર, શાંત, શૂન્ય–જનાકૂલતા રહિત સ્થાનમાં સાધુએ રહેવું જોઈએ.

**પ્ર.૩ : ઉપરોક્ત મકાનમાં શું સાધુ એકાંતે ન જ રહી શકે ?**

**જવાબ :** સાધુના નિમિત્તે બનાવેલ આધાકર્મી, ઔદ્દેશિક અને મિશ્રજાત મકાનો કે જેનું નિર્માણ સાધુ માટે જ થયું હોય તેવા મકાનમાં એકાંતરૂપે સાધુ ક્યારે ય





રહી ન શકે. તે સિવાયના સુધારેલા, સંસ્કારેલા, સફાઈ કરેલા વગેરે દોષવાળા મકાનનો ઉપયોગ ગૃહસ્થે એક વાર કરી લીધો હોય અથવા તે સુધારો વગેરે કર્યા પછી ઘણો લાંબો સમય વ્યતીત થઈ ગયો હોય તો તે મકાનનો ઉપયોગ સાધુ કરી શકે છે. આવા મકાનનો ઉપયોગ સાધુ કેટલા સમય પછી કરી શકે છે તેનો નિર્ણય ગુઢ, જ્ઞાની, આચાર્ય, બહુશ્રુત વગેરે કરી શકે છે. સામાન્ય સાધુએ આ અધિકાર લઈને અવિવેક કે દુરુપયોગ કરવો ન જોઈએ. પરિસ્થિતિવશ ગૃહસ્થ યુક્ત મકાનમાં કે પાણી, અગ્નિ યુક્ત મકાનમાં રહેવું પડે તો એક કે બે દિવસથી વધું રહેવું ન જોઈએ. કીડીઓ વગેરે ત્રસ જીવ યુક્ત મકાનમાં રહેવું પડે તો એક અહોરાત્ર વિવેક સહિત પૂર્ણ કરી શકાય, વધુ સમય તેવા મકાનમાં રહી ન શકાય.

**પ્ર.૪ : ગૃહસ્થ સંયુક્ત મકાનોના સંભવિત દોષો શું છે ?**

**જવાબ :** (૧) સાધુને અશાતા, રોગ થાય તો તે જોઈને અનુકંપાથી તે ગૃહસ્થ અનેક પ્રકારે સેવા કરશે (૨) ગૃહસ્થ પરસ્પર ઝગડે, બોલબોલ કરે તો તે સાંભળી સાધુના મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ઊઠશે (૩) ગૃહસ્થના રત્ન, આભૂષણ, અલંકૃત સ્ત્રીઓ, બાળકોને જોઈ મનમાં સંકલ્પ-વિકલ્પ, મોહભાવ ઉત્તેજિત થશે (૪) ગૃહસ્થ સ્ત્રી સંતાન પ્રાપ્તિ અર્થે અબ્રહ્મ સેવન માટે આમંત્રણ પણ આપે (૫) સાધુની ઉપસ્થિતિમાં સંકોચ અને શરમ અનુભવતાં ગૃહસ્થ પોતાના કાર્ય અનિયમિત અને આગળ-પાછળ કરે (૬) આરંભ-સમારંભ કરી સાધુ માટે આહાર વગેરે બનાવે, ગરમી-ઠંડીથી સાધુની સુરક્ષા કરે (૭) સાધુની અસાવધાનીના કારણે રાત્રે ચોર વગેરે ઘરમાં ઘૂસી જાય (૮) ઘરમાં ચોરી થઈ જાય તો સાધુ પર આક્ષેપ થઈ શકે. ચોર આવે ત્યારે સાધુ બૂમાબૂમ કરે, પકડે, તો સંયમ મર્યાદાનો ભંગ થાય છે.

**પ્ર.૫ : ગૃહસ્થ સંયુક્ત મકાનમાં રહેવાના પ્રસંગે સાધુ તથા ગૃહસ્થની વિપરીત વૃત્તિ કેવી રીતે કહી છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં કહ્યું છે કે કેટલાક ગૃહસ્થ શુચિધર્મી હોય છે અર્થાત્ શરીરની સફાઈ કે બાહ્ય પવિત્રતાની વૃત્તિવાળા હોય છે. પરંતુ ભિક્ષુ, જૈન શ્રમણ તો મેલ પરીષહને જીતનાર હોય, અસ્નાન વ્રતી હોય, આવશ્યક હોય તો યથાપ્રસંગે સ્વમૂત્રનો પ્રયોગ પણ કરે. આ કારણે પરસેવો, મેલ અને મૂત્રની ગંધ પણ આવે. ગૃહસ્થને તેનાથી અરુચિ, ઘૃણા, પ્રતિકૂળતા થાય. માટે સાધુએ ગૃહસ્થ સંયુક્ત મકાનમાં રહેવું ન જોઈએ. તે પાઠ આ પ્રમાણે છે– **गाहावई नामेगे सुइ समायारा भव ति, से भिक्खू य असिणाणए मोय समायारे भवइ, से तग्ग धे, दुग्ग धे, पडिकूले पडिलोमे यावि भवइ ।**

**પ્ર.૬ : આ અધ્યયનમાં સાધુને રહેવા યોગ્ય કયા કયા મકાનનાં નામ બતાવ્યા છે ?**

**જવાબ :** સૂત્ર કથિત દોષોથી રહિત કોઈ પણ મકાન હોય, કોઈ પણ નામ વાળા મકાન હોય, સાધુ ત્યાં રહી શકે છે. સાધુ જ્યાં રહે તેને માટે શાસ્ત્રકાર ઉપાશ્રય શબ્દનો જ પ્રયોગ કરે છે. ઉપાશ્રય અને શય્યા આ બે શબ્દ સાધુના રહેવાના મકાન માટે શાસ્ત્રમાં પ્રયુક્ત થયા છે. પરંતુ ગૃહસ્થોની અપેક્ષાએ તે નામ નિર્દેશ આ પ્રમાણે છે–

(૧) લુહારશાળા (ર) ધર્મશાળા (૩) દેવસ્થાન–મંદિર (૪) સભા ભવન(હોલ) (પ) પરબ (૬) દુકાન (૭) ગોદામ (૮) ગેરેજ(યાનગૃહ) (૯) યાનશાળા (૧૦) ચૂના આદિના કારખાના (૧૧) ઘાસ-સળી વગેરે વસ્તુ વડે ચટ્ટાઈ આદિ બનાવવાના કારખાના (૧ર) ચામડાના કારખાના (૧૩) વલ્કલના કારખાના (૧૪) કોલસાના કારખાના (૧પ) કાષ્ઠકામની સુથાર શાળા, લાકડાના કારખાના (૧૬) સ્મશાન (૧૭) શૂન્ય ગૃહ (૧૮) પર્વતની ગુફા (૧૯) શાંતિકર્મ(યજ્ઞ, હવન,જાપ વગેરે)ના સ્થાન (ર૦) પાષાણ મંડપ પથ્થરથી બનેલા સ્થાન (ર૧) અન્ય આવા ગૃહ કે ભવન (૧) વાંસની કુટીરો (ર) ઘાસની ઝૂંપડી (૩) ખંડેર (૪) બગીચો (પ) વૃક્ષ નીચે (૬) તૃણના ઢગલા નીચે (૭) પરાલ પુંજ નીચે (૮) પરિવ્રાજકોના મઠમાં.

ઉપરોક્ત ર૦ નામ આ અધ્યયનના બીજા ઉદ્દેશકના એક સૂત્રમાં જ છે અને ૭ નામ અન્યત્ર છે. આ સ્થાનોમાં જો પાણી આદિનો આરંભ થતો હોય તો તેની આજુબાજુના એકાંત રૂમમાં સાધુ રહે તેમ સમજવું અથવા તે સ્થાન કે તે નામવાળું સ્થાન જ્યારે ખાલી હોય તેવા સમયે સાધુ ત્યાં રહે, તેમ સમજવું. તાત્પર્ય એ છે કે કોઈ પણ નિર્દોષ સ્થાનમાં સાધુ રહી શકે છે. તેમાં શાસ્ત્રોક્ત અકલ્પનીયતા હોય અથવા અલ્પ અકલ્પનીય હોય તો અન્ય આગમ આજ્ઞા પ્રમાણે ક્યાંક–૧,ર રાત્રિ, ક્યાંક માસ કલ્પ, ક્યાંક ચાતુર્માસ રહી શકાય અને જ્યાં પૂર્ણ નિષેધ હોય ત્યાં સાધુએ રહેવું ન જોઈએ.

**વિશેષ નિયમ :–** આચારાંગ સૂત્રના પ્રસ્તુત અધ્યયન અને દશવૈકાલિક સૂત્રના ૮મા અધ્યયનમાં કહ્યું છે કે જે મકાન ઉચ્ચાર-પાસવણ ભૂમિ કે ઉચ્ચાર-ભૂમિથી સંયુક્ત હોય ત્યાં જ પ્રજ્ઞાવાન સાધુએ રહેવું ઉપયુક્ત છે અર્થાત્ જે મકાનની આજુબાજુમાં મળમૂત્રાદિ પરઠવાની જગ્યા હોય ત્યાં સાધુએ રહેવું જોઈએ. જ્યાં આવી વ્યવસ્થા ન હોય ત્યાં કોઈ કારણથી રહેવું પડે તો ૧–ર દિવસમાં જ ત્યાંથી અન્યત્ર વિહાર કરવો જોઈએ. આવા સ્થાનોમાં રહેવાથી સૂત્રકારે સંયમ અને શરીર સંબંધી અનેક પ્રકારની નુકસાની આ સૂત્રમાં સૂચિત કરેલ છે. મર્યાદા ભંગ અને લોકાપવાદ થવાની સંભાવના પણ રહે છે.





આગમની આ ધ્રુવ આજ્ઞાની ઉપેક્ષા સાધુ-સાધ્વીએ કોઈ સ્વાર્થ કે પરમાર્થના નામથી કરવી ન જોઈએ. શ્રાવક-શ્રાવિકાઓએ પણ ભવન, સ્થાનક નિર્માણ કાર્યમાં તેના સમાધાનને પ્રાથમિકતા આપી, વિવેક રાખવો જોઈએ, ઉપેક્ષા કરવી ન જોઈએ.

**પ્ર.૭ : શું સાધુ મકાનની કલ્પનીયતા આદિના સંબંધમાં ગૃહસ્થને સમજાવી શકે ? શું આમ કરવામાં પ્રેરણા દોષ ન લાગે ?**

**જવાબ :** આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશકના પ્રથમ સૂત્રમાં આ વાતની વિચારણા કરવામાં આવી છે. ભાષાની સંક્ષિપ્તતા વગેરે કારણોથી આ સૂત્રનો ભાવાર્થ સમજવો ક્લિષ્ટ બની ગયો છે. છતાં આ સૂત્રનો સાર એ છે કે સાધુ મકાનના સંબંધમાં સમજાવી શકે કે આ આ રીતે અનેક પ્રકારે મકાન સદોષ બની જાય છે. નિર્દોષ અને પૂર્ણ શુદ્ધ ઉપયોગી મકાન મળવું સાધુ માટે સુલભ નથી. લોકો સાધુ માટે કોઈપણ પ્રકારે સુધારો–પરિકર્મ વગેરે કરે કે મકાન બનાવે તો તે અકલ્પનીય હોય છે.

ગૃહસ્થ પાસે ઘણા મકાન હોય અને ભાઈઓ વચ્ચે વિભક્ત થયા હોય, વધારાના મકાન હોય, ખાલી પડ્યા હોય, અનુપયુક્ત થઈ ગયા હોય કે છોડી દીધા હોય અર્થાત્ ભેટ આપી દીધા હોય, તેવા મકાન સાધુને ઉપયોગી થાય છે. આ રીતે સાધુ સરળતા સાથે, મકાન સંબંધી સાધુના આચાર-વિચાર, આગમ ઉદ્દેશ્ય વગેરે ગૃહસ્થને સમજાવી શકે, મકાનની કલ્પનીયતા, અકલ્પનીયતા વગેરે સમજાવી શકે છે.

આ સૂત્રના અંતિમ વાક્યમાં પ્રશ્નની ભાષામાં કહ્યું છે કે આવી પ્રરૂપણા કરતાં સાધુ શું સમ્યક ભાષણ કરે છે ? ઉત્તરમાં કહ્યું છે કે તે સમ્યક કથન કરે છે. તેથી સાધુ ભાષા સમિતિના વિવેકથી કોઈ પણ આચાર-વિચાર, વિધિ-નિષેધ ગૃહસ્થને સમજાવી શકે છે. પણ કોઈ પણ પ્રકારે આદેશ આપી શકે નહીં તથા સાવદ્ય પ્રેરણા કરી શકે નહીં.

**પ્ર.૮ : અન્ય સંન્યાસી યુક્ત મકાનમાં રહેવું પડે તેમ હોય તો સાધુ શું કરે ?**

**જવાબ :** પરિસ્થિતિવશ અન્ય સંન્યાસી સાથે રહેવું પડે તો વિવેકપૂર્વક રહેવું જોઈએ. તેના સામાનની હેરફેર તથા તેને પ્રતિકૂળ લાગે તેવો વ્યવહાર ન કરવો. રાત્રિના અંધકારમાં આવવા-જવા સમયે તેમની કોઈ વસ્તુને સ્પર્શ ન થાય, કોઈ વસ્તુ ઠેબે ન ચડે તેવા વિવેકપૂર્વક ચાલવું, તત્સંબંધી સ્પષ્ટ વિધિ આ અધ્યયનમાં બતાવી છે. આવા વર્ણન ઉપરથી સ્પષ્ટ થાય છે કે આચાર-વ્યવહારમાં મકાન સંબંધી એકાંતિક આગ્રહ નથી. પ્રસંગવશ અન્ય મકાન ઉપલબ્ધ ન થાય તો એક દિવસ તો ગમે તે મકાનમાં વ્યતીત કરી શકાય છે.

**પ્ર.૯ : મકાન ગ્રહણ કરવાની વિધિ શું છે ?**

**જવાબ :** (૧) અનુભવ જ્ઞાનથી અથવા પૂછીને મકાન સંબંધી ઔદ્દેશિક વગેરે દોષોની જાણકારી મેળવવી. (ર) મકાનના માલિક કોણ છે તે જાણી લેવું. (૩) મકાનમાં કે મકાનની આજુબાજુ પરઠવાની જગ્યા છે કે નહીં તે જાણવું. (૪) મકાન માલિક કે જવાબદાર વ્યક્તિની તે મકાનમાં ઉતરવા માટે આજ્ઞા મેળવવી. (૫) આખું મકાન કે મકાનનો કેટલો ભાગ ઉપયોગમાં લેવાનો છે તેની સીમાનું સ્પષ્ટીકરણ કરી લેવું. (૬) ગૃહસ્થ કોઈ સૂચના આપે તો તે સાંભળી-અવધારી લેવી. (૭) કેટલા સાધુ છે અથવા કેટલા આવવાના છે ? જરૂરી હોય તો તે સ્પષ્ટીકરણ કરી લેવું. (૮) આવશ્યકતા જણાય તો ક્યાં સુધી તે મકાનમાં રહેવું છે ? તે સ્પષ્ટ કરી લેવું (૯) મકાન સામુહિક હોય તો તેમાંથી એક વ્યક્તિની આજ્ઞા લેવી અને જેની આજ્ઞા લીધી હોય તેના નામાદિ પૂછી, પરિચય કરી, તેના ઘેર ગોચરી માટે ન જવું. (૧૦) ગૃહસ્થને અપ્રીતિ કે અભાવ થાય તેવો વ્યવહાર ન કરવો. (૧૧) આગમોક્ત મર્યાદાઓનું વિવેક સાથે પાલન કરવું. (૧ર) વિહાર સમયે મકાનના ઉપકરણોને વ્યવસ્થિત ગોઠવી, મકાન માલિકને મકાન સોંપવું અથવા માલિક જે નિર્દેશ કરે તે પ્રમાણે વ્યવસ્થિત કરીને વિહાર કરવો.

**પ્ર.૧૦ : સૂત્રમાં મકાનની નવ ક્રિયાઓ કઈ બતાવી છે ?**

**જવાબ :** સદોષ-નિર્દોષ અપેક્ષિત આશય અનુસાર શય્યાના નવ વિભાગ શાસ્ત્રકારે બતાવ્યા છે. તેને **ક્રિયા** શબ્દથી ઉપલક્ષિત કર્યા છે. તેમાં કેટલાક મકાન વધુ દોષવાળા, કેટલાક ઓછા દોષવાળા અને કેટલાક મકાન નિર્દોષ છે. કેટલાક સાધુ દ્વારા સમયની કલ્પમર્યાદા ભંગ કરી રહેવા સંબંધિત છે. તે વર્ણન આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં છે. તે નવે ય ક્રિયાઓનો સાર આ પ્રમાણે છે–(૧) માસકલ્પ કે ચાતુર્માસ કલ્પ મર્યાદાનું ઉલ્લંઘન કરીને તે જ સ્થાનમાં વધુ રહે તો તે કાલાતિક્રાંત ક્રિયા કહેવાય છે. (ર) એક કલ્પકાલ રહ્યા પછી તેનાથી બમણો કાલ અન્યત્ર વીતાવ્યા વિના તે સ્થાનમાં આવીને રહે તો તે ઉપસ્થાન ક્રિયા કહેવાય છે. (૩) ગૃહસ્થે નવા મકાન બનાવ્યા હોય તે તેના ઉપયોગમાં આવ્યા પછી સાધુ ઊતરે તો તેને અભિક્રાંત ક્રિયા કહેવાય છે. (તે નિર્દોષ છે) (૪) નવા મકાનમાં સર્વ પ્રથમ સાધુ રહે તો તે અનભિક્રાંત ક્રિયા કહેવાય છે. (૫) ગૃહસ્થ પોતાનું મકાન સાધુ માટે આપી દે અને પોતા માટે નવું મકાન બનાવી લે, સાધુ તેવા મકાનમાં ઊતરે તો 'વર્જ્ય ક્રિયા' કહેવાય છે. (૬) આગંતુકો, સંન્યાસીઓ અને જૈન શ્રમણોને ગણત્રીમાં લઈને મકાન કે ધર્મશાળા બનાવી હોય તેમાં સાધુ રહે તો 'મહાવર્જ્ય' ક્રિયા કહેવાય છે. (૭) જૈન, શાક્ય, તાપસ, ગૈરિક, આજીવક વગેરે પાંચ પ્રકારના ગૃહત્યાગી શ્રમણો





માટે કોઈ મકાન કે ધર્મસ્થાન બનાવ્યું હોય તેમાં સાધુ રહે તો તે 'સાવદ્ય ક્રિયા' કહેવાય. (૮) જૈન શ્રમણો માટે જ મકાન બનાવ્યું હોય કે પરિકર્મ આરંભ-સમારંભના કાર્ય કર્યા હોય તેવા મકાનમાં સાધુ રહે તો તે મહાસાવદ્ય ક્રિયા કહેવાય છે. (૯) ગૃહસ્થે પોતાના માટે મકાન બનાવ્યું હોય તેમાં સાધુ ઊતરે તો તે અલ્પ સાવદ્ય ક્રિયા કે અસાવદ્ય ક્રિયા કહેવાય છે.

આ નવ પ્રકારની ક્રિયામાંથી ત્રીજી અને નવમી આ બે ક્રિયા કલ્પનીય છે, શેષ અકલ્પનીય છે. અહીં ક્રિયા એ શબ્દ પ્રયોગ કંઈક અંશમાં સાર્થક અને કંઈક અંશમાં રૂઢ છે.

**પ્ર.૧૧ : ઘાસ-પાટના વિષયમાં સાધુએ કેવો વિવેક રાખવો ?**

**જવાબ :** ઘાસ જીવયુક્ત ન હોય અને ઉપયોગમાં આવે તેવું હોય, તત્સંબંધી વિવેક રાખવો. પાટ ખૂબ ભારે ન હોય, સહજ રીતે એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવી શકાય તેવી હોય, સ્થળાંતર કરતાં તૂટી ન જાય તેવી હોય, હલતી કે અવાજ કરતી ન હોય, કરોળિયા વગેરેના જાળા, જીવજંતુ યુક્ત ન હોય આ બાબતો સંબંધી વિવેક રાખવો. **ઘાસ-પાટ** સંબંધી અન્યદોષોની ચર્ચા સૂત્રમાં નથી છતાં પણ યથાસંભવ ક્રીત, અભિહડ વગેરે દોષો સમજી લેવા.

તેમાં અગ્નિના, પાણીના, આરંભ-સમારંભજન્ય મહાદોષ લાગવાની સંભાવના નથી.(ઘાસ-પાટ વગેરેમાં સામાન્ય દોષ જ લાગી શકે છે.) તેથી કાલાંતરે અથવા ઉપયોગમાં આવી ગયા પછી તે ઘાસ-પાટ વગેરે કલ્પનીય બની જાય છે. આધાકર્મી, ઔદ્દેશિક વગેરે દોષ સિવાયના અન્ય દોષ યુક્ત મકાન કાલાંતરે અને પુરુષાંતર થઈ જાય ત્યારે કલ્પનીય બની જાય છે. જેમ કે કોઈ મકાનમાં વાંસ કે અન્ય પ્રકારનું છાપરું બનાવે, દિવાલ બનાવે, દિવાલ તોડી દરવાજો બનાવે વગેરે સંસ્કરણ મકાનમાં કરે તે મકાન કાલાંતરથી અથવા ગૃહસ્થ તે મકાનને ઉપયોગમાં લઈ લે પછી કલ્પનીય બની જાય છે, તેમ બતાવ્યું છે. ઘાસ-પાટ વગેરે કાયમ માટે અકલ્પનીય રહેતા નથી.

શાસ્ત્રમાં અનેક પ્રકારનાં ઘાસનાં નામ બતાવ્યાં છે તે આ પ્રમાણે છે–(૧) ઈક્કડ (ર) કઢિણ (૩) જંતૂગ (૪) પરગ (૫) મોરગ (૬) તૃણ (૭) સોરગ (૮) કુશ–દૂબ (૯) કૂર્ચક (૧૦) પિપ્પલક (૧૧) પરાલ (ચાવલ વગેરે ચાર પ્રકારના હોય છે). આ સર્વ પ્રકારના ઘાસ સૂકા અને બીજ રહિત હોય તો ગ્રહણ કરી ઉપયોગમાં લઈ શકાય અને ઉપયોગમાં ન આવતા હોય ત્યારે પાછા પણ આપી શકાય છે.

**પ્ર.૧ર : આ અધ્યયનમાં સૂવાની વિધિ માટે શું કથન છે ?**

**જવાબ :** નાના, મોટા, બીમાર, મહેમાન સાધુ વગેરેના વિવેક સાથે યથાયોગ્ય

પોતાનું સૂવાના સ્થાનનું સૂર્યાસ્ત પહેલા પ્રતિલેખન, પ્રમાર્જન કરી લેવું જોઈએ. સૂવાના સમયે તે સ્થાનનું પુનઃ પ્રમાર્જન કરી સૂવાના આસનને પાથરવું જોઈએ અને તે આસનને પોંજી, શરીરને પોંજી આસન ઉપર બેસવું જોઈએ. પછી ઈરિયાવહીનો કાયોત્સર્ગ, આત્મજાગરણ વગેરે કરી યતનાપૂર્વક સૂવું જોઈએ. સૂતા સમયે અન્ય સાધુનો સ્પર્શ–આશાતના ન થાય તેનો વિવેક રાખવો જોઈએ. બગાસુ, છીંક, વાયુનિસર્ગ સમયે હાથથી યતના કરવાનો વિવેક રાખવો જોઈએ. સમ-વિષમ, અનુકૂળ-પ્રતિકૂળ, મનોજ્ઞ-અમનોજ્ઞ મકાનમાં સમભાવ પૂર્વક સમય વ્યતીત કરવો પરંતુ ગ્લાનિ, દુઃખના ભાવ થવા ન દેવા, તેમ જ્ઞાની પુઢષોએ કહ્યું છે.

**પ્ર.૧૩ : શું સાધુ ઉપરના માળે રહી શકે ?**

**જવાબ :** સૂત્રમાં 'અંતરિક્ષજાત' વિશેષણ મકાન સાથે લગાવેલ છે. આકાશમાં ઊંચા મકાનમાં ન રહેવું તેવો તેનો અર્થ થાય. પગ લપસી જવો, નીચે પડી જવું, કપડા, પાત્ર વગેરે ઊડી જાય, પડી જાય વગેરે દોષો ઉપર રહેવામાં સૂત્રકારે બતાવ્યા છે. અહીં અંતરિક્ષજાત શબ્દનો અર્થ– ચારે બાજુથી ખુલ્લા, દિવાલ, પાળીથી અસુરક્ષિત અર્થાત્ જે સ્થાનમાં સહજરૂપે પડી જવાની શક્યતા હોય તેવા સ્થાનની અપેક્ષાએ સમજવા જોઈએ. પૂર્ણ સુરક્ષિત ઉપરના માળે રહેવાની સાધુને મનાઈ નથી. સુરક્ષિત સ્થાનોમાં વસ્ત્ર-પાત્ર પણ ઊંચે મૂકી શકાય. ઉપલક્ષણથી જ્યાં વસ્ત્રની ઊડવા-પડવાની સંભાવના ન હોય તેવી રીતે દોરી બાંધી વસ્ત્ર સૂકવી શકાય. વસ્ત્ર જરાતરા હલે તો તેમાં સાધ્વાચારનો દોષ નથી. ગોચરી, વિહાર સમયે પહેરેલ પછેડી વગેરે વસ્ત્ર સહેજસાજ હલતા હોય તેટલા હલે તો તે સાધ્વાચાર વિઢદ્ધ વર્તન ન કહેવાય.

**પ્ર.૧૪ : આ અધ્યયનમાં આવેલ दुगुणातिगुणेण  નો અર્થ શું છે અને શુદ્ધપાઠ શું છે ?**

**જવાબ : दुगुणातिगुणेण** – શેષકાળ કે માસકલ્પથી બમણા અને ચોમાસી કલ્પ પછી ત્રણગુણો કાળ અન્યત્ર વિતાવ્યા વિના તે સ્થાનમાં આવી રહેવું નહીં. દશવૈકાલિક સૂત્રની **विवित्तचर्या** નામની ચૂલિકામાં કહ્યું છે કે **स वच्छर वावि पर  पमाण , बीय  च वास  ण तहिं वसेज्जा**– જે સ્થાનમાં પૂર્વે રહ્યા હોય તે સ્થાનમાં ઉત્કૃષ્ટ એક વર્ષ સુધી પુનઃ આવે નહીં. આ પાઠથી તે અર્થને પુષ્ટિ મળે છે કે ચાતુર્માસ પછી એક વરસ સુધી ત્યાં આવી ન શકાય, રહી ન શકાય, તેથી ચોમાસા પછી ત્રણગુણો કાળ અન્યત્ર વિતાવવાની વાત સિદ્ધ થઈ જાય છે.

આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, આ બંને સૂત્રની વ્યાખ્યાઓ દ્વારા





**दुगुणा  तिगुणेण** આ પાઠનો અર્થ સ્પષ્ટ હોવા છતાં અર્થ પરંપરા માટે જુદી-જુદી કલ્પના કરવામાં આવે છે, તે ભ્રમજન્ય છે. તેથી જ ચાતુર્માસ બાદ તે જ ક્ષેત્રમાં તે જ આઠ મહિનામાં શેષકાળમાં નિવાસ કરવામાં આવે છે. જે આગમના મૂળપાઠ અને આગમના આશયને અનુકૂળ નથી. લાંબા સમય સુધી જનસંપર્ક રહ્યો હોય ત્યાં કેટલાક સમય સુધી સંપર્ક તૂટવો અતિ આવશ્યક છે. તેથી જ માસકલ્પ પછી બે માસ કલ્પ અને ચાતુર્માસના ચાર મહિનાના જનસંપર્ક પછી બાર મહિના સુધી તે ક્ષેત્રમાં આવવાનો શાસ્ત્ર પાઠમાં નિષેધ કરેલ છે.

## અધ્યયન–૩ : ઈર્યા

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? તેમાં કેટલા ઉદ્દેશક છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **ઈર્યા** છે અને 'ઈર્યાખ્ય' નામે પણ પ્રખ્યાત છે. પિંડૈષણા, શય્યૈષણાના લયમાં 'ઈરિયૈષણા' પણ લખાય છે. તે પ્રવાહ માત્રથી સમજવું, નામાનુસાર આ અધ્યયનમાં ઈર્યાસમિતિ સંબંધી વર્ણન છે. તેમાં વિહાર, ચાતુર્માસ, નૌકાવિહાર, પથિક સાથે વાતચીત કરવી વગેરે વિષયમાં વિવેક બતાવ્યો છે. આ અધ્યયનના ત્રણ ઉદ્દેશક છે.

**પ્ર.ર : ક્યારે અને ક્યાં ચાતુર્માસ કરવું ?**

**જવાબ :** વરસાદના કારણે ઘણા જીવોની ઉત્પત્તિ થાય, ઘણા અંકુરા ફૂટી નીકળે, રસ્તો ચાલવા યોગ્ય ન રહે, ત્યારે વિહાર ન કરતાં ચાતુર્માસ માટે રહી જવું. જે ગામમાં રહેવાની અને સ્વાધ્યાય કરવાની જગ્યા હોય, શૌચ માટે બહાર જવાની કે પરઠવાની વ્યવસ્થા હોય, પાટ વગેરે આવશ્યક ઉપકરણો ઉપલબ્ધ હોય, નિર્દોષ આહાર, પાણી, ગોચરી સુલભ હોય, ભિખારીઓ વધુ ન હોય, રસ્તા લોકોની ભીડથી વ્યાપ્ત ન હોય, ચાલવા માટે રસ્તા સહજરૂપે મળી જતા હોય, તેવા સ્થાનમાં ચાતુર્માસ રહેવું જોઈએ. ચાતુર્માસ પછી જ્યારે રસ્તા સાફ થઈ જાય ત્યારે વિહાર કરવો જોઈએ.

**પ્ર.૩ : રસ્તામાં ચાલતાં-ચાલતાં તથા વિહારમાં સાધુએ કેવો વિવેક રાખવો જોઈએ ?**

**જવાબ :** (૧) રસ્તામાં કીડી વગેરે ઘણાં ત્રસ જીવો હોય તો તે પગ નીચે દબાઈ ન જાય તેમ પેની ઊંચી રાખી, ત્રાંસા પગ મૂકી, જીવોને બચાવતાં ચાલવું. (ર) જો પહેલેથી ખ્યાલ આવી જાય કે આ રસ્તામાં જીવ જંતુ, લીલું

ઘાસ, લીલ-ફૂગ કે પાણી,નદી-નાળા વગેરે આવે છે એવી જાણ થતાં જો બીજો રસ્તો હોય તો તે સીધો રસ્તો છોડી દેવો જોઈએ. ઘણા સાધુ ટૂંકા રસ્તા પસંદ કરે છે અને પછી રસ્તામાં બહુ જીવોની વિરાધના થાય છે, ચાલવામાં તકલીફ પણ થાય છે. સાધુએ લાંબો હોય તોપણ જીવ રહિત માર્ગ જ પસંદ કરવો જોઈએ. (૩) વાતો કરતાં-કરતાં રસ્તામાં ન ચાલવું. (૪) રસ્તામાં અનાર્યલોકો હોય, સેનાનો પડાવ હોય, બે રાજ્યો વચ્ચે વિરોધ હોય, લાંબુ જંગલ હોય તો અન્ય રસ્તો શોધી તે માર્ગે જવું પરંતુ આપત્તિજનક રસ્તે ન ચાલવું. (૫) દીક્ષા જ્યેષ્ઠ સાધુ કે ગુઢ, આચાર્ય વગેરે સાથે ચાલતાં વિનય-વિવેક રાખવો. વડીલોને હાથ-પગનો સંસ્પર્શ ન થઈ જાય તેનો ખ્યાલ રાખી ચાલવું. રસ્તામાં, તમે કોણ છો ? ક્યાંથી આવ્યા ? ક્યાં જાઓ છો ? તમે કેટલા છો ? વગેરે પ્રશ્ન કોઈ વ્યક્તિ સાધુને પૂછે તો પોતે ઉત્તર ન આપતાં વડીલને જવાબ આપવા દે અને વચ્ચે પણ ન બોલે. આવી સૂચનાઓ આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં વિસ્તારથી આપેલ છે.

**પ્ર.૪ : શું સાધુ નાવમાં બેસી શકે ? પાણીમાં ચાલી શકે ?**

**જવાબ :** વિધિ માર્ગ અનુસાર સાધુ સચેત પાણીના એક ટીપાને પણ સ્પર્શી ન શકે. વિહારમાં ચાલતાં-ચાલતાં રસ્તામાં નદી-નાળા વગેરેનું પાણી આવે અને અન્ય માર્ગ શોધવા છતાં ન મળે અને પાણીમાંથી જવું આવશ્યક બની જાય, ત્યારે સાધુ પાણીમાં ચાલી તે નદી વગેરે પાર કરી શકે છે. તે માટે બીજા ઉદ્દેશકમાં વિવેક બતાવેલ છે. તેનો સાર એ છે કે જ્યાં પાણી વધુ ઊંડુ ન હોય, વહેણ પહોળું ન હોય, ત્યાં પાણી ચીરતાં-ચીરતાં નહીં પણ પગને ઉપર લેતાં ચાલવું જોઈએ, પાણીમાં ઉતરતાં પહેલાં પગનું પ્રમાર્જન કરવું જોઈએ. ભંડોપકરણને સંભાળીને ચાલવું જોઈએ.

જો પાણી વધુ હોય અને અન્ય કોઈ જ ઉપાય ન હોય તો વિવેક અને ઉપયોગ પૂર્વક **નાવ દ્વારા** પણ તે રસ્તો પાર કરી શકાય છે. ભંડોપકરણને એક વસ્ત્રમાં બાંધી, સાગારી સંથારો કરી, આખા શરીરનું પ્રમાર્જન કરી, નાવ પાસે પહોંચવા માટે ઉપરોક્ત વિધિપૂર્વક પાણીમાં ઊતરે અને વિધિ પ્રમાણે ચાલે. નાવમાં કેવી રીતે ક્યાં બેસવુ ? કેવી નાવમાં બેસવું અને કેવી નાવમાં ન બેસવું ? સાધુને કોઈ પાણીમાં ગબડાવી દે તો શું કરવું ? વગેરે બાબતની વિસ્તૃત ચર્ચા પહેલા-બીજા ઉદ્દેશકના મૂળપાઠમાં કરી છે.

**પ્ર.૫ : વિહાર આદિ સમયે સાધુ અચાનક ખાડા વગેરેમાં પડી જાય તો શું કરે ?**

**જવાબ :** સૌ પ્રથમ તો સાધુ અન્ય માર્ગ હોય ત્યાં સુધી ખાડા હોય તેવા રસ્તે





ન ચાલે. સંયોગવશ કદાચ સાધુ ખાડામાં પડી જાય તો બહાર નીકળવા અન્ય કોઈ ઉપાય ન હોય તો ઝાડી, વૃક્ષાદિનો સહારો લઈ બહાર આવી શકે છે. બૂમ પાડી, કોઈની મદદ માંગી બહાર આવી શકે છે.

**પ્ર.૬ : સાધુ વિહાર કરતાં-કરતાં જળાશયો, સ્થળો, મકાનોને ઈશારા કરી બતાવી શકે ?**

**જવાબ :** સાધુ ચંચલવૃત્તિ અને કુતુહલવૃત્તિના ત્યાગી હોય છે. સાધુએ પ્રશ્નમાં કથિત કોઈ પણ સ્થાનોને હાથ ઊંચા કરીને કે અંગુલી નિર્દેશ કરીને, ઈશારા કરીને એક બીજાને બતાવી ન શકાય. સૂત્રકારે અનેક જળાશયો, સ્થળો અને મકાનોનાં નામનું કથન કરી ઈશારા કરવાનો નિષેધ કરેલ છે અને તે દ્વારા થતી વિરાધનાનું વિસ્તૃત વર્ણન પણ સૂત્રમાં કરેલ છે.

**પ્ર.૭ : રસ્તામાં ચોર વગેરે મળી જાય તો સાધુ શું કરે ?**

**જવાબ :** સાધુ રસ્તામાં પૂરેપૂરી માહિતી મેળવીને ચાલે. તેમ છતાં રસ્તામાં અચાનક ચોર સામેથી આવી રહ્યા છે, તેવી માહિતી મળે તો ડરે નહીં, ગભરાય નહીં, ધૈર્ય રાખી ક્રમપૂર્વક જ ચાલે, ભાગવાનો કે સંતાવાનો પ્રયત્ન ન કરે. ક્યારેક ચોર સામે આવી જાય, સાધુની ચીજવસ્તુ પડાવી લે તો ગભરાય નહીં અને દીનતા પણ કરે નહીં. ચોર સામે આવી જાય તો સામાન નીચે રાખી બેસી જાય કે ઊભા રહે, પોતાના હાથેથી તેને ચીજ વસ્તુ આપે નહીં. ચોર સ્વયં તે ચીજવસ્તુ ઉપાડી લે તો તે પાછી લેવા પ્રયત્ન ન કરે, તેની ફરિયાદ પણ કોઈને ન કરે અને રાગ-દ્વેષ પણ ન કરે. સંભવિત હોય તો તેને ધર્મશિક્ષા– ઉપદેશ આપી ઉપકરણો પાછા પ્રાપ્ત કરી શકે છે.

**પ્ર.૮ : રસ્તામાં કોઈ વિવેક શૂન્ય રીતે વાતો પૂછે તો શું સાધુ ખોટું બોલી શકે છે ?**

**જવાબ :** (૧) આ ગામ કેવું છે ? અહીંના લોકો કેવા છે ? અહીં કેટલાં પશુ છે ? અહીં જમાનાની કેવીક અસર છે ? ગૃહસ્થ આવા પ્રશ્ન પૂછે તો સાધુ ઉત્તર ન આપે પણ મૌન ભાવે ચાલે, ખુદ પણ આવા પ્રશ્ન ગૃહસ્થને ન પૂછે. (૨) શિકારી, પારધી વગેરે જાનવર કે પક્ષી વગેરેના સંબંધમાં પૂછે અથવા વનસ્પતિના સંબંધમાં પૂછે કે તમે આ પશુ વગેરે રસ્તામાં જોયા ? સાધુ તે સમયે પોતે તે વાત જાણતા હોય તો પણ બોલે નહીં, મૌન ભાવે જ ચાલે. (૩) ગામ કેટલું દૂર છે ? ગામનો રસ્તો કેટલો દૂર છે ? વગેરે પ્રશ્નોના જવાબ પણ સાધુ ન આપે. હું જાણું છું તેમ પણ ન કહે પરંતુ મૌન ભાવે ચાલતા રહે. ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરમાં અનેક સાવદ્ય કે આપત્તિકારી વિકલ્પો રહેલા છે. જેમ કે– કોઈ વ્યક્તિએ રસ્તો પૂછ્યો હોય અને સાધુ રસ્તો બતાવે અને તે

વ્યક્તિ તે રસ્તે ચાલતા ભૂલો પડી જાય, થાકેલ હોવાથી વધુ દૂર નીકળી જાય તો સાધુને અસત્ય ભાષી માની નિંદા કરે. તેથી જ શાસ્ત્રમાં ઉત્તર આપવાનો નિષેધ કરી મૌન રહેવાનું કહ્યું છે. મૌન રહેવાનો ધ્રુવ આદેશ છે, ત્યારે ખોટું બોલવાના આદેશની કલ્પના કરવી ઉચિત નથી. હિંસક વ્યક્તિનો પ્રશ્ન અને ગામ કેટલું દૂર છે, તે અંગેના પ્રશ્નના ઉત્તર આગમમાં એક સરખા શબ્દથી જ આપેલ છે. તેથી જીવદયા-જીવરક્ષા માટે અસત્ય બોલી શકાય તેમ માનવું ઉપયુક્ત નથી. તેવા સમયે મૌન રહેવાનો સ્પષ્ટ આદેશ સૂત્રમાં છે.

# અધ્યયન–૪ : ભાષા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે. તેમાં વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે. તેમાં સાધુ-સાધ્વી માટે ભાષા પ્રયોગ કરવાનો વિવેક બતાવ્યો છે. દશવૈકાલિક સૂત્રના ૭મા અધ્યયનમાં 'ભાષાવિવેક' ગાથાઓ રૂપે બતાવેલ છે અને અહીં તે જ વિવેક ગદ્યપાઠ રૂપે આપેલ છે. બંને સૂત્રોમાં અધિકાંશ વિષય સમાન છે, થોડીક જ ભિન્નતા છે. ભાષા સંબંધી વિવેક સમજવો સાધુ-સાધ્વી માટે અતિ આવશ્યક છે. તેથી બંને શાસ્ત્રોમાં આ વિષયને અત્યધિક સ્પષ્ટ કરેલ છે.

**પ્ર.૨ : દશવૈકાલિક સૂત્રની અપેક્ષાએ અહીં શું વિશેષ જ્ઞાતવ્ય છે ?**

**જવાબ :** સાધુ-સાધ્વી ક્રોધ, માન, માયા, લોભ આદિને વશ થઈ જે ભાષા બોલે તે સાવદ્યભાષા કહેવાય છે. તેઓ જાણતા કે અજાણતાં પણ કટુ(કઠોર) ભાષાનો પ્રયોગ કરે તો તે પણ સાવદ્ય(સપાપ)ભાષા કહેવાય છે. માટે સાધુએ અકષાય ભાવથી, પૂર્ણરૂપે વિચાર કરીને બોલવું જોઈએ અને ભવિષ્ય સંબંધી વચન બોલવામાં પાકો નિર્ણય કરીને કથન કરવું જોઈએ. આ પ્રથમ સૂત્રનો સાર છે.

અંતિમ સૂત્રમાં કહ્યું છે કે (૧) ક્રોધ ભાવનો ત્યાગ કરી, મનમાંથી પણ ક્રોધને દૂર કરી પછી બોલે. તે જ રીતે માન, માયા, લોભ આદિ પરિણામોને દૂર કરી, પવિત્ર મનથી બોલવું. **अणुवीई**– વિચારીને. મારે સંયમ વિધિથી બોલવું કલ્પે છે ? આ વાક્ય હું બોલું છું તે વચન યોગ્ય છે કે નહીં ? આ વચનથી કોઈનું અહિત તો નહીં થાયને ? આ રીતે સાધુ વિચારીને, તોળીને વચન બોલે. **णिट्ठाभासी**– ભાષા સંબંધી પૂર્ણ નિષ્ઠા કે અધિકાર સાથે બોલે. લિંગ, વચન, કાળ, પ્રત્યક્ષ, પરોક્ષ વગેરે જ્યાં, જ્યારે, જે ઉપયુક્ત હોય, તેનો બરાબર પ્રયોગ કરી બોલે. આ રીતે નિષ્ઠા વિષયક બોલવાના ૧૬ પ્રકાર સૂત્રમાં





કહ્યા છે. **णिसम्मभासी**= સારી રીતે સાંભળી, બોલનારના આશયને સમજી વિચારી પછી બોલે. **अतुरिय**– ઉતાવળ કરીને ન બોલે. ઉતાવળથી બોલવા જતાં બોલવામાં ભૂલ થઈ જવાની પૂરી સંભાવના છે. માટે શાંતિથી બોલવાની ટેવ પાડે. **विवेगभासी**– સાધુ વિવેકપૂર્ણ ભાષા બોલે અર્થાત્ ક્ષેત્ર-કાળનો, સામેવાળી વ્યક્તિનો, વાતાવરણનો વિવેક રાખી મધુર અને સત્ય વચન બોલે. બીજાના દિલને ઘા કરે તેવા, ક્રોધ ઉત્પન્ન કરાવે એવા વચન ન બોલે અને નિંદા-જનક વચન ન બોલે. પાપપ્રેરક, પાપઅનુમોદક, પાપપ્રશંસક ભાષા ન બોલે. આગમાનુસાર યોગ્ય ભાષા બોલે, તો તે ભાષાનો વિવેક કહેવાય. **समियाए**– ભાષા સમિતિ યુક્ત સમ્યક્ભાષા બોલે પરંતુ અસમ્યક્ભાષા ન બોલે. આ પ્રકારનું ભાષા સંબંધી સંક્ષિપ્ત કથન પ્રારંભિક તથા અંતિમ સૂત્રમાં છે.

**પ્ર.૩ : એક જ ભાષા માટે બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્ય આ બંને વક્તવ્ય કેમ સંભવે ?**

**જવાબ :** પ્રત્યેક વસ્તુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ હોય છે. કેટલીક વસ્તુમાં શુભ વર્ણાદિ હોય તો કેટલીક વસ્તુમાં અશુભ વર્ણાદિ હોય છે. શુભ વર્ણાદિ પ્રત્યે આસક્ત બની, રાગભાવથી બોલવું કે આ વર્ણાદિ ઘણાં સારા છે અને અશુભ વર્ણાદિ પ્રત્યે મનમાં દ્વેષ કરી ગ્લાની કરી બોલે કે આ વર્ણાદિ અત્યંત ખરાબ છે એમ સાધુ ન કહે. પરંતુ તે વર્ણાદિનું જ્ઞાન કરાવવા માટે કે સ્વરૂપ સમજાવવા માટે શાંતિ, સમભાવ, વિવેક સાથે તે વસ્તુને સારી કે ખરાબ કહી શકાય છે. તે અપેક્ષાએ આ સૂત્રમાં કહ્યું છે કે 'આ સુશબ્દ છે', 'આ દુર્ગંધ છે', 'આ મધુર છે', 'આ કડવો છે' એવી ભાષા સાધુ ન બોલે; અહીંયા રાગદ્વેષાત્મક ભાવોની અપેક્ષાએ તે ભાષાનો નિષેધ છે. તે જ ભાષા, સ્વરૂપ જ્ઞાન કરાવવા અર્થે સમપરિણામોમાં રહીને બોલી શકાય, જેમ કે સુશબ્દને સુશબ્દ, દુર્ગંધને દુર્ગંધ કહેતાં વસ્તુનું સ્વરૂપજ્ઞાન કરાવી શકાય છે.

**પ્ર.૪ : શું અતિશયોક્તિભર્યાં વચન સાધુ બોલી શકે છે ?**

**જવાબ :** સાધુ સામાન્ય માણસોની જેમ અતિશયોક્તિવાળી ભાષા બોલી ન શકે. જેમ ગુણવાન સજ્જન કે પુણ્યવાન શ્રાવક માટે 'આ દેવ છે' તેવું વચન ન બોલી શકાય. તે જ રીતે આકાશદેવ, વર્ષાદેવ, વિજળીદેવ, અગ્નિદેવ વગેરે શબ્દ પ્રયોગ કરવાનો પણ સાધુ માટે નિષેધ છે.

**પ્ર.૫ : ભાષાના કેટલા પ્રકાર છે ? સાધુ કેટલા પ્રકારની ભાષા બોલી શકે ?**

**જવાબ :** સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર, ભાષાના આ ચાર પ્રકાર છે. સાવદ્ય, કઠોર, અહિતકારી હોય તો આ ચારમાંથી એક પણ ભાષા સાધુ બોલી ન શકે, સત્ય અને વ્યવહાર ભાષા સાવદ્ય, કઠોર ન હોય તો બોલી શકે.

# અધ્યયન–૫ : વસ્ત્રૈષણા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે અને તેમાં શું વિષય છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે અને તેનો સંપૂર્ણ વિષય વસ્ત્ર સંબંધી વિધિ વિધાન છે.

**પ્ર.૨ : સાધુ કેવા અને કેટલા વસ્ત્ર ગ્રહણ કરે, રાખે ?**

**જવાબ :** છ પ્રકારનાં વસ્ત્ર ગ્રહણ કરવાનો ઉલ્લેખ આ અધ્યયનના પ્રથમ સૂત્રમાં છે. સુલભતા, અનુકૂળતા અને ગુઢ આજ્ઞા પ્રમાણે આ છ પ્રકારમાંથી કોઈ પણ પ્રકારનાં વસ્ત્ર સાધુ ગ્રહણ કરી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે. તે આ પ્રમાણે છે– (૧) ઊનનાં વસ્ત્ર (૨) અળસી વગેરેની છાલનાં વસ્ત્ર (નિશીથ ચૂર્ણિ) (૩) શણનાં વસ્ત્ર (૪) સુતરાઉ વસ્ત્ર (૫) તાડપત્રથી નિર્મિત વસ્ત્ર (૬) આકડા આદિથી બનેલ વસ્ત્ર.

વિકલેન્દ્રિય વગેરે ત્રસજીવોની હિંસાથી બનેલ રેશમ, મલમલ વગેરે વસ્ત્રનું ગ્રહણ **જ ગિય** શબ્દ દ્વારા થઈ શકે પરંતુ વ્યાખ્યામાં બતાવ્યું છે કે રેશમ વગેરે સાધુ માટે સર્વથા વર્જ્ય છે. તેથી અહીં **જ ગિય** શબ્દથી ઊનનાં વસ્ત્ર જ ગ્રહણ કરેલ છે. કારણ કે તે પણ ત્રસજીવથી જ નિર્મિત હોય છે.

પૂર્ણ સ્વસ્થ, સમર્થ, શ્રેષ્ઠ સંઘયણવાળા બળવાન, યુવાન સાધુએ છ પ્રકારનાં વસ્ત્રમાંથી એક જ પ્રકારનાં વસ્ત્રથી જીવન નિર્વાહ કરવો જોઈએ. બીજા પ્રકારનાં વસ્ત્ર સાથે ન રાખે. અહીં ટીકાકારે બતાવેલ છે કે એક જાતનાં વસ્ત્ર રાખવામાં પણ પહેલી પ્રમુખતા સુતરાઉને અને બીજી પ્રમુખતા ઊનનાં વસ્ત્રોને આપવી જોઈએ. જેનાથી નિર્વાહ થઈ શકે અથવા જે જ્યાં સુલભ હોય તેવા વસ્ત્ર ગ્રહણ કરવાં જોઈએ.

**પ્ર.૩ : વસ્ત્ર ગ્રહણ તથા ધારણ કરવામાં સાધુ શું ધ્યાન રાખે ?**

**જવાબ :** (૧) ગવેષણાના નિયમોનું પાલન કરે અર્થાત્ સાધુ માટે બનાવેલ કે ખરીદેલ વસ્ત્ર ગ્રહણ ન કરે. (૨) સાધુ માટે ધોયેલ, રંગેલ(ગળી વગેરે કર્યા હોય), સ્વચ્છ—ચમકતું કરેલ વસ્ત્રગ્રહણ ન કરે. (૩) કીમતી, આકર્ષક અને સૂત્રમાં નિષેધ હોય તેવા વસ્ત્ર ગ્રહણ ન કરે. (૪) વસ્ત્ર લેવા ગયા હોય તે સમયે ગૃહસ્થ થોડા સમય પછી અથવા કાલે કે પરમ દિવસે આવવાનું કહે તો તે વાતનો સ્વીકાર ન કરતાં જેવાં વસ્ત્ર મળે તેવાં ગ્રહણ કરી લે. (૫) જો ગૃહસ્થ કહે કે ધોઈને સારૂં કરીને પછી આપીશ, તો તેને તે લેવાની ના પાડી દે. (૬) આખું વસ્ત્ર ખોલી પ્રતિલેખન કરીને વિવેક રાખીને ગ્રહણ કરે. (૭) પોતાના શરીરની અપેક્ષાએ અનુકૂળ અને ઉપયોગી હોય તેવાં વસ્ત્ર ગ્રહણ કરે. ગૃહસ્થ કે સાધુના





આગ્રહથી અનિચ્છાથી ન લે. (૮) વસ્ત્ર ગ્રહણ કરવાના સમયથી લઈ વસ્ત્ર ફાટી ન જાય ત્યાં સુધી પોતે જ તેનો ઉપયોગ કરશે તેવો વિચાર કરી, વસ્ત્ર લે. (૯) કોઈને આપવા, લેવા, ફાડવા, છોડી દેવા વગેરે વસ્ત્ર સંબંધી પ્રપંચ ન કરે. (૧૦) વસ્ત્ર યાચના માટે બે કોશથી વધુ દૂર ન જાય.

**પ્ર.૪ : વસ્ત્રને ધોવા કે રંગવા સંબંધી સૂત્રાજ્ઞાનો આશય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં વસ્ત્ર ધોવા-રંગવા સંબંધી વિધિ-નિષેધ બતાવેલ છે. જેનો આશય આ પ્રકારે છે– જો શક્ય અને સુલભ હોય તો સાધુએ વસ્ત્ર ગ્રહણ કર્યા પછી સીધો જ તેનો ઉપયોગ કરી શકે તેવા વસ્ત્રને વિવેકપૂર્વક ગ્રહણ કરવા જોઈએ. વસ્ત્ર ગ્રહણ કર્યા પછી તરત જ ધોવા ન પડે, સીવવા ન પડે તેનું ધ્યાન રાખી વસ્ત્ર ગ્રહણ કરવાં જોઈએ. તેથી જ જ્યાં વસ્ત્ર લેવાનું કે નવા ગ્રહણ કરવાનું વિધાન છે ત્યાં જ **ण धोएज्जा, ण रएज्जा** પાઠ હોય છે અર્થાત્ જેવાતેવા મળતાં વસ્ત્રો ગ્રહણ કરીને પછી તરત જ ધોવું, રંગવું વગેરે ક્રિયા ન કરવી પડે તેનો વિવેક રાખવો જોઈએ. સામાન્ય અને સ્થવિરકલ્પી સાધુ માટે સર્વથા વસ્ત્ર ધોવાનો નિષેધ કરવાનો અહીં સૂત્રકારનો આશય નથી.

વસ્ત્ર ગ્રહણ કર્યા પછી 'મને આ વસ્ત્ર જૂના અને અમનોજ્ઞ ગંધવાળા મળ્યા છે.' તેમ વિચારી થોડી કે વધુ માત્રામાં વસ્ત્રને ધોવા, સુગંધિત કરવા વગેરે પ્રવૃત્તિ ન કરવી.

આ નિષેધ કર્યા પછી વસ્ત્ર ક્યાં ન સૂકવવા તેની વિધિ બતાવી છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ છે કે વસ્ત્રનો ઉપયોગ કરતાં-કરતાં તેને ધોવાની આવશ્યકતા જણાય તો ધોયા પછી યોગ્ય સ્થળે સૂકવવા, અયોગ્ય સ્થળે ન સૂકવવા.

નિશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત્ત વિધાનોમાં વસ્ત્ર ધોવાનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું નથી પરંતુ વિભૂષા માટે વસ્ત્ર ધોવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. તે પરથી સાધુએ એકાંતે, વસ્ત્ર ન જ ધોવા, તે વાત સિદ્ધ થતી નથી. વસ્ત્ર ધોવાનો જે જ્યાં નિષેધ છે તે નવા વસ્ત્ર ગ્રહણ કરવાના સમયે વિવેકથી ગ્રહણ કરવાની સૂચનાના આશયથી છે.

**પ્ર.૫ : બીજા ઉદ્દેશકમાં છલ-કપટ ન કરવાના સૂત્રનો શું આશય છે ?**

**જવાબ :** સાધુ સ્વાર્થવશ કોઈ ચાલાકી કે બીજાને ઠગવા વગેરે નકામી પ્રવૃત્તિ કરે નહીં. વસ્ત્ર ગ્રહણ કરવા અતિ આવશ્યક હોય તો તે ગુઢ આજ્ઞા લઈને ગવેષણા કરી, ગ્રહણ કરે. તે સર્વ કાર્યમાં સરલતા યુક્ત, કપટ રહિત માનસ અને વ્યવહાર રાખે. અહીં એ બતાવ્યું છે કે વિશાળ સમુદાયમાં બધા સંતોની પ્રકૃતિ જુદી-જુદી હોઈ શકે છે તેથી વિવિધ પ્રસંગો બને છે. પરિસ્થિતિવશ કોઈ સાધુ અન્યની શાલ વગેરે માંગી અને તે લઈને વિહાર કરે, તે વસ્ત્ર ખરાબ

થઈ જવાથી કે ડાઘ વગેરે લાગી જવાથી તે સાધુ તે વસ્ત્રાદિ પાછા લેવાની ના પાડી દે. આ ઘટના જોઈ કોઈ સાધુ વિચારે કે અમુક સાધુ પાસે અમુક વસ્ત્ર સરસ છે તેને આ રીતે લઈ શકાય. કોઈ બહાનું કાઢી, તેની પાસેથી તે વસ્ત્ર માંગી લઉ અને થોડું ફાડી સીવી સાંધાવાળું કરું તો તે પાછું લેશે નહીં. આમ તે વસ્ત્ર સહજ રીતે મારું થઈ જશે. આ માયાસ્થાન–કપટવૃતિ છે, આવો સંકલ્પ કે પ્રવૃત્તિ સાધુ કરે નહીં.

સારા વસ્ત્રને ખરાબ અને ખરાબ વસ્ત્રને સારા બનાવવામાં સમયનો વ્યય ન કરે. વસ્ત્રને અહીં તહીં, લેવા દેવા, નકામો પ્રપંચ કરવો આદિ વસ્ત્ર સંબંધી કર્મબંધ અને સમયની બરબાદી સાધુ ન કરે. વસ્ત્ર ગ્રહણ કરવાના સમયે વિચાર કરી, ઉપયોગી થાય તેવું જ વસ્ત્ર ગ્રહણ કરે.

**પ્ર.૬ : આ અધ્યયનમાં आईणगाणि શબ્દનો શું ભાવાર્થ છે ?**

**જવાબ : आईणगाणि**– આકીર્ણતાથી બનેલું. અત્યંત સઘન, હવા પણ ન પ્રવેશી શકે તેવું, ધોવામાં પ્રતિકૂળ, મેલ સહેલાઈથી ન નીકળે તેવું, એવો અર્થ કરવો જોઈએ પરંતુ અહીં **आईण** નો અર્થ ચામડું ન કરવો કારણ કે ચામડા સંબંધી સૂત્ર અલગ બતાવેલ છે. ચામડા માટે **आईण** નહીં પણ **अजिण** શબ્દનો પ્રયોગ થાય છે. **आईण** શબ્દ આકીર્ણથી બનેલ છે. આકીર્ણ વસ્ત્રોનો અર્થ સઘન તાણાવાણાથી બનેલું વસ્ત્ર, એવા સઘન–નક્કર વસ્ત્રો સાધુને લેવાનો નિષેધ સમજવો.

## અધ્યયન–૬ : પાત્રૈષણા

**પ્ર.૧ : સાધુને કેટલી જાતના પાત્ર રાખવાની આજ્ઞા છે ?**

**જવાબ :** લાકડા, માટી અને તુંબડા આ ત્રણ જાતનાં પાત્ર સાધુ-સાધ્વીને કલ્પે, તેવો ઉલ્લેખ આ અધ્યયનના પ્રારંભમાં છે. અન્ય શાસ્ત્રમાં જ્યાં જ્યાં સાધુનાં પાત્ર વિષયક કથન છે ત્યાં આ ત્રણ જાતિ, સંખ્યા અને નામ સાથે બતાવેલ છે.

શાસ્ત્રમાં આવતા અન્ય મતાવલંબી સંન્યાસીના વર્ણનમાં પણ આ જ ત્રણ જાતના પાત્રનો ઉલ્લેખ છે. તેનું તાત્પર્ય એ છે કે ગૃહત્યાગી, સંન્યાસી, ભિક્ષુઓ માટે સાદાઈની દષ્ટિએ આ જ પરંપરા હંમેશા ઉચિત ગણાયેલી છે.

વર્તમાનમાં સમયના પ્રભાવથી પ્લાસ્ટીક પાત્રનો વપરાશ વધી ગયો છે. પ્લાસ્ટીક પાત્ર અનેક સુવિધાજનક હોવાથી સાધુ સમાજમાં પ્રવિષ્ટ થઈ





ગયા છે તે સમયનો પ્રભાવ છે. પ્લાસ્ટીકના ઉપકરણો આજે સહજ સુલભ છે, વજનમાં હળવા હોય છે, અલ્પ મૂલ્યવાળાં હોય છે. તેમાં ફૂટવા, તૂટવા, સાંધવા વગેરે પરિકર્મ કરવા પડતા નથી, તેથી સમય અને ખર્ચ બચી જાય છે. આ રીતે સંયમ અને આગમના અનેક આશય તેમાં પુષ્ટ થાય છે.

આગમકારોએ સંન્યાસાવસ્થાની સાદાઈને ઉચિત ત્રણ જાતના પાત્ર સ્વીકાર્યા છે તેમાં વિવેક, જાગૃતિનો અભ્યાસ રહે છે. આ ત્રણ જાતના પાત્રથી ગૃહસ્થ અને સાધુના ઉપકરણો અલગ હોય છે, તે વાત સ્પષ્ટ થઈ જાય છે. તેનાથી સાધુની પરિગ્રહ વૃત્તિ વધતી નથી. આ ત્રણ જાતના પાત્રનું કથન હોવાથી ગૃહસ્થોચિત લોટા આદિ રાખવાની પ્રવૃત્તિ થતી નથી. પ્લાસ્ટીકનો ઉપયોગ કરવાથી ગૃહસ્થોચિત લોટા, ડોલ, ત્રાંસ, ટબ વગેરે ઉપકરણો વધી જાય છે.

આ રીતે ઉભયપક્ષનો વિચાર કરવા છતાં આગમ આજ્ઞા તો ત્રણ જાતના પાત્રની અપેક્ષાએ જ છે એ માનવું, સ્વીકારવું જોઈએ અને ખરેખર તે પલ્લું જ બળવાન છે. સંયમ ભાવની તેમાં જ સુરક્ષા છે અને તેમાં જ સાધક સુવિધાવાદ અને જમાનાવાદથી બચી શકે છે.

**પ્ર.૨ : સૂત્રપાઠમાં કઈ કઈ જાતના પાત્ર રાખવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં અને નિશીથ સૂત્રના ૧૧મા ઉદ્દેશકમાં નિમ્ન જાતિના પાત્રનો નિષેધ છે– લોઢાના, કલિ(ત્રપુ), તાંબુ, સીસું, ચાંદી, સોના, પિત્તળ, રત્નજડીત મણિ, કાચ, કાંસુ, શંખ, શીંગ, દાંત, વસ્ત્ર, પથ્થર,ચર્મ(ચામડાં) પાત્ર તથા તેવા જ અન્ય અનેક પ્રકારના પાત્રો. આ રીતે ત્રણ પ્રકારના પાત્રો સિવાયના અન્ય અનેક પ્રકારના પાત્રોનો અહીં નિષેધ છે. આ નિષેધ સૂત્રમાં તે ત્રણ જાતિના પાત્રને અહીં બહુમૂલ્યના સૂત્રમાં કહ્યા નથી. તાત્પર્ય એ છે કે આ ત્રણ જાતિના પાત્રો અલ્પમૂલ્ય હોય કે બહુમૂલ્ય, સાધુને માટે સાદગી રૂપે સ્વીકાર્ય છે.

વસ્ત્ર વિધાનમાં જે ૫–૬ જાતિના વસ્ત્રોને કલ્પનીય કહેલ છે તેને જ બહુમૂલ્ય અને નિષેધસૂત્રમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ સાથે લીધેલ છે. તેથી સ્પષ્ટ થાય છે કે સુતરાઉ, ગરમ વગેરે વસ્ત્ર પણ બહુમૂલ્ય અને આકર્ષક વર્ણવાળા હોય તો તેનો સાધુ માટે નિષેધ છે પરંતુ ત્રણ જાતના પાત્રનો કોઈ પણ રૂપે નિષેધ નથી. પાત્ર વિષયક વર્ણનમાં કોતરણી કરવી, રંગબેરંગી રંગથી રંગવા કે તેવા પાત્ર રાખવાનો નિષેધ કરેલ છે.

**પ્ર.૩ : શું આ સૂત્રમાં સાધુને એક જ વસ્ત્ર અને એક જ પાત્ર રાખવાનું વિધાન છે ?**

**જવાબ :** વસ્ત્રૈષણા અને પાત્રૈષણા નામના અધ્યયનોમાં સાધુને એક વસ્ત્ર

અને એક પાત્ર રાખવાનું જે વિધાન છે તે જાતિની અપેક્ષાએ સમજવું પણ સંખ્યાની અપેક્ષાએ નહીં અર્થાત્ સાધુ એક જાતના પાત્ર કે વસ્ત્ર રાખે પણ અનેક જાતના નહીં. આ પ્રકારનો નિયમ પણ સમર્થ, યુવાન, નિરોગી સાધુ માટે જ કહ્યો છે અર્થાત્ સશક્ત સાધુ એક જાતિના વસ્ત્ર-પાત્ર રાખે પણ બે જાતના વસ્ત્ર-પાત્ર ન રાખે.

અન્ય શાસ્ત્ર દ્વારા પણ આ જ વાત સિદ્ધ થાય છે. જેમ કે યુવાન અને નિરોગી સાધુને સંખ્યાની અપેક્ષાએ એક પાત્ર રાખવાનું વિધાન હોય તો ગૌતમ સ્વામી વગેરે ચરમશરીરી સમર્થ સાધુઓને પણ એક પાત્રનો નિયમ થઈ જાત પરંતુ ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામી પાસે અનેક પાત્ર હોવાનો ઉલ્લેખ છે. તેથી પ્રાસંગિક 'એક જાતના વસ્ત્ર કે એક જાતના પાત્ર' એવો અર્થ કરવો જોઈએ. તેથી સર્વ સમર્થ સાધુએ ધ્યાન રાખવું જોઈએ કે તે એક જાતના વસ્ત્ર અને એક જાતના પાત્રથી જ જીવન નિર્વાહ કરે. સુતરાઉ વસ્ત્ર રાખ્યા હોય તો તેનાથી જ નિર્વાહ કરે, ઊનના વસ્ત્ર ન રાખે, લાકડાના પાત્ર રાખ્યા હોય તો તેનાથી જ નિર્વાહ કરે, માટીના પાત્ર ન રાખે. અસમર્થ, વૃદ્ધ કે અશક્ત સાધુ ક્યારેક ગુઢ આજ્ઞાથી અનેક જાતિના વસ્ત્ર કે પાત્ર રાખી શકે છે.

સંખ્યાથી એક પાત્રની અર્થકલ્પના કે પરંપરા કલ્પના સૂત્રાશયથી વિપરીત છે. ઊણોદરીતપ સાધક કે વિશિષ્ટ સાધના કરનાર સાધક ઉપકરણ ઓછા કરતાં એક વસ્ત્ર કે એક પાત્ર રાખે અથવા ન રાખે તો તે આગમ સંમત છે પરંતુ બધા સાધુઓ માટે વૈધાનિક રીતે એક વસ્ત્ર-પાત્રના નિયમની કલ્પના ઉચિત નથી.

**પ્ર.૪ : ગવેષણા અને વિવેક રાખવા છતાં ભૂલથી સચિત્ત પાણી આવી જાય તો સાધુ શું કરે ?**

**જવાબ :** પાણી લેતા સમયે જ ખ્યાલ આવી જાય છે કે આ પાણી સચિત્ત આવી ગયું છે, તો તે સચિત્ત પાણીના પાત્રમાં તે પાણી પાછું આપી દે, થોડે દૂર ગયા પછી ખ્યાલ આવે તો સંભવિત હોય તો તે જ ઘરે જઈ, તે વાસણમાં પાણી પાછું આપી દે ત્યાં પાછું દેવા જવાનો સંભવ ન હોય કે ગૃહસ્થ પાછું લેવાની ના પાડે અથવા કોઈ પણ કારણથી ગુઢ આજ્ઞા ન હોય તો અન્ય સ્થાનમાં જઈ પાત્ર સહિત પાણી પરઠી દે. ભીની જમીન ન મળે તો અન્ય પાણીમાં પરઠી દે. અન્ય કોઈ ઉપાય ન હોય તો યોગ્ય એવી સ્થંડિલ ભૂમિમાં પરઠી દે. ઉપરોક્ત કોઈ પણ ઉપાય કરે તોપણ અપ્કાય વિરાધનાનું પ્રાયશ્ચિત્ત તો આવે જ, હીનાધિક વિરાધનાના કારણે પ્રાયશ્ચિત્તમાં હાનિ-વૃદ્ધિ સંભવે છે. સચિત્ત પાણી આવી જાય તો તેને પરઠવાનું જ વિધાન છે પરંતુ તેનો ઉપયોગ તો કરે જ નહીં. આ વર્ણન આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં આવ્યું છે.





**પ્ર.૫ : વસ્ત્ર-પાત્રની ચાર ચાર પ્રતિમાઓ કઈ છે ?**

**જવાબ :** વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરવાના ચાર પ્રકારના અભિગ્રહ(સંકલ્પો)ને અહીં 'પ્રતિમા' કહેલ છે. તે ચારેનો ભાવાર્થ આ પ્રમાણે છે– (૧) કોઈ એક જાતનો સંકલ્પ નિશ્ચિત કરી પછી તે જ જાતિનું મળે તો જ લેવું અન્યથા જુના, તૂટેલાં, ફાટેલાં જેવા પોતાના વસ્ત્રપાત્ર આદિ હોય તેનાથી જ નિર્વાહ કરે. (૨) જે જાતના વસ્ત્ર-પાત્ર સામે દેખાય કે દષ્ટિગોચર થાય અથવા ગૃહસ્થ બતાવીને નિમંત્રણ કરે તો તે સામે દેખાતા અને આગમ સંમત તે વસ્ત્ર-પાત્ર આદિ ગ્રહણ કરે. (૩) સ્વાભાવિક રૂપે ગૃહસ્થના ઉપયોગમાં આવી ગયેલ, આગમ સંમત વસ્ત્રાદિ ગ્રહણ કરે. (૪) ગૃહસ્થના ઉપયોગમાં આવી ગયેલ અને તેને બીન ઉપયોગી હોય, જોવામાં અમનોજ્ઞ લાગતા હોય છતાં લજ્જા નિવારણ અથવા ઉપયોગમાં આવવા યોગ્ય હોય તેવા વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરે.

# અધ્યયન–૭ : અવગ્રહ

**પ્ર.૧ : સહવર્તી સાધુઓની કોઈ વસ્તુ લેવાથી શું અદત્ત દોષ લાગે ?**

**જવાબ :** આ સાતમા અધ્યયનનું નામ છે 'અવગ્રહ'; તેનો પ્રાસંગિક અર્થ છે **આજ્ઞા લેવી.** અવગ્રહ પાંચ પ્રકારના બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) દેવેન્દ્ર અવગ્રહ–સામાન્ય વસ્તુ, રેતી, પથ્થર, તૃણ, માર્ગ, સ્થંડિલ ભૂમિ વગેરે. (૨) રાજાનો (૩) ગૃહસ્થનો (૪) શય્યાતરનો અવગ્રહ અર્થાત્ મકાનમાં રહેલી વસ્તુની આજ્ઞા (૫) સાધર્મિક–સાથે રહેતાં શ્રમણ અથવા ગચ્છમાં ભળેલા નવાગંતુકની વસ્તુ કે ઉપકરણ લેવાનો અવગ્રહ. આ પાંચ પ્રકારની આજ્ઞા યથાસમયે લેવાનો સંકેત બીજા ઉદ્દેશકના અંતે છે. પ્રથમ ઉદ્દેશકના પ્રારંભમાં બતાવ્યું છે કે ભિક્ષુ જેની પાસે દીક્ષિત થયા છે, જે સાધુ સાથે તે રહે છે તેના ઉપકરણ વિશિષ્ટ આજ્ઞા લઈને જ ઉપયોગ કરી શકાય અર્થાત્ સામુહિક રૂપે જે વસ્ત્રપાત્ર ઉપયોગમાં લેવાતા હોય તે છોડીને અન્ય ઉપકરણો જોવા માટે કે ઉપયોગ કરવા માટે લેવા હોય તો તેની આજ્ઞા લેવી જરૂરી છે. આ રીતે અદત્ત ત્યાગનું મહત્ત્વ આ અધ્યયનના પ્રારંભમાં બતાવ્યું છે. જે સાધુઓ સાથે વિચરણ કરતા હોય ત્યાં હંમેશાં ઉપયોગમાં આવતા ઉપકરણો માટે પોતાના સંઘાડાના સર્વ સાધુ-સાધ્વીઓ પરસ્પર ઉપકરણોને ઉપયોગ કરવાની, સ્પર્શ કરવાની આજ્ઞા આપી દે છે તથા લઈ લે છે. આ રીતે સમુચ્ચય રૂપે આજ્ઞા આપી દેવી જોઈએ અને લઈ લેવી જોઈએ. કોઈના વ્યક્તિગત જે ઉપકરણો બાંધીને રાખ્યાં હોય કે અન્ય

કોઈ રીતે મૂકી રાખ્યાં હોય તેને કોઈએ કામમાં લેવા હોય ત્યારે તેની જુદી આજ્ઞા લેવાનો વિવેક રાખવો જોઈએ. આ સાધુના સૂક્ષ્મ અદત્ત ત્યાગનો વિવેક છે. પૂછ્યા વગર લેવાથી ક્યારેક કોઈ સાધુને કષાય–અશાંતિનું કારણ પણ બની શકે છે.

**પ્ર.૨ : સાધુને છત્ર, ચર્મ ક્યારે રાખવા કલ્પે ?**

**જવાબ :** આજ્ઞા લેવા યોગ્ય સાધુના અનેક ઉપકરણોના નામ આ અધ્યયનમાં ગણાવ્યાં છે. વ્યવહાર સૂત્રમાં પણ વૃદ્ધ સાધુના વર્ણન પ્રસંગે આવા ઉપકરણોના નામ બતાવ્યા છે. અન્ય મતાવલંબી સાધુઓના પણ આવા ઉપકરણોના નામ આ શ્રુતસ્કંધના બીજા અધ્યયનના ત્રીજા ઉદ્દેશકમાં કહ્યા છે.

સ્થવિરકલ્પી સાધુઓ જુદી જુદી શારીરિક પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે. તેને ક્યારે, કઈ પરિસ્થિતિમાં ક્યા ઉપકરણો રાખીને શરીર તેમજ સંયમ જીવનને પાર પહોંચાડવું, તેનો ગંભીર વિચાર કરવો જોઈએ એટલે કે હંમેશાં માટે કોઈપણ પ્રકારે એકાંતિક આગ્રહ રાખવો ન જોઈએ. આ અપેક્ષાએ સૂત્રોમાં અનેક વિષયો પ્રસંગોપાત આવ્યા છે, જેમ કે નૌકાવિહાર વગેરે.

જોકે આવા અપવાદિક માર્ગ વિષયક સૂત્રો કે સૂત્રગત વિષયોનો સંબંધ પરિસ્થિતિ પર, વ્યક્તિ પર તથા જ્ઞાની, ગીતાર્થ, બહુશ્રુત ગુઢની આજ્ઞા પર નિર્ભર રહે છે. રાજમાર્ગ, વિધિમાર્ગ કે ધ્રુવમાર્ગ તો તે જ રહે છે, જે સ્પષ્ટ રૂપે શાસ્ત્રમાં આચરણીય કે અનાચરણીય રૂપે બતાવેલ છે. દશવૈકાલિક સૂત્ર, સૂયગડાંગ સૂત્ર વગેરે અનેક સૂત્રમાં છત્ર ધારણ કરવાને અનાચરણીય કહેલ છે તેથી 'છત્ર રાખવું' તે સાધ્વાચાર વિહિત નથી, પ્રરૂપણા અને સ્વીકારવા માટે તે જ માર્ગ યોગ્ય છે. અપવાદની પરિસ્થિતિઓના આચરણ, પ્રચાર કે પ્રરૂપણા યોગ્ય ન કહેવાય. છત્રની જેમ જ ચર્મ વગેરે કોઈ પણ ઉપકરણ ભિક્ષુ માટે અકારણ રાખવા તે વિધિ નથી. સાધુ માટે સામાન્યપણે વસ્ત્ર-પાત્ર વગેરે ૧૪ ઉપકરણ જ રાખવા તે રાજમાર્ગ છે. તેથી વધુ ઉપકરણ રાખવા અતિ જરૂરી હોય ત્યારે ગુઢ આજ્ઞા પ્રમાણે રાખી શકે છે. જરૂરિયાત પૂર્ણ થતાં તે ઉપકરણો છોડી દેવા જોઈએ. જે સાધુ દેખાદેખી વગેરે કોઈ કારણથી અનાવશ્યક ઉપકરણો રાખે તો તે જિનાજ્ઞાના ચોર કહેવાય છે. શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન કરવું, ગુઢ આજ્ઞા વિના ઉપકરણ રાખવાં, વધારવા તે અદત્ત મહાવ્રતના દોષ છે. દશવૈકાલિક સૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં તે માટે તપચોર, રૂપચોર (સાધુલિંગ, ઉપકરણ સંબંધી), વ્રતચોર, આચાર ભાવચોર (નાના-મોટા સર્વ વિધાનની અપેક્ષાએ) વગેરે શબ્દપ્રયોગો થયા છે.

**પ્ર.૩ : અન્ય સંપ્રદાયના સાધુ સાથે શું એક પાટ પર બેસી શકાય ?**

**જવાબ :** આ અધ્યયનમાં કહ્યું છે કે સાધુ જ્યાં રહ્યા હોય ત્યાં પોતાના





સાંભોગિક, એક માંડલિક આહાર સંબંધવાળા કોઈ સાધુ પધારે તો તે પોતાનાં આહાર-પાણીમાંથી આગંતુક સાધુને નિમંત્રિત કરે અને આહાર-પાણી આપે. જો અન્ય શુદ્ધ વ્યવહારવાળા સાધર્મિક સાધુ આવે કે જેની સાથે એક માંડલિક આહાર સંબંધ ન હોય તો આહાર-પાણીનું નિમંત્રણ ન કરે પરંતુ પોતે ગ્રહણ કરેલ મકાન, સ્થાન, પાટ, પાટલા, સંથારા, ઘાસ વગેરેનું નિમંત્રણ કરે, આપે.

પોતાના આહાર પાણી આપવાનું તાત્પર્ય છે કે એક સાથે બેસી જમવું. તે જ રીતે પોતાનું મકાન, પાટ આપવાથી મકાનમાં સાથે રહેવું, પાટ વગેરે પર સાથે બેસવું તેવો અર્થ સ્પષ્ટ છે.

લિંગ અને પ્રરૂપણામાં જેઓ સમાન છે, આચારમાં વ્યવહારોચિત છે, સમાજમાં પ્રતિષ્ઠિત છે, પ્રસંગોપાત જેઓને સન્માન આપવામાં આવે છે, આદર આપવામાં આવે છે અને જેઓ સાથે વંદન વ્યવહાર કે શિષ્ટાચાર કરી શકાય, પોતાના મકાનમાં સન્માન સાથે રાખી શકાય, સાથે બેસી પ્રવચન આપી શકાય, તેવા સ્વલિંગી સાધુઓ સાથે એક પાટ પર બેસવાનો નિષેધ કરી અલગ પાટનો આગ્રહ રાખવો તે વાત આગમથી ઉપયુક્ત નથી. તેઓને પોતાની પાટ માટે નિમંત્રણ કરવું તેમ આગમ પાઠ છે. તેઓને પોતાની પાટ આપી પોતે બીજી પાટ પર બેસવું તેઓ અર્થ આ સૂત્રનો થતો નથી. પોતાનું મકાન તેમને આપી પોતે તે મકાનમાં ન રહેવું તેવો અર્થ પણ થતો નથી. તેથી જે કોઈ આગમના નામે સાધર્મિક અન્ય સાંભોગિક સાધુઓ સાથે પાટ વ્યવહારનો નિષેધ કરે છે અર્થાત્ તેઓને પોતાની પાટ નિમંત્રણપૂર્વક આપીને પછી પોતે અલગ પાટ પર બેસે છે તેઓએ આ શાસ્ત્ર પાઠનો જરૂર વિચાર કરવો જોઈએ અને સમાજમાં વિવેકથી રહેવું જોઈએ. ગુજરાતના સાધુઓ આ બાબતમાં જે વિવેક વર્તે છે તે સૂત્રાનુસારી છે અને પ્રસંશનીય છે. ગુજરાતમાં ૯–૧૦ સંપ્રદાયો છે, તેઓ વચ્ચે ભલે આહાર-પાણીનો સંબંધ ન હોય તોપણ તેઓ એક પાટ પર બેસવાનો પરહેજ કોઈની સાથે કરતા નથી. ગુજરાતની પ્રાચીન પરંપરા આ અધ્યયનના પાઠથી પુષ્ટ છે, અનુકરણીય છે. સાર એ છે કે સ્થાનકવાસી સંપ્રદાયના જુદા-જુદા ગચ્છના સાધુઓએ પરસ્પર અલગ પાટ પર બેસવાનો આગ્રહ રાખવો ન જોઈએ.

**પ્ર.૪ : સોય, કાતર વગેરે સાધનો કેવી રીતે લેવા અને પાછાં આપવાં જોઈએ ?**

**જવાબ :** સામાન્ય રૂપે સોય, કાતર વગેરે ઉપકરણો સર્વત્ર સુલભ હોવાથી સાધુ-સાધ્વીઓ પોતાની પાસે રાખતા નથી. જરૂર હોય ત્યારે ગૃહસ્થના ઘેરથી યાચના કરીને લઈ આવવા તે રાજમાર્ગ છે. આ અધ્યયનમાં તે ઉપકરણો ગ્રહણ કરવાની વિધિ બતાવી છે કે સાધુ પોતાના માટે જ ગૃહસ્થ પાસેથી ઉપકરણ

લાવ્યા હોય કે ગૃહસ્થે તે એક સાધુને માટે જ આપ્યા હોય તો ગૃહસ્થની આજ્ઞા લીધા વિના અન્યને ન આપી શકે, સંભાળીને પોતાની પાસે રાખે અને પાછા દેવા પોતે જ જાય. આપતા સમયે વિવેક રાખે કે આવા તીક્ષ્ણ ઉપકરણ સાધુ ગૃહસ્થને હાથોહાથ ન આપે, જમીન ઉપર રાખીને અથવા હથેળીમાં રાખીને કહે કે આ તમારી સોય, કાતર લઈ લો. આવા વિધિ વિવેક પાછળનો આશય એ છે કે ઉપકરણ સુરક્ષિત રહે, સાધુને અદત્તનો દોષ ન લાગે, ગૃહસ્થના ભાવોમાં વિકૃતિ, અશ્રદ્ધા ન થાય.

**પ્ર.૫ : કયા સ્થાનોની સાધુએ આજ્ઞા ન લેવી, ગ્રહણ ન કરવાં, ઉપયોગ ન કરવો ?**

**જવાબ :** (૧) સ્તંભ વગેરે ઊંચા અને ઓછા પહોળા સ્થાન (૨) પાતળી કે પહોળી દિવાલ અર્થાત્ ૨–૩ ઈંચ પહોળી કે એક ફૂટ પહોળી એવી દિવાલ પર (૩) ચારે બાજુ ખુલ્લું આકાશ હોય એવા મકાનના ઉપરના ભાગ એટલે ચારે બાજુ દિવાલ ન હોય તેવી અસુરક્ષિત છત વગેરે વિભાગ (૪) સચિત્ત પૃથ્વી પર કે તેની આસપાસ, સ્નિગ્ધભૂમિ કે સચિત્ત શિલા પથ્થર પર (૫) જીવયુક્ત સડેલા કાષ્ટ પર (૬) ગૃહસ્થ, પશુ સંયુક્ત મકાન હોય કે મકાનમાં જવાનો રસ્તો ગૃહસ્થ અથવા સામગ્રીઓથી સંયુક્ત હોય (૭) અનેક ચિત્રો, કોતરણીના કાર્યોથી આકર્ષક અને દર્શનીય પદાર્થોથી સંયુક્ત મકાન વગેરે સ્થાનોમાં રહેવું કે બેસવું નહીં. તેવા સ્થાનોની આજ્ઞા ન લેવી તેમજ ગ્રહણ પણ ન કરવા.

**પ્ર.૬ : શું વન-ઉપવનમાં રહી સાધુ ત્યાં કેરી, શેરડી વગેરે ગ્રહણ કરી શકે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં વન-ઉપવનમાં રહેલા કેટલાક પદાર્થોનું વર્ણન છે. વિહાર કરતાં ક્યારેક સાધુ ત્યાં સ્થિરતા કરે અને તે પદાર્થ ખાવાની આવશ્યકતા કે ઈચ્છા થાય અને ત્યાં તે પદાર્થને અચિત્ત બનાવવાની પ્રક્રિયા કરતી શાળાઓ હોય, તે પદાર્થોને ઉકાળવામાં, સુધારવામાં આવતા હોય અને તેનો રસ કે અર્ક કાઢવામાં આવતો હોય તથા સાધુની સંયમવિધિ પ્રમાણે મળે તેમ હોય તો સાધુ એષણાના નિયમાનુસાર તેને ગ્રહણ કરીને ઉપયોગ કરી શકે છે. આ અધ્યયનમાં ઉદાહરણરૂપે શેરડી, કેરી અને લસણ સંબંધી ત્રણ સ્થળલનું અને તે પદાર્થોનું વર્ણન છે. ઉપલક્ષણથી અન્ય ફળ, વનસ્પતિ માટે પણ તેમજ સમજવું.

સાધુ જે સ્થાનમાં જેની આજ્ઞા લઈ ઉતર્યા હોય તે શય્યાતરના આહાર-પાણી લઈ ન શકે. જે ઉપવનમાં ઉતર્યા હોય તે સિવાયનાં આજુબાજુનાં ઉપવનોમાંથી ગ્રહણ કરવાનું સમજવું.





આ અધ્યયનમાં લસણ સંબંધી સાત સૂત્ર છે. તેના પર વિચારણા– ઊહાપોહ, ચર્ચાનો વિષય ઉત્પન્ન થાય છે. પરંતુ આગમમાં વનસ્પતિ સંબંધી ખાદ્ય પદાર્થો માટે કોઈ એકાંતિક નિયમ નથી. સાધુને માટે સચિત્ત ત્યાગનો નિયમ આવશ્યક છે તેમ સમજવું. ક્ષેત્ર અને કાળ અનુસાર ક્યાંક તેનું પ્રચલન વધુ હોય છે અને ક્યાંક તેનું પ્રચલન ઓછું હોય છે. ગુજરાતમાં કંદમૂળ ત્યાગનું ઘણું મહત્ત્વ હોવા છતાં આદુ-હળદરનું પ્રચલન છે. તેને માટે કોઈ ઊહાપોહ નથી. રાજસ્થાન વગેરે પ્રાંતમાં કંદમૂળનું પ્રચલન છે તે માટે ત્યાં તેનો વધારે ઊહાપોહ નથી. પરંતુ આગમમાં આ બધા કંદમૂળોનાં નામ એકી સાથે જ આવે છે. કોઈનું પણ વધારે કે ઓછું મહત્ત્વ શાસ્ત્રમાં નથી.

કોઈ પણ ખાદ્ય પદાર્થનો ત્યાગ તે શ્રેષ્ઠ છે તોપણ એકાંતિક પ્રરૂપણા આગમ સંમત નથી. અચિત્ત પદાર્થનો ઉપયોગ સાધુ કરી શકે છે. તે વાતને લઈને કોઈ કુતર્ક કરે કે અચિત્ત માંસ પણ મળી શકે છે, તેનો ઉપયોગ સાધુ કરી શકેને ? આવો પ્રશ્ન કરવો તે સર્વથા અવિવેક અને કુતર્ક છે. કારણ કે માંસનો આગમમાં એકાંતે નિષેધ છે. માંસભક્ષણને નરકનું કારણ બતાવેલ છે. મૂર્તિપૂજક પ્રાચીન આચાર્ય પણ લસણ સંબંધી સાત સૂત્રોનો અર્થ એવી જ રીતે કરે છે– તેઓના **સેન પ્રશ્ન** ગ્રંથમાં પણ અનેકાંતિક અર્થ કરેલ છે. છતાં કેટલાક લોકો દુરાગ્રહ અને અવિવેકથી કંદમૂળને માંસતુલ્ય કહીને તેનો નિષેધ કરે છે, તે યોગ્ય નથી.

ઉપરોક્ત વિચારણા અનેકાંત દષ્ટિ રજૂ કરવા માટે જ છે, પરંતુ કંદમૂળ વાપરવાની પ્રેરણા અર્થે નહિ. આ વાતનું પાઠકોએ ખાસ ધ્યાન રાખવું જોઈએ.

શેરડીમાં ઉપરની છાલ ઉતાર્યા પછી પણ તે કંઈક ઉજ્ઝિત ધર્મ (ફેંકવાનું) રહે છે અર્થાત્ ખાધા પછી પણ કંઈક થુંકવું પડે છે, પરંતુ તેનો અહીં નિષેધ નથી. તે વાત અહીંના વિધિ-નિષેધ સૂત્રોથી સ્પષ્ટ થાય છે.

**પ્ર.૭ : આ અધ્યયનમાં સાત અવગ્રહ પ્રતિમા કઈ કઈ બતાવી છે ?**

**જવાબ :** આજ્ઞા લેવા સંબંધી અર્થાત્ સ્થાન, મકાન ગ્રહણ સંબંધી અભિગ્રહ– નિયમોની સાત પડિમા કહી છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ પ્રકારે યોગ્ય, શાસ્ત્ર સમ્મત મકાન, શાસ્ત્રોક્ત વિધિનું પૂર્ણ રીતે પાલન કરતાં ગ્રહણ કરીશ. તેમાં કોઈ પણ દોષ કે અપવાદનું સેવન કે પ્રાયશ્ચિત્ત સ્થાનનું સેવન કરીશ નહીં. આવો અભિગ્રહ ન હોય તેવા શ્રમણ અપવાદનું સેવન કરી પ્રાયશ્ચિત્ત લઈ લે છે. આ અભિગ્રહો અંગે ચૌભંગી કહી છે જેમાં પોતાના માટે, અન્ય ભિક્ષુઓ માટે સ્થાનની યાચના કરવા કે ન કરવા સંબંધી વિષય ગ્રહણ કરેલ છે અને ઉપયોગમાં લેવા, ન લેવાનો સંકલ્પ છે. જેમ કે (૨) સ્વયં અને અન્યને

માટે તેમજ બંને માટે સ્થાનની યાચના કરીશ અને ઉપયોગમાં લઈશ. (૩) બીજા માટે સ્થાન ગ્રહણ કરીશ પણ બીજાએ ગ્રહણ કરેલ સ્થાનનો ઉપયોગ કરીશ નહીં. (૪) બીજા માટે સ્થાન ગ્રહણ કરીશ નહીં પણ અન્ય દ્વારા ગૃહિત સ્થાનનો ઉપયોગ કરીશ. (૫) અન્ય માટે સ્થાનની યાચના પણ કરીશ નહીં અને અન્ય દ્વારા ગૃહિત સ્થાનોનો ઉપયોગ પણ કરીશ નહીં, માત્ર મારા માટે જ ગ્રહણ કરીશ. (૬) જે મકાનમાં રહેવાનું થાય ત્યાંથી જ ઘાસ,પાટ વગેરે મળશે તો લઈશ, અન્ય સ્થાનથી લાવીશ નહીં (૭) મકાનમાં પણ ઘાસ,પાટ જ્યાં છે ત્યાં જ પ્રતિલેખના કરી ઉપયોગ કરીશ, પણ તેને સ્થાનાંતરિત કરીશ નહીં.

આ પ્રતિમાના અભિગ્રહમાં સ્વયં પર નિયંત્રણ છે તેમ સમજવું, પાંચમી પ્રતિમાવાળા જ્યાં રહ્યા હોય ત્યાં અન્ય સાધુ આવીને જગ્યાની અનુકૂળતાએ પોતે આજ્ઞા લઈ ઉતરે તો અભિગ્રહધારી સાધુ તેને ના ન કહી શકે. વિશિષ્ટ નિર્જરા અને વૃત્તિસંક્ષેપ અર્થે ગુઢઆજ્ઞા લઈ, પોતાની યોગ્યતા, ક્ષમતા પ્રમાણે, વિવેક સાથે, અકષાય ભાવનાથી અભિગ્રહ ધારણ કરવામાં આવે છે.

# અધ્યયન–૮ થી ૧૪

**પ્ર.૧ : આ અધ્યયનોને બીજી ચૂલિકા(ચૂડા) કેમ કહેવામાં આવે છે ?**

**જવાબ :** આગમના અવશેષ વિષયને અથવા પરિશેષ વિષયને કહેનારા નૂતન પરિશિષ્ટ રૂપ વિભાગને ચૂડા અથવા ચૂલિકા નામ આપવામાં આવે છે અથવા તે પ્રકરણને ચૂલિકા(ચૂડા)કહેવામાં આવે છે. જેમ કે દશવૈકાલિકમાં આચાર વિષયોના દસ અધ્યયન પછી બે ઉપયોગી શિક્ષા વિષયોને કહેનારા નવા વિભાગરૂપ બે અધ્યયનોને બે ચૂલિકા કહેવામાં આવે છે. જે વાસ્તવિક ઘટિત થાય છે.

પરંતુ આચારાંગ સૂત્ર સ્વયં બે શ્રુતસ્કંધ રૂપ છે. તેથી તે બે શ્રુતસ્કંધ રૂપ આચારાંગના પૂર્ણ થયા પછી બીજા નવા વિષયોને કહેનારા કોઈ પ્રકરણ હોય તો તેને ચૂલિકા કહેવામાં આવે તો તે ઉચિત કહેવાય પરંતુ સૂત્રના મૌલિક વિભાગરૂપ બીજા શ્રુતસ્કંધને જ ચૂલિકા કહી દેવી, એ બરાબર નથી. ચૂલિકા તો સૂત્રના વિભાગરૂપ શ્રુતસ્કંધોથી અલગ હોવી જોઈએ.

જો શ્રુતસ્કંધને જ પાંચ ચૂલિકા અને પાંચ ચૂલિકાને જ બીજો શ્રુતસ્કંધ કહી દેવામાં આવે તો પ્રથમ શ્રુતસ્કંધ પણ એક ચૂલિકા અથવા અનેક ચૂલિકા થઈ શકશે પરંતુ એવું કરવું અથવા કહેવું બરાબર નથી. તેથી વાસ્તવમાં





અધ્યયનોના સમૂહરૂપ બે શ્રુતસ્કંધ આચારાંગ સૂત્રના છે, એમ જ સમજવું જોઈએ. આચારાંગ સૂત્રમાંથી નિશીથસૂત્રની જુદી રચના થયા પછી જ ક્યારેક ચૂલિકાનું કથન થયું હોય, જેનો પ્રભાવ સૂત્રોના મૂળપાઠ પર પણ થયો છે.

આચારાંગ દ્વિતીય શ્રુતસ્કંધથી પ્રાયશ્ચિત્ત વિભાગરૂપ નિશીથસૂત્ર (પાંચ અધ્યયનાત્મક) જ્યારે અલગ કરવામાં આવ્યું ત્યારે તેની જગ્યાએ બીજા સૂત્રનાં બે અધ્યયન રાખવામાં આવ્યા અને તે બે અધ્યયનોને બે ચૂલિકા અને આગળ વધીને ક્યારેક પાંચ ચૂલિકા તેમજ સંપૂર્ણ શ્રુતસ્કંધ જ ચૂલિકા ભંડાર બનાવી દેવામાં આવ્યો, કહેવામાં આવ્યો. તેનો મૌખિક અને લેખિત પ્રચાર પણ થતો જ ગયો છે.

તેથી ટૂંકમાં સમજવાનું એ જ છે કે બીજા શ્રુતસ્કંધનાં બધાં અધ્યયન આચારાંગના શ્રુતસ્કંધ રૂપ વિભાગ છે. વિકૃત પરંપરાઓ અને અન્યોન્ય કારણો અને સંયોગોથી તે ચૂલિકા કહેવાય છે. તે જ કારણથી સમવાયાંગ સૂત્રમાં પણ આચારાંગની ચૂલિકાનું કથન છે.

**પ્ર.૨ : ''સ્થાન'' નામના આઠમા અધ્યયનનું હાર્દ શું છે ?**

**જવાબ :** ઊભા રહેવાની પ્રતિજ્ઞાવાળા વિશિષ્ટ સાધકનું આ પ્રકરણ છે. સાધકને પોતાને ઊભા રહેવાને માટે મકાન અથવા કોઈ સ્થાન ગ્રહણ કરવાનું હોય છે. તેથી શરૂઆતમાં સ્થાનની ગવેષણા સંબંધી વિષયનું સંક્ષિપ્ત કથન કરવામાં આવ્યું છે, જે શય્યા અધ્યયનમાં પહેલાં કહેવાઈ ગયું છે. વિસ્તૃત અપેક્ષાથી આ **સ્થાન** અધ્યયનમાં અને આગળના **નિષધા** અધ્યયનમાં મકાન સંબંધી તે ૧૪ સૂત્રોનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું છે. ત્યાર પછી સાધકના ઊભા રહેવાના ચાર પ્રકારના અભિગ્રહ કહેવામાં આવ્યા છે. જેમ કે– (૧) કોઈ અચેત કલ્પ્ય સ્થાનમાં ઊભો રહીશ. ક્યારેક અવલંબન પણ લઈશ, હાથ-પગને હલાવી શકીશ અને મર્યાદિત ક્ષેત્ર(રૂમ આદિ)માં વિચરણ (સંચરણ) પણ કરીશ. આ પહેલી પ્રતિજ્ઞા–અભિગ્રહનું સ્વરૂપ છે. (૨) બીજી પ્રતિમામાં સંચરણ બંધ કરી દેવામાં આવે છે. (૩) ત્રીજી પ્રતિમામાં હાથ-પગ હલાવવા બંધ કરી દેવામાં આવે છે. (૪) ચોથી પ્રતિમામાં આલંબન દિવાલ આદિનો સહારો પણ લેવામાં આવતો નથી.

ચારે પ્રકારની પ્રતિમા ધારણ કરનારા શરીરના વ્યુત્સર્ગનો અભ્યાસ આગળ વધારે છે અને કાયક્લેશ તપની સાથે ધ્યાન અને વ્યુત્સર્ગ તપ પણ કરે છે. તે સાધક આવી ઊભા રહેવાની સાધના આજીવન અથવા મર્યાદિત સમય માટે કરી શકે છે. જો લાંબા સમય માટે હોય તો તેમાં આહાર-નિહાર આદિમાં બેસવાની સંભાવના છે. તે સિવાય તે ઊભા જ રહે છે અથવા પ્રતિદિન

પણ મર્યાદિત સમયનો અથવા રાત્રિભરનો અભિગ્રહ કરી શકે છે. મૂળપાઠમાં આ પ્રતિમાઓના સમયના સંબંધમાં કોઈ ઉલ્લેખ નથી, વધારેમાં વધારે અથવા સંપૂર્ણ ઊભા રહેવું એ જ આ પ્રતિમાનું ધ્યેય છે. એમાં સૂવા અને બેસવાનો વધારે અથવા સંપૂર્ણ ત્યાગ જ હોય છે.

**પ્ર.૩ : નવમા નિષદ્યા અધ્યયનમાં શું વિશેષતા છે ?**

**જવાબ :** નિષદ્યાનો અર્થ બેસવું પણ છે, સ્વાધ્યાય કરવા માટે બેસવું, રહેવું પણ છે અથવા ભયજનક, શૂન્યસ્થાન, સ્મશાન આદિમાં રહેવું પણ છે. અલગ-અલગ પ્રસંગથી શાસ્ત્રમાં આ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અધ્યયનમાં એવા વિશિષ્ટ સાધકોની ચર્યાનું કથન છે કે જે બેસવાનો અભિગ્રહ કરે છે, તે ઊભા પણ રહી શકે છે પરંતુ સૂવાનો ત્યાગ તેમણે અવશ્ય કરવાનો રહે છે.

સ્થાનની ગવેષણા અને ચાર અભિગ્રહ પહેલાના અધ્યયનની સમાન જ છે. તેમાં પણ પ્રથમ પ્રતિમાવાળા, રૂમ આદિમાં સ્થાન પરિવર્તન કરી બેસી શકે છે. બીજી અને ત્રીજી પ્રતિમા પૂર્વ અધ્યયનની સમાન સમજવી. ચોથી પ્રતિમાવાળા કોઈ પણ સહારા વિના સ્થિરતાથી કાયોત્સર્ગ મુદ્રામાં બેસે છે. આ પ્રતિમાની સમયમર્યાદાનું કથન પણ આગમમાં સ્પષ્ટ નહીં હોવાથી તેને વૈકલ્પિક સમજી લેવું જોઈએ.

ઊભા રહેવાથી વિકારભાવોની સ્વતઃ નિર્મળતા થઈ જાય છે અને બેસી રહેવામાં વિકારભાવોનું કે કુતૂહલભાવોનું અસ્તિત્વ રહી શકે છે, માટે નિષદ્યા અભિગ્રહી સાધક સ્વાધ્યાય,ધ્યાન અથવા વ્યુસર્ગને માટે ક્યાંય કોઈ સ્થાનમાં અનેક સાધુ (૨–૩–૪)ભેગા થઈ જાય તો એકાંત થવા પર તે આપસમાં કોઈ પણ પ્રકારની આલિંગન, ચુંબન, સ્પર્શ આદિ કાયાની વિકૃત ચેષ્ટાઓ, વિકારોને જાગૃત યા પુષ્ટ કરનારી ચેષ્ટાઓ પરસ્પર ન કરે અર્થાત્ પરસ્પર સ્પર્શમાત્રનો પણ ત્યાગ રાખે. આ અધ્યયનમાં યુવા ઉંમરના સાધકોની અપેક્ષાએ કુતૂહલ માટેની વિશેષ સૂચના કરેલ છે.

**પ્ર.૪ : સાધુએ કયા સ્થાનોમાં મળ-મૂત્ર ત્યાગવા માટે ન જવું જોઈએ, ન પરઠવું જોઈએ, તેવા અકલ્પનીયસ્થાન કયા છે ?**

**જવાબ :** દસમા અધ્યયનમાં ઉચ્ચાર-પાસવણ સમિતિ સંબંધી સંસૂચન છે, તે આ પ્રમાણે છે– જ્યાં પૃથ્વી આદિ કોઈ પણ ત્રસ-સ્થાવર જીવોની વિરાધના થાય અને કોઈ પણ લોકોને પીડાકારી થાય, અવ્યવહારિકતા થાય, લોકોને અપ્રીતિ થાય, દ્વેષ ઉત્પન્ન થાય, એવા કોઈ પણ સ્થાનોમાં સાધુએ શૌચ નિવૃત્તિ માટે કે પરઠવા માટે ન જવું જોઈએ, ન બેસવું જોઈએ, એવા અનેક





સ્થાનોનાં નામ અધ્યયનમાં અલગ-અલગ સૂત્રોથી વિસ્તારપૂર્વક બતાવેલ છે.

જે જગ્યાએ અનેક ગૃહસ્થ, સજ્જન શૌચનિવૃત્તિ માટે જતાં હોય જે સ્થાન શૌચનિવૃત્તિને માટે કોઈની દ્વારા નિષિદ્ધ ન હોય અથવા તો કોઈ સ્થાનના માલિકની શૌચનિવૃત્તિ માટે સાધુને આજ્ઞા હોય અને તે સ્થાન સંયમવિધિને યોગ્ય તથા જીવ વિરાધનાવાળું ન હોય; એવા સ્થાનમાં સંયમ વિધિઓનું પાલન કરતાં શૌચ નિવૃત્તિ માટે સાધુ જઈ શકે છે, પરઠી શકે છે.

**પ્ર.૫ : મળ-મૂત્ર વિસર્જનની અથવા પરઠવાની સાધુની શું વિધિ બતાવેલ છે ?**

**જવાબ :** જો યોગ્ય અંતરે યોગ્ય અચિત્ત ભૂમિ શૌચ નિવૃત્તિને માટે ઉપલબ્ધ હોય અને યોગ્ય શારીરિક બાધા હોય તો શ્રમણ ત્યાં જઈ શકે છે. જતાં પૂર્વે તેમણે પોતાની સાથે જીર્ણ વસ્ત્રખંડ લઈ જવું આવશ્યક છે. જો જીર્ણ વસ્ત્રખંડ તેની પાસે ન હોય તો સાથી શ્રમણો પાસેથી યાચના કરીને લઈ જાય. તેનો ઉપયોગ શૌચ નિવૃત્તિ પછી અંગ વિશુદ્ધિ માટે, જળ શુદ્ધિની પૂર્વે કરવામાં આવે છે. જેનાથી થોડા જ પાણીથી અંગ શુદ્ધ થઈ શકે.

જ્યાં સૂર્યનો તાપ દિવસમાં ગમે ત્યારે આવતો હોય તેવા સ્થાનમાં બેસે. લોકોનું આવાગમન યા દષ્ટિ સંચાર ન હોય એવા સ્થાનમાં બેસે, કોઈ પણ પ્રકારની જીવ વિરાધના અર્થાત્ લીલું ઘાસ યા ત્રસજીવ, કીડી આદિની વિરાધના ન થાય તેનો વિવેક રાખે.

જે ગ્રામ આદિમાં બહાર જવા જેવી યોગ્ય જગ્યા ઉપલબ્ધ ન હોય અથવા શારીરિક બાધા અત્યંત વેગપૂર્વક હોય તો સાધુ પોતાના નિવાસ સ્થાનમાં જ એકાંતમાં અન્ય સાધુને પ્રતિકૂળ ન થાય અને ગૃહસ્થોનું આવાગમન ન હોય એવી જગ્યામાં જઈને પોતાના પાત્ર આદિમાં મળ-વિસર્જન કરીને પછી તેને વિવેકપૂર્વક લઈ જઈ યોગ્ય સ્થાનમાં સૂત્રોક્ત વિધિ-નિષેધોનું ધ્યાન રાખી પરઠી દે.

આ અધ્યયનમાંથી અને નિશીથ સૂત્રથી તથા અન્ય આગમ વર્ણનથી આ બંને પ્રકારની વિધિઓ સાધુના મળ વિસર્જનને માટે સ્પષ્ટ થાય છે. આ બંને વિધિઓને ગુઢ સાંનિધ્યથી સારી રીતે સમજી લીધા પછી અને પોતાના વિવેક અને નિર્ણયની ક્ષમતા થવા પર સાધુને મળ વિસર્જનમાં કોઈ ક્ષેત્રમાં દુવિધા જેવી સ્થિતિ રહેતી નથી. જો કોઈ ક્ષેત્રમાં બંને પ્રકારની વિધિઓથી પણ યોગ્ય પરિષ્ઠાપન સંભવ ન હોય તો તેવી જગ્યાએ સાધુએ રહેવું કલ્પતું નથી. પછી કોઈ પણ લાભના આગ્રહથી એવા સ્થાનોમાં જવું અથવા રહેવું સાધુને માટે ઉચિત નથી, સર્વથા વર્જીત છે.

કારણ કે એવા સ્થાનોમાં જવાની અથવા રહેવાની પ્રવૃત્તિ કર્યા પછી અનેક સાવદ્ય અને આગમ વિપરીત આચરણો કરવાની પ્રેરણા મળે છે અને ભાવના જાગે છે. પછી સંયમનું મુખ્ય લક્ષ, અનુકંપા ભાવ અને છ કાય રક્ષણનો ધીરે-ધીરે વિનાશ થાય છે. માટે યોગ્ય ક્ષેત્રોમાં પરિષ્ઠાપન ભૂમિથી સંપન્ન સ્થાનોમાં જ રહેવું જોઈએ.

**પ્ર.૬ : અગિયારમા અધ્યયનમાં શ્રવણ નિષેધનું શું તાત્પર્ય છે ?**

**જવાબ :** અગિયારમા અધ્યયનમાં વિસ્તારથી શ્રોતેન્દ્રિયના વિષયોનો, શબ્દ સ્થળોનો, દેશકાળના પ્રચલિત પ્રવર્તનોનો સંગ્રહ કરેલ છે. જે વર્ણન દ્વારા અનેક સાંસ્કૃતિક અને ઐતિહાસિક જાણકારીઓ પણ મળે છે. આ સંપૂર્ણ અધ્યયનના તાત્પર્યાર્થને અંતિમ એક સૂત્રમાં પુનઃ સમાવિષ્ટ કરી દીધેલ છે કે– જોયેલું ન જોયેલું, સાંભળેલું ન સાંભળેલું, મનુષ્ય સંબંધી, દેવ સંબંધી, કમનીય, આકર્ષક શબ્દોનાં શ્રવણમાં આકર્ષિત ન થવું, તેને સાંભળવામાં કુતૂહલતા પ્રાપ્ત ન થવી અર્થાત્ કોઈ ચીજોનાં શબ્દો, ગીતો, વાજિંત્રોની ધ્વનિ સાંભળવાની ઈચ્છા ન રાખવી. તે પ્રવૃત્તિઓ આસક્તિનું મૂળ છે અને આસક્તિની પ્રેરક પણ છે. સાધુનું જીવન સ્વાધ્યાયશીલ અને વિરક્તિ ભાવોમાં ઓતપ્રોત રહેવું જોઈએ. કુતૂહલવૃત્તિ અને જ્યાં-ત્યાં ભ્રમણ કરતા રહેવાની પ્રવૃત્તિ સંયમ સાધનાની આરાધના માટે યોગ્ય નથી. તેનાથી સંયમ પર્યાયોની, સંયમ ધનની હાનિ થાય છે. શ્રોતેન્દ્રિયની આસક્તિથી જીવ કર્મોની વૃદ્ધિ કરે છે, સંસારની વૃદ્ધિ કરે છે. તે પ્રકારનું કથન ભગવતી સૂત્રમાં જયંતિ શ્રાવિકાના પ્રશ્નોત્તરોમાં છે. માટે આ અધ્યયનમાં સાધુને માટે શ્રોતેન્દ્રિયની સૂક્ષ્મ યા સ્થૂલ સમસ્ત આસક્તિ અને તે સંબંધી પ્રવૃત્તિઓનો નિષેધ કરવામાં આવેલ છે. શ્રવણ પ્રવૃત્તિથી સાવદ્ય કાર્યોનું અનુમોદન પણ થાય છે તેમજ આત્મા પુદ્ગલાનંદી બનવાની તરફ અભિમુખ થાય છે, જેથી આત્માભિમુખતાનો નાશ થાય છે.

**પ્ર.૭ : બારમા રૂપ આસક્તિ અધ્યયનમાં શું વિશેષતા છે ?**

**જવાબ :** શબ્દ શ્રવણ શ્રોતેન્દ્રિયના વિષયની આસક્તિનું પરિણામ છે અને રૂપ જોવું કે દશ્ય જોવા તે ચક્ષુઈન્દ્રિયના વિષયની આસક્તિનું પરિણામ છે. આ બંને આસક્તિઓમાં ઔદારિક શરીરને પુદ્ગલ પોષણ મળતું નથી. ફક્ત ઈચ્છામનની તૃપ્તિ અને કાર્મણ શરીરની અર્થાત્ કર્મોની પુષ્ટિ થાય છે. આ શબ્દ અને રૂપની આસક્તિ પરંપરાથી વિકાર ભાવોની પોષક છે, અન્ય વર્ણન છટ્ઠા પ્રશ્નોત્તરની સમાન સમજવું. બંને અધ્યયનમાં અનેક સૂત્ર સમાન છે. ચાર પ્રકારના વાજિંત્રનાં સૂત્રો **રૂપ** અધ્યયનમાં નથી. શેષ સર્વ શ્રવણનાં સ્થાનો દર્શનીય સ્થાનના રૂપમાં પણ ઉપયુક્ત થઈ જાય છે. ચિત્રકર્મ,





કોતરણીકાર્ય, અન્ય પણ કલાકૃતિનાં સ્થળોને જોવા જવાનું સૂત્ર પ્રસ્તુત **રૂપ** અધ્યયનમાં વિશેષ છે.

**પ્ર.૮ : પરક્રિયાનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** તેરમા અધ્યયનમાં પરક્રિયાનો નિષેધ છે અર્થાત્ ગૃહસ્થ દ્વારા સાધુના શરીર સંબંધી અરસ-પરસની કોઈ પણ પ્રવૃત્તિ ન કરાવવી જોઈએ. તેનાથી ગૃહસ્થ અને સાધુનું મિશ્રપણું(એકમેકતા) થઈ જાય છે. ગૃહસ્થ સેવા અથવા મોહભાવ વૃદ્ધિથી કર્મબંધ થાય છે. **णो सायए**= મનથી અનુમોદન ન કરે. **णो णियमे**= વચન-કાયાથી આદેશ-નિર્દેશ પણ ન કરે.

**પ્ર.૯ : શું સાધુ ગૃહસ્થ દ્વારા ઔષધ ઉપચાર કરાવી શકે ? મંત્ર-તંત્રથી ઉપચાર કરાવી શકે છે ?**

**જવાબ :** આ તેરમા અધ્યયનના અંતિમ સૂત્રમાં શુદ્ધ યા અશુદ્ધ મંત્રોના ઉચ્ચારણથી ચિકિત્સા કરવાનો નિષેધ કરેલ છે. અશુદ્ધનો અર્થ આરંભજનક શબ્દ ઉચ્ચારણથી છે. આ જ રીતે વનસ્પતિનું છેદન ભેદન, ઉકાળવું આદિ પ્રક્રિયા કરાવવી પડે, એવો ઉપચાર કરાવવાનો પણ નિષેધ છે. અંતે કહ્યું છે કે કર્મોનું ફળ અત્યંત કડવું હોય છે. તેના કારણે જ જીવ દુઃખ પામે છે. છતાં પણ તે જીવ આરંભ ક્રિયા, પાપાચરણ કરી પુનઃ અશાતા વેદનીયનો સંગ્રહ કરે છે. માટે સાવદ્ય ચિકિત્સા કરાવવી ન જોઈએ. અહિં સાધુને રોગ પરીષહ સહન કરવાના આદર્શમાં રહેવાની પ્રેરણાથી નિર્વદ્ય મંત્ર પ્રયોગથી ચિકિત્સાનો પણ નિષેધ કરવામાં આવેલ છે. **खणित्तु**= ખોદીને, **कड्डित्तु**= કાઢીને, **तेइच्छ आउट्टा विज्जा**= ચિકિત્સા કરે, કરવા લાગે, કરવા ઈચ્છે.

**પ્ર.૧૦ : અન્યોન્ય ક્રિયાનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** સાધુ-સાધુ અથવા સાધ્વી-સાધ્વી પરસ્પર પણ અકારણ કે ગાઢાગાઢ કારણ વિના એક બીજાના શરીરનો સ્પર્શ, મર્દન આદિ સૂત્રોક્ત નિષિદ્ધ કાર્યો ન કરે, એ જ આ ચૌદમા અધ્યયનના વર્ણનનો ખાસ આશય છે. સૂત્રાલાપક ''પરક્રિયા'' અધ્યયનની સમાન છે. યથાસંભવ સમસ્ત સૂત્ર વિષયોને અહીં સાધુઓના પરસ્પર સંબંધ અંગે સમજી લેવા જોઈએ. આ નિષેધ અકારણ કે સામાન્ય નામ માત્રના કારણની અપેક્ષાએ છે. વિશિષ્ટ પરિસ્થિતિમાં સેવા ભાવના સંબંધી પ્રવૃત્તિઓનું સૂત્રમાં નિષેધ નથી. અહીં નિષેધનો ઉદ્દેશ્ય મોહ વૃદ્ધિના ભાવોનો નિગ્રહ અને સ્વાધ્યાય રમણતામાં સંયમના સમયનો અધિકતમ ઉપયોગ હોવાને માટે તથા પરસ્પર નિરર્થક પ્રવૃત્તિઓ ન વધે તેના માટે વિસ્તૃત કથન કરવામાં આવેલ છે.

# અધ્યયન–૧૫ : ભાવના

**પ્ર.૧ : આ અધ્યયનમાં મુખ્ય કયા વિષયનું વર્ણન છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ 'ભાવના' છે. તેમાં ભગવાન મહાવીર સ્વામીનો જીવન પરિચય અને મહાવ્રતોની ભાવનાઓનું વર્ણન છે.

**પ્ર.૨ : આ અધ્યયન મૌલિક છે કે સંકલિત છે ?**

**જવાબ :** આ અધ્યયન ઠાણાંગ સૂત્રના દસમા સ્થાનમાં બતાવેલ **બંધ દશા સૂત્રમાંથી** અહીં સંકલિત છે. તે બંધદશા સૂત્રમાં રહેલ અધ્યયનમાં પચીસ ભાવનાઓનું વિસ્તારથી વર્ણન છે. આચારાંગમાં સંકલિત કર્યા પછી તેની સાથે કોઈ સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો જીવન પરિચય, પરિવાર પરિચય, દીક્ષાવિધિ વગેરેનું સંકલન કલ્પસૂત્રના આધારે યોગ્ય સમજીને કરવામાં આવેલ છે. તેથી વર્તમાને આ અધ્યયન આચારાંગના મૌલિક અધ્યયન રૂપે સ્વીકાર્ય છે. કેમ કે તે સૂત્રથી સંકલિત સંપાદિત વિષય મૌલિક રૂપમાં તો ગણધર રચિત જ છે.

આ પંદરમા સોળમા અધ્યયન સંબંધી કંઈક ઐતિહાસિક સ્પષ્ટીકરણ બીજા શ્રુતસ્કંધના પરિચયમાં પ્રશ્ન નં. ૨ માં કરવામાં આવ્યું છે.

**પ્ર.૩ : પાંચ કલ્યાણક અને છ કલ્યાણક શું છે ?**

**જવાબ :** તીર્થંકરોનાં (૧) જન્મ (૨) દીક્ષા (૩) કેવળજ્ઞાન અને (૪) નિર્વાણ આ ચારે ય પ્રસંગોમાં મહોત્સવ કરવા માટે ચોસઠ ઈંદ્રો અને હજારો દેવ-દેવીઓ આ મનુષ્ય લોકમાં આવે છે. આ ચાર પ્રસંગોમાં લોકમાં દેવોના આવાગમન ક્ષેત્રમાં પ્રકાશ થાય છે. તેને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ સૂત્ર અનુસારે 'મહોત્સવ' કે 'મહિમા' શબ્દથી ઓળખાય છે. પરંતુ **પંચ કલ્યાણક** અથવા **છ કલ્યાણક** એવા શબ્દો બત્રીસ શાસ્ત્રના મૂળપાઠમાં નથી. આવા શબ્દો પ્રાચીન આગમકાલીન પણ નથી. **કલ્યાણક** શબ્દ પણ મૌલિક આગમોમાં મળતો નથી, પાછળથી કલ્પનાનો શબ્દ છે.

ઉપરોક્ત ચાર પ્રસંગોમાં ગર્ભમાં આવવાનો પ્રસંગ મેળવીને પાંચ અને ગર્ભસંહરણ પ્રસંગને મેળવી છની સંખ્યા કરાય છે. આ બે પ્રસંગોમાં ઈન્દ્ર, દેવ-દેવીઓ આવતા નથી. છતાં તેની સાથે કલ્યાણક શબ્દ જોડવાની પરંપરા થઈ રહી છે. આ પ્રકારે પંચ કલ્યાણક અને છ કલ્યાણક એ બંનેમાંથી કોઈ પણ આગમના શબ્દો નથી.

આ ભાવના અધ્યયનમાં ભગવાન મહાવીરના ગર્ભસંહરણ સહિત





છ પ્રસંગ બતાવેલ છે. પ્રસ્તુતમાં કહ્યું છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જીવનમાં પાંચ પ્રસંગો ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર અને ચંદ્રના યોગ કાલમાં થયેલ છે અને તેમનું નિર્વાણ સ્વાતિ નક્ષત્રના ચંદ્ર સંયોગમાં થયેલ છે. અહીંના આ કથનમાં પણ કલ્યાણક શબ્દનો પ્રયોગ નથી.

ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને પણ આગમની અલંકારિક ભાષામાં **હસ્તોત્તર** કહેવામાં આવેલ છે. જેનો અર્થ છે કે હસ્ત નક્ષત્ર જેના પછી છે તે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ભગવાનના જન્મ આદિ પ્રસંગો થયેલ છે.

**પ્ર.૪ : ભગવાન મહાવીર દેવલોકના કયા વિમાનથી આયુષ્ય પૂર્ણ કરી આ મનુષ્યભવમાં આવ્યા હતા ?**

**જવાબ :** ભગવાન મહાવીર દસમા દેવલોકના જે વિમાનમાં દેવ હતા તે વિમાનનું શાસ્ત્રમાં વર્ણન આ પ્રકારે છે– "મહાવિજય સિદ્ધાર્થ પુષ્પોત્તરવર પુંડરીક દિશા સ્વસ્તિક વર્ધમાન મહાવિમાન" થી વીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી અષાઢ સુદ છઠ્ઠના દિવસે ભગવાન દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં ગર્ભ-રૂપે ઉત્પન્ન થયા. વિમાનનું આ નામ આ અધ્યયનના મૂળપાઠમાં છે.

**પ્ર.૫ : મહીનાઓનો પ્રારંભ વદ પક્ષથી થાય કે સુદ પક્ષથી ?**

**જવાબ :** અનેક આગમોના વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે દરેક મહીનાનો પ્રારંભ વદપક્ષથી થાય છે અને ત્યાર પછી સુદપક્ષ હોય છે. આ અધ્યયનમાં આવેલ પાઠથી પણ એ જ સિદ્ધ થાય છે. જેમ કે– (૧) શ્રમણ ભગવાન મહાવીર ઉનાળાના ચોથા મહીનાના આઠમાં પક્ષ, અષાઢ સુદ છઠ્ઠના દિવસે દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા. (૨) વર્ષાકાળના ત્રીજા મહીના, પાંચમા પક્ષ, આસો વદ તેરસના દિવસે ભગવાનનું સંહરણ થયું. (૩) ઉનાળાના પહેલા મહીનાના બીજા પક્ષ ચૈત્ર સુદ તેરસના દિવસે ભગવાનનો જન્મ થયો. (૪) શિયાળાના પહેલા મહીના અને તેના પહેલા પક્ષ, માગસર વદ દસમીના દિવસે ભગવાન દીક્ષિત થયા. (૫) ઉનાળાના બીજા મહીનાના ચોથા પક્ષ વૈશાખ સુદ દસમના દિવસે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

આ પાંચ વાક્યોથી સ્પષ્ટ થાય છે કે ત્રણ ૠતુ છે; ચૈત્ર, શ્રાવણ અને માગસર, એ તેનાં પ્રથમ મહીનાઓ છે. દરેક મહીનામાં પહેલાં વદપક્ષ હોય, પછી સુદપક્ષ હોય છે. આ વાત પક્ષ અને મહીનાની બતાવેલ સંખ્યાથી સ્પષ્ટ થાય છે. ભગવાનના મોક્ષગમનના પાઠમાં પણ આજ રીતની પુષ્ટિ થાય છે. જે અન્ય સૂત્રમાં આ પ્રકારે છે– વર્ષાકાળના ચોથા મહીનાનો, સાતમો પક્ષ, કાર્તિક વદ અમાસના દિવસે ભગવાન સિદ્ધ બુદ્ધ મુક્ત થયા.

આ પ્રકારના સ્પષ્ટ પાઠોથી એ સિદ્ધ થાય છે કે મહીનાનો પ્રારંભ

વદપક્ષથી માનવો જોઈએ, સુદપક્ષથી પ્રારંભ માનવો આગમ સંમત નથી.

**પ્ર.૬ : ભગવાનને જન્મથી અવધિજ્ઞાન હતું તો ગર્ભમાં તેઓએ જ્ઞાનનો ઉપયોગ ક્યારે કર્યો હતો ?**

**જવાબ :** જ્ઞાન અનુગામી છે એટલે અનેક ભવ ભવાંતરમાં સાથે જાય છે. માટે દેવલોકથી આવનારા કેટલાક પુણ્યવાન જીવો ત્યાંનું અવધિજ્ઞાન સાથે લઈને જન્મે છે. બધા તીર્થંકર તો નિયમથી અવધિજ્ઞાન સાથે લઈને જ ગર્ભમાં આવે છે. તેઓનું તે અવધિજ્ઞાન, કેવળજ્ઞાન ઉત્પત્તિ સુધી ટકી રહે છે એટલે કે જીવનમાં વચ્ચે ક્યારે ય નષ્ટ થતું નથી. તેઓ જ્યારે પણ ઉપયોગ જોડે ત્યારે તે અવધિજ્ઞાન સંકલ્પ અનુસાર પરોક્ષ પદાર્થોને જાણી, જોઈ શકે છે.

પ્રસ્તુત અધ્યયનમાં બતાવેલ છે કે દેવલોકનું આયુષ્ય સમાપ્ત થવાનું છે, હું ગર્ભમાં આવી ગયો છું, મારું સંહરણ થશે, સંહરણ થઈ રહ્યું છે અને સંહરણ થઈ ગયું છે એટલી વાતો ભગવાન તે સમયે જ અવધિજ્ઞાનથી જાણતા હતા. એક ગતિથી મરીને બીજી ગતિમાં જવામાં જીવને એક, બે કે ત્રણ સમય લાગે છે. એટલા સૂક્ષ્મ સમયને ભગવાન તે સમયે નથી જાણતા. કારણ કે અવધિજ્ઞાનીનો ઉપયોગ પણ અસંખ્ય સમયનો જ હોય છે. માટે ત્રણ સમયનો પ્રસંગ તેના જ્ઞાનમાં ગ્રહણ થતો નથી.

ગર્ભકાલમાં પ્રભુએ માતાની મમતાના ભાવોને અવધિજ્ઞાનથી જાણીને, માતાના અનુકંપા ભાવે રોકી દીધેલ હલનચલનને ફરીથી ચાલુ કર્યું હતું અને પ્રતિજ્ઞા પણ તે જ વખતે કરી હતી કે માતા-પિતાના જીવનકાલ સુધી હું દીક્ષા લઈશ નહીં. આ પ્રતિજ્ઞા અનુસારે અટ્ઠાવીસ વર્ષની ઉંમરે માતા-પિતાના સંથારાપૂર્વક દિવંગત થઈ ગયા પછી જ પ્રભુએ દીક્ષાનો નિર્ણય ભાઈની સમક્ષ રજૂ કર્યો હતો. તેનું વિસ્તૃત વર્ણન આ અધ્યયનમાં નથી તેમ છતાં પ્રતિજ્ઞાનો સંકેત આ અધ્યયનમાં **समत्त पइण्णे** આ શબ્દથી કરેલ છે. આ પ્રકારે ગર્ભમાં અવધિજ્ઞાનના ઉપયોગની વાત સૂત્રમાં આવેલ છે.

**પ્ર.૭ : ભગવાનનું ગર્ભકાલમાં સંહરણ શા માટે થયું ? શું બ્રાહ્મણ જાતિ નીચ કુળમાં ગણાય ખરી ?**

**જવાબ :** આ અધ્યયનનમાં ભગવાનના ગર્ભ સંહરણની તિથિ બતાવેલ છે. તેની સાથે એટલું જ કહેવાયું છે કે ભગવાન મહાવીર સ્વામીના ભક્ત દેવે પોતાના પરંપરાનુગત ધ્રુવાચાર સમજીને અથવા શક્રેન્દ્રની આજ્ઞા થવા પર પોતાનું કર્તવ્ય સમજીને ભગવાનના ગર્ભનું સંહરણ કર્યું. આ પ્રકારે તેનો ભાવાર્થ છે. શક્રેન્દ્ર દ્વારા આદેશ દેવાનું કે તેની પાછળ રહેલા કારણનું વર્ણન અહીં નથી. કલ્પસૂત્રમાં તે વર્ણન છે. જે આ પ્રમાણે છે–





શક્રેન્દ્ર દેવે જ્યારે એ જાણ્યું કે ચોવીસમાં તીર્થંકર દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં આવ્યા છે. ત્યારે તેમણે વિચાર્યું કે ''તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષો (૧) અંત્યકુળ(ક્ષુદ્ર) (૨) પ્રાંતકુળ(અધર્મી) (૩) તુચ્છકુળ (નાનો પરિવાર) અથવા અપ્રસિદ્ધકુળ કે હજામ, ધોબી વગેરે (૪) દરિદ્રકુળ (ગરીબ) (૫) કૃપણકુળ(દાન નહીં આપનાર) (૬) ભિક્ખકુળ(ભિક્ષાથી જીવન ચલાવનારા કે ભોજન માંગનારા) (૭) બ્રાહ્મણકુળ, આ બધા કુળોમાં ઉત્પન્ન થતાં નથી. પરંતુ (૧) ઉગ્રકુળ (૨) ભોગકુળ (૩) રાજન્યકુળ (૪) ઈક્ષ્વાકુકુળ (૫) ક્ષત્રિયકુળ (૬) હરિવંશકુળ વગેરે, આવા કુળોમાં જેના માતૃ-પિતૃકુળ અકલંકિત હોય ત્યાં ઉત્પન્ન થાય છે.'' આવો વિચાર કરીને શક્રેન્દ્રે હરિણગમેષી દેવને આદેશ આપ્યો હતો.

ઉપર કહેલ આ શાસ્ત્રના મૌલિક વર્ણનમાં બ્રાહ્મણ માટે કે અન્ય કોઈને માટે **નીચકુલ** શબ્દનો પ્રયોગ છે જ નહીં તથા અંત, પ્રાંત, દ્રરિદ્ર, તુચ્છ અને યાચક કુળોમાં પણ બ્રાહ્મણનો સમાવેશ ન કરતાં તેને ઉક્ત બધાં કુળોથી સ્વતંત્ર કહેલ છે. ઉત્તમ પુરુષોનાં ગર્ભમાં આવનારા કુળોની નામાવલિ માટે પણ ઊંચ કુળ શબ્દનો પ્રયોગ કરેલ નથી અને તે કુળોમાં વણિક–વૈશ્યકુળને પણ કહેલ નથી. આ રીતે જે કુળોમાં જન્મે છે અને જે કુળોમાં નથી જન્મતા તે બંને પ્રકારનાં કુળોનાં નામોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તાત્પર્ય એ છે કે બ્રાહ્મણ અને વૈશ્ય બંને કુળોમાં તીર્થંકર જન્મ લેતા નથી, તે માત્ર ક્ષત્રિય કુળમાં જન્મ ધારણ કરે છે. આ રીતે સૂત્રમાં બ્રાહ્મણ કે વૈશ્ય કોઈને પણ નીચ કે ઊંચ કુળના બતાવવાનો શાસ્ત્રકારનો આશય નથી.

આ પ્રકારે શાસ્ત્રના મૂળપાઠમાં ઊંચ કે નીચ કુળ એવા શબ્દ છે જ નહીં પરંતુ પરંપરાથી અવિવેકજન્ય ભાષાના પ્રયોગથી આ પ્રકારના શબ્દો બોલવાની પ્રથા થઈ ગયેલ છે, તે યોગ્ય નથી. પરંપરાથી એમ પણ કહેવાય છે કે''મરીચિના ભવમાં અહંભાવના કારણે બંધાયેલા નીચ ગોત્ર કર્મ બાકી રહેવાથી તેને ભોગવવા માટે ભગવાનને બ્રાહ્મણના કુળમાં જન્મ ધારણ કરવો પડ્યો.'' આ કથન પણ આગમથી વિપરીત છે. તેનું કારણ આ પ્રકારે છે– મરીચિના જીવને પૂર્વે નયસારના ભવમાં સમકિત પ્રાપ્ત થયું હતું. એક વાર સમકિત આવ્યા પછી કોઈ પણ જીવ એક ક્રોડાક્રોડ સાગરોપમથી વધુ સ્થિતિનાં કર્મોનો બંધ કરતા નથી. મરીચિ અને ભગવાન મહાવીરના ભવ વચ્ચે એક ક્રોડાક્રોડ સાગરોપમથી વધારે સમય થાય છે. માટે મરીચિ સંબંધી કથન પણ વિચાર્યા વિના જ કલ્પનાથી પ્રચલિત થઈ ગયેલ છે. જીવોને નીચ ગોત્ર કર્મથી બ્રાહ્મણ કુળ મળે છે, એ કથન પણ મન કલ્પિત જ છે. એવો કોઈ પાઠ કોઈ

પણ શાસ્ત્રમાં છે જ નહીં અને તેની પાછળ કોઈ શાસ્ત્રનો આધાર પણ નથી.

બ્રાહ્મણ કુળને શાસ્ત્રમાં કોઈ પણ જગ્યાએ અપવિત્ર કહેવાયેલ નથી પરંતુ તેને સન્માનનીય અને પવિત્ર કુળમાં ગણાવેલ છે. બ્રાહ્મણ કુળમાં ગોચરી જવાનું અને તેઓને ધર્મી કે શ્રમણ બનાવવાનો પણ નિષેધ નથી. અનિંદિત અને અગર્હિત કુળોમાં તેને સ્પષ્ટ રૂપે ગણાવેલ છે અર્થાત્ બ્રાહ્મણ કુલને નિંદિત-ગર્હિત કુલમાં કહેલ નથી. દીક્ષા દેવાનાં અયોગ્ય કુલમાં પણ તેઓની ગણતરી કરેલ નથી.

તીર્થંકરથી બીજા ક્રમમાં આવતાં લોકપૂજ્ય અને શ્રમણ શિરોમણી પદ ઉપર પ્રભુ મહાવીરે બધા જ બ્રાહ્મણ ગોત્રીય ઉચ્ચ આત્માઓને નિયુક્ત કર્યા હતા, ગૌતમાદિની સાથે પ્રારંભથી લઈને અંત સુધી સદાય સમ્માનપૂર્વક જ વ્યવહાર રાખ્યો હતો. પોતાના ધર્મશાસનના પ્રાણસમા દ્વાદશાંગી આગમની મૌલિક રચના અને સંપાદનનું કાર્ય પણ બધા બ્રાહ્મણ ગોત્રીય ગૌતમાદિક ગણધરોની જવાબદારીમાં રાખેલ હતું. પ્રભુના આ સમસ્ત વ્યવહારો તેઓનું અપમાન નહીં પરંતુ સમ્માન જ કહેવાય છે.

સાર એ છે કે બ્રાહ્મણ કુળને નીચ કુળ માનવું એ એક પ્રકારની, ભ્રમથી ઉત્પન્ન થયેલી પરંપરા છે અને ભગવાન મહાવીર માટે નીચ ગોત્રના ઉદયથી બ્રાહ્મણ થવાની વાત પણ સમજ વગરની છે. તીર્થંકર વગેરે ઉત્તમ પુરુષો ક્ષત્રિય આદિ ઉપર કહેલ છ કુલોમાં જ જન્મ ધારણ કરે એ સ્વાભાવિક જ છે અર્થાત્ અનાદિ **સ્વભાવ** છે. તેઓ વણિક(વૈશ્ય)કુલમાં પણ જન્મ લેતા નથી. માટે શક્રેન્દ્રે સંહરણ કરવાનો આદેશ આપ્યો હતો.

ઠાણાંગ સૂત્રમાં કહેલાં દસ આશ્ચર્યમાં ભગવાનના ગર્ભસંહરણ થવાના પ્રસંગને તીર્થંકર જેવા અર્થાત્ મહાપુરુષને એક ગર્ભમાં સ્થિરતાથી નહીં રહેતાં, એક ગર્ભથી બીજા ગર્ભમાં ફેરવવાના પ્રસંગને લોકનું આશ્ચર્ય કહેલ છે. પરંતુ બ્રાહ્મણના કુળમાં આવવાનું આશ્ચર્ય થયું, એમ કહ્યું નથી. આ આશ્ચર્ય માટે ઠાણાંગ સૂત્રનો શબ્દ છે– **ગબ્ભહરણ**। ઠાણાંગ સૂત્રનાં દસ આશ્ચર્ય કહેનાર તે સૂત્રમાં પણ ઊંચ કુળ કે નીચ કુળની કોઈ વાત જ નથી.

**પ્ર.૮ : ભગવાન મહાવીરના જન્મ સંબંધી અને પરિવાર સંબંધી આ અધ્યયનમાં જાણવા જેવી વિશેષતાઓ શું છે ?**

**જવાબ :** (૧) ભગવાન મહાવીર પૂર્વ ભવમાં દસમા દેવલોકમાં હતા. (૨) ભગવાનની ગર્ભમાં આવવાની તિથિ અષાઢ સુદ છઠ હતી. તેમની જન્મ તિથિ ચૈત્ર સુદ તેરસ, દીક્ષા તિથિ માગશર વદ દશમ, કેવળજ્ઞાન તિથિ વૈશાખ સુદ દશમ છે. નિર્વાણ તિથિ કારતક વદ અમાસ છે અને ગર્ભસંહરણ તિથિ આસો





વદ તેરસ છે. (૩) ભગવાન પૂર્વભવથી અવધિજ્ઞાન સાથે જ લાવ્યા હતા અને તે જે કેવલજ્ઞાન પ્રાપ્ત થવા સુધી રહ્યું હતું. (૪) ચોથા આરાના પંચોતેર વર્ષ અને સાડા આઠ મહીના શેષ રહ્યા હતા ત્યારે ભગવાન ગર્ભમાં આવ્યા હતા. (૫) ભગવાનની પહેલી માતા દેવાનંદા બ્રાહ્મણી અને પિતા ઋષભદત્ત બ્રાહ્મણ હતા. તેના લોક પ્રસિદ્ધ માતા-પિતા ત્રિશલા રાણી અને સિદ્ધાર્થ રાજા હતા. (૬) ભગવાનના જન્મ સમયે ૬૪ ઈન્દ્ર અને દેવ-દેવીઓ દ્વારા જન્મ મહોત્સવ ઉજવાયો હતો. તે વખતે દેવોએ અમૃતની, સુગંધી દ્રવ્યોની, ગુલાલ વગેરે માંગલિક ચૂર્ણોની, અચિત્ત ફૂલોની, સોનાની અને રત્નોની વૃષ્ટિ કરી હતી. (૭) શ્રમણ ભગવાન મહાવીરનાં ત્રણ નામ હતા– માતા-પિતા દ્વારા **વર્ધમાન**, પોતાના દ્વારા **શ્રમણ** અને ભીમ ભયાનક કષ્ટો સહનારા હોવાથી દેવો દ્વારા **મહાવીર** નામ આપવામાં આવ્યું હતું. (૮) ભગવાનના પિતાનાં ત્રણ નામ હતા– સિદ્ધાર્થ, શ્રેયાંશ, યશસ્વી (૯) ભગવાનની માતાનાં ત્રણ નામ હતા– ત્રિશલા, વિદેહદિન્ના, પ્રિયકારિણી. (૧૦) કાકાનું નામ સુપાર્શ્વ. (૧૧) મોટા ભાઈનું નામ નંદિવર્ધન. (૧૨) મોટી બેનનું નામ સુદર્શના (૧૩) પત્નીનું નામ યશોદા, કોડિન્યગોત્રી. (૧૪) પુત્રીનાં બે નામ– અનોજા અને પ્રિયદર્શના. (૧૫) દુહિત્રીનાં બે નામ– શેષવતી અને યશવતી. (૧૬) ભગવાનના માતા-પિતા ત્રિશલા અને સિદ્ધાર્થ પાર્શ્વનાથ તીર્થંકરના અનુયાયી શ્રમણોપાસક હતા. અંતે સંલેખના સંથારા સહિત શ્રાવક વ્રતોની આરાધના કરી બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મુક્ત થશે. દેવાનંદા અને ઋષભદત્ત તે બંને માતા-પિતા ભગવાન પાસે દીક્ષા લઈને તે જ ભવે મોક્ષ પધાર્યા.

**પ્ર.૯ : ભગવાનની દીક્ષા સંબંધી શી વિશેષતાઓ આ અધ્યયનમાં વર્ણવેલી છે ?**

**જવાબ :** (૧) માતા પિતાનો સ્વર્ગવાસ થયા પછી પોતાની ગર્ભમાં કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ થતાં ભગવાને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. (૨) એક વર્ષ પ્રભુએ વર્ષીદાન કર્યું– તેમાં દરરોજ એક કરોડ, આઠ લાખ મુદ્રા અને વર્ષમાં ત્રણસો અઠયાસી કરોડ, એંસી લાખ મુદ્રા દાનમાં આપી. (૩) લોકાંતિક દેવો પોતાના જીતાચારથી દરેક તીર્થંકરને દીક્ષા માટે પ્રોત્સાહિત અને પ્રેરિત કરે છે. (૪) વૈશ્રમણ દેવ ધન ભંડાર ભરી દે છે. (૫) ચોસઠ ઇન્દ્રો તીર્થંકરની જન્મ નગરીમાં ઋદ્ધિ સાથે આવ્યા. આકાશમાં ભૂમિથી કંઈક ઊંચે વિમાનને રોક્યું. (૬) મંડપ રચના કરી, ભગવાનને સ્નાન, માલિસ વગેરે જન્માભિષેક ક્રિયા શક્રેન્દ્રએ કરી. (૭) ત્રણ પટે કરી સિંચેલ અને સાધિત શીતળ ગોશીર્ષ રક્તવર્ણી ચંદનથી

ભગવાનના શરીરને લેપન કર્યું. (૮) એક લાખ સોનૈયા મુદ્રાના મૂલ્યવાળા વસ્ત્રોની જોડીને ધારણ કરાવી. ***(અહીં ગદ્યપાઠમાં એક લાખના મૂલ્યનો પાઠ ભૂલથી ચંદનના પાઠ સાથે જોડાઈ ગયેલ છે, તે અશુદ્ધ છે. કારણ કે તેના પછીની ગાથામાં જ એ વિશેષણ વસ્ત્ર માટે પ્રયોગ કરેલ છે જે પૂર્ણ રૂપે ઉપયુક્ત છે.)*** વિવિધ અલંકારોથી ભગવાનને વિભૂષિત કર્યા. પછી વૈક્રિય શક્તિથી શક્રેન્દ્રે વિવિધ ચિત્રોથી ચિત્રિત, રમણીય, દર્શનીય અને એક હજાર માણસ ઉઠાવી શકે એટલે કે તેની નીચે ઊભા રહી શકે એવી શિબિકા–પાલખી તૈયાર કરી. (૯) ભગવાન મહાવીર સ્વામી છઠની તપસ્યામાં વિશુદ્ધ પરિણામોની સાથે તે શિબિકા પર આરૂઢ થયા અને સિંહાસન પર બેઠા, શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર બંને ઈન્દ્રો ભગવાનની બંને બાજુ ચામર ઝુલાવી રહ્યા હતા. શિબિકાને સર્વ પ્રથમ મનુષ્યોએ ઉઠાવી હતી પછી દેવોએ શિબિકાનું વહન કર્યું હતું. હજારો દેવ આકાશ માર્ગે ચાલી રહ્યા હતા. અનેક પ્રકારના વાજાઓથી આકાશ ગુંજાયમાન થઈ રહ્યું હતું. દેવતા પણ વાજા વગાડતા હતા અને વાજિંત્રોની સાથે સેંકડો નાટક પણ દેખાડતા હતા. (૧૦) નગરની બહાર દીક્ષાની જગ્યા રાખી હતી. ત્યાં પહોંચીને ભગવાને આભૂષણ અને વસ્ત્રો ઉતાર્યા અને લોચ કર્યો. શક્રેન્દ્રે વજ્રમય થાળમાં વાળ ગ્રહણ કર્યા અને ક્ષીરોદ સમુદ્રમાં સંહરિત કરી દીધા. વૈશ્રમણ દેવે સ્વચ્છ વસ્ત્રમાં આભૂષણો ગ્રહણ કર્યા હતા. (૧૧) ભગવાને સિદ્ધોને નમસ્કાર કરી સાવદ્યયોગ ત્યાગ રૂપ પાઠનું ઉચ્ચારણ કરી સંયમનો સ્વીકાર કર્યો. તે વખતે શક્રેન્દ્રની સૂચનાથી બધા વાજાઓ વગેરેનો અવાજ બંધ થતાં પૂર્ણ શાંતિમય વાતાવરણ થયું હતું. જેથી સમસ્ત દેવ અને મનુષ્ય વગેરેની પરિષદે ભગવાનના પચ્ચક્ખાણ કરવાના પાઠને શાંતિથી સાંભળ્યો. (૧૨) દીક્ષા પાઠનું ઉચ્ચારણ પછી ભગવાનને તરત જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. જેથી પ્રભુ સંજ્ઞી પંચેન્દ્રિયના વ્યક્ત મનના ભાવોને જાણવા લાગ્યા. (૧૩) પછી પરિવારના સદસ્યોને અને બીજી સમસ્ત પરિષદને ભગવાને વિસર્જિત કર્યા અર્થાત્ વર્તમાનની ભાષામાં માંગલિક પાઠ સંભળાવ્યો.

**પ્ર.૧૦ : એક હજાર વ્યક્તિ ઉઠાવી શકે એવી શિબિકા કેમ ક્યાં ચાલી શકે ?**

**જવાબ :** મોટા શહેરોમાં ઘણા પહોળા અને લાંબા માર્ગ હોય જ છે. જેમ લાંબા વાહનો હોય તો તે ટૂંકા માર્ગમાં ન જ જાય, તેમજ તે શિબિકા લગભગ ૩૦૦–૪૦૦ મીટરની હશે તે રાજમાર્ગમાં અને પહોળા રસ્તાઓમાં ચાલી શકે અને તે એક જ લાંબા રસ્તાથી સીધા શહેરની બહાર નીકળી પણ શકે. વાહન, અનુસારે જ માર્ગનો નિર્ણય અને કાર્યક્રમ ગોઠવાઈ જાય છે. ત્યાંના કાર્યક્રમની ગોઠવણ કરનારા દેવતા, ઈન્દ્રો અને વિશિષ્ટ વ્યક્તિઓ હતા. માટે





બધી વ્યવસ્થા સુંદર અને સુવિધાવાળી થાય તેમાં શંકાને કંઈ સ્થાન જ નથી.

**પ્ર.૧૧ : ભગવાનને કેવળજ્ઞાન ક્યારે અને ક્યાં થયું ?**

**જવાબ :** દીક્ષા ગ્રહણ કરીને બાર વર્ષ અને સાડા પાંચ મહીના સુધી પ્રભુએ સંયમ તપ સાધનામાં વિચરણ કર્યું, શરીરના મમત્વને છોડી ઘણા અભિગ્રહ નિયમોનું પાલન કર્યું અને કેટલા ય પ્રકારના કષ્ટો અને ઉપસર્ગો સહન કર્યા. તેઓએ છદ્મસ્થકાળને વધારે મૌન ભાવે વ્યતીત કરી, વૈશાખ સુદ દસમના દિવસે ભગવાન જૃંભિકાગામ નામના શહેરની બહાર આવેલી ઋજુવાલુકા નામની નદીના ઉત્તરી તટે શ્યામાક નામક ગાથાપતિના લાકડાના કારખાનામાં વેયાવર્ત નામના યક્ષના મંદિરના ઈશાન ખૂણામાં શાળ વૃક્ષની નીચે ગોદોહિક આસનથી ધ્યાનમાં લીન હતા. તે સમયે શુભ પરિણામોની વિશુદ્ધિની વૃદ્ધિ થતાં, ધર્મધ્યાનથી શુક્લધ્યાનમાં પ્રવેશતાં, ક્ષપક શ્રેણી ચઢતાં, પ્રભુના મોહકર્મનો પૂર્ણ રીતે ક્ષય થયો, ત્યાર પછી ત્રણે ય ઘાતી કર્મનો ક્ષય થયો ત્યારે ત્યાં જ તે ધ્યાન અવસ્થામાં ભગવાનને કેવળજ્ઞાન કેવળદર્શન ઉત્પન્ન થયું. જેથી ભગવાન સંપૂર્ણ લોકના સમસ્ત જીવ અને પુદ્ગલોના સમસ્ત ભાવો અને તેના પર્યાયોને પ્રત્યક્ષ રૂપે જાણવા અને જોવા લાગ્યા.

**પ્ર.૧૨ : ભગવાને કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ કઈ રીતે શરૂ કર્યો ?**

**જવાબ :** બધા તીર્થંકરો કેવળજ્ઞાન થાય ત્યારે તે જ દિવસે પરિષદ એકઠી થતાં ઉપદેશ આપે અને તે જ દિવસે ચાર તીર્થની સ્થાપના અને શાસનનો પ્રારંભ થઈ જાય છે. પરંતુ ભગવાન મહાવીર સ્વામીના કેવળજ્ઞાન પછીની પ્રથમ દેશનામાં નરનારી પહોંચી શક્યા નહીં અને માત્ર દેવ-દેવીઓની પરિષદમાં જ ભગવાનની પ્રથમ દેશના થઈ. તેથી તેમાં કોઈ પણ ત્યાગ પ્રત્યાખ્યાન થયા નહીં અને તે પહેલી દેશનામાં વ્રત કે મહાવ્રત ધારણ ન થવાથી લોકની આશ્ચર્યભૂત ઘટના કહેવાઈ, જેનો નિર્દેશ ઠાણાંગ સૂત્રમાં છે. આમ પ્રથમ દિવસે ભગવાનનો ઉપદેશ તો થયો જ હતો.

ત્યાર પછી બીજા દિવસે વિશાળ પરિષદ પણ એકઠી થઈ ગઈ અને ગૌતમાદિક અગિયાર ધુરંધર પંડિતો પણ તે પરિષદમાં પહોંચી ગયા અને ભગવાનનો ઉપદેશ સાંભળી, તેમના જ્ઞાન અને વ્યવહારથી પ્રભાવિત થઈ, પોતપોતાના શિષ્યો સહિત તે જ પરિષદમાં ભગવાન પાસે દીક્ષિત થયા. અણગાર થયેલા તે ગૌતમાદિને સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુએ સર્વ પ્રથમ પચીસ ભાવનાઓ સાથે પાંચ મહાવ્રતોનું સ્વરૂપ તથા છ જીવનિકાય(છ કાયા) નું સ્વરૂપ વિવેચનપૂર્વક સમજાવ્યું. આ પ્રકારનું કથન આ અધ્યયનના કેવળજ્ઞાન

કેવળદર્શન ઉત્પન્ન થયાના વર્ણન પછીના મૂલપાઠમાં સ્પષ્ટ રૂપે આપેલ છે.

આગમ સિવાયના ગ્રંથોમાં આ પ્રકારનો ઉલ્લેખ મળે છે કે તીર્થંકર ભગવાન દ્વારા ગણધરોને સર્વ પ્રથમ મૌલિક ત્રણ પદોના માધ્યમથી તત્ત્વ વિસ્તાર સમજાવવામાં આવે છે, જેને ત્રિપદી કહેવાય છે. તે ત્રણ પદો આ પ્રમાણે છે– **उप्पण्णे इ वा, विगमे इ वा, धुवे इ वा** । પરંતુ આ વાતનો ઉલ્લેખ કોઈપણ આગમના મૂળપાઠમાં મળતો નથી.

ત્રિપદીની કલ્પના દિગંબર શાસ્ત્રોની રચના પછી શ્વેતાંબર ગ્રંથોમાં કોઈ પણ કારણથી કલ્પિત કરવામાં આવી હોય એવી સંભાવના છે એટલે કે ગ્રંથોની રચના થવાનો જ્યારે પ્રારંભ થયો ત્યારે આ ત્રિપદીની ધારણાનો ઉદ્‌ભવ થયો એમ માની શકાય છે. પછીના ગ્રંથોમાં આ ત્રણ પદોને માતૃકા પદના નામથી ઉલ્લેખ કરીને આગમ સાથે સંબંધ જોડવામાં આવ્યો છે. પરંતુ સમવાયાંગ સૂત્રમાં માતૃકા પદની સંખ્યા **છેંતાલીસ** કહેવામાં આવી છે. ત્યાં માતૃકા પદ કહ્યા પછી આગળના સૂત્રમાં બ્રાહ્મી લિપિના 'અ' થી 'હ' સુધીના મૂલાક્ષર પણ છેંતાલીસ છે, એવો ઉલ્લેખ થયો છે પરંતુ **उप्पण्णे, विगमे, धुवे**, આ ત્રણ માતૃકા પદની વાત ત્યાં પણ નથી. તેથી આ ત્રણ પદોની પુષ્ટી તે સમવાયાંગ સૂત્રથી પણ થઈ શકતી નથી. પરંતુ ત્રણની જગ્યાએ છેંતાલીસ સંખ્યાવાળા માતૃકા પદની વાતથી આ ત્રણ માતૃકા પદની વાત કંઈક વિચારણીય અને ફીકી થઈ પડે છે.

સાર એ છે કે ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમાદિ અણગારોને સર્વ પ્રથમ મહાવ્રત વગેરે સંયમ સંબંધી આવશ્યક સ્વરૂપ સમજાવ્યું હતું અને દીક્ષા પહેલાં દેવ-માનવયુક્ત પ્રથમ દેશનામાં ગૌતમ આદિના પ્રશ્નોના સમાધાન કરવાની સાથે ઉપસ્થિત પરિષદને ધર્મોપદેશ ફરમાવ્યો હતો અને હળુકર્મી જીવોને ધર્મમાં જાગૃત કર્યા હતા.

ભગવાનની ધર્મદેશનાનું વિસ્તૃત વર્ણન ઔપપાતિક સૂત્રમાં છે. ત્યાં પણ **उप्पण्णे, विगमे, धुवे**, આ ત્રણ શબ્દોનો કે ત્રિપદીનો કોઈ પણ ઉલ્લેખ નથી.

**પ્ર.૧૩ : ભાવનાઓ અને અતિચારોમાં શું તફાવત છે ?**

**જવાબ :** ભાવનાઓ ગુણરૂપ છે, તે મહાવ્રતોને ભાવિત કરે છે એટલે કે પુષ્ટ કરે છે. પરંતુ અતિચારો તો વ્રતોમાં અને મહાવ્રતોમાં દોષરૂપ હોય છે, તે મહાવ્રતોને કે અણુવ્રતોને ક્ષતિ પહોંચાડે છે. ભાવનાઓ મહાવ્રતોના સ્વરૂપમાં જ સમાવિષ્ટ છે, તેના જ નિયમ ઉપનિયમ રૂપ છે. મહાવ્રતોની સાથે અતિચાર





શાસ્ત્રમાં બતાવેલ નથી. શ્રાવક વ્રતોમાં દરેકના પાંચ-પાંચ મુખ્ય અતિચાર શાસ્ત્રમાં બતાવ્યા છે. તેનાં વ્રતો મર્યાદાવાળાં હોય છે માટે મુખ્ય અતિચારો સીમિત કહી શકાય છે. પરંતુ મહાવ્રતોમાં તો સંપૂર્ણ રીતે સાવદ્ય યોગોનો ત્યાગ હોય છે. તેથી તેના અતિચારોની સંખ્યા કે અનાચારોની સંખ્યા નિશ્ચિત રૂપે કહી શકાય નહીં. કારણ કે સાધક વ્યક્તિની પરિસ્થિતિઓ અનુસાર કે પરિણામોના ઉતાર-ચઢાવ અનુસાર અતિચાર-અનાચાર સેંકડો હજારોની સંખ્યામાં થઈ શકે છે. સંપૂર્ણ સાવદ્યના કે અઢાર પાપોનો સર્વથા ત્યાગ હોવાથી સૂક્ષ્મ કે પ્રધાન-અપ્રધાન એવા ભેદ અતિચારોના થઈ શકતા નથી. આ માટે જ મહાવ્રતોના અતિચારો ન કહેતાં તેની પચીસ ભાવનાઓ જ આ અધ્યયનમાં તથા બીજા શાસ્ત્રોમાં પણ કહેવાયેલ છે. પચીસ ભાવનાઓમાં સંયમના બધા ગુણોનો કે ગુણ પોષક તત્ત્વોનો સમાવેશ થઈ જાય છે.

**પ્ર.૧૪ : પચીસ ભાવનાઓ અને પાંચ મહાવ્રતોનું વર્ણન બીજા કયા-કયા શાસ્ત્રોમાં છે ?**

**જવાબ :** પ્રસ્તુત અધ્યયન સિવાય મહાવ્રતોનું વર્ણન દશવૈકાલિક સૂત્રમાં તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પૂર્ણ રૂપે છે. તે સિવાય ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, ભગવતી સૂત્ર, જ્ઞાતાધર્મકથા સૂત્ર વગેરે કેટલા ય શાસ્ત્રોમાં મહાવ્રતોનો નિર્દેશ જોવા મળે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયનમાં પદ્ય રૂપે પાંચ મહાવ્રતોનો સાર ગર્ભિત માહાત્મ્ય દર્શાવેલ છે. ઉપરોક્ત ત્રણે ય સૂત્રોમાં કહેલ મહાવ્રતોના વિસ્તૃત કથનમાં કંઈક તફાવત છે.

પચીસ ભાવનાઓનું વર્ણન આ અધ્યયન સિવાય સમવાયાંગ અને પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં વિસ્તારથી છે. આ ત્રણે ય સૂત્રોની વર્ણન પદ્ધતિમાં તફાવત તો છે જ. સાથે તેના ક્રમમાં પણ ભિન્નતા છે. તે ભિન્નતાઓમાં લિપિ દોષનું કે જુદા જુદા સમયમાં જુદા જુદા આચાર્યો દ્વારા સંપાદન થવાનું અથવા મધ્યકાળમાં થયેલ જુદી જુદી મૌખિક કે લેખિત વાચનાઓનું કારણ પણ હોઈ શકે છે.

દશવૈકાલિક સૂત્રમાં મહાવ્રતોનો વિષય શાસ્ત્રકાર શ્રી સ્વયંભવાચાર્ય દ્વારા સંપાદિત-રચિત છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રનાં મહાવ્રતોનો વિષય અને ભાવનાઓ નંદી સૂત્રની રચના સમયે કે તે પછી અજ્ઞાત સમયમાં અજ્ઞાત આચાર્ય દ્વારા સંપાદિત છે. પ્રસ્તુત આ ભાવના અધ્યયન ઠાણાંગ સૂત્ર કથિત બંધદશા નામક સૂત્રથી અજ્ઞાત સમયમાં અહીં સંકલિત કરવામાં આવેલ છે અને તે ઠાણાંગ કથિત બંધદશા સૂત્રની રચના સંપાદન ક્યારે કોણે કર્યું તે પણ

અજ્ઞાત છે; વગેરે વગેરે કારણો જ આવી ભિન્નતા હોવામાં સમજવા જોઈએ.

આટલી ભિન્નતાઓ હોવા છતાં તે સૂત્રોના વિષયો આગમ આશયને પુષ્ટ કરનારા જ છે. કોઈપણ પ્રકારે આગમ આશયથી વિપરીત નથી. માટે ઉપલબ્ધ બધા ય વર્ણનો પૂર્ણરૂપે શ્રદ્ધા કરવા લાયક છે.

**પ્ર.૧૫ : શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચને પાંચમા મહાવ્રતની ભાવનામાં લેવાનો શું આશય છે ?**

**જવાબ :** પાંચમા મહાવ્રતના સ્વરૂપમાં દ્રવ્ય કે વ્યવહારરૂપના સર્વ પ્રકારના પરિગ્રહના ત્યાગનું કથન તો આવી ગયેલ છે. ભાવનાઓમાં મહાવ્રતને પુષ્ટ કરનાર વિષયનો જ સમાવેશ હોય છે. માટે અપરિગ્રહ મહાવ્રતને પુષ્ટ કરનાર ભાવ પરિગ્રહ ત્યાગ અર્થાત્ આસક્તિ ત્યાગનું કથન જ આવશ્યક થઈ જાય છે. આસક્તિ એ સંસારનું મૂળ કારણ છે અને સંસારના મૂળ સ્થાન ઈન્દ્રિય વિષયો છે. આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધમાં ઈન્દ્રિય વિષયોને 'ગુણ' શબ્દથી સૂચિત કરીને મૂલસ્થાન બતાવેલ છે. જેમ કે **जे गुणे से मूलठाणे, जे मूलठाणे से गुणे ।** માટે અહીં શબ્દ રૂપ આદિની આસક્તિનો ત્યાગ અને તેના નિમિત્તથી થનાર રાગદ્વેષનો ત્યાગ, ભાવ અપરિગ્રહતાની અપેક્ષાએ પ્રાસંગિક અને અત્યંત ઉપયોગી જ સિદ્ધ થાય છે.

આ અધ્યયનમાં પાંચમા મહાવ્રતની શબ્દાદિ પાંચ ભાવનાઓની ગદ્ય પદ્ય રૂપમાં શાબ્દિક રચના પણ ઘણી જ રોચક અને ભાવ સભર છે. તે વર્ણનનો આશય આ પ્રકારે છે કે મહાવ્રતોનો આરાધક શ્રમણ શબ્દાદિને સાંભળવા વગેરે માટે તો ક્યાંય જાય જ નહિ પરંતુ સ્વાભાવિક રૂપે તો તે શબ્દાદિ સાધકની સામે આવતાં જ રહે છે અર્થાત્ જીવન છે ત્યાં સુધી ઈન્દ્રિયોનાં દ્વાર ખુલ્લા જ છે. તેથી સ્વાભાવિક થનાર શબ્દાદિનાં સંયોગનો ત્યાગ કરવો અશક્ય છે. આ વાત મૂળપાઠમાં દર્શાવીને પછી ઉપદેશ આપ્યો છે કે તે વિષયોનો સંયોગ થતાં તેના પ્રત્યે સાધુ રાગ કે દ્વેષના પરિણામ ન કરે, એવા રાગ દ્વેષાત્મક પરિણામોનો સાધુ ત્યાગ કરે. જ્યારે જેવા મનોજ્ઞ કે અમનોજ્ઞ શબ્દ રૂપ ગંધ આદિ ઈન્દ્રિય વિષયોનો સ્વાભાવિક રીતે સંયોગ થઈ જાય તો સાધુ તેના પ્રત્યે તટસ્થ ભાવ રાખે, જ્ઞાતા દૃષ્ટા ભાવ રાખે; તેના પ્રત્યે કંઈ પણ સારું-નરસું પરિણમન રાગદ્વેષાત્મક કરે નહીં પરંતુ જ્ઞાન અને વૈરાગ્યની સાથે અથવા તો આગમ આજ્ઞાને સામે રાખતો તટસ્થ ભાવમાં સ્થિર રહે.

કોઈ પણ પ્રકારના વિભાવ પેદા થાય કે થવાની શક્યતા લાગે તો સાવધાનીથી તેના પ્રત્યે જ્ઞાનાંકુશ તૈયાર રાખે અને વૈરાગ્યભાવ કે ઉપેક્ષાના





ભાવો ઉપસ્થિત કરી લે પરંતુ અતિશય નિંદા કે પ્રશંસા, ગ્લાનિ ભાવ કે આનંદિત ભાવોને ન થવા દે એટલે કે રાગ કે દ્વેષમાં ન જાય. પુદ્ગલોના સંયોગોથી આત્મપરિણામોને ચલ-વિચલ ન થવા દે, સમત્વ પરિણામોમાં જ સ્થિર રહી જાય. આવા સુંદર ભાવો અહીં પાંચ મહાવ્રતની પચીસ ભાવનાઓના ગદ્ય પદ્યરૂપ મૂળ પાઠમાં સમાવિષ્ટ છે.

# અધ્યયન–૧૬ : વિમુક્તિ

**પ્ર.૧ : આ અધ્યયનમાં શું નિરૂપણ કરેલ છે ?**

**જવાબ :** વિમુક્તિ નામના આ અધ્યયનમાં મોક્ષપ્રાપ્તિના ઉપાયો બતાવેલ છે. જેમાં આત્મગુણોની વૃદ્ધિ કરવાની પ્રેરણા સાથે મોક્ષ પ્રાપ્તિની પ્રેરણા છે. તેથી અધ્યયનનું **વિમુક્તિ** નામ પૂર્ણપણે સાર્થક છે.

બાર ગાથાઓનું આ ટૂંકું અધ્યયન પણ સમસ્ત સાધુ-સાધ્વીઓને માટે હંમેશ સ્વાધ્યાય ચિંતન અને મનન કરવા લાયક છે.

**પ્ર.૨ : આ અધ્યયનનો સંક્ષિપ્ત સારાંશ શું છે ?**

**જવાબ :** (૧) છ કાયના રક્ષક મુનિ અનિત્ય ભાવનાથી ભાવિત થઈ આરંભ પરિગ્રહનો ત્યાગ કરે અર્થાત્ તેનાથી અળગો જ રહે. (૨) સંગ્રામમાં આગળ રહેલ હાથીની જેમ કટુ વચનરૂપી બાણોને સહન કરે. (૩) તૃષ્ણાથી રહિત થઈને શુભ ધ્યાનમાં રમણ કરે; જેથી તપ, પ્રજ્ઞા અને યશની વૃદ્ધિ થાય. (૪) ક્ષેમકારી અને મંગલકારી મહાવ્રતોનું યથાર્થ પાલન કરે.

(૫) કોઈમાં પણ સ્નેહ, મમતાભાવ કરે નહીં, સ્ત્રીઓમાં આસક્ત થાય નહીં, પૂજા પ્રતિષ્ઠાની ચાહના કરે નહીં, લાલસા રાખે નહીં. (૬) આ પ્રકારે સાધકના આત્મામાંથી કર્મરૂપી મેલ તે જ રીતે દૂર થઈ જાય કે જે રીતે અગ્નિથી ચાંદીનો મેલ નીકળી જાય. (૭) સંયમ સાધક ક્યારે ય આશાઓને વધારે નહીં પરંતુ તેનો ત્યાગ કરે. સાપ, જેમ કાંચળીનો ત્યાગ કરી દે છે તેમ મમતાભાવ વગેરેનો ત્યાગ કરીને સાધુ દુઃખ શય્યાથી મુક્ત થઈ જાય છે.

(૮) દુસ્તર સમુદ્રને જેમ વણિકો ધૈર્યની સાથે પાર કરી જાય છે તેમ સાધક દુઃખ સંસારને તરી જાય છે. (૯) આ પ્રકારે સંયમની આચારની સાથે જ મુનિ બંધ અને મોક્ષના સ્વરૂપને જાણી સમજીને મુક્ત થઈ જાય છે.

(૧૦) જેને આ લોક અને પરલોકમાં કોઈ પણ પ્રકારનો રાગભાવ હોતો નથી તેવા મુનિ સંસાર પ્રપંચથી છૂટી જાય છે. તેઓનું સંસાર ભ્રમણ સમાપ્ત થઈ જાય છે.

**પ્ર.૩ : આ અધ્યયનમાં કઠિન શબ્દો કયા છે અને તેના અર્થ શું છે ?**

**જવાબ : तहागय** = તે પ્રકારના મુનિને, **अण तस जय** = અનંત જીવો પ્રત્યે સંયત થયેલા, **विण्णु**= વિદ્વાન મુનિને, **अभिद्दव णरा**= ઉપદ્રવ કરનાર અનાર્ય લોકો, **कुसलेहिं स वसे**= ગીતાર્થ, કુશલ, યોગ્યતાવાળા મુનિઓની સાથે રહે, **अक त दुक्खी**= દુઃખથી આક્રાંત પ્રાણી, દુઃખી પ્રાણીને, **अलूसए** = પોતાના સુખ માટે કોઈ પ્રકારે કષ્ટ નહીં દે, **सव्वसहे महामुणी**= પરંતુ મહામુનિ પોતાના સમસ્ત કષ્ટોને કોઈને દુઃખ આપ્યા વિના જ સહન કરે, **दिसोदिसिं**= સર્વ જીવો માટે, સર્વ જીવોની અપેક્ષાએ, **खेमपया**= ક્ષેમ કરનાર, **महागुढ**= તે મહાવ્રતો મહાન છે, મહાન શક્તિશાળી છે, **णिस्सयरा**= કર્મોને કાઢનારા છે, **तिदिसिं पगासगा**= ત્રણે ય દિશામાં પ્રકાશ કરતાં, ત્રણે ય લોકમાં પ્રકાશક, જ્ઞાન પ્રકાશ દેનારા, **परिण्णा समयम्मि**= જ્ઞાન અને આચારમાં, જ્ઞાન સભર આ જિન શાસનમાં, **णिराससे**= આ લોક પરલોકની આશાથી રહિત થઈને, **जमाहु**= જે આ તીર્થંકરોએ ફરમાવેલ છે.

**॥ દ્વિતીય શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

**॥ આચારાંગ સૂત્ર સંપૂર્ણ ॥**

- ★ आत्म चि तन, दृढ स कल्प एव स्वाध्याय सर्वश्रेष्ठ उपचार पद्धति है ।
- ★ अभय दान सब दानों से श्रेष्ठ दान है ।
- ★ जो प्राण हम दे नहीं सकते, उसको लेने का हमें कोई अधिकार नहीं।
- ★ स्वाध्याय समस्त दुःखों का मुक्ति प्रदाता है ।
- ★ नम्रता और सरलता दो गुणों में अनेक अवगुण छिप जाते हैं, उनका प्रभाव नष्ट हो जाता है ।
- ★ अह भाव, अक्कडता और खोटी नियत समस्त गुणों को धुमिल कर सकती है ।



# સૂયગડાંગ સૂત્ર : પરિચય

**પ્ર.૧ : સૂયગડાંગ સૂત્રનો પરિચય શું છે ?**

**જવાબ :** વર્તમાનમાં પ્રાપ્ય જે ૧૧ અંગશાસ્ત્રો છે તેમાં આ સૂત્ર બીજું અંગસૂત્ર છે. તેનું પ્રાકૃત નામ 'સૂયગડાંગ સૂત્ર' છે. પ્રચલિત ભાષામાં આ સૂત્રને **સૂત્રકૃતાંગ** સૂત્ર કહે છે.

**પ્ર.૨ : આ સૂત્રમાં કેટલા વિભાગ અને કેટલા પેટા વિભાગ છે ?**

**જવાબ :** આ સૂત્રમાં મુખ્ય બે વિભાગ છે, જેને બે શ્રુતસ્કંધ કહ્યા છે. તેમાં અધ્યયન, ઉદ્દેશક રૂપે વિભાગ અને પેટા વિભાગ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે. જેમાં એકથી પાંચ અધ્યયન સુધી ઉદ્દેશકના રૂપમાં પેટા વિભાગ છે. તેના પછીના અધ્યયનોમાં પેટા વિભાગ નથી. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે, તેમાં પણ કોઈ પેટા વિભાગ નથી.

**પ્ર.૩ : સૂયગડાંગ સૂત્રની રચના કોણે કરી છે ?**

**જવાબ :** પ્રાપ્ય ૧૧ અંગ સૂત્રોની રચના ગણધર ભગવંતોએ કરી છે. તીર્થંકરની પ્રથમ દેશનામાં જે આત્માઓ જઈને બોધ પામ્યા હોય, તેમાંથી કેટલાક પ્રખર બુદ્ધિશાળી આત્માઓ ગણધર લબ્ધિસંપન્ન હોય છે, તેઓને દ્વાદશાંગીનું જ્ઞાન સ્મૃતિમાં આવી જાય છે, તે સર્વ દ્વાદશાંગીધારી ગણધર કહેવાય છે. સ્મૃતિમાં આવેલા જ્ઞાનના આધારથી તે સર્વ ગણધરો મળીને પોતાના શાસનને યોગ્ય દ્વાદશાંગીના ગુંથન સંપાદનનું કાર્ય પ્રભુ આજ્ઞાથી કરીને શિષ્યોને શીખવવાનું શરૂ કરે છે. આ રીતે દ્વાદશાંગી(૧૨ અંગ) ગણધરોની રચના કહેવાય છે. આ ગૌતમ ગણધર રચિત દ્વાદશાંગી અને આ સુધર્મા ગણધર રચિત દ્વાદશાંગી આવો ભેદ પણ તેઓ કરતા નથી. કારણ કે દસ વીસ વર્ષમાં અનેક ગણધર મોક્ષમાં જાય અને તેની દ્વાદશાંગી નષ્ટ થઈ જાય અને ભગવાન મહાવીરના શાસનમાં ત્રીસ વર્ષ પછી આઠ દ્વાદશાંગી સમાપ્ત કરીને સુધર્મા ગણધરની દ્વાદશાંગી જ ચલાવવાની કલ્પના કરવી તે તદ્દન અસંગત છે.

આજે જે પણ સુધર્માસ્વામી અને જંબૂસ્વામીના નામ આગમમાં મળે છે તે નામોની ઉપલબ્ધિ શાસ્ત્રોમાં પછીની વાચનાઓના સંકલન, લેખન અને સંપાદનના સમયનું પરિણામ છે.

જુદી જુદી દ્વાદશાંગી માટે એક વાત આ સમજવાની છે કે સુધર્મા સ્વામીના ૫૦૦ શિષ્ય તેમની દ્વાદશાંગી ભણે અને બીજા હજારો સાધુ અન્ય

દ્વાદશાંગી (આઠ પ્રકારની) શીખે; ત્યાર બાદ ૩૦ વર્ષ પછી બધી જ દ્વાદશાંગી સુધર્માસ્વામીની દ્વાદશાંગીમાં ભળી જાય. આ તો શિષ્યોના જ્ઞાનની અને મહેનતની આગમ દ્વારા જાણે રમત થઈ જાય છે. એક જ શાળાના એક જ વર્ગના વિદ્યાર્થીઓના સમૂહ રૂપ તીર્થંકર ભગવંતોના ગણધરોના શિષ્યો રૂપી શ્રમણો હોય છે. મહાવિદેહ ક્ષેત્રની અલગ-અલગ વિજયમાં ભિન્નતા હોય તો કોઈ વાત નહીં પરંતુ એક જ ભગવાનના સંઘાડામાં, એક મકાનમાં બેસીને ભણવું અને સ્વાધ્યાય, ચર્ચા કરનારાના મૌલિક શાસ્ત્રો જ જુદા-જુદા પ્રકારના હોય આ વાત યોગ્ય નથી. આવી ધારણા કે પરંપરા ક્યારે ય ચાલી હોય તોપણ તે આ ઘણી જ ખોટી કલ્પના થઈ છે.

સંક્ષેપમાં એ તારણ નીકળે છે કે તીર્થંકર ભગવાનના જેટલા પણ દસ, વીસ કે સો ગણધર હોય તેઓ **બધા મળીને** પોતાના ઉપસ્થિત શ્રુતજ્ઞાનના આધારે અને ભગવાનની આજ્ઞાથી એક દ્વાદશાંગીની ગુંથણી પોતાના શાસનને યોગ્ય કરે છે. ત્યાર પછી અલગ-અલગ જૂથમાં શિષ્યોને એક જ દ્વાદશાંગી શીખવાડવામાં આવે છે, જેથી તે બધા શિષ્યો ક્યારે ય પણ પરસ્પર મળીને કંઠસ્થ સ્વાધ્યાયને સાંભળીને સમજી શકે છે.

ઉદાહરણ તરીકે જોઈએ તો અત્યારની આપણી વિધાનસભા કે લોકસભા અથવા ટ્રસ્ટ વગેરે, જે રીતે કોઈ પણ એજંડાને સમજી, સંપી, એકમત થઈ પ્રમુખના નિર્ણય સાથે સંમત થઈ જાય છે. આ રીતે જ બધા ગણધર ભગવંતો પણ એક પ્રમુખ ગણધર અને ભગવાનની આજ્ઞામાં સંમત એવી એક જ પ્રકારની દ્વાદશાંગીનો સ્વીકાર કરી શિષ્યોને અધ્યયન કરાવે છે. **આમ દ્વાદશાંગી ગણધર રચિત કહેવાય છે.**

**પ્ર.૪ : સૂયગડાંગ સૂત્ર પર વ્યાખ્યા કોણે કરી છે ?**

**જવાબ :** આ સૂત્ર પર પ્રાપ્ત પ્રાચીન વ્યાખ્યા શીલાંકાચાર્યએ કરી છે. તેમની પહેલાં આ સૂત્ર પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ રૂપે વ્યાખ્યાઓ કરવામાં આવી હતી. તેનો જ આધાર લઈને આચાર્ય શીલાંકાચાર્યએ સંસ્કૃત ટીકા કરી છે. બીજી પણ ઘણી વ્યાખ્યા પૂર્ણ-અપૂર્ણ બની હશે પરંતુ પ્રાપ્ત નથી. નિર્યુક્તિ, ભાષ્ય પણ આજે સ્વતંત્ર પ્રાપ્ત નથી. જિનદાસ ગણીની ચૂર્ણિ સ્વતંત્ર પ્રાપ્ત છે. શીલાંકાચાર્યની પછી અનેક વિદ્વાનોએ સૂયગડાંગ સૂત્ર પર વ્યાખ્યાઓ કરી છે, જે હિંદી, ગુજરાતી, સંસ્કૃત વગેરે ભાષાઓમાં પ્રાપ્ત છે.

**પ્ર.૫ : આ સૂત્રનો મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ સૂત્રના બે વિભાગ છે. પહેલા વિભાગ રૂપ પ્રથમ શ્રુતસ્કંધમાં પહેલા, બીજા અધ્યયનમાં ધાર્મિક મતમતાંતરોની ચર્ચાની સાથે સ્વમત અને





આચારની વાત છે. ચોથા અધ્યયનમાં સ્ત્રી સંબંધી તથા પાંચમા અધ્યયનમાં નરકના દુઃખોનું વર્ણન અને છટ્ઠા અધ્યયનમાં ભગવાન મહાવીરસ્વામીની ગુણ સ્તુતિની સાથે સાધ્વાચારનું પણ કેટલુંક વર્ણન છે. બાકીના બધા જ અધ્યયનોમાં લગભગ સાધ્વાચાર અને ઉપદેશ છે.

બીજા શ્રુતસ્કંધના સાતે અધ્યયનોમાં સ્વતંત્ર વિષય છે. જેમાં તત્ત્વચર્ચા, સાધ્વાચાર, ઉપદેશ અને મતમતાંતરના વિષયો છે.

**પ્ર.૬ : પ્રથમ શ્રુતસ્કંધના કેટલા અધ્યયન છે અને તેના નામ શું છે ?**

**જવાબ :** પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે, તેના નામ આ પ્રમાણે છે– (૧) સમય (૨) વેતાલીય (૩) ઉપસર્ગ (૪) સ્ત્રી પરિજ્ઞા (૫) નરક વિભક્તિ (૬) વીર સ્તુતિ (૭) કુશીલ પરિભાષિત (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ (૧૫) યમતીત– આદાનીય (૧૬) ગાથા.

## અધ્યયન–૧ : સમય

**પ્ર.૧ : પ્રથમ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય શું વિષય છે ? આ અધ્યયનના નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે. **સમય** શબ્દના અનેક અર્થ છે પરંતુ અહીં ભાવાત્મક અર્થ છે– સિદ્ધાંત. નામ પ્રમાણે જ આ અધ્યયનમાં સ્વસિદ્ધાંત અને અન્ય મતવાદીઓના સિદ્ધાંતનું કથન કરવામાં આવ્યું છે, એટલે આ અધ્યયનનું **સમય** નામ સાર્થક છે.

**પ્ર.૨ : ધર્મનો પ્રતિબોધ પામવાને માટે આત્માએ સર્વ પ્રથમ શું જાણવું જરૂરી છે ?**

**જવાબ :** હું કોણ છું ? મનુષ્ય કેવી રીતે બન્યો છું ? હું શુદ્ધ આત્મા છું, કર્મના સંબંધથી સંસારમાં રૂપ પરિવર્તન કરતો કરતો મનુષ્ય બન્યો છું. આત્મા કર્મ બંધનમાં શા માટે પડે છે ? કર્મોનો કર્તા કોણ છે ? આ કર્મોનું સ્વરૂપ શું છે ? આ કર્મોને કોણ તોડી શકે ? આ પ્રશ્નોનું સમાધાન સમજવું જરૂરી હોય છે તેમજ સંસારમાં કર્મબંધનું મુખ્ય કારણ હિંસા અને પરિગ્રહ છે, એ સાથે જ પારિવારિક મોહસંબંધ પણ સંસારનો મુખ્ય હેતુ છે. પ્રાણીઓની હિંસા કરવાથી અથવા તેઓને દુઃખ દેવાથી આત્મામાં વેરની વૃદ્ધિ થાય છે. મમત્વભાવ યુક્ત

પદાર્થોનો સંગ્રહ 'પરિગ્રહ' કહેવાય છે અને પારિવારિક લોકોમાં અત્યંત મોહ, મૂર્છા(આસક્તિ) દુઃખનું કારણ છે. આ પ્રકારે આત્મ સ્વરૂપ, કર્મ સ્વરૂપ, બંધ અને મુક્તિનું સ્વરૂપ તથા કર્મબંધના મુખ્ય હેતુઓને તેમજ બીજા બધા હેતુઓને જાણવા જોઈએ અને જાણીને આ બંધના હેતુઓનો સર્વથા કે આંશિક ત્યાગ કરવો તે જ મુક્તિની સાધના છે. આ સ્વસિદ્ધાંત છે. તેને સમજ્યા વિના બીજા જુદા-જુદા સિદ્ધાંતોમાં ફસાઈને પ્રાણી આરંભ-પરિગ્રહમાં અથવા કામભોગોમાં આસક્ત રહે છે.

મૂળપાઠમાં મુખ્યત્વે બે પાપનો નિર્દેશ છે તેમ છતાં વિસ્તારની અપેક્ષાએ અસત્ય, ચોરી, કુશીલ વગેરે બધા પાપો તેમજ આશ્રવસ્થાનોને કર્મબંધ અને દુઃખના હેતુ રૂપે સમજી લેવા જોઈએ.

**પ્ર.૩ : અન્ય જુદા-જુદા સિદ્ધાંત આ અધ્યયનમાં કયા-કયા કહેવામાં આવ્યા છે ?**

**જવાબ :** આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકમાં ગાથા ૭ થી ૧૮ સુધી આવા અનેક સિદ્ધાંત એટલે કે મતમતાંતર બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) પાંચ મહાભૂતવાદ (૨) એકાત્મવાદ (૩) તજ્જીવ-તત્શરીરવાદ (૪) અકારકવાદ (૫) આત્મષષ્ટવાદ (૬) ક્ષણિકવાદ. આ ક્ષણિકવાદના બે રૂપ છે– **૧.** પંચ-સ્કંધવાદ **૨.** ચારધાતુવાદ.

તે સિવાય (૭) નિયતિવાદ (૮) અજ્ઞાનવાદ (૯) કર્મોપચય નિષેધવાદ (ક્રિયાવાદી) (૧૦) જગત કર્તૃત્વવાદ (૧૧) અવતારવાદ (૧૨) લોકવાદ વગેરે સંબંધી પણ સંકેત છે.

**પ્ર.૪ : પાંચ મહાભૂત વાદ સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂત સર્વલોક વ્યાપી તેમજ સર્વને પ્રત્યક્ષ હોવાથી મહાન છે. આ સિવાય આત્મા વગેરે કોઈ પદાર્થ નથી. આ પાંચ મહાભૂતોના ભેગા થવાથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે, તે પાંચ તત્ત્વોથી અલગ નથી કારણ કે તે પાંચ ભૂતોનું જ કાર્ય છે.

આ પ્રમાણે આ મતવાળાઓ આત્મા, પરલોક, પુનર્જન્મ વગેરે તથા શુભ-અશુભ કાર્ય અને તેના ફળ તેમજ કર્તા-ભોક્તા વગેરે કોઈનો પણ સ્વીકાર કરતા નથી. તેઓ પ્રત્યક્ષનો સ્વીકાર કરે છે, અનુમાન વગેરે સ્વીકારતા નથી.

ખરેખર આ જગતમાં પુનર્જન્મ અને પરલોક વગેરે હોવામાં અનેક પ્રમાણોની સાબિતી છે. તેને નહીં માનવાથી દાન-ધર્મ, સેવા, પરોપકાર, મોક્ષ સાધના વગેરે બધું નિષ્ફળ થઈ જાય, હિંસા, ચોરી, અરાજકતા, અવ્યવસ્થાની બોલબાલા થઈ જાય. તે સિવાય પાંચ મહાભૂતોનો ગુણ ચૈતન્ય નથી તેથી તેના





સંયોગથી તે ચૈતન્ય ગુણ ઉત્પન્ન ન થઈ શકે. જો એમ હોય તો માટી વગેરે મેળવીને બનાવવામાં આવેલા પૂતળામાં પણ ચેતનાનો ગુણ કેમ પેદા થતો નથી ? પાંચ તત્ત્વ શરીરમાં રહેલા હોય તોપણ પ્રાણીનું મૃત્યુ થયા પછી તે શરીરમાં ચેતન તત્ત્વ કેમ રહેતું નથી ? જ્યારે પાંચે ય તત્ત્વો તો રહેતા જ હોય છે, પાંચે ય ઈન્દ્રિયો પણ પાંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થાય છે, એનો ગુણ પણ ચૈતન્ય નથી. કારણ કે એક ઈન્દ્રિય બીજી ઈન્દ્રિયના વિષયને જાણી શકતી નથી, પરંતુ પાંચે ય ઈન્દ્રિયોથી થતાં જ્ઞાનને હાજર રાખવાવાળું ચૈતન્ય તત્ત્વ તો જુદું જ છે.

નિષ્કર્ષ એ છે કે પાંચ ભૂતવાદનો સિદ્ધાંત મિથ્યાત્વથી ભરેલો છે, અજ્ઞાનમૂલક છે. માટે તે કર્મબંધ અને સંસાર વૃદ્ધિનું કારણ છે. આ ચાર્વાકોનો મત છે, તેને લોકાયતિક પણ કહે છે.

**પ્ર.૫ : એકાત્મવાદ સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** સમસ્ત લોકવ્યાપી એક જ આત્મા છે. જુદા-જુદા જે જીવો દેખાઈ રહ્યા છે તે તો માત્ર ભ્રમ છે. પૃથ્વી એક છે છતાં પણ તેના અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ રૂપ દેખાય છે, જેમકે પહાડ વગેરે. તે જ રીતે એક જ આત્મા અનેક રૂપોમાં દેખાય છે. પૃથ્વીથી(માટીથી) બનતા ઘડા વગેરેના અનેક રૂપોમાં પણ માટી તો એક જ છે. પાણીથી ભરેલા અનેક ઘડાઓમાં ચંદ્ર દેખાય છે તોપણ ચંદ્ર તો એક જ છે. તે જ રીતે ઉપાધિ ભેદથી એક જ આત્મા અનેક રૂપોમાં દેખાય છે.

હકીકતમાં આ યુક્તિ વિહીન સિદ્ધાંત છે. આખાએ વિશ્વમાં એક જ આત્મા માનવાથી નીચે પ્રમાણે મુશ્કેલીઓ આવે છે. જેમ કે (૧) એક વ્યક્તિ પાપ-ચોરી વગેરે કરશે તેનું ફળ બધી જ વ્યક્તિઓએ ભોગવવું પડશે. (૨) એક કર્મબંધનમાં પડે તેથી બધા જ કર્મબંધનમાં પડશે અને એકની મુક્તિ થવાથી બધાની મુક્તિ થઈ જશે. આ રીતે બંધ અને મોક્ષની વ્યવસ્થા પણ રહેશે નહિ. (૩) એકનો જન્મ કે એકનું મરણ અથવા એકનું પ્રવૃત્તિમય થતાં એ જ સ્થિતિ બધાની થશે, જે ક્યારે ય સંભવિત નથી. (૪) જડ અને ચેતન બધામાં એક જ આત્મા લોકવ્યાપી માનવાથી આત્માનો જ્ઞાન ગુણ જડમાં પણ માનવો પડશે. (૫) એકનું જ્ઞાન બીજામાં પણ માનવું પડશે જે અસંભવ છે. (૬) ઉપદેશ્ય અને ઉપદેશક યાને શ્રોતા અને વક્તા બધા એક જ છે તો પછી ઉપદેશ અને શાસ્ત્રરચના વગેરેની કોઈ જરૂરત જ નહિ રહે. ગુરુ-શિષ્ય, અધ્યયન-અધ્યાપન વગેરે પણ વ્યર્થ સિદ્ધ થઈ જશે.

શાસ્ત્રકાર કહે છે કે પ્રત્યક્ષમાં જોઈ શકાય છે કે જે પાપકર્મ કરે છે તે

જ તેનું ફળ એકલો ભોગવે છે, બધાને ભોગવવું પડતું નથી. આ પ્રમાણે આખાએ વિશ્વના સજીવ-નિર્જીવ પદાર્થોમાં એક આત્માને વ્યાપક માનવું યુક્તિસંગત નથી, વ્યવહારસંગત અને બુદ્ધિગમ્ય પણ નથી. પરંતુ મિથ્યાત્વના તીવ્ર ઉદયથી કેટલા ય લોકો આવા સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. ઉત્તરમીમાંસા (વેદાંત)દર્શનનો આ મત છે.

**પ્ર.૬ : તજ્જીવ-તત્શરીરવાદ શું છે ?**

**જવાબ :** શરીર છે તે જ જીવ છે, જીવ છે તે જ શરીર છે. શરીર ઉત્પન્ન થવાથી આત્માની અભિવ્યક્તિ થાય છે. શરીરનો નાશ થવાથી આત્મા ક્યાંય જતો દેખાતો નથી એટલે તે શરીરથી અભિન્ન છે, એક જ છે.

આ સિદ્ધાંતમાં શરીરની વાત કરી છે અને પહેલાના સિદ્ધાંતમાં પંચ મહાભૂત મળવાથી ચૈતન્ય શક્તિશાળી થઈને ચાલવું, બોલવું વગેરે ક્રિયા કરવા લાગે છે.

આ સિદ્ધાંત પ્રમાણે પુણ્ય-પાપ વગેરે કંઈ હોતું નથીં. લોક-પરલોક, શુભ-અશુભ કર્મ ફળ હોતાં નથી, પરંતુ શરીરના વિનાશની સાથે આત્માનો પણ વિનાશ થઈ જાય છે. તે(આત્મા) ક્યાંય જતો નથી અને કોઈ ફળ પણ ભોગવતો નથી.

રાજપ્રશ્નીય સૂત્રમાં આ સિદ્ધાંતના પક્ષ-વિપક્ષની વિસ્તૃત ચર્ચા છે. આ માન્યતાવાળાઓનું કહેવું છે કે જગતમાં જે કંઈ પણ વિચિત્રતા નજરે જોઈએ છીએ તે બધું(કુદરતી) પ્રકૃતિથી થાય છે. પૂર્વકૃત કર્મ માનવાની જરૂરત નથી. આ એક રીતનું નાસ્તિક શ્રદ્ધાન છે. એવું માનવાથી જગતમાં શુભકાર્ય કરવાનું પ્રોત્સાહન સમાપ્ત થઈ જશે. મતલબ કે શુભકાર્યને નામે પૂર્ણવિરામ મૂકાઈ જશે. વાસ્તવમાં જગતની વિચિત્રતાને સ્વભાવગત માનવા છતાં પણ જ્યારે આ સ્વભાવગત પરિસ્થિતિનું કારણ શોધવામાં આવે તો પૂર્વકૃત કર્મ સ્વીકારવું અનિવાર્ય થઈ પડે છે, કારણ કે તેના વિના સંસારની વ્યવસ્થા પણ ચાલી શકતી નથી.

દા.ત. એક સાથે એક જ સમયે જન્મેલા બે બાળકોમાંથી એક રડે છે, એક નહીં; એક બીમાર રહે છે અને બીજું તંદુરસ્ત, એક જલ્દી આયુષ્ય પૂર્ણ કરે છે, બીજું લાંબુ આયુષ્ય ભોગવે છે. એક જ સરખા તત્ત્વોની આવી ભિન્ન પરિસ્થિતિની પાછળ પૂર્વકૃત કર્મ તત્ત્વ અવશ્ય હોય છે. તેના કારણે જ આ સારાએ સંસારની વ્યવસ્થા ચાલે છે. છેવટે જીવ અને શરીરને એક જ માનવાના આ સિદ્ધાંતવાળા પણ ઈહલૌકિક સુખોમાં આસક્ત થઈને તેમજ ધર્મ આરાધનાથી કે શુભકાર્યોથી વંચિત રહીને પોતાના જન્મ-મરણ વધારે છે.





**પ્ર.૭ : અકારકવાદ સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** આ સિદ્ધાંતમાં આત્માને અકર્તા–અક્રિય માનવામાં આવ્યો છે. કાચના સ્વભાવથી જ જેવી રીતે પોતાની મેળે પ્રતિબિંબ પડે છે તેવી જ રીતે પ્રાકૃતિક વિકારો પુરુષમાં(આત્મામાં) પ્રતિબિંબિત થાય છે. જે રીતે આકાશ નિષ્ક્રિય છે તોપણ તેમાં અનેક રૂપનો આભાસ થાય છે. તેમજ આત્મામાં અનેક ક્રિયાઓનો આભાસ થાય છે પરંતુ આત્મા સ્વયં આકાશની માફક નિષ્ક્રિય છે.

હકીકતમાં આત્માને અક્રિય માનવાથી કોઈ અકૃત કર્મનું ફળ ભોગવશે. કોઈ કરેલા કર્મફળથી વંચિત થઈ જશે, એકના અશુભ કાર્યથી બધા દુઃખી થશે, નરકાદિ ચાર ગતિ અને મોક્ષ માનવાનું પણ અર્થશૂન્ય થઈ જશે. આ સિદ્ધાંતને માનનારા સાંખ્યમતવાળાઓની અનેક પ્રકારની સાધનાઓ વ્યર્થ થશે. આ મતમાં આત્મા અને આત્માની બધી ક્રિયાઓ માનવા છતાં આત્માને નિર્લેપ અને અકર્તા માનવામાં આવ્યો છે. જ્યારે સુખી-દુઃખી થતા જીવો પ્રત્યક્ષ જોવાય છે અને આ બધા અનુભવો જીવને જ થઈ શકે છે. છતાં પણ મિથ્યાત્વના ઉદયથી એવું માનનારા અનેક લોકો હોય છે. નરક, સ્વર્ગ, મોક્ષ માનતા હોવા છતાં પણ આત્માને અકર્તા માનીને નરક વગેરેમાં જવાનો પણ સ્વીકાર કરે છે. શાસ્ત્રકાર કહે છે કે આ અજ્ઞાન અંધકાર એટલે સંસાર અંધકારમાં પરિભ્રમણ કરાવનારું થાય છે– **तमाओ ते तम ज ति म दा मोहेण पाउडा ।**

**પ્ર.૮ : આત્મષષ્ઠવાદનો સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** આ સિદ્ધાંતવાળા પાંચ ભૂત અને આત્મા, આ છ તત્ત્વોનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારે છે, પરંતુ એકાંત રૂપથી છએયને નિત્ય અવિનાશી માને છે પરંતુ કંઈક અંશે નિત્ય, કંઈક અંશે અનિત્ય; દ્રવ્યની અપેક્ષાએ નિત્ય, પર્યાયની અપેક્ષાએ અનિત્ય, એવું માનતા નથી. એકાંત નિત્યનો મિથ્યાગ્રહ પકડી રાખવો તે જ તેમનું અયોગ્ય છે.

**પ્ર.૯ : ક્ષણિકવાદનો સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** આ સિદ્ધાંતવાળા પ્રત્યેક તત્ત્વની પ્રતિક્ષણ ઉત્પત્તિ અને વિનાશ માને છે. આ લોકો પદાર્થોની પરિવર્તન પામનારી પર્યાયને દ્રવ્યનું પરિવર્તન માની લ્યે છે, દ્રવ્ય અને પર્યાયના વિભાગ નથી માનતા. તે મતવાળઓના બે પ્રકાર છે– (૧) પાંચ સ્કંધ માનનારા (ર) ચાર ધાતુ માનનારા.

**પાંચ સ્કંધ**– ૧. રૂપસ્કંધ ર. વેદનાસ્કંધ ૩. સંજ્ઞાસ્કંધ ૪. સંસ્કારસ્કંધ ૫. વિજ્ઞાન સ્કંધ. શીત વગેરે અલગ-અલગ રૂપોમાં વિકાર પ્રાપ્ત થવાના સ્વભાવવાળો જે ધર્મ છે તે બધું એક થઈને **રૂપસ્કંધ** બની જાય છે. સુખ દુઃખ વેદન કરવાના

સ્વભાવવાળા ધર્મનું એકત્રિત થવું **વેદના સ્કંધ** છે. અલગ અલગ સંજ્ઞાઓના કારણે વસ્તુ વિશેષને ઓળખવાના લક્ષણવાળા સ્કંધ **સંજ્ઞાસ્કંધ** છે. પુણ્ય-પાપ વગેરે ધર્મ-રાશિના લક્ષણવાળા સ્કંધ **સંસ્કારસ્કંધ** છે. જે જાણવાના લક્ષણવાળું છે તે રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન વગેરે વિજ્ઞાન સમુદાયને **વિજ્ઞાનસ્કંધ** કહે છે. આ પાંચ સ્કંધોના સિવાય આત્મા નામનો કોઈ પદાર્થ નથી. આ પાંચ સ્કંધોથી સંસાર ચાલે છે. **સ્વપક્ષ નિરૂપણ :** આત્માને નહિ માનવાથી તો ખુદનો જ ઈન્કાર થાય છે. જ્યારે ખુદ જ કોઈ તત્ત્વ હોય નહિ તો પછી કર્તાપણું અને ભોક્તાપણું વગેરે કંઈ જ નથી. સ્વર્ગ-નરક માનવા છતાં પણ આત્મા વિના તેનો કોઈ અર્થ નથી, તેથી આ ક્ષણિકવાદ પણ આત્મ કલ્યાણ સાધનામાં અપૂર્ણ છે, અયોગ્ય છે.

**ચાર સ્કંધ :–** પૃથ્વી, જલ, તેજ અને વાયુ . આ સિદ્ધાંતવાદી આ ચાર (તત્ત્વો) વસ્તુઓને જ સર્વ જગત માને છે. તેઓ પણ આ ચારથી વિશેષ કોઈ તત્ત્વને એટલે કે આત્માને માનતા નથી. તેઓ પણ પદાર્થને ક્ષણ વિનાશી માને છે. **સ્વપક્ષ :** શાસ્ત્રકારે આ બધાને અફલવાદી કહ્યા છે. આ પ્રકારના એકાંત સિદ્ધાંતથી આત્મા અને કર્મ તથા તેના ફળ ભોગવવાની વ્યવસ્થા બરાબર થઈ શકતી નથી. તોપણ આ બધા જ મતવાળા આ વાત કરે છે કે અમારા મતનો સ્વીકાર કરો એનાથી તમારી મુક્તિ જલ્દી-જલ્દી થઈ જશે, કલ્યાણ થઈ જશે.

હકીકતમાં આત્મા અને કર્મબંધ કે વિમોક્ષના સાચા સ્વરૂપને સમજ્યા વિના કે માન્યા વિના કોઈ સાધના અને તેનાથી મળતું ફળ પ્રાપ્ત થાય નહીં. કારણ કે કોઈ મતમાં આત્મા નથી, કોઈમાં પરભવ–પુનર્જન્મ નથી. કોઈમાં આત્મા અક્રિય છે, અકર્તા છે, ફળ ભોક્તા પણ નથી. તો પછી તેને માટે કોઈ સાધનાની જરૂર જ રહેતી નથી.

સારાંશ એ છે કે આત્મદ્રવ્યને સાચા સ્વરૂપમાં સ્વીકારવું તે ધર્મ સાધનાઓને માટે સર્વ પ્રથમ જરૂરી છે. તેના વગર મિથ્યા સમજના કારણે સાચી સાધના અને સાચું પરિણામ પ્રાપ્ત થવું સંભવ નથી, અસંભવ જ છે.

### પ્ર.૧૦ : નિયતિવાદનો સિદ્ધાંત શું છે ?

**જવાબ :** નિયતિવાદી એકાંત નિયતિથી જ સંપૂર્ણ સંસારના કાર્યોને માને છે. તેઓ કાળ, સ્વભાવ, કર્મ અને પુઢષાર્થને કાર્ય થવામાં જરૂરી માનતા નથી. તેઓનું કહેવું છે કે એક સરખા સમયમાં કામ કરવાવાળી બે વ્યક્તિમાં એક સફળ થાય છે એક અસફળ, એક જ સરખા સ્વભાવવાળા અનાજમાં કોઈ ઊગે છે કોઈ નહિ. માટે કોઈ પણ કાર્ય થવામાં એક માત્ર નિયતિ જ કારણ છે.





જૈનદર્શન નિયતિ સહિત કાલ, સ્વભાવ વગેરે પાંચ સમવાયનો સ્વીકાર કરે છે. કારણ કે અનેક કાર્યોની નિષ્પત્તિમાં સ્વભાવ પ્રમુખ હોય છે. કોઈ કાર્ય બનવામાં કાળ પ્રમુખ હોય છે એટલે કે બધે જ એક સરખો નિયમ હોતો નથી. જેમ કે લીમડાનું ઝાડ ઉગાડવામાં લીમડાના બીજનો સ્વભાવ અને પરિપક્વ થવાનો સમય તથા પુઢષાર્થ તેમજ તેમાં ઊગવાવાળા જીવનું આયુષ્યકર્મ વગેરે પણ કારણભૂત હોય છે. ક્યારેક સ્વભાવ વગર કાર્ય થતું નથી, ક્યારેક નિયતિ વિના કાર્ય નથી થતું અને ઘણા કાર્યો પુઢષાર્થ કરવાથી થાય છે, પરંતુ પુઢષાર્થ વિના થતા નથી. પરિણામે પાંચે સમવાયનો સંયોગ, એ કાર્ય સિદ્ધ કરવામાં સાપેક્ષ છે. એકાંત નિયતિવાદનો સ્વીકાર કરવાથી અને બીજાની ઉપેક્ષા કે નિષેધ કરવાથી કેટલા ય સંસાર વ્યવહાર ચાલી શકતા નથી.

એકાંત આગ્રહને કારણે નિયતિવાદ પણ દોષિત છે. તે વ્યક્તિઓને પુઢષાર્થી થવાના પ્રેરક બનવાની જગ્યાએ પુઢષાર્થહીન બનવામાં પ્રેરક થાય છે. પુઢષાર્થમાં અનુત્સાહ પેદા કરે છે. જ્યારે સંસાર વ્યવહારમાં બધે જ પુઢષાર્થની ઘણી જ જરૂર રહે છે.

### પ્ર.૧૧ : અજ્ઞાનવાદનો સિદ્ધાંત શું છે ?

**જવાબ :** અજ્ઞાનવાદનો સિદ્ધાંત તો કોઈની પાસે જવાનો, સંગતિ કે સત્સંગ કરવાનો, જ્ઞાન પ્રાપ્ત કરવાનો જ નિષેધ કરે છે. જ્ઞાનના અભાવમાં પોતે જ અજ્ઞાની હોય છે, તેથી તે બીજાને શું માર્ગદર્શન આપી શકે ? ખરેખર પોતે જ અજ્ઞાનમાં ડૂબેલો વ્યક્તિ બીજાને જ્ઞાન આપી શકતો નથી. આંધળી વ્યક્તિ બીજાને રસ્તો કઈ રીતે બતાવી શકે ? વળી આંધળી વ્યક્તિની પાછળ ચાલનારો પણ માર્ગ ભૂલ્યો જ થાય છે. આ રીતે અજ્ઞાનવાદીઓની વાત અનુકરણ કરવા યોગ્ય નથી. શાસ્ત્રકારે એને મૃગની ઉપમા આપી છે. મૃગ પોતાના મતિભ્રમથી રક્ષણના સ્થાનમાં શંકાશીલ હોય છે અને જાળમાં ફસાઈ જાય છે. તેવી જ રીતે અજ્ઞાનવાદી અજ્ઞાની હોવાને કારણે અજ્ઞાનની જાળમાં ફસાઈ જાય છે.

અજ્ઞાનવાદીને કોઈ પણ પ્રકારના વિમર્શની પણ યોગ્યતા નથી હોતી. કારણ કે વિચારવિમર્શ માટે પણ જ્ઞાનની જરૂરત રહે છે. આ રીતે તેઓ અજ્ઞાનતાને કારણે પોતાના જ હિતનો વિચારવિમર્શ કરવાની પણ યોગ્યતા ધરાવતાં નથી, તો પછી બીજાને ઉપદેશ આપવો કે અનુશાસિત કરવામાં કેવી રીતે યોગ્ય થઈ શકે ? અજ્ઞાનતાને કારણે તેઓ કોઈને પણ ઉપદેશ દ્વારા માર્ગદર્શક બનવામાં બધી જ રીતે અયોગ્ય છે, આંધળાની સમાન છે.

આ પ્રમાણે અજ્ઞાનવાદી પોતે જ અજ્ઞાની હોવા છતાં પણ પોતાને

પંડિત માનીને બીજાનો સત્સંગ પણ નથી કરતાં, તર્ક વિતર્ક માત્રથી(ભોળા) નિર્દોષ લોકોને પથભ્રષ્ટ કરે છે. તેઓ કર્મોથી તેમજ દુઃખથી છૂટી શકતા નથી; પિંજરાના પક્ષીની માફક સંસારમાં જ રહે છે, મુક્ત થઈ શકતા નથી.

**પ્ર.૧૨ : કર્મોપચય નિષેધવાદ-ક્રિયાવાદી દર્શન શું છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકની ગાથા નં. **૨૪ થી ૨૯** માં આ દર્શનનું કથન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાકારોએ આને બૌદ્ધ માન્યતાનું સૂચન કર્યું છે. બૌદ્ધ નીચે પ્રમાણેની ક્રિયાઓને માત્ર ક્રિયાઓ જ માને છે. તેનાથી કર્મોપચય માનતા નથી. જેમ કે– (૧) કોઇ પણ ક્રિયા ચિત્તશુદ્ધિ પૂર્વક કરવામાં આવે તો કર્મોપચય થતો નથી. પિતા પુત્રને મારીને તેનું માંસ ખાય અને તેમાં પરિણામ અને કારણ શુદ્ધ હોય તો બંધ થતો નથી (૨) ક્રોધાવેશમાં કોઇ મનમાં રૌદ્રવિચાર કરે પરંતુ પ્રવૃત્તિ ન કરે તો કર્મબંધ થતો નથી (૩) સંકલ્પ વિના અજાણતાં અસાવધાનીથી જે ક્રિયાઓ થાય છે જેમાં મારવાની બુદ્ધિ(ભાવ) નથી તો હિંસાને કારણે થનારો કર્મબંધ તેને થતો નથી અર્થાત્ ભોજન, વ્યાપાર કે ગમનાગમન પ્રવૃત્તિમાં જ્યાં હિંસાનો સંકલ્પ જ નથી તો કર્મોપચય થતાં નથી (૪) સ્વપ્નાવસ્થામાં થનારા હિંસા આદિ કાર્યથી પણ કર્મોપચય થતાં નથી. આ તમામ વાતનો આશય એ છે કે મન અને શરીર બંને જોડાય અને પ્રવૃત્તિ થાય તો કર્મોપચય થાય છે, એકલા મન કે એકલી કાયાથી નહિ. દા.ત. તેમના સિદ્ધાંત પ્રમાણે જ્યારે ૧. જેને હણવાનું છે તે પ્રાણી સામે હોય ૨. હણવાવાળાને એ જાણકારી હોય કે આ જીવ છે ૩. વળી હણનારાનો એ સંકલ્પ હોય છે કે **હું આને મારું** આવી સ્થિતિમાં તે પ્રાણીને તકલીફ(કષ્ટ) પહોંચાડે કે મારી નાખે તો જ કર્મબંધ થાય છે. જો તે જીવ છટકીને ભાગી જાય તો કર્મબંધ નથી થતો.

**સ્વપક્ષ નિરૂપણ :–** જૈનદર્શન અનુસાર એ બધાં જ વિકલ્પો યુક્ત કર્મબંધનું કથન અજ્ઞાનદશાનું કારણ છે. આ સંસાર(દુનિયામાં) એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓ છે. બધાંના કર્મબંધ અને સંસાર-ભ્રમણ થાય છે. મન,વચન, કાયા આ ત્રણેના સંયોગથી કે પ્રત્યેક સ્વતંત્ર હોય તો પણ પ્રત્યેક યોગ અને પ્રત્યેક કષાયથી કર્મબંધ થાય છે. કોઈ પણ ક્રિયાના ફળસ્વરૂપે કર્મબંધ ન થાય તેમ નથી. તીવ્ર અથવા મંદ કર્મબંધ અવશ્ય હોય છે. અજ્ઞાનદશાથી અથવા પોતાના સ્વાર્થથી કોઈ પંચેન્દ્રિય વધ જાણીને કરે તો તેના પરિણામોને કોઈ પણ રીતે વિશુદ્ધ માની શકાય નહિ. આ માટે પુત્રને મારીને ખાવાથી કર્મબંધ થતો નથી એવું કથન તો અજ્ઞાનતાથી ભરેલું જ છે, તદ્દન ખોટું જ છે.





આ પ્રકારની માન્યતાને કારણે તે માન્યતા ધરાવનારાઓને શાસ્ત્રકારે કર્મ ચિંતાથી રહિત કહ્યા છે. કાણાંવાળી નાવને ચલાવનારો વ્યક્તિ જો અંધ હોય તો તેમાં રહેલા મુસાફરો સુરક્ષિત દશામાં પાણીને પાર કરી શકતા નથી. એ જ રીતે આ એકાંતવાદિઓ અને અજ્ઞાનવાળાઓનું શરણ સ્વીકારવાથી કોઈ સંસાર પાર કરી શકતા નથી પરંતુ સંસારમાં જ ભ્રમણ કરે છે.

**પ્ર.૧૩ : જગત કર્તૃત્વવાદ સિદ્ધાંત શું છે ?**

**જવાબ :** ચરાચર પદાર્થવાળો આ લોક કોણે બનાવ્યો ? કેવી રીતે બન્યો ? વગેરે પ્રશ્નોના ઉત્તરમાં લોકની ઉત્પત્તિ અને તેનો કર્તા કોઈને માનવો, આ જગત કર્તૃત્વવાદ સિદ્ધાંત છે. આ વિષયમાં જુદા-જુદા મત શાસ્ત્રકારે બતાવ્યા છે, તે આ પ્રમાણે છે– આ જગત (૧) દેવ દ્વારા બન્યું (૨) બ્રહ્માએ એને બનાવ્યું (૩) ભગવાને બનાવ્યું (૪) મુખ્ય(પ્રકૃતિ વગેરે)દ્વારા બન્યું (૫) સ્વયંભૂ (વિષ્ણુ)એ બનાવ્યું (૬) યમરાજાએ માયા કરી છે (૭) ઈંડાથી પૃથ્વી ઉત્પન્ન થઈ અને તેમાં તત્ત્વોને બ્રહ્માએ બનાવ્યા છે. આ રીતે પોતપોતાના આશયથી જુદી જુદી રીતે અજ્ઞાની માણસો લોકની ઉત્પત્તિ માને છે, પરંતુ તેઓ આ વાત નથી સમજતા કે લોક શાશ્વત છે, તેને કોઈએ બનાવવાની જરૂર જ નથી.

હકીકતમાં લોકોત્પત્તિ જાણવાની જરૂર નથી, પરંતુ દુઃખોત્પત્તિ કેમ થાય છે તે જાણવું જરૂરી છે. અશુભ આચરણથી દુઃખ ઉત્પન્ન થાય છે. દુઃખ ઉત્પત્તિનું કારણ જાણ્યા વિના દુઃખને રોકવાના ઉપાય રૂપ સંયમ કે સંવરને કેવી રીતે જાણી શકે ? પાપાચરણ જ દુઃખોત્પત્તિના હેતુ–કારણ છે અને પાપોનો ત્યાગ જ દુઃખ રોકવાનો ઉપાય છે. લોક તો અનાદિથી છે તે ક્યારે ય ન હતો એવું નથી.

**પ્ર.૧૪ : અવતારવાદ શું છે ?**

**જવાબ :** આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશકની ૧૧મી અને ૧૨ મી ગાથામાં આ અવતારવાદનું દિગ્દર્શન છે. તેને ત્રૈરાશિકવાદ પણ કહેવામાં આવે છે. એમાં જીવની ત્રણ અવસ્થાઓ સ્વીકાર્ય છે–(૧) સંસાર અવસ્થા (૨) સિદ્ધ અવસ્થા (૩) અવતાર અવસ્થા. અવતારવાદવાળાઓની એ માન્યતા છે કે લીલાના ઉદ્દેશથી કે અધર્મ વિનાશ અને ધર્મોત્થાનને માટે મહાન આત્માઓ ફરીને આ લોકમાં અવતાર(સંસારી રૂપ) સ્વીકાર કરે છે. આ પ્રકારની માન્યતા વૈદિક પરંપરામાં જાણીતી છે. ગીતા વગેરે ગ્રંથોમાં પણ સ્પષ્ટ વર્ણન છે.

**જૈન દર્શનની આ માન્યતા છે કે** સિદ્ધાત્મા કર્મરહિત થઈ જતાં હોઈને ફરીને સંસારમાં આવવાનું તેમને કોઈ જ કારણ રહેતું નથી. તેઓમાં

લીલા, રાગ કે દ્વેષ કંઈ જ નથી. જગતના ઉદ્ધારને માટે કે ધર્મના ઉદ્ધારને માટે સ્વાભાવિક રીતે એક પછી એક માનવ ભવધારી મહાન આત્માઓ ધર્મપ્રવર્તન કરતા રહે છે. એ રીતે જ આ સંસારચક્ર ચાલતું રહે છે.

ત્રીજા ઉદ્દેશકની છેલ્લી ગાથાઓમાં કહેવામાં આવ્યું છે કે અહીં વર્ણન કરાયેલ આ બધાય મત–સિદ્ધાંતવાળાઓ પોતપોતાના મતના વખાણ કરે છે અને તેની તરફેણ કરે છે. પોતાના મતથી(સિદ્ધિ) મુક્તિ થવાનો દાવો કરે છે. ખરેખર તેઓ મુક્તિને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવા છતાં પણ પોતાના અયોગ્ય આશયમાં બંધાયેલા રહે છે. તેને સાચા અર્થમાં સમજીને છોડવા માટે તત્પર થઈ શકતા નથી. આ કારણે મિથ્યા–અજ્ઞાનમાં રહીને તેઓ સાચી સાધનાના અભાવે સંસારમાં જ ભ્રમણ કરતા રહે છે.

**પ્ર.૧૫ : લોકવાદ શું છે ?**

**જવાબ :** લોકવાદ એટલે લોકમાં પ્રચલિત ધારણાઓ. લોકમાં આધારભૂત-અનાધારભૂત ચાલી આવતી મનઘડંત પરંપરાઓને અહીં ચોથા ઉદ્દેશકમાં લોકવાદથી સૂચિત કરવામાં આવી છે. બહુચર્ચિત વિષય પણ લોકવાદ કહેવામાં આવે છે. જેમ કે– (૧) અનેક પ્રકારના અવતાર સંબંધી વાતો (૨) આ લોક સાત દ્વીપમય છે (૩) લોક અનંત છે તેનો પાર નથી (૪) જે પદાર્થ શ્રેષ્ઠ છે અને મોક્ષોપયોગી છે તેને જોવાવાળા સર્વજ્ઞ હોય છે. સંસારના તમામ કીડાઓને જોવાની આવશ્યકતા સર્વજ્ઞને હોતી નથી (૫) પુત્ર વિના ગતિ સુધરતી નથી, સ્વર્ગ મળતું નથી (૬) તે પુરુષ ચોક્કસ શ્રૃગાલ બને છે જેને વિષ્ટા સહિત અગ્નિદાહ દેવામાં આવે છે (૭) કૂતરા યક્ષ છે, બ્રાહ્મણ દેવ છે (૮) જે બ્રાહ્મણોને વાદમાં હરાવે છે તે સ્મશાનમાં વૃક્ષ થાય છે (૯) બ્રહ્મા સૂવે છે ત્યારે જગતમાં પ્રલય થાય છે (૧૦) મૃતકની ઈચ્છાપૂર્તિ નથી થતી ત્યાં સુધી તે પ્રેતાત્મા રૂપમાં અહીં ભટકે છે. આ પ્રકારે અનેક પ્રકારની દંતકથાઓ ચાલતી આવે છે, ચલાવવામાં આવે છે. (૧૧) જે જેવો છે તેવો જ બને છે, જેમ કે ત્રસ જીવો ત્રસ જ રહે છે, સ્થાવર જીવો સ્થાવર જ રહે છે, એ જ રીતે સ્ત્રી, પુરુષ, મનુષ્ય, ગાય, પક્ષી વગેરે મરીને જે જેવાં છે તેવા જ બને છે; બીજા રૂપને ધારણ કરતા નથી. એટલે કે સ્ત્રી મરીને સ્ત્રી જ બને છે, ગાય મરીને ગાય જ બને છે.

આધાર રહિત અથવા તો અસંગત માન્યતાઓ ઉપાદેય થઈ શકતી નથી. લોકવાદમાં સેંકડો વાતો આવી જાય છે. પરંતુ તેમાં સત્ય અને ગ્રહણ કરવા યોગ્ય કોઈક જ હોય છે. તેમા મોટાભાગે ભ્રામક તત્ત્વોની જ વાતો હોય છે. માટે આત્મકલ્યાણના સાધકોએ આગમ પ્રમાણથી પ્રમાણિત અને કલ્યાણકારી તત્ત્વોની શોધ કરવી જોઈએ, લોકવાદમાં તણાવું જોઈએ નહિ.





**પ્ર.૧૬ : આ અધ્યયનમાં મતમતાંતર સિવાય બીજો કોઈ વિષય પણ છે ?**

**જવાબ :** આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશકમાં આધાકર્મ દોષના અંશથી દૂષિત પૂતિકર્મ આહારના સેવનથી સંયમ દૂષિત થવાનું કથન કરવામાં આવ્યું છે અને ચોથા ઉદ્દેશકના અંતમાં અહિંસા ધર્મ અને ચારિત્ર શુદ્ધિ, આહાર આદિની વિશુદ્ધિ તથા કષાયત્યાગ આદિ મોક્ષમાર્ગનાં પ્રેરણાત્મક વચન છે.

## અધ્યયન–૨ : વૈતાલીય

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય શું વિષય છે ? આ અધ્યયનના નામની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ત્રણ ઉદ્દેશક છે. તેમાં મુખ્ય વિષય કર્મક્ષયનો અર્થાત્ કર્મ વિદારણનો છે. એના સંદર્ભમાં વૈરાગ્યપ્રદ ઉપદેશ છે. સંયમ આરાધના માટે– હિતશિક્ષાઓ, કષાય વિજય, પરીષહ વિજય, કષ્ટ સહિષ્ણુતા વગેરે વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતમાં અજ્ઞાની જીવોની દશા અને મુક્તિ સાધનાની પ્રેરણા આપવામાં આવી છે. સરવાળે કર્મ વિદારણનો ઉપદેશ હોવાથી આ અધ્યયનનું 'વૈતાલીય' નામ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનના પ્રારંભમાં ભગવાન ઋષભદેવ દ્વારા પોતાના ૯૮ પુત્રોને આપવામાં આવેલ ઉપદેશ છે ?**

**જવાબ :** આ અધ્યયનના શરૂઆતની પાંચ-છ ગાથાઓમાં જીવનની ક્ષણ-ભંગુરતા બતાવીને બોધિ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ત્યાં બીજો કોઈ પણ સંકેત નથી કે જેનાથી આ ગાથાઓનો સંબંધ ઋષભદેવ ભગવાન સાથે જોડાય પરંતુ ટીકાકાર શ્રી શીલાંકાચાર્યએ ભગવાન ઋષભદેવ અને ૯૮ પુત્રો સાથે આ ઉપદેશી ગાથાઓનો સંબંધ જોડયો છે. તેના આધારે અર્થ પરંપરામાં આ કથનનું વિવેચન કરાય છે કે ભગવાને ૯૮ પુત્રોને કે જેઓ રાજ્યના વિષયમાં સલાહ લેવા આવ્યા હતા, તેઓને ઉપદેશ આપ્યો હતો, તે આ ગાથાઓમાં સંકલિત છે.

**પ્ર.૩ : શું માતાપિતા દીક્ષિત પુત્રોને ફરી ઘરમાં લાવવાનો પ્રયત્ન કરે છે ? એવું સંભવિત છે ?**

**જવાબ :** આ અધ્યયનના પહેલા ઉદ્દેશકની ગાથા ૧૬ થી ૨૦ માં આ પ્રકારનું વર્ણન છે. ત્યાંની શબ્દ રચનાના સીધા અર્થથી તો એ જ ફલિત થાય છે કે

દીક્ષિત સાધુને માટે માતા-પિતા આદિ પારિવારિક લોકો દ્વારા ઉપસર્ગ આવે ત્યારે તેમાં સહેજમાત્ર પણ ચલિત ન થાય પરંતુ ચિંતન અથવા અનુભવથી એવું સંભવ લાગતું નથી, કારણ કે વર્ષોની દીક્ષા પછી તો પરિવારના લોકો લગભગ ધર્મથી ભાવિત થઇ જાય છે. પછી તો તેઓની આવા ઉપસર્ગ કરવા જેવી મનોદશા રહેતી નથી. સૂત્રમાં વર્ણિત બધા વિષય ભાવ દીક્ષિત, ભાવિ દીક્ષાર્થીને માટે વધારે સંગત થાય છે અને સૂત્રોક્ત બધા પ્રસંગો કોઈ દીક્ષાર્થીના જીવનમાં આજે પણ બનવા પામે છે. પરંતુ પૂર્વ દીક્ષિત સાધુ સાથે આવું બનતું હોવાનું કોઈ દષ્ટાંત આગમમાં કે પ્રત્યક્ષ અનુભવમાં આવતા નથી.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનમાં ભૃગુ પુરોહિત અને તેમના વિરક્ત પુત્રોની સાથેના સંવાદ પ્રસંગે ત્યાં પણ **अह तायगो तत्थ मुणीण तेसि** । આ પ્રકારનો પાઠ છે. ત્યાં પણ અદીક્ષિત પુત્રોને મુનિ શબ્દથી સીધું જ કહેવામાં આવ્યું છે. આચારાંગ સૂત્રમાં પણ પુત્રને માટે માતા-પિતાનો વિલાપ વગેરે વાત બતાવી છે. ત્યાંના શબ્દોથી પણ સાધુ બની ગયેલા પુત્રની અપેક્ષાનો અર્થ થઇ શકે, પણ ત્યાંના પાઠમાં– **मा णे चयाहि** શબ્દ હોવાથી સ્પષ્ટ થઈ જાય છે કે હજી સુધી પુત્રએ માતા-પિતાનો ત્યાગ કર્યો નથી, કરવાનું ઇચ્છે છે. જેને પિતા કહે છે કે તું અમને હમણાં છોડ નહીં, કારણ કે આ રીતે માતા-પિતાની અનિચ્છાએ તેને છોડનારનું કલ્યાણ થઈ શકતું નથી. આ પ્રમાણે આચારાંગમાં પણ મુનિ વાચક શબ્દ હોવા છતાં પણ દીક્ષાર્થી હોવાનું અને માતા-પિતા દ્વારા ચલિત કરવાના પ્રસંગનું વર્ણન છે.

ટીકાકારે આચારાંગ અને સૂયગડાંગ બંને સૂત્રોમાં પૂર્વ દીક્ષિત સાધુની અપેક્ષાએ અર્થ ઘટિત કર્યો છે તેમજ આને ઉપસર્ગરૂપ માન્યું છે. સાધુ આ ઉપસર્ગના સમયે સંયમમાં અટલ રહે અને મોહમાં ન ફસાય એવા ઉપદેશનો સંબંધ કહ્યો છે, પરંતુ સૂક્ષ્મદષ્ટિથી વિચારણા કરવાથી આ પ્રસંગ દીક્ષા પહેલાની અવસ્થાવાળા ભાવમુનિ–વૈરાગી દીક્ષાર્થીની અપેક્ષાએ છે એવું સ્પષ્ટ ફલિત થાય છે.

**પ્ર.૪ : આ અધ્યયનમાં વૈરાગ્યમય ઉપદેશ કયા કયા પ્રકારે છે ?**

**જવાબ :** (૧) વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી (૨) મનુષ્ય જીવન ફરીને મળવું મુશ્કેલ છે (૩) પ્રાણી પોતે જ કર્મ બાંધે છે પછી તેનું ફળ તેમને ભોગવવું પડે છે (૪) ગર્ભસ્થથી લઈને વૃદ્ધ સુધીની કોઇ પણ અવસ્થાવાળા મનુષ્ય આયુષ્ય પૂર્ણ થવાથી મરી જાય છે અર્થાત્ મૃત્યુનો કોઇ ચોક્કસ સમય નથી (૫) પરિવારમાં મોહ રાખવાથી સદ્‌ગતિ મળવાની નથી (૬) દેવ, દાનવ, રાજા, શેઠ, પશુ(સૂક્ષ્મ જીવો) કીડા વગેરે બધાં જ આયુષ્ય પૂર્ણ થતાં





દુઃખી થઈને પણ પોતાનું સ્થાન છોડે જ છે (૭) વિપુલ ભોગ સામગ્રી અને પરિવાર હોય તોપણ જીવને એકલા કર્મોની સાથે જાવું પડે છે (૮) મનુષ્ય જીવન નાશવંત છે. આ જાણીને હે પુરુષ ! પાપકાર્યોનો ત્યાગ કર (૯) આ જીંદગી વધારી શકાતી નથી તોપણ અજ્ઞાની પ્રાણી વર્તમાનને જ દેખીને કહે છે કે પરભવ કોણે જોયો છે ?

(૧૦) ગૃહસ્થ જીવનમાં પણ જે સાધક પ્રાણીઓ પ્રત્યે સંયમ કરે, સમભાવમાં રહેતા થકાં વ્રતોની આરાધના કરે તો તે પણ દેવગતિમાં જાય છે (૧૧) ધન–પરિવારને બાળ જીવો શરણભૂત માને છે, પરંતુ દુઃખ કે મોત આવે ત્યારે એકલા જ ભોગવવું પડે છે (૧૨) સંસારમાં પ્રાણી પોતપોતાના કરેલા કર્મોના ફળથી વ્યક્ત કે અવ્યક્ત દુઃખથી દુઃખી થઈને ભટકતાં રહે છે (૧૩) આ મનુષ્યભવના અવસરને સમજો ! અન્યત્ર આવી બોધિ(સમ્યક્‌જ્ઞાન) અને આરાધના કરવાનું દુઃશક્ય છે (૧૪) ગૃહસ્થ જીવન આ લોકમાં પણ દુઃખકર છે અને પરભવમાં પણ દુઃખકર છે, આ વાત સમજીને ઘરમાં કોણ રહેશે ?

**પ્ર.૫ : આ અધ્યયનમાં સંયમ સંબંધી બોધ–પ્રેરણાઓ શું છે ?**

**જવાબ :** (૧) સાધુ જો બહુશ્રુત છે અથવા તપસ્વી કે મહાતપસ્વી પણ છે, પરંતુ ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, દ્વેષ વગેરેમાંથી કોઇમાં પણ મૂર્ચ્છિત થાય છે, ડૂબી જાય છે, તેમાં તલ્લીન રહે છે તો તેઓ જન્મ-મરણથી મુક્ત થઈ શકતા નથી. (૨) પૃથ્વી ઉપર સૂક્ષ્મ અને મહા મુશ્કેલીએ દેખાતા પ્રાણી ઘણાં જ હોય છે, તેથી પ્રત્યેક પ્રવૃત્તિ યતના અને વિવેક પૂર્વક કરવી જોઈએ. (૩) દુનિયામાં હું જ એક દુઃખી નથી, મારાથી વધીને કેટલા ય પ્રાણીઓ દુઃખી છે, આવું વિચારીને મુનિ કષ્ટોને સહન કરે, અનશન વગેરેથી શરીરને કૃશ કરે (૪) જેમ પક્ષી પાંખો ફફડાવીને ધૂળ વગેરે દૂર કરી દે છે એ જ રીતે મુનિ કર્મોને તપ દ્વારા ક્ષય કરી નાખે.

(૫) પરિવારના મોહમાં ફરીને ન ફસાય. (૬) વૈતાલિક માર્ગ(કર્મ નાશના માર્ગ રૂપ) જૈનધર્મ–જિન પ્રરૂપિત માર્ગને મેળવીને મન, વચન, કાયાથી સંવૃત્ત બને. આરંભ-સમારંભ, જ્ઞાતિજન તેમજ ધન વગેરેનો ત્યાગ કરીને સંયમમાં વિચરણ કરે. (૭) મુનિ પોતાના ઉચ્ચકુળનો કે અન્ય ગુણોનો ગર્વ ન કરે, બીજાના અવગુણ વગેરેની હીલના ગર્હા કે નિંદા ન કરે. પરનિંદા પાપકારી છે. (૮) કોઈનો તિરસ્કાર ન કરવો, પરનિંદા કે તિરસ્કાર મહાન સંસાર ભ્રમણ કરાવનાર છે.

(૯) મુનિ સમતામાં રહે, ભલે કોઈ મારે પીટે તો પણ સંયમમાં રહે,

સંયમને દૂષિત ન કરે, ક્રોધ, માન પણ ન કરે. ઘણા શ્રમણ સમુદાય–શિષ્ય સમુદાયમાં રહે તો પણ નિર્લેપ રહે, કર્મબંધ ન કરે. (૧૦) મુનિજીવનમાં મળનારી પૂજા, પ્રતિષ્ઠા, પ્રશંસા કે વંદન વગેરે બધું જ સૂક્ષ્મ કાંટા સમાન છે, મુનિ તેને કીચડ સમજીને સાવધાનીથી વર્તે, તેમાં ફસાય નહિં.

(૧૧) વિશેષ કર્મ નિર્જરાર્થ મુનિ યોગ્યતા પ્રાપ્ત કરીને એકાકી ભાવમાં વિચરણ કરે, એકાકી સ્થાન, શય્યામાં વિચરણ કરે; નિર્ભય બનીને કષ્ટોને સહન કરે, શરીરનો મોહ ન રાખે. બીજા ઉદ્દેશકની ગાથા ૧૨ થી ૧૬ સુધી વિશિષ્ટ તપના હેતુથી એકલવિહાર સાધનાનું કથન છે. પ્રકૃતિ કે પરિસ્થિતિથી એકલવિહારી થતા સાધુઓનો અહીં ઉલ્લેખ નથી. (૧૨) ક્લેશ કરવો, યોગ્યાયોગ્ય બોલવું; એનાથી સંયમ ખૂબ જ ખરાબ થાય છે. મુનિ આવું ક્યારે ય ન કરે. (૧૩) જે ગૃહસ્થોના વાસણમાં ખાતા નથી તેની જ સામાયિક એટલે સંયમ કહેવાય છે.

(૧૪) મુનિ વિકથા-પ્રશંસામાં ન પડે, ગૃહસ્થોના પ્રપંચમાં ન પડે, ક્યાંય પણ મમત્વ ન જમાવે. (૧૫) ક્રોધ વગેરે ચારે કષાયોનો વિવેકની સાથે ત્યાગ કરે. અહીંયા બીજા ઉદ્દેશકની ૨૯ મી ગાથામાં આ શબ્દોનો પ્રયોગ છે– **छण्ण** = માયા, **पसस**= લોભ, **उक्कोस**= માન, **पगास**= ક્રોધ. (૧૬) ગુઢની આજ્ઞામાં રહીને અનેક પ્રાણી તરી ગયા છે. (૧૭) કામભોગોને રોગ સમાન માનીને તેનાથી દૂર રહેનાર ઊંચે ચડે છે. (૧૮) શાતાપ્રિય સાધક ક્યારે ય સમાધિને પ્રાપ્ત કરી શકતા નથી.

(૧૯) પોતાની જાતને એ રીતે અનુશાસિત કરતા રહો કે ક્યારે ય સંયમથી ગભરામણ ન થાય. (૨૦) આરંભ-સમારંભમાં પડનારાઓ આસુરી ગતિમાં જાય છે. (૨૧) સંયમને સારી રીતે સમજીને જ ધારણ કરી પછી તપમાં પરાક્રમ કરવું. હંમેશાં આત્મપરાયણ અને મોક્ષલક્ષી બન્યા રહેવું. (૨૨) કષાયોને દૂર કરી, શુદ્ધ આહાર ગ્રહણ કરવો. (૨૩) આત્મહિતની ઈચ્છાવાળા મુનિ ત્રણ કરણ અને ત્રણ યોગ આમ નવ કોટિથી કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે.

# અધ્યયન–૩ : ઉપસર્ગ પરિજ્ઞા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય વિષય કયા છે ? તેના નામની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશક છે. તેમાં વિવિધ પ્રકારના ઉપસર્ગોમાં





સાધકને સુરક્ષિત રહેવાનો ઉપદેશ છે. ઉપસર્ગો– પ્રતિકૂળ દુઃખદાયક પણ વર્ણિત છે, સંયમ સંબંધી પરીષહ રૂપ પણ છે તથા મોહજનિત પણ કહેવામાં આવ્યા છે, તે સિવાય બીજા દર્શનની માન્યતાવાળાઓ દ્વારા થતા આચાર-વિચાર સંબંધી પણ છે. ઉપસર્ગોનું જ્ઞાન અને તેના પ્રત્યે સાવધાની–જાગૃતિનું વર્ણન હોવાથી આ અધ્યયનનું 'ઉપસર્ગ પરિજ્ઞા' નામ પણ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં પરીષહ રૂપ ઉપસર્ગ કેવી રીતે કહેલ છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં પહેલા ઉદ્દેશકમાં પરીષહ રૂપ ઉપસર્ગ દષ્ટાંતો વડે અલંકૃત ભાષામાં કહેલ છે, તે પરીષહ આ પ્રમાણે છે– (૧) શીત-ઉષ્ણ એટલે કે ઠંડી અને ગરમીનો પરીષહ. (૨) યાચના– ભિક્ષાનો પરીષહ. (૩) વધ પરીષહ(પાછળ કૂતરા દોડાવવા–કરડાવવા). (૪) આક્રોશ– કટુ વચન, કડવા ક્લેશકારી વચનો સંબંધી પરીષહ. (૫) ડાંસ–મચ્છરનો પરીષહ (૬) કેશલોચનો પરીષહ. (૭) બ્રહ્મચર્ય સંબંધી પરીષહ. (૮) વધ–બંધનનો પરીષહ. (૯) સંપૂર્ણ સંયમ માર્ગ.

(૧) શીત પરીષહના વર્ણનમાં કહેવામાં આવ્યું છે કે જેમ કોઈ ક્ષત્રિય રાજ્ય ઝૂટવાઈ જતાં ઉદાસ ગમગીન બની જાય છે, તેમ શીત–ઠંડી લહેર વખતે ઠંડીમાં કેટલાય સાધુ વિષાદનો અનુભવ કરે છે. ગર્મીના દિવસોમાં અસહ્ય ગરમી, તાપ અને તૃષાને કારણે 'ઓછા પાણીમાં તડપનારી માછલીની સમાન' દુઃખ અનુભવ કરે છે. (૨) ગોચરી વખતે કોઈ અશ્રદ્ધાળુ કહે છે કે જુઓ આ બિચારા કર્મના ફળ ભોગવી રહ્યાં છે. (અભાગીયા) ભાગ્યહીન છે વગેરે વચનો સાંભળીને કેટલાય સાધુ 'સંગ્રામમાં ગયેલા ડરપોક યોદ્ધાની માફક' મનમાં દુઃખી થાય છે. (૩) કૂતરાના કરડવાથી થતી વેદનાને કારણે કેટલાય સાધક 'અગ્નિમાં બળી રહેલા પ્રાણીઓની માફક' દુઃખી થાય છે. (૪) રસ્તે સામા મળતા લોકો સાધુને કહે કે– જુઓ, એ તો માગણ–ભિખારી છે, પૂર્વે કરેલાં કર્મનું ફળ ભોગવી રહ્યા છે, ઉઘાડા પગે ગર્મી-સર્દીમાં ચાલે છે, આ તો નાગા બાવા છે, આ તો પેટ ભરનારા છે. આ મુંડકા–વાળ વિનાના છે, આ અધમ–નીચ લોકો છે; એના શરીરને જુઓ–આ તો મેલાંઘેલાં, આળસુ છે, નહાતા પણ નથી, કેવા બેડોળ, ખરાબ દેખાય છે ? અરે ! દુર્ગંધ આવી રહી છે, ગંદા છે. આ અને આવાં પ્રકારના વચનો સાધુ સમભાવથી સહન કરે. એવા લોકોના બોલવાથી સાધુનું કંઈ પણ બગડતું નથી. બોલનારા પોતે જ કર્મબંધ કરે છે. (૫) કેટલાય સાધુ ડાંસ-મચ્છર વગેરે કરડવાથી હેરાન થઈ જાય છે. (૬) કોઈ શરીર સુખીયા લોચથી દુઃખી થઈ જાય છે. (૭) કેટલા ય બ્રહ્મચર્ય પાળવામાં અસમર્થ થઈ જાય છે, 'તેઓ જાળમાં ફસાયેલી

માછલીની જેમ' ક્લેશ પામે છે. (૮) કેટલાક અનાર્ય લોકો મજાક માટે કે દ્વેષ બુદ્ધિથી સાધુઓને પીડા આપે છે. કોઇ તો આ ચોર છે, આ તો વ્યભિચારી છે આમ કહી બાંધે છે અને ક્રોધયુક્ત વચનો કહે છે, ગાળો આપે છે; લાકડી કે મુષ્ટિ, ભાલા વગેરેથી પ્રહાર પણ કરે છે. આ સમયે કોઇ સાધક પોતાના બંધુઓને એ રીતે યાદ કરે છે કે જે રીતે 'ક્રોધાવેશમાં ઘર છોડી ચાલી જનારી સ્ત્રી પાછળથી દુઃખી થઇને પોતાના ઘરવાળાઓને યાદ કરે છે.' (૯) કેટલાય સાધક સંયમ ગ્રહણ કરતી વખતે પોતાની જાતને શિશુપાલની માફક શૂરવીર સમજે છે, પરંતુ સામે જ્યાં 'કૃષ્ણને યુદ્ધ કરતો જોઇને શિશુપાલ પોતે ભયભીત થઇ જાય છે'. તેવી રીતે કાચા સાધકો સંયમ માર્ગમાં પરીષહ ઉપસર્ગ આવતા જ ઢીલાં બની હેરાન થાય છે. શાસ્ત્રકાર કહે છે કે આવા અનેક કષ્ટ કે પરીષહ સંયમમાં આવે છે. તેને માટે યોગ્ય ધૈર્ય ધારણ કરીને જ દીક્ષા લેવી જોઇએ. બાકી તો જે કાયર સાધક હોય તેઓ આવા સંયમ માર્ગના કષ્ટોથી ગભરાઇ જઇને પાછા ઘર ભેગાં થઇ જાય છે, જેવી રીતે 'બાણોથી ઘવાયેલો હાથી રણમેદાન છોડીને ભાગી જાય છે', પરંતુ જે પરિપક્વ અને વીર સાધક હોય છે તેઓ સંયમમાં બરાબર સ્થિર રહે છે.

**પ્ર.૩ : આ અધ્યયનમાં મોહજનિત ઉપસર્ગ કઇ રીતે કહ્યા છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં મોહજનિત ઉપસર્ગ ત્રણ પ્રકારના વર્ણિત છે– (૧) માતા-પિતા અને પરિવારથી (૨) રાજા વગેરેથી (૩) આત્મ સંવેદન વડે.

(૧) આ અધ્યયનના બીજા ઉદ્દેશકમાં પરિવાર દ્વારા ભિક્ષુઓને ઘરમાં લઇ જવાનું નિમંત્રણ, પ્રયત્ન વિવિધ દષ્ટિથી બતાવેલ છે. ટીકાકાર શ્રી શીલાંકાચાર્યએ અહીંયા બે વિકલ્પની સાથે અર્થ કર્યો છે કે સંયમધર્મમાં દીક્ષિત થનાર સાધકને એટલે કે દીક્ષાર્થીને અથવા દીક્ષિત સાધુઓને જોઇને સ્વજન વર્ગ રુદન વગેરે કરીને પોતાને ઘેર લઇ જવાનો પ્રયત્ન કરે છે. તે પ્રયત્ન આ પ્રમાણે કરે છે– રોઇ ધોઇને ભરણપોષણ કરવાનું કહે છે, ઘરડાં મા-બાપ, સગાં ભાઇ, નાની બહેનને નહિ છોડવાનું કહે છે. વળી કહે કે માતા-પિતાની સેવાથી લોક સુધરે છે. પોતાના છોડી દીધેલા દૂધ પીતાં બાળકો અને પત્નિને સંભાળી લેવાનો અનુરોધ કરે છે. પછીથી તમારું કામ અમે સંભાળી લઇશું અને ફરી પાછા જઇને દીક્ષા લેવાની છૂટ આપે છે. તમારો બધો જ ઉધાર લીધેલો અને ચુકવવાપાત્ર ખર્ચ અમે ચૂકવી દઇશું, નવો વ્યાપાર કરવા માટે જોઇએ તેટલા પૈસા આપવાનું આશ્વાસન આપે છે. આ પ્રમાણે આ પરિવારના સંગ મોહનો જુવાળ સમુદ્રની સમાન અપાર છે, મહાઆશ્રવ દાયક છે. અનુત્તર ધર્મ પામીને(સાધુ) ભિક્ષુ ફરી ક્યારે ય આવી આકાંક્ષા ન કરે. આ





સૂક્ષ્મ સંગ છે. એમાં કોઇ એક વિવેક મૂઢ ફસાઇને દુઃખ પામે છે. (૨) ક્યારેક કોઇ રાજા, મંત્રી, પુરોહિત, બ્રાહ્મણ વિશેષ રાજપુરુષ પણ ભોગોને માટે નિમંત્રણ કરે છે. તમામ પ્રકારની સુવિધાઓ આપે તોપણ બુદ્ધિમાન સાધક તેને ઉપસર્ગ સમજીને સાવધાન રહે. કેટલાક દેખાતા મહાન સાધક પણ આત્મ શક્તિમાં મંદ હોવાને કારણે ભોગોની જાળમાં ફસાઇને પાછાં ઘેર ચાલ્યાં જાય છે એટલા માટે આત્મસાધકને શાસ્ત્રકારે પહેલેથી સાવધાન કરેલ છે. (૩) યુદ્ધભૂમિમાં જનાર કોઇ એક કાયર પુરુષ પહેલેથી જ ભાગવાનો માર્ગ અને સ્થાન જોઇ રાખે છે, તે માને છે કે કોણ જાણે શું થશે ? એ જ રીતે કોઇ એક કમજોર સાધક પાછળને માટે એવી આજીવિકાની તૈયારી રાખે છે, વિદ્યાઓ વગેરે શીખે છે કે ક્યારે શું થઇ જાય ? એવા સાધુઓને સ્ત્રી સંબંધી અને પાણી ન મળવાના સંબંધી ઉપસર્ગ કષ્ટથી વિચલિત થવાનો ભય રહે છે. આ **આત્મસમુત્થ** મોહના પ્રભાવનું વર્ણન છે કે સાધકનું મન પોતાની મેળે જ હાલક-ડોલક થઇ જાય છે. શૂરવીર સાધક મૃત્યુ પર્યંત સંયમનું પાલન કરે છે.

**પ્ર.૪ : અન્યતીર્થિકોથી આવનાર આચાર-વિચાર સંબંધી ઉપસર્ગ કેવા પ્રકારના છે ?**

**જવાબ :** અન્ય દાર્શનિકો વિવિધ પ્રકારના આક્ષેપ પ્રરૂપણાઓમાં ફસાવી શકે છે, જેમ કે– (૧) તમે સાધુ પુરુષો બીમાર સાધુની સેવા કરો છો, એ તમારો અંદર અંદરનો મોહભાવ છે, આ રીતે તમે એક બીજાના રાગી બનીને સત્યમાર્ગથી દૂર થઇને સંસાર સાગર પાર કરી શકો નહીં. શાસ્ત્રકારે બતાવ્યું છે કે સાધક–ભિક્ષુ આવા કુતર્કમાં ફસાય નહિ, સેવાધર્મને ક્યારે ય છોડે નહિ પરંતુ તેનો યોગ્ય જવાબ આપે કે તમે લોકો બીમાર થઇ જાવ ત્યારે ગૃહસ્થો પાસે મંગાવીને નિમિત્તવાળો આહાર કરો છો, સચિત્ત બીજ વગેરે પણ ખાવ છો અને ગૃહસ્થના વાસણમાં પણ ખાઇ લ્યો છો. એ રીતે તમે તીવ્ર કષાયોથી લેપાયેલા અને સદ્વિવેક રહિત છો. આ પણ શું કોઇ સારો ધર્મ ગણાય કે જે સાધુથી મંગાવીને નહિ પણ ગૃહસ્થ પાસે જમવાનું મંગાવવામાં આવે ? આ પ્રમાણે તર્ક તથા વિવેક સહિત જવાબ દેવો. (૨) પૂર્વે અનેક મહાપુરુષો થઇ ગયા છે કે જેઓએ પાણીના ઉપયોગથી સિદ્ધિ બતાવી છે, જેમ કે– બાહુક અને તારાગણ ઋષિ, આ સિલ, દેવિલ, દ્વીપાયન અને પારાશર વગેરે મહાઋષિ થઇ ગયા કે જેઓ માત્ર પાણીની સાથે સચેત બીજ, લીલોતરીના સેવનથી મુક્ત થયા છે. આ રીતે મહાપુરુષોના ઉદાહરણ આપીને(ધર્મભ્રષ્ટ) સંયમભ્રષ્ટ કરવાની પણ એક રીત છે. (૩) કેટલાક તો કહે છે કે સુખથી જ સુખ મળે છે એટલા માટે તપ, નિયમ વગેરે કષ્ટ ઊઠાવવું જોઇએ નહિ.

શાસ્ત્રકારે બતાવ્યું છે કે એવા લોકો હિંસા વગેરે તમામ સાવદ્ય ક્રિયાઓનું સેવન કરીને કર્મ સંગ્રહ થવાથી દુઃખ વધારે છે. ખોટી માન્યતાઓના પ્રચારથી પાપકર્મનો બંધ થાય છે. આ સુખના ચક્કરમાં આવનારા લોહવાણિયાની માફક પસ્તાવો કરે છે. (૪) કેટલાક તો વળી કામભોગ અને સ્ત્રી સેવનની પ્રરૂપણા કરે છે, એવા મિથ્યાદષ્ટિ અજ્ઞાનીઓ કામભોગની આસક્તિમાં પોતે ડૂબેલા રહે છે. વાસ્તવમાં મોહોદયને આધીન થવું અને કુશીલ સેવન કરવું પાપ જ છે, આ ભવ અને પરભવ બંનેમાં દુઃખ પરંપરા વધારનાઢં છે. સ્ત્રી સંયોગનો પાર પાડવો વૈતરણી નદીની માફક દુસ્તર છે પરંતુ સંયમ સમાધિમાં રહેનારા સાધક આ ઉપસર્ગોને પાર કરી જાય છે.

**ઉપસંહાર :–** જે રીતે વ્યાપારી સમુદ્રને પાર કરી જાય છે, ઠીક એ રીતે ભિક્ષુ આ બધા ઉપસર્ગોને પાર કરી જાય છે. તેઓ મહાવ્રતોમાં સ્થિર રહે, કોઈ પણ ત્રસ-સ્થાવર પ્રાણીઓની વિરાધના ન કરે અને ગ્લાન ભિક્ષુની સેવાને પણ પોતાનો ધર્મ સમજે. આ પ્રમાણે આ ઉપસર્ગ પરિજ્ઞા અધ્યયનના ચોથા ઉદ્દેશકમાં વિષયનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.

## અધ્યયન–૪ : સ્ત્રી પરિજ્ઞા

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં મુખ્ય વિષય શું છે ? આ અધ્યયનનું નામ કઈ રીતે સાર્થક છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે, બંનેમાં સ્ત્રી સંબંધી વર્ણન છે. જેમાં સ્ત્રીઓ કયા પ્રકારના આચરણથી સાધુને ફોસલાવી શકે છે, સ્ત્રીના ફંદામાં પડનારાની શું શું દશા થાય છે, આ બતાવવાની સાથે સાધુને સાવધાન રહેવાનો ઉપદેશ છે. અંતમાં સ્ત્રી સંગથી થનારી વિડંબણાઓનો ચિતાર દર્શાવી, ફરીને સાવધાન રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ રીતે સંપૂર્ણ વર્ણન સ્ત્રી સંબંધી હોવાથી આ અધ્યયનનું નામ 'સ્ત્રી પરિજ્ઞા' સાર્થક છે.

**પ્ર.૨ : શું આ અધ્યયનમાં સ્ત્રી પ્રત્યે હીન ભાવના દર્શાવી છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સ્ત્રીઓને અવિશ્વસનીય, ચંચળ વગેરે અનેક દુર્ગુણોથી યુક્ત બતાવીને માત્ર પુઢષોને જાગૃત અને કામ વિરક્ત કરવાની દષ્ટિ રાખવામાં આવી છે. અહીં સ્ત્રીઓની નિંદા કરવાની દષ્ટિ જરા પણ નથી. શ્રમણને વિશેષ રીતે સાવધાન કરવાને માટે સ્ત્રી સંબંધી વ્યવહારોને તેમજ સ્ત્રીઓના સંભવિત સ્વભાવોને સ્પષ્ટ કરતાં સમસ્ત વર્ણન કરવામાં





આવ્યું છે. વાસ્તવમાં તો પુઢષની ભ્રષ્ટતાનું મુખ્ય કારણ તો એની પોતાની જ કામવાસના છે. આ કામવાસનાને ઉત્તેજિત થવામાં અનેક કારણોમાં સ્ત્રી સંસર્ગ પણ એક કારણ છે. દશવૈકાલિક સૂત્રમાં પ્રણીતરસ ભોજન અને વિભૂષાને પણ નિમિત્ત-કારણ સ્ત્રી સંસર્ગના સાથે જ બતાવ્યું છે.

સ્ત્રીના સંસર્ગથી જેટલા દોષ પુઢષમાં ઉત્પન્ન થઈ શકે છે, લગભગ એટલા જ દોષ પુઢષના સંસર્ગથી સ્ત્રીમાં પણ ઉત્પન્ન થઈ શકે છે, એવું વ્યાખ્યાકારોએ સ્વીકાર્યું છે. માટે વૈરાગ્ય માર્ગમાં સ્થિત શ્રમણોએ સ્ત્રી સંસર્ગથી સાવધાન રહેવાની જેમ સાધ્વીઓએ પુઢષ સંસર્ગથી સાવધાન રહેવું જોઈએ અને અધ્યયનમાં બતાવેલ સ્ત્રી સંબંધી અનેક જોખમના વિષયોને તે તે રીતે પુઢષોને અનુરૂપ ઘટિત કરીને સમજી લેવા જોઈએ.

**પ્ર.૩ : સાધુને ફોસલાવવા માટે સ્ત્રીઓ કઈ-કઈ રીત અજમાવી શકે છે ?**

**જવાબ :** ગૂઢ અર્થ સહિતના છંદ, કવ્વાલી, કાવ્ય વગેરે દ્વારા આકર્ષિત કરે, વધારે નજીક આવીને બેસે, વારંવાર કપડા ઊંચા-નીચા કરે કે તેને શરીર ઉપર ગોઠવ્યા કરે અને ખાસ રીતે શરીર ઢાંકવાનો વ્યર્થ પ્રયત્ન કરે. પગ ઊંચા-નીચા કરી વારંવાર બેઠક વ્યવસ્થા બદલતાં બદલતાં અવિવેકથી બેસીને જાંઘ વગેરે ગુહ્ય અંગોને બતાવે, વાતવાતમાં હાથ ઊંચા કરી પડખા(કાંખ) બતાવે. અનેક ચીજવસ્તુનું આમંત્રણ આપે, કઢણા ઉત્પન્ન થાય તેવા વાક્ય બોલે, અત્યંત વિનીત ભાવ બતાવે, મીઠાં મીઠાં સુંદર વચન સંભળાવે. અનેક પ્રકારની વાતો ઉપજાવીને એકાંત સ્થળમાં આવવાનું નિમંત્રણ કરે, વસ્ત્ર-અલંકારથી સજ્જ-ધજ્જ થઈને આવે. વળી કહે મને ધર્મ સંભળાવો હું તો દીક્ષા લઈશ. ક્યારેક પરમ ભક્ત શ્રાવિકાના પાત્ર ભજવે, ક્યારેક કહે હું તો સાધુઓની સાધર્મિક બહેન છું. સુંદર રૂપવાળા સાધુઓને જોઈને આમંત્રણ આપતાં કહે મારે ઘેર પધારો, વસ્ત્ર, પાત્ર, આહાર વગેરેનો લાભ આપો. આ રીતે બીજા પણ અનેક રસ્તા હોઈ શકે છે. સાધુ આ બધું જ જાણીને હંમેશાં એવી વૃત્તિઓથી સાવધાન રહે.

**પ્ર.૪ : સ્ત્રીના ફંદામાં પડી જનારાની કે સહેજ પણ ફોસલાઈ જનારની શું દશા થાય છે ?**

**જવાબ :** સ્ત્રીના પરિવારના લોકો જોઈ જાય તો ગુસ્સે થાય, ન કહેવાનું કહે. સાધુ પોતે છાને દોષ લગાડે, દુષ્કર્મ કરે અને જાહેરમાં ઉત્તમ પ્રકારની વાતો કરે. ક્યારેક કુકર્મ કરતાં પકડાઈ જતાં કોઈ હાથ પગ તોડી નાખે, ચામડી ઉતરડી લે, માંસના લોચા કાઢી નાખે, અગ્નિથી અંગોપાંગ બાળી નાખે, દાઝ્યા પર મીઠું ભભરાવે, કાન-નાક કાપી નાખે અથવા ક્યારેક કોઈ અત્યંત

ક્રોધમાં ભરાઈને ડોકું જ ઉડાડી દે. કોઇને શંકા ગઇ હોય અને સાફ સાફ પૂછે તો ખોટું બોલે, આ સ્ત્રીને તો મેં ખોળામાં રમાડી છે, મારી પુત્રી બરાબર છે.

**પ્ર.૫ : સાધુને સાવધાન રહેવા માટેનો ઉપદેશ આ અધ્યયનમાં કઈ રીતે છે ?**

**જવાબ :** મૃગ(પશુ)ની જેમ જાળમાં ફસાઇ ગયા પછી છૂટવું બહુ જ મુશ્કેલ હોય છે. જે રીતે માંસની લાલચથી સિંહને પાંજરામાં પૂરાઇ જવું પડે છે એ જ રીતે સાધુ પણ બંધનમાં જકડાઇ જાય છે. વિષ મિશ્રિત ખીર ખાઇ લીધાં પછી પસ્તાવું પડે છે. એટલા માટે વિવેકવાન સાધુ વિષ લિપ્ત કાંટાની માફક સ્ત્રી સંગને સમજી તેનાથી દૂર રહે. પોતાના પરિવારની જ દિકરી, પૌત્રી, દોહિત્રી, પુત્રવધુ વગેરેના પણ સંપર્કથી દૂર રહે. દીર્ઘ તપસ્વી સાધુ પણ સ્ત્રી સંસર્ગથી સાવધાન રહે.

જે રીતે લાખનો ઘડો અગ્નિથી તપે તો નષ્ટ થઇ જાય છે, એ જ રીતે સ્ત્રી સંસર્ગથી અણગારનું સાધુત્વ ભયમાં મુકાઇ જાય છે. હે સાધક ! સૂવરને ફસાવવાને માટે ચોખાના દાણાની જેમ આ સ્ત્રી પ્રલોભનોને સમજીને સાવધાન રહેવું. સ્ત્રીઓ બ્રહ્મચારી પુરુષોને માટે ભય રૂપ છે, ખતરા ઊભા કરનારી છે, કલ્યાણકારી નથી. આ જાણીને ક્યારે ય પણ સ્ત્રીને સ્પર્શ કરવો નહિ, પછી ભલે તે સ્ત્રી પશુ હોય કે મનુષ્યાણી.

સ્ત્રીથી સુરક્ષિત રહેવામાં અથવા શીલને સાચવવામાં મન, વચન, કાયાને કોઇ પણ પ્રકારનું કષ્ટ સહેવું પડે તો તે પણ સ્વીકારી લેવું જોઇએ. આ પ્રમાણે ભગવાને કહ્યું છે કે સાધક પોતાના મોહનીય કર્મને ખંખેરી નાખે, ક્ષય કરે, અધ્યવસાયોની વિશુદ્ધિ રાખે.

**પ્ર.૬ : સ્ત્રી સંગની વિડંબણાઓ અહીં શું બતાવી છે ?**

**જવાબ :** આ અધ્યયનના બીજા ઉદ્દેશકની ગાથા ૧ થી ૧૮ સુધીમાં એવી વિડંબણાઓનું ચિત્રણ કર્યું છે. જેનો સાર અંતિમ અઢારમી ગાથામાં બતાવેલ છે કે– આ પ્રમાણે જે સાધુ ભોગોમાં પડે છે, સ્ત્રીના વશમાં ચાલ્યો જાય છે પછી તેને દાસની જેમ, ભોળા નોકરની જેમ અને પશુની જેમ સ્ત્રીના અને ઘરના કાર્યો કરવા પડે છે. સ્ત્રી પણ નોકર જેવો વ્યવહાર કરવા મંડી પડે છે.

શરૂઆતની ગાથાઓમાં ઘર ગૃહસ્થીના કામ, સ્ત્રીના વ્યક્તિગત કાર્ય અથવા શરીર સંબંધી સેવા તેમજ ઉત્પન્ન થયેલા પુત્રોની સાર સંભાળ વગેરે વિવિધ વિડંબણાઓ કહી છે, તેને સંસારના અનુભવી લોકો સારી રીતે જાણે છે. આ પ્રમાણે કામાસક્ત સાધક નોકરથી પણ ઉતરતી દશાને પ્રાપ્ત કરે છે.





બંને લોક બગાડે છે. એટલા માટે મોક્ષ માર્ગને મેળવનાર સાધુએ સ્ત્રી પરિચય કે સંપર્ક વધારવામાં પહેલેથી જ સાવધાન રહેવું જોઇએ. એ જ આ સ્ત્રી પરિજ્ઞા અધ્યયનના વિસ્તૃત વર્ણનનો ઉદ્દેશ-સંદેશ છે.

## અધ્યયન–૫ : નરક વિભક્તિ

**પ્ર.૧ : આ અધ્યયનમાં કેટલા ઉદ્દેશક છે ? તેમાં વિષય શું છે ? આ અધ્યયનનું નામ કઇ રીતે સાર્થક છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં બે ઉદ્દેશક છે. તેમાં નરક સંબંધી વર્ણન અનેક રીતે કરેલ છે. જેમાં નરકના જુદા-જુદા પ્રકારના દુઃખોનું વર્ણન છે. તેની સાથે જ આગળ-પાછળ કેટલાક શિખામણના સ્વરૂપમાં ઉપદેશ વચન છે. આ રીતે અનેક વિભાગો એટલે પ્રકારોથી નરકનું વર્ણન હોવાથી આ અધ્યયનનું 'નરક વિભક્તિ' એ સાર્થક નામ છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં નરકના દુઃખ કેવી રીતે બતાવવામાં આવ્યા છે ?**

**જવાબ :** બંને ઉદ્દેશકની ઘણી ખરી ગાથાઓમાં નરકના દુઃખોનું , યાતનાઓનું વર્ણન છે, જેમ કે– (૧) મારો, કાપો, કટકે-કટકા કરી નાખો, આવી ચીસો પરમાધામી દેવોની સાંભળીને નરકના નારકીઓ ચિંતામાં પડી જાય છે કે અમારે ક્યાં જવું ? (૨) અગ્નિના જેવી તપેલી ભૂમિ પર ચાલતાં તેઓ કઢણ કલ્પાંત કરે છે. (૩) અસ્તરા જેવી તીક્ષ્ણ ધારવાળી વૈતરણી નદીમાં તેમને ભાલાંની બીક બતાવીને ચલાવવામાં આવે છે. (૪) નાવની પાસે આવતાં જ તેઓને ખીલાથી, શૂળોથી, ત્રિશૂળોથી વિંધીને નીચે પટકી દે છે. (૫) તેના ગળામાં મોટા પથ્થરાઓ બાંધી તેઓને અગાધ જળમાં ડૂબાડી દે છે, (૬) તપ્ત રેતીમાં શેકે છે. (૭) ચારે બાજુ આગ લગાડીને વચમાં નારકી જીવોને તપાવે છે. ત્યાં તેઓ અગ્નિમાં પડેલી માછલીની જેમ તડપે છે, (૮) હાથ-પગ બાંધીને લાકડાની જેમ છોલે છે. (૯) પીડાથી તરફડતા નારકીઓને લોઢાની કડાઇમાં નાખીને શેકે છે. (૧૦) તે નારકીઓ બળી જતાં નથી અને મરી જતાં પણ નથી, પરંતુ લાંબી ઉંમર સુધી આવી વેદનાઓ ભોગવતાં દુઃખ પામે છે. (૧૧) નરકપાલો તેના અંગ-ઉપાંગ કાપી કાપીને ટુકડા ટુકડા કરી નાખે છે, (૧૨) પૂર્વે કરેલાં પાપોનું સ્મરણ કરાવે છે, (૧૩) વિષ્ટા અને પેશાબ(મળ-મૂત્ર)યુક્ત ગંદકીવાળી જગ્યામાં પછાડે છે, ત્યાં તે જ વસ્તુ ખાઇને લાંબો

સમય રહે છે. જ્યાં કરમિયા વગેરે જીવાત તેઓને કરડે છે. (૧૪) નારકીઓના શરીરને બેડીમાં જકડીને તોડે છે, મરડે છે, માથામાં કાણાં પાડીને સંતાપે છે. (૧૫) નરકપાલ પરમાધામી દેવ નારકીઓના નાક, હોઠ, કાન વગેરે કાપી નાખે છે, ક્યારેક જીભ ખેંચીને તેમાં શૂળ ભોંકી દે છે.(૧૬) લોહીલોહાણ થયેલા તેઓ રાત-દિવસ રોતા-કકળતા રહે છે.

(૧૭) પરમાધામી દેવો તેઓને આગમાં સળગાવીને તેની ઉપર મીઠું ભભરાવે છે, (૧૮) લોહી પઢવાળી કુંભિઓમાં નાંખીને શેકે છે, (૧૯) તરસ્યા આકુળ-વ્યાકુળ નારકીઓને ગરમ-ગરમ તાંબાનો અને સીસાનો રસ પીવડાવે છે, જેથી તેઓ કઢણ સ્વરથી ચીસો પાડે છે, (૨૦) હાથ-પગ બાંધીને ધારદાર અસ્તરા કે તલવારથી પેટ ફાડી નાખે છે, વાંસાની ચામડી ઉતરડી નાખે છે, (૨૧) હાથ કાપી નાખે છે, (૨૨) મોઢું સાણસાથી ખોલીને તેમાં મોટા-મોટા તપાવેલા ગોળા નાખે છે, (૨૩) પૂર્વે કરેલા કર્મોની યાદ આપીને ચાબુક મારે છે, (૨૪) તપ્ત ગાડીએ જોડીને તપ્ત રસ્તા ઉપર ચલાવે છે, લોઢાના અણીદાર સળિયા ભોંકાવે છે, (૨૫) તપ્ત અને કાદવ-કીચડવાળી ધરતી પર ચલાવે છે અને ન ચાલવાથી તેઓને બળદની માફક દંડાથી મારે છે, (૨૬) ઉપરથી પડતી શિલાઓની નીચે દબાઈને નારકીઓ દુઃખી થાય છે.

(૨૭) સંતાપિની નામની કુંભીમાં પડેલા તે નારકીઓ નિરંતર સંતપ્ત રહ્યા કરે છે. (૨૮) નરકપાલો ચણાની જેમ કુંભીઓમાં તેઓને શેકે છે અને ઉછાળો લેતાં પક્ષીઓ તેઓને ખાઈ જાય છે, નીચે પડે તો હિંસક પશુઓ તેને ખાઈ જાય છે, (૨૯) માથું નીચે કરીને શરીરને શસ્ત્રોથી કાપીને ટુકડે ટુકડા કરી નાખે છે, ચામડી ઉતરડી લે છે, પછી પક્ષીવૃંદ તેને ખાઈ જાય છે, (૩૦) અણીદાર શૂળોથી વિંધીને મારી પાડે છે, (૩૧) હંમેશાં સળગતા અગ્નિવાળા સ્થાનમાં બળ્યા કરે છે, (૩૨) ચિતા ખડકીને તેમાં સળગાવી દયે છે, (૩૩) પકડી પકડીને દંડાથી ટીપે છે, કમર તોડી નાખે છે, મસ્તકના ચૂરે ચૂરા કરી નાખે છે, તેમના શરીરને ફાડીને પાટિયા જેવા પાતળા કરી નાખે છે.

(૩૪) ભાર ખેંચવા માટે બે-ત્રણ નારકીઓને પીઠ પર નાખીને ચાલવાનું કહે છે અને ન ચાલે તો અણીદાર શસ્ત્ર ખૂંચાડે છે, (૩૫) કાંટાથી ભરપૂર રસ્તા પર ચલાવે છે, (૩૬) કાપી-કાપીને ફેંકીને બલિ ચઢાવે છે, (૩૭) ગળામાં ફંદો નાંખીને મારી નાખે છે, (૩૮) મગદળ કે સાંબેલાથી તેના અંગોપાંગ તોડી નાખે છે, ત્યારે લોહી ઓકતા ઊંધે મોઢે પડી જાય છે, (૩૯) શિયાળો ખાઈ જાય છે, (૪૦) ખારું પાણી, લોહી-પઢ વગેરેથી ભરેલી અને તપી ગયેલી દુર્ગમ નદીમાં એકલા અસહાય તર્યા કરે છે.





**પ્ર.૩ : નારકીના વર્ણનની આગળ-પાછળ બોધપ્રદ વચન કઈ રીતે છે ?**

**જવાબ :** જે બાળ અજ્ઞાની જીવો આ જીવનને માટે ઘોર પાપકર્મ કરે છે તેઓ ઘોર નરકમાં જાય છે. પોતાના સુખને માટે તીવ્ર પરિણામોથી ત્રસ જીવોને મારે છે, ચોરીઓ કરે છે, સદ્ આચરણ સહેજ પણ કરતાં નથી, પાપકર્મ કરવાની જ આદતવાળા બની ગયા છે, ક્રોધ વગેરે કષાય અગ્નિ જેમની ક્યારે ય બુઝાતી નથી. એવા જીવ નરકમાં ઊંધે મોઢે જન્મ લ્યે છે. જે પોતે પોતાના જ આત્માને છેતરે છે. જેઓ સેંકડો અધમભવોથી ક્રૂર કર્મ કર્યા કરે છે, તેઓ નરકમાં જાય છે. જે જેવા કર્મ કરે છે તેવાં જ કર્મથી ભારે થઈને નરકમાં જાય છે. અનાર્ય પુરુષ પાપ ઉત્પન્ન કરીને પોતાના જ કર્મોથી પરાધીન થઈને નરકમાં જાય છે.

દુષ્કૃત્ય કરનારા બાળ અજ્ઞાની જીવ નરકમાં જઈને પૂર્વે કરેલાં કર્મો વેદે છે. ધીર પુરુષ નરક ગમનના કારણોને જાણીને તેનાથી બચવાનો ઉપાય વિચારે, સમગ્ર લોકમાં કોઈપણ જીવની હિંસા ન કરે, પરિગ્રહનો ત્યાગ કરે, સમસ્ત પાપોનો ત્યાગ કરીને આત્મતત્ત્વ અને જીવાદિ તત્ત્વો ઉપર શ્રદ્ધા રાખે, અશુભ કર્મ કરીને તેનું અશુભ ફળ ભોગવનારા જીવોના સ્વરૂપને જાણે, પરંતુ તે પ્રવાહમાં પોતે વહે નહિ; ચારે ગતિમાં કરાતાં કર્મ અને તેના ફળ સ્વરૂપ દુઃખને જાણે, મોક્ષનું લક્ષ્ય રાખી સંયમધર્મનું આચરણ કરે, પંડિત મરણની આકાંક્ષા રાખે. આ પ્રમાણેના સદ્ગુણોને ધારણ કરનારા હંમેશાંને માટે નરકગતિના દુઃખોથી છૂટી જાય છે.

**પ્ર.૪ : નારકીને આટલું દુઃખ કોણ આપે છે ?**

**જવાબ :** નરકમાં ત્રણ પ્રકારનું દુઃખ છે– (૧) ક્ષેત્ર સ્વભાવનું દુઃખ (૨) દેવકૃત દુઃખ (૩) પરસ્પર એક બીજા દ્વારા અપાતું દુઃખ.

દેવકૃત વેદનાનું આ અધ્યયનમાં ઘણું વધારે વર્ણન છે. ક્ષેત્ર સંબંધી ક્યાંક ક્યાંક થોડું વર્ણન છે. નરકમાં ખાસ કરીને પરમાધામી દેવો જઈને વિવિધ વિકુર્વણાઓ કરીને નારકીઓને દુઃખ આપે છે. તે દેવોની આ આદત છે, રુચિ છે કે ફરજ પણ સમજી શકાય છે. આ પરમાધામી દેવોની પંદર જાતિ છે. તેઓ અસુરકુમારોના ભવનોમાં જન્મે છે, રહે છે. એકાંત મિથ્યાત્વી અને તેજોલેશ્યાવાળા હોય છે. વધારે તો દેવો પહેલી નરકમાં જ દુઃખ આપે છે. તેમાં જ નારકીઓ બીજી નરકોથી ઘણાં વધારે અર્થાત્ અસંખ્યગુણા છે. તેમ છતાં ય આગળની નરકોમાં પણ દેવો દુઃખ દેવા જાય છે. પરમાધામી દેવ પોતાની ઉંમરના હિસાબમાં પહેલી નરક સુધી જ જાય છે પરંતુ ધારણા અને પરંપરા પ્રમાણે વ્યાખ્યાઓમાં પરમાધામીઓને ત્રણ નરક સુધી જવાનું વર્ણન છે. તેના પછીની નરકમાં ક્ષેત્ર સંબંધી અને પરસ્પર અપાતી વેદના જ વિશેષ

છે. નરકમાં જાનવર, પક્ષી, લોહી, માંસ, પાણી, કાદવ વગેરે કાંઇ હોતું નથી. અત્રે જે કંઇ આ પ્રકારનું વર્ણન છે તે બધું જ દેવકૃત વૈક્રિય સમજવું.

**પ્ર.૫ : નરકમાં ક્ષેત્રવેદના શું હોય છે ?**

**જવાબ :** દેવતા જઇને નારકના જીવોને દુઃખ આપે છે તે ઘણું જ થોડું છે, સિંધુમાં બિંદુ જેટલું જ નારકીને તેઓ દુઃખ દઈ શકે છે, કારણ કે દેવો કરતાં નારકીની સંખ્યા પણ ઘણી વધારે છે અને દેવોની સંખ્યા અલ્પતમ છે. બધી જગ્યાએ તેઓ પહોંચતા નથી. તેથી વધારે નારકીઓ તો ક્ષેત્રવેદનાથી પોતાની મેળે જ દુઃખી રહે છે અને તેઓ પરસ્પર પણ વિકુર્વણાઓ કરીને કુતરાઓની માફક ઝગડ્યા કરે છે. તેમની પાસે થોડુંક અવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન હોય છે દ્વારા અંધારામાં પણ બીજા નારકીને જોઇ લે છે અને એકબીજા આપસમાં ઘોર વેદનાઓ આપે છે.

ક્ષેત્રવેદના સૂત્રમાં ૧૦ પ્રકારની કહી છે, જેમ કે– (૧) ગરમીની વેદના (૨) ઠંડીની વેદના (૩) ભૂખ (૪) તરસ (૫) ખંજવાળ (૬) કર્મોની પરવશતા (૭) ભય (૮) શોક (૯) રોગ(સોળ મહારોગ યુક્ત શરીર) (૧૦) વૃદ્ધો જેવું શરીર. આ બધી વેદના મનુષ્ય લોકમાં જેવી હોય છે તેના કરતાં અનંતગણી વધારે ત્યાં નરકમાં હોય છે.

**પ્ર.૬ : આટલી ભયંકર વેદનાથી નારકીઓ કેમ મરતા નથી તેમજ આપઘાત કેમ નથી કરી લેતા ?**

**જવાબ :** નારકીઓમાં જેટલું જેનું આયુષ્ય હોય તે નક્કી જ હોય છે. તેમનું આયુષ્ય નિઢપક્રમી હોય છે તેઓ વચ્ચે મરતાં જ નથી. વૈક્રિય શરીર હોવાથી પારાની જેમ તુરંત જ ચુંબકની જેમ ખેંચાઈને ટુકડે ટુકડા જોડાઈ જાય છે, શરીર જેવું હતું તેવું જ પાછું બની જાય છે. તેઓ આપઘાત પણ કરી શકતાં નથી. ન્યૂનત્તમ દસહજાર વર્ષથી લઈને ૩૩ સાગરોપમ(અસંખ્ય વર્ષ) સુધીનું આયુષ્ય હોય છે. સાત નરક છે તે બધામાં ક્રમશઃ વધુને વધુ લાંબુ આયુષ્ય હોય છે. આગળ આગળની નરકમાં આયુષ્ય વધારે વધારે હોય છે. કોઈ મિત્ર દેવ ત્યાં આવે તો પણ તેઓને ત્યાંથી બહાર કાઢીને લઈ જઈ શકતા નથી, બચાવી શકતા નથી પરંતુ ક્ષણવાર શાતા પમાડે છે કાયમી નહીં. ક્ષેત્ર સ્વભાવ પ્રમાણે થોડા જ સમયમાં તે શાતા અશાતામાં પરિવર્તિત થઈ જાય છે. તેના શરીરની બનાવટ મનુષ્ય જેવી હોય છે પણ કુરૂપ અને કાળા–અત્યંત કાળા બેડોળ ભયાનક શરીર હોય છે.





# અધ્યયન–૬ : વીર સ્તુતિ

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે ? તે નામની સાર્થકતા કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં નામ પ્રમાણે બધું જ વર્ણન ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ ગુણાનુવાદ રૂપે છે, તેથી તેનું નામ સાર્થક છે– મહાવીર સ્તુતિ. આ અધ્યયનમાં ઉદ્દેશક નથી. આગળ પણ ઉદ્દેશક નથી.

**પ્ર.૨ : શું દીક્ષાના પહેલા દિવસે ગણધરોને જે દ્વાદશાંગીનું જ્ઞાન સ્મૃતિમાં આવે છે, તેમાં વીરસ્તુતિ પણ હોય છે ?**

**જવાબ :** નહીં; સ્મૃતિમાં આવવાવાળી દ્વાદશાંગી પૂર્વ ભવની હોય છે. તેમાં વ્યક્તિગત પ્રકરણ બીજા જ હોય છે. તેને જ ગણધર પોતાના શાસનને અનુરૂપ સંપાદિત કરે છે, ગુંથણી કરે છે. લોગસ્સના પાઠને પણ પૂર્ણ કરે છે. પોતાના તીર્થંકરનું નામ તેમાં રાખી દે છે. આ અધ્યયન પણ ગણધરકૃત જ સમજી લેવું જોઈએ. સૂત્રોમાં ક્યાંક ગણધરોનું વર્ણન, વિવરણ આજે પ્રાપ્ત થાય છે તે પણ વીર નિર્વાણ પછી શાસ્ત્ર લેખન સમયે સંકલિત સંપાદિત થયેલા છે. તે જ આગમ આપણી પાસે પહોંચ્યા છે.

**પ્ર.૩ : ભગવાન મહાવીરની સ્તુતિ કઈ કઈ રીતે કરવામાં આવી છે ?**

**જવાબ :** એમના ગુણોનું વર્ણન કરતાં-કરતાં અનેક ઉપમાઓથી ઉપમિત કરતાં-કરતાં તેમજ તેમના સંયમ સંબંધી ચર્ચા ઉપલબ્ધિઓને બતાવતાં થકાં સ્તુતિ કરવામાં આવી છે.

**પ્ર.૪ : ભગવાનની ગુણ-સ્તુતિમાં કયા કયા ગુણો બતાવવામાં આવ્યા છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ભગવાન મહાવીર સ્વામીના સર્વોત્તમ વિશિષ્ટ ગુણોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે ગુણો આ પ્રમાણે છે– (૧) ખેદજ્ઞ (૨) કુશળ (૩) આશુપ્રજ્ઞ (૪) અનંતજ્ઞાની (૫) અનંતદર્શી (૬) ઉત્કૃષ્ટ યશસ્વી (૭) વિશ્વનયન પથમાં સ્થિત એટલે કે લોકોની આંખોમાં વસેલા (૮) પ્રશંસનીય ધર્મવાન અને ધૈર્યવાન (૯) દ્વીપની સમાન ત્રાણભૂત ધર્મ ઉપદેશના દેનારા (૧૦) સર્વદર્શી (૧૧) કેવળજ્ઞાન સંપન્ન (૧૨) નિર્દોષ ચારિત્ર સંપન્ન (૧૩) સ્થિતાત્મા (૧૪) જગતમાં સર્વોત્તમ વિદ્વાન (૧૫) બાહ્ય-આભ્યંતર ગ્રંથીઓથી અતીત (૧૬) નિર્ભય (૧૭) આયુબંધ રહિત (૧૮) ભૂતિપ્રજ્ઞ (૧૯) અપ્રતિબદ્ધ વિચરણ કરનાર (૨૦) સંસાર સાગર પારંગત (૨૧) અનંત ચક્ષુ (૨૨) સૂર્યની સમાન પ્રકાશિત અર્થાત્ પ્રભાવક (૨૩) પ્રકાશક (૨૪) ધર્મના નેતા (૨૫)

ઈન્દ્રની જેમ વિશિષ્ટ પ્રભાવશાળી (૨૬) સમુદ્રની જેમ અક્ષય પ્રજ્ઞાવાન (૨૭) સમુદ્રની માફક અપાર ગંભીર જ્ઞાની (૨૮) નિર્મળ જ્ઞાન સંપન્ન (૨૯) અકષાયી (૩૦) ઘાતીકર્મોથી મુક્ત (૩૧) દ્યુતિમાન (૩૨) સંપૂર્ણ વીર્ય સંપન્ન (૩૩) અનેક પ્રશસ્ત ગુણોથી યુક્ત.

**પ્ર.૫ : કઈ કઈ ઉપમાઓથી ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે ?**

**જવાબ :** (૧) દેવલોકની સમાન આનંદના કરનાર (૨) મેઢ પર્વતની સમાન બધા ગુણોમાં સર્વોત્તમ (૩) લંબાઈમાં શ્રેષ્ઠ નિષધ પર્વતની સમાન (૪) ગોળ પર્વતમાં વિશાળ ઢચક પર્વતની સમાન (૫) શંખ, ચંદ્રની સમાન સ્વચ્છ, નિર્મળ શુક્લધ્યાન (૬) વૃક્ષોમાં શાલ્મલી વૃક્ષ અને (૭) વનોમાં નંદનવન સમાન શ્રેષ્ઠ (૮) મેઘધ્વનિ, તારાઓમાં ચંદ્ર, સુગંધી પદાર્થોમાં ચંદનની માફક શ્રેષ્ઠ (૯) સ્વયંભૂરમણ સમુદ્ર, ધરણેન્દ્ર, ઈક્ષુરસોદક(શેરડીના રસ જેવા મીઠા પાણીવાળા) સમુદ્ર જેવા શ્રેષ્ઠ (૧૦) હાથીઓમાં ઐરાવત, મૃગોમાં(પશુઓમાં) સિંહ, નદીઓમાં ગંગા, પક્ષીઓમાં ગઢડના જેવા શ્રેષ્ઠ (૧૧) યોદ્ધાઓમાં વિશ્વસેન, ફૂલોમાં અરવિંદ, ક્ષત્રિયોમાં **દંતવાક્ય** ની સમાન શ્રેષ્ઠ (૧૨) દાનોમાં અભય-દાન, સત્યોમાં નિરવદ્ય સત્ય, તપોમાં બ્રહ્મચર્યની સમાન શ્રેષ્ઠ, લોકોત્તમ (૧૩) દેવોની સ્થિતિમાં લવસત્તમદેવ, સભાઓમાં સુધર્માસભા, ધર્મોમાં નિર્વાણ, જેમ શ્રેષ્ઠ છે તેમ ભગવાન સર્વ રીતે શ્રેષ્ઠ છે (૧૪) પૃથ્વીની સમાન સહનશીલ. આવા પ્રકારની વિવિધ ઉપમાઓ દ્વારા ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે.

**પ્ર.૬ : ભગવાનની સંયમચર્યા અને ઉપલબ્ધિના સંબંધમાં શું વર્ણન છે ?**

**જવાબ :** પરમ મહર્ષિ ભગવાનના જ્ઞાન આચાર અને દર્શન અનુત્તર હતા. તેના વડે જ એમણે સર્વ કર્મ ક્ષય કર્યા અને સાદિ અનંત સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી. તપ અને ઉપધાનમાં ભગવાન સર્વોપરિ હતા. ક્યાંય પણ આસક્તિ રાખતા ન હતા, સંગ્રહ કરતા ન હતા, ચારે કષાયથી પૂર્ણતઃ અલગ રહેતા હતા, કોઈ પણ પાપનું સેવન કરતા નહિ અને કરાવતા પણ નહિ; ક્રિયાવાદી વગેરે એકાંત-વાદીઓને જાણીને પોતાના અનેકાંતિક સંયમમાં સ્થિર રહેતા હતા. પ્રભુ મહાવીર સ્વામી સ્ત્રીઓને અને રાત્રિભોજનને પૂરી રીતે વર્જ્ય ગણતા હતા, કર્મક્ષયને માટે તપસ્યા કરતા હતા. તેઓ બંને લોકને જાણીને બધા જ પાપોનો ત્યાગ કરવામાં સમર્થ હતા.

અર્હંત ભાષિત આ ધર્મમાં શ્રદ્ધા રાખીને આરાધના કરનારા સાધક મુક્ત થઈ જાય છે અથવા દેવલોકમાં જાય છે.





# અધ્યયન–૭ : કુશીલ પરિભાષા

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ કુશીલ પરિભાષા કેમ છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં આચાર અને વિચારની અપેક્ષા કુશીલ શ્રમણોના વિષયમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને તેનાં દુર્ગતિ ગમન વગેરે પરિણામ બતાવવામાં આવ્યા છે. એટલા માટે જ **કુશીલ પરિભાષા** નામ પણ સાર્થક છે.

**પ્ર.૨ : આ અધ્યયનનું વિષય વર્ણન કેવી રીતે કરવામાં આવ્યું છે ?**

**જવાબ :** સ્વતીર્થિક અને પરતીર્થિક આમ બે પ્રકારે કુશીલતાનું વર્ણન છે. સાથે જ સુશીલતાની પ્રેરણા કરવામાં આવી છે. શઢઆતમાં સંસારી જીવોની કુશીલતા અને તેનું પરિણામ બતાવવામાં આવ્યું છે.

**પ્ર.૩ : સંસારી જીવોની કુશીલતાનું વર્ણન કઈ રીતે છે ?**

**જવાબ :** સંસારી પ્રાણી પૃથ્વી આદિ પંચેન્દ્રિય સુધીના અનેક પ્રકારના જીવ છે. જે જીવો એમની હિંસા કરે છે તે પોતાના આત્માને દંડિત કરી એ જ યોનિઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પણ પાપકર્મ કરીને તેનું ફળ ભોગવતાં રહે છે. હજારો લાખો વખત ત્યાં જન્મ-મરણ કરતાં રહે છે. કર્મ ફળ ભોગવતી વખતે આર્તધ્યાન કરીને પાછાં કર્મ બાંધી લે છે અને તેનું પણ ફળ ભોગવે છે. ભવ-ભ્રમણ કરતાં-કરતાં તેઓ(કુશીલ)પંચેન્દ્રિયમાં આવે છે. તોપણ ગર્ભથી લઈને યુવાની, ઘડપણ વગેરે કોઈ પણ અવસ્થામાં મરી જાય છે. બાલ જીવ આ રીતે પોતાના જ કર્મોથી દુઃખી થાય છે. આ જાણીને માનવે બોધ પ્રાપ્ત કરવો જોઈએ, અજ્ઞાનતા અને તત્જનિત કુશીલપણાનો ત્યાગ કરવો જોઈએ.

**પ્ર.૪ : પરતીર્થિક કુશીલતા શું બતાવવામાં આવી છે ?**

**જવાબ :** કોઈ મીઠાના ત્યાગ માત્રથી મુક્તિ માને છે, કોઈ પાણીના સેવનથી અને કોઈ અગ્નિમાં હવન કરવાથી મુક્તિ બતાવે છે. તે લોકોનો એ અપરિક્ષિત સિદ્ધાંત છે. બંને વખત જળનો સ્પર્શ અને પ્રાતઃ સ્નાનથી મુક્તિ થતી હોત તો જળમાં રહેવાવાળા પ્રાણીઓની અને જળજંતુઓની ઘાત કરવાવાળા માછીમાર વગેરેની સહેલાઈથી મુક્તિ થઈ જશે. અગ્નિના સ્પર્શથી મુક્તિ થતી હોત તો લુહાર, સોની વગેરેની મુક્તિ સહેલાઈથી થઈ જશે. મીઠાનો ત્યાગ કરીને દારૂ-માંસ-લસણ વગેરે ખાય છે એમને તો સંસારમાં જ જન્મ-મરણ કરવાના હોય છે. વસ્તુ તત્ત્વના બોધ વિના તેઓને ત્રસ-સ્થાવર પ્રાણીઓની હિંસાથી સુખ મળી શકતું નથી. પાપકર્મના સેવનથી તેઓ કર્મોના ઉદયે નિરંતર દુઃખી

થાય છે, ત્રાસ પામે છે. આ જાણીને વિદ્વાન સાધક પાપથી વિરત બને અને જીવોની રક્ષા કરે.

**પ્ર.૫ : સ્વતીર્થિક કુશીલતા કઈ રીતે બતાવવામાં આવી છે ?**

**જવાબ :** સંયમ ગ્રહણ કર્યા પછી જે સાધક આહારાદિનો રાત્રિ સંચય(સંગ્રહ) કરીને ખાય છે, અચેત જળથી પણ ન્હાય છે, વસ્ત્રોને ધોવા, મઠારવાની પ્રવૃત્તિ અર્થાત્ વિભૂષાવૃત્તિ કરે છે, સ્વાદિષ્ટ ભોજન મળવાવાળા ઘરોમાં જ ગોચરી માટે જાય છે, તે ઘરોમાં દીનતા કરે છે, ગોચરીમાં પોતે પોતાના જ વખાણ કરે છે કે દાતાના વખાણ કરે છે. આહાર આદિને માટે દાતા સાથે પ્રિય, મધુર ભાષણ કરે છે; વગેરે કુશીલ આચારનો નિર્દેશ આ અધ્યયનમાં કરવામાં આવ્યો છે. એવા સાધુઓને સાધુત્વથી દૂર આચાર્યના ગુણોથી સોમા(શતાંશ) ભાગના અને પાર્શ્વસ્થ, કુશીલ તેમજ નિઃસાર કહેવામાં આવ્યા છે.

**પ્ર.૬ : સુશીલતાની પ્રેરણા કઈ રીતે કરવામાં આવી છે ?**

**જવાબ :** સુશીલ સાધકને માટે આચાર-વિચાર સંબંધી વિવેક આ પ્રમાણે બતાવેલ છે– (૧) અજ્ઞાત ઘરોની ગોચરીથી નિર્વાહ કરે. (૨) તપ દ્વારા પૂજા પ્રતિષ્ઠા વગેરેની ઈચ્છા ન કરે. (૩) મનોજ્ઞ-અમનોજ્ઞ શબ્દ રૂપમાં રાગદ્વેષથી સંસક્ત ન બને. (૪) ઈચ્છા-કામ રૂપ સમસ્ત કામો તરફની આસક્તિ હટાવી રાગદ્વેષ ન કરે. (૫) સર્વ સંગોથી એટલે કે મોહમાયાથી દૂર રહે, (૬) પરીષહ-ઉપસર્ગજનિત કષ્ટોને સહન કરે. (૭) જ્ઞાનદર્શનચારિત્રમાં પરિપૂર્ણ બને. (૮) વિષયભોગોમાં અનાસક્ત રહે. (૯) અપ્રતિબદ્ધ વિહારી બને.

(૧૦) અભયંકર– કોઈપણ પ્રાણીને ત્રાસ ન આપે. (૧૧) વિષય કષાયોથી અનાકુલ રહે. (૧૨) સંયમ-યાત્રા નિરાબાધ ચલાવવાના હેતુથી આહાર કરે. (૧૩) પૂર્વગ્રહિત–પહેલાં ગ્રહણ કરેલા પાપ કાર્યોના, દોષસ્થાનોના ત્યાગની ઈચ્છા રાખે. (૧૪) કષ્ટ કે આપત્તિ આવે તોપણ સંયમમાં જ ધ્યાન કેન્દ્રિત કરે. (૧૫) સંગ્રામશીર્ષ સુભટની જેમ કર્મ-દુશ્મનનો ક્ષય કરે. (૧૬) ફલક–પાટિયાની જેમ કષ્ટમાં ધૈર્ય રાખે. (૧૭) સમાધિમરણની આકાંક્ષા કરે. (૧૮) સંપૂર્ણ કર્મ ક્ષય કરી મુક્ત થઈ જાય.

અધ્યયનની છેલ્લી ચાર ગાથાઓમાં આ શિક્ષા-પ્રેરણા સૂત્રો સંકેત રૂપમાં યોજિત કરવામાં આવ્યાં છે.





# અધ્યયન–૮ : વીર્ય

**પ્ર.૧ : આ અધ્યયનનો વિષય અને તેના નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં બાલ અને પંડિત જીવોના સકર્મવીર્ય(બાલવીર્ય) અને અકર્મવીર્ય(પંડિતવીર્ય)નું વર્ણન છે. અહીં વીર્યનો અર્થ છે પરાક્રમ, પુઢષાર્થ. બંને પ્રકારના વીર્યોનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ **વીર્ય** સાર્થક છે.

**પ્ર.૨ : સકર્મવીર્ય શું છે ?**

**જવાબ :** પ્રમાદ છે તે સકર્મ છે અને અપ્રમાદ છે તે જ અકર્મ છે. આ રીતે અધ્યયનમાં પ્રમાદાચરણોને, પાપકાર્યોને, આત્મામાં કર્મોને વધારનારા પુઢષાર્થને સકર્મવીર્ય કહેવામાં આવેલ છે. આ વીર્યના અસ્તિત્વને બાલવીર્ય કહ્યું છે. બાલજનોના સકર્મવીર્ય આ પ્રમાણે છે– તલવાર, ધનુષ્ય-બાણ વગેરે શસ્ત્ર ચલાવતાં શીખે છે, માયા કરીને કામભોગોમાં પ્રવૃત્ત રહે છે, પોતાના કહેવાતા સુખની પાછળ આંધળી દોટ લગાવતા થકાં પ્રાણીઓને મારે છે, કાપે છે, આ લોક અને પરલોક બંનેને માટે મન, વચન, કાયાથી હિંસા કરે છે. વેરથી વેરનો અનુબંધ થાય છે જેનાથી તેની પાપ પરંપરા વધતી જ રહે છે. તેઓના પાપ છેલ્લે સુધી તેઓને દુઃખ આપે છે.

**પ્ર.૩ : અકર્મવીર્ય શું છે ?**

**જવાબ :** અપ્રમાદ અને પંડિતવીર્યરૂપ પુઢષાર્થને અકર્મવીર્ય કહેલ છે. પંડિત-વીર્યની સાધનાને માટે ઉપસ્થિત થનાર સાધક આ પ્રમાણેનો પુઢષાર્થ કરે–

(૧) મોક્ષાર્થી બને (૨) રાગ-દ્વેષ રૂપી બંધનથી મુક્ત બને (૩) સ્નેહ-બંધનને હંમેશને માટે છોડી દે (૪) પાપકર્મોને દૂર કરી શલ્ય રૂપ કર્મોનો ક્ષય કરે (૫) સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ન્યાયમાર્ગનો સ્વીકાર કરે.

(૬) અનુપ્રેક્ષણ કરે– શુભ સંયોગોની અનિત્યતાનું અને દુઃખ આપનારા પોતાના અશુભ કૃત્યોનું (૭) ચિંતનપૂર્વક આસક્તિ મમત્વને દૂર કરે (૮) સર્વ વિરતિ રૂપ પ્રશસ્ત આર્ય ધર્મ સ્વીકાર કરે (૯) ખુદ જાણીને અથવા અન્ય પાસેથી ધર્મબોધ સાંભળીને પાપોનો ત્યાગ કરે (૧૦) આયુષ્યમાં ઉપક્રમ આવેલો જાણે તો સંલેખના-સંથારો કરે.

(૧૧) કાચબો અંગોને સંકોચી લે છે એ જ રીતે પાપોમાં સંકોચન કરે, સંવૃત્ત કરે (૧૨) મનના પરિણામોને, વચનના દોષોને, હાથ-પગ વગેરે બધા જ અંગોને સંકોચીને ત્રણ ગુપ્તિને ધારણ કરે (૧૩) લેશમાત્ર પણ માયા અને અભિમાન

ન કરે (૧૪) શાતા કે સુખનો પણ ગર્વ ન કરે (૧૫) ઉપશાંત અને નિસ્પૃહી થઈને વિચરણ કરે. (૧૬) પ્રાણીઓની હિંસા ન કરે (૧૭) અદત્ત ગ્રહણ ન કરે (૧૮) માયા સહિત અસત્ય વચન ન બોલે (૧૯) પ્રાણીઓને પીડિત કરવાનું મનથી પણ ન ઈચ્છે, અનુમોદન પણ ન કરે (૨૦) સર્વ રીતે સંવૃત્ત રહે (૨૧) ઈન્દ્રિયોને વશમાં રાખે (૨૨) સંયમની સમ્યક આરાધના કરે (૨૩) આત્મ ગુપ્ત બને, એટલે કે પાપથી આત્માને બચાવે, જિતેન્દ્રિય રહે (૨૪) ભૂતકાળમાં થયેલાં કે ભવિષ્યમાં થઈ જનારા કોઈ પણ પાપની અનુમોદના ન કરે.

(૨૫) ગુપ્તપણે તપસ્યા કરે, કોઈને કહે નહિ, પોતાના વખાણ ન કરે (૨૬) અલ્પાહારી બને (૨૭) અલ્પભાષી, સુવ્રતી, ક્ષમાવાન, શાંત, દાંત બને (૨૮) ગૃદ્ધિભાવોનો ત્યાગ કરી યત્નાપૂર્વક પ્રવૃત્તિ કરે (૨૯) કાયાને વોસિરાવીને ધ્યાન કરે (૩૦) જીવનપર્યંત અથવા મોક્ષપ્રાપ્તિ સુધી સંયમમાં પરાક્રમ કરે (૩૧) સમત્વદર્શી વીર સાધકોનું પરાક્રમ શુદ્ધ હોય છે, તે કર્મબંધ રૂપ ફળથી રહિત હોય છે. સંયમસાધકોને ગુણોના પ્રેરણામય આ અકર્મવીર્યનું વર્ણન છે.

**પ્ર.૪ : આ અધ્યયનની ચોવીસમી ગાથાના પહેલા ચરણમાં સાચો પાઠ શું છે અને તે ગાથાનો ભાવ શું છે ?**

**જવાબ :** ચોવીસમી ગાથાનું પહેલું ચરણ આમ છે– **तेसिं पि तवो सुद्धो** આ પાઠ સાચો છે. તે પહેલાની ત્રેવીસમી ગાથામાં સમ્યગ્દષ્ટિના પરાક્રમને શુદ્ધ કહેવામાં આવેલ છે અને આ ગાથાના પહેલા ચરણમાં **पि(अपि)** શબ્દનો પ્રયોગ છે. જેનાથી પહેલાના શુદ્ધ પરાક્રમની જેમ જ આમાં શુદ્ધ તપનું વર્ણન છે. તેથી આ ગાથાનો ભાવ એ છે કે તપ પણ તેમનું શુદ્ધ હોય છે જે મહાન ઋદ્ધિ, મહાન કુળનો ત્યાગ કરીને પણ અજ્ઞાત તપ કરે છે, તપસ્યાનો પ્રચાર નથી કરતા અને તેનાથી યશ-કીર્તિની ઈચ્છા કરતા નથી.

ચોવીસમી ગાથા પછીની ચૂર્ણિમાં એક ગાથા જોવા મળે છે તેનાથી પણ ઉપરોક્ત શુદ્ધ પાઠની સિદ્ધિ થાય છે. જેમ કે– **तेसिं तु तवो सुद्धो, णिक्ख ता जे महाकुला । अवमाणिते परेण तु, ण सिलोग पवेज्जए ॥२५॥ चूर्णि.**

તાત્પર્ય એ છે કે ત્રેવીસમી ગાથામાં સંયમ પરાક્રમ કોનું શુદ્ધ હોય છે તે બતાવ્યું છે અને ચોવીસમી ગાથામાં તપ કોનું શુદ્ધ હોય છે તે બતાવ્યું છે.

પ્રતિઓમાં ચોવીસમી ગાથાના પહેલા ચરણમાં **तेसिं पि तवोऽसुद्धो** એવો પાઠ મળે છે, તેના કારણે પહેલાની ગાથા સાથે(अपि નો) સંબંધ પણ જોડાતો નથી અને આ ગાથાનો અર્થ કરવામાં ઉપરથી શબ્દો લેવા પડે છે.





ગાથાના શબ્દોથી સહેલાઈથી અર્થ નીકળતો નથી. એટલા માટે આ પહેલા ચરણમાં જે અવગ્રહ ચિન્હ(ऽ)છે તે અક્ષર વધારાનો સમજી લેવો જોઈએ.

## અધ્યયન–૯ : ધર્મ

**પ્ર.૧ : આ અધ્યયનનો વિષય અને તેના નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** જીવનમાં ધર્મની આવશ્યકતા અને ઉપયોગિતા સમજાવીને સંયમ-ધર્મની પ્રેરણા, સંયમધર્મના મૂળ ગુણોના પાલનની પ્રેરણા, ઉત્તરગુણ સંબંધી દોષોને જાણીને તેના ત્યાગનો સંદેશ, ભાષાવિવેક તેમજ ગુણવૃદ્ધિ હેતુ હિતકારી શિક્ષાઓ આ અધ્યયનમાં સૂચિત કરેલ છે. આ રીતે ધર્મ બોધ તેમજ સંયમ-ધર્મના વર્ણન સહિત આ અધ્યયનનું **ધર્મ** નામ સાર્થક તેમજ ઉપયુક્ત છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં ધર્મનો બોધ કઈ રીતે આપવામાં આવ્યો છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ધર્મનો બોધ આ રીતે આપવામાં આવ્યો છે– આ સંસારમાં, જે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલ(ક્ષુદ્ર) વગેરે લોકો છે તેઓ બધા વર્તમાન જીવનના હેતુને માટે આરંભ-સમારંભ, પરિગ્રહમાં વ્યસ્ત છે અને સાથે જ આરંભથી ઉત્પન્ન વિષયસુખોમાં લીન રહે છે. આ પ્રમાણે તેઓ સંસારમાં કર્મોની અને વેરની વૃદ્ધિ કરીને દુઃખ પરંપરા વધારે છે, પરંતુ દુઃખોનો અંત કરતા નથી(કરી શકતા નથી).

મનુષ્ય જીવનમાં મૃત્યુ આવી જવાથી પાપથી ભેગું કરેલું ધન અન્ય પરિવારના માણસોને કામ આવે છે. મૃતકના દાહ સંસ્કાર વગેરે કરીને તે લોકો તે મરેલ વ્યક્તિનું ધન લઈ લ્યે છે, વહેંચી લ્યે છે, પરંતુ તે વ્યક્તિના કર્મ તો તેની સાથે જ ચાલ્યા જાય છે. તેને કોઈ લેતા નથી, વહેંચી શકતા નથી. તે કર્મોથી તે જ જીવને પોતે જ દુઃખી થવું પડે છે. પછી તે નરકને યોગ્ય કર્મ છે અથવા અન્ય ગતિને યોગ્ય; અસહાય થઈને તેને એકલાને જ ભોગવવાં પડે છે. તેના દુઃખના સમયે માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર વગેરે કોઈ પણ સહાયતા કરવા પહોંચતા નથી. એ બધાં જ સંબંધો અહીં છૂટી જાય છે. સંબંધી લોકો તે વ્યક્તિના પાપકારી ધનથી મોજ ઊડાવે છે.

આ પરમાર્થનો વિચાર કરીને ભિક્ષુ, જ્ઞાતિજનો, સગાસંબંધી વગેરે તમામનો ત્યાગ કરીને તેમજ સમસ્ત શોક સંતાપને છોડીને આ લોકની પ્રવૃત્તિઓથી નિરપેક્ષ બનીને સંયમમાં વિચરણ કરે.

**પ્ર.૩ : આ અધ્યયનમાં ઉત્તરગુણોના સંકલનનો સંદેશ કઈ રીતે છે ?**

**જવાબ :** અધ્યનના શરૂઆતમાં બે ગાથાઓમાં જીવોના સંકલનની સાથે પ્રથમ મહાવ્રતમાં અહિંસાપાલનનો સંદેશો આપીને ત્રીજી ગાથામાં અવશેષ ચારે ય મહાવ્રતોના પાલનની એક સાથે સૂચના કરવામાં આવી છે. પછીની અનેક ગાથાઓમાં સાધકને વિદ્વાન શબ્દથી પ્રોત્સાહિત કરીને સંયમના ઉત્તરગુણો સંબંધી દોષોથી દૂર રહીને તેનો ત્યાગ કરવાનો સંદેશ આપવામાં આવ્યો છે. તે વિષય આ પ્રમાણે છે– (૧) સૌથી પહેલાં કર્માશ્રવ કરાવનારા ચાર કષાયોને જાણીને તેનો ત્યાગ કરવાનો છે, તેમ વિદ્વાન સાધકને સૂચના કરી છે. આ ચારે કષાયોના ચાર નવા જ પર્યાય નામથી તેને કહેવામાં આવ્યા છે, જેમ કે– **पलिउ चण** –માયા(કપટ), **भयण** –લોભ, **थ डिल** –ક્રોધ, **उस्सयण** –માન. **સાધ્વાચારના ઉત્તરગુણ સંબંધી દોષોનું સૂચન–** ધોવું, ગળી કરવી, રંગ લગાડવો, (૨) એનિમા લેવું (૩) વિરેચન–જુલાબ (૪) વમન– ઉલટી કરવી (૫) અંજન–આંખો આંજવી (૬) અત્તર કે તેલ લગાવવું (૭) માળા ધારણ કરવી (૮) સ્નાન કરવું (૯) દંત પ્રક્ષાલન, પરિગ્રહ અને કુશીલ ત્યાગ પણ અહીંયા ગાથાક્રમમાં મૂળગુણો કહેલ છે. (૧૦) આહારની ગવેષણાના દોષ, અનેષણીય ત્યાગ (૧૧) રસાયણ સેવન (૧૨) ચક્ષુ વિભૂષા (૧૩) રસોમાં આસક્તિ (૧૪) ઉપઘાત–પરપીડાકારી પ્રવૃત્તિ (૧૫) શરીરના અંગોપાંગ ધોવા (૧૬) ઉબટન–લેપ (૧૭) ગૃહસ્થોની સાથે પરસ્પર અતિ વ્યવહાર (૧૮) જ્યોતિષ પ્રશ્ન, શય્યાતર પિંડ (૧૯) જુગારની રમત (૨૦) જુગાર–સટ્ટા વગેરેના આંકડા બતાવવા (૨૧) હસ્તકર્મ (૨૨) કજીયા–વિવાદ (૨૩) પાદત્રાણ– પગરખા (૨૪) છત્રી–છત્ર (૨૫) નાલીકાની રમત (૨૬) પંખાનો ઉપયોગ (૨૭) પરસ્પર પરિકર્મ (૨૮) લીલી વનસ્પતિ–લીલોતરી ઉપર મળમૂત્ર પરઠવું (૨૯) ગૃહસ્થના વાસણ (૩૦) ગૃહસ્થના વસ્ત્ર (૩૧) ગૃહસ્થના આસન, પથારી, ખાટ (૩૨) ઘરોમાં બેસવું (૩૩) ખબર–અંતર પૂછવા અથવા સાવદ્ય પ્રશ્નો પૂછવા (૩૪) પૂર્વજીવન સ્મરણ(સુખ-ભોગ) (૩૫) યશકીર્તિ, વખાણની ઈચ્છા (૩૬) ગૃહસ્થને આહાર વગેરે આપવા. આ તમામ દોષસ્થાનો છે, ભિક્ષુ તેનો ત્યાગ કરે, શુદ્ધ સંયમ અને નિયમમાં રહે. અહીં ઉત્તરગુણોની સાથે કોઈ કોઈ મૂળગુણ સંબંધી કથન પણ છે.

**ભાષા વિવેક :–** (૧) કોઈની વચમાં ન બોલે (૨) મર્મકારી વચન ન બોલે (૩) માયાનો ત્યાગ કરી, વિચારીને બોલે (૪) મિશ્રભાષા ન બોલે (૫) બોલી લીધા પછી પસ્તાવુ પડે તેવું ન બોલે (૬) ગોપનીય વાત પ્રગટ ન કરે (૭) હોળ-ગોળ કે તું તું એવા અમનોજ્ઞ શબ્દો ન બોલે.





**પ્ર.૫ : આ અધ્યયનમાં સંયમગુણ વૃદ્ધિ સંબંધી હિતશિક્ષાઓ કઈ રીતે કહેવામાં આવી છે ?**

**જવાબ :** આ અધ્યયનના શરૂઆતથી સત્યાવીસમી ગાથા સુધી અનાચરણોનું આચરણ નહીં કરવાનું "વિદ્વાન મુનિ" એવા સાદર-સંબોધન પૂર્વક સૂચનાઓ આપવામાં આવી અને ત્યાર પછીની ગાથાઓમાં હિતશિક્ષા રૂપે વિશેષ સૂચનો છે, જેમ કે– (૧) મુનિ જીનાજ્ઞા વિપરીત કુશીલ આચરણ સેવન ન કરે (૨) કુશીલ આચરણવાળા મુનિઓની સાથે વિશેષ સંપર્ક ન રાખે, કારણ કે તેના સુખકારી સંસ્કારોનો પ્રવેશ થઈ જવાનો ખતરો કેટલાક મુનિઓને માટે થઈ પડે છે. છતાંય વિદ્વાન–યોગ્યતા સંપન્ન મુનિ સાવધાની પૂર્વક તેઓને પ્રતિબોધ કરી શકે છે. (૩) કારણ વગર ગૃહસ્થોના ઘરમાં બેસવું નહીં (૪) હાસ્ય તથા મશ્કરી અથવા હાસ્ય-વિનોદ કરવા નહીં (૫) વિશિષ્ટ પદાર્થોને જોવા વગેરેમાં ઉત્સુક થવું નહીં (૬) એવા શબ્દાદિ વિષયોના સંયોગમાં તટસ્થ રહીને યતના અને અપ્રમાદભાવથી સંયમમાં સાવધાન રહેવું. કોઈ કષ્ટ આપે તોપણ ક્રોધ ન કરવો, કોઈ અસભ્ય વચન-વ્યવહાર કરે તો સામે આક્રોશ વચનોનો પ્રયોગ કરવો નહીં, મનને પવિત્ર રાખવું, મનને પવિત્ર રાખીને સહન કરવું તેમજ સામનો કે કોલાહલ કરવો નહીં. (૭) ઈન્દ્રિય સુખ મળવા છતાં તેની ઈચ્છા ન કરવી પરંતુ સદા જ્ઞાનીઓની પાસેથી વિવેકપૂર્વક સંયમ આચરણનો જ અભ્યાસ રાખવો (૮) યોગ્ય, ધૈર્યવાન, ગુણવાન, તપસ્વી, જિતેન્દ્રિય અને આત્માર્થી ગુરુઓની ઉપાસના–સેવા ભક્તિ કરવી (૯) આદર્શ શ્રેષ્ઠ પુરુષો સંસારમાં કે ઘરમાં પ્રકાશ કે શરણ નથી જોતા. તે વીરપુરુષો સંસારના બંધનોનો ત્યાગ કરીને ફરીને અસંયમી જીવનની તરફ ક્યારે ય જોતા નથી (૧૦) શબ્દ વગેરે વિષયોમાં ભિક્ષુ આસક્ત ન બને (૧૧) આરંભ-સમારંભનું આલંબન ન લે (૧૨) અતિ માન, માયા વગેરેથી દૂર રહીને, તમામ પ્રકારના ગર્વથી હટીને, નમ્રતા, સરળતાની સાથે મુનિ મોક્ષપ્રાપ્તિની સાધના કરે. આ રીતે અંતિમ ૯ ગાથાઓમાં મધુર શબ્દોમાં હિતકારક શિખામણ આપતા આ 'ધર્મ' અધ્યયનને શાસ્ત્રકારે પૂર્ણ કર્યું છે.

# અધ્યયન–૧૦ : સમાધિ

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ અને તેની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ખાસ કરીને મુનિ દ્વારા ગ્રહણ કરાયેલ ચારિત્રની સમાધિ, સફળતા કઈ રીતે થઈ શકે છે ? તે ચારિત્ર સુરક્ષિત અને સ્ખલના

રહિત જીવનપર્યંત કઇ રીતે રહી શકે છે ? આત્મસમાધિ, આત્મપ્રસન્નતા અને આત્મસંતોષ કઇ રીતે જળવાઇ રહે છે ? આ પ્રકારની સમજણ, સૂચનાઓથી યુક્ત આ અધ્યયન છે, માટે તેનું **સમાધિ** નામ સાર્થક છે.

**પ્ર.૨ : સમાધિ શબ્દનો પ્રયોગ કયા-કયા અર્થમાં થાય છે ?**

**જવાબ :** દશવૈકાલિક સૂત્રમાં વિનય સમાધિની જેમ શ્રુત, ચારિત્ર અને તપની સાથે પણ સમાધિ શબ્દનો પ્રયોગ છે. તેનું તાત્પર્ય એ છે કે– વિનય, શ્રુત, તપ વગેરેની પૂર્ણતા અથવા પૂર્ણ સફળતા, એટલે કે સાર્થક થવું, તેને વિનય, તપ વગેરેની સમાધિ કહે છે. ત્યાં ચારે ય સમાધિના ફરીને ચાર ચાર પ્રકાર બતાવ્યા છે. તે પણ તથાપ્રકારની સમાધિને પુષ્ટ કરે છે.

પ્રસ્તુત અધ્યયનમાં ખાસ કરીને ચારિત્ર સમાધિ અને આત્મસમાધિના પ્રસંગને માટે સમાધિ શબ્દનો પ્રયોગ છે.

દશાશ્રુતસ્કંધ સૂત્રમાં સંયમ સંબંધી કેટલાક દોષોને અસમાધિસ્થાન કહેવામાં આવ્યા છે અર્થાત્ તે દોષોનું આચરણ ચારિત્રને દેશખંડિત કરે છે, ચારિત્રની સફળ સાધનામાં ક્ષતિ કરે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સંબંધિત કરીને પણ સમાધિના વિકલ્પ થઇ શકે છે, ભાવની અપેક્ષા સમાધિ શબ્દથી ચિત્તની સ્વસ્થતા, સાત્વિક સુખ શાંતિ, સંતુષ્ટિ, માનસિક દુઃખનો અભાવ, આનંદ, પ્રમોદ, શુભધ્યાન, ચિત્તની એકાગ્રતા, સમતા, રાગ વગેરેથી નિવૃત્તિ, આત્મપ્રસન્નતા, ઉદ્દેશ્ય કે લક્ષ્યની સફળતા વગેરે ભાવાર્થ ગ્રહણ થઇ શકે છે. છતાં પ્રસ્તુત અપેક્ષામાં મોક્ષલક્ષ્યે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની સુરક્ષા અને સફળતા તથા આત્મસાધનામાં પ્રસન્નતાની સાથે નિર્વિઘ્ને પ્રગતિ થવી આ પ્રકારની 'સમાધિ'નું વર્ણન છે.

**પ્ર.૩ : આ અધ્યયનનું વિષય વર્ણન કઇ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સમાધિ મેળવવાનું હકારાત્મક વર્ણન અને સમાધિ નહીં મેળવવાનું નિષેધાત્મક વર્ણન મુખ્ય છે. સાથે જ સમાધિ નહીં મેળવનાર સાધકોનો તેમજ અન્ય લોકોનો નિર્દેશ પણ છે. અધ્યયનના અંતમાં સમાધિ મેળવવાના લક્ષ્યે કેટલાક શિક્ષાપ્રદ વચન છે, જે વિધિ અને નિષેધ બંને રૂપે છે.

**પ્ર.૪ : સંયમ સાધકોને સમાધિ પ્રાપ્ત નહીં થવા સંબંધી વર્ણન શું છે ?**

**જવાબ :** સમાધિ મેળવવા માટેના વિધેયાત્મક વિષયોની વચ્ચે વચ્ચે જ સમાધિ નહીં મેળવવા સંબંધી વર્ણન છે, તે આ પ્રમાણે છે– (૧) દીનવૃત્તિથી આજીવિકા કરનારા સાધક અર્થાત્ ભિક્ષાચરી વગેરેમાં દીનતા, દીનવૃત્તિ કરનારા સાધક પાપનો સંગ્રહ કરે છે. (૨) સંયમ ગ્રહણ કરીને પછી જે દીનવૃત્તિ કરે છે તે





વિષાદ–દુઃખ મેળવે છે અથવા વિષયોને આધીન થઇ જાય છે. તે દીનવૃત્તિમાં પૂજા પ્રસંશાનો ઇચ્છુક બની સાધક અતિશય દીન અને સંયમ સમાધિથી દૂર થઇ જાય છે. (૩) આધાકર્મી આહાર વગેરેને અતિશય ઇચ્છનાર અને તેને માટે અત્યંત ભ્રમણશીલ તેમજ નિમંત્રણ કરનારના ઘર તરફ આમતેમ ફરતા અસમાધિ પામે છે. (૪) સ્ત્રીઓમાં આસક્ત અને તે હેતુથી પરિગ્રહવૃત્તિ કરનારા વ્યક્તિ વિવિધ પાપોમાં ગૃદ્ધ થઇને કર્મસંગ્રહ કરીને દુર્ગતિમાં દુઃખ મેળવે છે.

**પ્ર.૫ : સંયમ સાધકો સિવાય અન્ય લોકોની અસમાધિનું શું વર્ણન છે ?**

**જવાબ :** (૧) આ સંસારમાં અનેક પ્રાણી પોત-પોતાના કર્મોદયથી દુઃખી થઇને અજ્ઞાનને કારણે સંતાપ પામે છે. એવા તે પ્રાણીઓની હિંસા કરીને જીવ તે જ યોનિઓમાં ભવભ્રમણ કરીને દુઃખ ભોગવે છે. (૨) દુનિયામાં પ્રાણી સ્વયં હિંસા કરીને પાપકર્મ બાંધે છે અને બીજા પાસે હિંસા કરાવીને પણ પાપકર્મો બાંધે છે અને જેનાથી આત્મસમાધિથી દૂર થઇ જાય છે.

(૩) કેટલાક મિથ્યા રુચિ ધરાવનારા માનવ આત્માને એકાંત અક્રિય માને છે અને મરજી પડે તે રીતે આરંભ-સમારંભ કરે છે, ઇચ્છિત વિષય સુખોમાં ગૃદ્ધ રહે છે. તે અજ્ઞાનીઓ એમ કહેતા હોય છે કે– પુદ્‌ગલ પુદ્‌ગલનું કાર્ય કરે છે, એનાથી અક્રિય આત્મા ઉપર કોઇ અસર થતી નથી. પરંતુ હકીકતમાં તે મિથ્યામતિ અજ્ઞાની લોકો મોક્ષ આપનારા ધર્મને સમજતા નથી અને સાચી સફળ આત્મસમાધિને પણ પ્રાપ્ત કરી શકતા નથી.

(૪) કેટલાક ભિન્ન(મિથ્યા) રુચિ ધરાવનારાઓ ક્રિયાથી જ સમાધિની પ્રાપ્તિ માને છે, તેઓ ભોગોપભોગની સામગ્રીના ઉપભોગથી સમાધિ માને છે. જ્યારે પણ સંયોગ મળે છે, જે પણ ચાહના ઇચ્છા હોય છે તે પૂરી કરી લ્યો; તેવું જ કરવાથી સમાધિ મળી જાય છે. વાસ્તવમાં એવું કરવાથી પૌદ્‌ગલિક સુખ સમાધિ મળવાનું પ્રલોભન માત્ર છે, પરંતુ અવ્રતી અને અસંયતી આ મિથ્યામતિ લોકો કર્મોનો વધારો કરે છે.

(૫) કેટલાક માણસો નવજાત બાળકને મારીને પણ પોતાની ઇચ્છિત સુખશાંતિ સમાધિ માને છે. તેઓ પણ ઇચ્છિત ક્રિયાના ઘોર પાપથી ભારેકર્મી બને છે. (૬) કોઇ કોઇ લોકો આયુષ્ય ક્ષય કે મૃત્યુના સંબંધમાં કંઇ જ સમજતા વિચારતા નથી, પોતાની જાતને અમર માનતા થકાં, સંસાર પરિવારની મમતામાં રચ્યાપચ્યા રહે છે, જે મનમાં આવે તેમ કરે છે, ભવિષ્યનો વિચાર કરતા નથી, અકૃત્ય કે દુષ્કૃત્ય કરવામાં પણ વિચાર કરતા નથી. આવા માણસો પણ ભાવ-સમાધિને પ્રાપ્ત કરી શકતા નથી.

(૭) જે પરિવારના સભ્યોને માટે શોકગ્રસ્ત રહે છે, રાત દિવસ ધન વૃદ્ધિમાં અને ઘરકામમાં વ્યસ્ત રહે છે તેમજ વધારેને વધારે મોહ ભાવોની વૃદ્ધિ કરે છે, તેમ છતાં મૃત્યુ પછી તેના ધનને બીજા લોકો લઈ લે છે, તેની સાથે તે ધન જતું નથી પરંતુ પાપકર્મ સાથે જઈને તેને દુઃખ આપે છે.

**પ્ર.૬ : સંયમ સાધકો આરાધકોને સમાધિ પ્રાપ્ત કરાવનાર વિધેયાત્મક અને નિષેધાત્મક સંદેશ આ અધ્યયનમાં કઈ રીતે છે ?**

**જવાબ :** સંયમ સમાધિ તેમજ આત્મસમાધિ એટલે શાંતિના ઈચ્છુક સાધકોને માટે અધ્યયનમાં કંઈક સંદેશ, આદેશ છે, તે આ પ્રમાણે છે– (૧) મુનિ આ લોક અને પરલોક સંબંધી ફળની આકાંક્ષાથી રહિત થઈને સંયમમાં પુરુષાર્થ કરે (૨) ત્રસ-સ્થાવર પ્રાણીઓ પ્રત્યે સંયમ રાખે, તેઓને પીડા ન પહોંચાડે. (૩) અદત્ત ગ્રહણથી દૂર રહે. (૪) વીતરાગ પ્રરૂપિત શુદ્ધ ચારિત્રધર્મમાં પૂર્ણ સંશય રહિત રહે. (૫) પ્રાસુક એટલે સૂઝતાં આહાર-પાણી તેમજ એષણીય ઉપકરણથી નિર્વાહ કરે. (૬) સમસ્ત પ્રાણીઓ પ્રત્યે આત્મવત્ વ્યવહાર કરે. (૭) સંપત્તિની આવક અને સંગ્રહ ન કરે. (૮) સ્ત્રીઓ તેમજ વિષયોથી ઈન્દ્રિયોને રોકે એટલે જિતેન્દ્રિય બને તથા વિષયોથી ઉદાસીન તેમજ પ્રતિબંધ રહિત થઈને સંયમમાં રહે. (૯) સ્થિર બુદ્ધિપૂર્વક, તત્ત્વજ્ઞ, વિવેકશીલ તેમજ હિંસા વગેરેથી વિરત રહે. (૧૦) સમભાવમાં રહે, રાગદ્વેષ પ્રેરિત, કોઈના ભલા કે બુરા રૂપ પ્રપંચોમાં ન પડે. (૧૧) જે કંઈ પણ બોલે, વાતચીત કરે તો તે વિચારપૂર્વક કરે. (૧૨) હિંસાત્મક ઉપદેશ ન કરે.

(૧૩) આધાકર્મ દોષયુક્ત આહાર વગેરેની આકાંક્ષા ન કરે. એવી આકાંક્ષાવાળાનો સંપર્ક–પરિચય પણ ન વધારે, પરંતુ સમ્યક ચિંતનપૂર્વક કર્મક્ષય કરવામાં લાગી જાય, દુઃખ આવી પડે ત્યારે સુખની અપેક્ષા રાખીને કોઈ પણ પ્રકારે શોક ન કરે, કર્મક્ષય કરવામાં શરીર તરફ નિરપેક્ષ રહે.

(૧૪) આધાકર્મ આહાર ત્યાગ માટે કે તેના દોષ સેવન કરનારની સાથે રહેવાનું ત્યાગ કરવાથી કદાચ પરિસ્થિતિવશ એકલા રહેવું પડે તોપણ સ્વીકાર કરે. એવું કરવાથી પણ મોક્ષ સાધના થઈ શકે છે એમાં સંદેહ ન રાખે, અસત્ય ન માને એટલે કે સંયમની શુદ્ધ સાધના-આરાધનાના ઉદ્દેશથી કરેલ એકલ-વિહારથી મુક્તિ થશે, તેમાં કંઈ પણ અસત્ય નથી તથા આ પ્રમાણેનો વિવેક સહિતનો નિર્ણય પ્રશસ્ત છે, શ્રેષ્ઠ છે. વિશેષમાં એકલવિહારની તે સાધના આરાધનાના સમયે સાધક કષાયોથી રહિત બને તથા સત્યનિષ્ઠ રહે એટલે કે સ્વનિર્ભર હોવાથી ઈમાનદારીપૂર્વક જિનાજ્ઞાઓનું આરાધન કરે તો તેનો એકલવિહાર સફળ છે. જો આમ ન કરતાં તે એકલો સાધક ઈચ્છાનુસાર





જિનાજ્ઞાઓની વિરાધના કરે કે કોઈ પણ કષાયને આધીન બને તો તેનો એકલ-વિહાર સફળ થતો નથી અને તેને આત્મસમાધિ પ્રાપ્ત થઈ શકતી નથી પરંતુ અસમાધિભાવોની પ્રાપ્તિ થાય છે; ગાથા નં.૧૦ અને ૧૧નો આ ભાવાર્થ છે.

(૧૫) ભિક્ષુઓ ગમા અણગમા(રતિ અરતિ)ના ભાવોથી ઉપર ઉઠીને શીત-ઉષ્ણ, ડાંસ-મચ્છર, તૃણસ્પર્શ અથવા સારા-ખરાબ સંયોગ વગેરે બધી સ્થિતિઓને સમભાવમાં રહીને પાર કરે, સહન કરે. (૧૬) વચનગુપ્તિ જાળવી સમાધિ પ્રાપ્ત કરે. (૧૭) લેશ્યામાં–પરિણામોમાં સાવધાની રાખતા થકાં શુભ લેશ્યામાં રહે. (૧૮) મકાનના પરિકર્મ કાર્ય કરે નહીં અથવા કરાવે નહીં. આહારના પચન-પાચન વગેરે ક્રિયાઓને લીધે સ્ત્રીઓથી અતિસંપર્ક ન કરે.

**પ્ર.૭ : આ અધ્યયનમાં સમાધિ મેળવવાને માટે બોધપ્રદ વચન કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનની તેરમી તથા અંતિમ ગાથાઓમાં ઉપસંહારના રૂપમાં બોધવચન આ પ્રમાણે છે– (૧) સ્ત્રી તેમજ મૈથુનથી વિરક્ત રહેનારા પરિગ્રહથી પર રહેનારા તેમજ વિવિધ ઈન્દ્રિય વિષયોથી આત્માને પૂર્ણ સુરક્ષિત રાખનારા તેમજ છકાયના રક્ષક ભિક્ષુ; આ રીતે ટૂંકમાં પહેલા, ચોથા અને પાંચમા મહાવ્રતને સુરક્ષિત રાખનારા નિઃસંદેહ બધા જ મહાવ્રતો અને સંયમના નિયમોને સુરક્ષિત રાખીને સંયમ સમાધિ તેમજ આત્મ સમાધિને પ્રાપ્ત કરી લે છે. (૨) જે રીતે વન્ય પ્રાણી જંગલમાં સિંહ વગેરે હિંસક પશુઓથી હંમેશાં સાવધાન અને સંભાળીને રહે છે તે પ્રમાણે સંયમ સાધકે હંમેશાં પાપથી બચીને રહેવું, સાવધાન રહેવું, દૂર રહેવું. (૩) ધર્મબોધને પ્રાપ્ત કરીને બુદ્ધિમાને પાપોથી નિવૃત્ત રહેવું કારણ કે હિંસા વગેરે પાપ જ મહાન દુઃખ અને અધર્મના જન્મદાતા છે, અધર્મના બાપ છે. (૪) આત્માર્થી મુનિ અસત્ય ન બોલે તથા અન્ય પાપ પણ કરે નહીં, કરાવે નહીં અને અનુમોદના પણ ન કરે. (૫) શુદ્ધ આહાર મળી જાય તોપણ તેને પરિભોગૈષણા દોષોથી દૂષિત ન કરે, આસક્તિનો ત્યાગ કરે, નિર્દોષ આહારથી નિર્વાહ કરીને પણ યશ-કીર્તિ, પૂજા-પ્રતિષ્ઠાને માટે સંયમ ખરાબ ન કરે, એનાથી મુક્ત રહીને સંયમમાં વિચરણ કરે. (૬) ઘરનો ત્યાગ કર્યા પછી મુનિ અન્ય કોઈ આકાંક્ષા ન રાખે, કાયાનું મમત્વ છોડીને કર્મ કાપે તથા જીવન-મરણની આશા કે ભયથી મુક્ત થઈને સાધના કરતાં કરતાં સંસારચક્રથી મુક્ત થઈ જાય.

આ પ્રમાણે આ અધ્યયનમાં સંયમસમાધિ તેમજ આત્મસમાધિના માધ્યમથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની વિશુદ્ધિ સાથે મોક્ષની ઉત્તમ આરાધના બતાવવામાં આવી છે.

# અધ્યયન–૧૧ : માર્ગ

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ અને તેની સાર્થકતા કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **"માર્ગ"** છે, જે મોક્ષમાર્ગ–નિર્વાણમાર્ગની મુખ્યતાથી છે. અધ્યયનમાં માર્ગ જાણવાની જિજ્ઞાસાની સાથે સંક્ષિપ્તમાં બે ચાર મુદ્દા નિર્વાણ માર્ગના, એક મુદ્દો મિશ્રમાર્ગનો એટલે પુણ્યમાર્ગનો, કેટલાક મુદ્દા અનિર્વાણ માર્ગના, છિદ્રવાળી નાવના દષ્ટાંતની સાથે કહેલ છે. અંતમાં સંયમમાર્ગની આરાધનાનું ઉદ્‌બોધન કરેલ છે. એટલા માટે આ અધ્યયનનું નાનકડું નામ **માર્ગ** પૂર્ણ રૂપથી સાર્થક છે.

**પ્ર.૨ : શું આ અધ્યયનની શરૂઆતની છ ગાથાઓમાં જંબુસ્વામીની જિજ્ઞાસા અને સુધર્મા સ્વામી દ્વારા કરવામાં આવેલ સમાધાનનું સંકલન છે ? તો આ રચના કોની છે ?**

**જવાબ :** ગાથાઓમાં સુધર્મા કે જંબુ કોઈનું નામ નથી. સૂત્રકારે જ આ પ્રશ્ન અને સમાધાનની શૈલી અપનાવી છે. વિષય પ્રારંભ કરવાનો આ પણ એક પ્રકાર(રીત) છે. વ્યાખ્યાકારો દ્વારા અધ્યયનગત પ્રશ્ન અને ઉત્તરને સુધર્મા અને જંબુથી જોડીને ગોઠવવાની આ પરંપરા છે.

શાસનની શરૂઆતના સમયે જે દ્વાદશાંગીની રચના થાય છે, તેમાં સંવાદની ભાષા હોઈ શકે છે, પરંતુ કોઈ વ્યક્તિ અથવા ગણધરના નામથી તે સંવાદ હોતા નથી. ગણધરોના નામથી જે પણ ઉત્થાનિકાઓ અથવા સંવાદની ભાષા ગદ્યપાઠમાં મળે છે તે શાસ્ત્ર લેખન સમયે દેવર્દ્ધિગણી આદિ આચાર્યો દ્વારા અથવા નિર્વાણ પછી કોઈ પણ સમયે સંપાદિત થયેલ હોય શકે છે.

પ્રસ્તુત અધ્યયનની શરૂઆતની ગાથાઓમાં કોઈનું નામ નહિ હોવાથી ગાથાઓ શાસનની શરૂઆતના સમયની ગણધર રચિત સંવાદની ભાષામાં છે, એવું સમજવું જોઈએ તથા અર્થ કરવામાં વ્યાખ્યાકારો સુધર્માસ્વામી તેમજ જંબુસ્વામી **શબ્દ**નો અધ્યાહાર કરીને અર્થ કરે છે એવું સમજવું જોઈએ.

**પ્ર.૩ : નિર્વાણ માર્ગના કયા કયા મુદ્દા આ અધ્યયનમાં ચર્ચાયેલ છે ?**

**જવાબ :** (૧) સૌથી પહેલાં અહિંસા સિદ્ધાંતનું મહત્ત્વ પ્રદર્શિત કરતાં ત્રસ-સ્થાવર જીવોનું અસ્તિત્વ તથા તેમની દુઃખમય અવસ્થાઓનું સૂચન કરીને તેમની હિંસા નહિ કરવાનો સંદેશો આપ્યો છે અને કહ્યું છે કે જ્ઞાનનો સાર જ અહિંસા–જીવદયા છે, માટે જીવન પર્યંત મન, વચન, કાયાથી કોઈ પણ પ્રાણીની સાથે વેર-વિરોધ કરવો જોઈએ નહિ; એ જ શાંતિમય નિર્વાણ માર્ગ





કહેલ છે. (૨) અહિંસા ધર્મના પાલન માટે મુનિ એષણીય અને પ્રદત્ત પદાર્થ ગ્રહણ કરે, અનેષણીય અને અદત્ત પદાર્થોનો ત્યાગ કરવો તેમજ સાધુને માટે બનાવેલ પદાર્થોનો ત્યાગ કરવો તથા અંશમાત્ર પણ દોષની આશંકા થાય કે દોષ મિશ્રિત પૂતિકર્મ આહાર વગેરે થઈ જાય તો તેનું પણ સેવન કરે નહિ. (૩) પાપકાર્યોના અનુમોદનની કે પ્રેરણાની ભાષા બોલે નહિ. આ પ્રમાણે જીવોના અસ્તિત્વ, અહિંસા, એષણા સમિતિ, ભાષા સમિતિના સૂચન પૂર્વક મોક્ષમાર્ગનું કથન કરેલ છે.

**પ્ર.૪ : દાનશાળા, પરબ કે પશુ-પક્ષીને માટે ચબૂતરો વગેરે સ્થાનો સંબંધી ધર્મ કે પુણ્ય-પાપની એકાંતિક ચર્ચા મુનિ કરી શકે છે ?**

**જવાબ :** આ કાર્યોની પ્રેરણા શ્રાવક સમાજમાં માનવતાના ભાવોથી તેમજ જીવોને સુખસુવિધા આપવાની દષ્ટિએ થતી રહે છે. જૈનમુનિની પોતાની વિશેષ મર્યાદા હોય છે. ભાષાવિવેક પણ તેમનો વિશિષ્ટ હોય છે. માટે તેઓ પ્રશ્નગત વિષયોની એકાંતિક ચર્ચામાં નહિ ગૂંચવાતા ઉપસ્થિત શ્રોતાઓને જીવોનું સ્વરૂપ અને તેઓના દુઃખનું સ્વરૂપ બતાવીને અનુકંપા-રસનું સિંચન કરી શકે છે તથા પુણ્ય-પાપ તત્ત્વના સમુચ્ચય સ્વરૂપને સમજાવી શકે છે પરંતુ પ્રશ્નગત સ્થાન કે કાર્યની સ્પષ્ટ અનુમોદના, પ્રેરણા કરી શકતા નથી, તેમજ તેનો નિષેધ પણ કરી શકતા નથી. ગૃહસ્થ અનુકંપા રસથી અને કર્તવ્યભાવથી સ્વયં તે કાર્ય કરે છે. શાસ્ત્રકારોએ આ અધ્યયનમાં સ્પષ્ટ કર્યુ છે કે મુનિ આ સ્થાનોને કે આ કાર્યોને ધર્મ યા પુણ્ય કહીને સ્પષ્ટ પ્રેરણા કરે તો ત્યાં થનારા આરંભ-સમારંભની અનુમોદના–પ્રેરણા થવાથી સાધુના પ્રથમ મહાવ્રતમાં દોષ લાગે છે. જો પ્રતિપક્ષમાં જઈને સાધુ ગૃહસ્થો દ્વારા થઈ રહેલા આ અનુકંપા સભર કાર્યોનો નિષેધ કરે કે તેને પાપ કે અધર્મ બતાવે તોપણ તેનું પ્રથમ મહાવ્રત દૂષિત થાય છે, કારણ કે એવું કરવામાં પ્રાણી માટે જીવન ચલાવવામાં છેદ–અંતરાયનો દોષ લાગે છે અને તે હિંસારૂપ છે. માટે જૈન મુનિ પ્રશ્નગત વિષયોમાં અર્થાત્ દાન-પુણ્ય વગેરે કાર્ય કે સ્થળે પક્ષ કે પ્રતિપક્ષ રૂપ કોઈ પણ આગ્રહમાં ન પડે. બંને પક્ષની ભાષા ન બોલે અને વિવેકપૂર્વક કર્મબંધથી બચે, તો જ તે નિર્વાણમાર્ગની સાચી આરાધના કરી શકે છે.

સાર એ છે કે મુનિ ઉપસ્થિત પરિષદને યોગ્ય જીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વનું સ્વરૂપ, અનુકંપા ધર્મનો સાર-સ્વરૂપ યથા અવસર સમજાવે, પ્રશ્ન નિર્દિષ્ટ સ્થળો કે કાર્યોની સ્પષ્ટ ચર્ચામાં ન જાય.

રાયપ્પસેણીય સૂત્રમાં કેશી સ્વામી દ્વારા પ્રદેશી રાજાને આપવામાં આવેલ બોધ તેમજ ચર્ચાનું પ્રકરણ છે. તેમાં પણ પ્રતિબુદ્ધ થયા પછી રાજાએ

પોતાની રીતે સ્પષ્ટ કર્યું છે કે હું રાજ્યની આવકનો એક ભાગ દાનશાળામાં વાપરીશ. ત્યાં કેશીમુનિ દ્વારા દાનશાળાની પ્રેરણાનો પણ ઉલ્લેખ નથી અને પરદેશી રાજા દ્વારા પોતે જ દાનશાળા માટેની અંતરભાવના પ્રગટ કરવા પર કેશીશ્રમણે તેનો નિષેધ કર્યો હોય તેવો પણ ત્યાં ઉલ્લેખ નથી. ગૃહસ્થ ધર્મ અને ગૃહસ્થ-ભાવોના પ્રત્યેક પ્રવર્તનમાં જૈનમુનિએ દખલ કરવી જરૂરી હોતી નથી, ગૃહસ્થના એવાં કેટલા ય કાર્યો હોય છે કે જેમાં તેમણે તટસ્થ અને મૌનભાવમાં રહેવાનું હોય છે. તે પ્રમાણે કેશીશ્રમણે પરદેશી રાજાના કથનને મૌનપૂર્વક જ સાંભળ્યું. તેના પક્ષ કે પ્રતિપક્ષમાં કંઈ પણ કહ્યું નહિ અર્થાત્ તેની દાનશાળા ખોલવાની વાત પર ધન્યવાદ પણ ન આપ્યા કે તેમ કરતાં તેમને રોક્યા પણ નહિ. આ આગમ દૃષ્ટાંતથી પણ પ્રસ્તુત અધ્યયનગત ભાવોની જ પુષ્ટિ થાય છે. માટે મુનિ બંને પ્રકારની ભાષા બોલે નહિ.

આ પ્રમાણે ગૃહસ્થના મિશ્રમાર્ગના આ મુદા સંબંધી વિચારણા મુનિની ભાષાને લક્ષ્ય બિંદુ બનાવીને ગાથા ૧૬ થી ૨૧ સુધી કહેલ છે.

આગળ ગાથા નં. ૨૨, ૨૩, ૨૪ માં મુનિને નિર્વાણ માર્ગનો ઉપદેશ આપવા માટે સૂચન કરવામાં આવેલ છે કે તે ઉપદેશ સંસાર સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને માટે દ્વીપના સમાન રખેવાળ હોય. મુનિ ખુદ તો આશ્રવોને રોકે તેમજ આશ્રવરહિત બનીને શુદ્ધ અનાશ્રવ ધર્મ, સંયમ-સંવર ધર્મનું વર્ણન કરે કારણ કે તે જ અનુપમ અને પરિપૂર્ણ મોક્ષ માર્ગ છે. મુનિ પોતે પણ યતના-પૂર્વક નિર્વાણ માર્ગની સાધના કરે.

**પ્ર.૫ : અનિર્વાણ માર્ગનું કથન આ અધ્યયનમાં કયા કારણથી છે ?**

**જવાબ :** નિર્વાણ માર્ગના સાધક નિર્વાણ માર્ગથી વિપરીત કે અશુદ્ધ માર્ગથી સાવધાન રહે, આ હેતુથી તથા અન્ય માર્ગ પણ સાધકને માટે જાણવા જેવા તો છે જ તેથી જાણકારીને માટે અધ્યયનમાં ઉન્માર્ગનું વર્ણન પણ પ્રાસંગિક થઈ શકે છે. તે વર્ણન આ પ્રમાણે છે– (૧) કેટલાક અન્યતીર્થિકો બોધિ પ્રાપ્ત ન હોવા છતાં પણ પોતાને જ્ઞાની સમજીને સ્વચ્છંદ પણે ધર્મ ચલાવે છે પરંતુ તેઓ ધર્મ સમાધિથી દૂર જ રહે છે. કેમ કે તેઓ સચિત્ત બીજ વગેરેનું સેવન કરીને કે આધાકર્મી આહાર ખાઈને પછી ધ્યાન કરે છે. તેઓનું તે ધ્યાન પણ વિષયેષણાના લક્ષ્યવાળું થવાથી, હિંસકપક્ષીના મત્સ્યની ઈચ્છાવાળા(બગભગત) ધ્યાનની ઉપમાવાળું કહેવાય છે. અધ્યાત્મ ધ્યાન તો તપ-સંયમ-સંવર પૂર્વકનું હોય છે. સુખશીલતાના લોભી કેટલાક સાધક શુદ્ધમાર્ગની વિરાધના કરીને, તેને છોડીને ઉન્માર્ગમાં ચાલ્યા જાય છે. તેઓ દુઃખ અને મૃત્યુને વારંવાર પ્રાપ્ત કરે છે.

જે પ્રમાણે કોઈ છિદ્રોવાળી નાવ છે તેને કોઈ સૂરદાસ ચલાવી રહ્યા છે





તો તે કેવી રીતે પાર થઈ શકે ? તે નૌકા સહિત વચમાં જ ડૂબનારા છે. તે જ રીતે કેટલાય અન્ય મતાવલંબી–મિથ્યાદષ્ટિ શ્રમણો જુદા-જુદા પ્રકારના પાપ-આશ્રવોથી યુક્ત હોય છે, માટે તેઓ સંસારમાં જ ડૂબી જાય છે, પરિણામે દુઃખ અને ભયને પ્રાપ્ત કરે છે.

**પ્ર.૬ : સંયમ માર્ગની આરાધનાનું ઉદ્બોધન આ અધ્યયનમાં કઈ રીતે છે ?**

**જવાબ :** (૧) મુનિ સંયમધર્મનો સ્વીકાર કરીને મહાભયંકર ઘોરાતિઘોર સંસાર સાગરને પાર કરે (૨) આત્મરક્ષા કરવાને માટે સંયમમાં પરાક્રમ કરે (૩) સંયમ-ધર્મની દઢતાને માટે ઈન્દ્રિય વિષયોથી વિરત રહે (૪) કષાયોનું નિવારણ કરે, કારણ કે કષાય ચારિત્ર નાશક છે. (૫) એક માત્ર નિર્વાણ માર્ગમાં જ પોતાને જોડાયેલ રાખે, તેને માટે સંયમધર્મને જ કેન્દ્રમાં રાખીને સમસ્ત પ્રવૃત્તિઓ કરે. (૬) તપશ્ચર્યામાં શક્તિ વાપરે (૭) ક્રોધ, માન વગેરેને અસફળ કરી દે.

(૮) મોક્ષ-માર્ગનો મૂળ આધાર શાંતિ છે, માટે કષાય ક્ષય કરીને શાંત બનવું (૯) વ્રતમાં વિઘ્ન થાય કે કષ્ટ-ઉપસર્ગ આવે ત્યારે મેરૂ પર્વતની સમાન અડોલ, અકંપ રહીને પરીષહ ઉપસર્ગોને સહન કરે (૧૦) પ્રદત્ત તેમજ એષણીય આહાર ગ્રહણ કરે (૧૧) શાંત રહીને અંતિમ સમયે સમાધિમરણની પ્રતિક્ષા કરે.

આ રીતે સંયમ માર્ગ–નિર્વાણ માર્ગનો આરાધક સંસાર પ્રપંચથી, દુઃખોથી સદાને માટે મુક્ત થઈ જાય છે.

## અધ્યયન–૧૨ : સમવસરણ

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા કઈ રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ સમવસરણ છે. અનેક પ્રકારના મતપ્રવર્તકોના સમૂહ–સંગ્રહ અહીં સમવસરણ શબ્દમાં વિવક્ષિત છે. તીર્થંકર ભગવાનના પધારવાથી, તેમના વ્યાખ્યાનની પરિષદને પણ **સમવસરણ** શબ્દથી જ ઓળખવામાં આવે છે, પરંતુ અહીં તે અર્થ અપેક્ષિત નથી. ધર્મ સિદ્ધાંતની અપેક્ષા મુખ્ય ચાર પ્રકારના મતમતાંતરોમાં નાના-મોટા વિભિન્ન મતોનો સમાવેશ થઈ જાય છે. આ અધ્યયનમાં એ ચારે મતાંતરોની એકાંતિક માન્યતા અને તેનું સમાધાન આપેલું છે. આ રીતે આ ચારે સમવસરણનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ "સમવસરણ" એ સાર્થક છે.

**પ્ર.૨ : સમવસરણ ચાર કયા કયા છે ? અને તેના ભેદ-પ્રભેદ શું છે ?**

**જવાબ :** ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદી આ ચાર સમવસરણ છે. એના વિસ્તૃત ભેદની અપેક્ષા ત્રણસો ત્રેસઠ(૩૬૩) મત-મતાંતરો કહેલ છે.

(૧) **ક્રિયાવાદી**ના ૧૮૦ ભેદ થાય છે. તેમાં મુખ્ય ભેદ નવ તત્ત્વ છે. તેના સ્વતઃ પરતઃ તેમજ નિત્ય-અનિત્ય આવા બબ્બે ભેદ થાય છે. ત્યાર બાદ કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર અને આત્મા આ પાંચ ભેદ હોય છે. જેને કારણે ૯×૨×૨×૫=૧૮૦ કુલ ભેદ થાય છે.

(૨) **અક્રિયાવાદી**ના ૮૪ ભેદ થાય છે. તેમાં મુખ્ય ભેદ સાત તત્ત્વ છે. તેને સ્વતઃ પરતઃ બે ભેદથી ગુણાકાર કરીને પછી કાળ, સ્વભાવ, નિયતિ, ઈશ્વર, યદચ્છા અને આત્મા આ છ ભેદથી ગુણાકાર કરીએ, જેમ કે– ૭×૨×૬=૮૪ કુલ ભેદ થયા.

(૩) **વિનયવાદી**ના ૩૨ ભેદ થાય છે– (૧) દેવતા (૨) રાજા (૩) યતિ (૪) જ્ઞાતિ (૫) વૃદ્ધ (૬) અધમ (૭) માતા (૮) પિતા. આ આઠનું મન, વચન, કાયાથી અને દાન આપી વિનય કરવો જોઈએ. આ પ્રમાણે ૮×૪=૩૨ કુલ ભેદ થાય છે.

(૪) **અજ્ઞાનવાદી**ના ૬૭ ભેદ થાય છે– જીવાદિ નવ તત્ત્વોના સાત-સાત ભંગ થાય છે– (૧) અસ્તિ (૨) નાસ્તિ (૩) અસ્તિ-નાસ્તિ (૪) અવક્તવ્ય (૫) અસ્તિ-અવક્તવ્ય (૬) નાસ્તિ-અવક્તવ્ય (૭) અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય. આ રીતે ૯×૭=૬૩. પહેલાના ચાર ભાંગામાં સત્‌પદાર્થની ઉત્પત્તિ હોય છે, આ કોણ જાણે છે અને જાણવાથી લાભ શું ? આ પ્રમાણે અસત્‌, સદસત્‌ અને અવક્તવ્યને માટે ઉક્ત પ્રશ્ન ઉપસ્થિત કરવો, એ કુલ ચાર ભંગ જોડવાથી ૬૩+૪=૬૭ ભેદ થાય છે.

**પ્ર.૩ : ક્રિયાવાદી વગેરે ચારે મતમતાંતરોનો શું સિદ્ધાંત છે ?**

**જવાબ :** એ ચારે એકાંતવાદી છે. તેમાં ક્રિયાવાદ, વિનયવાદ કેટલાક તબક્કા સુધી ઠીક પણ છે, પરંતુ એકાંત આગ્રહ થવાથી અશુદ્ધ છે.

**(૧) ક્રિયાવાદ–** આ સિદ્ધાંતવાળા ક્રિયાથી મુક્તિ માને છે. જ્ઞાનની ઉપાદેયતા સ્વીકારતા નથી. જો કે જ્ઞાન વિનાની ક્રિયા આંધળી હોય છે, પૂર્ણરૂપથી ફળ-દાયી થઈ શકતી નથી. આટલા માટે ક્રિયાવાદના વર્ણનની ગાથા ૧૧ માં કહેવામાં આવ્યું છે કે તીર્થંકર વિદ્યા અને ચરણ એટલે જ્ઞાન અને ક્રિયા બંનેથી મુક્તિનું કથન કરે છે. બીજી વાત એ છે કે આ ક્રિયાવાદીઓ બધા પદાર્થોમાં





અસ્તિત્વધર્મ સ્વીકાર કરે છે, નાસ્તિત્વધર્મ સ્વીકારતા નથી. હકીકતમાં એકાંત અસ્તિત્વ માનવાથી જગતના તમામ વ્યવહારોનો છેદ ઉડી જાય છે. માટે પ્રત્યેક વસ્તુ પોત-પોતાના સ્વરૂપથી છે અને પર સ્વરૂપથી નથી, એવું માનવું જ જોઈએ.

**(૨) અક્રિયાવાદ–** આ અક્રિયાવાદી ત્રણ પ્રકારના છે– (૧) આત્માને જ નથી સ્વીકારતા (૨) આત્મા વગેરે બધા પદાર્થો ક્ષણવિનાશી છે–અનિત્ય છે (૩) આત્મા સર્વલોકવ્યાપી છે. આ ત્રણેના મતમાં ક્રિયાને કોઈ મહત્ત્વ નથી. કારણ કે મૂળ આત્મા સંબંધી માન્યતા જ અશુદ્ધ છે માટે તેઓ એક પ્રકારથી નાસ્તિક મત બને છે. આત્માના જન્મ-મરણ, ભવભ્રમણની સિદ્ધિ આ ત્રણેમાં થઈ શકતી નથી, કારણ કે મૂળ માન્યતા જ અશુદ્ધ છે. હકીકતમાં આત્મા છે, તે દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે; શરીરવ્યાપી છે, એક શરીરનો ત્યાગ કરી નવું શરીર ધારણ કરીને જન્મ-મરણ કરે છે.

**(૩) વિનયવાદ–** એકાંત વિનયવાદ પણ દૂષિત છે, કારણ કે તેઓ જ્ઞાન ક્રિયાનો નિષેધ કરીને ગુણી-અવગુણી, પાપી-ધર્મી સર્વને એક સરખા ગણે છે. વાસ્તવમાં આ વિનયધર્મ નહિ, અવિવેક ધર્મ છે. જેમાં કોઈ પ્રકારનું વિવેક-જ્ઞાન કે વિવેક વ્યવહાર નથી. આ મતવાળા વાસ્તવમાં અજ્ઞાની છે, અવિવેકી છે. તેના કારણે ધર્મના મૂળ વિનય જેવા ગુણના આલંબનથી પણ મોક્ષમાર્ગથી અને મુક્તિથી દૂર જાય છે. જેનું કારણ એ છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ-રૂપ મોક્ષમાર્ગની ઉપેક્ષા કરવી એ જ તેઓનો મૂળ મંત્ર છે.

આ માન્યતાવાળા એમ માને છે કે બધાનો વિનય કરવા માત્રથી જ મુક્તિ થઈ જશે. એનો હેતુ એ છે કે અહંનો નાશ થઈ જવાથી અને આત્મામાં પૂર્ણ નમ્રતા આવી જવાથી તે આત્માની જલ્દી મુક્તિ થઈ જાય છે પરંતુ આ તેનો એકાંતવાદ છે. નમ્રતા સારી ચીજ છે પરંતુ એકલા કોઈ ગુણથી મુક્તિ કહેવી યોગ્ય નથી. એકલા ઘી થી શીરો કદાપિ બની શકતો નથી. તે જ પ્રમાણે એકલા વિનયથી મુક્તિ માનવી ભ્રમ છે, ખોટું છે. તેની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પણ જોઈએ. ત્યારે જ મોક્ષની વિવેકપૂર્ણ સાધના થઈ શકે છે. આ મતવાળા ગધેડા, કૂતરા, પશુ, પક્ષી, અધમ, ઉત્તમ; સૌ સામે મળવા-વાળાને નમસ્કાર કરવાનો પોતાનો સિદ્ધાંત માને છે અને તેનાથી મોક્ષ પ્રાપ્ત કરવાનો સંતોષ લે છે.

**(૪) અજ્ઞાનવાદ–** આ મતવાળાઓની એવી સમજ છે કે જ્ઞાનથી અનેક વિવાદ ઉત્પન્ન થાય છે. વિભિન્નતાઓ પણ જ્ઞાનવાળાઓમાં જોવા મળે છે. આત્મા અને લોકના વિષયમાં ભિન્ન-ભિન્ન માન્યતાઓ જ્ઞાનના કારણે જ

હોય છે. તેથી શાંતિનું સ્થાન અજ્ઞાન છે અને શાંતિ જ મુક્તિની નિશાની છે.

વાસ્તવમાં અજ્ઞાનવાદીઓને કોઇ સિદ્ધાંત નથી હોઇ શકતા, કારણ કે સિદ્ધાંત તો સ્વયં જ્ઞાન સ્વરૂપ હોય છે. ઉપદેશ આપવો કે કોઇને સમજાવવું અથવા ચર્ચા કરવી વગેરે પણ જ્ઞાનના માધ્યમથી થાય છે. અજ્ઞાનવાદીઓએ વાસ્તવમાં ભણવું, લખવું, બોલવું, સમજવું, સમજાવવું, ઉપદેશ દેવો, ચર્ચા કરવી, પોતાના મતનું સ્થાપન કરવું અને અન્યના મતનું ઉત્થાપન કરવું વગેરે કંઇ પણ કરવાનું નથી હોતું. જ્યારે આ અજ્ઞાનવાદી ઉક્ત બધી પ્રવૃત્તિઓ કરે છે. આ રીતે સ્પષ્ટપણે તેઓના મતમાં વચનવિરોધ હોય છે. જ્ઞાનનો ઉપયોગ ડગલે ને પગલે કરવો જ પડે છે, છતાં પણ જ્ઞાનની ઉપેક્ષા દેખાડવી અને અજ્ઞાનનો દાવો કરવો એ તેમનું દુઃસાહસ માત્ર છે.

સાચા અર્થમાં અજ્ઞાનવાદી તે છે કે જે આંખ અને મોઢું વગેરે બધું બંધ કરીને કાળી અંધારી ઓરડીમાં એકલા બેસીને માત્ર સંલેખના-સંથારાની સાધના કરે. એ સિવાય કોઇ વ્યક્તિને કંઇ પણ કહેવું, સમજાવવું કે ચર્ચા કરવી એ જ્ઞાનનો ઉપયોગ કરવા સમાન છે. તેથી એ બધું તેના અજ્ઞાનવાદનું અપમાન છે. આમ અજ્ઞાનવાદીઓની કથની અને કરણીમાં જ વિરોધ આવે છે. એવા સિદ્ધાંતથી ભોળા જીવોનું કલ્યાણને બદલે કર્મબંધ અને સંસારવૃદ્ધિ થવાની અધિક સંભાવના છે. કહ્યું છે કે– **अण्णाणी किं काही, किं वा णाहिइ सेयपावग ॥दशवै.।४॥** કોઇપણ ક્ષેત્રમાં અજ્ઞાની હિતાહિતનો વિવેક કરી શકતા નથી. માટે જ્ઞાનપૂર્વક સચ્ચારિત્ર દ્વારા મુક્તિની આરાધના કરવી એ જ નિરાબાધ માર્ગ છે, જે સર્વજ્ઞ, સર્વદર્શી મહાપુરુષો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

**પ્ર.૪ : સર્વજ્ઞ સર્વદર્શીનો કયો વાદ છે ?**

**જવાબ :** ઉક્ત ચારે ય સમવસરણ એકાંતવાદની અપેક્ષાએ કહેલ છે. સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકર પ્રભુનો મોક્ષમાર્ગ જ્ઞાન અને ક્રિયાના સુમેળવાળો સિદ્ધાંત છે. એકાંતના આગ્રહમાં પ્રભુનો સિદ્ધાંત નથી. જેમ લોટ, પાણી, સાકર અને ઘીના સુમેળથી શીરો બને છે, તે જ પ્રમાણે પ્રભુ દ્વારા નિર્દિષ્ટ મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ એ ચારેયનો સમાદર છે, સુમેળ યુક્ત સાધના છે. આમ તો અપેક્ષાથી પ્રભુનો અનેકાંગી સિદ્ધાંત ક્રિયાવાદીના રૂપમાં પરિચય પામે છે પરંતુ તે અહીં નિર્દિષ્ટ એકાંગી ક્રિયાવાદી રૂપ નથી. ભગવતી સૂત્ર શતક–૩૦માં ચાર સમવસરણના ભેદથી તત્ત્વજ્ઞાન સંબંધી વિસ્તાર છે. ત્યાં સર્વજ્ઞ પ્રભુના સિદ્ધાંતને ક્રિયાવાદીના નામથી સૂચિત કરવામાં આવેલ છે અને એકાંતવાદી ત્યાં ત્રણ ભેદમાં જ સમાવિષ્ટ કર્યા છે. જેનાથી તીર્થંકર પ્રભુનો





માર્ગ ક્રિયાવાદી સમવસરણમાં અપેક્ષા વિશેષથી ગણાવાય છે. તે અપેક્ષા અનેકાંત દર્શનરૂપ અને એકાંત આગ્રહના અભાવ રૂપે છે.

**પ્ર.૫ : દુનિયામાં મતમતાંતર કેટલા હોય છે ?**

**જવાબ :** જુદા-જુદા સમયે તેની સંખ્યા ઘટતી વધતી રહે છે. તેને કોઇ એક સંખ્યામાં બાંધવું એ સત્યથી વેગળું થઇ જાય છે. માત્ર અપેક્ષા અને વિવક્ષાથી જ તે સંખ્યાનો સુમેળ કરવો પડે છે. વાસ્તવમાં મતમતાંતર સમય-સમયના માનવોના સ્વતંત્ર ચિંતન પર નિર્ભર રહે છે. એક-એક મુખ્ય મત પણ દુનિયામાં ઘણા છે અને તેમાં પણ અનેક બુદ્ધિવાદી ચિંતકોના નવા નવા મતમતાંતર થતાં રહે છે.

આ અધ્યયનમાં ક્રિયાવાદી આદિ ચાર મુખ્ય ભેદોનું વર્ણન છે અને વ્યાખ્યાકારોએ આ ચારના ૩૬૩ કુલ ભેદ કર્યા છે. ચિંતન કરીને એ ભેદોને સમજતાં દુનિયાના સર્વ મતમતાંતરોનો એમાં સમાવેશ થઇ શકતો નથી. છતાં પણ એક સીમામાં રહીને કોઇ પણ પ્રકારે ૩૬૩ ભેદમાં બધા મતોનો સમાવેશ થઇ જાય છે, એમ માની લેવામાં આવે છે. આવી કથન પરંપરા પણ બહુ પ્રચારમાં છે, જેના કારણે લોકમાં ૩૬૩ પાખંડ મત કહેવાય છે. વાસ્તવમાં ઉપર નિર્દિષ્ટ ૪ સમવસરણના ભેદ પ્રભેદરૂપ ૩૬૩ પ્રકાર જે છે તેને ૩૬૩ પાખંડની સંજ્ઞા આપવી તે ફરી વિચારણા કરવા યોગ્ય છે, કારણ કે ઈશ્વર કર્તૃત્વવાદી, નિયતિવાદી આદિ અનેકવાદ દુનિયામાં છે જેનો આ ૩૬૩ ભેદોમાં સમાવેશ થઇ શકતો નથી. તેમજ વર્તમાનમાં થયેલ દાદાભગવાન, સોનગઢી, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેના પંથોને પણ આ ભેદોમાં સમજાવવા કઠિન છે. માટે વ્યાખ્યાકારોએ ચાર સમવસરણના જે ૩૬૩ ભેદ કહ્યા છે તેને તે રૂપમાં એટલે કે ભેદ-પ્રભેદ રૂપે સમજી શકાય છે. સાથે જ અન્ય અનેક મતમતાંતરોના રૂપ હોઇ શકે છે, એ પણ સ્વીકારવું જોઇએ.

**પ્ર.૬ : આ અધ્યયનના અંતે ઉપસંહારમાં શું કહ્યું છે ?**

**જવાબ :** અંતિમ ગાથાઓમાં સંસારથી મુક્ત થવાની સૂચના કરવામાં આવી છે, તે આ પ્રમાણે છે– (૧) મોક્ષાર્થી સાધક નાના-મોટા સર્વ પ્રાણીઓનું જ્ઞાન મેળવી તેને આત્મવત્ સમજી બોધ પ્રાપ્ત કરે અને અપ્રમત્ત ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરે. (૨) જે પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ સાચા જ્ઞાની છે, જે વિચારપૂર્વક સત્યધર્મ પ્રકટ કરે છે, તેની પાસે પોતાનું જીવન સમર્પિત કરવું અને રહેવું જોઇએ. (૩) જે આત્મા, લોક, આગતિ, ગતિ, શાશ્વત, અશાશ્વત, જન્મ, મરણ, ચ્યવન, ઉત્પાત, ઉદ્વર્તન, આશ્રવ, સંવર, નિર્જરા અને દુઃખને જાણે છે એટલે એ તત્ત્વોને જે સારી રીતે સમજેલ છે તે જ

વાસ્તવમાં મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન કરી શકે છે. (૪) કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપદેષ્ટા અને ગુરુનું વિવેકપૂર્વક પરીક્ષણ કરીને જ તેને સમર્પિત થવું જોઈએ. વિવેક રાખ્યા વિના દરેકનો ઉપદેશ સ્વીકારવો કે તેના ચક્કરમાં આવવું અથવા દરેકનો ગુરુરૂપમાં સ્વીકાર કરી લેવો, એ પોતાના જીવનની સફળતાને માટે ઉચિત નથી. આ જ કારણે અહીં મતમતાંતરવાદીઓનો પ્રસંગ હોવાથી મોક્ષાર્થી વ્યક્તિ ક્યાંય ખોટી જગ્યાએ ફસાઈ ન જાય તે માટે સાચા ઉપદેષ્ટા અને સાચા ગુરુ વિષે થોડુંક માર્ગદર્શન આ ગાથાઓમાં સંકેતરૂપમાં કરવામાં આવેલ છે. અંતમાં સાધકને કહ્યું છે કે (૫) હે આત્મસાધક ! પૂર્ણ સત્ય ઉપદેશ અને સાચા ગુરુ સ્વીકાર્યા પછી પણ શબ્દાદિ વિષયો પ્રત્યે આસક્તિ કે રાગ-દ્વેષની વૃત્તિનો ત્યાગ કરો, જીવનમરણની આકાંક્ષાથી મુક્ત બનો, સંયમને પુષ્ટ કરો, અસંયમને દૂર કરો એટલે કે ઈન્દ્રિયોનું ગોપન કરી સંસાર ચક્રથી મુક્ત બનો.

આચારાંગ સૂત્રમાં ઈન્દ્રિય વિષયોને જ સંસાર આવર્ત કહેલ છે, યથા– **जे गुणे से आवट्टे जे आवट्टे से गुणे** ॥ અહીં શબ્દાદિ ઈન્દ્રિય વિષયોને ગુણ શબ્દથી કહેલ છે અને તેને સંસાર આવર્ત કહેલ છે. માટે મોક્ષાર્થી સંયમ સાધકે ઈન્દ્રિય વિષયોથી વિરક્ત અને સાવધાન રહેવું જરૂરી છે. આ જ સૂચન શાસ્ત્રકારે આ અધ્યયનની અંતિમ ગાથામાં કર્યું છે.

## અધ્યયન–૧૩ : યથાતથ્ય

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **યથાતથ્ય** છે. આ અધ્યયનમાં સુસાધુનું એટલે કે સુશીલ સાધુનું યથાર્થ–યથાતથ્ય–સાચું, સચોટ વર્ણન કરવામાં આવ્યું છે. તેથી અધ્યયનનું 'યથાતથ્ય' નામ સાર્થક છે.

આ અધ્યયનના શરૂઆતમાં **આહત્તહીયં** પદ છે, જેનો સંસ્કૃત શબ્દ **યથાતથ્ય** બને છે. તે કારણે પણ એટલે કે આદિપદ અનુસાર પણ આ અધ્યયનનું નામ **યથાતથ્ય** ઉપયુક્ત છે.

આ અધ્યયનના પ્રારંભમાં દીક્ષિત સાધુઓની કુશીલતા અને સુશીલતાનું વર્ણન છે. તદનંતર સુશીલ સાધુના ઉન્નત ગુણોનું કથન કરતાં તે ગુણોનાં મહત્ત્વને નષ્ટ કરનારા અવગુણોનું કથન કર્યું છે. સાથે જ ઉન્નત ગુણોથી સુસાધુનો વિકાસ





બતાવવામાં આવ્યો છે. અંતમાં સાધુને **યથાતથ્ય** ઉપદેશ આપવાનો વિવેક બતાવીને, **યથાતથ્ય** આચરણથી સંસાર મુક્ત થવાનો સંદેશ આપેલ છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં સુસાધુના યથાતથ્ય ગુણો કેમ દર્શાવ્યા છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં સુસાધુનું યથાતથ્ય વર્ણન આ પ્રમાણે છે– (૧) સુસાધુ પોતાના ગુરુના સાંનિધ્યમાં રહીને તેના આદેશ અનુસાર તેમજ શાસ્ત્ર આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરે છે. (૨) તે લજ્જાશીલ હોય છે અર્થાત્ સુસાધુ અનાચાર સેવન કરવામાં ગુરુ આદિથી લજ્જિત થાય છે. (૩) શ્રદ્ધાશીલ–તે એક મોક્ષ-માર્ગમાં દૃષ્ટિ રાખનારા હોય છે. (૪) તેઓ માયારહિત વ્યવહારવાળા, (૫) આચાર્યાદિથી અનુશાસિત થવા પર ચિત્તવૃત્તિને શુદ્ધ રાખનારા, (૬) મૃદુભાષી અને વિનયાદિ ગુણસંપન્ન, (૭) સૂક્ષ્માર્થદર્શી તથા તપ-સંયમમાં પુરુષાર્થી હોય છે, (૮) સાધ્વાચારમાં સહેજ ભાવે પ્રવૃત્તિ કરનાર હોય છે, નિંદા-પ્રશંસામાં સમ રહે છે, (૯) અકષાયી અને વીતરાગ સમાન અઝંઝાપ્રાપ્ત એટલે સહજ શાંત રહે છે. (૧૦) પોતાની જાતિ કે ગોત્ર આદિનો મદ ક્યારે ય કરતા નથી.

**પ્ર.૩ : આ અધ્યયનમાં કુશીલ સાધુના અવગુણોનું યથાર્થ નિરૂપણ કઈ રીતે કર્યું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ગાથા– ૨ થી ૧૧ સુધીમાં સાધુની કુશીલ પ્રવૃત્તિઓનું વર્ણન છે. તે પ્રવૃત્તિઓ આ પ્રકારની છે– (૧) કુશીલ સાધક સંયમ સ્વીકાર કરીને તીર્થંકર કથિત સમાધિ–આચારસમાધિને પ્રાપ્ત કરતા નથી. (૨) તેવા સાધકો ઉપકારી કે અનુશાસ્તાની નિંદા કરે, (૩) આગમ સંમત વ્યાખ્યાથી અને પરંપરાથી વિપરીત સ્વમતિએ પ્રરૂપણા કરે, (૪) વીતરાગ પ્રભુના જ્ઞાનમાં કુશંકા કરે, (૫) કોઈના પૂછવા પર પોતાના કુશીલ આચારને છુપાવે છે, જેથી મોક્ષફળથી પોતાને વંચિત કરે છે.

(૬) વાસ્તવમાં તેઓ અસાધુ હોવા છતાં પણ પોતાને સાધુ માને છે, (૭) માયાપૂર્વક મિથ્યા ભાષણ કરે છે, (૮) પ્રકૃતિના ક્રોધી હોય છે, (૯) સમજ્યા વિચાર્યા વિના બોલે છે, પરદોષભાષી હોય છે, (૧૦) ઉપશાંત ક્લેશને ઉભરાવે છે, (૧૧) સદા અશાંત અને કલહગ્રસ્ત રહે છે, (૧૨) લોકોમાં ભેદ જન્માવે છે, (૧૩) અન્યાયકારી ભાષા બોલે છે અથવા કોઈ વિષયમાં ન જાણવા છતાં પણ અસંગત કથન કરે છે, (૧૪) સમભાવ અને શાંતિથી દૂર રહે છે, (૧૫) પોતે પોતાને મહાજ્ઞાની, સુસંયમી, મહાતપસ્વી માને છે, (૧૬) પોતાની શક્તિનો વિચાર કર્યા વિના કોઈની સાથે વાદવિવાદ કરે છે, (૧૭) પોતાના ગુણોના ઘમંડમાં અન્ય સાધકોને કંઈ જ સમજતા નથી અર્થાત્ તુચ્છ સમજે છે, (૧૮) માન-સન્માન મેળવીને પોતાનો ઉત્કર્ષ કરે છે અથવા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર

આદિ ગુણોની બડાઈ કરે છે, ડિંગ મારે છે. (૧૯) દીક્ષા લઈને ભિક્ષાજીવી કે પરદત્તભોજી થવા છતાં પણ માનમાં ભરાઈને પોતાના ગુણોના નામથી અક્કડ બને છે. (૨૦) સાધુ હોવા છતાં પણ ગૃહસ્થાચારનું એટલે સાવદ્ય અનુષ્ઠાનનું સેવન કરે છે.

આ દૂષિત આચરણવાળા સાધુ પગદંડીને પકડનાર અંધવ્યક્તિની સમાન દુઃખી, પરેશાન થાય છે, અનંત જન્મમરણ વધારે છે. મોહમૂઢ થઈને કોઈ નરકમાં જાય છે. તેઓ સંયમમાં, સાધુતામાં નથી રહેતા. તેવા સાધક પોતાનું ગમે તેટલું અભિમાન કે પ્રશંસા કરે તોપણ તેના જાતિ, ગોત્ર કે માની લીધેલા ગુણો તેને તારનારા થઈ શકતા નથી. તેમણે એમ સમજવું જોઈએ કે સમ્યક શાસ્ત્રજ્ઞાન અને સમ્યક સંયમાચાર સિવાય આ આત્માને કોઈ તારનાર નથી. તેઓ મોક્ષ પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકતા નથી. ઉક્ત ગાથાઓમાં કુશીલના દોષ નિરૂપણની સાથે તેનું આ પરિણામ પણ બતાવ્યું છે.

**પ્ર.૪ : આ અધ્યયનમાં ઉચ્ચકોટિના સાધક કોને કહેલ છે ?**

**જવાબ :** જે સાધુ (૧) પ્રજ્ઞામદ (૨) તપ મદ (૩) ગોત્ર મદ (૪) લાભ મદને મનમાંથી કાઢી નાખે છે તે ઉચ્ચકોટિના મહાત્મા છે. જેઓ સંસારનું કારણ સમજીને તે સર્વ મદોથી આત્માને પૃથક્–અલગ કરી દે છે, જરાપણ મદનું સેવન કરતા નથી, તેઓ ઉચ્ચકોટિના મહર્ષિ છે અને ગોત્રકર્મ રહિત ગતિને એટલે મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. જે સદા પ્રસન્નચિત્ત રહે છે, ધર્મ અને સંયમ ધર્મના સ્વરૂપને સારી રીતે સમજે છે, ગામ-નગરોમાં વિચરણ કરતાં એષણીય-અનેષણીય પદાર્થોનો વિવેક રાખે છે, આહાર-પાણી વગેરે પદાર્થોમાં આશક્તિ-ભાવ સેવતા નથી; તે ધર્મવિજ્ઞ પ્રશસ્ત લેશ્યા સંપન્ન સાધુ છે.

સામાન્ય શ્રમણ પણ આ સર્વ ગુણોને ધારણ કરવાથી ઉચ્ચકોટિના મહાત્મા બની જાય છે, એમ શીલાંકાચાર્યએ વ્યાખ્યામાં સ્પષ્ટ કર્યું છે. આ રીતે ગાથા ૧૫,૧૬,૧૭માં આ ભાવો કહ્યા છે.

**પ્ર.૫ : ઉચ્ચગુણો પર પાણી ફેરવી દેનારા અવગુણ આ અધ્યયનમાં કઈ રીતે દર્શાવ્યા છે ?**

**જવાબ :** એક શ્રમણ સર્વથા અકિંચન છે, ભિક્ષા દ્વારા નિર્વાહ કરે છે, તેમાં પણ લૂખોસૂકો આહાર પ્રાપ્ત કરીને પ્રાણ ધારણ કરે છે, એટલા આચારવાન હોવા છતાં પણ જો તે પોતાની ઋદ્ધિ–લબ્ધિ અને ભક્તોની ભીડ કે ઠાઠમાઠનો તેમજ પોતાના શરીરનો ગર્વ કરે છે, પોતાની પ્રશંસા અને પ્રસિદ્ધિની આકાંક્ષા કરે છે, તો તે જન્મ-મરણની વૃદ્ધિ જ કરે છે.

એક શ્રમણ ભાષાવિદ છે, હિત-મિત-પ્રિય ભાષણ કરે છે, પ્રતિભા





સંપન્ન છે, શાસ્ત્ર જ્ઞાનમાં નિપુણ–વિશારદ છે, પ્રજ્ઞાવાન–બુદ્ધિશાળી છે અને ધર્મ ભાવનાથી તેનું હૃદય સારી રીતે ભાવિત છે, તેમ છતાં જો તે ક્યારે ય અહંભાવમાં આવીને બીજાનો તિરસ્કાર કરે છે, બીજાની નિંદા કરે છે, તેને ખીજાય છે, પોતાના લાભના મદમાં કે સ્વાર્થમાં બીજાની હીલના-હાંસી કરે છે; તો તે ગુણવાન હોવા છતાં પણ મૂર્ખની કોટિમાં આવી જાય છે.

આવી તુચ્છ પ્રકૃતિના સાધક પોતાની પ્રજ્ઞાના મદમાં બધા ગુણો પર પાણી ફેરવી દે છે. તેના આ લોક પરલોક બંને બગડે છે એટલે કે તેઓ અહીં પણ નિંદા પામે છે અને પરલોકના વિરાધક બને છે.

**પ્ર.૬ : મુનિને ઉપદેશ આપવા માટે આ અધ્યયનમાં શું નિર્દેશ કરવામાં આવ્યો છે ?**

**જવાબ :** સુસાધુ દ્વારા મુનિધર્મની મર્યાદામાં અબાધક, યથાતથ્ય ધર્મોપદેશ આપવાનો કે ધર્મયુક્ત માર્ગદર્શન આપવાનો આ અધ્યયનમાં સંકેત કરેલ છે, તે આ પ્રમાણે છે– (૧) મુનિ સ્વયં સદા ધર્મમાં રતિભાવ અને સંસાર પ્રત્યે અરતિભાવમાં સફળ રહે, ભલે તે એકલો હોય કે સમૂહની સાથે હોય. તે એવું જ કથન કરે જે મુનિધર્મથી અને આગમથી અવિરુદ્ધ હોય, સુસંગત હોય. (૨) સુસાધુ લોકોને ધર્મનું મહત્ત્વ બતાવીને આ પ્રમાણે સમજાવે કે જીવ એકલો જ કર્મ કરે છે, એકલો જ ફળ ભોગવે છે, જન્મે પણ એકલો છે અને મરીને પરભવમાં પણ એકલો જ જાય છે, ધર્મ સિવાય તેનો કોઈ મિત્ર કે સહાયક નથી. (૩) કર્મબંધના કારણ મિથ્યાત્વ, અવ્રત આદિનું; કર્મબંધથી મુક્તિ રૂપ મોક્ષ અને તેના ઉપાયરૂપ સમ્યગ્દર્શન, સંયમ આદિનું યથાર્થ સ્વરૂપ, ગુરુ–આચાર્ય પાસેથી જાણીને જનહિતકારક ધર્મોપદેશ દે. (૪) નિંદિત-ગર્હિત કાર્ય, સપ્ત વ્યસન વગેરે અથવા અન્યાય, અનીતિ, શાસ્ત્ર વિપરીત પ્રરૂપણા વગેરે ન કરીને જીવનમાં સદાચરણ અપનાવવાનો ઉપદેશ કરે અને એ પણ સમજાવે કે સદાચરણ–ધર્માચરણથી પરભવ સંબંધી ફળની ઈચ્છા-સંકલ્પ-નિદાન પણ કદાપિ ન કરવું. એક માત્ર મુક્તિના લક્ષથી ધર્માચરણ કરવા કરાવવાનો ઉપદેશ દેવો જોઈએ. સાર એ છે કે અકરણીય કાર્યો ન કરવાનો અને કરણીય કાર્યોમાં શુદ્ધ લક્ષ રાખવાનો ઉપદેશ દે. (૫) શ્રોતાના અભિપ્રાય, પ્રકૃતિ,પદ, સત્તાનો તેમજ તેના શ્રદ્ધેય દેવ-ગુરુનો અને પોતાની ક્ષમતા-શક્તિ વગેરેનો વિચાર કરીને વિવેકપૂર્વક ગંભીરતાયુક્ત, ભાષાની સાલીનતાથી ઉપદેશ આપે.

ભાષા કે ભાવોનો અવિવેક થઈ જવાથી અથવા શ્રોતાની માનહાનિ આદિ થઈ જવાના કારણે કેટલા ય પ્રકારની આપત્તિ, વિવાદ, વૈમનસ્ય ઉત્પન્ન

થઈ શકે છે; સાધુને માટે આક્રોશ કે વધપરીષહની સ્થિતિ પણ ઉત્પન્ન થઈ શકે છે; ક્યારેક ઉપદેષ્ટાનો તિરસ્કાર, નિષ્કાસન પણ કરવામાં આવી શકે છે. માટે પરિષદનો પૂર્ણ અનુભવ ધ્યાનમાં રાખીને વિવેક અને ભાવશુદ્ધિની સાથે ઉપદેશ આપવો તેમજ કોઈનું અહિત ન થાય તે પ્રકારે ઉપદેશ દેવો જોઈએ. (૬) ચતુરાઈપૂર્વક શ્રોતા અને પરિષદના મિથ્યાત્વ, અવ્રત, કષાય વગેરે દૂર થાય; તેઓનો આત્મા ધર્મમાં અભિવૃદ્ધિ કરે, તે પ્રમાણે ઉપદેશ આપવો. સ્ત્રી સંબંધી અથવા શબ્દ, રૂપ આદિ સર્વ ઈંદ્રિય વિષયોથી શ્રોતાને વિરક્તિ જન્મે તે પ્રમાણે ઉપદેશ આપવો. સુંદર દેખાતા સ્ત્રીરૂપ વગેરે અને મધુર મનોજ્ઞ લાગતા વિષયભોગ તથા એશોઆરામ વગેરે આ બધા કિંપાકફળ સમાન મધુર લાગે છે પરંતુ પરિણામ તેનું દુર્ગતિદાયક હોય છે; આ પ્રકારનું જ્ઞાન શ્રોતાના આત્મામાં સ્થિર થાય, તે રીતે યુક્તિપૂર્વક ઉપદેશ આપવો જોઈએ. જેનાથી શ્રોતા સંસારથી વિરક્ત થઈને મુનિધર્મ સ્વીકાર કરે અથવા તો ગૃહસ્થ જીવનમાં પણ આસક્તિ ઘટાડીને વ્રત-પ્રત્યાખ્યાનમય જીવન જીવે. (૭) સાધુ પોતાની પૂજા, પ્રતિષ્ઠા, સન્માન, યશ, કીર્તિ વગેરે પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી ઉપદેશ ન આપે પરંતુ ગુરુ આજ્ઞાથી, સ્વાધ્યાય હેતુથી અને ધર્મપ્રેમી જનતાના હિત અર્થે ધર્મોપદેશ આપે તથા જિનશાસનની પ્રભાવનાને માટે, ધર્મ પ્રચાર હેતુ ઉપદેશ આપે. પોતાની સંયમ મર્યાદામાં રહીને છકાય જીવોની રક્ષા–દયા યુક્ત ઉપદેશ કરે, કોઈ પણ જીવને અહિતકારી ઉપદેશ ન કરે. (૮) ઉપદેશ કોઈ સાંભળે કે ન સાંભળે, આચરણ કરે કે ન કરે, તોપણ કોઈના ઉપર રાજી-નારાજી, અસદ્વ્યવહાર, અસંતોષનો ભાવ ન રાખે અને અસંતોષભાવ પ્રકટ પણ ન કરે પરંતુ પોતાના સામર્થ્ય–પ્રભાવ અનુસાર ધર્મોપદેશના માધ્યમથી યથાવસર પ્રયત્ન કરતા જ રહે કે જેથી જીવો ધર્મને સમજે, વ્રતી-મહાવ્રતી બને. આ પ્રકારના શ્રેષ્ઠ લક્ષ્ય રાખવા છતાં પણ કોઈને અપ્રિય, અમનોજ્ઞ અને અપમાનજનક કંઈ પણ ન કહે. (૯) કોઈનું અનિષ્ટ પણ ન કરે. નિંદા-વિકથા ન કરે અને શાસ્ત્રમાં દર્શાવેલ વિવિધ વિકથાઓની ચર્ચા ઉપદેશના માધ્યમથી ન કરે. સાવદ્ય–હિંસાકારી, આરંભજનક પ્રવૃત્તિઓની પ્રેરણા કે ઉપદેશ પણ ન કરે. શ્રોતાના દેવ, ગુરુ કે રુચિ વગેરેની કટુ શબ્દોમાં આલોચના, નિંદા કે મિથ્યા આક્ષેપ વગેરે યુક્ત ધર્મકથા ન કરે. (૧૦) ઉપરોક્ત સર્વ અનર્થકારી અસદ્ ઉપદેશોનો ત્યાગ કરી, વિવેક જ્ઞાનને ધારણ કરી, મુનિ સ્વયં શાંત, અનાકુલ અને કષાય રહિત બનીને ઉપદેશ કરે.





# અધ્યયન–૧૪ : ગ્રંથ

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનની પ્રથમ ગાથામાં આદિપદ–પ્રથમપદ 'ગ્રંથ' છે. આ આદિપદ ઉપરથી આ અધ્યયનનું નામ **ગ્રંથ** રાખવામાં આવ્યું છે. આ અધ્યયનનો સંપૂર્ણ વિષય પણ નિર્ગ્રંથને માટે છે કે નવદીક્ષિત નિર્ગ્રંથ મુનિ ગુરુના સાંનિધ્યમાં રહીને પોતાનો સર્વાંગીણ વિકાસ કરે. શ્રુત અધ્યયનમાં, શ્રદ્ધામાં, આચારમાં અને તપસ્યા-ધ્યાન વગેરેમાં અભ્યાસપૂર્વક પ્રગતિ કરે. અસંયમ, કર્મબંધ, મિથ્યાત્વ આદિ ગ્રંથિઓથી દૂર રહે. સંયમ અને મુક્તિની પૂર્ણ પાત્રતા પ્રાપ્ત કરે. ગુરુ અથવા અન્ય હિતૈષીઓ દ્વારા આપવામાં આવતી શિક્ષાનો સ્વીકાર કરવાની નમ્રતા, વિનયશીલતા, નિરભિમાનતા રાખે.

વચનયોગ અને પ્રવચન કુશળતા સંબંધી સદ્પ્રેરણા, શિક્ષાવચન પણ આ અધ્યયનમાં છે. આ પ્રમાણે સંસાર અને પરિગ્રહ રૂપ ગ્રંથિનો ત્યાગ કરી નિર્ગ્રંથ થનારા નવદીક્ષિતને સાચા નિર્ગ્રંથ અને મોક્ષ આરાધક બનવાનું માર્ગ-દર્શન છે. સાથે જ પોતાને તરવા માટેનું તથા અન્યોને તરવા યોગ્ય બનાવવાનું પણ માર્ગદર્શન છે. આ રીતે આ અધ્યયનનું **'ગ્રંથ'** એ નામ સાર્થક પણ છે અને આદિપદની પ્રમુખતાવાળું પણ છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં ગુરુકુળવાસની મહત્તા કેવી રીતે બતાવી છે ?**

**જવાબ :** (૧) નવદીક્ષિત શ્રમણ ગુરુ સાંનિધ્યમાં રહેવાથી વિનયની શિક્ષામાં અને વિનયશીલ આચરણોમાં અભ્યસ્ત બને છે. ગુરુની વિનયભક્તિ કરવાનો તેને અપૂર્વ અવસર પ્રાપ્ત થાય છે. (૨) જ્ઞાન અને ચારિત્ર બંને પ્રકારની શિક્ષાઓ પ્રાપ્ત કરે છે, (૩) પ્રત્યેક પ્રવૃત્તિમાં ગુરુ આજ્ઞાને પ્રાધાન્ય આપવાનો અભ્યાસ થાય છે, (૪) સમિતિ, ગુપ્તિ, આસન, શયન વગેરેમાં યોગ્ય સંસ્કાર પ્રાપ્ત થાય છે, સદા અપ્રમત્ત રહેવાની પ્રેરણા મળે છે.

(૫) પક્ષીનું બચ્ચું પરિપક્વ થયા પહેલાં અર્થાત્ પાંખ આવે તે પહેલાં પોતાના સ્થાનને છોડતું નથી, ઊડીને અહીં-તહીં જવું તેના માટે હિતાવહ થતું નથી; કારણ કે તેમ કરતાં અન્ય પશુપક્ષી તેનું જીવન નષ્ટ કરી દે. તે જ પ્રમાણે નવદીક્ષિત શિષ્ય પોતાના મોક્ષ સાધક જ્ઞાનમાં, શ્રદ્ધામાં તથા સંયમ-આચારમાં પરિપક્વ, અભ્યસ્ત ન થઈ જાય, ત્યાં સુધી તેમણે ગુરુ સાંનિધ્યમાં રહીને જ સુરક્ષિત રહેવું જોઈએ. સ્વતંત્ર વિચરણ કે સ્વચ્છંદ વિચરણ તેના સંયમને માટે હિતાવહ નથી. તે પોતાના શુદ્ધ શ્રદ્ધા, સંયમના વિચારોને સુરક્ષિત રાખી શકતા

નથી એટલે કે તે અન્ય વિચારકોની વિચારણામાં ખેંચાઈ શકે છે, અન્યતીર્થિક તેને માર્ગભ્રષ્ટ કરી શકે છે. તેથી ગુરુ સાંનિધ્ય જ નવદીક્ષિત શિષ્યને માટે પૂર્ણ સુરક્ષા અને વિકાસનું માધ્યમ છે. (૬) ગુરુકુળવાસ ન કરનારા સત્યજ્ઞાન અને વિવેકના અભાવમાં સ્વચ્છંદાચારી બનીને આત્મકલ્યાણથી વંચિત રહી જાય છે તથા ગુરુકુળવાસ કરનાર સાધક અનેક પ્રકારના અભ્યાસ અને અનુભવથી દીર્ઘ-દર્શી, અનુભવી અને યથાર્થ ઉપદેશક બની જાય છે. (૭) ગુરુકુળવાસ કરનાર શાસ્ત્રજ્ઞાન અને શ્રુત રહસ્યોને પ્રાપ્ત કરી બહુશ્રુત ગીતાર્થ બની જાય છે. ગુરુકુળ-વાસ નહીં કરનારા આ પ્રકારની ઉપલબ્ધિઓથી વંચિત રહી જાય છે. (૮) માટે દરેક સાધકે અનેક ગુણવર્ધક ગુરુકુળવાસમાં રહીને આત્મસમાધિ કેળવવી જોઈએ. આ પ્રમાણે ગુરુકુળવાસની મહત્તા આ અધ્યયનના પ્રારંભમાં જ દર્શાવવામાં આવી છે.

**પ્ર.૩ : શું ગુરુકુળવાસની મહત્તાનો અર્થ એ છે કે સાધક જીવનભર ગુરુની સાથે જ રહે ?**

**જવાબ :** આ અધ્યયનમાં પક્ષીના બચ્ચાનું દૃષ્ટાંત આપીને નવદીક્ષિત અને અપરિપક્વ સાધુને ગુરુકુળવાસથી પરિપક્વ અને યોગ્ય બનવાની પ્રેરણા કરી છે. ગ્રહણ-આસેવન સર્વ પ્રકારનાં શિક્ષણ અને અભ્યાસ પછી વિદ્વાન મુનિ ગુરુ આજ્ઞાથી સ્વતંત્ર વિચરણ કરીને આત્મકલ્યાણ અને જિનશાસન પ્રભાવના કરી શકે છે. આ અધ્યયનની પ્રારંભની ગાથાઓમાં ગુરુકુળવાસની પ્રેરણાનો અર્થ છે– નવદીક્ષિતે પૂર્ણ પરિપક્વ થાય ત્યાં સુધી ગુરુ સાંનિધ્યમાં રહેવું જોઈએ અને બહુમુખી આત્મસંયમ ગુણોનો વિકાસ કરવો જોઈએ.

ગુરુકુળવાસથી રત્નાધિકનું પણ ગ્રહણ થઈ શકે છે, છતાં પણ ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય વગેરેનું સાંનિધ્ય વધુ હિતાવહ હોય છે.

**પ્ર.૪ : શું પરિપક્વતા પ્રાપ્ત કરીને પછી સાધુ એકલા વિચરણ કરી શકે છે ?**

**જવાબ :** સામાન્ય રૂપથી સંઘયણ બળ કે વિશિષ્ટ ક્ષમતા અભાવે સાધકોની સંયમસાધના સંઘ-સમુદાય અને સહવર્તી સાધુઓની સાથે રહેવાથી જ સુખાવહ અને સુરક્ષાયુક્ત બને છે. જિનશાસનનો આ જ સામાન્ય માર્ગ, ધ્રુવમાર્ગ અને રાજમાર્ગ છે. એકલા રહેવું કે વિચરણ કરવું સામાન્ય માર્ગ કે રાજમાર્ગ નથી. તે એક વિશિષ્ટ માર્ગ અથવા અપવાદ માર્ગ છે.

**(૧) વિશિષ્ટ માર્ગ** તે સાધકોનો હોય છે કે જે અભ્યાસ કરીને ગુરુ આજ્ઞાથી વિશિષ્ટ તપ અને નિર્જરાર્થે એકલવિહાર કરે છે. તે સચેલ, અચેલ, જિનકલ્પી, પડિમાધારી તથા વિવિધ પ્રકારના અભિગ્રહધારી સાધક હોય છે. તેઓ સન્માન





સાથે ગચ્છની આજ્ઞા લઈને એકલવિહાર કરે છે અને સમય મર્યાદા પૂર્ણ થતાં સસન્માન ગચ્છમાં પાછા પણ આવી જાય છે.

**(૨) અપવાદ માર્ગથી** એકલવિહાર કરવાવાળા સાધકોને માટે પણ અનેક આગમોમાં વર્ણન મળે છે પરંતુ એવા સાધક પોતાની **કોઈને કોઈ પ્રકારની ખામી કે અલ્પ પુણ્યાંશોના કારણે અથવા** *(ઉત્તરા. ૨૭માં વર્ણિત સ્થવિર ગણધર ગર્ગાચાર્યની જેમ.)* **કર્મોદયની વિચિત્રતાના કારણે** સહવર્તી સધુઓનો કે ગુરુકુળવાસનો સદાને માટે ત્યાગ કરી દે છે. તે સાધકોની સામે વિવિધ પ્રકારની પરિસ્થિતિઓ ઊભી થાય છે. જેનો શાસ્ત્રમાં સંકેત–ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. છતાં પણ કોઈક શ્રમણો માટે પ્રકૃતિદોષ અને સ્વચ્છંદતા તથા વિચિત્ર કર્મોદયની પ્રધાનતાથી એકાકી રહેવાનું ઘટિત થાય છે. એવા એકાકી સાધકોના સંયમ જીવન અને જીવન-સમાધિ સદા જોખમમાં રહે છે.

જો કે આ પ્રકારના ***અપવાદ માર્ગનો એકલવિહાર અનેક શાસ્ત્રોમાં વર્ણિત છે અને તેને એકાંત આગમ વિ દ્ધ કહેવું એ એક પ્રકારની અશુદ્ધ પ્રરૂપણા છે, તે શુદ્ધ પ્રરૂપણા નથી;*** છતાં પણ આ અપવાદ માર્ગ સાધકો માટે શારીરિક કે માનસિક ક્ષમતાના અભાવમાં તેમજ ક્યારેક ક્ષમતાનું પરિવર્તન થઈ જવા પર અનેક કષ્ટોથી પરિપૂર્ણ છે. આગમમાં જે પણ આ એકલવિહારવાળાઓનું પ્રરૂપણ-નિરૂપણ કે વર્ણન છે તે પણ પોતાના કર્મ સંયોગોથી પરિસ્થિતિઓને પરાધીન આત્માઓની અપેક્ષાએ છે. રાજમાર્ગ તો ગુરુસાંનિધ્ય અને ગુરુઆજ્ઞામાં જ જીવનભર રહેવાનો છે અને તે જ હિતાવહ, સુખાવહ અને સમાધિકારક છે. એથી અહીં વર્ણિત ગુરુકુળવાસનું તાત્પર્ય નવદીક્ષિતે ગુરુ સાંનિધ્યમાં યોગ્યતા પ્રાપ્ત કરવી એ છે; વળી સામાન્ય સાધકોએ જીવનભર ગુરુઆજ્ઞા અને સાધુ સમૂહમાં રહીને સંયમ આરાધન કરવું જ રાજમાર્ગ છે, સુરક્ષાનો માર્ગ છે.

**પ્ર.૫ : અન્ય દ્વારા આપવામાં આવનારી હિતકારી શિખામણનો સ્વીકાર કરવાના સંબંધમાં આ અધ્યયનમાં કેવા પ્રકારનું વર્ણન છે ?**

**જવાબ :** સંયમમાં કોઈ પ્રકારનું સ્ખલન થવા પર નાના, મોટા, સમવયસ્ક કે વડીલ–રત્નાધિક કોઈ પણ સાવધ કરે, શિખામણ આપે, ઠપકો આપે, નરમ શબ્દોમાં કહે કે કડક શબ્દોમાં કહે; સાધુ પોતાના સ્વભાવની સ્થિરતા સાથે તે શિખામણને ગ્રહણ કરી પોતાની ભૂલ સુધારે. ભૂલનો નિર્દેશ કરવાવાળા ગૃહસ્થ હોય કે અન્યતીર્થિક, બાળક હોય કે વૃદ્ધ અથવા દાસ-દાસી કોઈ પણ કેમ ન હોય, વ્યક્તિ અને વ્યક્તિની વચન પદ્ધતિને નહિ જોતાં સાધુએ પોતાની ખામી જોઈ વિચારીને સુધારી લેવી જોઈએ. એવા સમયમાં કોઈ પર ક્રોધ નહિ કરવો જોઈએ અથવા કોઈનો તિરસ્કાર પણ નહિ કરવો જોઈએ તથા કોઈ પ્રત્યે

કડવા વચનથી અણગમો પણ વ્યક્ત ન કરવો, પરંતુ સલાહ-શિક્ષા આપનારના સંકેત-સંદેશનો સ્વીકાર કરી તેને સંતોષ આપવો જોઈએ, તેના નિર્દેશને પોતાને માટે હિતકારક સમજવો જોઈએ.

તે ઉપરાંત સાચું માર્ગદર્શન કે નિર્દેશ કરનારનો ઉપકાર માનવો જોઈએ. જેમ જંગલમાં માર્ગ ભૂલેલ વ્યક્તિ સાચો માર્ગ બતાવનારનો હાર્દિક ઉપકાર માની, તેના પ્રત્યે સન્માન અને આદરભાવ રાખે છે તેમજ સંયમ માર્ગમાં સાવધાન કરનાર પ્રત્યે સાધુએ વિશેષ આદરભાવ રાખવો જોઈએ.

જે સાધક શિક્ષાદાતા પર સમભાવ નહિ રાખતાં વિષમભાવ કરે છે, તેની સાચી શિક્ષાનો સ્વીકાર નહિ કરે છે તો તે પોતાના કર્મોનો અંત કરી શકતો નથી, સંસાર સાગરથી પાર થઈ શકતો નથી.

અત્યંત સરળતા અને નમ્રતા ગુણ ધારણ કરવાથી જ આ સૂત્રોક્ત આજ્ઞાનું પાલન સંભવ છે. અહંભાવ અને અક્કડતાથી વિષમભાવ ઉત્પન્ન થાય છે. ગુરુ સાંનિધ્યનું સારી રીતે સેવન કરવાથી આ પ્રકારના સુસંસ્કાર સહજ પ્રાપ્ત થાય છે.

**પ્ર.૬ : સાધુને અન્ય પણ કયા-કયા ગુણોને ધારણ કરવા અને વિકાસ કરવા માટેની પ્રેરણા આ અધ્યયનમાં શી-શી રીતે આપવામાં આવી છે ?**

**જવાબ :** સંયમ સાધનામાં હિતકારક અને સંયમ ગુણોના વિકાસ માટે અનેક પ્રેરણા વચન આ અધ્યયનમાં છે– (૧) ગમે તેવા વચનો સાંભળે પરંતુ મુનિ તેનાથી આશ્રવ અને કર્મબંધ ન કરે, (૨) ગમે તેવી પરિસ્થિતિ આવે, તેને સંયમ-ભાવથી પાર કરવાનું શીખે. (૩) રાત્રિના અંધકારમાં જેમ માર્ગ નથી દેખાતો અને સૂર્યોદય થતાં જ દેખાવા લાગે છે તે જ પ્રમાણે જિનવચનોના જ્ઞાન વિકાસથી સાધક જ્ઞાની, કોવિદ, પ્રકાંડ વિદ્વાન બની શકે છે. (૪) મુનિ આગમ જ્ઞાનોપદેષ્ટા આચાર્ય આદિની સેવા-ભક્તિ કરે, તેના ઉપદેશોને હૃદયંગમ કરે, (૫) ગુરુ પાસેથી જે કંઈ સાંભળવા અને શીખવા મળેલ છે, હૃદયંગમ કર્યું છે, તે જ પ્રમાણે સંયમમાં સ્થિર બનીને છકાયના રક્ષક બને, કર્મ ક્ષય કરવામાં પ્રયત્નશીલ બને, પ્રમાદ ન કરે.

(૬) પરિષદ, વ્યક્તિ અને પોતાની શક્તિ જોઈને ઉપદેશ આપે, એવો ઉપદેશ આપે કે જેનાથી પોતાના અને અન્યના કર્મોની નિર્જરા થાય, (૭) કોઈના પ્રશ્નનો ઉત્તર આપવામાં પૂર્વાપર અવિરુદ્ધ અને સંગત ઉત્તર આપે, સિદ્ધાંત વિપરીત વ્યાખ્યા ન કરે; કોઈનો પરિહાસ–મશ્કરી ન કરે અને પોતાની શાસ્ત્રજ્ઞતાનો ગર્વ પણ ન કરે, (૮) ધર્મકથા કરીને કોઈ પાસેથી માન-સન્માન, પ્રશંસા અથવા અન્ય કોઈ પણ આકાંક્ષા ન રાખે, (૯) ક્લિષ્ટ કે ગૂઢ વિષયોની વ્યાખ્યા કરતા





સમયે અનેકાંતવાદનો આશ્રય રાખે અથવા એવા વિષયોને નય-નિક્ષેપ આદિથી વિભાજિત કરીને સમજાવે, (૧૦) અલ્પશબ્દોમાં કહી શકાય એવા પ્રકરણને શબ્દાડંબર દ્વારા વિસ્તૃત ન કરે, કિંતુ સંક્ષેપમાં કહેવાથી જે વાત સમજવામાં ન આવી શકે તો તેને વિસ્તારપૂર્વક સમજાવે, (૧૧) આશીર્વચન અથવા સાવદ્યપ્રેરક વચન ન બોલે, (૧૨) હિંસાજનક મંત્રપ્રયોગ કરીને વચન સમિતિ કે સંયમને દૂષિત ન કરે પરંતુ પાપનો વિવેક રાખીને નિર્દોષ ભાષા બોલે, (૧૩) ધર્મોપદેશમાં કોઈને શ્રદ્ધા–સમકિતથી વિચલિત ન કરે, આગમ અર્થને દૂષિત ન કરે, સૂત્રાર્થ ન છુપાવે, (૧૪) શાસ્ત્રોક્ત તપશ્ચર્યાની પ્રેરણા કરે, (૧૫) ઉત્સર્ગ-અપવાદ સંબંધી શાસ્ત્ર વિધાનોને યથાયોગ્ય વિધિથી સ્થાપિત–પ્રતિપાદિત કરે.

આ પ્રકારના બહુમુખી ગુણોને ધારણ કરનારા નિર્ગ્રંથ વાસ્તવમાં કર્મગ્રંથી રહિત થઈને સર્વોત્તમ સમાધિ અને મુક્તિને પ્રાપ્ત કરી શકે છે.

# અધ્યયન–૧૫ : આદાનીય (યમકીય)

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે અને તેનો હેતુ શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **આદાનીય તથા યમકીય** છે. તે બંને નામના બબ્બે કારણ છે.

**યમકીય–** (૧) જમતીત શબ્દથી આ અધ્યયનની પ્રથમ ગાથાનો પ્રારંભ થયો છે. તેથી આદ્યપદની અપેક્ષાએ એનું નામ યમતીત છે. જમતીત અને 'જમઈય' તે બંને આર્ષ-પ્રાકૃત રૂપ છે જેનો મૂળ શબ્દ યમકીય છે. (૨) આ અધ્યયનની ગાથાઓમાં યમક નામના અલંકારનો પ્રયોગ થયો છે તે કારણથી આ અધ્યયનનું નામ **યમકીય** સાર્થક છે.

કુલ ૨૫ ગાથાઓમાંથી ૨૧ ગાથાઓમાં પૂર્વગાથાથી આગળની ગાથામાં શબ્દ સંબંધ હોવાથી યમક અલંકાર બને છે અર્થાત્ પૂર્વ ગાથાના અંતિમ શબ્દથી કે અંતિમ ચરણમાં આવેલ શબ્દથી આગળની ગાથાનો પ્રારંભ થયો છે. શેષ ચાર ગાથા(૧૨,૧૬,૧૭,૧૮)માં પૂર્વાપર ગાથા સંબંધ નથી પરંતુ તે જ ગાથાના બીજા ચરણના અંતિમ શબ્દથી ત્રીજા ચરણનો પ્રારંભ છે. આ રીતે અપેક્ષાએ સમસ્ત પચીસે ય ગાથાઓમાં **યમક અલંકાર**નો પ્રયોગ છે.

**આદાનીય–** (૧) આ અધ્યયનમાં પ્રથમ ગાથાના પદને તે પછીની ગાથામાં આદાન કરવામાં એટલે ગ્રહણ કરવામાં આવે છે, તેથી આ અધ્યયનને **આદાનીય** કહ્યું છે. (૨) ધન આદિનું ગ્રહણ દ્રવ્ય આદાન છે. ક્રોધાદિ કે કર્મબંધ એ અપ્રશસ્ત

ભાવઆદાન છે. મોક્ષાર્થીને યોગ્ય ગુણવૃદ્ધિ અને સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર એ પ્રશસ્ત ભાવઆદાન છે. આ અધ્યયનમાં પ્રશસ્ત ભાવઆદાનની પ્રમુખતાએ વિષય વર્ણન છે. તે કારણે આ અધ્યયનનું નામ **આદાનીય** છે.

આ અધ્યયનની ગાથાઓનું ઉચ્ચારણ શૃંખલાબદ્ધ થાય છે, તેથી વ્યાખ્યાકારે એને 'સંકલિકા' અથવા 'શૃંખલા' કહેલ છે. સાંકળની કડીઓની જેમ ગાથાઓ અકબીજા સાથે જોડાયેલી છે, સંકળાયેલી છે.

**પ્ર.૨ : આ અધ્યયનનો મુખ્ય વિષય શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં ગાથા રચનામાં અલંકાર પ્રયોગના કારણે શબ્દોની મુખ્યતા હોવાથી વિષયબદ્ધતા નથી. છતાં પણ આધ્યાત્મ પ્રધાનતા અને મોક્ષ-માર્ગની પ્રમુખતા યુક્ત વર્ણન છે. જેમાં સમ્યક શ્રદ્ધા, સમ્યક સાધના, મનુષ્યત્વ અને ધર્માચરણની દુર્લભતા, મુક્તાત્માઓનું અપુનરાગમન અને સંયમ સાધનાનું પરિણામ બતાવ્યું છે.

**પ્ર.૩ : સમ્યક શ્રદ્ધા પ્રેરક કથન આ અધ્યયનમાં કયા પ્રકારનું છે ?**

**જવાબ :** આ અધ્યયનની પ્રારંભિક ગાથાઓમાં બતાવ્યું છે કે તીર્થંકરોના ઘાતીકર્મોનો ક્ષય થઈ જવાથી તેઓના જ્ઞાન અને ઉપદેશ સત્યથી પરિપૂર્ણ હોય છે. એવો સત્ય અને હિતકારક ઉપદેશ સર્વત્ર(અન્યત્ર) સુલભ હોતો નથી. કારણ કે તીર્થંકરોના સર્વ સંશયો પણ નષ્ટ થઈ જાય છે, તેઓ સર્વજ્ઞ, સર્વદર્શી હોય છે. જેથી તેઓએ કહેલ સર્વ પદાર્થ સત્ય એવં શ્રદ્ધા યોગ્ય હોય છે. તેઓ દ્વારા કહેવામાં આવેલ જીવના સ્વરૂપને જાણીને, સર્વ પ્રાણીઓ પ્રતિ મૈત્રીભાવ રાખીને, તે પ્રાણીઓની વિરુદ્ધ કંઈ પણ નહિ કરતાં ભાવોની શુદ્ધિ સાથે સંયમ આરાધના કરવી જોઈએ. આ પ્રમાણે દઢ શ્રદ્ધાની સાથે આગળ વધનાર સાધક નૌકાભૂત બની જાય છે અર્થાત્ નૌકા જેમ અગાધ જળને પાર કરીને વિશ્રામ લે છે તેમ શ્રદ્ધાયુક્ત સંયમ સાધક સંસાર પાર કરીને દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**પ્ર.૪ : સમ્યક સાધનાનું માહાત્મ્ય કેવી રીતે વર્ણવેલ છે ?**

**જવાબ :** બુદ્ધિમાન સાધક સાધના કરતાં નવીન કર્મોનો સંગ્રહ અલ્પ કરે છે. જેથી તેના પાપકર્મોનો ક્ષય અને જન્મ-મરણનો અભાવ થઈ જાય છે. મહાન વીર આત્મસાધક સાધના કરતાં-કરતાં સ્ત્રી સંસારથી પૂર્ણ અલિપ્ત બની જાય છે. તે કામભોગોનું ઉલ્લંઘન કરી જાય છે. સ્ત્રી સેવનથી મુક્ત બનીને, દઢતા-પૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરીને, તે સત્વરે મોક્ષગામી બને છે.

પરમાર્થદર્શી તે સંયમ-સાધક મન, વચન, કાયાથી કોઈ પણ પ્રાણી સાથે





વિરોધભાવ ન કરતાં સર્વ જીવો પ્રત્યે સદાચરણ કરે છે. તે સાધક મનુષ્યોમાં ચક્ષુભૂત બની જાય છે.

ધીર–ધૈર્યવાન સાધક અંત-પ્રાંત કે અમનોજ્ઞ આહાર, પાણી, મકાન, વસ્ત્ર વગેરેનું સેવન કરીને પણ સંતુષ્ટ રહે છે. તે કર્મોનો અંત કરીને ધર્મારાધક બને છે. તે નિષ્ઠિતાર્થી સાધક સર્વ કર્મ ક્ષય કરી મુક્ત થાય છે અથવા દેવગતિને પ્રાપ્ત કરે છે.

**પ્ર.૫ : ધર્મની વિરાધનાનું ફળ શું બતાવ્યું છે ?**

**જવાબ :** પ્રાપ્ત ધર્મ અને પ્રાપ્ત મનુષ્ય જન્મને જે પ્રાણી એમ જ ગુમાવી દે છે, તેને પુનઃ મનુષ્ય જન્મ અને ધર્મબોધિ એટલે ધર્મની સમજણ મળવાનું દુર્લભ બની જાય છે, જોકે આ બંને ય મોક્ષપ્રાપ્તિને માટેના મુખ્ય સાધન છે. તાત્પર્ય એ છે કે મનુષ્ય જન્મ વિના મુક્તિ સંભવિત નથી અને ધર્મની સમજ વિના મોક્ષ માટેની સાધના શક્ય નથી. માટે પ્રાપ્ત માનવજન્મ અને પ્રાપ્ત ધર્મજ્ઞાનને સાર્થક કરવામાં પુરુષાર્થ કરવો જોઈએ પરંતુ આળસ અને પ્રમાદમાં ફસાઈ તેને વ્યર્થમાં ગુમાવવો જોઈએ નહીં.

**પ્ર.૬ : ધર્મની આરાધનાનું ફળ શું બતાવવામાં આવ્યું છે ?**

**જવાબ :** પંડિત પુરુષ તીર્થંકર ભગવાનનો ઉપદેશ પામીને સંયમ ગ્રહણ કરે છે. સંયમમાં પુરુષાર્થ કરીને કર્મોની નિર્જરા કરે છે. સંયમ સાધનામાં સાવધાન રહે તો તેને નવા કર્મબંધ નહિ થવાથી અનુક્રમે તેના પૂર્વ કર્મ ક્ષીણ થતા જાય છે અને તે મોક્ષ સન્મુખ સાધનામાં આગળ વધતા જાય છે. એવા વીર સાધક ભૂતકાળમાં અનેક થયા છે અને ભવિષ્યમાં પણ થશે કે જે સંયમ સાધનામાં સફળ બનીને, શલ્ય રૂપ કર્મોને કાપીને સંસાર સાગરને પાર કરે છે. આ રીતે પ્રમાણે આરાધના કરનારા પોતાના ધ્યેયને પૂર્ણ કરી શાશ્વત સુખોને પ્રાપ્ત કરે છે અને સંસારના દુઃખોથી મુક્ત થઈ જાય છે.

# અધ્યયન–૧૬ : ગાથા

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે અને તેની વિશેષતા શું છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **ગાથા** છે. એમાં એક પણ ગાથા-શ્લોક નથી. આ અધ્યયન ગદ્યાત્મક છે. જ્યારે પંદર અધ્યયન પદ્યમય છે. આ અધ્યયન બધા અધ્યયનોથી નાનું છે, પરંતુ એમાં શ્રમણોના વિશાળ ગુણોનું સંકલન છે.

ગાથા શબ્દના પ્રાપ્ય અનેક અર્થોમાંથી એક અર્થ છે **પ્રશંસા.** આ અધ્યયનમાં સંયમ સાધક આત્માઓની અનેક ગુણોના માધ્યમથી પ્રશંસા કરવામાં આવી છે.

ગાથા શબ્દનો **ઉપદેશ** એ પણ એક અર્થ છે. આ અધ્યયનમાં અનેક શ્રમણ ગુણોના સંકલન દ્વારા શ્રમણો માટે તે ગુણોને ધારણ કરવાની પ્રેરણા છે અને તે ગુણોથી સંપન્ન સાધક જ સાચા અર્થોમાં મોક્ષસાધક મુનિ છે. આ રીતે **ઉપદેશ** અને **પ્રશંસા** અર્થસૂચક 'ગાથા' એ અધ્યયનનું નામ સાર્થક છે.

**પ્ર.૨ : 'માહન' કોને કહી શકાય છે ?**

**જવાબ :** આ પદમાં બે શબ્દ છે– મા+હણ. તેનો અર્થ છે કે 'કોઈ પણ પ્રાણીની હિંસા ન કરો', આ પ્રકારનો જે ઉપદેશ અન્યને આપે છે અને સ્વયં પણ સૂક્ષ્મ-સ્થૂલ, ત્રસ-સ્થાવર કોઈ પણ પ્રાણીની હિંસા નથી કરતા; તે માહણ–માહન કહેવાય છે. અહીં **માહણ** શબ્દનો બ્રાહ્મણ અર્થ નહિ સમજવો જોઈએ. ક્યાંક બ્રહ્મચર્યમાં નિવાસ કરનારા પણ બ્રાહ્મણ કહેવાય છે પરંતુ પ્રસ્તુતમાં અહિંસક અર્થમાં **માહણ** શબ્દ પ્રયુક્ત છે. સૂત્રમાં બતાવ્યું છે કે જે હિંસા પ્રમુખ અઢાર પાપોનો ત્યાગ કરે છે, પાંચ સમિતિનું સમ્યક પાલન કરે છે, જ્ઞાનાદિને સમ્યક્-રૂપે ધારણ કરે છે, સદા જીવોની જતના કરે છે, દયા પાળે છે તથા જે ગુસ્સો, ઘમંડ નથી કરતો; તે માહણ કહેવાય છે.

**પ્ર.૩ : શ્રમણ કોને કહેવાય છે ?**

**જવાબ :** (૧) મોક્ષમાર્ગમાં શ્રમ કરનાર (૨) સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખનાર અથવા સ્વયં સમભાવમાં રહેનાર તથા (૩) જે પોતાના પરિણામોને, મનને શુદ્ધ–પવિત્ર રાખનાર હોય છે; તે ક્રમશઃ શ્રમણ, શમન, સમન કહેવાય છે. આ રીતે શ્રમણ શબ્દના ત્રણ પ્રકારે શબ્દાર્થ થાય છે.

સૂત્રમાં બતાવ્યું છે કે જે કોઈનો આશ્રિત ન હોય અથવા જે કોઈ પણ પદાર્થમાં આસક્ત ન બને, આ લોક પરલોકની આશા–આકાંક્ષા રહિત હોય, સર્વ કર્મબંધના સ્થાનોથી નિવૃત્ત હોય, રાગ-દ્વેષ વર્ધક સમસ્ત પ્રવૃત્તિઓ અને ચિંતનોથી જે મુક્ત હોય; સર્વ પાપોનો, કષાયોનો ત્યાગી હોય, ઈન્દ્રિયો પર અને મન પર વિજય પ્રાપ્ત કરનાર હોય, શરીરની સુશ્રૂષા અને મમત્વથી રહિત હોય; એવો મોક્ષાર્થી સંયમી સાધક **શ્રમણ** કહેવાય છે.

**પ્ર.૪ : ભિક્ષુ કોને કહેવાય છે ?**

**જવાબ :** ભિક્ષા દ્વારા શરીર નિર્વાહ કરતાં મોક્ષ સાધના કરનારા **ભિક્ષુ** હોય છે, આ સામાન્ય અર્થ છે.

સૂત્રમાં બતાવ્યું છે કે જે પોતાના ગુણોનું ક્યારે ય અભિમાન કરતા નથી, વિનય સંપન્ન બની સદા નમ્ર વ્યવહાર કરે છે, ઈન્દ્રિયો અને મનને વશમાં રાખે છે,





શરીરનું મમત્વ છોડીને કર્મ ખપાવવામાં લીન બની રહે છે; પરીષહ-ઉપસર્ગમાં ગભરાતા નથી અર્થાત્ સમભાવ, પ્રસન્નભાવોથી સહન કરે છે, સંયમ ભાવોમાં ઉપસ્થિત રહે છે, દઢતા–સ્થિરતાની સાથે સંયમમાં આગળ વધે છે, વિચાર-પૂર્વક તથા વિવેકપૂર્વક સંયમ આરાધના કરે છે, સંયમ આરાધનાના હેતુથી જ જે પરદત્ત ભોજી બને છે, કારણ કે પરદત્ત ભોજી થયા વિના અસંયમથી છૂટી શકાતું નથી અર્થાત્ જે સ્વઉત્પાદિત ભોજી હોય તેને અનેક આશ્રવોનું સેવન અવશ્ય કરવું પડે છે. તેથી ભિક્ષુના ગુણોનો ઉપસંહાર કરતાં સૂત્રમાં કહ્યું છે કે જે સંયમના વિચારપૂર્વક એટલે કે સંયમ આરાધના માટે જિનાજ્ઞાથી **પરદત્ત-ભોજી–ભિક્ષાજીવી** થાય છે એવા ગુણસંપન્ન સાધક **ભિક્ષુ** કહેવાય છે.

**પ્ર.૫ : નિર્ગ્રંથ કોને કહેવાય છે ?**

**જવાબ :** રાગદ્વેષરૂપી ગ્રંથી, વિષમભાવરૂપી ગ્રંથી, અજ્ઞાનરૂપી ગ્રંથી તેમજ આશ્રવરૂપી ગ્રંથીથી જે મુક્ત થાય છે; તે સર્વ ભાવ ગ્રંથીઓ જે આત્મામાંથી નિકળી જાય છે, તે નિર્ગ્રંથ હોય છે.

સૂત્રમાં બતાવ્યું છે કે– જે દ્રવ્યથી સહાય રહિત એકલા અને ભાવથી રાગ-દ્વેષ રહિત હોવાથી એકાકી હોય, જે આત્માના એકાકીપણાને સારી રીતે જાણતા-સમજતા હોય છે કે જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે, સ્વયં એકલો જ પોતાના કર્મ ભોગવે છે, વગેરે વગેરે. જે મુનિ સદા જાગૃત હોય, સાવધાન હોય, આશ્રવોનો સારી રીતે નિરોધ કરનાર હોય, ઈન્દ્રિયો પ્રત્યે સમ્યક સંયમવાન હોય, સમિતિઓનું સમ્યક પાલન કરનાર હોય, સમભાવી હોય, આત્માર્થી હોય, આત્મવાદને બરાબર સમજેલ હોય, પદાર્થોના સ્વભાવના જ્ઞાતા હોય, અનુભવી હોય, રાગદ્વેષથી કર્મબંધ ન કરતા હોય, પૂજા પ્રશંસાની ચાહનાથી રહિત હોય, માત્ર ધર્માર્થી, ધર્માચરણની ચાહનાવાળા હોય, ધર્મના રહસ્યને સમજનારા હોય, એક માત્ર મોક્ષ પ્રાપ્તિનું લક્ષ્ય હોય, સંયમમાં સમ્યક પ્રકારે વિચરણ કરતા હોય અને પૂર્વ સૂત્રોક્ત ગુણોથી યુક્ત હોય; તે સાધક નિર્ગ્રંથ કહેવાય છે.

આ રીતે આ ચાર સૂત્રો દ્વારા જૈન શ્રમણના અનેક ગુણોનું સંકલન કરીને શ્રમણને તે ગુણોથી યુક્ત બનવાની પ્રેરણા કરવામાં આવી છે. આ અધ્યયનનું આ જ તાત્પર્ય છે કે શ્રમણ સાચા ગુણોથી યુક્ત થઈ, યથાનામ તથા ગુણ સંપન્ન બનીને સફળ રીતે મોક્ષ સાધના કરે.

**॥ પ્રથમ શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

# દ્વિતીય શ્રુતસ્કંધ : પરિચય

**પ્ર.૧ : બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનોના નામ અને વિષય શું છે ?**

**જવાબ :** અધ્યયનોના નામ અને વિષય આ પ્રમાણે છે–

| ક્રમ | નામ | વિષય |
|---|---|---|
| ૧. | પુંડરીક કમલ | કમળને ઈચ્છનાર પાંચ પુરુષોની ઉપમાથી ચાર મતાંતર અને જિનમતના શ્રમણ. |
| ૨. | ક્રિયાસ્થાન | તેર ક્રિયાસ્થાન અને ધર્મ અધર્મ પક્ષ સ્વરૂપ. |
| ૩. | આહારપરિજ્ઞા | સમસ્ત જીવોના આહાર વિષયક વિચારણા. |
| ૪. | પ્રત્યાખ્યાનક્રિયા | અપ્રત્યાખ્યાની જીવોનું સ્વરૂપ અને પ્રત્યાખ્યાન માહાત્મ્ય. |
| ૫. | અનાચાર શ્રુત | અનાચરણીય શ્રદ્ધા, પ્રરૂપણા અને પ્રવૃત્તિઓ. |
| ૬. | આર્દ્રકીય | અનાર્ય ક્ષેત્રીય આર્દ્રકુમારની દીક્ષા અને અન્યતીર્થિક સંવાદ. |
| ૭. | ઉદક–પેઢાલપુત્ર (નાલંદીય) | નાલંદામાં ગૌતમસ્વામી અને ઉદક પેઢાલપુત્ર પાર્શ્વસ્થવિરની ધર્મચર્ચા. |

## અધ્યયન–૧ : પુંડરીક કમલ

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનના પ્રારંભમાં જલથી પરિપૂર્ણ પુષ્કરિણી–તલાવડીનું વર્ણન છે. તેમાં અનેક કમલ પુષ્પ છે અર્થાત્ પુષ્કરિણી કમલ પુષ્પોથી આકીર્ણ છે, વ્યાપ્ત છે. તે પુષ્પોની વચ્ચે એક અતિ સુંદર, અતિ વિશાળકાય **પુંડરીક**= શ્વેત–અતિ શ્વેત શ્રેષ્ઠ કમલ છે. આ રીતે પ્રમુખ શ્વેત કમલવાળી પુષ્કરિણીની કલ્પના કરવામાં આવી છે. પછી તે પુંડરીક કમલને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા પુરુષોનું સાંગોપાંગ વિવરણ આપ્યું છે. આમ **પુંડરીક કમલ** ની પ્રધાનતાથી પ્રારંભ કરેલ આ અધ્યયનનું 'પુંડરીક કમલ' એ નામ સાર્થક છે.





**પ્ર.૨ : પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનથી આ અધ્યયનની સમાનતા કેવી રીતે છે ?**

**જવાબ :** ત્યાં મતમતાંતરો સંબંધી વિવિધ ચર્ચા વિચારણાઓ છે અને અહીં પણ આ અધ્યયનમાં કમલ પ્રાપ્ત કરવાના ઈચ્છુક પાંચ પુરુષોના રૂપમાં પ્રમુખ મત-મતાંતરોની ચર્ચા કરીને સ્વમતની(સંયમધર્મથી મુક્તિની) ચર્ચા કરવામાં આવી છે. આમ બંને જગ્યાએ વિષયોનું હાર્દ સ્વમત અને પરમતના સ્વરૂપને સમજાવવાનું છે. એ અપેક્ષાથી બંનેનો વિષય સમાન છે.

**પ્ર.૩ : પુંડરીક કમલનું દષ્ટાંત કઈ રીતે સમજાવ્યું છે ?**

**જવાબ :** આ કલ્પિત દષ્ટાંતમાં કહ્યું છે કે– ધારો કે કોઈ એક પુષ્કરિણી– તલાવડી છે. તે કમલ પુષ્પોથી ભરચક છે. તે પુષ્પોની વચ્ચે એક ઘણુ મોટું સુંદર, મનોહર શ્વેત કમલપુષ્પ છે. તે પુષ્કરિણીમાં ચારે દિશાઓથી પ્રવેશ માર્ગ છે. તે ચારે ય દિશાઓના માર્ગથી ક્રમશઃ એક-એક પુરુષ આવે છે. તે પુષ્કરિણીના દશ્યને જોઈ, પ્રસન્ન થઈ જાય છે અને મધ્યમાં રહેલા કમલ પર તેઓનું મન મોહી જાય છે. તે કમલને લેવા માટે આતુર બની જાય છે. પ્રથમ પુરુષ પોતે પોતાને હોશિયાર, દક્ષ, કુશળ સમજીને પુષ્કરિણીમાં ઉતરે છે. પુષ્કરિણી અતિ વિશાળ અને દુર્ગમ્ય છે. તે પુરુષ કમલ સુધી પહોંચી શક્યો નથી અને વચ્ચે જ કીચડમાં ફસાઈ જાય છે. નથી તે આગળ જઈ શકતો, નથી પાછો આવી શકતો, દુઃખી–ખેદયુક્ત બની જાય છે. બીજી દિશાઓ તરફથી પણ એ જ પ્રમાણે એક-એક પુરુષ આવે છે. તે દરેક વ્યક્તિ આગળની વ્યક્તિને ફસાયેલી જોઈને વિચારે છે કે તે પુરુષ અકુશળ છે, હું કુશળ, હોશિયાર છું; કમલ પ્રાપ્ત કરી શકીશ. એમ વિચારી કમલ લેવા પાણીમાં પ્રવેશ કરે છે અને પહેલાંના પુરુષની જેમ તે પણ કીચડમાં ફસાઈ જાય છે. આ રીતે ચારે દિશાઓથી આવનારા ચારે ય પુરુષોની એ જ દશા થાય છે.

પાંચમો પુરુષ આવે છે તે પણ કમલને પ્રાપ્ત કરવા ઈચ્છે છે અને પૂર્વ ફસાએલા પુરુષોની દશાને પણ જુએ છે. તે સાવધાન થઈ જાય છે. પુષ્કરિણીના કિનારે જ ઊભો રહી જાય છે અને બોલે છે કે હે કમલ ! બહાર આવી જા, હે કમલ ! તું બહાર આવી જા. પૂર્ણ મનોયોગ અને ધ્યાનપૂર્વક–લગનીથી બોલાએલા વચનોની સાથે જ તે કમલ તેની પાસે આવી જાય છે, તેને મળી જાય છે.

આ દષ્ટાંતની કલ્પનાને પૂરી કરીને શાસ્ત્રકારે બતાવ્યું છે કે પુષ્કરિણીને મેં સંસાર સમુદ્ર કહેલ છે, કમલ પુષ્પને મોક્ષ કહેલ છે. ચાર પુરુષોને મેં વિવિધ એકાંતવાદી મતમતાંતર કહ્યાં છે અને પાંચમા પુરુષને મેં મોક્ષમાર્ગ અને તેમાં ઉપસ્થિત ભિક્ષુ કહેલ છે.

**પ્ર.૪ : અહીં મતમતાંતર કયા-કયા કહ્યા છે ?**

**જવાબ :** સંક્ષેપમાં અહીં ચાર મતાંતર કહ્યાં છે– (૧) જીવ અને શરીરને એક જ માનનારના મતમાં– આત્મા નામની કોઈ અન્ય વસ્તુ નથી. (૨) પાંચ મહાભૂતોનો સ્વીકાર કરનારના મતમાં– તેનાથી જ સર્વકંઈ બને છે. (૩) ઈશ્વરવાદી– સર્વકંઈ ઈશ્વર કરે તે જ થાય. (૪) નિયતિવાદી– જે થનાર છે તે જ થાય, કોઈનું કર્યું કંઈ થતું નથી.

**પ્ર.૫ : આ મતમતાંતરોની વિસ્તૃત માન્યતા અને તેનું સમ્યક સમાધાન શું છે ?**

**જવાબ :** આ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનના પ્રશ્ન– ૯ થી ૨૧ સુધી અનેક મતમતાંતરોની ચર્ચા વિચારણા કરવામાં આવી છે. જિજ્ઞાસુઓએ ત્યાં જોવું જોઈએ.

**પ્ર.૬ : પાંચમા પુરુષના સંબંધમાં અહીં શું નિરૂપણ કર્યું છે ?**

**જવાબ :** પાંચમા પુરુષની સમાન ભિક્ષુ છે જે સંપૂર્ણ સાવદ્ય યોગોના, આશ્રવોના, કામભોગોના અને ધન-પરિગ્રહના ત્યાગી હોય છે. સંસાર પ્રવાહ રૂપી કોઈ પણ કીચડમાં ઉતરતા નથી. સંસારના કિનારે રહીને જ પોતાની આત્મશક્તિનો વિકાસ કરીને સ્વયં સંસારથી મુક્ત રહે છે અને ભવ્યજનોને નિઃસ્પૃહ ભાવે સંસાર કીચડમાંથી નિકળવાનો બોધ આપે છે.

ત્યાર પછી વિરક્તાત્મા મુનિની સમ્યક્શ્રદ્ધા, અંતર જાગૃતિ, વિવિધ આત્મબોધ અને સંયમના નિયમોપનિયમ, દયાભાવના, સમભાવના અને સંયમધર્મમાં પરાક્રમ; આ સર્વનું સ્વરૂપ બતાવ્યું છે.

અંતમાં કહ્યું છે કે તે ભિક્ષુ પોતાની પાસે આવનાર જ્ઞાની કે અજ્ઞાની જિજ્ઞાસુઓને તત્ત્વોના સ્વરૂપ, વિરતિ(પાપત્યાગ), કષાયોની ઉપશાંતિ, આત્મશાંતિ, ભાવોની નિર્મળતા કે પવિત્રતા, સરલતા, નમ્રતા અને સમસ્ત ચરાચર પ્રાણીઓની રક્ષા રૂપ અહિંસાનો ઉપદેશ આપે. તે ઉપદેશ પણ નિઃસ્વાર્થભાવે અને રુચિપૂર્વક આપે.

**પ્ર.૭ : આ અધ્યયનમાં ભિક્ષુને માટે કયા શબ્દોનો પ્રયોગ છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં એક સ્થાન પર એટલે એક જ વાક્યમાં અનેક નવા-નવા શબ્દોથી ભિક્ષુનું કથન કરવામાં આવ્યું છે, જેમ કે– (૧) શ્રમણ (૨) માહણ (૩) ક્ષમાશીલ (૪) દમિતાત્મા (૫) ગુપ્ત (૬) મુક્ત (૭) મહર્ષિ (૮) મુનિ (૯) સુકૃતિ(યતિ) (૧૦) વિદ્વાન (૧૧) ભિક્ષુ (૧૨) રુક્ષ (સંસારથી ઉદાસીન) (૧૩) મોક્ષાર્થી (૧૪) ચરણકરણ પારવેત્તા. આ શબ્દોથી ઉપમિત અણગાર જ પાંચ પુરુષોમાં યોગ્ય અને સર્વશ્રેષ્ઠ પંચમ પુરુષ છે.





**પ્ર.૮ : ભિક્ષુ માટે વૈરાગ્યપૂર્ણ ચિંતનો કઈ રીતે દર્શાવ્યા છે ?**

**જવાબ :** આ લોકમાં કોઈ પણ મનુષ્ય ભલે ન તે આર્ય હોય કે અનાર્ય, નાનો હોય કે મોટો તેમજ ગોત્ર કે વર્ણથી કેવો પણ હોય, અલ્પ પરિગ્રહી કે વિશાલ પરિગ્રહી હોય, સ્વજન સામગ્રી પ્રચુર હોય કે નહિવત્ હોય તોપણ જેની પાસે જે કંઈ છે તેને છોડીને વૈરાગ્યથી દીક્ષિત થઈ જાય છે અને તે એમ સમજે છે કે–

(૧) સંસારના પ્રાણી એમ માને છે કે આ મારા છે, આ મારા છે; ભાઈ, પતિ, પુત્ર, માતા-પિતા, ધન સંપત્તિ અને મિત્ર-જ્ઞાતિજનો મારા છે. પરંતુ જ્ઞાની કહે છે કે રોગ, દુઃખ, સંકટ આવે ત્યારે અને મૃત્યુ આવે ત્યારે કોઈ ત્રાણ કે શરણભૂત થઈ શકતા નથી.

(૨) જે કંઈ સુંદર ભોગ-ઉપભોગની સામગ્રી છે, સુખ-સગવડ અને પાંચ ઈંદ્રિયના વિષય છે, નૃત્યગાન આદિ સંયોગ છે, તે પણ સંકટમાં શરણભૂત થતા નથી અને અંતરાય કર્મ સંયોગ હોય તો એ સર્વ પદાર્થ માનવને છોડીને ચાલ્યા જાય છે. માટે એ સર્વ અન્ય છે, મારો આત્મા જુદો છે, તો પછી એમાં શા માટે મૂર્ચ્છિત થવું ?

(૩) કોઈ કોઈના દુઃખને લઈ શકતું નથી, બીજાના કર્મ બીજા કોઈ ભોગવી શકતા નથી, જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે, એકલો જ અન્યાન્ય ગતિઓમાં ભ્રમણ કરે છે.

(૪) મળેલા શરીરમાં પણ પ્રાણી મમત્વ કરે છે, પરંતુ તેને પણ છોડીને જવું જ પડે છે. આ શરીર પણ અનેક પ્રકારે દુઃખદાયી બની જાય છે.

(૫) માટે જે કંઈ અને જેવું પણ મળેલ છે, તેને યથા સમય છોડીને, તેનું મમત્વ ત્યાગીને આત્મ વિકાસ કરી લેવો જોઈએ. આત્મવિકાસને માટે કરેલી સાધના, જ્ઞાન-સંયમ-તપનું પ્રતિફળ ભવભવાંતર સુધી સાથે રહીને સુખદાયી બને છે અને અંતમાં સંપૂર્ણ દુઃખોથી અને દુઃખ પરંપરાથી મુક્ત કરાવે છે.

**પ્ર.૯ : एतेसिं चेव णिस्साए ब भचेरवास वसिस्सामो । कस्स ण त हेउ ? जहा पुव्व तहा अवर , जहा अवर तहा पुव्व । अ जू चे ते अणुवरया अणुवट्ठिया, पुणरवि तारिसगा चेव । આ વાક્યનો સરલાર્થ અને તાત્પર્યાર્થ શું છે ?**

**જવાબ :** સરલાર્થ– (સારંભી સપરિગ્રહી જો ગૃહસ્થ તથા શ્રમણાદિ છે.) તેનો જ આશ્રય કરીને અમે સંયમનું પાલન કરશું. એનું શું કારણ છે ? ઉત્તર– આ લોકો જેવા પહેલાં આરંભ પરિગ્રહી હતા તેવા જ પછી પણ છે અને જેવા

હવે(પછીથી) છે તેવા જ આરંભ પરિગ્રહી પહેલાં હતા. **अजू**= એથી સ્પષ્ટ છે કે એ લોકો આરંભ પરિગ્રહથી વિરત નથી અને ધર્મમાં ઉપસ્થિત નથી. **पुणरवि**= એ સંન્યાસી હોવા છતાં પણ ગૃહસ્થ જેવા જ છે.

**તાત્પર્ય** એ છે કે ગૃહસ્થ તો આરંભ પરિગ્રહવાળા હોય જ છે અને અનેક સંન્યાસી પણ ગૃહસ્થ જેવા જ વિવિધ પરિગ્રહ, કૃષિ વગેરે પ્રવૃત્તિઓ અને સ્ત્રીઓ આદિથી યુક્ત હોય છે. જેથી તેઓની પાસે આહાર, પાણી, મકાન વગેરે પોતાની માલિકીની અનેક વસ્તુઓ હોય છે. ભિક્ષુને પણ જ્યાં સુધી જીવન છે, શરીર છે ત્યાં સુધી જીવિત રહેવા માટે આ પરિગ્રહ સામગ્રી તથા આરંભ પ્રવૃત્તિવાળાઓના આધારે જીવનની અત્યંત આવશ્યક વસ્તુઓ ભોજન, મકાન આદિ યથાસમય પ્રાપ્ત થાય છે. તેઓ પાસેથી જ યાચના કરીને મેળવવાની આશા રહે છે.

તેથી ભિક્ષુઓના સંયમ નિર્વાહની એટલે કે તેમના જીવનની આવશ્યક વસ્તુઓની પ્રાપ્તિની અપેક્ષાએ ગૃહસ્થો–સંસારીઓને આશ્રિત હોય છે, નિશ્રાગત હોય છે. એ માટે કહ્યું છે કે– **एतेसिं चेव णिस्साए ब भचेरवास (સંયમમાં) वसिस्सामो ।**

**પ્ર.૧૦ : ભિક્ષુની સંયમ ચર્યાના વિષયમાં શું-શું નિરૂપણ છે ?**

**જવાબ :** (૧) સર્વ જીવોને આત્મવત્ સમજીને હિંસા વગેરેથી(પરિગ્રહ સુધીથી) પૂર્ણ વિરત રહે. તે વિરત ભિક્ષુ દંતપ્રક્ષાલન કરતા નથી, આંખોમાં અંજન મંજન, વમન વિરેચન, ધોતીનેતિ વગેરે પ્રવૃત્તિ કરતા નથી. (૨) સંયમ-તપના ફળની આકાંક્ષા કરતા નથી. (૩) અઢાર પાપોનું સેવન કરતા નથી. (૪) છકાય જીવોની ત્રણ કરણ અને ત્રણ યોગથી વિરાધના કરતા નથી. (૫) ભોગોપભોગની સામગ્રી એકઠી કરતા નથી. (૬) સાંસારિક પ્રવૃત્તિઓ કરતા નથી. (૭) પોતાના માટે બનાવેલ આહાર લેતા નથી અને અન્ય પણ સામેથી લાવેલ આહાર આદિ લેતા નથી, પરંતુ ગૃહસ્થ જે પોતાના પ્રયોજનોથી બનાવે છે તેમાંથી જ નિર્દોષ આહાર ગ્રહણ કરીને જિનાજ્ઞાનુસાર તેનું સેવન કરે છે.

(૮) યોગ્ય સમયે આગમ નિર્દિષ્ટ વિષયો પર ઉપસ્થિત જનપદને ઉપદેશ આપે છે. જેમ કે– જીવાદિના અસ્તિત્વનો=સમ્યક શ્રદ્ધાનનો, ત્યાગ પ્રત્યાખ્યાનરૂપ દેશવિરતિ અને સર્વ વિરતિનો, ઉપશાંતિ(ક્ષમા)નો, મુક્તિ (નિર્વાણ) મોક્ષનો, ભાવોની પવિત્રતા, સરળતા, નમ્રતા, અલ્પસંગ્રહતા તથા અહિંસાનો. સમસ્ત જીવો પ્રત્યે વિવેક રાખીને; કોઇ પણ આશા વિના માત્ર નિર્જરાને માટે પ્રસન્નભાવથી ઉપદેશ આપે છે. ઉપદેશ સાંભળીને જે મુમુક્ષુ





આત્મા સંયમ ધર્મમાં ઉપસ્થિત થાય છે તે સંસારથી મુક્ત થઇ જાય છે. આ પ્રમાણે તે ભિક્ષુ મોક્ષરૂપી શ્રેષ્ઠ પદ્મકમલને પ્રાપ્ત કરનાર બને છે.

# અધ્યયન–૨ : ક્રિયાસ્થાન

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા શું છે અને તેમાં વિષય વર્ણન કઇ રીતે છે ?**

**જવાબ :** તેર પ્રકારની ક્રિયાઓનું અને ધર્મ-અધર્મ ક્રિયાઓનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ **ક્રિયાસ્થાન** સાર્થક છે. તેર ક્રિયાસ્થાનના વર્ણન પછી ધર્મી, અધર્મી અને મિશ્ર એ ત્રણ પ્રકારના પુરૂષ કોણ છે તેને બે વિકલ્પોથી વિસ્તાર પૂર્વક સમજાવ્યું છે. અંતમાં ધર્મ-અધર્મ બે પક્ષ કરીને અધર્મ પક્ષવાળાઓને અહિંસાનો પાઠ માર્મિક ઢંગથી ભણાવ્યો છે.

**પ્ર.૨ : તેર ક્રિયાસ્થાનો અને તેના અર્થ શું છે ?**

**જવાબ : (૧) અર્થદંડ**= કોઇ પણ પ્રયોજનથી કરવામાં આવેલ સાવદ્ય પ્રવૃત્તિ અર્થદંડ ક્રિયા છે. **(૨) અનર્થદંડ**= વિના પ્રયોજન માત્ર આદતથી, કુતૂહલથી અથવા અનુપયોગથી કરવામાં આવનારી સાવદ્ય પ્રવૃત્તિ અનર્થદંડ ક્રિયા છે. જેમ કે વ્યર્થમાં કૂતરા, હરણ વગેરેને મારપીટ કરવી કે પ્રાણરહિત કરવા, રસ્તે ચાલતા વનસ્પતિ તોડવી, તેના ઉપર પત્થર ફેંકવા, નિષ્પ્રયોજન આગ લગાડવી. આ બંને ભેદમાં સમસ્ત(બાર) ક્રિયાઓનો સમાવેશ થઇ શકે છે. **(૩) હિંસા દંડ**= ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં પોતાને દુઃખ આપનાર કે મારનારને મારવું હિંસા દંડ ક્રિયા છે. જેમ કે– વીંછી, સાપ, શત્રુ, મચ્છર વગેરે. **(૪) અકસ્માત્ દંડ**= અન્યને મારતી વેળાએ વચમાં કોઇનું મરી જવું અકસ્માત દંડ ક્રિયા છે. જેમ કે– હરણને મારતાં વચ્ચે પક્ષીનું મરી જવું. એક વનસ્પતિને કાપતાં વચમાં અન્ય ઘાસ વગેરે કપાઇ જવા. **(૫) દષ્ટિવિપર્યાસ દંડ**= અન્યને અન્ય સમજીને ભૂલથી મારવું એટલે કે દષ્ટિ ચૂક થઇ જવી તે દષ્ટિ વિપર્યાસ દંડ ક્રિયા છે. જેમ કે– શત્રુના ભ્રમથી મિત્રને મારવો, ચોરના ભ્રમથી અચોરને દંડ દેવો. **(૬) મૃષાવાદ ક્રિયા**= ખોટું બોલવાથી જે પાપ થાય છે તે મૃષાવાદ પ્રત્યયિક ક્રિયા છે. **(૭) અદત્તાદાન ક્રિયા**= ચોરી કરવાથી જે પાપ થાય છે તે અદત્તાદાન પ્રત્યયિક ક્રિયા છે. **(૮) અધ્યાત્મ ક્રિયા**= સ્વતઃ લાગવાવાળી ક્રિયા અધ્યાત્મ પ્રત્યયિક ક્રિયા છે. જેમ કે કોઇના દ્વારા કંઇ પણ પરેશાન કર્યા વિના પોતાની મેળે સુખ

સંયોગ અર્થે કે કષાયોના કારણે આર્તધ્યાન, રૌદ્રધ્યાન, સંકલ્પ-વિકલ્પ કરીને કર્મબંધ કરવો તે. **(૯) માન ક્રિયા=** પોતાના જાતિ, કુળ, બળ આદિનું અભિમાન કરીને અન્યનો તિરસ્કાર, બદલો કરવાથી માન પ્રત્યયિક ક્રિયા લાગે છે. **(૧૦) મિત્રદોષ ક્રિયા=** હિતૈષી મિત્ર વગેરેને મહાદંડ દેવાથી, મિત્ર દ્વેષ પ્રત્યયિક ક્રિયા લાગે છે. જેમ કે– પારિવારિક વ્યક્તિ કે મિત્ર વગેરેના લઘુતમ અપરાધમાં પણ ક્રૂર દંડ દેવાથી. (ગરમ કે ઠંડા પાણીમાં ડૂબાડવું, અગ્નિથી શરીર બાળવું, ચાબુકથી મારવું વગેરે.) **(૧૧) માયા ક્રિયા=** કપટયુક્ત પ્રવૃત્તિઓ કરવાથી માયા પ્રત્યયિકી ક્રિયા લાગે છે. જેમ કે– પોતે અન્ય હોવા છતાં પોતાને અન્ય મનાવે(ગોશાલકવત્). કોઈ વાત પૂછવા પર અન્ય જ કંઈ જવાબ આપે. આર્ય હોવા છતાં પણ અનાર્ય ભાષા બોલે. કહેવું કંઈક હોય અને કહે કંઈક બીજું જ, પાપકૃત્ય કરીને છુપાવે. **(૧૨) લોભ ક્રિયા=** ઈન્દ્રિય વિષયોની લોલુપતાથી, કામભોગોના સેવનથી તેમજ વ્રત-પ્રત્યાખ્યાન રહિત આસક્તિપૂર્વક જીવન વ્યતીત કરવાથી લોભ પ્રત્યયિક ક્રિયા લાગે છે. **(૧૩) ઈર્યાપથિકી ક્રિયા=** કષાયોના અભાવમાં જે સામાન્ય યોગજન્ય જે પ્રવૃત્તિ વીતરાગી મહાત્માઓથી થાય છે. તેનાથી આ ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, આ ક્રિયાથી બે સમય માત્રના લઘુતમ શાતા વેદનીય કર્મનો બંધ થાય છે, જે સ્વતઃ એક સમયમાં વેદન થઈને નષ્ટ થઈ જાય છે.

**પ્ર.૩ : પ્રથમ પ્રકારના ધર્મ અધર્મ મિશ્ર પક્ષમાં કોણ છે ?**

**જવાબ :** (૧) પ્રથમ અધર્મપક્ષ વિકલ્પમાં હિંસક, ક્રૂર, ભોગાસક્ત, ધર્મ પ્રત્યે દ્વેષયુક્ત આચાર-વિચારવાળા પુરુષ. (ર) દ્વિતીય ધર્મ પક્ષ વિકલ્પમાં– શુદ્ધ સંયમી કે ધર્મી પુરુષ. (૩) તૃતીય મિશ્ર પક્ષ વિકલ્પમાં– અજ્ઞાન તપસ્વી, કંદમૂળ ભક્ષક તાપસ વગેરે મિથ્યામતના સાધક પુરુષ.

**પ્ર.૪ : દ્વિતીય પ્રકારના અધર્મ, ધર્મ, મિશ્ર વિકલ્પમાં કોણ છે ?**

**જવાબ :** (૧) પ્રથમ અધર્મ વિકલ્પમાં પૂર્વ પ્રશ્નોક્ત પહેલા ત્રીજા બંને વિકલ્પ-વાળા પુરુષ. (ર) દ્વિતીય ધર્મ વિકલ્પમાં શ્રમણ (૩) તૃતીય મિશ્ર વિકલ્પમાં શ્રમણોપાસક.

**પ્ર.પ : તૃતીય ધર્મ અધર્મ બે વિકલ્પ કરીને અધર્મ પક્ષવાળાઓને અહિંસાનો પાઠ કેવી રીતે ભણાવ્યો છે ?**

**જવાબ :** અહીં પ્રથમ વિકલ્પ રૂપ અધર્મપક્ષમાં ૩૬૩ પાખંડ મતને કહેલ છે અને બીજા વિકલ્પરૂપ ધર્મપક્ષમાં સ્વમતને કહેલ છે.

૩૬૩ પાખંડ મતવાળાઓને એક સભા હોલમાં એકત્રિત કરવાની કલ્પના





કરી છે. તેમાં સર્વ મિથ્યાધર્મ સંસ્થાપકોને મંડલાકાર બેસાડ્યા છે. એક પુરુષ એક વાસણમાં અંગારા ભરીને સાણસીથી પકડીને તે મંડલમાં ચાલતાં એક-એક ધર્મ પ્રવર્તકને હાથ સામે કરવાનું કહીને તેમાં અંગારા મૂકે તો તે દરેક ધર્મપ્રવર્તક હાથને પાછો ખેંચી લે. ત્યારે તે પુરુષ તે પ્રવર્તકને પૂછે– હાથ કેમ ખેંચી લીધો ? ઉત્તર મળે કે– હાથ દાઝી જાય. પ્રશ્ન– તો શું થાય ? જવાબ– દુઃખ થાય. ત્યારે તે પુરુષ કહે કે આના જેવું જ પ્રમાણ પ્રત્યેકને માટે છે. સર્વ જીવોને આપણી જેમ દુઃખ અપ્રિય છે. તેથી નાના, મોટા, સૂક્ષ્મ, બાદર કોઈ પણ પ્રાણીને કષ્ટ આપવું કે પ્રાણહીન કરવા એ ધર્મ તો નથી જ પરંતુ પાપ સ્પષ્ટ છે અને એવું કરવાથી પાપ ફળદાયી કર્મોનો બંધ થાય છે. જેનાથી જીવ ન ઈચ્છે તોપણ તે આ ભવ કે પરભવમાં દુઃખ પામે છે. માટે દુઃખથી મુક્ત થવાનો સાચો ઉપાય અહિંસા છે, જીવદયા છે. પ્રાણીમાત્રની સુરક્ષાના ઉત્તમ વિચાર-આચાર જ શ્રેષ્ઠ ધર્મ છે.

આ પ્રમાણે અહીં એ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં ક્યાંય પણ હિંસાની પ્રેરણા છે, ત્રસ સ્થાવર જીવોને પીડા પહોંચાડવાની પ્રવૃત્તિનો આદેશ, સંદેશ છે તે અધર્મ છે, મુક્તિ માર્ગ નથી, સંસાર ભ્રમણનો જ તે માર્ગ છે.

**પ્ર.૬ : અધ્યયનનો ઉપસંહાર કેવી રીતે કરવામાં આવ્યો છે ?**

**જવાબ :** અહિંસાનું નિરૂપણ અને આચરણ કરનાર મોક્ષ પ્રાપ્ત કરે છે. અંતમાં કહ્યું છે– ૧ર ક્રિયાઓમાં વર્તતો પ્રાણી મુક્ત થઈ શકતો નથી પરંતુ તેરમી ક્રિયામાં રહેનાર જીવ એક દિવસ અવશ્ય મુક્ત થઈ જાય છે. તેથી આત્માર્થી, આત્મહિતૈષી, આત્મરક્ષક, આત્મઅનુકંપક, આત્મગુપ્ત, આત્મયોગી અને આત્માનો ઉદ્ધાર કરવામાં લીન, પરાક્રમી પુરુષ ૧ર ક્રિયાઓથી આત્માને નિવૃત્ત કરી લે.

તાત્પર્ય એ છે કે ધર્મશીલ સાધક શ્રાવક હોય કે શ્રમણ હોય તેમણે આ ક્રિયાસ્થાનોને સારી રીતે સમજીને, તેનાથી બચવાનું પૂર્ણ લક્ષ્ય બનાવીને તેમાં સફળતા પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઈએ.

# અધ્યયન–૩ : આહાર પરિજ્ઞા

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** ઔદારિકના દસ દંડકવાળા જીવોની જન્મથી આહાર ગ્રહણ કરવાની વિધિનું પરિજ્ઞાન હોવાથી આ અધ્યયનનું સાર્થક નામ **આહાર પરિજ્ઞા** છે.

અહીં નારકી અને દેવતાના આહાર સંબંધી વર્ણન નથી. કારણ કે તેઓમાં આહાર સંબંધી વિશેષ ભિન્નતાઓ નથી. સૌ જન્મ સમયે ઉત્પત્તિ સ્થાનથી ઓજાહાર અને બાદમાં રોમાહાર ગ્રહણ કરે છે પરંતુ ઔદારિકના દસ દંડકોના આહારમાં અનેક વિશેષતાઓ જાણવા યોગ્ય છે. જે આ અધ્યયનનું ચિંતન-મનન પૂર્વક વાંચન કરવાથી સ્વતઃ જ્ઞાત થઈ જાય છે.

**પ્ર.૨ : ઔદારિક દંડકોના જે જીવોનું આહાર સંબંધી વર્ણન આ અધ્યયનમાં છે તે કયા ક્રમથી છે ? શું દંડકના ક્રમથી કે એકેંદ્રિય આદિના ક્રમથી ? અથવા અક્રમ છે, તો કેમ ?**

**જવાબ :** આ અધ્યયનનો વર્ણન ક્રમ આ પ્રકારે છે– (૧) વનસ્પતિ (૨) મનુષ્ય (૩) તિર્યંચ પંચેંદ્રિયમાં જલચર (૪) ચોપગા સ્થલચર (૫) ઉરપરિસર્પ (૬) ભુજપરિસર્પ (૭) ખેચર (૮) વિકલેંદ્રિય (૯) અપ્કાય (૧૦) તેઉકાય (૧૧) વાયુકાય (૧૨) પૃથ્વીકાય.

અનુશીલન કરવાથી એ જ્ઞાત થાય છે કે આ અધ્યયનની વર્ણન પદ્ધતિ ભગવતીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, જીવાભિગમસૂત્ર આદિની કોઈ પણ ક્રમ પદ્ધતિનું અનુસરણ કરતી નથી, બલ્કે સ્વતંત્ર અને અક્રમિક ઢંગથી છે. જેનું વાસ્તવિક કોઈ કારણ તર્કશક્તિથી પણ જ્ઞાત થવાનું કઠિન જેવું લાગે છે. તથાપિ એવી કલ્પના કરી શકાય છે કે ક્યારેક કોઈના પ્રમાદથી પણ એવો વ્યુત્ક્રમ બની ગયો હોય. જો એમ ન જ થયું હોય તો પછી એમ માનવું જ અવશેષ રહેશે કે– **सूत्राणा विचित्रा गतिः** । સૂત્ર રચનાકારને જે ગુંથણીમાં જ્યારે જે પદ્ધતિ ઉચિત ઉપયોગી અને કોઈ અજ્ઞાત કારણોથી પ્રાસંગિક લાગે, તે જ ક્રમ વિષય ગુંથણીનો કરી શકાય છે. એવી સ્થિતિમાં ક્રમ, અક્રમ બધું નિર્દોષ થઈ જાય છે અને ઈચ્છિત કોઈ પણ ક્રમ વ્યુત્ક્રમથી તે તત્ત્વ સંબંધી પરિજ્ઞાન તો થઈ જ જાય છે. અહીં પણ વનસ્પતિથી પ્રારંભ કરી પૃથ્વી સુધી વિષયને પૂર્ણ કરવાની વચ્ચે ત્રસ જીવોના આહારનું પરિજ્ઞાન છે તો પણ સર્વ મળીને દશ દંડકોના આહાર સંબંધી ઘણુખરૂં જ્ઞેયનો અનુપમ અનુભવ થઈ જાય છે. એથી જે પણ ક્રમ ઉપલબ્ધ છે તે જ્ઞાનવર્ધક જ છે. તેમાં કંઈ પણ હાનિ નથી. એમ માનીને સંતોષ કરવું એ જ સમાધાનકારક છે.

**પ્ર.૩ : ઉપરોક્ત ૧૨ જીવના આહાર સંબંધી જ્ઞાતવ્ય શું છે ?**

**જવાબ : વનસ્પતિ :–** (૧) વનસ્પતિમાં સર્વ પ્રથમ જે જીવ પૃથ્વી પર ઉત્પન્ન થાય છે તે પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે અર્થાત્ જેવી પણ તે પૃથ્વી સચેત કે અચેત છે અને જેવા પણ તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે છે તેના





સારને ખેંચીને બીજમાં આવનાર મુખ્ય જીવ અંકુરિત થાય છે. તેની નેશ્રામાં પછી મૂળ(જડ) અને કંદના જીવ આવીને ઉત્પન્ન થાય છે. તે પણ પૃથ્વીની અંદર હોવાથી પૃથ્વીનો સ્નેહ ખેંચીને આહાર ગ્રહણ કરે છે. ત્યાર પછી સ્કંધ આદિના જીવ પૃથ્વીના આહાર લેનાર મૂલ અને કંદના જીવોના સ્નેહનો આહાર ગ્રહણ કરે છે. એ ઉપરાંત બધા વનસ્પતિ વિભાગોના જીવ સ્વતંત્રપણે છકાય જીવોના સંયોગ અનુસાર આહાર કરે છે અને પોતાના શરીર રૂપે પરિણત કરે છે. આ પ્રકારની આહાર પદ્ધતિ અનુસાર અહીં વનસ્પતિ જીવોના ચાર પ્રકાર હોય છે– (૧) પૃથ્વીયોનિક વનસ્પતિ જીવ અર્થાત્ પૃથ્વીનો સ્નેહ ખેંચીને આહાર ગ્રહણ કરનારા(પૃથ્વીયોનિક વૃક્ષ) (૨) પૃથ્વીયોનિક વનસ્પતિ જીવોથી આહાર ગ્રહણ કરનાર વનસ્પતિ જીવ(પૃથ્વીયોનિક વૃક્ષમાં વૃક્ષ) (૩) વનસ્પતિયોનિક વનસ્પતિ જીવોથી ક્રમિક આહાર લેનાર વનસ્પતિ જીવ(વૃક્ષ યોનિક વૃક્ષમાં વૃક્ષ) (૪) વૃક્ષ યોનિક વૃક્ષથી આહાર લેનાર વનસ્પતિના ફળ–બીજ પર્યંતના દસ વિભાગોના વનસ્પતિ જીવ.

તાત્પર્ય એ છે કે પ્રત્યેક વનસ્પતિનો મુખ્ય જીવ એક હોય છે. જે સર્વત્ર વ્યાપ્ત હોય છે. તેના સિવાય તે વનસ્પતિના(વૃક્ષના) કણ-કણમાં જીવ હોય છે. તે પોતાનાથી પૂર્વના પૃથ્વીની દિશાવાળા જીવોથી સ્નેહ રૂપમાં આહાર ગ્રહણ કરે છે. તે ઉપરાંત પણ તે પોતાની ક્ષમતા સંયોગ અનુસાર છકાયાના જીવોમાંથી કોઈનો પણ આહાર કરી શકે છે.

(૨) વૃક્ષમાં કલમ કરીને તેમાં અન્ય કોઈ વનસ્પતિ રોપી શકાય છે. આ કલમ સ્કંધ શાખા પ્રશાખામાંથી કરી શકાય છે. તેને આગમ શબ્દોમાં **અધ્યારોહ** કહેલ છે. તે અધ્યારોહની આહાર પદ્ધતિ પણ ઉપર અનુસાર જ છે. માત્ર પ્રારંભ પૃથ્વી આહારને બદલે વૃક્ષથી શરૂ થાય છે. તેના પણ ચાર પ્રકાર છે– (૧) વૃક્ષયોનિક અધ્યારોહના વનસ્પતિ જીવ(વૃક્ષથી આહાર લેનાર) (૨) વૃક્ષયોનિક અધ્યારોહમાં વનસ્પતિ જીવ(વૃક્ષ યોનિક અધ્યારોહથી આહાર લેનાર (૩) અધ્યારોહ યોનિક વનસ્પતિ જીવોમાં વનસ્પતિ જીવ(અધ્યારોહ યોનિક અધ્યારોહ વનસ્પતિથી આહાર ગ્રહણ કરનાર) (૪) અધ્યારોહ યોનિક અધ્યારોહના વનસ્પતિ જીવોથી આહાર લેનાર ફળ, બીજ પર્યંતના દસ વિભાગોના જીવ. સ્નેહ ખેંચવા સિવાય તે પણ છકાય જીવોનો સંયોગ ક્ષમતાનુસાર આહાર કરે છે. આ જ પ્રમાણે– ઘાસ, ધાન્ય અને હરિયાળી (હરિતકાય) સંબંધી ૪–૪ આલાપક છે.

આ જ પ્રમાણે આય, કાય, કુહણા, ભૂંફોડા, સર્પછત્રા આદિ વનસ્પતિના આહાર સંબંધમાં કેવળ એક જ આલાપક સમજવો, ચાર નહિ.

(૩) પૃથ્વીની સમાન જળમાં પણ વૃક્ષ ઉત્પન્ન થાય છે. તે પૃથ્વીયોનિકને બદલે ઉદકયોનિક કહેવાય છે. તેના પણ ચાર આલાપક વૃક્ષના, ચાર અધ્યારોહના, ચાર તૃણના, ચાર ધાન્યના અને ચાર હરિયાળીના આલાપક થાય છે. આય, કાય વગેરેનો એક આલાપક જ થાય છે.

(૪) આ ઉપરોક્ત સ્થલજ, જલજ સર્વ વનસ્પતિ ભેદોની નેશ્રાથી ત્રસ જીવ ઉત્પન્ન થઇ શકે છે. તેઓ તે તે વનસ્પતિના સ્નેહનો આહાર કરે છે અને સંયોગાનુસાર છકાય જીવોનો પણ આહાર કરે છે.

**મનુષ્ય :–** માતા–પિતાના શુક્ર-શોણિતના મિશ્રણના સ્નેહનો સર્વ પ્રથમ આહાર કરે છે. પછી માતા દ્વારા કરવામાં આવેલ આહારથી ઉત્પન્ન રસના ઓજનો આહાર કરે છે. ગર્ભમાંથી બહાર આવ્યા પછી સ્તનપાનથી માતાના દૂધ અને સ્નેહ(ઘી)નો આહાર કરે છે. અનુક્રમે મોટા થયા પછી વિવિધ પ્રકારના આહાર અને છકાયનો આહાર કરે છે.

**તિર્યંચ પંચેંદ્રિય :–** મનુષ્યના વર્ણનની જેમ સમજવું. કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે છે– જલચર જીવ ગર્ભમાંથી બહાર આવ્યા પછી સ્તનપાન નથી કરતા પરંતુ જળના સ્નેહનો આહાર કરે છે. અનુક્રમે વૃદ્ધિ પામીને વનસ્પતિ અને ત્રસ સ્થાવર પ્રાણીઓનો આહાર કરે છે તેમજ છકાયના મુક્ત શરીરનો આહાર કરે છે. પક્ષી પણ સ્તનપાન નથી કરતા પરંતુ તે ગર્ભથી બહાર આવ્યા પછી પ્રારંભમાં માતાના શરીરના સ્નેહનો આહાર કરે છે. ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ પ્રારંભમાં વાયુના સ્નેહનો આહાર કરે છે.

**વિકલેંદ્રિય :–** વિકલેંદ્રિય જીવ ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત કે અચિત્ત શરીરમાં ઉત્પન્ન થાય છે અને તે જ શરીરના સ્નેહનો પ્રથમ આહાર કરે છે. થોડા સમય પછી(પર્યાપ્ત થયા પછી) યથા સંયોગ અન્ય ત્રસ-સ્થાવર પ્રાણીઓના શરીરમાંથી પણ આહાર પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત અશુચિમાં, પરસેવામાં, ગંદાસ્થાનોમાં અને ચર્મકીટ(કીડા) આદિરૂપમાં પણ ઉત્પન્ન થાય છે અને ત્યાંનો જ આહાર ગ્રહણ કરે છે.

**ચાર સ્થાવર :–** (૧) અપ્કાય– ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત-અચિત્ત શરીરમાંથી જ્યાં પોલાણ હોય, વાયુ હોય ત્યાં પાણીના જીવ ઉત્પન્ન થાય છે અને પછી તે અપ્કાયામાં અન્ય અપ્કાયના જીવ ઉત્પન્ન થાય છે. આમ (૧) ત્રસ-સ્થાવર યોનિક જલ (૨) જલયોનિક જલ. (૩) આ બંનેમાં ત્રસ જીવ ઉત્પન્ન થાય છે. પ્રારંભમાં સર્વ જીવ પોતાના ઉત્પત્તિ સ્થાનના સ્નેહનો આહાર કરે છે, પછી યથાયોગ્ય છકાય જીવોના શરીરનો આહાર કરે છે. વનસ્પતિની જેમ





પાણી સંબંધી ચાર આલાપક છે. (૧) ત્રસ-સ્થાવર યોનિક જલ જીવ (૨) ત્રસ-સ્થાવર યોનિક જલમાં જલ જીવ (૩) જલયોનિક જલમાં જલ જીવ (૪) જલ-યોનિક જલમાં ત્રસ જીવ.

(૨) અગ્નિકાય– ત્રસ-સ્થાવર પ્રાણીઓના સચિત્ત-અચિત્ત શરીરમાં કે તેના આશ્રયમાં અગ્નિના જીવ ઉત્પન્ન થાય છે અને તેના જ સ્નેહનો આહાર કરે છે. પછી તે અગ્નિમાં અન્ય અગ્નિકાયના જીવ અને ક્રમશઃ ત્રસ જીવ પેદા થાય છે. ચારે ય આલાપક પૂર્વવત્ સમજવા.

(૩–૪) વાયુકાય અને પૃથ્વીકાય– અગ્નિની જેમ જ વાયુ તથા પૃથ્વીના ચાર-ચાર આલાપક સમજવા.

અધ્યયનના અંતમાં ઉપસંહાર રૂપે કહ્યું છે કે આમ સંસારના સમસ્ત પ્રાણી કર્મવિપાક અનુસાર જન્મ-મરણ અને આહાર કરે છે. આ તત્ત્વને જાણીને મુમુક્ષુ સાધક આહારના વિષયમાં ગુપ્તિ કરે અથવા યોગ્ય સમિતિ કરે અને સંયમ-તપ દ્વારા મોક્ષની સાધનામાં સદા પ્રયત્નશીલ રહે.

**પ્ર.૪ : આ અધ્યયનમાં વારંવાર આવતા કઠિન શબ્દોના સ્પષ્ટાર્થ શું છે ?**

**જવાબ :** પ્રારંભના સૂત્રમાં આવેલ શબ્દોનો પ્રયોગ વારંવાર આગળના સૂત્રોમાં થયેલ છે. તેથી સર્વપ્રથમ તે સૂત્રના શબ્દોના અર્થ આપીને પછી અન્ય કઠિન શબ્દોના અર્થ કરીએ છીએ.

**तेसिं च ण** = તે ચાર પ્રકારની વનસ્પતિમાંથી, **अहाबीएण** = પોત-પોતાના યોગ્ય બીજથી, **अहावगासेण** = યોગ્ય ભૂમિ અને સમય આદિના સંયોગથી, **इह एगइया सत्ता**= આ સંસારમાં કેટલાક પ્રાણી, **पुढवि जोणिया**= જે પૃથ્વીયોનિક છે, **पुढविस भवा**= પૃથ્વીમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, **पुढविवक्कमा**= પૃથ્વીમાં વિકાસ કરનારા છે, **तज्जोणिया तस्स भवा तवक्कमा**= તે તે પ્રકારની યોનિ, ઉત્પત્તિ અને વિકાસની યોગ્યતાવાળા જીવ, **कम्मोवगा**= કર્માધીન, કર્મયુક્ત, **कम्मणियाणेण** = પોતાના કર્મો અનુસાર, **तत्थवकम्म**= પોતાને યોગ્ય ક્ષેત્રમાં આવીને, **णाणाविह जोणिएसु**= પોતપોતાને યોગ્ય વિવિધ યોનીઓની, **पुढवीसु** = પૃથ્વીમાં યથાસ્થાન પર, **ढक्खत्ताए**= વૃક્ષના રૂપમાં, **विउट्ट ति**= ઉત્પન્ન થાય છે, **ते जीवा..सिणेहमाहर ति**= તે જીવ તે અનેક પ્રકારની યોનિઓવાળી કોઇ એક પૃથ્વીના સ્નેહનો આહાર કરે છે અર્થાત્ કવલાહાર નહિ હોવાથી અને ઓજાહાર હોવાથી ઉત્પત્તિ સ્થાનના પુદ્ગલોમાંથી સત્ત્વ ખેંચી લે છે, **ते जीवा आहारेंति पुढविसरीर ..तस थावराण पाणाण** = તેના પછી પર્યાપ્ત થયા પછી તે જીવ સંયોગ અનુસાર

ત્રસ-સ્થાવર પ્રાણીઓના શરીરનો આહાર કરે છે, **अचित्त कुव्व ति**= પ્રથમ તે શરીરોને અચેત કરે છે, **परिविद्धत्थ त सरीरग** = જીવરહિત તે શરીરને, **पुव्वाहारिय** = જે પહેલાં ગ્રહણ કર્યું છે, **विपरिणय सारूवीकड** = વર્ણ આદિ બદલીને, પચાવીને પોતાના શરીર યોગ્ય કરી દીધેલ છે, **सत**= તે આહારને, **सव्वप्पणा आहारेंति**= સર્વાત્મના આહાર કરે છે અર્થાત્ એ પાચન થયેલ આહાર બધા આત્મ પ્રદેશોમાં પહોંચી જાય છે, **तेसिं पुढवि जोणियाण ढक्खाण सरीरा**= તે પૃથ્વીયોનિક વૃક્ષોનાં શરીર **अवरे वि य ण णाणा वण्णा**= અન્ય અનેક વર્ણ,ગંધ,રસ,સ્પર્શ અને સંસ્થાનવાળાં હોય છે, **णाणाविह सरीर पोग्गल विउव्वित्ता**= વિવિધ પુદ્ગલો વડે વિવિધ પ્રકારે શરીરોની સંરચના કરે છે. **ते जीवा**= તે જીવ, **कम्मोववण्णया**= કર્માનુસાર, કર્મયુક્ત ઉત્પન્ન એટલે કર્માનુસાર જન્મ ધારણ કરતા રહે છે, **अक्खाय** = એવું કહેવામાં આવ્યું છે, તીર્થંકરોએ કહ્યું છે.

**अज्झाढहत्ताए**= અધ્યારોહ રૂપમાં, વૃક્ષની ઉપર સ્વતઃ ઊગનારી વનસ્પતિ અને કલમ કરવાથી વૃક્ષ પર ઉત્પન્ન થનારી વનસ્પતિ, લતા વગેરેને અધ્યારૂહ કહેવામાં આવેલ છે.

**आयत्ताए...कूरत्ताए**= આય, કાય વગેરે એ દસ ભેદ છે. તે કુહણા જાતિના દસ નામ પ્રજ્ઞાપના સૂત્રમાં બતાવ્યા છે. અહીંના નામોમાં કંઈક ફરક છે. રાજસ્થાની ભાષામાં એ બધા ભૂંફોડા કહેવાય છે. *(પ્રજ્ઞાપના વૃત્તિમાં અને લાડનૂંના સૂયગડાંગ સૂત્રમાં.)*

**अणुसूयत्ताए**= આશ્રયમાં ઉત્પન્ન, નિશ્રામાં, **वायस सिद्ध** = વાયુથી નિષ્પન્ન, **वायस गहिय** = વાયુ દ્વારા સંગ્રહિત, **वायपरिगय** = વાયુમાં સ્થિત, **उड्ढवाएसु उड्ढभागी**= ઊર્ધ્વ વાયુમાં આકાશમાં વાદળોના રૂપમાં થનારા, **अहेवाएसु अहेभागी**= નીચે પૃથ્વીની અંદર જ્યાં વાયુ હોય ત્યાં નીચે પણ ઉત્પન્ન થાય છે. **तिरियवाएसु तिरियभागी**= ત્રિરછા લોકમાં જ્યાં પોલાણ છે ત્યાં વાયુ ઉત્પન્ન થાય છે.

## અધ્યયન–૪ : પ્રત્યાખ્યાન ક્રિયા

**પ્ર.૧ : આ અધ્યયનના નામની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં પ્રત્યાખ્યાન અને ક્રિયા સંબંધી નિરૂપણ છે એટલે કે પ્રત્યાખ્યાન કરવાથી પાપક્રિયા–આશ્રવ અટકી જાય છે. પ્રત્યાખ્યાન નહિ





કરવાથી પાપક્રિયા, અવ્રતક્રિયા લાગ્યા જ કરે છે; તેને સદષ્ટાંત સમજાવ્યું છે. આ રીતે અધ્યયનનું નામ પૂર્ણ સાર્થક છે.

**પ્ર.૨ : પ્રત્યાખ્યાનનું તાત્પર્ય શું છે ?**

**જવાબ :** પ્રત્યાખ્યાનનો અર્થ છે– વિરતિ, ત્યાગ એટલે કે પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ, ઉપભોગ પરિભોગનો ત્યાગ, વિષયોનો ત્યાગ, વિષયાસક્તિનો ત્યાગ, આહારનો ત્યાગ વગેરે.

અપ્રત્યાખ્યાન અવિરતિ છે, આશ્રવ છે, કર્મ આગમનનો માર્ગ છે. કર્મ જ સંસાર છે, દુઃખજનક છે. પ્રત્યાખ્યાન વિરતિરૂપ સંવર છે. કર્મ આગમનના દ્વારને રોકે છે, કર્મબંધના અભાવમાં દુઃખ અને સંસારથી મુક્તિ થઈ જાય છે.

**પ્ર.૩ : કર્મબંધના સાધન તો મન, વચન, કાયા છે. શું પાપ કર્મ તેને જ લાગે છે કે જે મનથી ચિંતન કરી શકે છે, વચનથી બોલી શકે છે અને કાયાથી સંકલ્પપૂર્વક પ્રવૃત્તિ કરી શકે છે ?**

**જવાબ :** મન, વચન, કાયા કર્મબંધના સાધન હોવા છતાં પણ તેનું મૂળ કારણ અપ્રત્યાખ્યાન, અવિરતિ છે. એકેંદ્રિય જીવ પણ અઢાર પાપોથી અનિવૃત્ત છે, તેના સર્વ આશ્રવદ્વાર ખુલ્લા છે. તેને પ્રવૃત્તિરૂપ કર્મબંધ ન પણ હોય તોપણ અનિવૃત્તિરૂપ કર્મબંધ અવશ્ય થાય છે. એકેંદ્રિય આદિ જીવોમાં છકાયના જીવો પ્રત્યે પ્રત્યાખ્યાનાત્મક અવધક ચિત્ત જ્યાં સુધી ઉત્પન્ન નહિ થાય ત્યાં સુધી તે અવિરત હોય છે અને જે અવિરત છે, મિથ્યાત્વ ભાવિત છે તો તેને કર્મબંધ થાય. કારણ કે તેનું ચિત્ત નિરંતર અઢાર પાપો પ્રત્યે અવ્યક્તરૂપથી જોડાયેલું રહે છે. વિરતિ–પ્રત્યાખ્યાન કરવાથી તેની સમાપ્તિ થઈ શકે છે.

**પ્ર.૪ : પ્રત્યાખ્યાનના મહત્ત્વને સમજાવતા દષ્ટાંત કયા છે ?**

**જવાબ :** કોઈ વ્યક્તિએ રાજાને મારવાનો સંકલ્પ કર્યો. તે અવસરની પ્રતીક્ષા કરે છે. પ્રતીક્ષામાં ૧૦ વર્ષ વ્યતીત થઈ ગયા, અવસર મળ્યો નહિ. તે વ્યક્તિ રાજાનો અમિત્ર, વધક જ કહેવાશે, મિત્ર નહિ કહેવાય. સંકલ્પનો ત્યાગ નહિ કરવાથી તે ખાવા પીવા, એશ આરામના સમયે પણ વેરી–વધક જ મનાશે. જ્યારે તે વિચાર પરિવર્તનપૂર્વક તે સંકલ્પનો ત્યાગ કરી દે તો પછી તે વધક કે વેરી નહિ રહે.

સંસારના પ્રાણી સંજ્ઞી-અસંજ્ઞી અવસ્થાઓમાં ભ્રમણ કરતા રહે છે. એથી જે વર્તમાનમાં અસંજ્ઞી છે, જેને હિંસાજન્ય પ્રવૃત્તિ કે સંકલ્પ નથી; છતાં પણ તે હિંસા ત્યાગી નથી. પાપત્યાગના સંકલ્પથી યુક્ત થયા વિના ભૂતકાળના પાપમય સંકલ્પોની પરંપરા બંધ થતી નથી.

એક અસત્યભાષી ચાલાક વ્યક્તિ છે, અતિ જૂઠ બોલવામાં પ્રસિદ્ધ છે. તેની વાચા બંધ થવાથી તે મૂક બની ગયો. હવે બોલવાની પ્રવૃત્તિ ન હોવાથી તે અસત્યનો ત્યાગી નથી બની જતો. તેને સત્યવાદી પણ નહિ કહેવાય. તે જો અસત્યનો ત્યાગ કરી દે, વિરતિ પરિણામમાં સંકલ્પબદ્ધ થઈ જાય, મહાવ્રતધારી બની જાય તો સત્યવાદી, અસત્ય ત્યાગી કહી શકાશે. આ કારણે પાપ આશ્રવ રોકવા માટે જીવે અવિરતિમય ચિત્તનું પરિવર્તન કરી વિરતિમય પરિણામોમાં આવવું આવશ્યક છે.

રાજાની હિંસાના સંકલ્પવાળો પ્રતીક્ષાના સમયોમાં રાજાની કોઈ પણ પ્રકારની હાનિ નથી કરતો, છતાં પણ તે વધક કે અમિત્ર જ છે. તે જ પ્રમાણે જીવમાં પાપોના આચરણની યોગ્યતા બની રહે છે. જેથી તે અપ્રત્યાખ્યાન રૂપ ક્રિયાનો ભાગીદાર બને છે.

**પ્ર.૫ : જેને ક્યારેય જોએલ નથી, સાંભળેલ નથી, જાણેલ નથી, તેના પ્રત્યે હિંસક ચિત્ત કેમ ?**

**જવાબ :** જૈન સિદ્ધાંત અનુસાર જીવ સર્વ યોનીઓમાં ભ્રમણ કરે છે, તેથી તેના પૂર્વભવના પાપમય, ચિત્તના સંસ્કારની પરંપરા નષ્ટ થતી નથી. માટે કોઈ જીવ કોઈનો અણદેખ્યો નથી. તેથી વધક પરિણામોની પરંપરા ભવાંતરથી ચાલી આવે છે. જે પ્રમાણે રાજાની હિંસાનો સંકલ્પબદ્ધ વ્યક્તિ ગાઢ નિદ્રામાં સૂતો હોય તોપણ તેને અહિંસક કે રાજાનો મિત્ર તો નહિ કહી શકાય. તે જ પ્રમાણે એકેંદ્રિય વગેરે સર્વ જીવો વિરતિ પરિણામના અભાવમાં અવિરત છે અને અવિરત જીવ આશ્રવ–કર્માશ્રવ યુક્ત હોય છે.

**પ્ર.૬ : જ્યારે આપણે ક્યારે ય જૂઠ બોલતા નથી, કોઈ જીવને દુઃખ દેતા નથી, મારતા નથી, તો ત્યાગનો ઢોંગ અને અહંકાર કરીને આત્માને ભારે શા માટે બનાવવો ?**

**જવાબ :** આ પ્રકારના વિચારોથી વ્યક્તિ પોતે પોતાને નિષ્પાપ અને ત્યાગી હોવાનો જૂઠો વિશ્વાસ કરે છે, તે મોહકર્મના નશામાં સુપ્ત હોય છે. તે પાપ અને ત્યાગને સમજતો નથી અર્થાત્ પાપોના સૂક્ષ્મ-બાદર ભેદ-પ્રભેદોથી તે અનભિજ્ઞ છે અને ત્યાગ-વ્રતના મહિમા–મહત્ત્વથી અજાણ છે. સંસારનું નાનામાં નાનું પ્રાણી પણ પાપરહિત નથી. પૂર્વના ત્રીજા અધ્યયનમાં બતાવ્યું છે કે એકેંદ્રિય જીવ પણ ત્રસ-સ્થાવર પ્રાણીઓના પ્રાણોને વિધ્વસ્ત કરી તેના અચિત્ત શરીરનો આહાર કરે છે તો માનવીની તો વાત જ શી કરવી ! તેના જીવનમાં ડગલે ને પગલે જ્ઞાનીઓની દષ્ટિમાં અગણિત પાપ રહેલા છે. નિષ્પાપ જીવન તો સાચા





ત્યાગી, મહાવ્રતધારીનું હોઈ શકે છે. એથી સંસારી માનવે યથાશક્ય પાપોના, ઉપભોગના, એશઆરામના, ઈચ્છાઓના ત્યાગ-પ્રત્યાખ્યાન કરવા જ જોઈએ. પ્રત્યાખ્યાનનું ચિત્ત જીવને આશ્રવમુક્ત કર્મબંધમુક્ત બનાવી શકે છે. ત્યાગ-પ્રત્યાખ્યાનના ચિત્તથી અજ્ઞાન અને **મિથ્યાત્વ**=મિથ્યા વિચારોનો નાશ થાય છે, અનંત તીર્થંકરોએ, મહાપુરુષોએ પ્રત્યાખ્યાનને જીવનમાં ઉત્તરોત્તર સ્થાન આપ્યું છે. અવિરતિથી એટલે કે અપ્રત્યાખ્યાનથી જીવો પ્રત્યાખ્યાનમાં પહોંચીને જ વાસ્તવમાં જિનાનુયાયી બનીને આત્મવિકાસ સાધી શકે છે. વિરતિને અહં કે ઢોંગ કહેવો કે સમજવો, તે પણ અવિરતિ એટલે કે અપ્રત્યાખ્યાન સંબંધી જીવની અનાદિ ટેવનો પ્રભાવ છે. એવા જ અનાદિ અજ્ઞાનના ગુપ્ત નશામાં વ્યક્તિ પોતે પોતાને અધિક જ્ઞાની ત્યાગી અથવા અપાપી માનવાના ભ્રમમાં રહે છે. તેને જિનવાણીના અધ્યયનથી સૂક્ષ્મ, સૂક્ષ્મતમ અને સ્થૂલ સઘળા પાપોને સમજીને વાસ્તવિક અને પરિપૂર્ણ પાપત્યાગી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**પ્ર.૭ : આ અધ્યયનનો પરમાર્થ શું છે ?**

**જવાબ :** આત્મકલ્યાણના ઈચ્છુક સાધકોએ પાપ અને અવિરતિને જિનવાણી દ્વારા સારી રીતે સમજીને પાપોના સંપૂર્ણ ત્યાગી–વિરત બનવું જોઈએ. જ્યાં સુધી પૂર્ણ ત્યાગ ન થઈ શકે ત્યાં સુધી પોતાના જ્ઞાનનો વિકાસ કરીને **જેટલા શક્ય હોય** તેટલા પાપનો, પ્રવૃત્તિઓનો, ભોગ-ઉપભોગ સામગ્રીનો અને મોજ-શોખનો ત્યાગ કરવો જોઈએ. વિરતિમય પ્રત્યાખ્યાનમય ચિત્તની વૃદ્ધિ કરવી જોઈએ. અન્યથા અનાદિ પાપ અને ભોગ સંસ્કાર આત્મા પર પ્રભુત્વ જમાવીને તેને પોતે પોતાને અપાપી હોવાના ભ્રમમાં રાખી ખરેખર સદાને માટે પણ પાપી અને અવિરત બનાવી રાખશે. પાપ અને અવિરતનું પરિણામ સંસાર-ભ્રમણ અને દુઃખ છે. જ્યારે પ્રત્યાખ્યાનનું પરિણામ કર્મબંધ મુક્તિ અને સંસાર દુઃખ મુક્તિ છે.

## અધ્યયન–૫ : અનાચાર શ્રુત

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે અને તેની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનના વિભિન્ન નામ પ્રાપ્ત થાય છે. જેમાં આચાર-વિચાર સંબંધી વર્ણનના કારણે **આચાર શ્રુત** નામ પ્રસિદ્ધ છે. નિષિદ્ધ આચારોનું એટલે અનાચારોનું અધિકતાથી વર્ણન હોવાથી **અનાચાર શ્રુત** નામ છે તથા અણગાર

સંબંધી આચાર-વિચાર તેમજ અણગારનાં અનાચરણીય વચન વગેરેનું વર્ણન હોવાથી આ અધ્યયનનું નામ **અણગાર શ્રુત** પણ જોવા મળે છે.

**પ્ર.૨ : આ અધ્યયનનું વિષય વર્ણન શું છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં શ્રદ્ધા-પ્રરૂપણા, માન્યતા તથા ભાષાપ્રયોગ સંબંધી વિધિ-નિષેધાત્મક વર્ણન અત્યંત સરલ તથા સ્પષ્ટ ભાષામાં છે. તે સમસ્ત નિરૂપણમાં સાધકને એકાંતિક વાક્યપ્રયોગ નહિ કરવાની પ્રેરણા કરવામાં આવી છે અને આવશ્યક થતાં આગ્રહમુક્ત અનેકાંતિક વાક્ય પ્રયોગની સૂચના કરવામાં આવી છે, એમ સમજવું જોઈએ.

**પ્ર.૩ : આ અધ્યયનગત ભાષા સંબંધી અનાચરણોનો સાર શું છે ?**

**જવાબ :** (૧) આ લોક દ્રવ્યની અપેક્ષાએ શાશ્વત છે, નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત–અનિત્ય છે. (૨) તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષા સદા રહે છે, ભરત–એરવત ક્ષેત્રની અપેક્ષા તેઓનો વિયોગ થાય છે. (૩) સર્વ પ્રાણી જીવત્વની અપેક્ષા, આત્મતત્ત્વની અપેક્ષા સમાન છે; વર્તમાનભવ અથવા અવસ્થાની અપેક્ષા સમાન-અસમાન બંને પ્રકારના હોઈ શકે છે.

(૪) કેટલાક જીવ સદા કર્મબંધન યુક્ત જ રહેનારા છે અને કોઈ જીવ કર્મરહિત પણ હોઈ શકે છે. નાના-મોટા પ્રાણીની હિંસાથી ક્યારેક સમાન અને ક્યારેક હીનાધિક કર્મબંધ થઈ શકે છે એટલે કે સમિતિયુક્ત સાવધાની પૂર્વક પ્રવૃત્તિ કરવા છતાં પણ અચાનક નાના કે મોટા જીવની વિરાધના થઈ જાય તો તેનાથી ક્યારેક સમાન અને ક્યારેક અસમાન કર્મબંધ થાય છે. (૫) અગિયારમા, બારમા અને તેરમા એ ત્રણ ગુણ સ્થાનવર્તી જીવોને સમાન બંધ થાય છે, શેષ ગુણસ્થાનવર્તી જીવોને ક્યારેક સમાન અને ક્યારેક અસમાન એમ બંને પ્રકારના કર્મબંધ થાય છે.

(૬) આધાકર્મી આહાર-પાણી આદિ કોઈપણ વસ્તુનો ઉપયોગ કરનાર શ્રમણોમાંથી હેતુની શુદ્ધિ અથવા અશુદ્ધિના કારણે તેમજ અજાણતા અથવા ભૂલ આદિના કારણે ક્યારેક કોઈને પાપકર્મનો બંધ થાય છે, ક્યારેક કોઈને બંધ થતો નથી; એ સર્વજ્ઞોના જ્ઞાનનો વિષય છે. માટે છદ્મસ્થ સાધક આ વિષયમાં આગ્રહયુક્ત કથન કરી શકતા નથી.

(૭) ઔદારિક આદિ પાંચે ય શરીર પરસ્પર કથંચિત ભિન્ન હોય છે, કથંચિત અભિન્ન એકમેક થઈને રહે છે તથા પાંચે ય શરીરની શક્તિ સામર્થ્યમાં પણ વિભિન્નતા હોય છે.(અહીં પાંચ શરીરોમાંથી આદિ,મધ્ય અને અંતના ત્રણ શરીરનું કથન છે છતાં પણ ઉપલક્ષણથી પાંચે ય શરીરનું ગ્રહણ કરી લેવાય છે.)





(૮) લોક અને અલોક બંનેનું અસ્તિત્વ સ્વીકારવું જોઈએ. એમ જ લોકમાં જીવ-અજીવ, ધર્મ-અધર્મ, બંધ-મોક્ષ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, વેદના-નિર્જરા એ બધા તત્ત્વો છે, તેનો સ્વીકાર કરવો જોઈએ અર્થાત્ એનો નિષેધ નહીં કરવો જોઈએ. (૯) સંસારી જીવોને ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ હોય છે અને તેનું યથાયોગ્ય કર્મબંધ રૂપ ફળ પણ જીવોએ ભોગવવું પડે છે. (૧૦) ચાર ગતિ રૂપ સંસારનું અસ્તિત્વ છે, દેવ-દેવીઓ અને સિદ્ધ ભગવાનનું અસ્તિત્વ પણ લોકમાં છે અને સિદ્ધિસ્થાન રૂપ જીવોનું નિજ સ્થાન પણ લોકાગ્રે છે, એ સ્વીકારવું જોઈએ. (૧૧) લોકમાં સાધુ–સુસાધુ પણ હોય છે અને અસાધુ–કુસાધુ પણ હોય છે અર્થાત્ સાચુ સાધુપણું કોઈ પાલન કરી જ નથી શકતું, એવું નહીં બોલવું જોઈએ. (૧૨) સંસારમાં સારા કાર્ય આચરણ પણ છે, ખરાબ આચરણ પણ છે અને તેનું યથાયોગ્ય પરિણામ–ફળ પણ જીવને પ્રાપ્ત થાય છે, એમ સ્વીકારવું જોઈએ. કોઈ અજ્ઞાની લોકો પોતાને પંડિત માનીને એવું કથન કરે છે કે સારું ખરાબ એવા કોઈ ભેદ નહીં કરવા જોઈએ. જીવના સ્વભાવથી જે પ્રવૃત્તિ થઈ જાય તેને થવા દેવી જોઈએ. સહજભાવમાં વર્તતા રહેવું જોઈએ, સારા ખરાબના વિકલ્પોમાં અટવાવું જોઈએ નહીં. એવું કહેનારા કર્મબંધને સમજતા નથી. તેથી તે સ્વયં અજ્ઞાનદશા પૂર્વક યથેચ્છ મનમાની પાપ પ્રવૃત્તિ કરે છે અને અન્યને પણ સ્વચ્છંદવૃત્તિમાં જોડે છે. એવા પ્રાણી વ્રતપ્રત્યાખ્યાન કે આત્મ-સાધના, ઈંદ્રિયનિગ્રહ, કષાય વિજય વગેરે કંઈ પણ નહીં કરતાં મિથ્યાત્વ અજ્ઞાનને કારણે દુર્ગતિના ભાગીદાર બને છે.

વાસ્તવમાં અનાદિકાળથી સંસારના પ્રવાહમાં પ્રવહમાન જીવોને પાપાચરણ પરિચિત થઈ જાય છે. તેને જ્ઞાનીઓની સંગતિથી સમજવા જોઈએ અને અનાદિ કુટેવોનો, કુસંસ્કારોનો વિવેકપૂર્વક ત્યાગ કરવો જોઈએ. તાત્પર્ય એ છે કે જીવને નિરંકુશ નહીં છોડીને જ્ઞાનરૂપ અંકુશમાં રાખીને જિનેશ્વરો દ્વારા બતાવેલ માર્ગનું અનુસરણ કરીને આત્મસાધના, સંયમસાધના, આરાધના યુક્ત જીવન જીવવું જોઈએ; ત્યારે જ આત્મકલ્યાણ અને મોક્ષપ્રાપ્તિ સંભવ બને છે.

(૧૩) સંસારના સમસ્ત પદાર્થ જેવા છે તેવા જ રહે છે, તેનામાં પરિવર્તન થવું તે માત્ર ભ્રમ છે; આ કથન પણ અજ્ઞાન ભરેલું છે. વાસ્તવમાં પ્રત્યેક પદાર્થોના પર્યાયોની અવસ્થાઓનું પરિવર્તન થતું રહે છે. (૧૪) જગતમાં સુખ-દુઃખ બંને છે, સુખી દુઃખી બંને પ્રકારના પ્રાણી છે, એમ સમજવું જોઈએ પરંતુ સર્વાત્મા દુઃખી જ છે, કોઈ સુખી છે જ નહીં એવું કથન નહીં કરવું જોઈએ. (૧૫) સર્વ જીવ પોતાના આયુષ્ય પ્રમાણે જીવે-મરે છે એથી કોઈ પણ પ્રાણીને મારવાથી

કંઈ નહિ થતું; એવું કથન કરવું જોઈએ નહીં. કારણ કે કોઈ પણ પ્રાણીના પ્રાણોને નષ્ટ કરવા એ હિંસા છે, પાપ છે; તે અઢાર પાપોમાં પ્રથમ પાપ છે. પોતાના પાપના પરિણામ અને પાપની પ્રવૃત્તિથી જીવને કર્મબંધ થાય છે અને કર્મ જ દુઃખનું મૂળ છે, સંસાર છે. (૧૬) કોઈ પાપી અપરાધી પ્રાણી રાજદંડથી મૃત્યુ-દંડ પામે, તેને 'એ અવધ્ય છે, મારવા યોગ્ય નથી' એવા વ્યવહાર વિપરીત વચન પણ સાધુએ બોલવા જોઈએ નહીં પરંતુ મૌન રહીને તત્સંબંધી ચિંતનથી મુક્ત રહીને પોતાની સાધનામાં લીન રહેવું જોઈએ. કદાચિત્ વૈરાગ્યપૂર્ણ અનુકંપાના ભાવોને ઉપસ્થિત કરીને સંસાર ભાવનાના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ. (૧૭) જિનાજ્ઞાનુસાર સંયમનું યથાર્થ પાલન કરનાર સુસાધુઓને, પોતાની અજ્ઞાનતાથી કે મલીન વિચારોથી 'એ તો ઢોંગી છે, કપટ ક્રિયા કરનાર છે.' એવી માન્યતા, વિચારધારા નહીં રાખવી જોઈએ અને એવા વચન પણ પ્રયોગ કરવા જોઈએ નહીં. (૧૮) કોઈ પણ પ્રકારની ભવિષ્યવાણી રૂપ કથન પણ સાધુએ નહીં કરવું જોઈએ, જેમ કે– અમુક વ્યક્તિ પાસેથી દાન દક્ષિણા પ્રાપ્ત થશે અથવા પ્રાપ્ત નહીં થાય. કારણ કે બંને વ્યક્તિઓના અંતરાય કર્મના ક્ષયોપશમ અનુસાર જ કાર્ય થાય છે, તેને સર્વજ્ઞ જ જાણી શકે છે. જેથી છદ્મસ્થને એવા કથન કરવામાં ક્યારેક મિથ્યા કથનનો દોષ લાગી શકે છે, માટે આ પ્રકારના ભાવિ વિષયક કથનથી સાધુએ દૂર જ રહેવું જોઈએ.

**પ્ર.૪ : આ અધ્યયનના ઉપસંહારમાં શું કહ્યું છે ?**

**જવાબ :** ઉપર કથિત બધા વિષયોમાં જેવી આગમ આજ્ઞા છે, જેવો જિનેશ્વર ભગવંતોનો ઉપદેશ કે આદેશ છે તદનુસાર જ પોતાની શ્રદ્ધા-પ્રરૂપણા અને આચરણ તેમજ ભાષાપ્રયોગ કરવા જોઈએ અને એવો જ વિવેક વ્યવહાર અને શુદ્ધ સંયમ અનુષ્ઠાન સાધકે મોક્ષ પ્રાપ્તિ પર્યંત નિરંતર કરતા રહેવું જોઈએ. આ પ્રકારની શિક્ષા અધ્યયનની અંતિમ તેત્રીસમી ગાથામાં આપી છે.

## અધ્યયન–૬ : આર્દ્રકીય

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે અને તેની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનમાં રાજકુમાર આર્દ્રક સંબંધી વર્ણન હોવાથી તેનું નામ **આર્દ્રકીય** પ્રસિદ્ધ છે.

**પ્ર.૨ : આ અધ્યયનમાં આર્દ્રકુમાર સંબંધી કયો વિષય છે ?**

**જવાબ :** આ અધ્યયન પદ્યમય છે. જેમાં દીક્ષિત આર્દ્રમુનિ સાથે ગોશાલક, બૌદ્ધ, વેદાંતિક, સાંખ્ય તથા હસ્તિતાપસ વગેરે દ્વારા થયેલી ચર્ચા એટલે કે સવાલ-જવાબ છે.





**પ્ર.૩ : શું આર્દ્રકમુનિનો જીવન પરિચય આ અધ્યયનમાં છે ?**

**જવાબ :** અધ્યયનની પંચાવન ગાથાઓમાં માત્ર તાત્ત્વિક સંવાદ જ છે, જેમાં આર્દ્રકમુનિનું નામ સંબોધન રૂપમાં ઉપલબ્ધ છે. તે સિવાય તેના જીવન સંબંધી વર્ણન આ અધ્યયનની નિર્યુક્તિ, ભાષ્ય આદિ વ્યાખ્યાઓમાં છે, મૂળપાઠમાં નામ સિવાય કોઈ પણ સંકેત નથી.

**પ્ર.૪ : નિર્યુક્તિ ભાષ્ય આદિમાં આર્દ્રકમુનિનો જીવન વૃતાંત કેવા પ્રકારે વર્ણિત છે ?**

**જવાબ :** વ્યાખ્યાઓમાં આર્દ્રકમુનિના વર્તમાન ભવ તથા પૂર્વભવનું વર્ણન છે. પૂર્વ ભવમાં તેઓ 'સામાયિક' નામના શ્રાવક હતા. પત્ની સહિત તેઓએ સમંતભદ્ર આચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી હતી. સંયમમાં વિચરણ કરતાં એક સમયે પત્ની સાધ્વી પ્રત્યે મોહભાવ ઉત્પન્ન થયો પરંતુ સાવધાન બની બંનેએ સંથારો કરી દસમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને બંનેએ ભરતક્ષેત્રમાં જન્મ લીધો. અનાર્યક્ષેત્રમાં આર્દ્રક રાજકુમાર થયા અને તેની પત્ની આર્યક્ષેત્રમાં શ્રેષ્ઠી પુત્રી બની. આર્દ્રકના પિતાની શ્રેણિક રાજા સાથે મિત્રતા હતી. પ્રસંગવશ આર્દ્રકે શ્રેણિકપુત્ર અભયકુમાર સાથે મિત્રતા કરી. તેમને અભયકુમારે સામાયિકના ઉપકરણો ભેટ મોકલ્યા. જેમાંથી આર્દ્રકને જાતિસ્મરણ જ્ઞાન થયું અને દીક્ષા લેવાના ભાવ દઢ થઈ ગયા. પિતાની સ્વીકૃતિ મળવાની આશા નહિ હોવાથી અશ્વશાળામાંથી ઘોડો લઈને આર્દ્રક આર્ય ક્ષેત્રમાં પહોંચીને સ્વયં દીક્ષા લઈને વિચરવા લાગ્યા. એકવાર સંયમથી પતિત થઈ ભોગાવલી કર્મના ઉદયથી પૂર્વભવની પત્ની અને વર્તમાનમાં શ્રેષ્ઠીપુત્રી કામમંજરી સાથે દાંપત્યજીવન સ્વીકાર્યું. કાલાંતરમાં પુત્ર જન્મ પછી પુનઃ સ્વતઃ દીક્ષા લઈને એકાકી વિચરણ કરતાં ૫૦૦ વ્યક્તિઓને પ્રતિબોધિત કર્યા અને દીક્ષિત કરીને ભગવાન મહાવીર સ્વામીની સેવામાં પહોંચવાના લક્ષ્ય સાથે વિહાર કર્યો. એ જ વિહાર ક્ષેત્રોમાં ગોશાલક આદિથી થયેલી ચર્ચા આ અધ્યયનમાં વર્ણિત છે.

**પ્ર.૫ : ગોશાલક આદિએ કયા વિષયમાં ચર્ચા કરી ?**

**જવાબ :** ગોશાલકે ભગવાન મહાવીર સ્વામીના જીવનચર્યાને લઈને મનઘડંત દોષારોપણ કર્યા. જેમ કે– (૧) મહાવીર પહેલાં એકલા રહેતા હતા, હવે અનેક શિષ્યોને સાથે રાખે છે. (૨) પહેલાં મૌન રાખતા હતા, હવે પરિષદમાં

વ્યાખ્યાન આપે છે. (૩) પહેલાં કઠોર તપ કરતા હતા, હવે તપસ્યા કરતા નથી. (૪) આ પ્રમાણે મહાવીરે પૂર્વાપર વિરોધી આચરણ સ્વીકાર કરેલ છે. એથી તેઓ અસ્થિર ચિત્તવાળા છે.

**સમાધાન :–** આર્દ્રક મુનિએ કહ્યું કે– આત્મશુદ્ધિ માટે ભગવાને પહેલાં તપ, ધ્યાન, એકાંત અને મૌન સાધના સ્વીકારી હતી. હવે કેવળજ્ઞાન પ્રાપ્તિ અને તીર્થંકર નામ કર્મના ઉદયથી જગજીવોના કલ્યાણ અર્થે પ્રવચન આપવા અને શિષ્ય સમુદાયમાં રહેવાનું સ્વીકાર્યું છે. ભગવાન પહેલાં અને હમણાં બંને અવસ્થામાં સમભાવોમાં જ લીન રહે છે. તેમના વિરોધભાવ ઉત્પાદક મોહ કર્મ અને અજ્ઞાન કર્મ ક્ષય થઈ ચૂક્યા છે. તેથી તેઓ જનકલ્યાણ અર્થે હજારો શિષ્યો અને સંઘ સમુદાયમાં રહેવા છતાં પણ એકત્વભાવમાં જ રમણ કરે છે.

**ગોશાલક :–** સચિત્ત જલ, સચિત્ત બીજ, આધાકર્મી આહાર અને સ્ત્રીઓનું સેવન કરવા છતાં પણ જો એકાંતસેવી તપસ્વી સાધક હોય તો તેને અમારા ધર્મમાં પાપ લાગતું નથી.

**આર્દ્રક મુનિ :–** એવું આચરણ કરનાર તો ગૃહસ્થ હોય છે, શ્રમણ નહિ. સ્ત્રીસેવન આદિ કરનારને જો શ્રમણ કહેશું તો ગૃહસ્થ પણ શ્રમણ કહેવાશે. વાસ્તવમાં એમ કરનાર પોતાના શરીર અને ઈચ્છાઓનું પોષણ કરે છે, તેઓ કર્મોનો અંત કરનારા હોતા નથી.

**ગોશાલક :–** એવું બોલીને તો તમે સર્વ ધર્મ સિદ્ધાંતવાળાની નિંદા કરો છો ?

**આર્દ્રક મુનિ :–** અમે કોઈની વ્યક્તિગત નિંદા નથી કરતા, પરંતુ એકાંતિક તથા પાપકારી દષ્ટિની માત્ર નિંદા કરીએ છીએ. અમે સંસારના નાના-મોટા સર્વ પ્રાણીઓ પ્રત્યે અહિંસાભાવમાં રહીને પાપને અને પાપકારી સિદ્ધાંતને ત્યાજ્ય બતાવીએ છીએ પરંતુ સંસારના કોઈ પણ પ્રાણી પ્રત્યે વેર-વિરોધ ભાવથી કોઈ વ્યક્તિની નિંદા અમે કરતા નથી. અમારો ઉદ્દેશ્ય માત્ર સત્ય ધર્મને પ્રગટ કરવનો જ છે.

**ગોશાલક :–** મહાવીર તો ડરપોક છે, તે ધર્મશાળા આદિ સાર્વજનિક સ્થાનોમાં નથી રોકાતા. કારણ કે ત્યાં અનેક વિદ્વાન વિચક્ષણ લોકો સાથે ચર્ચા વાર્તા થાય છે.

**આર્દ્રક મુનિ :–** ભગવાન સર્વજ્ઞાતા સર્વદષ્ટા છે. મોહકર્મને નષ્ટ કરી ચૂક્યા છે. તેઓને ક્યાંય પણ કોઈ પણ ભય હોતો નથી. તેઓને જ્ઞાનથી જેવી સ્પર્શના અને લાભની સંભાવના દેખાય છે તેવું આચરણ કરે છે. કોઈ પણ સ્થાનમાં રહેવું કે ન રહેવું, એવો તેઓનો કોઈ સંકલ્પ હોતો નથી.





**ગોશાલક :–** લાભ જોઈને પ્રવૃત્તિ કરનાર મહાવીર તો વણિક સમાન છે.

**આર્દ્રક મુનિ :–** ભગવાન તો સાચા આત્મસાધક અને વીતરાગી પુરુષ છે. વણિક તો ધનના સ્વાર્થી બનીને અનેક પાપાચરણ કરનાર ગૃહસ્થ હોય છે. એથી ભગવાનને વણિક તુલ્ય તો તમારા જેવા પોતાના આત્માને દંડ દેનાર જ કહી શકે છે. સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ ભગવાનને વણિક તુલ્ય કહેવા એ પોતાની જ અજ્ઞાનતા અને વિષમભાવનું પ્રકટીકરણ છે.

આમ ગોશાલક ઈચ્છા હોવા છતાં પણ આર્દ્રક મુનિને પોતાની તરફ આકર્ષિત ન કરી શક્યો અને ભગવાન પ્રત્યે વિક્ષુબ્ધ ન કરી શક્યો. ત્યાર પછી વિહાર કરતા આર્દ્રક મુનિને બૌદ્ધ શ્રમણ મળ્યા.

**બૌદ્ધ ભિક્ષુક :–** અમારા સિદ્ધાંત અનુસાર ભાવોથી જ પાપકર્મ લાગે છે. જેમ કે કોઈ વ્યક્તિ ખોલ(ખલ)પિંડને મનુષ્ય સમજીને છેદન-ભેદન કરે અથવા પકાવે અથવા તુંબડાને બાળક સમજીને છેદન-ભેદન વગેરે ક્રિયા કરે તોપણ તે પાપકર્મથી ખરડાય છે. તેનાથી વિપરીત કોઈ પુરુષને ખલપિંડ સમજીને અને બાળકને તુંબડું સમજીને છેદન-ભેદન વગેરે ક્રિયા કરે છે તોપણ તે પાપકર્મથી ખરડાતો નથી અને તે માંસપિંડ પણ પવિત્ર હોવાથી બૌદ્ધ શ્રમણો માટે ભક્ષ્ય ગણાય છે. જે ૨૦૦૦ બૌદ્ધ સ્નાતક ભિક્ષુઓને ભોજન કરાવે તે મહાન પુણ્ય ઉપાર્જન કરીને ઋદ્ધિ સંપન્ન દેવ બને છે.

**આર્દ્રક મુનિ :–** આપના આ સિદ્ધાંત સંયમી પુરુષોને માટે સર્વથા અયોગ્ય છે. જૈન શ્રમણ અને શ્રમણોપાસક પ્રત્યેક કાર્ય સંભાળીને ઉપયોગપૂર્વક વિવેકની સાથે જ કરે છે. વિવેકી પુરુષ બાળકને તુંબડું સમજીને મારવા કાપવાનું કરી પણ ન શકે અને જીવંત માનવને કોઈ ખોલપિંડ સમજીને કાપે, પકાવે તો તે પુરુષ ધર્મી નહીં હોય પરંતુ અવિવેકી, નિર્દયી અને મહાપાપી પ્રાણી જ એવી અજ્ઞાનતા કરી શકે છે. અમારા સિદ્ધાંત અનુસાર એવા અનાર્ય વચન બોલવા અને સાંભળવા પણ બોધિબીજના એટલે કે ભવ-ભવાંતર સુધી ધર્મ પ્રાપ્તિના નાશક છે. બે હજાર સ્નાતકોને માંસનું ભોજન કરાવનાર તો રક્તરંજિત હાથ-વાળો લોકમાં નિંદિત થાય છે. જૈનશ્રમણ તો સમસ્ત જીવોની દયા હેતુ ઉદ્દિષ્ટ ભક્ત(સાધુને માટે બનાવેલ ભોજન)નો ત્યાગ કરે છે. ૪૨ દોષ ટાળીને નિષ્પાપ ભિક્ષા ગ્રહણ કરે છે. નિર્ગ્રંથધર્મની પ્રવ્રજ્યા રૂપ સમાધિમય આચારમાં ઉપસ્થિત મુનિ સૂક્ષ્મ-સ્થૂલ સંપૂર્ણ હિંસાનો ત્યાગ કરે છે અને આ લોકમાં પણ યશ-કીર્તિ પ્રાપ્ત કરે છે અને પરલોકના આરાધક બને છે.

**વેદવાદી બ્રાહ્મણો :–** ત્યાર પછી વિચરણ કરતા આર્દ્રકમુનિને વેદવાદી બ્રાહ્મણો

મળ્યા અને તેઓ કહેવા લાગ્યા કે અમારા મત અનુસાર હંમેશાં ૨૦૦૦ સ્નાતક બ્રાહ્મણોને ભોજન કરાવનાર વ્યક્તિ મહાન પુણ્યનું ઉપાર્જન કરી દેવ બને છે.

**આર્દ્રક મુનિ :–** દયાપ્રધાન ધર્મની નિંદા કરનાર અને હિંસાપ્રધાન ધર્મની પ્રશંસા કે પ્રેરણા કરનાર અને અનેક પાપકાર્યોની પ્રેરણા કરનાર એવા એક પણ બ્રાહ્મણને ભોજન કરાવવું આત્માને અંધકારમાં લઈ જવા બરાબર છે. એથી દેવલોકમાં જવાની વાત યોગ્ય નથી. બ્રાહ્મણ જાતિમાં જન્મ માત્રથી કોઈ મહાન થઈ જતું નથી. જે બ્રહ્મચર્ય, અહિંસા આદિ ધર્મોનું આચરણ કરે છે તે કોઈ પણ જાતિનો વ્યક્તિ પોતાના સંસ્કારોથી મહાન બની શકે છે. એથી જાતિનું અર્થાત્ બ્રાહ્મણ કુળનું માન અભિમાન કરવું યોગ્ય નથી.

**સાંખ્યમતવાદી :–** તેના પછી વિહારમાં આર્દ્રકમુનિને સાંખ્યમતવાળા મળ્યા. તેઓ કહેવા લાગ્યા કે આપનો અને અમારો ધર્મ તો આચારમાં અને આત્મ-તત્ત્વનું સ્વરૂપ સ્વીકાર કરવામાં સમાન છે. અર્થાત્ અમારા મતમાં આચાર-શીલ જ સાચો જ્ઞાની માનેલ છે, આત્માને અમે પણ અરૂપી નિત્ય માનીએ છીએ. ચાર ગતિરૂપ સંસાર–લોક સ્વરૂપમાં પણ અમારૂં અને આપનું કથન સમાન છે.

**આર્દ્રક મુનિ :–** આપના મતમાં આત્માને એકાંત નિત્ય અને સર્વલોક વ્યાપી માનવામાં આવે છે. જેનાથી આત્મામાં સુખ-દુઃખ જન્મ-મરણ અને વિવિધ યોનીઓમાં આવાગમન તથા કર્મબંધ વગેરે સિદ્ધ થઈ શકતું નથી. કેવળજ્ઞાન દ્વારા પદાર્થોને જાણ્યા વિના જે કોઈ વ્યક્તિ સ્વમતિથી ધર્મનું નિરૂપણ કરે છે તે સત્ય ધર્મતત્ત્વનો પ્રકાશ કરી શકતા નથી. માટે સર્વજ્ઞો દ્વારા બતાવવામાં આવેલ ધર્મને તથા છદ્મસ્થો દ્વારા બતાવેલ ધર્મને આપનું સમાન કહેવું તે યોગ્ય નથી અને એ જ કારણે આપના અને અમારા આચરણમાં પણ અત્યધિક વિભિન્નતા છે. એવા ભિન્ન ધર્મોને એકરૂપ કહેવું કદાપિ ઉચિત નથી.

**હસ્તિ તાપસ :–** ત્યાર પછી આર્દ્રક મુનિને હસ્તિ તાપસ મતાવલંબી મળ્યા. તેઓએ કહ્યું કે અમારી માન્યતા અનુસાર શેષ સમસ્ત જીવોની રક્ષા દયાને માટે વર્ષભરમાં માત્ર એક હાથીને મારીને તેના માંસથી વર્ષભર આજીવિકા ચલાવવાની હોય છે.

**આર્દ્રક મુનિ :–** આપનું આ કથન અને માન્યતા અસત્ય તથા અજ્ઞાન ભરેલ છે. કારણ કે એક પંચેંદ્રિય વિશાળકાય હાથીને મારવો, એ પણ સ્વાર્થવશ ક્રૂરતા ભરેલ વ્યવહાર છે. તેમાં જીવદયા–અનુકંપાનો અંત કરી દેવાય છે. તે કલેવરમાં વર્ષભર સંમુચ્છિર્મ જીવો ઉત્પન્ન થયા જ કરે છે. માંસને પકાવીને





ખાવામાં પૃથ્વી, પાણી, અગ્નિ આદિ અન્ય અનેક છકાય જીવોની હિંસા તો થઈ જ જાય છે. આમ અન્ય જીવોની દયા પણ થતી નથી તથા હાથી જેવા પ્રાણીને મારવો એ તો સ્પષ્ટ જ અનાર્યપણું છે. સાથે જ માંસાહારની લોલુપતા નરકગતિ પ્રાપ્ત કરાવનાર છે. એવો આપનો ધર્મ અજ્ઞાન ભરેલો અને દુર્ગતિ-દાયક છે. એ આત્મકલ્યાણનો સાચો રસ્તો નથી.

**પ્ર.૬ : ઉપરોક્ત ચર્ચાઓનો સાર શું છે ? અને અધ્યયનનો ઉપસંહાર શું છે ?**

**જવાબ :** આર્દ્રક મુનિ જાતિ સ્મરણ જ્ઞાનના કારણે શુદ્ધ વીતરાગ ધર્મમાં સ્થિર બની ચૂક્યા હતા. અંતમાં ભગવાન મહાવીરની સેવામાં પહોંચીને પોતાનું આત્મકલ્યાણ કરી લીધું. અન્યાન્ય દાર્શનિકોના અભિપ્રાયોને જોતાં એ સ્પષ્ટ થાય છે કે વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી પ્રભુએ ઉપદેશેલ ધર્મ જ નિર્દોષ તથા પૂર્ણ શુદ્ધ ધર્મ છે. છદ્મસ્થો દ્વારા ચલાવેલ ધર્મ અપૂર્ણ અને દોષયુક્ત હોય છે. એથી આત્મકલ્યાણની અભિલાષાવાળા સાધકોએ અન્ય સમસ્ત તર્ક-વિતર્ક છોડીને કેવલી પ્રરૂપિત ધર્મ સ્વીકારીને પોતાની શક્તિ અનુસાર તે જ ધર્મમાં ઓતપ્રોત રહેવું જોઈએ. વર્તમાન સમયમાં વીતરાગ ધર્મમાં પણ અનેક ભેદ પ્રભેદ જે દેખાય છે તેમાંથી પણ આગમાધારથી અનેકાંતિક અહિંસામૂલક સુમેળયુક્ત માર્ગને સ્વીકારીને વ્રત-પ્રત્યાખ્યાન, ત્યાગ-તપની આરાધનામાં લીન બનીને સાધુ અને શ્રાવકના બાર વ્રત કે પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને તેની આરાધના કરતાં અંતે સંલેખના સંથારો પ્રાપ્ત કરવા રૂપ ઠાણાંગ સૂત્ર કથિત મનોરથોને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

## અધ્યયન–૭ : ઉદક–પેઢાલપુત્ર

**પ્ર.૧ : આ અધ્યયનનું નામ શું છે તથા તેની સાર્થકતા કેવી રીતે છે ?**

**જવાબ :** આ અધ્યયનનું નામ **ઉદક–પેઢાલપુત્ર** છે, કારણ કે આ અધ્યયનમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં દીક્ષિત નિર્ગ્રંથ શ્રી પેઢાલપુત્ર– ઉદકમુનિની ગૌતમસ્વામી ગણધર પ્રભુ સાથેની ચર્ચાનું વિસ્તૃત કથન છે. તે ચર્ચા રાજગૃહી નગરીના નાલંદા નામના ઉપનગરમાં થઈ હતી. જેથી આગમમાં આ અધ્યયનનું નામ **નાલંદીય** એવું પણ કહેલ છે.

**પ્ર.૨ : ગૌતમસ્વામી અને ઉદકમુનિનું મિલન કેવી રીતે અને ક્યાં થયેલ ?**

**જવાબ :** એકવાર ભગવાન મહાવીર સ્વામી નાલંદા ઉપનગરના ઈશાનકોણમાં

**લેપ** નામના શ્રમણોપાસકના **શેષદ્રવ્યા** નામના પરબના ઈશાનકોણમાં આવેલ વનખંડ અર્થાત્ બગીચામાં બિરાજમાન હતા. તે સમયે ગણધર ગૌતમપ્રભુ તે ઉદ્યાનના કોઈ ગૃહમાં બિરાજમાન હતા. ત્યાં ઉદકમુનિ કોઈ પ્રકારની સૂચના વિના અચાનક આવીને ઉપસ્થિત થયા અને ઊભા-ઊભા જ ગૌતમ સ્વામીને નિવેદન કર્યું કે મારે કોઈ વિષયમાં આપની પાસે ચર્ચા સહિત સમજવું છે. ગૌતમ સ્વામીએ કહ્યું કે પ્રશ્ન સાંભળ્યા પછી જોઈશું.

**પ્ર.૩ : શાસ્ત્રમાં અપાત્રને જ્ઞાન દેવાનો નિષેધ છે અને યથાયોગ્ય વિનય નહિ કરનાર પણ એક પ્રકારના અપાત્ર છે તો ગણધર પ્રભુએ તેને ઈન્કાર કેમ ન કર્યો ?**

**જવાબ :** પાત્રતામાં વિનય વ્યવહાર સિવાય અન્ય ગુણ પણ વિચારણીય હોય છે. વિનય વ્યવહાર નહિ કરવામાં વ્યક્તિનો શું હેતુ છે ? કયો સિદ્ધાંત છે ? શું સમાચારીનો હેતુ રહેલ છે કે અન્ય કોઈ ભ્રમ આદિ છે ? તેને પોતાના બુદ્ધિ-બળથી સમજવાનું હોય છે. તે સિવાય સાચી જિજ્ઞાસા પણ વ્યક્તિને વિશેષ પાત્ર સાબિત કરી દે છે. તે ઉપરાંત વિશિષ્ટ જ્ઞાનીઓ દ્વારા પોતાના જ્ઞાનબળથી સામેવાળા વ્યક્તિના ભવિષ્ય સંબંધી પરિણામનો વિચાર કરીને પણ વ્યવહાર કરવામાં આવે છે. સ્વયં ગૌતમસ્વામી ૪ જ્ઞાનધારી અને ૧૪ પૂર્વી હતા. તેથી તેઓ ઉદકમુનિની પાત્રતાને સમજતા હતા. શાસ્ત્રાજ્ઞા ઉપરાંત પણ વ્યવહાર કૃત્યોમાં વ્યક્તિની વિચક્ષણતા અનુસાર અનેક સત્તા– અધિકાર સ્વતઃ સિદ્ધ થાય છે. જિનશાસનમાં બહુશ્રુત વિદ્વાન બુદ્ધિમાન શ્રમણોને એવા અધિકાર હોય એમાં કોઈ સંદેહ નથી. તે જ કારણે ગૌતમસ્વામીને ઉદકમુનિ સાથે ચર્ચા કરવામાં ભગવાન મહાવીર સ્વામીની આજ્ઞા પણ લેવાની આવશ્યકતા ન રહી.

શ્રી ભગવતીસૂત્ર શતક. ૯/૩૩ અનુસાર સ્વયં ભગવાન મહાવીર સ્વામીએ વિનય વ્યવહાર વંદન વગેરે નહિ કરીને, માત્ર આવીને ઊભા રહેતા જ સીધા પ્રશ્ન ઉપસ્થિત કરનાર ગાંગેય અણગારને અનેક સંખ્યાબંધ પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપ્યા હતા. વાસ્તવમાં તે સમયની પરિસ્થિતિ કંઈક એવી જ વિચિત્ર બનેલી હતી કે ગોશાલકે પણ પોતાને ચોવીસમા તીર્થંકર હોવાનો ચતુર્વિધ સંઘ સમક્ષ દેખાવ તથા આઠ મહા પ્રાતિહાર્ય અને અતિશય આદિ બનાવી રાખેલ હતા. પાર્શ્વનાથ ભગવાનના શાસનના સાધુઓ સમક્ષ ઘણી મોટી સમસ્યા ઉપસ્થિત થઈ રહી હતી કે સાચું કોણ છે ? કોનો સ્વીકાર કરવો કે ન કરવો ? આ જ શંકાની સ્થિતિના કારણે પાર્શ્વનાથ ભગવાનના સાધુ વંદન કરવાનો નિર્ણય નહોતા કરી શકતા. ઉદકમુનિ તો પોતાની જિજ્ઞાસાના





સમાધાન માટે જ આવ્યા હતા. છતાં પણ ઉક્ત મુંઝવણના કારણે વંદન કરવાને માટે તેમનો આત્મા તત્પર નહોતો થઈ શક્યો. એવી પરિસ્થિતિને સમજીને જ પરમ ઉદાર તીર્થંકર પ્રભુ અને ગણધર આદિ શ્રમણ આગંતુકનો તિરસ્કાર કર્યા વિના સહજ સરલતા અને નિરભિમાનતાપૂર્વક જિજ્ઞાસુને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. પાઠકોએ આવી ઉદારતા અને વિચક્ષણતા સમીક્ષા કરવા યોગ્ય છે.

**પ્ર.૪ : ઉદકમુનિએ ગૌતમ સ્વામીની સ્વીકૃતિ મળતાં કયો પ્રશ્ન કર્યો ?**

**જવાબ :** ઉદકમુનિનો પ્રશ્ન તાત્ત્વિક સમસ્યા યુક્ત કે ભંગજાલમય ન હતો. પરંતુ સીધો, સરલ અને શ્રાવક જીવનથી સંબંધિત હતો. સામાન્ય પ્રશ્ન હોવા છતાં પણ તરત સમાધાન ન મળવાથી અને ઉદયકર્મ સંયોગથી તે ક્લિષ્ટ બની જાય છે અને ક્રમશઃ એક પક્ષીય ચિંતનથી આગ્રહભર્યો બની જાય છે. શ્રાવકના સ્થૂલ હિંસાત્યાગ વ્રતમાં નિરપરાધી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ હોય છે. ઉદક મુનિનું ચિંતન એવું હતું કે ત્રસ જીવની હિંસાના ત્યાગથી વર્તમાનમાં ત્રસ પર્યાયમાં હયાત સર્વ જીવોને મારવાના પ્રત્યાખ્યાન થઈ જાય છે, પછી ભલે તે જીવો સ્થાવરકાયમાં ચાલ્યા જાય તોપણ તે શ્રાવક, તે જીવોની હિંસા નથી કરી શકતા અને એકેંદ્રિય રૂપ તે ત્રસ જીવોની જો તે શ્રાવકથી હિંસા થાય તો તેના તે પ્રત્યાખ્યાનનો ભંગ થઈ જાય. એથી કેવલ 'ત્રસ જીવની હિંસાનો ત્યાગ' એમ નહિ બોલીને 'ત્રસભૂત(ત્રસ અવસ્થામાં રહેલ)જીવોની હિંસાનો ત્યાગ' એમ બોલીને પ્રત્યાખ્યાન કરાવવા જોઈએ.

**સમાધાન :–** ગૌતમ સ્વામીએ ઉદકમુનિની સમસ્યાને સમજી લીધી અને તેઓ તેને સમજાવવા લાગ્યા કે, પ્રત્યાખ્યાનની પાછળ જે આશય હોય છે તેના જ પ્રત્યાખ્યાન તે શબ્દથી થાય છે. તેથી ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરાવનાર મુનિનો અને શ્રાવકનો હેતુ–ઉદ્દેશ ત્રસનામ કર્મવાળા જીવોથી જ હોય છે. જ્યારે તે જીવોના ત્રસનામ કર્મનો ઉદય નહિ રહે અને સ્થાવર નામ કર્મનો ઉદય થશે, ત્યારે તેઓની હિંસાનો ત્યાગ નહિ રહેવાથી તે સ્થાવર જીવોની હિંસાથી શ્રાવકના વ્રતનો ભંગ નહિ થાય અને વ્રત કરાવનાર પણ દુષ્પ્રત્યાખ્યાનના ભાગીદાર નહિ બને. આ વાતને સ્પષ્ટ કરતા ગૌતમ સ્વામીએ દૃષ્ટાંત સાથે સમજાવ્યું કે, કોઈ વ્યક્તિને મુનિ-શ્રમણ-સંન્યાસી એટલે કે ગૃહ-ત્યાગીની હિંસા કરવાનો ત્યાગ છે તેવા સમયે કોઈ એક મુનિ સંયમ છોડીને પુનઃ ગૃહસ્થ બની જાય તો પછી તેની હિંસાનો ત્યાગ તે વ્યક્તિને નહિ રહે અને જો તે ગૃહસ્થ પુનઃ દીક્ષા ગ્રહણ કરી લે તો ફરી તે વ્યક્તિ પોતાના ત્યાગ-

પ્રત્યાખ્યાન અનુસાર તે દિક્ષીત મુનિની હિંસા નહિ કરી શકે. જે રીતે આ પ્રત્યાખ્યાનમાં મુનિભૂત એમ બોલ્યા વિના પણ આશય સ્પષ્ટ થઈ જાય છે. તેમજ ત્રસની સાથે ભૂત શબ્દ નહિ બોલવા છતાં પણ ત્રસનામ કર્મવાળા અને ત્રસ પર્યાયમાં સ્થિત જે પણ જીવ હોય તેઓની હિંસાનો ત્યાગ રહેશે. માટે દુષ્પ્રત્યાખ્યાન થવાનું કોઈ કારણ નથી.

**પ્ર.૫ : ઉદકમુનિના અન્ય શું પ્રશ્નો હતા ?**

**જવાબ :** પોતાની મુંઝવણ યુક્ત સ્થિતિમાં ઉદકમુનિનો એ પણ તર્ક હતો કે ત્રસમાં રહેલા સર્વ જીવ સ્થાવરકાયમાં ચાલ્યા જશે તો તે શ્રાવક, વ્રત રહિત થઈ જશે ?

**સમાધાન :–** ગૌતમ સ્વામીએ સમજાવ્યું કે શ્રાવકને ક્ષેત્રની સીમા–મર્યાદા હોય છે. તેની બહાર ત્રસ સ્થાવર સર્વ જીવોની હિંસાનો ત્યાગ હોય છે અને સીમાની અંદર પણ સ્થાવર જીવોની હિંસાની મર્યાદા હોય છે. આથી શ્રાવક હિંસાના ત્યાગ રહિત ક્યારેય નથી બનતા. શ્રાવકની ઉંમર સંખ્યાતા વર્ષની હોય છે તેટલી ઉંમરમાં સમસ્ત ત્રસ જીવ, સ્થાવર જીવ બની જાય એ પણ સંભવ નથી.

આ પ્રમાણે પ્રથમ સમાધાનમાં સમજાવવામાં આવ્યું કે ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરવો એ દુષ્પ્રત્યાખ્યાન નથી અને ત્રસની સાથે ભૂત શબ્દ જોડવો આવશ્યક નથી અને યોગ્ય પણ નથી તથા બીજા સમાધાનમાં સમજાવ્યું કે બાર વ્રતધારી શ્રાવકને વિવિધ પ્રકારની હિંસાનો જે ત્યાગ હોય છે તેમાં ત્યાગ વધુ છે અને આગાર ઓછો છે, દિશાવ્રત અને દેસાવગાસિક વ્રતની અપેક્ષાએ.

**પ્ર.૬ : ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરાવવાથી એટલે કે સ્થાવર જીવોની છૂટ રાખવાથી સાધુને તે જીવોની હિંસાની અનુમોદના થાય છે ?**

**જવાબ :** ઉદકમુનિના આ પ્રશ્નના સમાધાનમાં મૂળપાઠમાં પ્રયુક્ત '***ગાથાપતિ ચોર વિમોક્ષણ***' ન્યાયનો અર્થ વિશ્લેષણ વ્યાખ્યાકારે કથાનક દ્વારા સમજાવ્યો છે કે કોઈ ગાથાપતિના છ પુત્રોને કોઈ અપરાધમાં રાજાએ ફાંસીની સજા ફરમાવી. ગાથાપતિએ સ્વયં ઉપસ્થિત થઈને રાજાને અત્યધિક અનુનય વિનય કર્યો પરંતુ રાજા માન્યા નહિ. છતાં પણ અંતમાં તેણે એક પુત્રને છોડવા સ્વીકાર્યું. શેઠે જયેષ્ઠ પુત્રને જીવિત બચાવી લીધો. આમાં શેઠ જેમ પાંચ પુત્રોની હિંસાના અનુમોદક નથી કહેવાતા. એવી જ પરિસ્થિતિથી શ્રાવકોને સ્થૂલ હિંસાનો ત્યાગ કરાવવામાં અવશેષ હિંસાના પ્રેરક કે અનુમોદક તે શ્રમણ નથી બની જતા,





શ્રાવક પોતાની શક્તિ અનુસાર વધુ ને વધુ હિંસાનો ત્યાગ કરે એ જ ભાવ શ્રમણોનો હોય છે. તેથી શ્રમણ એવા પ્રત્યાખ્યાન કરાવવાથી પોતાની શ્રમણ મર્યાદાથી ભ્રષ્ટ થયા, એમ નથી કહેવાતા.

**પ્ર.૭ : શ્રી ગૌતમ સ્વામીની ઉદારતા અને પરિશ્રમનું પરિણામ શું આવ્યું ?**

**જવાબ :** ઉદકમુનિની બધી સમસ્યાનો ઉકેલ થઈ ગયો. તેને સમજાઈ ગયું કે– જે પણ પ્રત્યાખ્યાન કરાવવાની પદ્ધતિ છે તે ખોટી નથી. તેમાં ત્રસભૂત જોડવાની જરૂર નથી અને શ્રાવકના ગૃહસ્થ જીવનની પરિસ્થિતિ અનુસાર મુનિ તેને શક્ય પ્રત્યાખ્યાન આગાર સહિત કરાવી શકે છે.

સમાધાન થઈ જવાથી ઉદકમુનિએ ગૌતમ સ્વામીને શ્રદ્ધાપૂર્વક વંદન, વ્યવહાર કરીને ભગવાન મહાવીરના શાસનમાં આવી જવાના અર્થાત્ પુનઃ દીક્ષિત થવાના ભાવ વ્યક્ત કર્યા. ત્યારે ગૌતમ સ્વામી તે ગૃહપ્રદેશ(કક્ષ)માંથી નીકળીને ઉદકમુનિને લઈને બગીચામાં ભગવાનની સેવામાં પહોંચી ગયા. પછી ભગવાન મહાવીરની સેવામાં ઉદકમુનિએ ચાતુર્યામ ધર્મમાંથી પંચ મહાવ્રત રૂપ ધર્મ સ્વીકાર કર્યો અને ક્રમશઃ આત્મકલ્યાણની સાધનામાં લીન બની ગયા. અહીં ઉદકમુનિની આગામી ગતિનો કોઈ ઉલ્લેખ થયો નથી.

આ પ્રમાણે આ અધ્યયનની સમાપ્તિ થતાં **સોળ** અધ્યયન યુક્ત પ્રથમ શ્રુતસ્કંધ અને **સાત** અધ્યયન યુક્ત દ્વિતીય શ્રુતસ્કંધ એમ બંને મળીને કુલ **ત્રેવીસ** અધ્યયનાત્મક શુદ્ધ આચાર અને શુદ્ધ શ્રદ્ધાનનું પ્રેરક તથા અનેક મતમતાંતરોનું પરિચાયક આ ગણધરકૃત દ્વિતીય અંગશાસ્ત્ર રૂપ સૂત્રકૃતાંગ સૂત્ર પૂર્ણ થાય છે.

**॥ દ્વિતીય શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

**॥ સૂત્રકૃતાંગ સૂત્ર સંપૂર્ણ ॥**

**॥ જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર ભાગ–૧ સંપૂર્ણ ॥**

# સૌજન્ય દાતાઓની શુભ નામાવલી

(૧) શ્રી લલિતચંદ્ર મણીલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૨) શ્રી જીતેન્દ્રભાઈ મનસુખલાલ(સિયાણીવાળા), સુરેન્દ્રનગર
(૩) શ્રી શાહ કાંતિલાલ નાગરદાસ પરિવાર, સુરેન્દ્રનગર
(૪) શ્રી હરખચંદભાઈ લાલજી સાંવલા(પ્રાગપરવાળા), ન્યૂ બોમ્બે
(૫) શ્રી રમણિકલાલ નાનચંદજી દોશી, સુરેન્દ્રનગર
(૬) શ્રી દેવસીભાઈ તલકસી પરિવાર, સુરેન્દ્રનગર. હસ્તે : નિતીનભાઈ
(૭) શ્રી અરવિંદભાઈ ચિમનલાલ સંઘવી, અમદાવાદ
(૮) શ્રી અનોપચંદભાઈ મંગલજી મોરબીયા, ગાંધીનગર
(૯) શ્રી કિશોરભાઈ ખેતાણી, અમદાવાદ, મુંબઈ
(૧૦) શ્રી બિપીનભાઈ અમોલખભાઈ શાહ, અમદાવાદ
(૧૧) શ્રી ચિમનલાલ ઉમ્મેદચંદ શેઠ, અમદાવાદ
(૧૨) શાહ હરખચન્દ માડણ, (ભચાઉ–કચ્છ)મુંબઈ
(૧૩) શ્રી વિનોદકાંત હરિલાલ, મુજાફરનગર
(૧૪) શ્રી નલિનકાંત મોતીચંદ દોશી, રાજકોટ
(૧૫) શ્રી જયવંતભાઈ જસાણી, મુંબઈ–ઘાટકોપર
(૧૬) શ્રી પ્રદ્યોત દફતરી, બોરીવલી(વેસ્ટ) મુંબઈ
(૧૭) શ્રી લતાગૌરી યશવંતરાય અજમેરા, રાજકોટ
(૧૮) શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
(૧૯) શ્રી ચંદ્રિકા મણિલાલ વોરા, ગામ ખારોઈ, વાગડ
(૨૦) શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
(૨૧) શ્રી સાધ્વી સુબોધિકા(ભદ્રા) જૈન ટ્રસ્ટ, આકોલા
(૨૨) શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણમહિલા મંડળ, આકોલા
(૨૩) શ્રી જયંતીલાલ ભાઈચંદ શાહ, સૂરત
(૨૪) શ્રીમતી મંગલાબેન નગીનદાસ તુરખીયા(સુદામડાવાળા)બોરીવલી,મુંબઈ
(૨૫) શ્રી પાર્શ્વવીર વાડીલાલ અજમેરા, રાજકોટ



(૨૬) શ્રી કિરીટભાઈ મણીલાલ શેઠ, અમરોલી–સૂરત
(૨૭) શ્રી હીરેન મણીલાલ શેઠ, અમરોલી–સૂરત
(૨૮) શ્રી નટવરલાલ મણીલાલ કુવાડીયા, જોરાવરનગર–સુરેન્દ્રનગર
(૨૯) શ્રી મનસુખલાલ પોપટલાલ ચુડગર, સુરેન્દ્રનગર
(૩૦) શ્રી વાડીલાલ મોહનલાલ શાહ, મુંબઈ
(૩૧) શ્રી મંજુલાબેન નગીનદાસભાઈ લાઠિયા, મલાડ–મુંબઈ
(૩૨) શ્રી જયંતિલાલ હીરાચંદ દોશી, જામનગર
(૩૩) શ્રી હીરજી લખમશી વિશરીયા, મુલુંડ–મુંબઈ
(૩૪) શ્રીમતી ઝવેરબેન ડુંગરશી વોરા, અમર સન્સ–બાંદ્રા
(૩૫) શ્રી જયંતીલાલ વલ્લભજી ખારા(ગોંડલવાળા) નાસીક
(૩૬) શ્રી રશ્મિબેન વસંતભાઈ દેસાઈ, બેંગલોર
(૩૭) શ્રી કનકકુમાર બીલખીયા, બેંગલોર
(૩૮) શ્રી મનહરલાલ એલ. પારેખ, બેંગલોર
(૩૯) શ્રીમતી નિરૂબેન નિરંજનભાઈ દોશી, રાજકોટ
(૪૦) શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
(૪૧) શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
(૪૨) શ્રીમતી કિનીતાબેન દિલીપકુમાર ગાંધી, રાજકોટ
(૪૩) શ્રી પ્રફુલભાઈ ત્રીભોવનદાસ શાહ, રાજકોટ
(૪૪) શ્રી કીર્તિભાઈ ચંપકલાલ બોરડીયા, બોરીવલી–મુંબઈ
(૪૫) શ્રીમતી નલીનીબેન રામભાઈ ગામ્બટુ(દર્શન ઈંગ્લીશ કલાસીઝ) રાજકોટ
(૪૬) શ્રી મનહરલાલ છોટાલાલ મહેતા, રાજકોટ
(૪૭) સ્વ. શાંતિલાલ છોટાલાલ શાહ, (સાયલાવાળા) અમદાવાદ
(૪૮) શ્રી ધીરેન્દ્ર પ્રેમજી સંઘોઈ, માટુંગા–મુંબઈ

**અગ્રિમ ગ્રાહક :–**

(૧) શ્રી કિશોરભાઈ દોશી, સુરેન્દ્રનગર
(૨) શ્રી ભૂપેન્દ્રભાઈ શેઠ, સુરેન્દ્રનગર
(૩) શ્રી નેમજી જીવરાજ છેડા, વડાલા–મુંબઈ

(૪) શ્રી ઈશિતાબેન રવિન્દ્રકુમાર શાહ, સુરેન્દ્રનગર
(૫) શ્રી દિનેશ એમ. મહેતા, રાજકોટ
(૬) શ્રી અઢણાબેન ચંદુલાલ ગાંધી, સુરેન્દ્રનગર
(૭) શ્રી રમેશભાઈ સી. ગાંધી, સુરેન્દ્રનગર
(૮) શ્રી શા.ટોકરશી હંસરાજ સંઘોઈ, કપાયા(કચ્છ)
(૯) શ્રી ખાટડીયા રજનીભાઈ વી. બાવીસી, રાણપુર
(૧૦) શ્રી અનોપચંદ રતિલાલ સંઘવી(એડવોકેટ) સુરેન્દ્રનગર
(૧૧) શ્રી કેશવલાલ નાગરદાસ શાહ, સુરેન્દ્રનગર
(૧૨) શ્રી વી.એમ. દોશી, અમદાવાદ
(૧૩) પૂ. શ્રી અમીચંદજી મ.સા. બોટાદ સંપ્રદાય
(૧૪) શ્રી દિનેશ સી. મહેતા, નવસારી
(૧૫) શ્રી મનસુખલાલ કેશવલાલ, વણારોડ
(૧૬) શ્રી કીર્તિકાંત કે. કાપડીયા, ખંભાત
(૧૭) શ્રી શૈલેશભાઈ વર્ધમાન શાહ, સુરેન્દ્રનગર
(૧૮) શ્રી પ્રફુલભાઈ તુરખીયા, સુરેન્દ્રનગર
(૧૯) શ્રી સ્થા. જૈન સંઘ, બોરસદ
(૨૦) શ્રી લાલચંદ છગનલાલ, રાપર
(૨૧) શ્રી સ્થા. જૈન સંઘ, માંડવી–સૂરત
(૨૨) શ્રી ચંપકલાલ એમ. અજમેરા, માટુંગા
(૨૩) શ્રી જીતેન્દ્ર ઢેઢિયા, મુલુંડ–મુંબઈ
(૨૪) શ્રી મણીલાલ રાઘવજી શાહ, મુંબઈ
(૨૫) શ્રી ચુનીલાલ ધોળાભાઈ, અમદાવાદ
(૨૬) શ્રી છઃ કોટી સ્થા. જૈન સંઘ, વિરમગામ
(૨૭) શ્રી હસમુખ પોપટલાલ શાહ, મુંબઈ
(૨૮) શ્રી શારદા મહિલા મંડળ, ખંભાત
(૨૯) શ્રી શાહ રજનીભાઈ સવાઈલાલ, બોટાદ
(૩૦) શ્રી રાજેશ શિવલાલ શાહ, બોટાદ



(૩૧) શ્રી હરીશકુમાર મોહનલાલ શાહ(જીતેન્દ્ર મુનિ) ખંભાત
(૩૨) શ્રી શરદચંદ છોટાલાલ અવલાણી, જુનાગઢ
(૩૩) શ્રી પંકજ બોટાદરા(વિનય પ્લાસ્ટ) મુંબઈ
(૩૪) શ્રી હીરેન પી. અજમેરા, રાજકોટ
(૩૫) શ્રી મંગલદાસ નાગરદાસ એન્ડ બ્રધર્સ, સુરેન્દ્રનગર
(૩૬) શ્રી અશોક સી. ભાયાણી, પૂના
(૩૭) શ્રી લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ
(૩૮) આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાન મંદિર, સૂરત
(૩૯) શ્રી અજય જે. દોશી, જામનગર
(૪૦) શ્રી વસંતલાલ સોમચંદ શેઠ પોગલુ
(૪૧) શ્રી ૐકાર સાહિત્ય નિધિ, ભીલડિયા
(૪૨) શ્રી ધર્મતિલક વિજયજી મ.સા. રાજકોટ
(૪૩) શ્રી ભારત દેસાઈ, મિલન મેટલ્સ, કલકત્તા
(૪૪) શ્રી અતુલ મશીનરી સ્ટોર્સ, રાયપુર
(૪૫) શ્રી ખંભાત સ્થા. જૈન સંઘ, ખંભાત
(૪૬) શ્રી જ્યોતિબેન એન. મહેતા, મોરબી
(૪૭) શ્રી પુષ્પાબેન જી.બોઘાણી, રાજકોટ
(૪૮) શ્રી ચંદાબેન પી. શાહ, રાજકોટ
(૪૯) શ્રી હેમાબેન આર. શેઠ, મોરબી
(૫૦) શ્રી ભરતભાઈ સી. મહેતા, રાજકોટ
(૫૧) શ્રી વસંતભાઈ.પી. કેન્યા (યુ.એસ.એ)
(૫૨) શ્રી લીલાધર કે ગાલા. શીવડી–મુંબઈ
(૫૩) શ્રી ચીમનલાલ ગાંધી, ઈન્દોર
(૫૪) શ્રી પ.પૂ. હર્ષસાગરજી મ.સા. પૂના
(૫૫) શ્રી કાઠિયાવાડ જૈન, મુંબઈ
(૫૬) શ્રી બ્રહ્મ વિદ્યામંડળ, રાજકોટ(હરકાંતભાઈ)
(૫૭) શ્રી શ્વે. સ્થા. જૈન સંઘ, માંગરોળ

(૫૮) શ્રી રમણિકલાલ જયંતીલાલ શાહ, કાંદીવલી
(૫૯) શ્રી ગિરીશ મણીલાલ શેઠ, સુરેન્દ્રનગર
(૬૦) શ્રી હર્ષદ ગાંધી, રતનપર, સુરેન્દ્રનગર
(૬૧) શ્રી અનંતરાય સી. અજમેરા, બેંગલોર
(૬૨) શ્રી પ્રભા પી. કેનિયા, સાયન–મુંબઈ
(૬૩) શ્રી પારસ ગંગા જ્ઞાનમંદિર, અમદાવાદ
(૬૪) શ્રી જીતેન્દ્રભાઈ.અ. ખેતાણી
(૬૫) શ્રી સવિતાબેન નાનાલાલ શાહ (યુ.એસ.એ.)
(૬૬) શ્રી શરદભાઈ શાંતિલાલ શાહ–મુંબઈ
(૬૭) શ્રી મનુભાઈ એચ. મહેતા, સેલમ
(૬૮) શ્રી નરેન્દ્રભાઈ શાહ, મુંબઈ
(૬૯) શ્રી શ્વે. જૈન સ્થા. દરિયાપુરી આઠકોટી સંઘ, સૂરત
(૭૦) શ્રી શ્વે. જૈન સ્થા. છઃકોટી સંઘ સગરામપુરા, સૂરત
(૭૧) શ્રી ભાભર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ પેઢી, ભાભર
(૭૨) શ્રી કેવલ જિનદર્શન ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
(૭૩) શ્રી પાલનપુરી સ્થા.જૈન સંઘ–સૂરત
(૭૪) શ્રી પ્રદીપકુમાર મહેતા, ઝરિયા
(૭૫) શ્રી અનોપચંદ ડી. શાહ, ધ્રાંગધ્રા
(૭૬) શ્રી સીનાબેન નવીનચંદ્ર મહેતા, વિલેપાર્લે ઈસ્ટ–મુંબઈ
(૭૭) શ્રી નિતીનભાઈ જયસુખલાલ ભાવસાર, વઢવાણસીટી
(૭૮) શ્રી હરીલાલ જેઠુભાઈ ગાલા, મલાડ–મુંબઈ
(૭૯) શ્રી વસંતભાઈ વીસરિયા, દાદર ઈસ્ટ–મુંબઈ

પાનાનં.૨૭૦ થી ચાલુ...
(૧૩) કોઇ પણ પરિસ્થિતિમાં કર્મબંધ ન કરવો તે જ જ્ઞાનનો સાર છે.
(૧૪) ભાવશુદ્ધિ અને હૃદયની પવિત્રતા તે જ સાધનાનો પ્રાણ છે.
(૧૫) આગમ નિરપેક્ષ ચિંતન ન કરવું જોઇએ.
(૧૬) છદ્મસ્થોને માટે આગમો જ સર્વોપરિ છે.
(૧૭) જે આગમ પ્રમાણ સમક્ષ હોવા છતાં પણ પરંપરા અને પૂર્વજોની માન્યતાને જ આગળ કરે છે તે ધર્મના મર્મથી દૂર છે.



## ગુજરાતી સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| (૧) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ–૧, ૨ | ૨૦–૦૦ |
| (૨) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ–૩,૪ | ૨૦–૦૦ |
| (૩) | ચૌદનિયમ | ૨–૦૦ |
| (૪) | બારવ્રત | ૨–૦૦ |
| (૫) | જૈન શ્રમણોની ગોચરી તથા શ્રાવકાચાર | ૫–૦૦ |
| (૬) | બત્રીસ આગમોનો ગુજરાતી સારાંશ (૮ ભાગોમાં) | ૪૦૦–૦૦ |
| (૭) | બત્રીસ આગમ : ગુજરાતી વિવેચન(૩૫ ભાગોમાં) | ૭૦૦૦–૦૦ |
| (૮) | ચરણાનુયોગ સંપૂર્ણ (બે ભાગોમાં) | ૧૬૦૦–૦૦ |
| (૯) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી(અગ્રિમ ગ્રાહક) (દસ ભાગોમાં–સંપૂર્ણ ૩૨ આગમ) | ૬૦૦–૦૦ |
| (૧૦) | વૈજ્ઞાનિક માન્યતા અને જૈનાગમ દૃષ્ટિ | ૨–૦૦ |

**–: શિક્ષા વાક્ય :–**

(૧) શબ્દોને ન જૂઓ, ભાવોને જૂઓ.
(૨) અવગુણની ચર્ચા ન કરો, ગુણ ગ્રહણ કરો.
(૩) પરંપરાઓનો દુરાગ્રહ ન રાખો.
(૪) ઉદારહૃદયી બનીને નૂતન તત્ત્વોનું અનુપ્રેક્ષણ કરો.
(૫) સમભાવ અને સમાધિને હંમેશાં જાળવી રાખો.
(૬) કોઇ પણ વ્યક્તિ પ્રત્યે વેર વિરોધ અથવા કલુષિતભાવ ન રાખો.
(૭) આગમો પ્રતિ સર્વાધિક સન્માન રાખો.
(૮) આગમ નિરપેક્ષ પરંપરાઓનો આગ્રહ રાખવો તે અનુચિત છે.
(૯) ઉત્કૃષ્ટ ત્યાગમાં પણ ધર્મ–વિવેક હોવો જરૂરી છે.
(૧૦) અનુકંપા સમકિતનું મુખ્ય લક્ષણ છે.
(૧૧) હિંસા અને આડંબરની પ્રવૃત્તિઓ ધર્મ નથી પરંતુ ધર્મમાં આવેલી વિકૃત પરંપરા છે અને તે ત્યાજ્ય છે.
(૧૨) અખંડ સમભાવની પ્રાપ્તિ થવી તે જ ધર્મ-સાધનાની સફળતા છે.

# અભિમતાષ્ટક

—કવિરત્ન ચંદનમુનિ પંજાબી

**पुस्तक क्या है ? ज्ञान–खजाना !**
**आगम–विज्ञों ने यह माना !**

जैनागम नवनीत प्रश्नोत्तर, पुस्तक प्यारी–प्यारी है ।
एक तरह से अगर कहें हम, केसर की ही क्यारी है ॥१॥

प्रश्नोत्तर शैली का प्यारा, सुगम मार्ग अपनाया है ।
आगम के गम्भीर विषय को, बडा सरस समझाया है ॥२॥

चिन्तन और पठन–पाठन से, पूरा जिनका है सम्बन्ध ।
विषय अनेकों आये इसमें, देने वाले परमानन्द ॥३॥

आगम का अभ्यासी इसको, अगर पढेगा ध्यान लगा ।
सहज–सहज ही बहुत–बहुत कुछ, हाथ सकेगा उसके आ ॥४॥

भला जगत का करने को जिन, सुलझी कलम चलाई है ।
लेखक विज्ञ 'तिलोक मुनीश्वर, जी' को लाख बधाई है ॥५॥

जैनागम–मर्मज्ञ आपकी, महिमा का न कोई अन्त ।
कलम कलाधर आज आप से, विरले ही हक्त दिखते सन्त ॥६॥

जहाँ शिष्य को गुढवर ज्ञानी, गहरा–गहरा देते ज्ञान ।
तेज तिर गे पृष्ट आवरण, की भी अद्‌भुत ही है शान ॥७॥

विषय जटिल है फिर भी हर इक, बात बहुत समझाई है ।
'चन्दन मुनि' प जाबी को यह, पुस्तक भारी भाई है ॥८॥

जैनागम नवनीत प्रश्नोत्तर पुष्प १ और २ पढकर स्वत: यह अभिमताष्टक भेजने के लिए पू. कविरत्न मुनिश्री का आभार ।

## बत्रीस आगम सारा श और प्रश्नोत्तर सर्जक
## आगम मनीषी मुनि श्री त्रिलोकचन्दजी म.सा. द्वारा स पादित
## उपलब्ध साहित्य

| क्रम | पुस्तक का नाम | मूल्य |
|---|---|---|
| (१) | उत्तराध्ययन सूत्र सारा श | ५-०० |
| (२) | दशवैकालिक सूत्र सारा श | ५-०० |
| (३) | आचारा ग सूत्र सारा श | ५-०० |
| (४) | ठाणा ग सूत्र सारा श | ५-०० |
| (५) | समवाया ग सूत्र सारा श | ५-०० |
| (६) | भगवती सूत्र सारा श | ५०-०० |
| (७) | ज्ञाता सूत्र सारा श | ६-०० |
| (८) | उपासकदशा सूत्र सारा श | १०-०० |
| (९) | अ तगड सूत्र सारा श | २०-०० |
| (१०) | राजप्रश्नीय सूत्र सारा श | १०-०० |
| (११) | ऐतिहासिक स वाद | १०-०० |
| (१२) | जीवाभिगम सूत्र सारा श | ७-०० |
| (१३) | जंबूद्वीप प्रज्ञप्ति सूत्र सारा श | ७-०० |
| (१४) | ज्योतिषराज प्रज्ञप्ति सूत्र सारा श | ७-०० |
| (१५) | चार छेद सूत्र सारा श(परिशिष्ट युक्त) | ५०-०० |
| (१६) | बृहत्कल्प सूत्र सारा श | ५-०० |
| (१७) | व्यवहार सूत्र सारा श | ५-०० |
| (१८) | उपदेश शास्त्र जैनागम नवनीत | ५०-०० |
| (१९) | गुणस्थान स्वरूप | २-०० |
| (२०) | ध्यान स्वरूप | २-०० |
| (२१) | चौद नियम | २-०० |
| (२२) | बार व्रत | २-०० |
| (२३) | संवत्सरी एकता विचारणा | २-०० |
| (२४) | सामायिक सूत्र सरल प्रश्नोत्तर | २-०० |
| (२५) | सामायिक प्रतिक्रमण विशिष्ट प्रश्नोत्तर | २-०० |
| (२६) | सविधि हिन्दी श्रावक प्रतिक्रमण | २-०० |
| (२७) | आगम विपरीत मूर्ति पूजा | २-०० |
| (२८) | श्रमण प्रतिक्रमण हिन्दी | २-०० |
| (२९) | जैनागम नवनीत प्रश्नोत्तर-१ | १०-०० |
| (३०) | जैनागम नवनीत प्रश्नोत्तर-२ | १०-०० |
| (३१) | जैनागम नवनीत प्रश्नोत्तर-३,४ | २०-०० |
| (३२) | चरणाणुयोग संपूर्ण -२ भागों में | १०००-०० |
| (३३) | द्रव्यानुयोग संपूर्ण -३ भागों में | २०००-०० |
| (३४) | त्रीणि छेद सूत्राणि विवेचन सहित | ३००-०० |
| (३५) | निशीथ सूत्र विवेचन सहित | ३००-०० |
| (३६) | जैनागम प्रश्नोत्तरी (अग्रिम ग्राहक)<br>(दस भागों में संपूर्ण-३२ आगम) | ६००-०० |

## ગુજરાતી સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| (૧) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ-૧, ૨ | ૨૦-૦૦ |
| (૨) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તર, ભાગ-૩,૪ | ૨૦-૦૦ |
| (૩) | ચૌદનિયમ | ૨-૦૦ |
| (૪) | બારવ્રત | ૨-૦૦ |
| (૫) | જૈન શ્રમણોની ગોચરી તથા શ્રાવકાચાર | ૫-૦૦ |
| (૬) | બત્રીસ આગમોનો ગુજરાતી સારાંશ (૮ ભાગોમાં) | ૪૦૦-૦૦ |
| (૭) | બત્રીસ આગમ : ગુજરાતી વિવેચન(૩૫ ભાગોમાં) | ૭૦૦૦-૦૦ |
| (૮) | ચરણાનુયોગ સંપૂર્ણ (બે ભાગોમાં) | ૧૬૦૦-૦૦ |
| (૯) | જૈનાગમ નવનીત પ્રશ્નોત્તરી(અગ્રિમ ગ્રાહક)<br>(દસ ભાગોમાં-સંપૂર્ણ ૩૨ આગમ) | ૬૦૦-૦૦ |
| (૧૦) | વૈજ્ઞાનિક માન્યતા અને જૈનાગમ દષ્ટિ | ૨-૦૦ |